

# બ્રહ્મોપદેશ

(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનાં ૧૯૭૫-૭૬ના અક્ષરશઃ સળંગ પ્રવચનો)

## ભાગ ૩







પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૩)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૭૫ના નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ગાથા-૧૦૨ થી ૧૦૬, શ્લોક-૧૩૭ થી ૧૫૧, પરમ આલોચના અધિકાર ગાથા-૧૦૭ થી ૧૧૨, શ્લોક-૧૫૨ થી ૧૭૮ તથા શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર ગાથા-૧૧૩ થી ૧૧૭, શ્લોક-૧૮૦ થી ૧૮૬ ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪


**પ્રકાશન તિથિ**

શ્રી આદિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, સોનગઢ, તા. ૨૫-૧-૨૦૨૪


**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દ્રષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દ્રઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા
જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર



સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા
જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## બ્રહ્મોપદેશ ભાગ-૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૬૭, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૬૨ | ૧૪–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૨, શ્લોક–૧૩૭ | ૦૦૧ |
| ૬૩ | ૧૫–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૨–૧૦૩, શ્લોક–૧૩૮ | ૦૧૪ |
| ૬૪ | ૧૬–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૩ | ૦૨૮ |
| ૬૬ | ૧૮–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૫, શ્લોક–૧૪૦–૧૪૧ | ૦૪૨ |
| ૬૭ | ૧૯–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૫, શ્લોક–૧૪૨ | ૦૫૫ |
| ૬૮ | ૨૦–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૬, શ્લોક–૧૪૩–૧૪૪ | ૦૬૮ |
| ૬૯ | ૨૧–૧૦–૧૯૭૫ | શ્લોક–૧૪૫ થી ૧૪૭ | ૦૮૦ |
| ૭૦ | ૨૨–૧૦–૧૯૭૫ | શ્લોક–૧૪૮ થી ૧૫૦ | ૦૯૨ |
| ૭૧ | ૨૩–૧૦–૧૯૭૫ | શ્લોક–૧૫૦–૧૫૧ | ૧૦૫ |
| ૭૨ | ૨૪–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૭–૧૦૮, શ્લોક–૧૫૨–૧૫૩ | ૧૧૮ |
| ૭૩ | ૨૫–૧૦–૧૯૭૫ | ગાથા–૧૦૯, શ્લોક–૧૫૪ થી ૧૫૬ | ૧૩૦ |
| ૭૪ | ૨૬–૧૦–૧૯૭૫ | ગાથા–૧૧૦, શ્લોક–૧૫૭ થી ૧૫૯ | ૧૪૨ |
| ૭૫ | ૨૭–૧૦–૧૯૭૫ | ગાથા–૧૧૦ | ૧૫૪ |
| ૭૬ | ૨૮–૧૦–૧૯૭૫ | ગાથા–૧૧૦ | ૧૬૭ |
| ૭૭ | ૨૯–૧૦–૧૯૭૫ | ગાથા–૧૧૧, શ્લોક–૧૬૦–૧૬૧ | ૧૭૯ |
| ૭૮ | ૩૦–૧૦–૧૯૭૫ | શ્લોક–૧૬૨ થી ૧૬૫ | ૧૯૦ |
| ૭૯ | ૩૧–૧૦–૧૯૭૫ | શ્લોક–૧૬૬ થી ૧૬૮ | ૨૦૨ |
| ૮૦ | ૦૧–૧૧–૧૯૭૫ | શ્લોક–૧૬૯–૧૭૦ | ૨૧૪ |
| ૮૧ | ૦૧–૧૧–૧૯૭૫ | શ્લોક–૧૭૦, ગાથા–૧૧૨ | ૨૨૯ |
| ૮૨ | ૦૨–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૨ | ૨૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૮૩ | ૦૩–૧૧–૧૯૭૫ | શ્લોક–૧૭૧–૧૭૨ | ૨૫૪ |
| ૮૪ | ૦૪–૧૧–૧૯૭૫ | શ્લોક–૧૭૩–૧૭૪ | ૨૬૬ |
| ૮૫ | ૦૫–૧૧–૧૯૭૫ | શ્લોક–૧૭૫–૧૭૬ | ૨૭૮ |
| ૮૬ | ૦૬–૧૧–૧૯૭૫ | શ્લોક–૧૭૭ થી ૧૭૯ | ૨૯૧ |
| ૮૭ | ૦૭–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૩ | ૩૦૪ |
| ૮૮ | ૦૮–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૪, શ્લોક–૧૮૦ | ૩૧૭ |
| ૮૯ | ૦૯–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૫–૧૧૬, શ્લોક–૧૮૧ | ૩૩૦ |
| ૯૦ | ૧૦–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૬, શ્લોક–૧૮૨ | ૩૪૩ |
| ૯૧ | ૧૧–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૬, શ્લોક–૧૮૩ | ૩૫૫ |
| ૯૨ | ૧૨–૧૧–૧૯૭૫ | ગાથા–૧૧૭, શ્લોક–૧૮૪ થી ૧૮૬ | ૩૬૯ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૩)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**આસો સુદ-૧૦, મંગળવાર, તા. ૧૪-૧૦-૧૯૭૫**
**ગાથા-૧૦૨, કળશ-૧૩૭, પ્રવચન નં. ૬૨**

નિયમસાર, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર. આધાર આપે છે. ૧૦૧ (ગાથા) થઈ ગઈ છે.

(वसंततिलका)

'एकस्त्वमाविशसि जन्मनि संक्षये च
भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।
अन्यो न जातु सुखदुःखविधौ सहायः
स्वाजीवनाय मिलितं विटपेटकं ते।।'

'શ્લોકાર્થ :- **પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...'** આહા..હા..! પોતે પરનો કાંઈ ભોગવટો કરી શકતો નથી, પરનું કરી શકતો નથી, ફક્ત 'પરને ભોગવું' એવો જે ભાવ અને 'પરને કરું' એવો જે વિકારીભાવ એ વિકારી (ભાવ) કર્યા અને એના ફળને—દુઃખરૂપ ફળને ભોગવ્યા. અનાદિથી એકલો આમ કરે છે. આહા..હા..! એમાં કોઈની સહાય છે નહિ. '**પોતે કરેલા કર્મ...'** એટલે શુભ-અશુભભાવ તેના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે એકલો જન્મમાં અને મૃત્યુમાં પ્રવેશે છે, કોઈ સહાય છે નહિ. '**બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિ) સુખ-દુઃખના**

**પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી;...'** સેવાચાકરી કરે, દવા લાવે, એ ચીજ તો જડની એમાં (આત્મા)ને શું છે? એનો આત્મા છે એના પરિણામમાં કાંઈ એની સહાય નથી. આહા..હા..! એકલો જન્મે અને એકલો મરે. '**संक्षये**' છેને? ક્ષય એટલે મૃત્યુ.

હા, એ બધા કુટુંબીઓ સ્ત્રી, પુત્ર એ '**પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાની ટોળી તને મળી છે.**'

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો કહ્યું છેને. નહોતું કહ્યું ઈ? આહા..હા..! છે એમાં? સ્ત્રી, પુત્ર અને મિત્ર ત્રણે છે. મિત્રો. એ '**સુખદુઃખના પ્રકારોમાં...**' ઘણા સુખ-દુઃખના પ્રકાર છેને. '**બિલકુલ સહાયભૂત થતું નથી;...**' આહા..હા..! અજ્ઞાનભાવે વિકારને કરે અને અજ્ઞાનભાવે વિકારને ભોગવે. અજ્ઞાનભાવે વિકારી પરિણામ કરે અને જન્મે અને એની સ્થિતિ પૂરી થાય એટલે દેહ છૂટી જાય અજ્ઞાનભાવમાં. આહા..હા..! એમાં કોઈ સહાય છે નહિ. આ લોકો કહે છે, આ સ્ત્રી અમારી અર્ધાંગના છે. નાગા-ભૂખ્યા હોય તો લૂગડા આપે. ભાન ન હોય તો લૂગડું (ઢાંકે), ભૂખ્યા (હોય તો) આહાર આપે. ધૂળેય નથી સાંભળને. એ તો જગતની ચીજ આવવાની હોય એ આવે, ન આવવાની હોય એ ન આવે. એ કાંઈ બીજા આપે છે એમ છે નહિ. ઓહો..હો..! જે ચીજ એની નથી એને મારી માની અને એમાં જે વિકારના પરિણામ કરે એને પોતે ભોગવે છે.

એ કથામાં એક આવે છે. એક માંદો માણસ હતો. એના ભાઈએ એની દવા કરી. એને ખબર નહિ એ રીતે ઈંડાનો રસ અને માછલીના તેલ (એને આપે). એ માંદાને ખબર નહિ. તેથી માંદો મરીને પરમાધામી થયો નારકીમાં અને જે એની સેવા કરતો હતો એનો ભાઈ એ મરીને નારકી થયો. એ નારકીને મારે. આહા..હા..! ત્યારે એને કહે, પણ મેં તારા માટે આ પાપ કર્યા, તું મને મારે? ખ્યાલ આવ્યો કે હું આની સેવા કરનારો હતો, આ રોગી હતો મારો ભાઈ. એને ખબર નહિ એટલે મરતા જરી પરિણામ (એવા થયા), પરમાધામી થયો. આ સેવા કરનારો ભાઈ સારી સેવા કરી, દવા લાવી દ્યે, ખાનગી ઈંડા આપે, ખાનગી માંસ આપે એને. આહા..હા..! હમણા તો એવું આવ્યું છે કે બિસ્કુટમાં માછલીનો લોટ નાખે. છાપામાં આવ્યું. માછલા મરે છે. મળે, મળેને કરોડો મળે. એનો લોટ-લોટ બિસ્કિટમાં નાખે છે. ઓહો..હો..! આવા ખોરાક ખાય. ખાનારને ખબર ન હોય કે આમાં કેટલું નાખ્યું. ખવડાવનારને એમ છે. એના પરિણામ ભૂંડા છે. લ્યો! જેણે સેવા કરી એ મરીને નારકી થયો. ઓલો થયો પરમાધામી. મારે. ભાઈ! તારા માટે મેં આ કર્યું હતુંને. મેં ક્યાં કહ્યું હતું કે મારે માટે કર. આહા..હા..! મારે, અગ્નિમાં નાખે, અગ્નિમાં લોઢામાં તપાવેલા (પૂતળાને) બાથ ભીડાવે, ઊના-ઊના પાણી પાય તાંબાના-લોઢાના ઊના કરીને. ભાઈ! પણ મેં તારા માટે કર્યું હતું આ. પણ મેં ક્યાં કહ્યું કે તું આ કર. તારા કરેલા તું ભોગવ અને મારા

કરેલા હું ભોગવું. શેઠ! આહા..હા..!

**શ્રોતા :-** બધાને એમ થાતું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને એમ છે. બધાને વળી અત્યારે એક ભવમાં ન થાય કદાચિત્ તો (શું)? સમજાણું કાંઈ? એ બધા સ્વાર્થના પૂતળા બધાય છે. આહા..હા..! અને મરે તો એ એની સગવડતા માટે રડે છે મરનારને. અમારી સગવડતા જાય છે. એક મજૂર હતો, દુકાને બેસતો, કામ કરતો. એ અમારી સગવડતા (ગઈ) એને માટે રોવે છે. મરીને ઢોરમાં ગયો તો એને કોઈ રોવે છે? ક્યાં ગયો પણ આ મરીને આટલું બધું મૂકીને? આહા..હા..! પણ અભિમાન થાય કે નહિ કે આવા .. કર્યા હતા. ગાંડો થઈને મર્યો. ક્યાંક મરીને ગયો હશે હેઠે ઢોર આદિમાં. આહા..હા..! પાંચ-પચાસ લાખ પૈસા હોય, દીકરા બે-પાંચ-દસ હોય, દીકરીયું હોય, જમાઈ (હોય), બધું કહળ્યું કુટુંબ ભેગું થાય. મરીને જાય નરકે ઓલો. આહા..હા..! એ રોવે એ રોવે છે સગવડતા જાય છે મારી એને રોવે છે. એ મરીને ગયો નરકમાં તો અમારે અહીં સનાન શું છે? એય..! પોપટભાઈ! આવું છે હોં સાચે સાચું. અત્યારે જાણે આ સુમનભાઈની સરખાઈ છે, હસુભાઈની સરખાઈ છે. એને છ છોકરા છે ઉપાડનારા. આહા..હા..! અરેરે! કોણ ઉપાડે, ભાઈ! એ તો શરીરને. આહા..! એકલો દુઃખથી ટળવળે અંદર અને દુઃખને ભોગવે. આહા..હા..! તેથી તો અહીં તો એમ કહે છે અરેરે! બકરીને કાપી હશે, અમે જોવા ઊભા હશું. એટલે આ દુઃખી થાય અને અમારે જોવું પડે છે, એમ કહે કેટલાક. કહે છેને, ખબર છે. આ બકરીને છરીથી કાપતો હશે ત્યારે આપણે જોવા ઊભા રહ્યા હશું. એ આ બધા દુઃખને જોવા માટે એમ કહે છે. એય..! ... એક વાત છે.

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ ભોગનો નિષેધ નથી કરતા. ભોગને ભોગવ એમ કહે છે, પણ ક્યા ભોગને? આત્માનો અનુભવ અને આત્માને ભોગવ, એમ ભોગનો નિષેધ નથી કરતા. પણ આ ભોગ. ઓલા ભોગ કેવા? ધૂળના? એ ક્યાં સ્ત્રીના દેહ અને પૈસાને અને ક્યાં ભોગવી શકે છે. એ તો અંદર વિકારી ભાવ કરે અને એને ભોગવે. સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ જૈનદર્શન જગતના ભોગનો નિષેધ નથી કરતા. પણ ભોગ ક્યો? આ જગતનો ભોગ આ આત્મા વસ્તુ એનો ભોગ એ ભોગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સવારે નહોતું આવ્યું? શુદ્ધ અસ્તિત્વમાત્રમાં વર્તવું, આ વસ્તુમાં વર્તવું એ કરવું અને ભોગવવું ઈ છે. આહા..હા..! ઓલું પરનું કરે અને ભોગવે કોણ? એ તો કલ્પના કરે છે. આહા..હા..! અને આ તો વાસ્તવિક ભોગવી શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અનુભૂતિથી ભોગવી શકે છે. આહા..હા..! તારો પૂર્ણ આનંદનો નાથ અને ભગવાન તરીકે જ બોલાવે છે આત્માને તો. (કર્તાકર્મ અધિકાર)માં નહિ? ૭૨ ગાથા. ભગવાન આત્મા. આહા..હા..! આત્મા તો ભગવાન સ્વરૂપે જ છે. એને મૂકીને પરના ભોગના વિકલ્પો કર અને ભોગવ એ તો દુઃખી એકલો થઈને કરે છે. પણ તને હવે ભોગવ એમ કહે છે. આજીવિકા

(માટે) ટોળી મળી છે, ધુતારાની ટોળી તને મળી છે. આહા..હા..! હવેના કળશમાં કહેશે. આહા..હા..! ૨૫, ૩૦, ૪૦, ૫૦ વર્ષ બાયડી સાથે કાઢ્યા હોય, છોકરા સાથે ૨૫-૩૦ વર્ષ કાઢ્યા હોય, હવે એને કેમ લાગે કે આ બધા વેરી છે? ધુતારાની ટોળી આ બધી ભેગી થઈ છે. ભાઈ! એ તો પરદ્રવ્ય છે. તારે અને એને કાંઈ સંબંધ નથી. એને કારણે એ આવ્યો અને તારે કારણે તું આવ્યો. બધા ભેગા દેખાય, ભેગા છે નહિ કાંઈ. એ '**ધુતારાની ટોળી તને મળી છે.**' ઠગ છે બધા કહે છે. આ ભારે આકરું!

**શ્રોતા :-** સ્ત્રી એમ માને છે કે પુરુષો ઠગ છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને એમ છે. છોકરાને માનવું કે મા-બાપ ઠગ છે. મા-બાપે માનવું કે આ બધા ઠગો ભેગા થયા છે. અમારું શું થાય એની એને દરકાર નથી. તમે ગમે ત્યાં જાવ નરકમાં, અમારે ક્યાં સનાન છે? અમારે ક્યાં જોવું છે મર્યા પછી? આહા..હા..!

**શ્રોતા :-** બધાને એક જ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતો જ ક્યાં, એ તો માન્યું છે. આહા..હા..! એવા મા ને બાપ ને દીકરાઓ અને દીકરીઓ એ દુશ્મન થઈને પાછા અવતરે. આહા..હા..! અને દુશ્મન હોય એ પાછા મિત્ર તરીકે અવતરે. એ તો જગતની લીલા જ એવી છે. આહા..હા..! એના માટે જગતમાં તું ગુમાવીશ નહિ તારો કાળ, એમ કહે છે. તારું કરજે, પ્રભુ! તું તત્ત્વ છો મહાપ્રભુ. આહા..હા..!

સવારે નહોતું આવ્યું ઘણું? ઓહો..હો..! એ પાંચ લીટીમાં તો ગજબ કર્યું છે! પ્રભુ! તારું અસ્તિત્વ છે કે નહિ? એ અસ્તિત્વ કેટલું અને કેવડું છે? ભાઈ! અનાદિ-અનંત અસ્તિત્વ તારું છે અને શુદ્ધ અસ્તિત્વ, શુદ્ધ મોજૂદગી ચીજ શુદ્ધ છે. આહા..હા..! એનું લક્ષ કરીને તેનું જ્ઞાન અને શ્રદ્ધા કરીને તેમાં વર્ત. આહા..હા..! ગજબ વાત છે! દેવીલાલજી! આનું નામ .... ગુરુ ને દેવ ને શાસ્ત્ર પણ પરલક્ષીજ્ઞાનમાં તને નુકસાનના કરનારા છે. આહા..હા..! આ વાત વીતરાગ કરે હોં! આહા..હા..! તારી મહાસત્તા ચૈતન્યની પૂર્ણાનંદ સ્વરૂપ. ગાથામાં તો એમ આવ્યું છે, ભાઈ! જ્ઞાન-દર્શન એમ શબ્દ આવ્યો છે. જ્ઞાન-દર્શન મુખ્ય એવો જે આત્મા એમ. ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા એવો. પાછળ ગાથામાં એમ આવ્યું છે. એ તો જ્ઞાન અને દૃષ્ટા એવો જેનો મુખ્ય સ્વભાવ. એવા સ્વભાવ અનંત છે, પણ એવા મુખ્ય સ્વભાવવાળું જે તત્ત્વ મહાપ્રભુ જેને ભગવાન તરીકે બોલાવે પ્રભુ. આહા..હા..! એવું ભગવાનનું મહાન અસ્તિત્વ તારું છે, પ્રભુ! એમાં વર્ત-વર્ત. આમ પર્યાય અને રાગમાં એ બીજામાં વર્તાવવી, પર્યાયને પર્યાયમાં વર્તાવવી એ મિથ્યાત્વ છે. આહા..હા..! કેવી ભાષા સંતોની! ગજબ શૈલી!

ઘા કરે અંદર. ભાઈ! તું અસ્તિત્વ છો કે નહિ? એ તારું મહાપ્રભુનું હોવાપણું ભૂલીને તું એકલો વિકાર કર અને એકલો વિકારને ભોગવ. આહા..હા..! હવે એને છોડને પ્રભુ! ઘણું કર્યું તેં હવે. તારા મહાપ્રભુને છોડીને તેં બહુ કર્યું. આહા..હા..! એને હવે લક્ષમાં લે. એમાં

વર્ત. વર્તવાની પર્યાય એ પર્યાય છે પણ જેમાં વર્તવું છે તે દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ગજબ વાત છે! અહીં એ કહે છે. ઓલી સવળાની વાત આમાં નથી લીધી. હવે ટીકા કરતાં મુનિરાજ શ્લોક કહે છે એમાં લેશે.

(मंदाक्रांता)

एको याति प्रबलदुरघाज्जन्म मृत्युं च जीवः
कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।
भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-
देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्।।१३७।।

લ્યો, સુખને ચારિત્ર ... આ સંસારમાં. કેમકે એ માને છેને. આહા..હા..!

'**શ્લોકાર્થ :- જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે;...**' બધું દુષ્કૃત હોં. એ શુભ અને અશુભભાવ બધું દુષ્કૃત છે. આહા..હા..! '**જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે;...**' આહા..હા..! જન્મ અને મૃત્યુ, સ્વર્ગ અને નરકનું બધું મૃત્યુ એ પ્રબળ દુષ્કૃતથી એ મળે છે, એમ કહે છે. આહા..હા..! સ્વર્ગનો પણ દુષ્કૃત છે ભાવ એનાથી સ્વર્ગ મળે છે. આહા..હા..! તારું કર્તવ્ય નથી ચૈતન્યનું ઈ. આહા..હા..! '**જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે;...**' આહા..હા..!

'**જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે...**' એકલો સદા મિથ્યાત્વના જોરને લીધે '**સ્વસુખથી વિમુખ...**' ભગવાન આનંદનો નાથ પ્રભુ જે ભોગવવા યોગ્ય વસ્તુ તો તારું સુખ છે. આહા..હા..! એવા '**સ્વસુખથી વિમુખ થયો થકો...**' છે? '**સ્વસુખથી વિમુખ થયો થકો...**' એ પોતે વિમુખ થયો થકો. કર્મને લઈને નહિ. આહા..હા..! '**તીવ્ર મોહને લીધે સદા...**' કોઈ વખતે કર્મને લઈને અને કોઈ વખતે પોતાને લઈને એમ નહિ, એમ કહે છે. આહા..હા..!

હમણા લખાણ આવ્યું હતું ઓલા શ્રુતસાગરનું. કર્મનો ઉદય આવે એટલે વિકાર કરવો જ પડે. અરે! ભગવાન! શું કહે છે આ તું? ઉદય તો સદાય છે. તો પછી વિકાર કરવો જ પડે, કોઈ દિ' છૂટે તો નહિ. આ સાધુ, લ્યો. શું કરે છે જીવ? આવો માર્ગ છે, ભાઈ! સ્વસન્મુખ થઈને અનુભૂતિને ભોગવ, આનંદને ભોગવ. એ તારું ભોગ્ય અને તું ભોક્તા છો. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ભોગ્ય અને તું ભોક્તા. આહા..હા..! આવું ભૂલીને તું સ્વસુખથી વિમુખ થયો. આહા..હા..! અને ક્યાંક પરમાં જાણે સ્ત્રીમાં, પૈસામાં, મકાનમાં, ભોગમાં, વખાણ કરે એના જ્યાં બે-પાંચ ત્યાં રાજી-રાજી થઈ જાય. ઓહો..હો..! તમે તો કર્મી જાગ્યા, તમે નહોતાને સંપડાવ્યા, બાપ પાસે નહોતું, તમે તો બહુ ઉદ્યોગપતિ થયા પાપના. આહા..હા..! કહે છેને અત્યારે. આ ઉદ્યોગપતિ છે. કેવા હશે? શેના ઉદ્યોગપતિ પ્રભુ! એ પાપના ઉદ્યોગપતિ. એ શું થયું? આહા..હા..! સ્વભાવનો ઉદ્યોગપતિ થયો હતો

તું પુરુષાર્થથી? આહા..હા..! ભાઈ! તારું અસ્તિત્વ પ્રભુ જેટલું છે. તારું હોવાપણું ભગવાન જેટલું હોવાપણું છે તારું. આહા..હા..! એ કહે છે.

**'સ્વસુખથી વિમુખ થયો થકો કર્મદ્વંદ્વજનિત...'** કર્મદ્વંદ્વ (અર્થાત્) પુણ્ય અને પાપ. **'ફળમય (-શુભ અને અશુભ કર્મના ફળરૂપ) સુંદર સુખ...'** આ જગત માને એટલે એની ભાષાએ કહ્યું આચાર્યે. પાંચ-પચાસ લાખ હોય, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ, મકાન બધા પાંચ-પાંચ લાખના મોટા હોય અને એ હીંડોળે હીંચકે. સૂવે તો માખી અડે તો જોડે પંખાવાળો બેઠો હોય. સમજાણું કાંઈ? કારણ કે ઉઘાડે (શરીરે) સૂવે તો માખીયું અડે. અને શું કહેવાય તમારે? મચ્છરદાની નાખે તો પવન અટકી જાય. એટલે સૂતા હોય.. આ જોયું છે હોં. આ પાટણી વખતે જોયું હતું. નજરે જોયું છે. આ નેમિચંદ પાટણી નહિ? સૂતા હતા. માખીયું તો આવે. મચ્છરદાની નડે. પવન આવે. પછી માણસ બે નોકર જોડે બેસે. પંખો નાખે. માખી ઉડાડે, સૂતા હોય. આ નેમિચંદ પાટણી. ગૃહસ્થ માણસ હતાને. એના બાપને એ પચાસ લાખના આસામી. આહા..હા..! ભારે ભાઈ! મચ્છરદાની નાખે તો પવન અટકે. ઉઘાડે ડીલે સૂવે તો માખી અડે. કરવું શું હવે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માખી ન આવે. ઉગમણા-આથમણા તડકા આવે. એવું કહે છે લોકો. ઉગમણે આમ તડકો આવે, આમાં આમ તડકો આવે. હવા સારી હોય. મકાન કરાવે ત્યારે પોતે બેસે ખુરશીએ. આમ કરો, બારી અહીં રાખો, આ ટૂંકી છે બારી, આટલી કરવી પડશે. બારણા ઉંચા રાખો. પણ તારે રહેવું છે ક્યાં? પોતે નિત્ય છેને એટલે અહીં નિત્ય કરવા માગે છે. પોતે નિત્ય છેને ધ્રુવ એટલે અહીં નિત્ય કરવા માગે છે. અહીં જાણે સદાય રહીશ અને આ બધું કાયમ રહે. અરે! પ્રભુ! તું ક્યાં છો? તારી નિત્યતાનો બીજામાં કાયમ રહે એવો આરોપ દે છો તું? એ બધા ક્ષણિક છે, નાશવાન છે. આહા..હા..! કીધું નહિ ૯૨ ગાથામાં? ધ્રુવ તો પ્રભુ તું એક છો હોં. અને તારા સિવાયની બધી ચીજો તે અધ્રુવ છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર આદિ બધાય તારે માટે અધ્રુવ, એ બધા અશુદ્ધતાના કારણ છે. આહા..હા..! શુદ્ધતાના પવિત્રતાના કારણરૂપે તો ભગવાન એક આત્મા છે. આહા..હા..! ઓહો..! આ વાત આવી વીતરાગની! સમજાણું કાંઈ? ચોર્યાશી લાખમાં જળતો, બળતો પ્રાણીઓને દુઃખથી મુક્ત થવાનો આ ઉપાય કહે છે.

એવા **'સુંદર સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે; જીવ એકલો...'** હવે. હવે સવળું આવ્યું. **'ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને...'** છેને? **'देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्।'** આહા..હા..! અને એકલો કોઈ ગુરુ દ્વારા કોઈ એવું એક તત્ત્વ **'(-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને)...'** આહા..હા..! શું વાણીમાં એ તત્ત્વની વાત આવે? મહાપ્રભુ એકલા આનંદ અને શાંતિ, કોઈપણ એક ગુણ લ્યો તો એ ગુણ પરિપૂર્ણ. ક્ષેત્ર

ભલે નાનું પણ ગુણથી પરિપૂર્ણ (છે). ગુણ છેને એટલે એમાં અપૂર્ણતા કે વિપરીતતા ન હોય. એ ગુણ પરિપૂર્ણરૂપે, જ્ઞાન પરિપૂર્ણ, દર્શન પરિપૂર્ણ. સવારમાં આવે છે જ્ઞાન-દર્શન મુખ્ય. મુખ્ય લીધા બાકી એવા અનંતગુણનો ધરનાર એવો સત્ પ્રભુ... આહા..હા..! એને પામીને તેમાં વર્તને, એમ કહે છે. આહા..હા..! જે અનંત કાળમાં એ કર્યું નથી તેં અને આ કર્યે તને જન્મ-મરણ રહેશે નહિ. આહા..હા..!

પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા હોયને એની મીઠાશ એવી લાગે કે આપણને બધું એ..ય.. (સરખું છે), કહળ્યું કુટુંબ, મકાન, બકાન અને પૈસા પણ એક ઠેકાણે નાખ્યા છે કે વ્યાજ ઊપજે અને વ્યાજ .. તો આપણે મકાન કર્યા છે પાંચ-પચાસ મકાનો. લાખ-લાખ બબ્બે લાખના. મકાન ક્યાં જાય? એ કોકને આપ્યા હોય તો પૈસા પણ જાય. કહો, પોપટભાઈ! આ ભગવાનભાઈની પાસે બહુ મકાનો. અહીંયા બે લાખનું. એવા તો ત્યાં કેટલાય મકાનો, ભગવાનદાસને. કોક કહેતું હતું કે ૨૦૦ છે. પણ આપણને કાંઈ ખબર નથી. કોક કહે (ઈ સાંભળીએ). પણ મકાન છે ઘણા. રહે છે એ છ લાખનું. ભાઈ રહે છે એ ત્રણ, ચાર, પાંચ લાખનું. નાનો શોભાલાલ. એવા-એવા તો કંઈક મકાન ગામમાં. બબ્બે લાખના, લાખ-લાખના એવા કેટલાય મકાનો એમ. એટલે શું? કે પૈસો મકાનમાં જાય તો કોણ લઈ જાય? ભાડે કોક લ્યોને.. આહા..હા..! લ્યો, અહીં ખોટ જાય. ભાંગે, પૈસા ક્યાંથી આપે? લાખ, બે લાખ ખોવાઈ જાય. શું કહેવાય એ? ભાંગે તો. દેવાળુ કાઢેને. ભાંગી જાય ... પહોંચી શકે નહિ. શું કીધું? .. એ આ રીતે થાય. એને પહોંચી શક્યો નહિ. મકાનમાં બે લાખ પેદા થાશે એને ઠેકાણે પાંચ લાખનું નુકસાન. હવે ભરે શી રીતે? જાશે. આહા..હા..! આ તો ઘણા જોયા છેને. આહા..હા..!

ભાઈ! તું હવે એક કામ કર. આ બધા ઘણા કર્યા પાપના અને પુણ્યના. એનાથી જન્મ્યો અને મર્યો. પ્રભુ! એ કાંઈ તારી નવી ચીજ નથી. દુઃખી થઈ ગયો છે. હવે તારે સુખ જોઈતું હોય તો ગુરુએ કહ્યું કે ચૈતન્યતત્ત્વ પ્રભુ અવર્ણનીય તત્ત્વ છે. એ કથનમાં એની જાતને વર્ણવી શકાય નહિ. આહા..હા..! એવો ભગવાન બિરાજે છે પૂર્ણાનંદનો નાથ પ્રભુ. પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન, પૂર્ણશાંતિ, પૂર્ણસ્વચ્છતા, પૂર્ણપ્રભુતા, પૂર્ણઈશ્વરતા. મોટો ઈશ્વર પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શનમાં તો અનંત ઈશ્વર છે આત્મા. એક જ ઈશ્વર નહિ. દરેક ઈશ્વર છે. પ્રગટ થયેલા અનંત ઈશ્વરો અને નહિ પ્રગટ થયેલા પણ ઈશ્વર સ્વરૂપે બધા આત્મા છે. એવું ગુરુ પાસેથી સાંભળી, તારી મોટપને આ રીતે સાંભળ. તેં હલકાઈથી સાંભળી છે કે હું પુણ્યનો કરનાર, પાપનો કરનાર અને ભોગવનાર, એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જીવ એકલો ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને...'** કોઈ એવા એક એટલે **'(-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને)...'** પરમ ચૈતન્યતત્ત્વ. આહા..હા..! એને **'પામીને...'**

જે એનાથી વેગળો હતો ત્યાં દૃષ્ટિ મૂકીને એને પામ્યો. આ આત્મા. આહા..હા..! '**તેમાં સ્થિત રહે છે.**' શ્રદ્ધાથી પામ્યો અને ચારિત્રથી સ્થિર રહે છે એમ બે વાત લીધી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સમજાય એવું છે. એવું એક તત્ત્વ, એકરૂપ તત્ત્વ ભગવાન. પોતાનો આત્મા હોં. બધા થઈને એક એમ નહિ અહીં. એવું એક તત્ત્વ ભેદ વિનાનું અભેદ તત્ત્વ. એવી મહાસત્તા ચૈતન્યની શ્રદ્ધામાં પામીને એનો વિશ્વાસ કરીને એ પામ્યો. નહોતો તે વિશ્વાસમાં પામ્યો, શ્રદ્ધામાં પામ્યો કે ઓહો..! આ તો પૂર્ણ શુદ્ધ અખંડ અભેદતત્ત્વ છે. તેમ અંતરમાં મહાસત્તાની સન્મુખ થઈને દૃષ્ટિમાં પામ્યો. '**પામીને સ્થિત રહે છે.**' આહા..હા..! કેવી ભાષા! અને એમાં સ્થિત રહે છે. એ મુક્તિને પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પરનો ભોગ એ ભોગ જ ક્યાં છે? પણ પરને ભોગવી શકે છે ક્યાં એ? એ તો રાગને, દ્વેષને ભોગવે છે. જે સ્વભાવમાં નથી એને ઊભા કરીને રાગ-દ્વેષનો કર્તા, એનો ભોક્તા (થાય છે). એક સમયે કર્તા અને ભોક્તા લીધું છેને? ગાથા-૧૦૨, સમયસાર. આહા..હા..! એ પુણ્ય અને પાપનો કર્તા સ્વભાવમાં નથી, દ્રવ્ય-ગુણમાં નથી. દ્રવ્ય-ગુણની દૃષ્ટિ નહિ હોવાને લીધે પર્યાયમાં રાગ અને પુણ્ય-પાપનો કર્તા થઈને તેને ભોગવે છે એ ભ્રાંતિ અને મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો હવે એકવાર આ તો કરને, ભાઈ! આહા..હા..! આચાર્ય જુઓને... પદ્મપ્રભમલધારીદેવ છે આ, ત્રીજા.

'**જીવ એકલો...**' જીવ એકલો. આહા..હા..! '**ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને)...**' પામીને એને ભોગવ. આહા..હા..! ત્યારે ભોગ જોઈએ છેને. આ ભોગ કરને, ભોગવવાને લાયક તો એ ચીજ છે. અનિત્ય અને ક્ષણિક વસ્તુ ભોગવી શકાતી હશે? એના ઉપર લક્ષ કરીને વિકારને ભોગવે અને વિકારનો કર્તા થાય. એ તો અદ્ધરથી ઊભા થયેલા, અંદરમાં છે નહિ કોઈ દ્રવ્ય-ગુણમાં. આહા..હા..! '**એવા કોઈ એક તત્ત્વને...**' એવા કોઈ એક તત્ત્વ એટલે બધું થઈને (એક) એમ નહિ. એક તત્ત્વ આ. આહા..હા..! ભગવાન છોને પ્રભુ તું. બાળ-ગોપાળના દેહમાં બિરાજમાન પ્રભુ ભગવાન (છો). એની દૃષ્ટિ કરીને પ્રાપ્ત કર અને પછી એમાં ઠર. તને મુક્તિ થશે. પરમ આનંદનો સ્વાદ લેતા-લેતા મુક્તિ થશે. આહા..હા..! પરમ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતાં-કરતાં તને મુક્તિ થશે. આહા..હા..! અને આ દુઃખ ભોગવતા-ભોગવતા ચાર ગતિમાં રજળવું થાશે. આહા..હા..! જુઓને વાણી દિગંબર મુનિઓની!

'प्राप्य' છેને? 'किमपि गुरुतः प्राप्य तिष्ठति' આહા..હા..! 'यमुष्मिन्' એમાં ઠરે છે. આહા..હા..! પણ સત્તા શું છે એની જ્યાં હજી ખબર જ નથી અને બધી ખબરું બહારની કરી-કરીને મરી ગયો. જેની ખબર કરવી જોઈએ એની ખબર કરી નહિ અને જેની ખબર જરૂર નથી એની ખબરું કરી બધી મોટી-મોટી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક ઠેકાણે આવે છેને બીજાને જોવાને આંધળો થા. તને જોવાને હજાર આંખ ઉઘાડ. આહા..હા..! જેમ ભગવાનના શરીરને જોવાને ઇન્દ્ર હજાર આંખ કરે, તું તને જોવાને અનેક આંખ કર જ્ઞાનની. એટલું જ્ઞાનમાં જોર લાવ કે જેમાં ભગવાન ભળાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા! આમાં કાંઈ કરવાનું શું આવ્યું? વળી એમ કોઈ કહે આગ્રામાં. એક હતોને પંડિત. આગ્રામાં હતો. ... સાંભળ્યું... લાંબા હતા. વ્યાખ્યાન સાંભળ્યા પછી ઊભા થયા. મજા બહુ કરવું ધરવું કાંઈ નહિ, મજા બહુ. અરે! પ્રભુ! શું કરવું છે? ભાઈ! શું કરવું ધરવું? એમ કે આ ભક્તિ કરવી ને પૂજા કરવી ને વ્રત કરવા (એ કાંઈ નહિ). પણ આ વસ્તુ છે તેની શ્રદ્ધા કરવી અને ઠરવું એ કરવું નથી? આહા..હા..! એમ કરીને નકાર કરતો હતો. ... માણસ ઘણું હતું. આહા..હા..!

વાત સાચી. આમાં એક આજે આવ્યું છે. કાગળ બધા ઘણા આવ્યા છે. ઇન્દોરમાં કોક છેને પચ્ચીસ વર્ષનો. એના નામે કાગળ આવ્યો છે. કાગળ એટલે ... ફલાણાએ આમ ભાષણ આપ્યું. એક જણાએ લખાણ આપ્યું કે ભગવાન મહાવીર પછી જો મુખ્યપણે કહ્યું હોય તત્ત્વને તો કુંદકુંદાચાર્યે કહ્યું છે. આહા..હા..! એમાં છે. નથી આવ્યા? એમ લખ્યું છે. એક સમયસાર.. એમ લખ્યું છે. દૃષ્ટિપ્રધાન કથન. ... સાધારણ માણસને... કે આ વસ્તુ રાખીને બીજી વાત હોયને. પછી એમ કહે આ સેવા કરવી અને ફલાણું. વળી પાછી ઈ માંડે. કોની સેવા કોણ કરે? આહા..હા..!

એ હમણા વીરાયતનમાં થયું હતુંને મોટું? દવાખાનું ખોલ્યું. કરે છેને આ અમરચંદ. મોટા ... પૈસા ખર્ચે ઘણા લાખ. દવાખાનું ખોલ્યું એમાં આ છેલશંકર છેને. દુર્લભજીભાઈના દીકરા. પૈસાવાળો છે. ૫૦-૬૦ કરોડ છે એને. અબજોપતિ છે. એના એટલા વખાણ કર્યા લોકોએ પૈસા આપ્યા એટલે. છેલશંકર એટલે છેલનો કરનારો નટબાજ. ... અને એણે વખાણ કર્યા એના અમરચંદે કે આ સૂર્યવત્ પાક્યો છે, દીવો પાક્યો છે અને ઓલી ચંદના છે એ .. પાકી હતી. એ કહ્યું. ત્યાં આવી હતી. શ્રદ્ધા-બદ્ધાના કાંઈ ઠેકાણા ન મળે. એને રજનીશમાં જાવું હતું. એમ કે આ લોચ ન કરવો. ત્યાં આવી હતી. સુધરેલ, આમ કપડા ઊંચા.. અરે! ધૂળમાં શું ત્યાં? બાપુ! રાંકાનો ધણી. અરે..! જેણે આત્મા જાણ્યો નહિ અને આત્માની કિંમત નહિ. ત્યાં આવી હતી, ભાઈ! મોહનલાલજી! આપણે મકાન નહિ? રતનલાલજીનું. ત્યાં ઉતર્યા હતાને. ત્યાં બપોરે આવી હતી ચંદના. આમ વઈ જવાની હતી રજનીશમાં. પછી આણે છૂટ આપી કે ભલે લોચ-બોચ ન કરવો પણ તું રહે અહીં. કહો, હવે આવા... ભણ્યા ગણ્યા. ભણ્યા શું ધૂળ? આહા..હા..!

જ્યાં આત્મા કોણ છે અને ક્યાં જાવું છે અને જાતા શું થાય? એની ખબરું ન મળે. એ બધા જાણપણા મોટા મીંડા છે. વિદ્યામાં પાસ થયા અને ઢીંકણામાં પાસ થયા. એવી કોઈ પરીક્ષા હોય છે. હોય, એમાં શું છે? અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો અનંતવાર.

આ તો વળી અજ્ઞાન છે બધું. અને આ તો નવ પૂર્વ અને શાસ્ત્ર ભણ્યો હોય તો એ અજ્ઞાન છે.

ભગવાન આત્મા એક તત્ત્વને પામીને. ઓહો..! મુનિરાજ જગતને કરૂણાથી કહે છે, પ્રભુ! તું આમ કરને એકવાર. ભાઈ! તારે સુખી થવું હોય તો આ આત્માનો અનુભવ ભોગવટો કર, એને ભોગવ. આહા..હા..! કહો, દેવીલાલજી! આહા..હા..! ભાઈ! તારે ભોગ જોવે છેને? તો કાયમ ચીજ હોય એનો ભોગવટો એ ભોગ કહેવાય? કે ક્ષણિક ચીજનો ભોગવટો એ ભોગ કહેવાય? ભોગભૂમિ નથી કહેતા, ભાઈ? દેવકુરુ, ઉત્તરુકુ. શું ભોગભૂમિ કહે છેને? બહારનું ભોગવવાનું સાધન ભોગ અને અહીંયાં ભોગવવું. આ દેવકુરુ, ઉત્તરકુરુ. આહા..હા..! કાંઈ કર્મનું કરવું નહિ. અરે.. પ્રભુ! ભોગભૂમિ તો આત્મા છે. અને શુદ્ધ પરિણમનરૂપી કાર્યનો કરનાર કર્મભૂમિ પણ આત્મા જ છે. આહા..હા..!

ભાઈ! તારા સ્વભાવની તને ખબર નથી. એ વસ્તુ છે તેની દૃષ્ટિ પહેલી અનુભવ કર અને કરીને પછી ઠર એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહા..હા..! હવે વસ્તુ શું છે એની હજી ખબરું ન મળે, એની ઓળખાણ ન મળે અને બહારથી આ વ્રત ને તપ ને પડિમા લઈને બેઠા. આહા..હા..! એકડા વિનાના મીંડા છે બધા. ભગવાન જ્યાં જોઈએ ત્યાં તો આવ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્મા સ્વરૂપે પ્રભુ આત્મા એ તો હજી દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો નહિ, એની સત્તાનો સ્વીકાર થયો નહિ ત્યાં આગળ આ સત્તા છે એવી વાત તો તને બેસી નહિ અને પરની સત્તામાં તારું જીવન બધું જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક લીટીમાં કેટલું કહ્યું છે, જુઓને! આહા..હા..!

**'એકલો ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને...'** એવું કોઈ તત્ત્વ કે અવર્ણનીય! કથનમાં ન આવે. જે વિકલ્પથી જણાય નહિ. દયા, દાન, વ્રતના વિકલ્પથી જણાય નહિ એવું એ અવર્ણનીય તત્ત્વ છે. આહા..હા..! એવા તત્ત્વને.. આહા..હા..! **'પામીને...'** લ્યો, ઓલું તો રાગને અને પર્યાયને પામીને રખડતો હતો. આહા..હા..! એને પ્રાપ્ત કર્યું. ઈ તો એક સમયની પર્યાય અને રાગ. આહા..હા..! હવે આવું જે તત્ત્વ, ચૈતન્યતત્ત્વ છે એની સન્મુખ થઈને એને પ્રાપ્ત તો કર એકવાર. એ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્દર્શન. આમ માનવું દેવ-ગુરુ-શાસ્ત્રને અને નવ તત્ત્વને (માનવા) એ સમ્યગ્દર્શન. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ અનંત તીર્થંકરોનો આ આદેશ છે, એ હુકમ છે. આહા..હા..! એ અહીં મુનિરાજ કહે છે દિગંબર સંત. આહા..હા..! એવી વાત ક્યાંય નથી, ભાઈ! સમજાય છે કાંઈ?

આવું એક તત્ત્વ મહા પ્રભુ અનંતગુણનો પિંડ, ધ્રુવ મહાસત્તા, મહા જેની મોજૂદગી, અસ્તિત્વ એની સત્તાને દૃષ્ટિમાં પ્રાપ્ત કર. આહા..હા..! સમ્યગ્દર્શનમાં એને પ્રાપ્ત કર. આહા..હા..! અને પછી એમાં ઠર. આહા..હા..! એ ચારિત્ર છે. વસ્તુને પ્રાપ્ત કરીને એમાં ઠરવું એ ચારિત્ર છે. ચારિત્ર એ કોઈ વિકલ્પ અને મહાવ્રત ને ફલાણા-ફલાણા એ ચારિત્ર છે જ નહિ. આહા..હા..!

સમજાણું કાંઈ? લ્યો! પદ્મપ્રભમલધારીદેવ એમ કહે છે કે મારા મુખમાંથી પરમ આગમ ઝરે છે. જુઓને! આ શું કહે છે?

પહેલા આવી ગયું છેને ઈ? આવી ગયું છે, પહેલા આવી ગયું છે. આવ્યું આ. પરમાગમરૂપી... સો ગાથામાં છે. સોમાં. '**શુદ્ધોપયોગની સંમુખ જે હું—પરમાગમરૂપી પુષ્પરસ જેમ મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ—તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે...**' મારો શુદ્ધોપયોગ જે ધર્મનો એમાં પરમાત્મા-આત્મા વસેલો છે. આત્માને મેં (અનુભવ્યો) ત્યારે શુદ્ધોપયોગ થયો અને એ શુદ્ધોપયોગ તે ધર્મ છે. આહા..હા..! એકવાર તો હલી જાય એવું છે અંદરથી. ભાઈ! એ તારા ચિત્તને ... પકડ. ... ચિત્તને ઓલા પાછળ .. થાંભલે બાંધ્યો હતો. આવે છેને. સમયસારમાં પાછળ. જ્ઞાનની પર્યાયને થાંભલે બાંધ. ... આહા..હા..! મહાસત્તા સત્ પ્રભુ છે. અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો શુદ્ધ અને આનંદની મૂર્તિ પ્રભુ છે એ તો. એમાં જ્ઞાનની પર્યાયને સ્થાપ. આહા..હા..! જ્ઞાનની પર્યાયને ત્યાં સ્થાપ તો સ્થિર રહેશે. બહારમાં જાશે તો હલી જશે અને અસ્થિર થઈ જશે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! ઘણાને આ ભાઈ એવું લાગે, આ સોનગઢની વાત તો (નિશ્ચયની છે). પણ સોનગઢની છે કે આ ભગવાનની છે? આચાર્યો કહે છે. ભગવાન કહે છે એ આચાર્ય કહે છે અને આચાર્ય પોતે પરમેષ્ઠી છે કે નહિ? આહા..હા..! પરમેષ્ઠી છે કે નહિ પાંચ? આહા..હા..!

અમારા મુખમાંથી એમ પ્રભુ! ઓહો..હો..! પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખથી ઝરે છે. એવા હે પદ્મપ્રભ! પોતાને સંબોધે છે. તારા શુદ્ધોપયોગરૂપી ધર્મદશામાં તો ભગવાન વસે છે. આહા..હા..! મારા ધર્મની દશામાં ભગવાન આત્મા વસે છે. એનો આશ્રય મને છે. મારા પરિણામ ધર્મના એને આશ્રય પરનો છે નહિ. આહા..હા..! અરે! આવું ક્યાં મળે, ભાઈ! એના ઘરમાં જા એમ કહે છે. એ આવ્યું હતુંને આયતન? આયતન એ છે. આહા..હા..! ધર્મનું શુદ્ધ પરિણમન જે મોક્ષનો માર્ગ જે આનંદદાયક એવા પરિણામનું આયતન ઘર હોય તો એ દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં આવે છે, 'અબ હમ કબહુ ન નિજઘર આયે, અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' હું પુણ્યનો, પાપનો, દયા, દાનનો, વ્રતનો કરનારો એ બધા નામ ધરાવ્યા મિથ્યાત્વના. આહા..હા..! સમજાણું? પણ નિજઘર ન આવ્યો. નિજ મારું ઘર આનંદનો નાથ પ્રભુ અંદર છે. પૂર્ણાનંદનો નાથ સાગર પ્રભુ છે. એવા નિજઘરમાં હું કદી ન આવ્યો. આહા..હા..! એ કહે છે તારું આયતન ધર્મના પરિણામનું આયતન તો દ્રવ્ય છે. એ ધર્મધ્યાન ત્યાં તારું કર. આહા..હા..! ૧૦૧ ગાથા થઈ. ૧૦૨.

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

આહા..હા..! એ દયાના, દાનના, વ્રતના, તપના, ભક્તિના ભાવ એ સંયોગી લક્ષણ ભાવ વિકારીભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**બાકી બધા સંયોગલક્ષણ...**' જુઓ, બે કહ્યુંને? એ દર્શન-જ્ઞાન લક્ષણ, ત્યારે આ સંયોગી લક્ષણ. આહા..હા..! શુભ અને અશુભભાવ- - દયા, દાન, વ્રત, ભક્તિ, તપ અને જાત્રા આદિનો ભાવ શુભ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગનો ભાવ અશુભ. બેય સંયોગીભાવ છે, મારો સ્વભાવ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! '**સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.**' મારો પ્રભુ જે આનંદનો નાથ... સમ્યગ્દષ્ટિ જીવ એમ માને છે કે મારો તો આત્મા જે છે એનાથી આ પુણ્ય અને પાપભાવ બાહ્ય છે. અને બાહ્યને પોતાના માને તે બહિરાત્મા મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એમ છેને જુઓને. બાહ્ય છે. અહીં તો કહે છે કે મારો એ ભાવ નહિ. હું તો દર્શન, જ્ઞાન લક્ષણવાળું મારું તત્ત્વ અને શુભ-અશુભભાવ એ બાહ્ય લક્ષણવાળા, સંયોગલક્ષણવાળું તત્ત્વ. આહા..હા..!

'**ટીકા :- એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.**' સમ્યગ્જ્ઞાની અને સમ્યગ્દષ્ટિ કેવો હોય એનું આ લક્ષણ બતાવે છે. આહા..હા..! કહે છે '**એકત્વભાવનારૂપે...**' એકસ્વરૂપ તે ભગવાન પૂર્ણ આનંદ છું એવી એકત્વભાવના. એ રૂપે પરિણમેલો. પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્રવત્ પરિણમેલો સમ્યગ્જ્ઞાની એના લક્ષણનું આ કથન છે. આહા..હા..! ટીકાનો વિસ્તાર. '**ત્રણે કાળે નિરૂપાધિક સ્વભાવવાળો હોવાથી...**' મારું સ્વરૂપ જે કારણપરમાત્મા વસ્તુસ્વભાવ જે જીવ સ્વરૂપ, જે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ એ કારણપરમાત્મા. એવો જે મારો આત્મા કારણપરમાત્મા કેવો? '**ત્રણે કાળે નિરૂપાધિક સ્વભાવવાળો...**' એને ઉપાધિ છે જ નહિ. આહા..હા..! વસ્તુ છે એને ઉપાધિ કેવી? એ તો નિરૂપાધિ (સ્વરૂપ છે).

પર્યાયનું લક્ષ છોડી દઈ અને ત્રિકાળી ઉપર લક્ષ જાય ત્યારે પર્યાય ત્યાં ગૌણ થઈ જાય છે અને મુખ્ય થઈ જાય છે દ્રવ્ય. તો કેવું એ દ્રવ્ય? એ '**ત્રણે કાળે નિરૂપાધિક સ્વભાવવાળો હોવાથી...**' એ તો ત્રણે કાળે નિરૂપાધિક સ્વભાવવાળું તત્ત્વ છે. '**નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...**' આવરણ વિનાનો મારો પ્રભુ છે. આહા..હા..! '**નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણ...**' જાણવાનો-દેખવાનો જે સ્વભાવ એ લક્ષણવાળો આત્મા છે. જાણવાનું-દેખવાનું જે લક્ષણ એ મારું સ્વરૂપ છે. એ લક્ષણ અને એનું લક્ષ છે એ આત્મા. આહા..હા..! '**એવો જે કારણપરમાત્મા,...**' આહા..હા..! '**સમસ્ત સંસારરૂપી નંદનવનના વૃક્ષોના મૂળ...**' આહા..હા..! સમસ્ત સંસારરૂપી નંદનવન. ફાટેલો આ સંસાર, ચોર્યાશીના અવતાર. આહા..હા..! એમાં .. '**નંદનવનના વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે...**' પાણીના ક્યારા હોય છેને? આહા..હા..! '**જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન...**'

આહા..હા..! **'વર્તતું જે શરીર...'** આ શરીર ધૂળ. આ માટીનો પિંડ આ તો અજીવ પુદ્‌ગલ છે. આહા..હા..! ભાષા જોઈ! કેવું શરીર છે? **'સમસ્ત સંસારરૂપી નંદનવનના વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ...'** આહા..હા..! **'ધોરિયા સમાન વર્તતું જે શરીર...'** આહા..હા..! **'તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી...'** હું તો દ્રવ્યકર્મ અને ભાવકર્મ વિનાનો આત્મા છું. ભાવકર્મથી દ્રવ્યકર્મ બંધાય અને દ્રવ્યકર્મથી શરીર મળે એ મારી ચીજ નથી, કહે છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ ભાવકર્મ છે. આહા..હા..! એ વિકારીભાવ છે, સંયોગી છે. પોતાનું એ સ્વરૂપ નથી, વિભાવસ્વરૂપ છે. આહા..હા..!

**'શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત...'** શરીરના આવા વખાણ કર્યા. આહા..હા..! ધોરિયો ચાલ્યો જાય છે શરીરનો, કહે છે. પાણી. સંસારનું પાણી ભર્યું છે એમાં રખડવાનું. એવું જે **'શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત...'** શરીરને ઉપજવામાં કારણ દ્રવ્યકર્મ અને ભાવકર્મ. આઠ કર્મ જે જડ છે એ દ્રવ્યકર્મ અને શુભ-અશુભ વિકલ્પો તે વિકારીભાવ તે ભાવકર્મ. એ **'વિનાનો હોવાથી એક છે,...'** એકની વ્યાખ્યા કરી. શબ્દ એ છેને? **'एगो मे सासदो अप्पा'** હું એક છું આ રીતે. આહા..હા..! સમ્યગ્જ્ઞાની, ધર્મી એમ ભાવે છે, એમ જાણે છે (કે) હું તો એકસ્વરૂપે (છું). જે ભાવથી શરીર મળે એવા ભાવ વિનાનો હું છું. આહા..હા..! શરીરને લઈને આ બધું નંદનવન ફાટે છે બધા. ચોર્યાશીના અવતાર. આહા..હા..! અરે..! બાયડી ને છોકરા ને મહેલ ને મકાન ને બાગ ને બગીચા ને. એ શરીર.. આહા..હા..! એ શરીરની ઉત્પત્તિનો હેતુ પુણ્ય-પાપ અને દ્રવ્યકર્મ. મારો સ્વભાવ એ બેથી રહિત છે. હું છું ત્યાં એ ભાવકર્મ અને દ્રવ્યકર્મ નથી અને દ્રવ્યકર્મ અને ભાવકર્મ છે ત્યાં હું નથી. આહા..હા..! આવી વાત! એક છે. આહા..હા..!

**'અને તે જ** (કારણપરમાત્મા) **સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...'** આહા..હા..! આ કરું છું ને દયા પાળીએ છીએ ને વ્રત પાળવા છે, ભક્તિ કરવી એવો જે ક્રિયા, આડંબર ક્રિયાનો. એવી **'ક્રિયાકાંડના આડંબરના વિવિધ...'** આહા..હા..! **'વિકલ્પરૂપ કોલાહલથી રહિત...'** આહા..હા..! **'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો...'** લ્યો આવ્યું. હું તો સ્વભાવિક આનંદના જ્ઞાનને અનુભવતો. અતીન્દ્રિય આનંદ ભગવાનનો સ્વભાવ એને હું **'સહજશુદ્ધ-જ્ઞાનચેતના...'** જ્ઞાનની અંતર એકાગ્ર થવું એવી **'ચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો...'** આહા..હા..! લ્યો, આ ભોગ આવ્યો. આહા..હા..! શાશ્વત વસ્તુને ભોગવને, ભાઈ! આ ક્ષણિકને આ કરીને રખડી મર્યો તું. આહા..હા..! સમજાણું કાંઈ?

એક **'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો...'** શુદ્ધ જ્ઞાનચેતના અને એને અનુભવતો. કર્તા અને એનું ફળ. **'શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે રહે**

છે;...' આહા..હા..! ત્રિકાળી જ્ઞાનચેતનાને ભોગવતો થકો શાશ્વત રહીને. જોયું? વસ્તુમાં અંદર ભાવ હોં એ. આહા..હા..! '**સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો...**' કોણ? ત્રિકાળી ચીજ. જે અતીન્દ્રિય અનુભવ કરવો છે એ અતીન્દ્રિય અનુભવ કર્તા અને ભોક્તાપણે ભરેલો છે, એમ કહે છે. આહા..હા..!

મોક્ષમાર્ગમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય સુખ આવે, સમ્યગ્જ્ઞાનમાં અતીન્દ્રિય સુખ અને સમ્યક્ચારિત્રમાં અતીન્દ્રિય સુખ. એ સુખનો અનુભવ પણ ક્યાંથી આવે? કે ત્રિકાળ તે શુદ્ધ ચેતના અને અતીન્દ્રિય શાશ્વત સુખ એવો મારો આત્મા. આહા..હા..! છે? શાશ્વત રહીને મારે માટે ઉપાદેય છે એ. મારા આત્માને માટે આદરણીય તો આ છે. આહા..હા..! નિર્મળ પર્યાય આદરણીય નહિ, નિર્મળ પર્યાયને આ આદરણીય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**મારા માટે ઉપાદેયપણે રહે છે;...**' શુદ્ધ જ્ઞાનચેતના અને અતીન્દ્રિય ભોગવટો. બસ, ભોગવટો હોં અંદર વસ્તુ. એવી જે શુદ્ધ શાશ્વત રહીને મારા માટે તે વસ્તુ ઉપાદેય છે. આહા..હા..! મારી નિર્મળ ધર્મની પર્યાયમાં આવો ભગવાન મારે આદરણીય અને ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહા..હા..! થોડું છે એ હવે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૧, બુધવાર, તા. ૧૫-૧૦-૧૯૭૫
## ગાથા-૧૦૨-૧૦૩, કળશ-૧૩૮, પ્રવચન નં. ૬૩

(કારણ) પરમાત્મા એટલે દ્રવ્યસ્વભાવ ચૈતન્ય ચિંતામણિ ત્રિકાળ એને અહીંયાં કારણપરમાત્મા કહે છે. જે કેવળજ્ઞાનનું કારણ એવો કારણપરમાત્મા ધ્રુવ '**સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...**' છે. એ ક્રિયાકાંડના વિકલ્પો દયા ને દાન ને ભક્તિ ને વ્રત ને તપ એવા વિકલ્પ છે એ બધી ક્રિયાકાંડનો આડંબર છે, આહા..હા..! એનાથી ભગવાન આત્મા રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમસ્ત ક્રિયાકાંડ...**' અહીં તો એકલી શુભભાવની વાત ક્રિયાકાંડમાં તો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભરાગ ક્રિયાકાંડ છે. એ આત્મા એનાથી રહિત છે. છે? વિકલ્પ, કોલાહલ એ તો કોલાહલ છે. આહા..હા..! આ દયા, સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળું, આ ભક્તિ કરું, પૂજા કરું એ બધો રાગના વિકલ્પનો કોલાહલ છે, અશાંતિ છે. એનાથી આત્મા રહિત છે. આ લોકોને બેસવું કઠણ પડે. બહારની ક્રિયાકાંડ પાંચ મહાવ્રત આદિનો ભાવ એ બધો ક્રિયાકાંડ કોલાહલ

છે, એ આત્મામાં નથી. આહા..હા..!

એવા '**કોલાહલથી રહિત...**' કેવો છે? '**સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને...**' અંતર ત્રિકાળ-ત્રિકાળ હોં સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતનાને '**અતીન્દ્રિયપણે ભોગવતો થકો...**' ત્રિકાળની વાત છે. આહા..હા..! એ બધો ત્રિકાળ છે. '**સહજશુદ્ધ-જ્ઞાનનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો શાશ્વત રહીને...**' એ શાશ્વત છે. અંતર જ્ઞાનાનંદ અને અતીન્દ્રિય આનંદ એને ભોગવવું એટલે એવું એનું સ્વરૂપ જ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ત્રિકાળની વાત છે. સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના ધ્રુવ અને તેને '**અતીન્દ્રિયપણે ભોગવતો...**' એ આત્મા ધ્રુવ શાશ્વત છે. આહા..હા..! ભારે ... અહીં તો બહારની પ્રવૃત્તિની ક્રિયાકાંડ એ ધર્મ અને એ ચારિત્ર. વીતરાગમાર્ગથી તદ્દન ઉલટું છે. આહા..હા..! ઝીણી વાત પડે. બિચારાએ સાંભળ્યું ન હોયને, શું થાય? પોતે ભગવાન અંદર (છે). હો, શુભભાવ આદિ હો, પછી કહેશે અશુભ પણ હો, પણ એ મારા સ્વરૂપથી બહાર છે. સમજાણું કાંઈ? છે?

'**શાશ્વત રહીને...**' એવો ભગવાન જ્ઞાનની ચેતનાને અતીન્દ્રિયપણે અનુભવસ્વરૂપ એવો શાશ્વત આત્મા '**મારા માટે ઉપાદેયપણે રહે છે;...**' આહા..હા..! મુનિરાજ કહે છે કે આવો આત્મા મારે માટે ઉપાદેયપણે રહે છે. આદરવાલાયક એ રહે છે. સમજાણું કાંઈ? '**મારા માટે ઉપાદેયપણે રહે છે;...**' આહા..હા..! એ વસ્તુ છે આવી. એનો સ્વીકાર કર્યો એટલે કહે છે કે મારા માટે આ ચીજ ઉપાદેયપણે સદા રહેલી જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ. જિનેન્દ્ર ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ એના કથનો એવા ઝીણા. ઓલું સવારમાં હતુંને? નહિ પ્રવચનસારમાં? શુદ્ધ ચેતનામાત્રેણ. માત્રેણ એમ શબ્દ છેને? એટલે ઓલામાં લીટી થઈ ગઈ છેને એટલે માત્રરૂપ એવું થઈ ગયું છે. મારામાં હોં. માત્ર રૂપે શુદ્ધચેતનામાત્ર રૂપે. માત્રે એમ શબ્દ છે. શુદ્ધ ચેતનામાત્ર રૂપે. મારે ત્યાં વર્તવાલાયક રહ્યો છે. આ રૂપે. એમાં વર્તવા (લાયક રહ્યો છે) એમાં. આહા..હા..!

શુદ્ધ ચેતનામાત્ર. ક્યાં? એવો જે આત્મા શુદ્ધ ચેતના વસ્તુ એ ચેતનારૂપે એમાં વર્તવાને લાયક જે પર્યાય થાય તે મોક્ષમાર્ગ છે. અહીં કહે છે કે મારે માટે આવો આત્મા ઉપાદેયપણે રહ્યો છે. મારો સ્વીકાર થયો છે એને માટે હોં! આહા..હા..! ઝીણું પડે. આત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત, કર્મથી રહિત, શરીરથી રહિત ત્રિકાળ નિરાવરણ. અને જે વસ્તુના સ્વભાવમાં શુદ્ધ જ્ઞાનચેતના અને એનો અનુભવ, ભોગવટો એવું સ્વરૂપ એનું શાશ્વત છે. સમજાણું કાંઈ? કેમકે શુદ્ધ જ્ઞાનચેતના જે પરિણમનમાં થાય છે એવું એનું કાયમ શુદ્ધચેતના સ્વરૂપ જ છે. અને જે ચેતનાનું, આનંદનું વેદન થાય પર્યાયમાં એવો એ ત્રિકાળી આનંદના ભોગવટાસ્વરૂપ જ એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત હવે. આ જૈનધર્મ. ઓલા કહે કે ભાઈ આ કરવું, ત્યાગ કરવો, આ ન કરવું, આ વ્રત પાળવા, ભક્તિ કરવી, બહારનો ત્યાગ બાયડી, છોકરા છોડે એ ત્યાગ થઈ ગયો એ ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને.

આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન નિત્યાનંદ એ શુદ્ધ ચેતના અને એનો અનુભવ ત્રિકાળ. એવો શાશ્વત આત્મા મારે માટે મેં ઉપાદેય કર્યો છેને, એમ કહે છે. મેં એનો આદર કર્યો છે. એટલે મારે માટે તો ઉપાદેય રહ્યો છે. એનો આશ્રય છે મારે. આહા..હા..! અંગીકાર કરવો એ ... આહા..હા..!

**શ્રોતા :-** મારે માટે કારણપરમાત્મા એટલે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મારા માટે એટલે આ વસ્તુ એમ ને એમ મારે માટે આદરણીય રહી છે. એનો એ કારણપરમાત્મા શાશ્વત મારે માટે મારી ઉપાદેયબુદ્ધિ થઈ છે, એથી કહે છે મારે માટે ઉપાદેયપણે રહ્યો છે. આહા..હા..!

ફરીને. એમાં કાંઈ... એ તો વધારે સ્પષ્ટ થાયને. અહીંયાં તો નિત્યાનંદ પ્રભુ પર્યાય વિનાનો આત્મા, પર્યાય નહિ... **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** એ ત્રણમાં ઉત્પાદ-વ્યય નહિ અહીં આવે, એકલો ત્રિકાળી ધ્રુવ મહાસત્તા શુદ્ધ જે શુદ્ધ જ્ઞાનચેતના અને એનો અતીન્દ્રિયપણે અનુભવ એ સ્વરૂપે જ એ શાશ્વત છે. આહા..હા..! એમ કહીને મારી શુદ્ધ જ્ઞાનચેતનામાં અને વેદનના ભાવમાં આશ્રય આનો છે. સમજાય છે કાંઈ? મારા ધર્મની પર્યાય જે ધર્મની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી જે નિર્વિકલ્પ પર્યાય એને માટે મારે આનો આશ્રય છે, આનો આધાર છે મારે. મેં એને અંગીકાર કર્યો છે, મારે માટે આ રહ્યો છે. આહા..હા..!

**શ્રોતા :-** મારા માટે એટલે? ભાઈને કીધું હતુંને મારા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મારા માટે. મેં કીધું પોતાની પર્યાયનો આદર કર્યો એ મારા માટે આદરણીય છે.

**શ્રોતા :-** દુનિયામાં બોલાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા દુનિયાનું જાણે. આહા..હા..! ઝીણી વાત ભાઈ બહુ માર્ગ..! આહા..હા..!

કેમકે મેં એને ઉપાદેયપણે પર્યાયમાં ગ્રહણ કર્યો એથી મારે માટે આ શાશ્વત વસ્તુ ઉપાદેયપણે રહી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ પરમાત્મા આહા..હા..! જિનેન્દ્રદેવ, એનો જે આત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ પર્યાયે પ્રગટ થયો, એની જે વાણી આવી... આહા..હા..! એની વાણી કહેવી એ પણ વ્યવહાર છે. વાણી તો વાણીની છે. સમજાય છે કાંઈ? એ વાણીમાં એવા અર્થ આવ્યા. એને સંતો, ગણધરોએ ગૂંથ્યા અને એ પરંપરા આચાર્યે, કુંદકુંદાચાર્ય આદિ અમૃતચંદ્રાચાર્યની પાસે રહ્યા. આહા..હા..! મારે માટે ઉપાદેયપણે રહ્યો. ભાષા જુઓ! દિગંબર સંતોની વાણી, કેવળીની વાણીની વાણી છે. બાકી એવી ક્યાંય છે નહિ. કોઈ બીજે સંપ્રદાયમાં એ છે નહિ. અત્યારે બધા સમન્વય કરવા માગે છે. પણ સમન્વય... સંપ કરવો. કોઈ વ્યક્તિ પ્રત્યે વેર નહિ. સત્વેષુ મૈત્રી. બધા આત્મા પ્રત્યે મૈત્રી. પણ વસ્તુની સ્થિતિ

છે એનાથી વિરુદ્ધ હોય તો એને જાણવું. સમજાય છે? એને માર્ગમાં ભેળવી દેવી કે આ માર્ગ પણ સાચો અને આનો પણ સાચો. એમ ન હોય, બાપુ! એમ ન થાય. આહા..હા..!

આચાર્ય પોતે અનુભવીને કહે છે, વેદન કરીને કહે છે. અતીન્દ્રિય આનંદનું વેદન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં થયું. આહા..હા..! એ વેદનમાં કહે છે કે મારો આ આત્મા મારા વેદનની પર્યાયમાં ઉપાદેયપણે આ છે. આશ્રય તરીકે આ છે, આધાર તરીકે એ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! શું સર્વજ્ઞની (કથની)! દિગંબર મુનિઓએ જગતને નિહાલ કરી નાખ્યા છે. આહા..હા..! એવું સ્વરૂપ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એની એક-એક ગાથા.. એક કડી લ્યોને. સવારની કડી લ્યો. એક જ લીટી. આહા..હા..! શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે વર્તવું. આહા..હા..! ગજબ વાત પ્રભુ તારી! શુદ્ધ અસ્તિત્વ પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા એવા રૂપમાં એને વર્તવું એનું નામ મોક્ષમાર્ગ છે. પાંચ મહાવ્રત ને બાર વ્રત ને સમિતિ, ગુપ્તિનો વિકલ્પ ને એ બધું મોક્ષમાર્ગ નથી. એ ક્રિયાકાંડ તો બધો બંધમાર્ગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો આચાર્ય આ એક વાત કરે છે. આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ. સામે છેને ત્રીજા. વચમાં કુંદકુંદાચાર્ય છે, આ અમૃતચંદ્રાચાર્ય છે. પ્રવચનસાર આદિની ટીકા કરનારા. આ નિયમસારની ટીકા કરનાર ઈ. ઓલા ત્રીજા ઓલી કોર. દિગંબર મુનિઓ ત્રણેય. આભના થોભ, ધર્મના ધુરંધર! એની (ટીકા) છે. છે મુનિ ઈ, આ બે આચાર્ય છે. કુંદકુંદ અને અમૃતચંદ્ર આચાર્ય છે. નમો લોએ સવ્વ આઈરિયાણં અને આ છે નમો લોએ સવ્વ સાહુણં. પણ એની ટીકા તો જુઓ આહા..હા..!

**શ્રોતા** :- ૩૨ અને ૪૫ સૂત્રો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના એ કંઈ... બહુ આપણે શું કહેવું, ભાઈ? એ બધા ૩૨ અને ૪૫ શ્વેતાંબરના શાસ્ત્રો કલ્પિત કરેલા છે, ભાઈ! ભગવાનના નહિ, સમકિતીના નહિ. આવી વાત છે, ભાઈ! કોઈને દુઃખ થાય એના માટે નથી. સત્ય એવું છે. આહા..હા..! તમે તો પહેલા એમાં હતા કે નહિ? સ્થાનકવાસીમાં. તમારા બૈરા શ્વેતાંબરમાં હતા. તમારા ભાઈ હજી સ્થાનકવાસીમાં છે. એ તો હોય, એમાં પડ્યા એ શું કરે? આ વાત આ કોઈ પક્ષ નથી, આ કોઈ વાડો નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા..! સર્વજ્ઞોએ અને દિગંબર સંતોએ જે કહ્યું એ વસ્તુનું સ્વરૂપ છે. એ પક્ષ નથી કે અમારા પક્ષમાં આમ કહ્યું, તારા પક્ષમાં આમ કહ્યું. એમ નથી. આહા..હા..!

જુઓને એક શબ્દ. આહા..હા..! પોતાને શુદ્ધ ચેતના અને એનું વેદન પર્યાયમાં છે. તો એ પર્યાય દ્વારા આ મારો આત્મા ત્રિકાળ શાશ્વત છે એ ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ભોગવતો થકો શાશ્વત રહીને...**' ધ્રુવ ધ્રુવ અનાદિ-અનંત. પર્યાય છે અવસ્થા એનું બદલવું થાય. ધ્રુવ તો એવો ને એવો છે અનાદિથી. આહા..હા..! કેવળજ્ઞાન થાય તોપણ

ધ્રુવ છે એવો છે અને નિગોદમાં અક્ષરને અનંતમે ભાગે વિકાસ રહ્યો થોડો, તોપણ વસ્તુ તો છે એ છે આખી. આહા..હા..! ક્રિયાકાંડના વિકલ્પની વૃત્તિઓથી ભગવાન ભિન્ન છે આખો. આહા..હા..! પણ પોતાના સ્વભાવની શુદ્ધ ચેતના અને એનું વેદન એ સ્વરૂપે તો બિરાજે છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા '**શાશ્વત રહીને મારા માટે...**' મેં અંગીકાર કર્યો. અને પ્રપદ્ય શબ્દ આવે છેને? ભાઈ! આમાં આવે છેને? પ્રપદ્ય નહોતો આવ્યો? બે-ત્રણ ઠેકાણે આવ્યો હતો. મૂળ તો અંગીકાર કરું છું. પછી તો તમે અર્થ પ્રપદ્ય, આશ્રય એ તો એમ પણ આવે ભાષા. મોક્ષમાર્ગનો આશ્રય કરવો. આશ્રયનો અર્થ? એને અંગીકાર કરવો. અંગીકારનો અર્થ? આશ્રય તો ત્રિકાળનો છે. પ્રપદ્ય આવે છે. બે, ત્રણ, ચાર ઠેકાણે આવ્યું હતું. ચિહ્ન કર્યા છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે હું એક આ (શાશ્વત ચૈતન્યસ્વરૂપ છું) આવો સ્વીકાર તે કાંઈ વાત છે, ભાઈ! આહા..હા..! અનંતી કેવળજ્ઞાનની પર્યાયો, અનંતી આનંદની પર્યાયો જેના અંદરમાં ભરી છે શક્તિરૂપે એવો ભગવાન ભંડાર, અનંત ગુણનો ભંડાર... આહા..હા..! એવો જે શાશ્વત રહેલો મારો નાથ, એમ કહે છે. '**મારા માટે ઉપાદેયપણે રહે છે;...**' મારે અંગીકાર કરવા માટે એ વસ્તુ રહી છે, એમ કહે છે. આહા..હા..! ભાષા... એક ટૂકડો તો જુઓ, સાંભળવા મળે નહિ એવી વાત છે આ. ગુજરાતી ભાષા સમજો છો? તમે સમજો છો. પ્રતાપગઢના ઘણા સમજે છે. મુંબઈ રહે છે. દાદરનું લખાણ આવ્યું છે, નવનીતભાઈ! એમાં તમારું નામ છે. રામજીભાઈ ને નવનીતભાઈને કહેવું કે અમારી વિનંતીમાં મદદ આપે. ૮૭મી કરે છેને. એની વિનંતી છેને. કાગળ આવ્યો છે ભાઈ ઉપર, ચંદુભાઈ ઉપર. તમારા બેના નામ છે. બે એમ કે અમારે... શું થાય હજી કોને ખબર. આણે તો લખ્યું કે નક્કી કરો તો અમે આવીએ બધા. એમ લખ્યું છે. આહા..હા..! પ્રભુ! એ બધી વાતું બહારની.

**શ્રોતા :-** એ તો સંયોગની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સંયોગનું આવવું-જવું. આહા..હા..! અને વિકલ્પ ઉઠે એ સંયોગીભાવની વસ્તુ છે, એ એનો સ્વભાવ નહિ. આહા..હા..!

કહે છે.. આહા..હા..! મારે માટે તો આ શાશ્વત આત્મા ઉપાદેયપણે રહ્યો છે. મેં એનો આશ્રય કર્યો અને મેં એને પર્યાયમાં આદર્યો, સ્વીકાર કર્યો એ મારે માટે તો ઉપાદેયપણે રહ્યો છે.

**શ્રોતા :-** એ પરિણમન કર્યુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પરિણમન.. પરિણમનસહિતની વાત કરે છે. સમજાણું કાંઈ? મારે માટે ઉપાદેયપણે રહ્યોનો અર્થ? પરિણમનમાં શુદ્ધ ચેતના અને એનું વેદન વર્તે છે. એનું વેદન આવો શુદ્ધ ચેતનાનો અનુભવ વસ્તુ તે મારે માટે આદરણીય છે. એ પર્યાય એમ કહે છે કે મારે માટે આ આદરણીય છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આ

ધર્મ. જિનેન્દ્રની વ્યાખ્યા. ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્માની વાણીમાં આ આવતું હતું. અત્યારે પણ સીમંધર ભગવાન બિરાજે છે. એની વાણીમાં આ જ આવે છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! થોડું પણ સાચું હોવું જોઈએને. આહા..હા..! ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. પણ ઓલી લીટી એક બાકી હતી એટલે કીધું એકદમ ન લઈ લેવી. ક્યાં ગયું? અહીં.

**શ્રોતા** :- ભોગવટો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભોગવટો એટલે ભોગવવી. એ વસ્તુ જ છે એવી. કાયમી અનુભવન વેદન જ ત્રિકાળી અનુભૂતિ છે એમાં અને પર્યાયમાં ન આવે એ વસ્તુ. પર્યાયમાં પર્યાય આવે. પણ એ ભોગવવું અને શુદ્ધ ચેતનાનો અનુભવ એ વસ્તુ જ એવી છે કહે છે, એ કહ્યું નહોતું ૭૩ ગાથામાં? કે કર્તા, કર્મ આદિ પર્યાયના છ બોલ. પર્યાય કરે, પર્યાય કાર્ય, પર્યાય કરણ, પર્યાય અપાદાન, સંપ્રદાન આદિ એનાથી પાર એવી અનુભૂતિ. અનુભૂતિ નામ ત્રિકાળી સ્વરૂપ. હમણા આવ્યું હતું આપણે નહિ? અનુભૂતિ શબ્દ. આહા..હા..!

**શ્રોતા** :- હું મારી ત્રિકાળ અનુભૂતિ પાસે જાવ છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રિકાળ અનુભૂતિ સ્વરૂપ છે ઈ.

**શ્રોતા** :- કુટુંબીજનો.. રજા દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રજા દે. હા, અનુભૂતિ આવી હતી. કુટુંબીજનોમાં. સ્ત્રીને કહે છે કે હે સ્ત્રી! આ શરીરને રમાડનારી હે આત્મા! તું મને રજા દે, છોડ-છોડ. મારો આત્મા હવે મારી અનાદિની અનુભૂતિ પાસે જવા માગે છે. આવ્યું હતું? આહા..હા..! મારો આત્મા અનાદિ અનુભૂતિ જે સ્વરૂપ છે એની પાસે હવે રમવા જાય છે. તું છોડ હવે, મને રજા આપ. આહા..હા..! વાણી તે વાણી છેને. રામબાણ વાણી છે. અનુભૂતિ ત્રિકાળ. તે દિ’ કહ્યું હતું ૭૩મી ગાથામાં. ત્યાં અનુભૂતિ કીધી છે એ આત્માનો સ્વભાવ ત્રિકાળ એની અનુભૂતિ (કહેવી છે), પર્યાય નહિ. પર્યાયમાં જે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એ શુદ્ધના થાય એથી પણ એ વસ્તુ રહિત છે. આહા..હા..! દયા, દાન, વિકલ્પના કર્તા અને ભોક્તા એ તો મિથ્યાદૃષ્ટિને હોય છે. એનું કરવું અને ભોગવવું એ તો મિથ્યાદૃષ્ટિ કર્તા અજ્ઞાનનો, રાગનો થાય છે. પણ નિર્મળ પર્યાય જે વીતરાગી દશા (થાય) એમાં જે પર્યાયનું કરવું, એનું કરણ, એનું કાર્ય, સંપ્રદાન, રાખવું, એનાથી થાય અને આધાર એવી પર્યાયમાં ષટ્કારકનું જે પરિણમન નિર્મળ છે એનાથી પણ પાર અનુભૂતિ એ વસ્તુ ભિન્ન છે. આહા..હા..! છોટાભાઈ! એ આવ્યું હતું તે દિ’. આહા..હા..!

પર્યાય એટલે અવસ્થામાં, નિર્મળ અવસ્થામાં જે ષટ્કારકની દશા થાય, વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય એ પર્યાય પર્યાયની કર્તા, પર્યાય પર્યાયનું કાર્ય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું અપાદાન પર્યાયથી થયું, પર્યાયને આધારે થયું અને પર્યાય પર્યાયે રાખી. આહા..હા..! એવી એક સમયની

પર્યાયના ષટ્કારક જે છે એનાથી આત્મા ભિન્ન છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા એનાથી ભિન્ન છે. આહા..હા..! એ ત્રિકાળને જ અનુભૂતિ કીધી.

અહીં એ જ કીધું. ત્રિકાળ જ્ઞાનચેતના અને અતીન્દ્રિયપણું ભોગવતો થકો, શાશ્વત રહીને દેખો. વેદનમાં આનંદ અને જ્ઞાનનું વેદન વર્તે છે. શુદ્ધ ચેતના, સ્વભાવને આશ્રયે જે શુદ્ધ ચેતના પ્રગટી અને આનંદનું વેદન છે એ પર્યાય એમ જાણે છે કે મારે માટે આદરણીય આ તત્ત્વ એમ ને એમ રહ્યું છે. કહો, પાટણીજી! આવું ક્યાં છે ક્યાંય, બાપા! આહા..હા..! લોકોને એવું લાગે, બિચારાને એવું લાગે અરેરે! આ બધી ક્રિયાઓ કરે પાંચ મહાવ્રતની... છે તો ક્યાં પાંચ મહાવ્રતની અત્યારે તો. એના માટે ચોકા કરીને આહાર લે. એને મહાવ્રત પણ ક્યાં છે. નવ કોટીને ત્યાગ જોઈએ એમાં એ ત્યાગ વ્યવહારમાં પણ ક્યાં છે? આહા..હા..! એને માટે ચોકા કરે, એને માટે ચોકાવાળા બોલાવે, રાંધવાવાળા સાથે ફરે. અરે! માર્ગ તે માર્ગ આ છે? સમજાણું કાંઈ? આ તો જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ એણે કહેલો વ્યવહાર પણ જેમાં નથી તો નિશ્ચય તો ક્યાં છે ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો મુનિરાજ નિશ્ચયસહિતની, વેદનસહિતની વાતું કરે છે. આહા..હા..! મારી જ્ઞાનચેતના અને મારી વર્તમાન અનુભવની વેદના એને માટે મારો નાથ મારે ઉપાદેયપણે શાશ્વત રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! આવું છે આ. આહા..હા..! પૈસાને ભોગવવું એ તો મારામાં છે નહિ, એમ કહે છે. સ્ત્રીને ભોગવવું એ મારામાં છે જ નહિ, પણ એને ભોગવવાનો જે વિકલ્પ છે એ મારામાં નથી. આહા..હા..! અરે! એ આત્માની પર્યાયમાં ષટ્કારકરૂપે પરિણમન સ્વતંત્ર (થાય), દ્રવ્ય અને ગુણના આશ્રય વિના નિર્મળપર્યાયમાં ષટ્કારકનું જે પરિણમન વીતરાગી પર્યાયનું છે એનાથી પ્રભુ ભિન્ન છે. એય..! પ્રકાશ! આહા..હા..! સમજાણું કાંઈ?

ભાષા, શાશ્વત છે એમ અમને અનુભવમાં આવ્યું છે, એમ કહે છે. મારે માટે આ શાશ્વત છે આદરણીય એમ અનુભવમાં આવ્યું છે. એ અનુભવની પર્યાય કહે છે કે મારે માટે આદરણીય છે આ. સમજાણું કાંઈ? મારું લક્ષ ત્યાં, ધ્યેય ત્યાં છે. આહા..હા..! મેં વસ્તુને ધ્યેય બનાવી છે અને પર્યાય એનું ધ્યાન કરે છે, પણ ધ્યાન કરનારી પર્યાય કહે છે કે આ વસ્તુ મારે માટે શાશ્વત ધ્યેયપણે રહી છે, આદરણીય, ઉપાદેયપણે રહી છે. આહા..હા..! અરે! આમાં વાદવિવાદ શા, ભાઈ? આ વસ્તુની સ્થિતિ જ આવી એમાં આ સાચું અને આ ખોટું આવા ઝઘડા. આહા..હા..! અરેરે! જગત અનાદિથી ઠગાઈ ગયું છે. બહારની ક્રિયાકાંડમાં ઠગાઈ ગયા. આહા..હા..! થોડાક વ્રતના પરિણામ હોય મિથ્યાદૃષ્ટિસહિત માનેલા વ્રતના, ભક્તિના, પૂજાના, અપવાસના હોય, લ્યોને મહિના-મહિનાના અપવાસના ભાવ એ બધો વિકલ્પ રાગ છે. એવી ક્રિયાકાંડના વિકલ્પથી રહિત મારો નાથ આત્મા છે, એમ કહે છે. એથી તો રહિત છે, પણ મારી પરિણતિ જે છે વેદનની, શાંતિની વીતરાગ પર્યાય એને માટે આદરણીય

આ એક રહ્યો છે. પર્યાય પર્યાયને આદરે નહિ, પર્યાય એને આદરે છે. આહા..હા..! આ તો ભગવાનની વાણી સાક્ષાત્ છે. દિગંબર સંતોની વાણી એટલે સાક્ષાત્ કેવળીની વાણી. આહા..હા..! અરે! એનો એક શ્લોક પણ કેમ બેસે? આહા..હા..!

હવે કહે છે '**જે શુભાશુભકર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો,...**' શુભકર્મથી બાહ્ય મળેલ પરિગ્રહ અને અંદર વિકલ્પ ઉઠે કોઈ શુભ-અશુભ વિકલ્પ ઉઠે. હોય અશુભ રાગ પણ હોય. આહા..હા..! એ બધો પરિગ્રહ આહા..હા..! '**તે બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? '**શુભાશુભકર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય...**' લક્ષ્મી આદિ, સ્ત્રી-કુટુંબ આદિનો બાહ્યપરિગ્રહ અને પુણ્ય-પાપના વિકલ્પનો અભ્યંતર (પરિગ્રહ) એ બેયથી મારું સ્વરૂપ ભિન્ન છે. '**આમ મારો નિશ્ચય છે.**' જુઓ, છે? '**એમ મારો નિશ્ચય છે.**' આહા..હા..! સંસ્કૃતમાં છે હોં ઈ. આ હોય, અશુભ હોય, રાગ આવે, પણ એ મારું સ્વરૂપ નથી. મારે માટે તો એ હેય છે. આહા..હા..!

**શ્રોતા :-** મુનિરાજને એવો કોઈ પરિગ્રહ છે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને આ પરિગ્રહ. મારે કાંઈ છે જ નહિ. બાહ્ય અને અભ્યંતર બેય પરિગ્રહ મારા સ્વરૂપથી બહાર છે. આહા..હા..!

**શ્રોતા :-** .. નથી એટલે મારો નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પ ઉઠે છેને. એ મારો પરિગ્રહ નથી, એ મારું સ્વરૂપ નથી. અભ્યંતર એ છેને વિકલ્પ. શુભ-અશુભ. આહા..હા..! સમકિતીને રૌદ્રધ્યાન આવે, આર્તધ્યાન થાય, વિષય-વાસનાની વૃત્તિ થાય, પણ એ બધી વૃત્તિઓ મારા સ્વરૂપથી બહાર છે. આહા..હા..! જુઓ, ભાષા કેવી લીધી છે!

પોતે મુનિરાજ કહે છે '**આમ મારો નિશ્ચય છે.**' આહા..હા..! શુભ-અશુભ રાગ આવે. આ તો મુનિ છે, પણ સમકિતમાં એ છે. વિકલ્પ આવે વિષયની વાસનાની વૃત્તિ હોય, આર્તધ્યાન આવે, રૌદ્રધ્યાન થાય. પાંચમે ગુણસ્થાને રૌદ્રધ્યાન હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ કહે છે કે મારો નિશ્ચય એ છે કે મારા સ્વરૂપની બહારની ચીજ છે ઈ. આહા..હા..! એઈ..! અરેરે! એ ૧૦૨ ગાથા (થઈ).

'**હવે, આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—**' પોતે પદ્મપ્રભમલધારિદેવ.

(मालिनी)

अथ मम परमात्मा शाश्वतः कश्चिदेकः
सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।
निरवधिनिजदिव्यज्ञानदृग्भ्यां समृद्धः
किमिह बहुविकल्पैर्मे फलं बाह्यभावैः।।१३८।।

'**શ્લોકાર્થ :- અહો! મારો પરમાત્મા...**' આહા..હા..! જુઓ તો ખરા. '**મારો પરમાત્મા...**' ધ્રુવ સ્વરૂપ એ મારો પરમાત્મા. આહા..હા..! '**અહો! મારો પરમાત્મા શાશ્વત છે,...**' મારો પરમાત્મા શાશ્વત છે. આ પરમાત્મા હોં! વીતરાગદેવ નહિ. એ તો એનામાં છે. અહીં મારો એ ભગવાન નહિ. એ મારા ભગવાન નહિ. આહા..હા..! આ તો વનવાસી સંતો નાગા બાદશાહથી આઘા. આહા..હા..! જગતની એને પરવા નથી કે અમારી વાત જગતને બેસશે કે નહિ? જગત જગતને જાણે. અમારે તો આ વિકલ્પ આવ્યો છે અને આ કથની આવે છે એ સાંભળો. આહા..હા..! બેસે ન બેસે, જગત સ્વતંત્ર છે. આહા..હા..! કહો, રસીકભાઈ! આહા..હા..! કલકત્તામાં ક્યાં છે? આ ફેરે તમારે આવ્યા હતા લાલભાઈ. પણ બે ભાગ પડી જાયને. હેઠે આ અને ઉપર આ. ખંડ-ખંડ. નહિ? કીધુંને. નીચે વાંચેને ઓલા દિગંબરવાળા. એવા ફાટાવાળા. અને કલકત્તા જેવામાં શું પાંચસો-સાતસો માણસ તો સાધારણ કહેવાયને. એમાં લાલભાઈ જેવા વાંચનમાં આવે માણસ થોડા કહેવાય. પાંચસો-છસ્સો-સાતસો માણસ માંડ (આવતા). ઉપર કર્યું હશે. આ શેઠ હતાને. અમારે મોહનલાલજી નહોતા ગયા. એ કર્તાહર્તા છેને. એ અને રતનલાલજી. રતનલાલજી કહે મોહનલાલજી છે અને મોહનલાલજી કહે રતનલાલજી છે, એમ કહે બેય જણા. રતનલાલજી કહે કે અમારા કર્તાહર્તા તો મોહનલાલજી છે. મોહનલાલજી કહે આ રતનલાલજીનો બધો હાથ છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા ચૈતન્યરત્ન. જુઓ, કહેશે. આહા..હા..! ચૈતન્યચિંતામણિ છેને? '**અહો મારો પરમાત્મા શાશ્વત છે,...**' એ મારી દૃષ્ટિએ એને જોઈને કહું છું કે આ શાશ્વત છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**મારો પરમાત્મા શાશ્વત છે, એક છે,...**' ભેદ નથી એમાં, કહે છે. પર્યાય આદિનો ભેદ નથી, એ તો એકરૂપ છે. આહા..હા..! '**સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે,...**' મારો ભગવાન સ્વભાવિક પરમ ચૈતન્ય, ઓલો તો પરમાત્મા કહ્યું, પણ હવે એનું સ્વરૂપ શું? કે પરમ આત્મા પરમસ્વરૂપ કહ્યું. '**સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે,...**' આહા..હા..! સ્વભાવિક પરમ ચૈતન્યચિંતામણિ, ચૈતન્યચિંતામણિ. જેમ ચિંતામણિ રત્ન મળે અને ધાર્યું ફળે, ઇચ્છયું ફળે એવો મારો નાથ ચૈતન્યચિંતામણિ એમાં જેટલો એકાગ્ર થાઉ એનું ફળ તરત આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સહજ...**' આ તો સાદી ભાષામાં હિન્દીમાં આવી ગયું છે અને એનું આ ગુજરાતી થયું છે. આ હિન્દીમાં આવી ગયું છે. આહા..હા..! સ્વભાવિક પરમ ચૈતન્યચિંતામણિ છે. આહા..હા..! સ્વભાવિક પરમ ચૈતન્ય, જાણક-દેખન સ્વભાવ એવો ચિંતામણિ રત્ન હું છું. આહા..હા..! ચૈતન્ય ચિંતામણિ રત્ન મારું મારી પાસે છે, કહે છે. એ હું છું. આહા..હા..! પર્યાયની પાસે છેને, એમ કહે છે. પર્યાય કહે છે કે આ હું છું ચૈતન્યચિંતામણિ રત્ન. આહા..હા..! આ તો આખા સંસારથી જુદી જાતની વાત છે, પોપટભાઈ! આહા..હા..! સ્વભાવિક '**પરમ ચૈતન્યચિંતામણિ છું,...**' સ્વભાવિક ચૈતન્યચિંતામણિ છું. કોઈ બન્યું છે નવું કે દેવને કારણે

આ ચિંતામણિ રત્ન થયું એમ નથી. એ દિવ્ય ચૈતન્યચિંતામણિ સ્વભાવિક એ હું છું. આહા..હા..!

'**સદા શુદ્ધ છે...**' મારો ભગવાન સદા ધ્રુવ શુદ્ધ છે, પવિત્રતાનો પિંડ છે. આહા..હા..! વસ્તુ-વસ્તુ ધ્રુવ. એ પર્યાય ... પર્યાય એમ જાણે છે કે આ હું શુદ્ધ છું. આહા..હા..! '**સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે.**' અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શન. પોતાનું દિવ્ય પ્રધાન એવા જ્ઞાનદર્શનથી સમૃદ્ધ ભગવાન આત્મા છે. આહા..હા..! '**અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શન...**' ભાષા જુઓ, અનંત મારા પ્રધાન દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છું. અનંત નિજ પ્રધાન જ્ઞાનદર્શનથી સમૃદ્ધ સંપદાવાળો છું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ, અબજ લ્યોને ઓલાને વળી બે અબજ અને ચાલીસ કરોડ, પણ આ તો કહે છે કે અનંત-અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી મારી સંપદા ભરેલી છે મારામાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ઓલો હતોને શાંતિલાલ ખુશાલ નહિ? ગોવા-ગોવા. બે અબજ ચાલીસ કરોડ. મરી ગયો દસ મહિના પહેલા. પાંચ મિનિટમાં હાર્ટ ફેઈલ. જાવ. પૈસાને ઠેકાણે પૈસા રહ્યા. મરી ગયા મુંબઈમાં. પછી લઈ ગયા મડદાને ત્યાં. મડદાને લઈ ગયા પછી ગોવા. ૪૦-૪૦ લાખના તો મકાન છે રહેવાના. ૧૦-૧૦ લાખના બે અને એક ૪૦ લાખનું. બે અબજ ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ. ધૂળ. પણ એ તો ૨૪૦ કરોડ અબજપતિ. લ્યોને એક બીજો છેને રાજા. જેને એક કલાકની દોઢ લાખની પેદાશ છે. પેટ્રોલ નીકળે છેને? પેટ્રોલ નીકળે છે. એક રાજા. રાજ નાનું છે પણ એને કૂવા એવા નીકળ્યા છે કે પેટ્રોલ નીકળે તો એક કલાકમાં દોઢ લાખની પેદાશ. એક દિવસની ૩૬ લાખની પેદાશ. પણ એ તો ભિખારા બધા આવા છે કહે છે.

મારી પાસે તો અનંતી લક્ષ્મી સમૃદ્ધ ચૈતન્યરત્ન પડ્યું છે. મારી સંપદા તો અહીં છે, એ મારી સંપદા નહિ, એ તો ધૂળની, પુદ્‌ગલની છે. આહા..હા..! એ પુદ્‌ગલની સંપદા મારી છે એમ માને એ મૂઢ છે. આહા..હા..! કહો, રસીકભાઈ! એનો છોકરો નથી કાંઈક થયું છેને હમણા શું? ત્યાં વિલાયતમાં ક્યાં? અમેરિકા. લોટરીમાં એક લાખ રૂપિયા આવ્યા છે. લાખ આવ્યા છે નહિ? લોટરી-લોટરી. કોણ જાણે શું કહે છે? લોટરીમાં એક લાખ આવ્યા હતા એના છોકરાને તો અહીં હજાર મોકલ્યા હતા લાખમાંથી. ખબર છે કે નહિ? પણ હજાર મોકલ્યા હતા એ ખબર છે કે નહિ?

**શ્રોતા :-** એમના પત્ની મૂકવા આવ્યા હતા એ પણ ખબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બૈરા આવ્યા હતા, દેવા આવ્યા હતા. ધૂળધાણી અને વા-પાણી છે. આહા..હા..!

અહીં તો કહે છે કે અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શન. આહા..હા..! જેનો પાર નથી એવું જ્ઞાન દર્શનની અનિત્ય શક્તિ, મર્યાદા વિનાના મારા સ્વભાવથી ભરેલી મારી સંપદા છે.

આહા..હા..!

**'આમ છે તો પછી...'** આહા..હા..! આવી જ્યારે ચીજ છે તો પછી. **'તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે?'** આહા..હા..! શુભ અને અશુભભાવ હો તો એના ફળનું મારે શું કામ છે? આહા..હા..! સમજાણું કાંઈ? આવો અન્નદાતા પડ્યો છે અંદર મોટો. આનંદનો દાતા. અન્નનો દાતા નહિ, હવે અહીં આનંદનો દાતા. અન્નદાતા કહે છેને. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનના અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી સંપદાથી ભરેલો હું છું. તો મારે હવે બીજા ભાવોથી શું કામ છે? કે આ શુભભાવ આવ્યો અને એનું ફળ આવશે સ્વર્ગ. ધૂળમાં હું છું ક્યાં? અને કોઈ અશુભભાવ આવ્યો અને એનું ફળ પાપ બંધાણું. હું એમાં છું જ નહિને! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અવલદોમની વાત છે, પોપટભાઈ! દુનિયાથી આખી જુદી જાત છે. અને અત્યારે સંપ્રદાયમાં ચાલે છે ક્રિયાકાંડનો ધર્મ એનાથી જુદી જાત છે. આહા..હા..!

આ તો જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સો ઈન્દ્રોના પૂજનિક, ગણધર અને એકાવતારી ઈન્દ્રોની સમક્ષમાં આ વાણી નીકળતી હતી. આહા..હા..! ઈન્દ્ર એકાવતારી છે. શક્રેન્દ્ર છેને. પહેલા દેવલોકના (સ્વામી). ૨૮ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ છે. એનો સ્વામી છે શક્રેન્દ્ર. એકાવતારી. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એની રાણી છે એકાવતારી. સુધર્મ દેવલોકમાં. એની રાણી એક ભવ કરનારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે બેય. આહા..હા..! એ પતી-પત્નિ વ્યાખ્યાનમાં બેઠા હોય અને ગણધર ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના જેણે અંતર્મુહૂર્તમાં કરી. આહા..હા..! એવા ગણધર બેઠા એમાં વાણી નીકળી એ વાણી કેવી હોય, બાપુ? આહા..હા..! સમજાણું કાંઈ? જિનેન્દ્રદેવની વાણી અને એની કથા અલૌકિક છે, ભાઈ! આહા..હા..!

**'આમ છે તો પછી...'** આમ છે તો પછી, એમ કહે છે. **'બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે?'** બાહ્ય ભાવોનું મારે ફળ ક્યાં આવ્યું? બાહ્ય ભાવોમાં હું ક્યાં છું? આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને એક નિયમસાર!

૧૦૩ ગાથા. આ 'वोसरे' આવ્યું હોં આમાં. ઓલા 'वोसरे' 'वोसरे' કરેને. સ્થાનકવાસી, દેરાવાસીમાં ... તો 'वोसरे' 'वोसरे' (બોલે). 'वोसरे'નો અર્થ શું કર્યો? વિસર્જામી. આહા..હા..!

जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे।
सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं।।१०३।।

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

આહા..હા..! '**ટીકા :- આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.**' આત્મગત = આત્માના સંબંધમાં રહેલા દોષો. એનાથી '**મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.**' હવે પોતે મુનિરાજ ટીકા વિસ્તારથી કરે છે. '**મને પરમ-તપોધનને,...**' આહા..હા..! હું એક પરમ-તપોધન છું, કહે છે. મારે તપરૂપી ધન છે. અતીન્દ્રિય આનંદનું વેદન એવું જે તપ એ મારો ધર્મ છે. આહા..હા..! જુઓ, આ દિગંબર મુનિ પોતાની દશાનું વર્ણન કરીને જગતને સમજાવે છે. આહા..હા..!

**શ્રોતા :-** એક સામાન્ય નાત તેને તપોધન કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તપોધન છેને અમારે ગઢડામાં છે. તપોધન છેને એક વકીલ છે. ગઢડામાં છે બધી ખબર છે. ગઢડાવાળા નથી કોઈ? ગઢડામાં છે. એક આવે છે આપણે. એક માસ્તર છે.

અહીં કહે છે '**મને પરમ-તપોધનને,...**' આટલા શબ્દો. હું પરમ તપોધન. આહા..હા..! વીતરાગી આનંદરૂપી ધન મારું છે, મુનિ એમ કહે છે. આહા..હા..! વીતરાગી પરમ આનંદ એ મારું ધન છે. એ મારું તપરૂપી ધન. આ તપ હોં! આહા..હા..! અપવાસ કરવા એ તપ નહિ. એ તો બધી બહારની વ્યવહારની વાતું છે. અતીન્દ્રિય આનંદનું વેદન અને અતીન્દ્રિય આનંદના ભોગવટાવાળું મારું તત્ત્વ તે હું મને તપોધનને. આહા..હા..! '**ભેદવિજ્ઞાની હોવા છતાં,...**' કહે છે કે હું રાગથી ભિન્ન ભેદવિજ્ઞાની છું. આહા..હા..! પણ મને હજી પૂર્વના કર્મના સંબંધથી એવા કોઈ ભાવ થાય. છેને? '**પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં...**' આહા..હા..! ચારિત્રમોહનો ઉદય હોતાં અંદર વિકાર આદિના પરિણામ થાય. આહા..હા..! છે?

'**જો કાંઈ પણ દુઃચારિત્ર હોય,...**' આહા..હા..! '**મને પરમ-તપોધનને, ભેદવિજ્ઞાની હોવા છતાં,...**' રાગ અને કર્મથી ભિન્ન છું એવું હોવા છતાં મારી પર્યાયમાં કર્મના સંગથી. આહા..હા..! ચારિત્રમોહનો ઉદય હોય. દર્શનમોહનો ઉદય તો છે નહિ. કારણ કે સમ્યગ્દર્શન છે ત્યાં. હવે ચારિત્રમોહનો ઉદય છે એટલે જરી રાગ આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ દોષ છે નિશ્ચયથી પણ હવે... આ ચરણાનુયોગને હિસાબે એને ન ગણે. શુદ્ધ ઉપયોગવાળો જીવ એને ગણે. શુદ્ધ પરિણતિ છે અને એની ભૂમિકા પ્રમાણે મંદરાગ છે તો એને એ છેદનું કારણ નથી. ત્યાં ચરણાનુયોગની શૈલી વ્યવહારની છેને.

**શ્રોતા :-** એને શુદ્ધોપયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધોપયોગમાં ગણવામાં આવે. આહા..હા..! ચરણાનુયોગ જુઓ. કહે છે કે હું '**મને પરમ-તપોધનને...**' આહા..હા..! '**ભેદવિજ્ઞાની હોવા છતાં,...**'

'રાગ અને કર્મથી જુદો છું' એવું ભાન હોવા છતાં '**પૂર્વસંચિત કર્મ...**' પૂર્વના બંધાયેલા કર્મ છે. અજ્ઞાન અને રાગ-દ્વેષ ભાવથી બંધાયેલા પડ્યા છે અંદર. આહા..હા..! એના '**ઉદયને લીધે...**' '**ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ દુઃચારિત્ર હોય,...**' જરીક રાગાદિ આવે. આહા..હા..! '**તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે તજું છું.**' આહા..હા..! સમજાણું કાંઈ? '**તો તે સર્વને...**' ખરેખર તો મુનિને તો શુભભાવ હોય છે. અશુભ તો હોતો નથી, પણ એ શુભભાવ પણ દોષવાળો છે. દોષ છેને. આહા..હા..! ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને તો અશુભભાવ પણ હોય. સમકિતી પાંચમે ગુણસ્થાને તો રૌદ્રધ્યાને હોય, વિષયના વાસનાનો ભાવ પણ એને હોય છે. છન્નું હજાર સ્ત્રી હોય. આ મુનિને તો ફક્ત ચારિત્રમોહના ઉદયના નિમિત્તે કોઈ શુભભાવ હોય છે એ દુઃચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવી વ્યાખ્યા અને આ વસ્તુ. વ્યવહારના રસિલા હોય એને આ તો શું અગમ-નિગમની વાતું લાગે. આ તો પરમસત્યની વાત આ છે. પરમ નિશ્ચય કહો કે સત્ય કહો. આહા..હા..!

'**તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી...**' અંદર સમ્યક્ પ્રકારે શુદ્ધિથી '**હું સમ્યક્ પ્રકારે તજું છું.**' સમ્યક્-સાચા પ્રકારે છોડી દઉં છું. આહા..હા..! એટલી વાત કરી પહેલી. હવે પાઠમાં એમ કે સામાયિક શબ્દ પડ્યો છે. છેને? '**सामाइयं तुं तिविहं**' ''**સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે...**' એકલું સામાયિક એમ નહિ. સામાયિક શબ્દથી ચારિત્ર કહ્યું છે '**કે જે (ચારિત્ર) સામાયિક, છેદોપસ્થાન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે...**' સામાયિક કહેતા ત્રણ પ્રકારના ચારિત્રની વ્યાખ્યા છે, એમ કહે છે. આ ટીકાકાર સ્પષ્ટ કરે છે. સામાયિક ચારિત્ર. સામાયિક આ લોકો માને એ સામાયિક નહિ હોં. આ તો આત્માના આનંદનો અનુભવ થઈને વીતરાગી દશાના આનંદનો સ્વાદ આવે, વીતરાગપણાના પરિણામ પ્રગટ થાય એને સામાયિક કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સામાયિક ભલે શબ્દ પડ્યો હોય કહે છે પાઠમાં, પણ એ સામાયિકનો અર્થ ચારિત્ર લેવો. ચારિત્રના ત્રણ પ્રકાર.

'**સામાયિક, છેદોપસ્થાન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. (હું તે ચારિત્રને નિરાકાર કરું છું.)**' નિરાકાર નામ નિર્દોષ વીતરાગપણે પરિણમું છું. આહા..હા..! '**અથવા હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું;...**' જે સમ્યગ્દર્શન-જ્ઞાન થોડું હોય એનાથી હવે ઝાઝું કરું છું અંદરમાં, સ્વભાવનો આશ્રય લઈને, એમ કહે છે. આહા..હા..! '**નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં...**' આહા..હા..! જોઈ ભાષા! જીવની પર્યાય, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ—એ નવેય તત્ત્વ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહિ. આહા..હા..!

**શ્રોતા** :- મોક્ષપદ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષ પર્યાય છેને એક સમયની? એ ક્યાં આખું દ્રવ્ય છે પોતે? એ તો વાત આવી ગઈ છે ઘણીવાર. લખી છે, ઓલામાં લખી છે .. આટલે-આટલે ઠેકાણે આવ્યું છે.

**'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં...'** આહા..હા..! ૩૮મી ગાથામાં તો કળશમાં આવ્યું છે કે સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ બધા નાશવાન છે. પર્યાયો છે એ નાશવાન છે. હું એક ત્રિકાળી આત્મા તે જ અવિનાશી છું. આહા..હા..! મોક્ષની પર્યાય પણ નાશવાન છે. કેમકે સિદ્ધની પર્યાય એક સમય રહે છે. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી. આહા..હા..! આવી વાત છે. સંવર-નિર્જરાની પર્યાય પણ નાશવાન છે. કારણ કે એક સમયની પર્યાય છે. પર્યાય છેને? સંવર-નિર્જરા-મોક્ષ અવસ્થા છેને? અવસ્થાની મુદ્દત એક સમયની હોય. આહા..હા..! તેથી તે નાશવાન છે, ત્યારે હું ત્રિકાળી ભગવાન તે અવિનાશી છું, એમ કહે છે. એ (નવ) પર્યાયના નાશવાનથી મારું સ્વરૂપ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ...'** એ ૩૮માં આવ્યુંને જીવાદિ બહિતચ્ચં. જીવાદિ બાહ્ય તત્ત્વ છે. જીવની પર્યાય, અજીવની અજીવના જ્ઞાનની પર્યાય, આસ્રવ દયા, દાનના પરિણામ, સંવરના મોક્ષમાર્ગના પરિણામ એ બધા નાશવાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૫૦મી ગાથામાં તો એને પરદ્રવ્ય કીધું છે. **'परदव्वं परसहावमिदि हेयं'** આહા..હા..!

**શ્રોતા :-** આને પણ પરદ્રવ્ય કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં પણ પરદ્રવ્ય કીધું નવ પદાર્થને.

**'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (સવિકલ્પ) છે,...'** વિકલ્પ છે એ ભેદવાળા છે. **'તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (-અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું,...'** ભેદ છે એને અભેદ કરું છું તદ્દન. નિરાકાર-નિર્વિકલ્પ કરું છું, એમ વાત છે. **'શુદ્ધ કરું છું, એમ અર્થ છે.'** બીજી રીતે એક વાત છે. એ આવશે કાલે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ-૧૨, ગુરુવાર, તા. ૧૬-૧૦-૧૯૭૫
## ગાથા-૧૦૩, પ્રવચન નં. ૬૪

૧૦૩ ગાથા ફરીને ઓલા નવ પદાર્થથી લઈએ. જરીક પહેલું પકડાઈ કાંઈક પછી. આ તો કોઈ દિ' ચોપડા જોયા નથી. બહુ ઝીણી વાત છે આ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આજ કરવાનું છે, બાકી ધૂળપાણી મફતના વા-પાણી છે બધા.

નિયમસાર છે. જુઓ, એની છેલ્લી ગાથા છે એમાં એમ આવ્યું છે. મારી ભાવના માટે (આ નિયમસાર બનાવ્યું છે). '**णियभावणाणिमित्तं**'. ... પરદ્રવ્ય કીધા છે. નવે પર્યાયો છે. જીવની પર્યાય એ જીવ, અજીવનું જાણપણું પર્યાય જ્ઞાન એ અજીવ, પુણ્ય-પાપના પરિણામ એ આસ્રવ. એ બે થઈને આસ્રવ અને એ રોકાણો છે એ બંધ. સ્વભાવને આશ્રયે ધર્મની દશા થાય એ સંવર શુદ્ધિ, નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ શુદ્ધિની પૂર્ણતા. એ આઠેય પદાર્થ છે (એ પરદ્રવ્ય છે). આહા..હા..!

**શ્રોતા :–** મોક્ષ પણ પરદ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ પર્યાય છેને. વાત એ જરી છે, ભાઈ! આ તમારે માટે ફરીને લીધું. આ તો આવી ગયું હતું કાલે. ઓલું જરી ઝીણું તો થોડું અહીંથી લઈને... આહા..હા..! મોક્ષ પણ એક સમયની પર્યાય છેને, ભાઈ! એક સમયની પર્યાય છે, અવસ્થા છે અને ત્રિકાળી દ્રવ્ય છે એ એનાથી ભિન્ન છે.

**શ્રોતા :–** ... એક સમયની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ તો એટલું તો સમજેને જરી. એમ કે ત્રિકાળી છું અને એક સમયની પર્યાય છું, એમ કહે છે ભાઈ.

એક સમયની જે અવસ્થા છે દશા. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આ વ્યાખ્યા તત્ત્વાર્થસૂત્રની. જે પર્યાયમાં નવી અવસ્થા ઉપજે, જૂની અવસ્થા જાય અને ધ્રુવપણે કાયમ રહે. એ ત્રણમાં જે ઉત્પાદની પર્યાય છે એ બધા નવ પદાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! જીવની એક સમયની પર્યાય એને વ્યવહારજીવ, અજીવનું જ્ઞાન કરે, એ અજીવરૂપ થતો નથી, પણ એ અજીવનું જ્ઞાન કરે એ પર્યાયને અજીવ કહીએ. એમ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધી (પર્યાય છે). આસ્રવ, પુણ્ય, પાપ, બંધ એ મલિન પર્યાય, સંવર, નિર્જરા, મોક્ષ એ નિર્મળ પર્યાય, પણ છે અવસ્થા, હાલત, દશા. આહા..હા..!

એ '**નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં...**' એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય તો એનાથી ભિન્ન છે એમ

કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! ... હતો કે નહિ? નવ પદાર્થ થયાને? નવ વસ્તુ છેને પર્યાય એ? એક સમયની અવસ્થા એ બધી. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધી અવસ્થાઓ છે, પર્યાયો છે, પલટતી દશા છે, એને પરદ્રવ્ય કહ્યું. ત્યારે એની જે '**શ્રદ્ધા-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર છે,...**' એ સવિકલ્પ શ્રદ્ધા છે. સવિકલ્પ એટલે રાગવાળી, ત્રણ રત્નત્રયની શ્રદ્ધા રાગવાળી શ્રદ્ધા છે. આહા..હા..! '**તેને નિજસ્વરૂપનાં...**' નવ જે પર્યાયો છે... આ તો બાપા વીતરાગમાર્ગ છે. આ તે કાંઈ એમ ને એમ સમજાઈ જાય સાધારણ તો અનંતકાળ ગયો એનો. સમજાણું કાંઈ? અહીં તો પરદ્રવ્ય જે જગતના છે આત્મા સિવાય એ તો ક્યાંય દૂર રહી ગયા. આ બાયડી, છોકરા, વેપાર, ધંધો એ તો પરદ્રવ્ય દૂર રહી ગયા. એની સાથે સંબંધ નહિ, એમ કહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહ્યુંને. એ કહે છેને. એ પર્યાય પરદ્રવ્ય કેમ (કહ્યું)? કે પર્યાયમાંથી પર્યાય નવી નથી આવતી અને જેમાંથી નવી પર્યાય આવે છે એ સ્વદ્રવ્ય છે. મોક્ષની પર્યાય પણ દ્રવ્યમાંથી આવે છે, પર્યાયમાંથી પર્યાય નથી આવતી. એ અપેક્ષાએ નવેયને પરદ્રવ્ય કહ્યું. આહા..હા..! એ નિયમસારમાં ૫૦માં આવી ગયું. ૫૦મી ગાથામાં, ૩૮મી ગાથામાં, ૫૦માં બે ઠેકાણે આવ્યું છે. ૩૮માં એ આવ્યું છે. ત્યાં કલકત્તા ૩૮ વંચાઈ ગઈ છે. ૩૮. છે? જુઓ, એ કાઢીને બતાવોને હવે. આ કે દિ' જોશે આવું? નીચે છે, શ્લોકાર્થ છેને. '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' આ જીવ પર્યાય હોં. અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર એ છ તત્ત્વ એમાં એક સાર છે. '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' એ બધી પર્યાયો એક સમયની સ્થિતિની નાશ પામવાયોગ્ય છે. કારણ કે બે સમય રહેતી નથી, કાયમ રહેતી નથી. આહા..હા..! ભાઈ! માર્ગ વીતરાગનો, જિનેન્દ્રનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકોને સાંભળવા મળ્યો નથી. વાડામાં પડ્યા, ઓલા કહે અમે સ્થાનકવાસી, અમે દેરાવાસી, અમે દિગંબર. પણ શું ચીજ છે? આહા..હા..!

કહે છે કે '**સર્વ તત્ત્વોમાં...**' નામ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ સર્વ તત્ત્વોમાં એક સાર દ્રવ્ય છે પોતાનું. ત્રિકાળી દ્રવ્ય તે સર્વ તત્ત્વમાં સાર છે. આહા..હા..! જોયું! '**સર્વ તત્ત્વોમાં એક સાર છે,...**' માથે પણ કહી ગયા છે. '**કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' ધ્રુવ સ્વરૂપ જે નિત્યાનંદ પ્રભુ સહજાનંદના સ્વભાવનું મૂર્ત પ્રભુ એવો જે કારણપરમાત્મા વસ્તુ '**તે ખરેખર આત્મા છે.**' પર્યાય નહિ. સમજાય છે કાંઈ? આ તો બાપા! માર્ગ કોઈ (અલૌકિક છે). એણે કોઈ દિ' ધ્યાન જ આપ્યા નથી, કોઈ દિ' લક્ષ કર્યા નથી, કોઈ દિ' આચરણ કર્યા નથી સ્વના. બધા રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ કરી કરીને મરી ગયો અનંતવાર. સમજાણું કાંઈ? પણ એ સ્વદ્રવ્ય શું ચીજ છે? જે ત્રિકાળી કારણ ભગવાન, ત્રિકાળ રહેનાર જે શુદ્ધ ચૈતન્યઘન જેમાં સર્વ

તત્ત્વોની પર્યાયોમાં એક સાર એ છે. અને નાશ પામવાયોગ્ય પર્યાયમાં... છે?

**'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** એ પર્યાયોથી દ્રવ્ય છે એ દૂર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ શું? એ અમારે ઓલા ઘાટકોપર તમારે ચાલ્યું હતું. એય..! મણિભાઈ! ખબર છે? ઓલા ભાઈ કોણ નહિ? ભૂપત નહિ? ભૂપતભાઈ નહિ, બીજો કોક હતું. એકને પૂછ્યું હશે કે પર્યાય દૂર કેટલી દ્રવ્યથી? કે લોક અને અલોક જેટલી. ખબર છે? ચંદુભાઈ! વાત થઈ હતી અંદર. અહીં દૂર છે કીધું છેને. એમ નહિ. અહીંયાં કહે છે કે સાંભળો! જેમ શક્કરકંદ કીધુંને શક્કરકંદ? એની જે ઉપલી છાલ છેને એ છાલથી અંદરનો કસ જે તત્ત્વ છે એ તદ્દન દૂર છે, એકમેક નથી. એમ દ્રવ્યની ઉપરની જે પર્યાયો છે ચાહે તો મોક્ષની હોય, સંવરની હોય, નિર્જરાની હોય, મોક્ષમાર્ગની હોય એ પર્યાયથી દ્રવ્ય છે તે ભિન્ન દૂર છે. પર્યાયમાં વસ્તુ આવી નથી ગઈ. આહા..હા..! ભારે આકરું કામ! સમજાણું કાંઈ? મોહનલાલજી!

એક સમયનો ત્રિકાળી ધ્રુવ અને એક સમયની એક પર્યાય. એ પર્યાયોના ભેદ. જીવની એક સમયની પર્યાય. અજીવ, આસ્રવ, પુણ્ય, પાપ અને એક સમયની પર્યાય આસ્રવની બે થઈને એક. બંધ ત્યાં રોકાયેલો એક સમયની પર્યાય. સંવર શુદ્ધતા, વસ્તુ જે ત્રિકાળ છે એને અવલંબે થયેલી શુદ્ધ પર્યાય જે સંવર, નિર્જરા, મોક્ષનું કારણ એવી જે સંવર-નિર્જરાની પર્યાય અને મોક્ષ પર્યાય એ બધી પર્યાયો એક સમયની અવસ્થાવાળી છે. માટે તે બધા તત્ત્વમાં સાર એક ધ્રુવતત્ત્વ તે સાર છે. આહા..હા..! અમરચંદભાઈ! શું થાય ભાઈ! જ્યાં ત્રણ કાળનું સત્ત્વ રહ્યું છે ત્યાં નજર કરાવવી છે. પર્યાયદૃષ્ટિ છોડાવી અને દ્રવ્ય ઉપર લઈ જવું છે. જોકે દ્રવ્યદૃષ્ટિવાળાને જ સંવર, નિર્જરા અને મોક્ષ હોય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુનો જેને આશ્રય છે એને જ સંવર, નિર્જરા, મોક્ષ હોય છે. પણ એને એમ કહે છે કે એ સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયથી દ્રવ્ય જે ભિન્ન છે એ એક સમયની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ આવતું નથી. એમ ત્રિકાળી આ જે પર્યાયો છે તે એક દ્રવ્યમાં ભેળસેળ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આવો જે ભગવાન આત્મા આહા..હા..! તે નાશ પામવાયોગ્ય ભાવ. સંવરની એક સમયની પર્યાય પણ બીજે સમયે રહે નહિ માટે નાશ પામવાયોગ્ય. સિદ્ધની પર્યાય કેવળજ્ઞાન અને કેવળદર્શનની પણ એક સમય રહે. બીજે સમયે નાશ થઈને બીજે સમયે નવી થાય. આહા..હા..! આત્મા સિવાય બાહ્ય પદાર્થો એ તો દૂર નાશવાન છે એની પર્યાયો. એની અહીં તો વાત લીધી નથી. ફક્ત ભગવાન આત્મામાં બે પ્રકાર. એક પર્યાયનો અંશ અને એક દ્રવ્યનો ધ્રુવ અંશ. એ પર્યાયનો અંશ છે એ પલટતો, નાશવાન છે. બે સમય રહેતો નથી, એક જ સમય રહે છે. કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમય રહે. બીજે સમયે બીજી થાય. થાય એવી, પણ થાય બીજી. આહા..હા..! મૂળ તત્ત્વની વસ્તુ આખી એવી ગુમ થઈ ગઈ કે ઉપરની

પ્રવૃત્તિ આ કરું ને આ કરું એમાં ધર્મ મનાવી દીધો.

**શ્રોતા :-** એ તો મુક્ત ભાવના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેની મુક્ત ભાવના કરે? ક્યાં હતું ત્યાં? રાગની પર્યાય છે એ તો વિકારી. આ કરું ને આ કરું, મંદિર કરું ને ફલાણું એ બધી રાગની પર્યાય છે, ધર્મની નહિ. આહા..હા..!

**શ્રોતા :-** હેતુ તો મોક્ષનો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; ધૂળેય હેતુ નથી. હેતુ રાગનો છે ત્યાં. હજી દ્રવ્ય શું છે એની તો દૃષ્ટિ નથી.

**શ્રોતા :-** પરંપરા મોક્ષ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય પરંપરા મોક્ષ નથી. રાગમાં પરંપરા બંધ છે, અંદર છે. બાર ભાવના છેને કુંદકુંદાચાર્યની. એમાં એમ લખ્યું છે. રાગનો ભાવ શુભ પણ અનર્થનું કારણ છે. પોતાના સ્વભાવનું પ્રયોજન (સિદ્ધ નથી કરતો). એ હો, પણ એ પ્રયોજન સિદ્ધ નથી કરતું. અરે! અહીં તો એથી આગળ જઈને વસ્તુ જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય જેને પરમ કારણપરમાત્મા કહો, મૂળ આત્મા કહો, નિશ્ચય આત્મા કહો, ખરો આત્મા જે ધ્રુવ છે એને કહો. એ અપેક્ષાએ તો જેટલી પર્યાયો છે એ બધી નાશવાન છે અને એ પર્યાયથી દ્રવ્ય છે તે દૂર છે. પર્યાય ઉપર-ઉપર રહે છે, દ્રવ્યમાં પેસતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત હવે. આ ક્યાં નવરા? એમાં ધંધા પાણી આડે નવરા ન હોય. એમાં કલાક સાંભળવા આવે એમાં જે માથે બેઠો હોય એ કહે જય નારાયણ.

અરે.. ભાઈ! આ તો વીતરાગ પરમેશ્વરનો જન્મ-મરણરહિત થવાનો માર્ગ છે, ભાઈ! જન્મ-મરણ મળવા શુભભાવથી એ તો બધું દુઃખ અને સંસાર છે. દેવગતિ પણ મળે તો એ દુઃખ છે. આ પૈસાવાળા કરોડો-અબજોપતિ એ દુઃખી છે બિચારા ભિખારી છે. માગે છે કે આ દ્યો... આ દ્યો... માગે છે એમ માગણ છે એ બધા. ભભૂતમલજી! માગણ એ સમકિતી નથી. એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ છે માટે ત્યાંથી એની ભાવના પર્યાય પ્રગટ કરે છે, બહારથી માનતો નથી. આહા..હા..! ભારે આ તો. એક વાત.

બે વાત આવી, ત્રણ આવી. એક તો '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' ધ્રુવ. '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' એ બધી પર્યાયો એક સમયથી દ્રવ્ય છે એ દૂર છે. બે. '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' ત્રણ. એટલે? કામની વૃત્તિ જેની વસ્તુમાં નથી. વસ્તુમાં કામની વૃત્તિ જ નથી અને એ વસ્તુ જે છે એનો આશ્રય લેતા કામની વૃત્તિનો નાશ થાય છે. આહા..હા..! આવું ભારે, ભાઈ! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ એક સમયમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેણે ત્રણકાળ, ત્રણ લોક જોયા, જેના ઈન્દ્રો તળિયા ચાટે. આહા..હા..! અસંખ્ય દેવના સ્વામી ઈન્દ્ર એ પણ જેની

સભામાં કુતરીના બચ્ચા ગલુડિયાની જેમ બેસે આમ. અસંખ્ય દેવના સ્વામી એકાવતારી હોય શક્રેન્દ્ર. શક્રેન્દ્ર જે ૩૨ લાખ વિમાનનો સુધર્મનો દેવ છે. એ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે. એની રાણી પણ મનુષ્ય થઈને મોક્ષ જવાની છે. બેય પતી-પત્ની. એવો શાસ્ત્રમાં પાઠ છે. એ દેવ અને ઈન્દ્રાણી જ્યારે સાંભળવા બેસે ત્યારે એ વાત કેવી હશે, ભાઈ! જેને એક ભવે મોક્ષ જવું નક્કી થઈ ગયેલું છે. સિદ્ધાંતે કહ્યું, કેવળીઓએ કહ્યું કે આ બે જીવો (એકાવતારી છે).

સુધર્મ દેવલોક છે માથે. એમાં ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ છે. કોક થોડા વિમાનમાં સંખ્યાતા છે, પણ ઘણામાં અસંખ્ય દેવ (છે) એવા ૩૨ લાખ વિમાન. એનો એ ધણી-સ્વામી. પણ એ માને છે કે હું આનો સ્વામી નહિ. સમજાણું કાંઈ? એને જે પુણ્યના ભાવ આવે ભગવાનના વંદન કરવાના એ પણ ભાવ મારો નહિ. આહા..હા..! હું એનો સ્વામી નહિ. હું તો ચિદાનંદ આત્મા શુદ્ધ ચૈતન્યઘન. એના ગુણો શુદ્ધ અને એની નિર્મળ પર્યાય વીતરાગી એ મારું સ્વ અને હું એનો સ્વામી છું. આહા..હા..!

કહે છે, '**દુર્વાર કામ...**' આહા..હા..! કામની વાસના નાશ થવી દુર્વાર છે. ઘણો પુરુષાર્થ છે. એવા જે કામને જેણે નષ્ટ કર્યો છે એટલે? ધ્રુવમાં એ ચીજ જ નથી. કામની વાસનાની ઉત્પત્તિ થવી એ ધ્રુવમાં નથી અને એ ધ્રુવનો આશ્રય લે તેને કામની વાસનાનો નાશ થયા વિના રહેતો નથી. આહા..હા..!

'**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' કુહાડો કહે છેને. ઝાડને મૂળમાંથી કાપી નાખે. એ પાપ એટલે પુણ્ય અને પાપ બેય. પાપનો અર્થ અહીં પુણ્ય અને પાપ બેય. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પુણ્ય એ પણ પાપ. 'પાપ પાપ કો સહુ કહે, પણ અનુભવી જન પુણ્યકો ભી પાપ કહે.' આવી વાત છે. આનંદનો નાથ પ્રભુ પોતામાંથી ખસી જઈને જે શુભભાવ થાય એ આનંદથી ખસ્યો, પતીત થઈ ગયો એ. તેથી એને પાપ કહેવામાં આવે છે. આહા..હા..! આકરો માર્ગ, ભાઈ! એ '**પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' એનો અર્થ? કે પાપરૂપી ભાવ એનામાં છે જ નહિ અને જે વસ્તુ છે એનો જે આશ્રય લે છે એનો પાપરૂપી ભાવ વૃક્ષનો નાશ થઈ જાય છે.

'**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' કેવો છે પ્રભુ? શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે એ. એનો અવતાર જ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ જ્ઞાનનો એ સાગર છે. આહા..હા..! '**જે સુખસાગરનું પૂર છે...**' જે આનંદ, અતીન્દ્રિય આનંદના સુખના સાગરનું તો પૂર વહે છે. આહા..હા..! એ આત્મા છે. સમજાણું કાંઈ? આ દુનિયાના સુખ કલ્પના અજ્ઞાનથી પૈસામાં સુખ છે અને બાયડીમાં સુખ છે અને હજીરા હજીરા એટલે મકાન એમાં સુખ છે. એ તો બધા ઈન્દ્રિયના સુખ નાશવાન દુઃખ છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદના સુખનો સાગર પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે!

એને કોણ તત્ત્વ આત્મા છે એની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ ન બને). સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' અવતાર એટલે પોતાનું એનો જન્મ એટલે અસ્તિ છે એ શુદ્ધ જ્ઞાનની જ એની અસ્તિ છે. શુદ્ધ જ્ઞાનનું જ જેનું હોવાપણું છે. આહા..હા..! શુદ્ધ જ્ઞાનનથી જ એ અવતર્યો છે. એટલે? કે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ એ છે. આહા..હા..! આ ધ્રુવ શુદ્ધ હોં! ધ્રુવની વાત છે.

**શ્રોતા :-** અવતાર તો જન્મે એટલે થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અવતાર જન્મ્યો એટલે છે એનો અર્થ. એનો શુદ્ધ જ્ઞાનનો અવતાર જ છે એ ત્રિકાળ. આહા..હા..! એની આત્માની વાત સર્વજ્ઞે કીધી છે એ એણે સાંભળી નથી, માની નથી. અન્ય તો બધા ઘણા આત્મા-આત્મા કરે, પણ જિનેન્દ્રદેવ, સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન એણે જે આત્મા કહ્યો એ આત્મા લોકોને અનંતકાળમાં બેઠો નથી. એય..! આત્મા-આત્મા તો હવે બધા ઘણા કરે છે. આહા..હા..!

અહીં કહે છે કે '**જે સુખસાગરનું પૂર છે...**' જેમ પાણીનું પૂર ચાલ્યું આવેને. પાણીનું પૂર. ઘોડાપૂર કહે છે. સાંભળ્યું છે? અમારે તો ત્યાં નાની ઉંમરના છોકરા હતાને અમારે ઉમરાળે. મોટી નદી કાળુભાર. ઉમરાળા છેને અહીંથી તેર માઈલ. કાળુભાર નદી બહુ મોટી નદી જબરી. ૨૦-૨૦ ગાઉથી પાણી આવે. કરિયાણા-કરિયાણા છે ઓલી કોર બાબરાની ઓલીકોર. ત્યાંથી પાણી આવે. ત્યાં વરસાદ. અહીં વરસાદનો કાંઈ છાંટો પણ ન હોય. ત્યાંથી પાણી આવે અને છોકરાઓ નદીમાં રમતા હોઈએ અમે. અહીં પાણીનું ટીપું પણ ન હોય, વરસાદ પણ ન હોય. જોડે આવે પૂર આવે આમ ઘોડાપૂર. ઘોડાપૂર એટલે બધું પાણી ભેગું થઈ થઈને આમ ઉંચુ આટલું થઈને આવે. વરસાદનું, નદીનું, નાળાનું. ઘોડો ઉંચો હોયને? એટલું પાણીનું પૂર ચાલ્યું આવે છેકથી. છોકરાઓ અહીં જોવે નહિ. બીજાઓ રાડું પાડે એય..! છોકરાઓ બહાર નીકળી જાવ. શું છે? ઘોડાપૂર આવે છે. પણ ક્યાં છે? અહીં તો કાંઈ નથી. એ ચાલ્યું આવે. હમણા એક મિનિટમાં અહીં આવશે. ઘોડા જેટલી ઉંચાઈ. કારણ કે વરસાદનું પાણી, ગામનું પાણી, નહેરાનું પાણી, નદીનું બધું ભેગું થઈને એકદમ આમ (પુર આવે). એમ આ આત્મામાં આનંદનું ઘોડાપૂર છે. એય..!

'**સુખસાગરનું પૂર છે...**' ચૈતન્યના નૂર છે અને સુખસાગરનું પૂર છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યનું નૂર સૂર્ય છે. ચૈતન્યસૂર્ય ભગવાન છે. આનંદનું પૂર છે. આહા..હા..! અરે! આ આત્મા આવો છે, ભાઈ! તને ખબર નથી. '**અને જે ક્લેશોદધિનો કિનારો છે,...**' ક્લેશનો સંસારરૂપી દુઃખ-ક્લેશ એવો દરિયો એનો તો કિનારો છે. એમાં એ ક્લેશ-બ્લેશ છે નહિ. આહા..હા..! '**તે સમયસાર જયવંત વર્તે છે.**' જુઓ, મુનિરાજ કહે છે

આવો આત્મા જયવંત વર્તે છે. એટલે? એવો આત્મા અમારી દૃષ્ટિમાં આવ્યો છે, આવો આત્માનો અમે સ્વીકાર સમ્યગ્દર્શનમાં કર્યો છે. એટલે અમારે માટે જયવંત વર્તે છે આવા આત્મા ધ્રુવ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આપણે આવી ગયું હતુંને આમાં? મારે માટે શાશ્વત રહીને, નહિ? માથે આવી ગયું છે. ૧૦૨ ગાથામાં. ૧૦૨. આ ૧૦૮ થઈ. ઓલી ૩૮ થઈ. અને આપણે આ ૪૯ છેને બીજી. ૫૦. છેને? ગાથા છે. જુઓ, એનો અન્વયાર્થ, **'પૂર્વોક્ત સર્વ ભાવો...'** છે અન્વયાર્થ? સર્વ ભાવ એટલે કે ક્ષાયિકભાવ, ઉપશમભાવ, મોક્ષભાવ. **'સર્વ ભાવો પરસ્વભાવો છે,...'** કેવળજ્ઞાનની પર્યાય પરસ્વભાવ છે. આહા..હા..!

એ **'પરદ્રવ્ય છે,...'** સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય એ બધી પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યની ત્રિકાળી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેથી હેય છે;...'** આહા..હા..! એ મોક્ષની પર્યાય, સંવરની પર્યાય, ક્ષાયિકભાવની પર્યાય સમકિતીને માટે હેય છે. વસ્તુ ત્રિકાળી છે તે ઉપાદેય છે. આહા..હા..! ટીકામાં એમ લીધું છે કે એ હેય છે. **'શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી તે પરદ્રવ્ય છે.'** એમ લીધું. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવનો પિંડ દળ જે છે, વસ્તુનું દળ આખું એ, જેમ શક્કરકંદની ઉપલી છાલ કાઢી નાખવા જેવી છે, ખાવા માટે તો ઓલી ચીજ આખી પડી છે એ ખવાય છે, એમ ઉપરની પર્યાયોનો ભાગ બધો હેય છે. કેમકે એ પરસ્વભાવ છે, તેથી તે પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! છે?

**'અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—આત્મા—ઉપાદેય છે.'** ત્રિકાળી અંતઃતત્ત્વ જે (છે તે ઉપાદેય છે). આ પર્યાયો બધી બાહ્યતત્ત્વ છે. આહા..હા..! શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો બાહ્યતત્ત્વ છે એ તો દૂર રહી ગયા, પણ એની પર્યાયો જે થાય એ પણ બાહ્યતત્ત્વ છે, વસ્તુ તે અંતઃતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે થયા.

આપણે આ ૧૦૩ ચાલે છેને? એમાં ૧૦૨ જુઓ, ૧૦૨. એની સામે છે. આપણે ૧૦૩ ચાલે છેને? એની સામે છે આ બાજુ પાને ત્રીજી લીટી. **'તે જ (કારણપરમાત્મા)...'** એ ધ્રુવસ્વરૂપ ભગવાન કારણપરમાત્મા. આહા..હા..! **'સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...'** છે. એ દયા ને દાન ને વિકલ્પ ને ભક્તિ ને કામ ને ક્રોધ વિકલ્પથી ભિન્ન ચીજ છે ઈ. એ ક્રિયાકાંડના આડંબર છે બધા. એય..! જુઓ, આણે આઠ લાખ નાખ્યા અને ઓલાએ ચાર લાખ નાખ્યા. કેવા કહેવાય? જુગરાજજી. એ બધો વિકલ્પ છે.

**શ્રોતા :-** એ પરંપરા કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય પરંપરા નથી. લસણ ખાઈને એનો પરંપરા કસ્તુરીનો ડકાર આવતો હશે? આ ઢોકળા નથી કરતા ઢોકળા? ઢોકળા કહેને. ઉપર લસણનો મસાલો પાથરેને લસણનો. ઢોકળા નહિ? તમારે શું કહે છે? આ ચોખાના, મગની દાળના ઢોકળા કરે. થાળીમાં

મૂકે. પછી ઉપર લસણનો મસાલો થોડો નાખે આમ. પછી ઘીમાં બોળીને ખાય, કોઈ તેલમાં બોળીને ખાય. પછી એનો ઓડકાર આવતો હશે કસ્તુરી જેવો? લસણનો આવે ઓડકાર. એમ પુણ્ય અને પાપના ફળમાં તો ઓડકાર આવે મલિનનો. આહા..હા..! આવી ચીજ છે. આકુળતાનો (ઓડકાર) આવે. ભારે કામ, બાપુ!

વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવ એ કોણ છે? એ શું છે? આહા..હા..! જેની એક સમયની પર્યાય દ્રવ્યને પૂર્ણ આશ્રય કરીને પ્રગટેલી. આહા..હા..! આવો જે ત્રણલોકનો નાથ ભગવાન આત્મા જે સાર તત્ત્વ તેને અવલંબે જે પર્યાય કેવળની પ્રગટી એ શું ચીજ છે એ તે? એ પણ કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે. કારણ કે એક સમય રહેનારી છે. અવિનાશી ભગવાન ધ્રુવ તે આત્મા અવિનાશી છે. આહા..હા..! એનો આશ્રય લેવાલાયક છે અને એ દૃષ્ટિ કરવાલાયક છે. આહા..હા..! એવું છે.

અહીં તો આપણે કહેવું છે આમાં કે એવા કોલાહલથી રહિત સહજજ્ઞાન, **'સહજશુદ્ધ-જ્ઞાનચેતના...'** સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતના ત્રિકાળ. જ્ઞાનચેતના અને સહજ **'અતીન્દ્રિયપણે ભોગવતો...'** એ આત્મા જ્ઞાનચેતનાને ત્રિકાળી અતીન્દ્રિયપણે ભોગવતો એટલે એ પ્રમાણે રહેતો. આહા..હા..! ત્રિકાળ હોં આ. એવા **'ભોગવતો થકો શાશ્વત રહીને...'** મારો નાથ શાશ્વત છે, કહે છે. આહા..હા..! શુદ્ધ ચેતના અતીન્દ્રિયપણે એનો આનંદ, એનો ભોગવટો નામ અતીન્દ્રિયપણે જ છે એ. આહા..હા..! એવો **'શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** આ એમ કહે છે. આહા..હા..! વાણી તો જુઓ એક.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભવ છે જ ને ત્રિકાળીનો. છે જ. એને ભોગવટો એટલે પર્યાયની અહીં વાત નથી. ત્રિકાળ અનુભવ અનુભૂતિસ્વરૂપ જ છે એ. ત્રિકાળ આનંદસ્વરૂપ જ છે. વેદવું નથી એમાં, પણ વેદવાના સ્વરૂપે ત્રિકાળ છે. અનુભૂતિ કીધીને. ત્રિકાળ અનુભૂતિ. અનુભૂતિ ન કીધી? સ્ત્રીને કહેને દીક્ષા લેતી વખતે. ન આવ્યું? આપણે આવ્યું. હે સ્ત્રી! મારી જ્ઞાનજ્યોતિ મને પ્રગટ થઈ છે, મારો નાથ મને હાથ આવ્યો છે અંદરથી. ચૈતન્યની જ્યોત ચૈતન્યસૂર્ય મને જાગ્યો છે, ઉઠ્યો છે જ્ઞાનજ્યોતિ એવી સ્ત્રી. આ શરીરને રમાડનારી તું છો, આત્માને નહિ. તું છોડ મને હવે, રજા દે. હું એક અનાદિ અનુભૂતિ મારો સ્વભાવ એની પાસે જાઉં છું. આ સ્ત્રી નહિ પણ અનુભૂતિનો સ્વભાવ મારો ત્રિકાળ એના સમીપમાં હું જાઉં છું. આહા..હા..! આ તો સમજાય એવું છે હોં, ભભુતમલજી! અમુક ભાષા બહુ સાદી છે. તમારે ભલે સાંભળવામાં ન આવી હોય. સોળ દિ'માં આવું ઝીણું કરવા જઈએ તો ઓલા (સમજે નહિ). ત્યારે અમુક શૈલી આવે નહિ. આવી શૈલી કરવા જઈએ તો.. વાત કહેવી પણ એના દાખલા, દલીલ હોય ત્યારે માંડ માંડ ગ્રાહ્ય થાય. આ વાત જ અત્યારે ગુમ થઈ ગયેલી છે ત્રણેય સંપ્રદાયમાં. અરેરે! સ્થાનકવાસી અને દેરાવાસી જે શ્વેતાંબર

છે એમાં તો આ વાત છે જ નહિ. એના શાસ્ત્રમાં પણ નથી, એના ગુરુમાં પણ નથી અને એના દેવ માનેલા એમાં પણ નથી. આહા..હા..!

આ તો દિગંબર જે અનાદિ સનાતન જૈન વીતરાગમાર્ગ એમાં પણ અત્યારે વાડામાં બધી ઘૂંચ થઈ ગઈ છે ઘૂંચ. આહા..હા..! શાસ્ત્રમાં છે, પણ એ ઉકેલતા આવડે છે ક્યાં? અત્યારે જુઓને આ બધા નહોતો આવ્યો પરમ દિ' એક? આ બધો બાહ્યત્યાગ, વૈભવનો ત્યાગ કરે એ સાધુ છે. કીધું, એવો ત્યાગ તો અનંતવાર કર્યો નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. પણ મિથ્યાત્વનો ત્યાગ કર્યો નથી તો એમ ને એમ રહ્યો અનાદિથી. છતાં પછી કાલે આવ્યો હતો બિચારો હોં. કાલને? પરમ દિ'? કાલે સાંજે. પરમ દિ', પરમ દિ'. એક દિ' પહેલા, સાચી વાત છે. આવ્યો હતો, પછી નરમ પડી ગયો જરી. ભાઈ! તમે સાંભળો ત્યારે. તમને એમ ને એમ.. દુનિયામાં શું ચાલે એ અમને ખબર નથી? આહા..હા..!

**શ્રોતા** :-

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, એ તો બિચારા પછી તો મોળા પડી ગયા. વ્યાખ્યાન પા કલાક સાંભળ્યું. મોઢું દેખ્યું કહે આ તો પુણ્યશાળી પ્રાણી લાગે છે, એમ બોલ્યા. આ કાંઈ સાધારણ પ્રાણી નથી એમ લાગ્યું એને. આ બધું દેખે તો ઓહો..હો..! બહારથી જોનારને તો (લાગે). આ ૨૬ લાખનું મકાન, શરીર જોવે તો ૮૬ વર્ષ. વળી રૂપ લાગે રૂપાળું, વળી ૮૬ વર્ષની ભાષા પણ કાંઈ મોળી ઢીલી નહિ. એટલે એને એમ કે આ કેવું! જુવાન ભાષા બોલતા હોય એવી ભાષા નીકળે અને એમ કહે આમાં ૪૦ વર્ષ ક્યાં છે? ભાઈ! એ તો બહારની ચીજ છે, બાપુ! એ કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો સંવર અને નિર્જરાની પર્યાય પણ આત્મા નહિ. કારણ કે એક સમયની પર્યાય છે. સમજાણું? અહીં કહે છે કે મારો શાશ્વત રહીને... શાશ્વત વસ્તુ મારા માટે ઉપાદેયપણે રહી છે. આહા..હા..! એટલે શું કહે છે એ? મેં એ ત્રિકાળી ધ્રુવને ઉપાદેયપણે ગ્રહીને મેં દૃષ્ટિ પ્રગટ કરી છે. આહા..હા..! દિગંબર શાસ્ત્રોની મુનિઓની ટીકા તો જુઓ, વાચ્યનો પડકાર બહારથી બોલે છે. એવો જે ભગવાન આ પૂર્ણાનંદ શાશ્વત ચીજ શુદ્ધ ચેતના અને અતીન્દ્રિયનો અનુભવસ્વરૂપ આખો આત્મા એ મારે માટે શાશ્વત છે. અને એ શાશ્વત રહીને મારે માટે ઉપાદેયપણે રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બીજા માટે ઈ જાણે, પણ મેં તો એને ઉપાદેયપણે ગ્રહ્યો અને મારે માટે ઉપાદેયપણે રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**મારા માટે ઉપાદેયપણે રહે છે;...**' આહા..હા..! બાકી '**જે શુભાશુભકર્મના સંયોગથી ઉત્પન્ન થતા...**' પુણ્ય-પાપના ભાવ વિકલ્પ આદિ '**બાહ્ય-અભ્યંતર પરિગ્રહો,...**' પૈસા, ધૂળ, ઈન્દ્ર, પુણ્ય-પાપના ભાવ '**તે બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.**' મારા સ્વરૂપથી એ બધા બાહ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એ વાત ક્યાં છે? બાપુ! આહા..હા..!

એ અંતરના ઘરની ચીજની... આહા..હા..! ભાનસહિતની વાણી ક્યાં છે? કહે છે. સમજાણું કાંઈ?

લ્યો, એવું એટલું કહીને અહીં નાખ્યું આપણે કે '**નવ પદાર્થરૂપ...**' હવે ચાલતી ત્રીજી. આ બધા આધાર આપ્યા એના. આહા..હા..! '**પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન...**' આહા..હા..! સંવર અને નિર્જરા અને મોક્ષની પર્યાય પણ નવ પદાર્થમાં એ પરદ્રવ્ય છે. ત્રિકાળી દ્રવ્ય નહિ, ત્રિકાળીની અપેક્ષાએ તે પર્યાયો પરદ્રવ્ય છે. આહા..હા..! આવી શૈલી અને આવું કથન સનાતન જૈનદર્શનમાં હોય છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવ... લોકોને બિચારા સાધારણ પ્રાણીને... એના વાડામાં પડ્યા હોય અને ઘુંચાઈને પડ્યા હોય એને એવું લાગે કે આ તો નિશ્ચયની વાતું, આ તો ઉંચા દરજ્જાની વાતું, એમ કહે. એમ કહે ખબર છેને. બાપુ! પહેલા નંબરની જ વાત છે આ તો. એકડાની વાત છે આ તો હજી. આહા..હા..!

**શ્રોતા :-** પહેલા નંબરની એટલે તો ઉંચી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલો નંબર એ નંબર પહેલો એ ઉંચો છે અહીં તો. એ નંબર આ ઉંચો છે. સમ્યગ્દર્શન પામવા માટેનો પહેલો નંબર આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવા નવ પદાર્થની શ્રદ્ધા, પરદ્રવ્યની શ્રદ્ધા. આહા..હા..! એનું પરદ્રવ્યનું જ્ઞાન, પરદ્રવ્યનું આચરણ. નવના ભેદના વિકલ્પ. આહા..હા..! એ '**રત્નત્રય સાકાર છે,...**' એ તો રાગવાળું રત્નત્રય છે. એ નવ પદાર્થની શ્રદ્ધા તો રાગવાળી શ્રદ્ધા છે, કહે છે. સમજાણું કાંઈ? '**તેને નિજ સ્વરૂપનાં...**' આહા..હા..! પરદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ એ રાગરૂપી શ્રદ્ધા છે. એ બધી રાગની ક્રિયા છે. ત્યારે હું હવે નિજસ્વરૂપ જે ત્રિકાળી આનંદનો નાથ જેનું આનંદનું પૂર અને સુખસાગરનું પૂર અને શુદ્ધચેતનાથી ભરેલો. આહા..હા..! એવા '**નિજ સ્વરૂપના શ્રદ્ધાન...**' નિજસ્વરૂપનું શ્રદ્ધાન, દ્રવ્યનું શ્રદ્ધાન. નિજસ્વરૂપનું શ્રદ્ધાન. મારો પ્રભુ પૂર્ણ શાશ્વત છે એ મારું નિજસ્વરૂપ એની શ્રદ્ધા. આહા..હા..! એનું જ્ઞાન. અને નિજ સ્વરૂપનું જ્ઞાન. આ નવ પદાર્થનું નહિ અહીં કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની સભામાં આ વાત ભગવાને કહેલી છે. આહા..હા..! ત્યાં આદિ દુઆલી નહોતા બેઠા. મોટા ઈન્દ્રો બેઠા હતા. નાગ અને વાઘ જંગલમાંથી ચાલ્યા આવતા હતા સભામાં. નાગ-નાગ મોટા. ... વાઘ મોટા અને સિંહ કેસરિયા સિંહ. સેંકડો સિંહ આમ ચાલ્યા આવે કૂતરાની પેઠે. સભામાં. એય..! અત્યારે ભગવાન બિરાજે છે ત્યાં છે. સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં અત્યારે છે. આહા..હા..! લાખો-કરોડો માણસોની વચમા, આવા વાઘ ને નાગ ને રાજા અને ઈન્દ્રો એની વચમા ભગવાનની આ વાણી હતી. સમજાણું કાંઈ? આ કાંઈ ઓલી ચકલી લાવ્યો ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, એની કરી ખીચડી. નાની ઉંમરમાં નથી કહેતા? પછી ખીચડી આપી ફલાણાને. કુંભારને અને એણે આપ્યો ઘડુલો, ઘડુલો આમ ફલાણાને આપ્યો અને એણે આપ્યો ખજૂર એવી

બધી વાતું આવતી હતી. ખોટેખોટા ગપેગપ્પ. આ તો પરમાત્મા ત્રણલોકના નાથની કથા, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો જુઓ એક આહા..હા..! એનો ભાવ તો જુઓ એમાં.

જે નવ તત્ત્વ પદાર્થ પરદ્રવ્ય છે એની શ્રદ્ધા તો રાગવાળી, વિકલ્પવાળી શ્રદ્ધા, વિકલ્પવાળું જ્ઞાન અને વિકલ્પવાળું આચરણ. હું હવે નિજસ્વરૂપ મારું છે, નિજસ્વરૂપ જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને આચરણ '**સ્વભાવરત્નત્રયના સ્વીકાર વડે...**' આહા..હા..! આવા સ્વભાવરત્નત્રય એ સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્વિકલ્પ નિશ્ચય. એવા '**સ્વભાવરત્નત્રયના સ્વીકાર વડે નિરાકાર-શુદ્ધ કરું છું,...**' નિરાકાર શુદ્ધ આત્માને કરું છું. અભેદ કરું છું. આહા..હા..! '**એમ અર્થ છે.**' હવે આ જરી, હવે જરી ઓલું આવ્યું એટલે જરી સારી વાત કરી. જરી ઝીણું કથન.

'**હું ભેદોપચાર ચારિત્રને...**' આહા..હા..! ભેદ ઉપચાર છે ચારિત્ર પણ હજી વિકલ્પવાળું આ ચારિત્ર કહેવાય એને. ભેદવાળું છે એટલે. એવા '**હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છું...**' અભેદમાં સ્વરૂપની એકતામાં. સ્વરૂપનો ભેદ છે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર, પણ એ અભેદ છે. એ અભેદરૂપી ઉપચારમાં હવે કરું છું '**અને અભેદોપચાર ચારિત્રને અભેદાનુપચાર કરું છું—**' એકલો અભેદ નિર્વિકલ્પ કરું છું. આહા..હા..! જરી ઝીણી વાત છે થોડી. સમજાણું કાંઈ? આહા..હા..! છે તો સામાયિક ચારિત્ર, પણ એમાં જે વિકલ્પ ઉઠે છે ભેદોપચાર એને છોડી દઈને હું સામાયિકને નિર્વિકલ્પ અભેદ ઉપચાર કરું છું. આ છે આવો છું... આવો છું... પણ એ તો હજી અભેદ છે એમાં ઉપચાર છે એટલો. અને એથી રહિત એકલો આનંદનો નાથ અભેદ સ્વરૂપને આત્મા સાથે અભેદ કરીને. પર્યાયમાં અભેદ ઉપચાર થયો હતો. હવે આત્મા સાથે અભેદ કરીને અનુપચાર કરું છું. એ ચારિત્ર મારું સ્વરૂપ છે. એમ અભેદની ચૈતન્યના દ્રવ્યના અભેદ સાથે અભેદ અનુપચાર કરું એ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! આ ભાષા કઈ જાતની? ઓલા રૂપિયામાં તો કાંઈ નથી હોં! ઓલા પુણ્યને લઈને પૈસા મળે છે. એ કાંઈ ત્યાં બુદ્ધિ હતી માટે મળે છે એમ કાંઈ છે નહિ. બરાબર છે, ભાઈ? તમારા કરતા બુદ્ધિવાળા ઘણા હોય બિચારા રળી શકતા નથી. બે હજાર પણ પેદા કરી શકતા નથી. આહા..હા..! અબજોપતિ. કીધુંને ગોવામાં. બે અબજ અને ચાલીસ કરોડ રૂપિયા. ગુજરી ગયો દસ મહિના પહેલા. એની બહેનની દીકરી છે આપણે બ્રહ્મચારી છે ૬૪માં. એ બધું આટલું હતું. ઉંમર ૬૧ વર્ષની. એવી કાંઈ બુદ્ધિ નહોતી, સાધારણ હતા.

**શ્રોતા :-** બુદ્ધિવાળો પૈસા ન કમાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બુદ્ધિવાળો ન મળે. બુદ્ધિ ઘણી હોય અને બે હજાર પણ રળવા હોય તો ન મળે. એમાં શું? બુદ્ધિના ખાં હોય તો બે હજાર રળવા પડે મહિને તો પરસેવા ઉતરતા હોય. એય..! એમ છેને, ભાઈ! અને બુદ્ધિ સાધારણ હોયને. રાજા લ્યોને

ઓલો અત્યારે પેટ્રોલ નીકળ્યું છે નહિ? રાજ થોડું છે અને પેટ્રોલ નીકળ્યું છે. એ કાંઈ બુદ્ધિવાળા નથી. બધા સમજવા જેવા છે. એક કલાકમાં દોઢ લાખની પેદાશ. અત્યારે છે રાજા એક. પેટ્રોલ નીકળ્યું છે. જમીન થોડી છે, પણ પેટ્રોલના કૂવા નીકળ્યા. એટલે એક કલાકમાં દોઢ લાખની પેદાશ. ચોવીસ કલાકમાં ૩૬ લાખની પેદાશ. બધા બુદ્ધિના બારદાન મરીને નરકે જવાના હોં પાછા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

હમણા મારી નાખ્યો એના એક રાજા હતોને, એના કુટુંબીએ મારી નાખ્યો અને બીજો બેઠો. મોટો રાજ અબજોપતિ. પેદાશ તે કેટલી? એક કલાકમાં દોઢ લાખ. એક દિવસની ૩૬ લાખ. બાર મહિને કેટલી થઈ? એટલું પેટ્રોલ નીકળે છે. એ તો પુણ્યને લઈને એ બધું મળે. પુણ્ય ખાઈ જશે. બળીને મરી જશે. જાશે નીચે. જવાના નરકમાં. રવરવ અત્યારે ન જાય બિચારા. પણ નરકમાં પીડા આહા..હા..! હાય રે પાણીનો બિંદુ નહિ, અનાજનો દાણો નહિ. આહા..હા..! ભાઈ! એવા પડદા પડશે ત્યારે ત્યાં થાશે. આહા..હા..! જેને આત્મા શું, પુણ્ય શું એની ખબરું ન મળે. આહા..હા..!

અહીં કહે છે એવો અભેદોપચાર. સામાયિક સમતા વીતરાગ આત્મા સાથે પર્યાયને અભેદ કરું છું. સમજાણું કાંઈ? '**એમ ત્રિવિધ સામાયિકને ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકાર) કરવાથી સહજપરમતત્ત્વમાં અવિચળ...**' સહજપરમતત્ત્વ મારું જે ત્રિકાળ '**અવિચળ સ્થિતિરૂપ...**' એમાં ચળે નહિ એવી રીતે રમણતામાં હું છું. એવી '**સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોય છે—**' એને નિશ્ચય સ્વભાવિક ચારિત્ર હોય છે '**કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...**' નિરાકાર નામ અભેદ. અભેદ તત્ત્વમાં લીન હોવાથી તેને અભેદ ચારિત્ર થાય છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! નિરાકાર એટલે અભેદ વસ્તુ. એમાં ચારિત્ર અભેદ થાય છે, નિરાકાર થાય છે, એકાકાર થઈ જાય આત્મા સાથે. આહા..હા..! અનુપચાર. આહા..હા..!

'**એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપીકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' આપણે આવી ગયું છે.

(वसंततिलका)

'द्रव्यानुसारि चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।'

શું કહે છે? કે '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એટલે? છઠ્ઠે ગુણસ્થાને મુનિને રાગની મંદતા છે એ ચરણ કહેવાય. રાગની મંદતાના પ્રમાણમાં એને દ્રવ્યનો અનુભવ હોય છે. આહા..હા..! દ્રવ્ય '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' ચરણ નામ રાગની મંદતાની લાયકાત

છે તેના પ્રમાણમાં દ્રવ્યાનુસાર અંદરમાં શુદ્ધ દ્રવ્યની અનુભૂતિની પર્યાય હોય છે. દ્રવ્યાનુસારનો અર્થ સ્વ-અનુભૂતિની પર્યાય. આહા..હા..! એ આપણે આવી ગયું છે. ફરીને લઈએ. આમાં આધાર આપ્યો છેને.

જુઓ, આ વાત એવી છે કે આત્માની દૃષ્ટિ, સમ્યક્ ચારિત્ર થયું અનુભૂતિ સ્થિરતા. એના પ્રમાણમાં એને રાગની મંદતા હોય છે અને રાગની મંદતાના પ્રમાણમાં અહીંયા દ્રવ્યની અનુભૂતિની પર્યાય હોય છે, એને લઈને નહિ. જેમકે છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતના પરિણામ કે એવા શુભ વિકલ્પ હોય છે. એને વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, એને માટે સદોષ આહાર લેવાનો વિકલ્પ હોતો નથી. તો એ રાગની એટલી જ મંદતાના પ્રમાણમાં એની શુદ્ધતાપણે દ્રવ્યને અનુસારે નિર્મળ એવી જ હોય છે. એની મર્યાદા પ્રમાણે અનુભૂતિ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની મંદતા એટલી તો એની અનુભૂતિ થોડી હોય એમ નહિ. એને તો અનુભૂતિ દ્રવ્યને અનુસારે અનુભૂતિ એની ઘણી જ ઉત્કૃષ્ટ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચરણ એટલે રાગની મંદતાનો ચરણાનુયોગનો ભાવ. દ્રવ્યાનુસાર. દ્રવ્ય અનુસારનો અર્થ? દ્રવ્યનો અનુસાર એમ નહિ, પણ દ્રવ્યને અનુસારે થયેલી જે પર્યાય એને અહીં દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. વસ્તુ જે ત્રિકાળી છે એને અનુસરીને જે અનુભૂતિ થઈ એને અહીંયાં દ્રવ્યાનુસાર, અનુભૂતિને દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. એની અનુભૂતિના આનંદના પ્રમાણમાં એને રાગની મંદતા હોય છે અને રાગની મંદતા હોય એના પ્રમાણમાં અનુભૂતિ અહીંયાં હોય છે. સમજાણું કાંઈ?

કેસર હોય ને કેસર, તો એને રાખવાનો કોથળો પણ જુદી જાતનો હોય. આ કોથળો ન કામ આવે ત્યાં. ત્યાં એને ડબ્બો હોય કલઈનો કાં બરણી હોય કેસર રાખવાની. ચોખા રાખવાના કોથળામાં રાખતા હશે? ભુક્કો થઈને નીકળી જાય. અહીં કહે છે કે એનો જે ડબ્બો છે એના પ્રમાણમાં ત્યાં કેસર રહી શકે છે અને કેસર રહે છે એના પ્રમાણમાં એને ડબ્બો હોય છે. કેસર રહેવાને માટે કોથળો ન હોય અને કોથળા પ્રમાણમાં ત્યાં કેસર રહે એમ ન હોય. ત્યાં એ ડાબલો એવો જ હોય, બરણી એવી જ હોય કે એના પ્રમાણમાં કેસર ત્યાં રહી શકે. એને લઈને નહિ પણ વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવી આવી વાતું બધી.

એમ જેને રાગની મંદતા ઘણી કમ થઈ ગઈ. તો એના ભૂમિકાના પ્રમાણમાં એને અનુભૂતિ પણ ઘણી જ હોય અહીં. એને લઈને નહિ, પણ વસ્તુનો અનુભૂતિનો ઘણો ભાગ છે એ અહીંયા રાગની મંદતા એમ સૂચવે છે કે ત્યાં અનુભૂતિનો ઘણો ભાગ છે. એ ચરણ દ્રવ્યાનુસાર કહેવામાં આવે. આ એક પદની વ્યાખ્યા આટલી છે. સમજાણું કાંઈ?

**'અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—'** એટલે? દ્રવ્યનો આશ્રય લઈને જે અનુભૂતિ

પ્રગટી છે એ અનુભૂતિ દ્રવ્ય ચરણાનુસાર હોય છે. એ રાગની મંદતાના પ્રમાણમાં એ દ્રવ્યની અનુભૂતિ હોય. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્યની અનુભૂતિના પ્રમાણમાં એની રાગની મંદતા અને રાગની મંદતાના પ્રમાણમાં અનુભૂતિનો અનુભવ દ્રવ્યને અનુસારે થયેલો અનુભવ હોય છે. આહા..હા..!

**શ્રોતા :-** ઝીણું બહુ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણું છે પણ આ વાત તો કહેવાય છે હવે. જેમકે, આ ડબ્બાનો દાખલો આપ્યો. ચોથે ગુણસ્થાને સમકિતીને રાગ હજી તીવ્ર છે. ત્રણ કષાયનો છેને રાગ? એ રાગની મંદતા એને ત્રણ કષાયના પ્રમાણમાં રાગ છે. તો એને અનુભૂતિ દ્રવ્યને અનુસારે મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયો એટલો અનુભવ ત્યાં હોય છે. પાંચમે ગુણસ્થાને જ્યારે બે કષાય ગયા અને એનો રાગ એટલો મંદ છે તો એના પ્રમાણમાં એને અનુભૂતિ વિશેષ છે. છઠ્ઠે ગુણસ્થાને ગયા ત્યારે રાગની મંદતા ઘણી મંદ છે તો એના પ્રમાણમાં અનુભૂતિ ઘણી છે અહીં. એને લઈને નહિ પણ આ બેને આવો મેળ છે. આહા..હા..! સ્થિરતા આનંદની, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની. દ્રવ્યને અનુસારે થતી અનુભૂતિને અહીં દ્રવ્યાનુસાર કીધું છે. છેને?

**'દ્રવ્ય ચરણાનુસાર હોય છે...'** દ્રવ્યની શુદ્ધ પરિણતિ રાગની મંદતા પ્રમાણમાં હોય છે અને રાગની મંદતાના પ્રમાણમાં દ્રવ્યની અનુભૂતિ હોય છે. ભારે વાતું! આ ભભુતમલ કોક દિ' આવ્યા હોય ત્યાં આવું બધું આવે. પણ આ તો સમજવું પડશે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! અમારે ચેતનજી નથી કહેતા? 'ધામ ધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' આહા..હા..! એમ જ છે. આહા..હા..! એણે કીધું એને પણ ખબર નથી. આહા..હા..! એ યશોવિજયમાં આવે છેને ઈ? એને ક્યાં...? રાગના પ્રમાણમાં દ્રવ્યને અનુસારે શુદ્ધ પરિણતિ એના પ્રમાણમાં હોય છે અને શુદ્ધ પરિણતિના પ્રમાણમાં અહીં રાગની દશા હોય છે. બસ એટલું. સમજાણું કાંઈ? કોઈ કહે કે અમને છઠ્ઠું ગુણસ્થાન શુદ્ધ પરિણતિ પ્રગટી છે, પણ અમને વસ્ત્ર-પાત્ર અને સદોષ આહાર લેવાનો ભાવ હોય છે. તો કહે એ વાત જૂઠી છે. એને એ ભાવ એવો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અને કોઈ કહે કે અમે સદોષ આહાર લઈએ અને વસ્ત્ર-પાત્ર રાખીએ, છતાં અમારી નિર્મળ પરિણતિ છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય થઈ ગઈ છે. એ પણ જૂઠી વાત છે.

**શ્રોતા :-** વસ્ત્રમાં શું વાંધો? વસ્ત્ર તો પરપદાર્થ છે, એમાં વાંધો શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્ત્ર, પણ એ વસ્ત્રની ક્યાં વાત છે? લેવાનો ભાવ રાગ એની વાત છે અહીં તો. એ તો કહેતો હતો ઓલો નહિ? શ્વેતાંબર સાધુ રહ્યો હતોને અહીં ચોમાસુ? નહિ? કુમુદવિજય બ્રાહ્મણ. દીક્ષા લીધી છેને એણે? ચાર મહિના રહ્યો અહીં. સાંભળવા દરરોજ આવે. સવાર-બપોર બેય. ખાનગી અંદર કહે મને.. સાધુ છે, અત્યારે છે. શ્વેતાંબરમાં

કુમુદવિજય. રામવિજયના ઓલામાં તિથિની તકરારમાં પોતે પડેલો, કુમુદવિજય બ્રાહ્મણ છે. છે ભણેલો. ચાર મહિના રહ્યો. એકવાર આવ્યો અંદર, મહારાજ! વાત તો સોએ સો ટકા સાચી લાગે છે, પણ અમારે કરવું શું? એનો અર્થ કે તમે અહીં કાંઈ કહો કે તમે રહો અને અહીં બધું.. ભાઈ! અમે કોઈને એવું કહેતા નથી. અહીં રહો કે બંધાવ એ અમે કોઈને કહેતા નથી. એ તો માર્ગ .. છે કહે. એક-બેવાર આવ્યા. બીજી વાર પણ કહ્યું માર્ગ તો સોએ સો ટકા સાચો. અમલમાં કેમ મૂકવો? એટલે શું તમે કાંઈક કહો કે અહીં રહો અને આ પ્રમાણે કરો તો અમલમાં મૂક્યો કહેવાય. અહીં કાંઈ રહેવાની વાત છે નહિ કીધું. આવું કહ્યું છતાં જ્યારે પૂરું થવાનું થયું, બહાર નીકળ્યા અને લેખ લખવો પડ્યો શ્વેતાંબરમાં (એમાં લખ્યું), ત્યાં વસ્ત્રનો ટૂકડો.. વાત કરે છે મોટી નિર્વિકલ્પની અને વસ્ત્રનો ટૂકડો નડે એમ પાછું કહે છે. આ તો ભાઈ! ઓલાને એમ થવું જોઈએ કે અમે બગડ્યા નથી ત્યાં રહીને, એમ. આવો કાલે લેખ લખ્યો. અરેરે! ભગવાન! તું અંદર શું કહેતો હતો અને આ શું કહે છે?

અહીં તો કહે છે કે જેને મુનિપણું હોય, શુદ્ધ પરિણતિ હોય મુનિપણાની એને રાગની મંદતા એટલી હોય શ્રવણ કરવું, કહેવું, નિર્દોષ આહાર લેવો એટલી મંદતાનો રાગ હોય. એને તીવ્ર રાગ વસ્ત્રને લેવાનો, લેવાની વાત છે અહીં તો. વસ્ત્ર નડે છે ક્યાં? લેવાનો રાગ એને હોઈ શકે નહિ. એવો એને નિશ્ચયની પરિણતિની સાથે વ્યવહારના રાગની મંદતનો મેળ છે. એમ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૪, શનિવાર, તા. ૧૮-૧૦-૧૯૭૫
## ગાથા-૧૦૪-૧૦૫, કળશ-૧૪૦-૧૪૧, પ્રવચન નં. ૬૬

.. આવી ગયા કાલે નહિ? ચરણ દ્રવ્યાનુસાર. હવે એમાં હતું કે મોક્ષમાર્ગમાં આરોહણ કરવું એમ હતુંને કાલે? દેવીલાલજી! '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એનો સરવાળો પાછો એ લીધો કે '**(જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' એ પ્રત્યાખ્યાન છે. વસ્તુનો સ્વભાવ શુદ્ધ પરિણમન એને અનુસારે રાગની મંદતા હોય. રાગની મંદતાના પ્રમાણમાં એ નિર્મળતા એને પોતાને કારણે હોય, પણ એવું જ્ઞાન કરીને પણ.. આહા..હા..! છેલ્લો તો એમ સરવાળો લીધોને. '**મુમુક્ષુ મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' આહા..હા..! એ રાગ જાણવો ખરો કે રાગ અહીં છે, પણ આરોહણ એમાં કરવાનું નથી એમ કહે છે. બે પૈડે ચાલે એમ

કીધું હતુંને કાલે? અહીં તો એક જ પૈડું કીધું છે.

મુનિ મોક્ષમાર્ગમાં એટલે વસ્તુના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એને આરોહણ કરો. એ પ્રત્યાખ્યાન અને ત્યાગનું એ સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી કહ્યું. **'યાતનાશીલ યમના નાશનું કારણ છે.'** સંયમ. એ સંયમ જે કીધોને પછીના કળશમાં? એ પણ પ્રત્યાખ્યાન છે. એટલે ટીકાકારને પોતાને પ્રત્યાખ્યાન એમ કહેવું છે. જે ચૈતન્ય તત્ત્વની ભાવનામાં લીન છે **'એવા યતિઓ યમમાં પ્રયત્નશીલ રહે છે...'** સંયમમાં. એ સંયમ દુઃખના નાશનું કારણ છે, એ સંયમ એ પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન કહો કે ચારિત્ર કહો. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રત્યાખ્યાન બે પ્રકારના નથી. .. પ્રત્યાખ્યાન છે. વ્યવહારથી કહેશે અજ્ઞાનીને જે રાગનો ક્ષયોપશમ છે એ વ્યવહાર કહેવાય. એ તો એક વ્યવહાર કહેવાય એમ કહેશે.

ઓલામાં આવે છેને કે આત્મા વસ્તુ છે એના અનંતગુણ છે. એક ગુણની અનંતી પર્યાય છે. એક પર્યાયમાં અનંત નૃત્ય છે. સમયસાર(નાટક)માં, પરમાત્મપુરાણમાં, ચિદ્‌વિલાસમાં.. ત્યાં પણ આવે છે. શું કહ્યું? કે આત્મા વસ્તુ છે પૂર્ણાનંદસ્વરૂપ એ દ્રવ્ય. એના ગુણો અનંત છે સંખ્યાએ. અને એક-એક ગુણની અનંતી પર્યાય સંખ્યાએ છે અને એક એક પર્યાયમાં અનંત નૃત્ય-નાચ છે. એક-એક પર્યાયમાં અનંતગુણનું, દ્રવ્યનું બીજાને જાણે છેને? એવું એક-એક પર્યાયમાં એવો અનંતો નાચ છે અને અનંતા નાચમાં એક-એક નાચમાં અનંતો ખેલ છે. કીધું છે ત્યાં. ખ્યાલ છે. ખેલનો અર્થ થટ કર્યો છે, ખ્યાલ છે અને એક-એક ખ્યાલમાં અનંતી કળા છે અને એક-એક કળામાં અનંતી આકૃતિ નામ રૂપ છે. એટલું ... અહીં લીધું છે સમયસાર નાટકમાં. ઓલામાં વધારે લીધું છે. આહા..હા..! વસ્તુ મહા ગંભીર છે. અનંત-અનંત ગુણનો સાગર આહા..હા..!

અહીં તો ટૂંકામાં કહેવું છે એને. એ બધાનો સમુદાય પ્રભુ આત્મા છે. એ આત્માનો આશ્રય કરીને એમાં આરૂઢ થા મોક્ષમાર્ગમાં. આશ્રય તો દ્રવ્યનો છે, પણ મોક્ષમાર્ગમાં આરૂઢ થા. એ પ્રત્યાખ્યાન અને એ ચારિત્ર અને એ સંયમ છે. આહા..હા..! અહીં એ કહ્યું નાશમાં. ત્યાં એમ કહ્યું કે હું સમાધિનો આશ્રય કરું છું. પછી કીધુંને ૧૦૪માં? એનો અર્થ કે એ જ પ્રત્યાખ્યાન થયું. 'હું આત્મા આનંદસ્વરૂપ છું' એની જે દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાય એ સમાધિસ્વરૂપ છે. એ સમાધિપણાને હું અંગીકાર કરું એ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! આ લોકો બહારની વાતું કરેને, આ પ્રત્યાખ્યાન. એ બધી તો વાતું. ..ભવના પુણ્ય થાય એની વાતું. આ પ્રત્યાખ્યાન છે. આહા..હા..!

શુદ્ધ સ્વભાવમાં અંદર આરૂઢ થઈ અને નિર્મળ પર્યાયને અંગીકાર કરવી, નિર્મળપણે પરિણમવું એ પ્રત્યાખ્યાન છે, ચારિત્ર છે, સંયમ છે, એ દુઃખને નાશ કરવાની દશા છે. આહા..હા..! હવે આપણે અહીં છે આ. ઓલામાં આ નહોતું આવ્યું. એ પણ યાદ કેમ આવ્યું? કે રામજીભાઈ

કહે છે કે આમાં પ્રત્યાખ્યાન ક્યાં આવ્યું? એમ એ વાત કરતા હતા. એટલે એ યાદ આવ્યું પાછું. આ બધું કહે છે એમાં પ્રત્યાખ્યાન ક્યાં આવ્યું? એટલે આ પ્રત્યાખ્યાન લીધું. સમજાણું કાંઈ? અધિકાર પ્રત્યાખ્યાનનો છે અને આમાં પ્રત્યાખ્યાન ક્યાં આવ્યું? એમ કહે. આ ઠેકાણે આવ્યું. આહા..હા..! હવે આધારનો કળશ આપે છે.

(वसंततिलका)

'मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः
स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम्।
संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-
मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि।।'

**'હે ભાઈ! સ્વાભાવિક બળસંપન્ન એવો તું...'** આહા..હા..! ભગવાન! તારામાં તો અનંત બળસંપન્ન છો. આહા..હા..! પૂર્ણ અનંત બળ તારામાં ભર્યું છે. આહા..હા..! અનંત પુરુષાર્થનો પિંડ છો. આહા..હા..! એવા અનંત સ્વભાવિક બળસંપન્ન એવો તું **'આળસ તજીને,...'** ભાષા જુઓ! પૂર્ણાનંદનું અનંત બળ તારામાં છે, ભાઈ! અનંત બળસ્વરૂપ છે. આહા..હા..! ઓલામાં નહોતું આવ્યું? અનંત બળસંપન્ન હોવા છતાં એકલો મરે છે. એ.. આવ્યું હતુંને. આહા..હા..! અનંત બળનો ધણી ભાન વિના મૃત્યુ વખતે ટળવળે. મેં આ બધાને પોષ્યા, કોઈ મને મદદ કરતું નથી. મેં આ પાપ કર્યા આના માટે. ૧૦૧માં. આહા..હા..! બહુ પરાક્રમી એવો આત્મા નિરાધાર મૃત્યુને પામે છે. સ્વરૂપ શું છે એની ખબર નથી. આહા..હા..!

એક તો શ્વેતાંબરમાં એવી વાત આવે છે. મરતા પૈસાના ઢગલા કર્યા હોયને પાપ કરીને. પછી પ્રાર્થના કરે એ લક્ષ્મીને. સૂયગડાંગમાં આવે છે. સૂયગડાંગમાં બીજા ભાગમાં આવે છે. હે લક્ષ્મી! મેં બહુ પાપ કર્યા તારા માટે હોં. મેં જિંદગી તારા માટે ગાળી. હવે હું જાવ છું. કાંઈક શરણ આપ, શરણ આપ. રળવા માટે કેટલો કાળ મેં ગાળ્યો તારા માટે. હવે આ ઢગલા થયા છે. તું પ્રાર્થના કરે જઈને એને.

**શ્રોતા :-** સાંભળે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાંભળેને. જડ કહે છે કે અમે ક્યાં તને કહેતા હતા કે મારા માટે તું રોકા. તારા પ્રમાદથી (તું રોકાણો). મફતનો શું અહીં પ્રાર્થના કરવા આવ્યો છો. અરેરે! આહા..હા..! ખાધા નહિ, સખના ખાધા નહિ, સખે કરી પીધા નહિ. નિંદ્રા સરખી લીધી નહિ. તારે માટે પૈસા... પૈસા... પૈસા... હવે કાંઈક કરને મદદ. મારે જાવું છે અહીંથી. આ .. હલોહલ થઈ ગયું છે, શ્વાસ ચાલતો નથી. ચારે કોર આમ કરવા જાય તો શૂળ ઉપડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલો કહે, કર એની પાસે ઢગલો કરીને બધું ભેગું કર્યું. આહા..હા..! ઓલામાં આવે છેને. સીકંદર-સીકંદર. સીકંદરે બહુ પાપ કર્યા બધા. પૈસા ભેગા કર્યા અબજો રૂપિયા. ..ને લૂંટ્યા એ બધા મોટા તીર્થોને પણ લૂંટેલા. ઝવેરાત ભેગા

કર્યા ઢગલા. એમાં મરણનું ટાણું આવ્યું. હકીમોને બોલાવો કહે. મેં એને બહુ આપ્યું છે શું કહેવાય? એના.. વર્ષાસન. વર્ષાસન. વર્ષાસન ઘણા આપ્યા. હવે હું જાઉં છું તો એને કાંધે ઉપડાવજો મારું શરીર. આટલું તો કામ કરે. આહા..હા..! સીકંદર કહે છે, મેં બહુ પાપ કર્યા. દેશના રાજાઓને માર્યા ને આ કર્યાં. અને છતાં હવે આ રોગ આવ્યો. મેં તમને વર્ષાસન ઘણા આપ્યા છે. તમે ન કરી શકો તો મારો જનાજો તો ઉપાડીને લાવજો ત્યાં. આહા..હા..! લ્યો, અમે તારનારા હતા વૈદના રોગને મટાડનારા. એ મડદાને લઈને દાટવા લઈ જાય છે. આહા..હા..! ઉઘાડા હાથ રાખજો. એમ આવે છે. હું કાંઈ લઈ જતો નથી. આહા..હા..! પાપના ઢગલા કર્યા. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધારે આપ્યા. એને પછી જનાજો. મુસલમાનને તો જનાજો હોયને. ઉઘાડે હાથે... આહા..હા..!

અહીં કહે છે કે અરે! '**સ્વભાવિક બળસંપન્ન એવો તું...**' આહા..હા..! ભાઈ! તારા સ્વભાવમાં તો અનંત.. અનં.. અનંત અપરિમિત મર્યાદા વિનાનું બળ પડ્યું છે પ્રભુ તારા ઘરમાં. આહા..હા..! '**એવો તું આળસ તજીને,...**' હવે તું પ્રમાદ છોડ. આહા..હા..! '**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને,...**' આહા..હા..! એ વીતરાગતાના કુળ સંપન્ન એવી સમતા વીતરાગતા એ કુળદેવી છે. આ કુળદેવી નથી માનતા સૌને ઘરે? આ અમારી કુળદેવી છે, અમારી મા કુળદેવી મરીને થઈ છે, મારો બાપો .. શું કહેવાય? સુરધન-સુરધન. અરે! એ નહિ, બાપુ! તારી કુળદેવી તો વીતરાગ પરિણામ એ તારી કુળદેવી છે. આહા..હા..! અનંત તીર્થંકરોએ વીતરાગતા પ્રગટ કરી. અનંત કેવળીઓએ વીતરાગતા પ્રગટ કરી, પ્રભુ! તારી કુળદેવી તો વીતરાગતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવી...**' જોયું! ઉત્કૃષ્ટ વીતરાગતારૂપી કુળદેવી. આહા..હા..! જેટલું બળ છે એટલું દ્રવ્ય ઉપર જોડી દે. આહા..હા..! અને રાગમાં જાય છે તેને રોકી દે, આળસ છોડ. આહા..હા..! '**ઉત્કૃષ્ટ સમતા...**' '**सम्मं मे सव्वभूदेसु**' એનું છેને આ? ક્ષમાપનામાં ગાથા એ છેને? '**सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि।**' હે પ્રભુ! તારા વીતરાગ પરિણામને યાદ કર. એ વીતરાગ પરિણામ દ્રવ્યને આશ્રયે થાય છે. આહા..હા..! સ્મરી છેને? ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મર. એ ખરે ટાણે ઓલાને દુઃખ થાય ત્યારે કુળદેવીને માને છેને? સુરધનને માને ને આ માને. કોઈ ધૂળેય નથી ત્યાં સુરધન આવતો કુળદેવો. આ કુળદેવી તો આ છે.

**શ્રોતા :-** નિવેદ કરવા જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ નિવેદ કરને અહીં. આહા..હા..! વસ્તુ વીતરાગ મૂર્તિ પ્રભુ એની શુદ્ધ પરિણતિ પ્રગટ કર એ કુળદેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તારા કુળની

વટ એ રાખનાર છે. આહા..હા..! અનંત તીર્થંકરોએ એ માર્ગ લીધો હતો. આહા..હા..! રાગથી હઠી... આળસ છોડીને એમ કીધુંને? રાગથી હઠી અને વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા એના આશ્રયમાં જા, એના અવલંબન લે. આહા..હા..! ઢિંગ ધણીની ઓથે જા. ત્યાં તને સમતા કુળદેવી પ્રગટ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. એ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન એ તો અનંતગુણનું સંપન્ન આખું તત્ત્વ છે. એ અનંત બળનો ધણી છે. અનંતબળ. જેના એક ક્ષણે ચાર ઘાતિનો નાશ કરીને કેવળજ્ઞાન લે એવો અનંતબળ સંપન્ન પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર્મુહૂર્તના અંતર પુરુષાર્થને યોગે ચાર ઘાતિકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે એવો ભગવાન આત્મા છે. આહા..હા..! તો અહીં તો તું નીચે સાધક છો તો આટલું તો કર. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ આળસના ભાવ છે. આહા..હા..! એને છોડ. અને પૂર્ણ આનંદસ્વરૂપ... અરે! કેમ બેસે એને? આવો આત્મા અમૃતનો સાગર, એકલો અતીન્દ્રિય સ્વરૂપે ભરેલો ભગવાન એમાં અતીન્દ્રિય આનંદમાં અનંત-અનંત બળથી ભરેલો એ આનંદ છે. આહા..હા..! એવા આનંદને, એવા સ્વભાવને સ્મર. એ સ્મરણ કરતા એ સમતાને સ્મર એમ કીધું છે. સમજાણું કાંઈ? ઓલા રાગનો નાશ કરી અને સમતાને ઉત્પન્ન કરવી એ તેને સ્મર કહેવામાં આવ્યું. આહા..હા..!

ધ્રુવ ભગવાન આત્મા મહા આનંદનું ધોકડું છે એ તો મોટું. આહા..હા..! ક્ષેત્ર નાનું એમ ન જો. એનું સામર્થ્ય અને એની શક્તિ તો અનંત છે. આહા..હા..! નિગોદનો જીવ છે. ભલે પર્યાયમાં અક્ષરના અનંતમે ભાગે જ્ઞાન રહી ગયું, વીર્ય પણ બહુ થોડું રહી ગયું, પણ અંતર સ્વરૂપ જે છે એ સત્ છે એનું સત્ત્વ જે છે, એ સત્ છે આત્મા એનું જે સત્ત્વપણું છે એ તો અનંત જ્ઞાન અને અનંત આનંદથી ભરેલું એનું (સત્ત્વ)પણું છે. સમજાણું કાંઈ? અરે..! આ વાત.

**શ્રોતા** :- આમાં કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કરવું આવ્યું નહિ? વસ્તુનો સ્વભાવ આવો છે તે તરફ જુકાવ કર કે જેથી તને સમતા ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! માર્ગ આવો અને લોકોને બહારમાં ચડાવી દીધા (એટલે) બિચારાને આ બેસે નહિ પછી. બે માર્ગ જોઈએ, બે પૈડા જોઈએ. હવે સાંભળને ભાઈ હવે. વ્યવહાર આવે છે, હોય છે પણ એ તો બંધનું કારણ છે. એ મોક્ષનો માર્ગ છે? બે પૈડા એટલે એક નિશ્ચયમાર્ગ અને એક વ્યવહારમોક્ષમાર્ગ.

**શ્રોતા** :- એ વ્યવહારમોક્ષમાર્ગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એમ. વ્યવહારમોક્ષમાર્ગ છે અને અમે નિશ્ચય પામશું. ધૂળેય નથી. સાંભળને હવે.

ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ. આ સમતા પ્રગટ કરવી એ તો અનંતમો ભાગ છે. એના

સ્વરૂપમાં તો અનંતી સમતા વીતરાગમૂર્તિ પ્રભુ છે. સમતા સ્મરણ કરવું અને પ્રગટ કરવું એ તો અનંતમા ભાગે છે. અરે! એવો આત્મા જિનસ્વરૂપે પ્રભુ આત્મા. અનંતી વીતરાગતા, અનંતુ વીર્ય, અનંતી શાંતિ, અનંતી સ્વચ્છતા, અનંતી પ્રભુતા એથી ભરેલો પૂર્ણાનંદ પ્રભુ તું છો. અરે..! એના તરફનો આશ્રય લે. આહા..હા..! જેટલો અંતરનો આશ્રય લીધો તેટલી વીતરાગતા પ્રગટ થશે. અને પૂર્ણ નિશ્ચય નહિ હોય ત્યાં જેટલો પર ઉપર આશ્રય જશે એટલો વ્યવહાર બંધનું કારણ ઉત્પન્ન થશે. બે વાત છે. ગોઠે ત્યાં જા. આહા..હા..! સમજાણું કાંઈ?

માર્ગ બાપા આ તો અલૌકિક અનંતકાળે નહિ થયેલી ચીજ. એ કાંઈ સાધારણ... આહા..હા..! એને હજી તો વિશ્વાસમાં બેસવું (કઠણ પડે છે). પર્યાયમાં એને વિશ્વાસ બેસે તો વહાણ તરે. કે વસ્તુ આવી પૂર્ણ... પૂર્ણ... પણ એકલું સત્ત્વ જ છે શુદ્ધ અને પૂર્ણ શુદ્ધ છે એ પૂર્ણ વીતરાગતાથી ભરેલી ચીજ છે અને પૂર્ણ વીતરાગતા કહો કે ચારિત્ર કહો કે અકષાયભાવ કહો. અકષાયભાવથી ભરપૂર પડેલો આત્મા છે. એમ વીર્ય પણ પૂર્ણ બળથી સંપન્ન એ આત્મા છે. આહા..હા..!

એવો તે '**સ્વભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને,...**' એ પર્યાયની વાત આવી. સ્વભાવિક બળસંપન્ન એ વસ્તુ થઈ. આહા..હા..! '**એવો તું આળસ તજીને,...**' ઓહો..હો..! સંતોની વાણી. '**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને...**' સાધારણ પણ નહિ એમ કહે છે. આહા..હા..! ચોથા ગુણસ્થાનમાં સમતા પ્રગટ થાય, પણ એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવ પૂરતી સમતા. આ તો વિશેષ લેવું છેને? પ્રત્યાખ્યાનનું લેવું છેને? ચારિત્રનું લેવું છેને? આહા..હા..! '**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવી...**' એટલે વીતરાગ પરિણતિ. આહા..હા..! એને સ્મર અને પ્રગટ કર. આહા..હા..! આળસને છોડીને વીતરાગતા પ્રગટ કર. કેમકે તું અનંતબળનો સંપન્ન ભગવાન છો. એમાંથી પ્રવાહ આવશે તને. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! એકલો વીતરાગ રસ, પૂર્ણ વીતરાગરસ કે જેને આશ્રયે થોડી વીતરાગદશા પ્રગટ થાય. પૂર્ણ વીતરાગ પર્યાય પ્રગટ થાય તોપણ એથી અનંતગુણી વીતરાગતા અંદર ભરી છે. આહા..હા..! અનંત આનંદ પ્રગટ થાય તોપણ એ અનંત આનંદની પર્યાયમાં તો અનંતમો ભાગ આવ્યો છે. અનંત આનંદનો સાગર પ્રભુ છે. જેને આશ્રયે પ્રગટ થાય પૂર્ણાનંદ તોપણ એ અનંતમા ભાગે આનંદ આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપા! આહા..હા..!

'**અજ્ઞાનમંત્રી સહિત...**' હવે એ સમતારૂપી કુળદેવીને વીતરાગ પરિણતિ પ્રગટ કરીને '**અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા...**' આહા..હા..! '**આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.**' સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર. એ ત્રિકાળ આનંદનો નાથ એમાં એકાગ્ર થઈને જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું એવા સમ્યગ્જ્ઞાન ચક્રને શીઘ્ર ગ્રહણ કર, શીઘ્ર ગ્રહણ કર. વાયદો ન કર

કહે છે. આહા..હા..! પછી કરશું. પછી કરશું. થોડુંક આ કરી લઈએ દુકાનના ધંધા. છોડ્યું-બોડ્યું કુંવારી હોય તો સરખાઈને પરણાવીએ નહિતર છોકરા સરખું નહિ કરે. છોકરાને સરખા પરણાવી દઈએ. સાસરા સારા મળે, વહુ સારી મળે. આહા..હા..! ભાઈ! રહેવા દે, બાપા! આ જે કરવાનું છે એ શીઘ્ર કરને, ભાઈ! એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! શું સંતોના બાણ માર્યા છેને! પ્રભુ! તું આત્મરામ છોને, નાથ! આહા..હા..! તારી રમતું આત્મામાં હોય કે પ્રભુ! તારી રમત રાગમાં હોય? રાગમાં રમે એ તો રાવણ છે. આત્મામાં રમે એ રામ છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતે શીઘ્ર ગ્રહણ કરે અને બીજાને કરાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વસ્તુની સ્થિતિ જે હોય એ વાત કહેને. પોતે જાતે કર્યું છે એ બતાવે છે. આહા..હા..!

સમતા વીતરાગતા પ્રગટ કરવા માટે ત્રિકાળી વીતરાગતા ભરી છે ભગવાન આત્મામાં એનું તું શરણ લે અને એની દશાને પ્રગટ કર. એ જ્ઞાનચક્ર એ આત્મચક્ર. જ્ઞાનચક્ર એટલે રાગ નહિ એમ. આત્મચક્ર એ જ્ઞાનચક્ર એમાં જ્ઞાન, દર્શન બધું આવી ગયું. એવા જ્ઞાનચક્ર વડે આહા..હા..! અજ્ઞાન મંત્રીને અને મોહરૂપી ભાવને નાશ કર, ભાઈ! આહા..હા..! થોડી લીટીમાં કેટલું કહ્યું છે! આવી વાત છે. ભાઈ! તું ભગવાન પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છો. આહા..હા..! તારી આળસને લઈને ભગવાન રહી ગયા છે તને. 'નયનને આળસે રે મેં દીઠા ન નયણે હરિ.' આહા..હા..!

**'અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર...'** ત્રિકાળ આનંદનો નાથ, અનંત બળનો સંપન્ન પ્રભુ એવું જે જ્ઞાનસ્વરૂપ એનું એમાં એકાગ્ર થઈને જ્ઞાનચક્ર કાઢ. દર્શન, ચારિત્ર, વીતરાગતા વગેરે બધી. આહા..હા..! એવા ચક્રને શીઘ્ર ગ્રહણ કર. એ ચક્રવર્તી ચક્રથી મારે છે ઓલાને. શું કહેવાય એ? સામો એનો વેરી હોયને. આ વાસુદેવ, પ્રતિવાસુદેવ. પ્રતિવાસુદેવ. આમ ચક્ર ફેંકે, જાવ. એમ આ પ્રતિવાસુદેવ જ્ઞાન એ મોહને ... આહા..હા..! એને હે આત્મા! ભગવાન! તારામાં બધું પડ્યું છે. પૂર્ણ પડ્યું, ભાઈ! તને વિશ્વાસ આવતો નથી. કારણ કે પર્યાયમાં રમતું કરી છેને અનાદિની. આહા..હા..! ભગવાન અંદર પડદે પડ્યો રહ્યો. અજ્ઞાનને પડદે અંદર ઢંકાઈ ગયો. આહા..હા..! ત્રણલોકનો નાથ જેમાં સિદ્ધપણાની પર્યાયો અનંતી પડી છે. આહા..હા..! ભાઈ! તું અનંતબળ સંપન્ન છો.. બળિયો થઈને, આળસ છોડીને જ્ઞાનચક્રને ગ્રહણ કરીને અજ્ઞાનમંત્રી સહિત મિથ્યાત્વાદિ, રાગાદિને વેરીને નાશ કર, તને વીતરાગતા આવશે. આહા..હા..! તને સમતા કુળદેવી પ્રગટ થશે. કુળદેવી પ્રસન્ન થશે તને. આહા..હા..! આવી વાત મૂળની એવી લાગે લોકોને. બહારનું કાંઈક આ કરવું અને આ કરવું એમાં સૂઝ પડી જાય, પણ આ અંદરમાં છે એમાં કરવું ઈ તો એને સૂઝતું નથી. આહા..હા..!

જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એ જ્ઞાનચક્ર વડે કરીને અજ્ઞાન અને મોહનો નાશ કરીને કેવળજ્ઞાન અને અનંત આનંદનો પામ્યા, આહા..હા..! તો તું આટલું તો કર હવે કહે છે. અનંતબળ સંપન્ન ભગવાન આત્મા એને સંભાર, એને યાદ કર, એને યાદ કરતા વીતરાગનું સ્મરણ તને આવશે. વીતરાગની સ્મૃતિ તને પ્રગટ થશે. આહા..હા..! એથી જ્ઞાનચક્ર એટલે ત્રિકાળી ભગવાનને જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદના ચક્ર વડે. એ જ્ઞાનચક્ર કહેવાય. આત્માના અનંતગુણની પરિણતિનું ચક્ર એ જ્ઞાનચક્ર અને રાગાદિ તે અજ્ઞાનચક્ર. સમજાણું કાંઈ? આહા..હા..! **'ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'** .. શીઘ્ર. ત્રીજી લીટી? **'मिदमङ्ग गृहाण तूर्ण'** બરાબર છે.

હવે આ ચોથું. **'વળી (આ ૧૦૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—'**

(वसंततिलका)

**मुक्त्यङ्गनालिमपूनर्भवसौख्यमूलं।**
**दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तिम्।**
**संभावयामि समतामहमुच्चकैस्तां**
**या संमता भवति संयमिनामजस्त्रम्।।१४०।।**

આ તો બીજો શ્લોક છે. **'જે (સમતા) મુક્તિસુંદરીની સખી છે,...'** આહા..હા..! **'खामेमी सव्वे जीवा सव्वे जीवा खमंतु मे।'** એ આ. પૂર્ણાનંદની દશા જે મુક્તિ એની આ સમતા એની સખી છે. વીતરાગ પરિણતિ સમતા એ એની સખી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ, એ ત્રણે વીતરાગદશા છે. એ વીતરાગદશા મુક્તિરૂપી સુંદરી એની એ સખી છે. આહા..હા..! એનો તને ભેટો કરાવશે. પૂર્ણ આનંદની પર્યાયરૂપી મુક્તિને સમતારૂપી સખી તને ભેટો કરાવશે. આહા..હા..! એનું ફળ એ મળશે. આ ચાર ગતિના રખડવાના ભવમાં ભમી રહ્યો છો એ અજ્ઞાન અને રાગને લઈને. સમજાણું કાંઈ? એ અહીં સમતા જ્ઞાન અને વીતરાગતા. આત્માનું જ્ઞાન અને આત્માની સમતા વીતરાગ પરિણતિ એ મુક્તિસુંદરીની સખી છે.

**'જે મોક્ષસૌખ્યનું મૂળ છે,...'** એ વીતરાગ પરિણામ સમતા એ ત્રિકાળ આત્માને આનંદને આશ્રયે જે સમતા વીતરાગતા પ્રગટે એ મોક્ષનું મૂળ છે. મોક્ષસુખનું મૂળિયું એ છે. આહા..હા..! **'જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને...'** દુર્ભાવના (અર્થાત્) અજ્ઞાન અને રાગની જે ભાવના એવો જે અંધકારના સમૂહને **'માટે ચંદ્રના પ્રકાશ સમાન છે...'** આહા..હા..! ચંદ્રનો જેમ સોળ કળાએ પ્રકાશ ખીલે તો અંધકાર રહે નહિ. ચંદ્ર લીધો છે. શીતળ છાયા લેવી છેને અહીં? સમતા લેવી છેને. સૂર્ય ખીલે તો જરી આતાપ આપે. ચંદ્ર ખીલતા શીતળતા થાય. આહા..હા..! **'દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે**

**ચંદ્રના પ્રકાશ સમાન છે...**' આહા..હા..! કોણ? વીતરાગ પરિણતિ. સમતાના અમૃતરસને પ્રગટ કર, ભાઈ! આહા..હા..! રાગ અને અજ્ઞાનના અંધકારને ઝેરને છોડ. આહા..હા..! સમજાણું કાંઈ?

માણસને આવું નિશ્ચય જે સત્ય છેને. ન પકડાય એટલે પછી એ નહિ... એ નહિ... એનું સાધન કહોને, સાધન કહો, પણ સાધન જ આ છે. એ સાધન બીજું કોણ સાધન? આહા..હા..! સાધન નામનો તો ગુણ ભર્યો છે એમાં. એને આશ્રયે સાધનદશા પ્રગટ થાય છે. આહા..હા..! બેસવું કઠણ વાત. કારણ કે સાંભળવા મળે નહિ. કોઈ દિ' એને ... ચડ્યો નથી ઘરે. આહા..હા..! આ તે શું ચીજ છે? આહા..હા..! સત્તાનો શોરબકોર આવે છેને ઓલા સમયસારમાં? હોવાપણાનો શોરબકોર છે. ભગવાન! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંતગુણનો શોરબકોર છે. એનાથી સત્તા છે એની. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છે સમયસારમાં એવું. જ્યાં હોય ત્યાં સત્તાનો શોરબકોર છે... છે... છે... એમ. એમ ભગવાન આત્મા પણ અનંત આનંદથી છે, અનંત જ્ઞાનથી છે, અનંત શ્રદ્ધાથી છે. શક્તિરૂપ હોં ત્રિકાળ. અનંત પ્રભુતા રૂપે છે, અનંત શાંતિ રૂપે છે, અનંત વીર્ય રૂપે બળપણે છે. આહા..હા..! અનંત-અનંત રાગને છોડીને નિર્મળ પરિણામને કરે એવો અનંત કર્તાપણે છે. આહા..હા..! જ્ઞાનનું કર્મ એવા અનંતપણે ગુણ-સત્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે સંયમીઓને નિરંતર સંમત છે,...**' આહા..હા..! આત્મદર્શનપૂર્વક જેને ચારિત્ર દશા સમતા જેને દ્રવ્યને આશ્રયે પ્રગટ થઈ છે તેવા સંયમીઓને વીતરાગતા સંમત છે. વ્યવહાર રાગાદિ આવે એ સંમત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! '**સંયમીઓને નિરંતર સંમત છે,...**' કેમકે જેને ત્રણ કષાયનો અભાવ કરી અને જેને ચારિત્રરૂપી પ્રત્યાખ્યાન પ્રગટ કર્યું છે, સદા નિરંતર તેને આ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સંયમીઓને નિરંતર સંમત છે,...**' માન્ય છે. '**તે સમતાને હું અત્યંત ભાવું છું.**' આહા..હા..! એવી વીતરાગ પર્યાયને પ્રગટ કરવાની મારી ભાવના છે તેને ભાવું જ છું હું તો. આહા..હા..! મારો પૂર્ણ સ્વભાવ એમાં જ મારી એકાગ્રતા છે, કહે છે. રાગાદિમાં એકાગ્રતા નથી. આહા..હા..! જુઓ, આવું ચારિત્ર... લોકોને આ ન બેસેને એટલે પછી બહારથી આ રસ્તો છે ... આ રસ્તો છે. ધૂળેય નથી, ભાઈ! મોક્ષના માર્ગના પંથ તો આત્માને આશ્રયે પ્રગટ થાય, પરને આશ્રયે થાય નહિ. આહા..હા..!

'**તે સમતાને હું અત્યંત ભાવું છું.**' એમ ભાષા જોઈ? આહા..હા..! મારો વીતરાગ સ્વભાવ.. એટલે શું, ભાઈ? વીતરાગ અકષાયસ્વભાવથી ભરપૂર પ્રભુ આત્મા (છે) એના તરફની મારી ભાવના છે. આહા..હા..! એ ભાવના નિરંતર કરું છું, કહે છે. આહા..! સમજાણું કાંઈ? ધર્મીને નિશ્ચય દ્રવ્યનો આશ્રય ક્ષણ પણ છૂટતો નથી. સંયમીને પણ દ્રવ્યનો આશ્રય એક સમય પણ છૂટતો નથી, એમ કહે છે. આહા..હા..! મોટાની ઓથે ગયો છું, કહે છે

કે એની અત્યંત મારી ભાવના એ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઓલામાં આવ્યું હતુંને સંવર અધિકારમાં, નહિ? 'ઉપયોગમાં ઉપયોગ છે.' આહા..હા..! ઉપયોગમાં એટલે શુદ્ધ પરિણતિમાં આત્મા છે. શુદ્ધ પરિણતિને આશ્રયે આત્મા જણાય છે, માટે શુદ્ધ પરિણતિને આધારે આત્મા જણાય છે, એ શુદ્ધ પરિણતિમાં આત્મા છે. અશુદ્ધ પરિણતિ રાગમાં આત્મા નથી. આહા..હા..!

આત્મામાં શુદ્ધ પરિણતિ છે એમ ન કહેતા... સંવર અધિકાર.. ઉપયોગમાં જે ઉપયોગ શુદ્ધ ચૈતન્યને અવલંબે પ્રગટ્યો એ ઉપયોગમાં આત્મા છે. એમાં આત્મા જણાણો કે આ આત્મા શુદ્ધ સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ પરિણતિમાં આત્મા વીતરાગ સ્વરૂપે રહેલો છે. આહા..હા..! કેમકે વીતરાગ પરિણતિ દ્વારા આ વીતરાગ છે તેમ જણાણું છે. સમજાણું કાંઈ? આ વાત ભારે, ભાઈ! એના ઘરની છે, ભાઈ! સહજ છે, સત્ છે. શ્રીમદ્ કહે છે સત્ સત્ છે, સત્ સર્વત્ર છે, સત્ સુલભ છે. ઓલા માગવા આવે છેને તો એ એમ બોલે 'સતીયા સત્ મત છોડીએ, સત્ છોડે સત્ જાય.' શેની? 'સત્‌ની બાંધી લક્ષ્મી ફેર આવેગી જાય.' ઓલા બાવા માગવા આવે. પૈસો ... આમ. દુકાન ઉપર બહુ આવતા ત્યાં. એક ફેરી ફકિર સાથે બહુ ચર્ચા અમારે થઈ. શિવલાલભાઈએ જરી પૈસો ન આપ્યો અને કાંઈક વાંધો (પડ્યો). અંતે બાર આના આપવા પડ્યા છે. ઓલો સળગાવીને બેઠો કપડું. ફકીર હતો. આહા..હા..! બોલે આવું, પણ સમજે નહિ કાંઈ. 'સતીયા સત્ મત છોડીએ, સત્ છોડે સત્ જાય.' એમ હે સત્‌સ્વરૂપ ભગવાન આત્મા સત્પુરુષ! એ સત્‌ને છોડીશ નહિ તું.

**શ્રોતા :-** છોડવું ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પૈસા માટે બિચારા માગે. નહિતર ઓલા કરે. છરી વડે કાપે, લોહી કાઢે. પૈસો પછી આપે એને અડાડી દે. પૈસો આપે એને અડીને છાપરા ઉપર નાખી દે. અરે..! એવું છે કે નહિ? મુંબઈમાં તો ત્યાં ક્યાં માગવા આવતા હતા. ગામડામાં આવે. આહા..હા..!

અહીં કહે છે કે હે સત્પુરુષ પ્રભુ! આહા..હા..! તારું સત્ તો પરિપૂર્ણ શક્તિથી ભરેલું પરિપૂર્ણ ગુણથી ભરેલું. એવા સત્‌ને શરણે જા. સત્‌ની પ્રતીત છોડીશ નહિ તું. આહા..હા..! તને અંદર વીતરાગતાનો આનંદ આવશે, તને શાંતિ મળશે. આહા..હા..! એથી હું સમતાને જ ભાવું છું, કહે છે. વીતરાગ સ્વરૂપી ભગવાન અને એની ભાવના એવી સમતા એને હું ભાવું છું. આહા..હા..! વ્યવહાર આવજો ને વ્યવહાર થાજો એવી ભાવના નથી મારે. આવી જાય વચમાં ભલે વિઘ્નરૂપે, મારી ભાવના તો આ છે. સમજાણું કાંઈ? એ ૧૪૦ થઈ.

૧૪૧. 'जयति समता नित्य या योगिनमपि दुर्लभा' લ્યો! ઓલા શું કહેવાય?

સેવા યોગીનાં તે દુર્લભ. એ સેવા આ આત્માની. પરની સેવા કરો એમાં નિર્માનપણું જોઈએ, દીનતા નાશ કરવી, ત્યારે સેવા (કહેવાય) એમ કરીને પરની સેવાના વખાણ કરે. આ તો સત્‌ની સેવા. પૂર્ણ બળ અને પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ અને પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતાનો ભરેલો ભગવાન એની સેવા. આહા..હા..! કહે છે...

(हरिणी)

जयति समता नित्यं या योगिनामपि दुर्लभा
निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।
परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका
मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि।।१४१।।

સર્પ કરડે અને પછી મંત્ર ભણે છેને ઓલું? એમ અજ્ઞાનરૂપી ઝેરને ઉતારવાના મંત્ર છે આ બધા. આહા..હા..!

'**શ્લોકાર્થ :- જે યોગીઓને પણ દુર્લભ છે.**' ઓલા સેવા ગૃહનો દુર્લભ છે એમ કહે છે. '**योगिनामपि दुर्लभा**' સેવાભાવી ગહનો, એમ કહે છે. ઓલાએ લખ્યું હતું એક ફેરી જુગલકિશોરે. દિલ્હીવાળા. એકલા હતા. પૈસા-બૈસા આપ્યા હતા. કેટલા? પોણો લાખ કે એવા આપ્યા અને પછી .. સેવાના યોગિનામપિ ગહન. એ સેવા નહિ, ભાઈ! પોતાના આનંદસ્વરૂપમાં જોડાણ થતાં જે સમતા પ્રગટે એ યોગીઓને પણ દુર્લભ છે. દુર્લભ છે. ન થઈ શકે એમ નહિ, પણ દુર્લભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે...**' ઓહો..હો..! નિજ પ્રભુ આત્માની સન્મુખ એવું જે સુખ એના સાગરમાં ભરતી, બાઢ '**લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે,...**' ભાષા કેવી! દરિયામાં ભરતી આવે ત્યારે પૂર્ણ ચંદ્ર હોય ત્યારે ભરતી આવે. પૂનમને દિ' બહુ ભરતી હોય. દરિયો ઉછળે બહુ આ મુંબઈ. એમ.. આહા..હા..! '**નિજાભિમુખ...**' નિજ અભિમુખ. ભગવાન આનંદની સન્મુખ એવો જે સુખનો સાગર એવા '**ભરતી લાવવા માટે...**' બહાર પર્યાયમાં આનંદ અને સુખ લાવવા માટે '**પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે,...**' એ સમતા. આહા..હા..! વીતરાગતા એ ચારિત્રદશા. આહા..હા..! લોઢાના ચણા ચાવવા બાપા એ કાંઈ... એવી વાતું કરે બધા. એ દાખલો જ ખોટો છે. ચારિત્ર એવું છે જ નહિ. ચારિત્ર કહો, પ્રત્યાખ્યાન કહો, સમતા કહો, વીતરાગ પર્યાય કહો, એ તો '**પરમ નિજાભિમુખ...**' નિજ અભિમુખ સુખનો સાગર એની ભરતી લાવવા માટે પર્યાયમાં એ સમતા પૂર્ણ ચંદ્રની સમાન છે. આહા..હા..! અકષાયભાવ, વીતરાગભાવ સ્વદ્રવ્યને ધ્યેયે જે પ્રગટ થાય એ વીતરાગભાવ. આહા..હા..! સુખના સાગરની ભરતી લાવવા માટે ચંદ્ર સમાન છે. સમજાણું કાંઈ?

'**જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે...**' આહા..હા..!

પરમ સંયમી ચારિત્રવંત આત્માના આનંદની રમણતારૂપ ચારિત્ર એવી જે વીતરાગતા એ પરસંયમી દીક્ષારૂપી સ્ત્રી એના મનને વહાલી સખી છે. આહા..હા..! દીક્ષારૂપી સ્ત્રીને એ વીતરાગતા વહાલી છે, કહે છે. રાગ વ્હાલો નથી એને. આહા..હા..! આવી બધી ભાષા! એમ કરીને પછી કાઢી નાખે. એ તો ઉંચા દરજ્જાની વાત છે. એ તો ઉંચા દરજ્જાની છે એમ કરીને કાઢી નાખે. હજી બાપા! આ તો પહેલો માર્ગની શરૂઆત જ અહીં થાય છે. વસ્તુનો સ્વભાવ એમાંથી પ્રગટેલી વીતરાગતા એ જ પોતે ઉત્કૃષ્ટ સમતા અને શાંતિ છે. આહા..હા..! એ આનંદની ભરતી લાવવા માટે વીતરાગતા જ બસ છે. રાગથી આનંદની ભરતી ન આવે, રાગથી તો ઘટી જાય ભરતી. આહા..હા..!

'**પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે...**' દીક્ષારૂપી સ્ત્રી એના મનને એ વીતરાગતા વ્હાલી છે, સમતા વ્હાલી છે, મોક્ષમાર્ગની પર્યાય વ્હાલી છે. આહા..હા..! આવું છે. ઓલા તો દીક્ષા લીધી અને બાયડી, છોકરા છોડ્યા. ફલાણું થયું એ થઈ ગઈ દીક્ષા. હવે દીક્ષા થઈ તો મોક્ષ આપશે. ધૂળેય નથી. દખીયા છે એ બધી. દખીયા લીધી દખીયા. દીક્ષા તો જેને આત્માના આનંદનો સાગર ઉછળે છે અંદર. ચારિત્ર એ સુખસાગરને લાવવાની ભરતીનું કારણ ચારિત્ર છે. એ ચારિત્ર કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને જે મુનિવરોના સમૂહનું...**' સંતોના ટોળાને '**તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે,...**' મુનિવરોના ટોળાનું એ સમતા ચારિત્ર એ આભૂષણ છે. આહા..હા..! કેટલા વિશેષણો વાપરે છે, જુઓ! ઈ એનો શણગાર છે. આ નાહીને પહેરે છેને બધે અહીં લટકાવે અને અહીં લટકણ. મડદાને લટકાવે. આ તો ચૈતન્ય જ્યોતને શણગાર છે સમતા, એમ કહે છે. આહા..હા..! '**મુનિવરોના સમૂહનું...**' સંતોના સમૂહને. આને સંતો કહીએ. ઓલો કોક કહેતો હતોને, આંકડો નહિ મળે. નહોતો કહેતો કોક? આટલા કરોડ સાધુ છે. અરે..! ભાઈ! શું કરવું છે તારે ...? ભાઈ એમ કહેતા હતા તારાચંદભાઈ, વીરજીભાઈના બાપ. પણ આંકડો શાસ્ત્રમાં નથી લીધો. ચારિત્રનો આંકડો આપણે .. તો નહિ મળે. એ તો બધા હવે.. તારે કામ શું છે બહારનું? છે તે છે. હંસલા છે ત્યાં છે. કાગડાને હંસ મનાતા હશે? આહા..હા..! અને જે ક્ષેત્રમાં એવા પણ નથી એને તમે શું માનશો? અન્યમતિના સાધુઓ એવા પણ કેટલેક ઠેકાણે ન હોય. તો પછી નથી એને છે કોને માનવો? એમ છે જ નહિ, ભાઈ!

અહીં તો મુનિના ટોળાને ત્રણલોકનું, '**ત્રણલોકનું પણ અતિશયપણે આભૂષણ છે,...**' વીતરાગતા, સમતા, ચારિત્ર, પ્રત્યાખ્યાન એ ત્રણ લોકમાં આભૂષણ છે. આહા..હા..! આ મડદાને આમ નાખે, દાગીના ચોડ્યા, આ ચોડ્યા, ફલાણા એ તો મડદાને (ચડાવ્યા). મરી ગયેલું મડદું છે આ તો. આ તો ચૈતન્યનો શણગાર. આહા..હા..! '**આભૂષણ છે,...**' પાછા

'**અતિશયપણે આભૂષણ...**' હોં! '**મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણલોકનું પણ અતિશયપણે...**' ત્રણલોકનું પણ અતિશયપણે આભૂષણ છે '**તે સમતા સદા જયવંત છે.**' આહા..હા..! મુનિરાજ કહે છે, આવી સમતા મને જયવંત વર્તે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માના અવલંબે વીતરાગતા પ્રગટી છે એ જયવંત વર્તે છે. જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે સમતા... પાછી ભાષા એમ છે. આહા..હા..! મારો પ્રભુ આત્માને આશ્રયે જે શાંતિને પ્રગટ કરી છે તે શાંતિ નિરંતર વર્તે છે. આહા..હા..! કોઈ વખતે શાંતિ અને કોઈ વખતે અશાંતિ એમ નહિ, એમ કહે છે. આવ્યું હતુંને ઓલામાં. કોઈ વખતે મલિન દેખાય. એ તો દેખવાના-જાણવાની અપેક્ષાએ વાત છે. પણ અહીં તો સમતા વીતરાગ પ્રગટી એ તો સદાય નિરંતર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ત્રણલોકનું પણ...**' એમ. એટલે શું? મુનિના સમૂહનું તો છે, પણ ત્રણલોકનું પણ અતિશયપણે આભૂષણ છે. આહા..હા..! '**તે સમતા...**' વીતરાગતા, પ્રત્યાખ્યાનસ્વરૂપ ચારિત્ર '**સદા જયવંત છે.**' આહા..હા..! અમને એ જયવંત વર્તે છે, કહે છે. ...ભાઈ! જુઓ, આ સાધુ. મુનિરાજ છે આ. પંચમ આરાના મુનિરાજ છે, આચાર્ય નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુર્લભ છે એટલે અશક્ય નથી, પણ દુર્લભ છે એમ કહે છે. પુરુષાર્થ ઘણો માગે છે એમ કહેવું છે. એમ કરીને નથી એમ નહિ. ઘણો પુરુષાર્થ છે ત્યાં એમ કહે છે. આહા..હા..! જે અંતરના સ્વરૂપમાં ઢળી ગયા છે... આહા..હા..! અંતરને પડખે, પર્યાયને પડખે હતા એ દ્રવ્યને પડખે ચડી ગયા છે. આહા..હા..! એની ઓથુંમાં ભગવાન વર્તે છે. એવી ચારિત્રદશા આહા..હા..! જયવંત વર્તે છે! અકષાય પરિણમન છે એમ કહે છે. કો'કને થાશે ત્યારે છે એમ નહિ. આહા..હા..! અમને એ સમતા જયવંત વર્તે છે. આહા..હા..! ત્રિલોકના નાથને આશ્રયે જે અમને ચારિત્ર પ્રગટ્યું છે, જે શાંતિ અને આનંદ પ્રગટ્યો છે એ છે, જયવંત છે અને એમ ને એમ જયવંત રહેશે. આહા..હા..! એમ આત્માના અનુભવની કોલકરારે આ વાત કરે છે. આ પંચમ આરાના મુનિ એમ કહે છે. આહા..હા..! પાંચમો હોય કે ચોથો, એને આરો ક્યાં હતો ત્યાં અંદર? આહા..હા..! ૧૦૪ થઈ.

૧૦૫. '**જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય એવા જીવના સ્વરૂપનું આ કથન છે.**' જે જીવ સાચા પ્રત્યાખ્યાનને લાયક હોય, ચારિત્રને લાયક હોય, સંયમને લાયક હોય, અતીન્દ્રિય આનંદની ભરતી લાવવાને લાયક હોય... આહા..હા..! એવા જીવના સ્વરૂપનું આ કથન છે.

णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।
संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।

આહા..હા..! સંસાર ભયથી ડર્યા છે મુનિઓ. આહા..હા..! કાળો નાગ દેખીને જેમ ભાગે

એમ રાગથી ભાગ્યા છે એ, કહે છે. આહા..હા..! પ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરવી છે. **संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।**

એને પ્રત્યાખ્યાન સુખે સુખે હોય છે.

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

આવા જીવને પચ્ચખાણ સુખરૂપ અને સાચું હોય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ-૧૫, રવિવાર, તા. ૧૯-૧૦-૧૯૭૫
## ગાથા-૧૦૫, કળશ-૧૪૨, પ્રવચન નં. ૬૭

૧૦૫ ગાથા, નિશ્ચય-પ્રત્યાખ્યાન. સાચું પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના-ત્રણ પ્રકાર પાડ્યા છે, છતાં છે એ ચારિત્રના જ પ્રકાર. જે આત્મદર્શનસહિત **'સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે,...'** આ પ્રત્યાખ્યાનને લાયક આ જીવ છે. **'સમસ્ત કષાયકલંક...'** એ સંજ્વલનનો ભાગ છે એને અહીં ગણ્યો નથી. જેને અંતર આનંદસ્વરૂપમાં જેટલું અકષાયભાવનું પરિણમન છે એ સમસ્ત કષાયકલંક છે એવો જે કાદવથી વિમુક્ત છે. આહા..હા..! કષાયકલંક. કલંક છે ઈ. આહા..! પુણ્ય કલંક. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો ઉઠે એ પણ કલંક છે. રાગ છેને. ભગવાન આત્મા રાગરહિત પોતાના શુદ્ધ સ્વભાવમાં જેની રમણતા ઉગ્રપણે છે એ સર્વ કષાય કાદવના કલંકથી વિમુક્ત છે. આ પ્રત્યાખ્યાનને યોગ્ય છે, એમ કહે છે. એને પ્રત્યાખ્યાન હોય, ચારિત્ર હોય. આહા..હા..! એક વાત.

**'સર્વ ઈન્દ્રિયોના...'** ઓલામાં સમસ્ત કષાય લીધો હતો, હવે અહીં **'સર્વ ઈન્દ્રિયોના...'** પાંચેય ઈન્દ્રિયના વેપાર તરફથી ખસી ગયો છે. (એના) ઉપર વિજય મેળવ્યો છે. આહા..હા..! અણીન્દ્રિય એવો આત્મા એના વેપારમાં રમતાં ઈન્દ્રિયના વિષયનો જેણે વિજય મેળવ્યો છે. આહા..હા..! એવો **'દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે,...'** **'જેણે પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે,...'** દાન્ત (અર્થાત્) જેણે ઈન્દ્રિયોનું દમન કર્યું હોય. જેણે ઈન્દ્રિયોને વશ કરી હોય તેવો. આ બહારથી બ્રહ્મચર્ય પાળે એથી ઈન્દ્રિયને વશ કરી છે એમ નથી. અહીંયાં તો ઈન્દ્રિય તરફનો જે વિકલ્પ ઉઠે છે એનાથી પણ રહિત થઈને અણીન્દ્રિય સ્વરૂપમાં રમે

છે તે પ્રત્યાખ્યાનને લાયક જીવ છે. આહા..હા..! બે (વાત થઈ).

'**સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે, સર્વ ઈન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો...**' એટલે કે આત્મા અણીન્દ્રિય સ્વરૂપમાં જેની રમત જામી ગઈ છે. આહા..હા..! આનંદસ્વરૂપમાં જેની રમતું (થઈ છે), આતમરામ જેની આનંદમાં રમતમાં લીન થઈ ગઈ છે. આહા..હા..! ભારે ભાઈ! વીતરાગમાર્ગ શું ચીજ છે એમ ઓળખવો કઠણ છે. આહા..હા..! અહીં તો સાધારણ કાંઈક સમ્યક્ પણ ન મળે અને અણુવ્રતધારી એવા મોટા સંઘ.. સ્થાપે છે. જાણે પચ્ચખાણ એને બાર વ્રતના હોય એવા. શેના? સંઘ કરે છેને. અણુવ્રત આંદોલન. શેના પણ અણુવ્રત? આહા..હા..! ભારે ભાઈ! માર્ગ એવો ઊંધો કરી નાખ્યો છે. જેને હજી અંદર આત્મા વિકલ્પ વિનાનો, રાગની કણ દશા વિનાનો નિર્વિકલ્પ ચૈતન્ય એવી અંતર દૃષ્ટિ અનુભવની થઈ નથી, જેને નિર્વિકલ્પ ચૈતન્ય એકરૂપ શુદ્ધ સ્વભાવ એનો આશ્રય અને આદેય કરીને જેને આનંદની દશાનો સ્વાદ આવ્યો નથી... આહા..હા..! અનાદિથી કર્મ અને કર્મફળ ચેતનાનો સ્વાદ છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ? રાગનો, વિકલ્પનો, પુણ્ય, દયા, દાન, વ્રતાદિ કે કામ, ક્રોધ એનો એ સ્વાદ છે અનાદિથી.

જ્ઞાનીને આત્માનો સ્વાદ પહેલો હોય છે. આહા..હા..! જ્ઞાનચેતના જેને પ્રથમ હોય છે. જ્ઞાનચેતના એટલે વસ્તુ જ્ઞાયકસ્વરૂપમાં એકાગ્રતાનો સ્વાદ જેને હોય છે. આહા..હા..! ત્યારે તો એ હજી સમ્યગ્દૃષ્ટિ છે. એ પણ હજી પ્રત્યાખ્યાનને યોગ્ય ત્યારે કહેવાય (કે) સકળ કષાયના કાદવથી, કલંકથી મુક્ત થાય અંદર. આહા..હા..! '**સમસ્ત ઈન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી જેણે...**' દાન્ત છે. દાન્ત-દમીલ છે. ઈન્દ્રિયોને દમી છે, વિજય મેળવ્યો છે. આહા..હા..! અને '**સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી...**' કષાયમાં સમર્થ શબ્દ હતો, ઈન્દ્રિયોમાં સર્વ હતો, પરિષહમાં સકળ (શબ્દ) કર્યો છે. આહા..હા..! '**સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે,...**' નિજ વીર્યગુણ—શૂરવીરગુણ પ્રાપ્ત કર્યો છે. જેણે પરિષહ જીત્યો છે. ચાહે તો એને ક્ષુધા હોય, તૃષા હોય, તૃષાનો પરિષહ હો, અપમાનનો હોય, માનનો હોય, એ પણ એક પરિષહ છે. આહા..હા..! અંતરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદમાં જેણે પરિષહોને જીત્યા છે એવો શૂરવીર છે. આહા..હા..! પોતાના સ્વભાવમાં પુરુષાર્થ ફોરવવાને શૂરવીર છે. આ શૂરવીર તો કહેને લોકો, બીજાને લડેને, હણે બીજાને. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મા અતીન્દ્રિય આનંદના અનુભવમાં જેને પરિષહનું જીતવું થયું છે. આહા..હા..! પરિષહ એને જીતી નથી જતો. અનુકૂળતા, પ્રતિકૂળતા એને ખેંચી નથી જતી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ!

'**નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત...**' આહા..હા..! નિશ્ચય-પરમ-તપશ્ચરણ એટલે સ્વરૂપની ચારિત્ર રમણદશામાં ઉગ્ર પુરુષાર્થથી જે શુદ્ધભાવમાં રત છે. શુભાશુભભાવ નહિ, શુદ્ધભાવમાં નિરત છે, રત છે, તત્પર છે, પરાયણ છે, લીન છે. '**શુદ્ધભાવ જેને વર્તે છે...**' આહા..હા..!

હજી તો અહીંયાં શુભભાવને ધર્મ અને (ધર્મની) ક્રિયા માને. ધર્મ. વ્રતના, દયા, દાનના ભાવ એ ધર્મ છે. આહા..હા..! એમ માનનારને તો હજી મિથ્યાદષ્ટિપણું વર્તે છે. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે, જેને શુભ અને અશુભભાવરહિત જેવો શુદ્ધ સ્વભાવ ચૈતન્યનો છે તેવો જ જેણે પરિણામમાં શુદ્ધભાવમાં રતપણે પ્રગટ કર્યો છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! અહીં તો એક વ્રત લીધું મિથ્યાદષ્ટિપણે (અને માને કે) અમે વ્રતધારી છીએ. અરે! ભાઈ! વ્રતધારીની કિંમતું છે મોટી. એમાં પુરુષાર્થની કિંમત ભરવી પડે છે. સમજાણું કાંઈ?

કહે છે '**નિશ્ચય-પરમ-તપશ્ચરણ...**' એટલે સાધુ, ચારિત્રપદ. તપશ્ચરણ છેને સાધુ? તપકલ્યાણક કહેવાય છેને? સાધુને તપકલ્યાણક કહેવાય છેને? એ સાધુ એટલે ચારિત્રનું તપ. સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર એવી જે તપસ્યા એમાં નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે. આહા..હા..! '**અને જે સંસારદુઃખથી ભયભીત છે,...**' આહા..હા..! ભવભ્રમણના કારણના પરિણામથી તો એ બીવે છે, ડરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને પહેલું, કહ્યુંને. ગણ્યું નથી અહીં. એ કહ્યું હતું. કહ્યું હતું એ વખતે મેં કે સંજ્વલનને અહીં ગણવામાં નથી આવ્યો. એ કહ્યું હતું. એ કહ્યું હતું એ વખતે. એ ખ્યાલ હોય છે કે નહિ? કહ્યું હતુંને. ખબર છેને. એ સમસ્ત કષાયનો અભાવ જ છે જેને. રાગ છે એ પણ એક જાણવાલાયક રહ્યો, એમાં પોતે ભળતો નથી, એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત. ચારિત્ર એટલે,.. હજી તો સમ્યગ્દર્શન કેમ થાય એની ખબરું ન મળે, સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે અને અમે ચારિત્ર અને વ્રતધારી થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત, ભાઈ! પોતાના હિતને માટે આ વાત છે. સમજાણું કાંઈ?

કહે છે '**સંસારદુઃખથી...**' સંસાર શબ્દે સ્વર્ગ પણ સંસાર છે. સ્વર્ગ પણ દુઃખ છે. સ્વર્ગમાં પણ દુઃખ છે, આહા..હા..! સુખ નથી. સુખ તો આત્મામાં છે. સ્વર્ગના ભવથી પણ ભયભીત છે, એમ કહે છે. જોયું! આહા..હા..! નરક અને પશુ અવતાર થાય એને તો વળી લોકો ... કહે છે. અહીં તો સ્વર્ગ અને શેઠાઈ મોટા અબજોપતિ માણસ થાય અને દેવ થાય નવમી ગ્રૈવેયકનો, એવા ભવથી ભયભીત છે. આહા..હા..! આવો પ્રાણી પ્રત્યાખ્યાનને યોગ્ય છે. આહા..હા..! '**તેને (યથોચિત શુદ્ધતા સહિત)...**' આવા જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના શુદ્ધભાવ વર્તે છે તેને. એ શુદ્ધભાવ. એને એવા શુદ્ધતાના સ્વભાવસહિત '**વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે.**' ચાર આહારનો ત્યાગ એ વ્યવહાર છે. એક વખત આહર કરીને પછી ત્યાગ કરે છેને? ચાર આહાર, ચોવીસ કલાક નહિ, અડતાલીસ કલાક નહિ. પણ આવા શુદ્ધતા જેને દષ્ટિ, સમ્યક્ અને ચારિત્ર પ્રગટ્યું છે અને એના શુદ્ધભાવમાં લીન છે એવા જીવને શુદ્ધતાસહિત ચાર આહારનો ત્યાગ

તે વ્યવહારપ્રત્યાખ્યાન છે. નિશ્ચયપ્રત્યાખ્યાન તો અંદર સ્વરૂપમાં લીનતા તે નિશ્ચયપ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ?

**'પરંતુ (શુદ્ધતા વિનાનું)...'** જેને હજી શુદ્ધ સમ્યગ્દર્શન નથી અને શુદ્ધતાની સ્થિરતાનું ચારિત્ર જ્યાં નથી એવા **'વ્યવહારપ્રત્યાખ્યાન તો કુદષ્ટિ (-મિથ્યાત્વી) પુરુષને પણ...'** હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ નવમી ગ્રૈવેયક અનંતવાર ગયોને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયકે (ગયો). દિગંબર સાધુ (થઈને) અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પાંચ મહાવ્રત પાળ્યા, શુક્લલેશ્યા. છતાં એને પ્રત્યાખ્યાન એ મિથ્યાદષ્ટિને વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારાભાસરૂપી પ્રત્યાખ્યાન કહેવામાં આવે, એને વ્યવહાર કહેવામાં આવે છે એટલું. આહા..હા..! જેને અંદર આત્મજ્ઞાન નથી, આત્મજ્ઞાન નથી, વસ્તુ છે તેનું જ્ઞાન નથી, વસ્તુ છે તેની પ્રતીતિ, ભાનમાં નથી એવા મિથ્યાત્વી જીવને વ્યવહારપ્રત્યાખ્યાન **'પુરુષને પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ વડે...'** દ્રવ્યક્ષયોપશમ.

**શ્રોતા :–** મિથ્યાદષ્ટિને ક્ષયોપશમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કીધુંને. ક્ષયોપશમ કીધું એટલું લીધું છે. રાગ મંદ પાડે છેને એટલો. સમજાણું કાંઈ? છે મિથ્યાદષ્ટિ. આ ચર્ચા અમારે બહુ થઈ ગયેલી ૮૦માં. ૮૦ની સાલમાં. રાણપુર. જયચંદજી હતાને રામજીભાઈના સસરા અને મૂલચંદજી એ વાતું નીચે કરતા હતા. ૭૯નું ચોમાસુ હતુંને તમારું લીંબડીથી આવ્યા હતા. લીંબડીથી આવ્યા હતા અમે. એ વાત કરે કે અનંતવાર જે નવમી ગ્રૈવેયક ગયો એને પણ ક્ષયોપશમભાવ હતો એ. રાગનો ક્ષયોપશમ હતો એને. એમ ચર્ચા કરતા હતા. ૮૦ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૧ વર્ષ. ઈ બેય જણા કરતા હતા. હું ઉપર મેડીએ હતો. પછી નીચે ઉતર્યો ત્યારે એ વાત કરી કે આમ છે. ખોટી વાત કીધું. એ સાચો ક્ષયોપશમ છે જ નહિ. આવો ક્ષયોપશમ છે. એય..! એમ કે સ્ત્રી, કુટુંબ છોડે, કુટુંબ ત્યાગ કરે, પરિષહ સહન કરે ભલે ઈ મિથ્યાદષ્ટિ છે પણ જેટલો રાતે આહાર ન કરે એવા પ્રત્યાખ્યાન છે ઈ? એમ કે એ ક્ષયોપશમ ભાવ છે. ખરો ક્ષયોપશમ (નથી).

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય ન થાય એ જ કહે છે. મોટી ચર્ચા ચાલતી હતી. સમજાણું? ૫૧ વર્ષ પહેલાની વાત છે. એઈ..! ૫૧ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..! આનું ચોમાસુ હતું લંબીડી. ૭૯નું. એ જીવરાજજી ત્રણ જણા હતાને? જયચંદજી. .. હતા. આ જીવરાજજી .. કાકાના દીકરા હતા અને આ છે તે ત્રણનું ચોમાસુ. એ આવ્યા હતા રાણપુર. રાણપુર હતા. અમારું ચોમાસુ હતું બોટાદ. ત્યાં આવ્યા હતા. ત્યાં ચર્ચા ચાલી હતી મોટી. એમ કે આવો ભલે રાગ જેટલો રાગ મંદ પાડે છે એટલો ક્ષયોપશમ છે. શ્વેતાંબરમાં એમ કહે

છે કે એ રાગની મંદતાનો ક્ષયોપશમ (થયો) એમાંથી ક્ષાયિક થાય. અરે! જરીક પુરુષાર્થ રાગની મંદતાનો છે એ અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ કહ્યો છે. ભાવનિક્ષેપે ક્ષયોપશમ અજ્ઞાનીને હોતો નથી. એવી વાત છે. રાજા મોટો રાજકુમાર હોય, દીક્ષા લે અને વ્યવહારપ્રત્યાખ્યાન કરે. દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. આત્માનું ભાન નથી. તો એને એ રાગની મંદતાનો પુરુષાર્થ છે એને જરી અંદર ક્ષયોપશમ કહેવામાં આવે છે. કહો, અમરચંદભાઈ! એ ખરો ક્ષયોપશમ નથી. અનાદિની જે ક્ષયોપશમ દશા એ માહ્યલો એ ક્ષયોપશમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યક્નો ક્ષયોપશમ એ તો આત્માના આનંદસહિત દશા (થાય) એને સાચો ક્ષયોપશમ હોય છે. આહા..હા..! પણ આ એક નાખ્યું લોકોને બતાવવા.

'**દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ વડે...**' જોયું! રાગની મંદતા અને કર્મ પણ કાંઈક મંદતા ઉદયની. એવા ભાવને '**ક્વચિત્ કદાચિત્ સંભવે છે.**' કોઈ વાર કથંચિત્ કંઈક એને વ્યવહારપ્રત્યાખ્યાન છે નિશ્ચય વિનાનું એમ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સાચું પ્રત્યાખ્યાન નથી, મિથ્યાદૃષ્ટિનું એ તો છે. આહા..હા..! '**તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન અતિ-આસન્નભવ્યજીવોને...**' તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન આહા..હા..! અતિ-આસન્નભવ્ય, જેની ભવ્યતા નજીક મોક્ષને માટે છે. આહા..હા..! જેને પરમાનંદરૂપી દશાની પ્રાપ્તિરૂપી મુક્તિ એની નજીક છે જેને. આહા..હા..! સંસારને કાંઠે આવી ગયો છે. એવા જીવને અતિ-આસન્નભવ્ય એમ શબ્દ વાપર્યો છે. જોયું! આહા..હા..! ભવ્યતા જેને એકદમ મોક્ષની પાકવાની તૈયારી છે.

એવા '**જીવોને હિતરૂપ છે;...**' એ નિશ્ચયપ્રત્યાખ્યાન આવા જીવને હિતકારી છે. ઓલાને કીધું ખરું, પણ હિતકારી છે એમ નહિ. કહેવામાત્ર એણે રાગની મંદતા કરી છે. બ્રહ્મચર્ય પાળે છે જાવજીવનું, હજારો રાણી છોડી છે, દુકાનના ધંધા છોડ્યા, જંગલમાં રહે, નગ્ન દિગંબર. છે દૃષ્ટિ મિથ્યાત્વ. એ રાગથી ધર્મ માને છે અને દેહની ક્રિયા મારી છે એમ માને છે. પણ અંદર રાગને કાંઈક મંદ કર્યો છેને. એને અહીંયાં ઉદયનો ઓછો ભાવ છે, અભાવ છે. એ અપેક્ષાએ અહીંયાં ક્ષયોપશમ કહ્યો છે.

**શ્રોતા :-** એ બધાને હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંતા બધા જીવોને એવું જ હોય અજ્ઞાનીને.

**શ્રોતા :-** ક્વચિત્ કદાચિત્...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે એ ક્વચિત્ જ કોકને હોય. અનાદિનો અર્થ કોઈ વખતે જ્યારે આત્માનું ભાન ન હોય એવાને કોઈ કાળે હોય એમ. અત્યારે બધી એવી વાત નથી લેવી. સારા કાળમાં સારું જ હોય એમ કહે. પણ ક્વચિત્ કોઈને અને કદાચિત્ કોઈ કાળે. ક્વચિત્ અને કદાચિત્. કોઈને કોઈ કાળે એમ બે શબ્દ છે. પણ એ મિથ્યાદૃષ્ટિ છે. એનો કાંઈ એને લાભ નથી. આહા..હા..! સ્વર્ગ મળે કાંઈક. આ ધૂળના શેઠિયા થાય આ કરોડપતિ અને

અબજપતિ ધૂળના શેઠિયા કહેવાય છેને આ બધા.

**શ્રોતા :-** ધૂળના શેઠિયા નહિ, ગામના શેઠિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગામ શેઠિયા. ગામ પણ ધૂળનું છેને. આહા..હા..!

અહીં તો હિતરૂપ તો '**નિશ્ચય-પ્રત્યાખ્યાન અતિ-આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે;...**' આહા..હા..! જેને અંતરમાં સમ્યગ્દર્શન (પ્રગટ કરીને) ચૈતન્ય રત્નને જેણે જગાડ્યો છે, આહા..હા..! એણે જેણે સ્વરૂપમાં લીનતા શુદ્ધભાવમાં રત થયો છે એને હિતરૂપ છે. આને હિતરૂપ **નથી**, ફક્ત જ્ઞાન કરાવ્યું કે આવો એક ભાવ હોય છે. હિતરૂપ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'કારણ કે **સુર્વણપાષાણ નામનો પાષાણ** ઉપાદેય છે...' સુવર્ણપાષાણ **નામનો** પાષાણ, એમ. '**જે પાષાણમાં સુવર્ણ હોય છે...**' સોનું. '**તેને સુવર્ણપાષાણ કહે છે...**' પથરામાં-પાષાણમાં સોનું હોયને ભેગું. '**અને જે પાષાણમાં સુવર્ણ હોતું નથી તેને અંધપાષાણ કહે છે.**' આંધળો પથરો. જેમાં સોનાના કણ હોતા નથી. આ ગિરનારના પર્વતો છેને ગિરનારના પથરા એમાં સોનાના કણ છે. ગિરનાર-ગિરનાર. એના પથરામાં સોનાના કણ. પણ એ સોનાના કણ એટલે-એટલા ઓછા છે કે ૧૦૦ રૂપિયાનો ખર્ચ કરે ત્યારે ૬૦ રૂપિયાના મળે. એમ કર્યું હતું એક જણાએ. એમ કે આ સોનું કાઢીએ. પણ ૧૦૦ રૂપિયા ખર્ચે તો ૬૦ મળે. પથરામાં છે જરી. ગિરનારના પથરા છેને એમાં સોનાના કણ... કણ... કણ... કાંઈક જરી. પણ એ ખરો પથરો ન કહેવાય. એ સુવર્ણપાષાણ ન કહેવાય. એ આંધળા પથરા કહેવાય. જેમાંથી સોનું નીકળે અને થોડે ખર્ચે નીકળે. પાંચ-પચ્ચીસ રૂપિયા ખર્ચે અને ૨૦૦-૫૦૦ પેદા થાય ઈ સુવર્ણપાષાણ કહેવાય. આહા..હા..! '**સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે...**' એ ઉપાદેય (એટલે) ગ્રહણ કરવાયોગ્ય છે. '**તેમ અંધપાષાણ નથી.**' આહા..હા..!

'**માટે (યથોચિત્ શુદ્ધતા સહિત)...**' જેને આત્મામાં શુદ્ધસ્વરૂપનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ થયું છે, શુદ્ધતાની દશા જેને પ્રગટ થઈ છે. પુણ્ય અને પાપના ભાવ તો અશુદ્ધ છે. વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ બધો અશુદ્ધ છે. અશુદ્ધ શુભ. હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ અશુદ્ધ શુભ, અશુદ્ધ અશુભ, પણ છે બેય અશુદ્ધ. એના રહિત જેને શુદ્ધતા પ્રગટ થઈ છે અંદર. આહા..હા..! '**(યથોચિત્ શુદ્ધતા સહિત)...**' યથોચિત્ એટલે જે ભૂમિકાને યોગ્ય. છઠ્ઠે ગુણસ્થાને એવી શુદ્ધતા પ્રગટ થઈ છે યથા-ઉચિત. જેમ યોગ્યતા જોઈએ તેટલી પવિત્રતા આનંદની દશા, શુદ્ધતા પ્રગટ થઈ છે. આહા..હા..!

અને '**સંસાર અને શરીરસંબંધી ભોગની નિર્વેગતા...**' ઉદયભાવ અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા. વૈરાગ્ય અને નિર્વેગ. '**નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે...**' લ્યો! આ નિશ્ચય પ્રત્યાખ્યાનનું આ કારણ છે. શું કહ્યું? યથા-ઉચિત શુદ્ધ જે પંચમ ગુણસ્થાનને યોગ્ય શુદ્ધતા

અને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધતા જે જોઈએ તે શુદ્ધતાસહિત અને સંસાર-શરીરસંબંધિત ભોગની નિર્વેગતા. સંસાર અને ભોગ એનાથી ખસી ગયો છે. આહા..હા..! ભોગની નિર્વેગતા છે. આનંદના અનુભવનો વેગ જ્યાં છે અંદર અને સંસારના ભોગનો જે ઉદાસ છે. આ સંવેગ-નિર્વેગ આવે છે. સંવેગ નામ આત્માના આનંદની ઉગ્રતા પુરુષાર્થ, નિર્વેગ નામ એ બાજુથી હઠીને ઉદાસીનતા. આહા..હા..! એક-એક બોલ સમજવો કઠણ પડે. એવો માર્ગ સ્વરૂપ છે, ભાઈ! આહા..હા..!

એ '**નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે...**' આવું જેને હોય એ નિશ્ચયપ્રત્યાખ્યાન હોય એમ. શુદ્ધતાસહિત શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર શુદ્ધતાસહિત અને પરથી નિર્વેગતાસહિત. સંસાર અને ભોગથી શરીરથી (નિર્વેગતાસહિત) એ નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે. આહા..હા..! સંસાર શબ્દે ઉદયભાવથી નિર્વેગતા. આહા..હા..! સ્વભાવ સન્મુખની સંવેગતા, ઉદયભાવથી નિર્વેગતા. એવા જીવને નિશ્ચયપ્રત્યાખ્યાન હોય છે.

જેને ઉદયભાવ પ્રત્યે રુચિ અને પ્રેમ છે એને તો મિથ્યાદષ્ટિને પ્રત્યાખ્યાન હોઈ શકતું નથી, એમ કહે છે. આહા..હા..! જેને પુણ્યના પરિણામ દયા, દાન પ્રત્યે પ્રેમ છે... આહા..હા..! એને પરથી નિર્વેગતા છે નહિ. જેને પુણ્ય અને પાપ પ્રત્યે નિર્વેગ વૈરાગ્ય છે, વેગ ત્યાંથી ઘટી ગયો છે આહા..હા..! અને ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ તેના તરફની ગતિનો વેગ જેને અંદર વધી ગયો છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ! માર્ગ તો આવો છે. જયંતિભાઈ! આવો માર્ગ છે આ. બ્રહ્મચર્ય લે, ચોથું વ્રત પાળીએ છીએ. વ્રત ક્યાં હતું પણ ત્યાં. વ્રતને યોગ્ય તો જેને સમ્યગ્દર્શનસહિત શુદ્ધતાની દશા વિશેષ વધી છે અને પરથી જેને વૈરાગ્ય નિર્વેગતા થઈ છે. સ્વમાં અસ્તિનો વેગ અને પરમાં નાસ્તિનો વેગ. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વ અસ્તિત્વ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ તેના પ્રત્યેનો સંવેગ છે, વેગ છે. પુરુષાર્થની એ તરફની ગતિ છે અને ઉદયભાવ પ્રત્યેનો વેગ જેને ઘટી ગયો છે. આહા..હા..! ઉદયભાવ પ્રત્યેનો પ્રવાહ જેનો પાછો ફરી ગયો છે. આહા..હા..! અને શુદ્ધ ચૈતન્યસ્વભાવ પરમાનંદસ્વરૂપ અનાકુળ આનંદસ્વરૂપમાં જેનો પ્રવાહનો વેગ વધી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને સાચું પ્રત્યાખ્યાન હોય છે.

હજી સ્વની શુદ્ધતા અને પરથી નિર્વેગતા શું કહેવાય એની સમજણ ન મળે. આહા..હા..! જેની દૃષ્ટિ અને જેનું જ્ઞાન અને જેની ચારિત્રદશા સ્વ તરફના વેગવાળી થઈ છે. આહા..હા..! હવે સ્વ શું છે એની ખબર ન મળે અને વેગ ક્યાંથી લાવે? પરમાનંદસ્વરૂપ ભગવાન સ્વતત્ત્વ તેના તરફનો પ્રવાહ એનો વેગ વધી ગયો છે આમ અને આ બાજુથી વેગ ઘટી ગયો છે. આહા..હા..! અજ્ઞાનીને સ્વ તરફનો વેગ નથી અને પર તરફનો વેગ ઘણો છે રાગાદિ વિભાવમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા જુઓને. આહા..હા..!

એ '**નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે...**' શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્યસ્વભાવ એના તરફની દૃષ્ટિ,

જ્ઞાન અને રમણતાનો વેગ વધી ગયો છે ત્યાં. આહા..હા..! અને આ બાજુથી રાગથી, ઉદયથી નિર્વેગ છે, એ બાજુનો વેગ ઘટી ગયો છે, એ જીવને નિશ્ચયપ્રત્યાખ્યાન હોય છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

જેના નિજઘર એવો આનંદ પ્રભુ તેના તરફનો વેગ વધી ગયો છે. ઉદયના વેગથી જે ખસી ગયો છે. આહા..હા..! ભાઈએ કહ્યું નહોતું એ? ઉદયસાગર ક્ષુલ્લક-ક્ષુલ્લક. આદિસાગર. બુદ્ધિ બિચારાને થોડી હતી, પણ પ્રેમ બહુ અહીંનો. ક્ષુલ્લક હતા. અહીં આવતા. પછી ભાષણ આપી, વ્યાખ્યાન આપે ગામના બધાને. એમાં ટૂંકું કહે. કે ટૂંકું શું? બહુ ક્ષયોપશમ નહોતો, પણ પ્રેમ બહુ કે માર્ગ આ સાચો છે. ગુજરી ગયા. ભીલવાડાના હતા. 'પરથી ખસ, આત્મામાં વસ એ ટૂંકું ટચ.' પછી આવતા અહીંયા. ... તે દિ' આવ્યા હતા. બીજે આવ્યા ત્યાં રખિયાલ આવ્યા હતા સાંભળવા. માર્ગ તો આ છે. એટલે ટૂંકું કહે. 'પરથી ખસ.' ખસ સમજ્યાને? 'પરથી હટ, સ્વમાં વસ, ટૂંકું ટચ.' એમ અહીં કહે છે. સ્વ તરફનો વેગ જેનો વધ્યો છે અને પરથી જે ખસી ગયો છે. આહા..હા..! કહો, આ તો ભાષા સાદી સમજાય એવી છે. ભાષા સમજાય છેને? ભાઈ! ... પન્નાલાલના દીકરા આવ્યા છે. ગુના, નહિ પન્નાલાલ? પણ અહીં તો ગુજરાતી સાદી ભાષા છે. આહા..હા..!

ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ છે, સાગર છે. એમાં જેનું વસવું, ટકવું, સ્થિર થવું થઈ ગયું છે. રહ્યો છે એમાં, વસ્યો છે એમાં અને રાગથી ખસી ગયો છે, હઠી ગયો છે. એવા જીવને નિશ્ચયપ્રત્યાખ્યાન હોય છે. આહા..હા..! પણ જે રાગના પ્રેમમાં પડ્યો છે એનો વિવેક રાગ પ્રત્યે, ઉદય પ્રત્યે છે. સ્વભાવ પ્રત્યેનો વેગ એને અંશે પણ નથી. આહા..હા..! એવા મિથ્યાદૃષ્ટિને સાચું પ્રત્યાખ્યાન હોતું નથી. આવું છે, ભાઈ! એક વાત.

**'અને ભવિષ્ય કાળે થનારા...'** ઓલી વર્તમાનની (વાત) કરી **'અને ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...'** વર્તમાનમાં શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના વેગમાં વેગસહિત છે અને સંસાર શરીર સંબંધીથી ખસી ગયો છે, ત્યાંથી એ હઠી ગયો છે. આહા..હા..! અહીંયાં સ્વભાવ તરફ ઉગ્ર જેમાં વસવું થયું છે અને ઉદયભાવથી જેનું નિર્વેગપણું, ન્યાંથી ખસી ગયું છે. આહા..હા..! એ નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે. એ તો થયું. હવે ભવિષ્યની વાત કરે છે એની ને એની. **'ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ...'** વિકારો. વિભાવ એટલે વિકાર એનો પરિહાર **'પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...'** આહા..હા..! વર્તમાનમાં શુદ્ધ સ્વભાવના અંદર દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા છે, પર તરફથી ખસી ગયો છે એવું ચારિત્ર. એના ત્રણ પ્રકાર. ગયા કાળની અપેક્ષાએ તેને પ્રતિક્રમણ કહીએ, ભવિષ્યની અપેક્ષાએ તેને પ્રત્યાખ્યાન કહીએ, વર્તમાનની અપેક્ષાએ તેને આલોચન અને સંવર કહીએ.

ફરીને. જેને આત્મદર્શન સમ્યક્ થયું છે, શુદ્ધ ચૈતન્યદશા (પ્રગટ થઈ છે) અને તે ઉપરાંત જેને સ્વરૂપમાં સ્થિરતાનો વેગ જાગ્યો છે રમણતા આનંદમાં (થઈ છે) અને રાગનો ઉદય છે તેનાથી હઠી ગયો છે એવા ચારિત્રવંતને વર્તમાનની અપેક્ષાએ એને સંવર કહીએ, ગયા કાળની અપેક્ષાએ તેને પ્રતિક્રમણ કહીએ, ભવિષ્યની અપેક્ષાએ તેને પ્રત્યાખ્યાન કહીએ. વસ્તુ તો એની એ જ છે. આહા..હા..! આમ નિશ્ચય ન સમજાયને ત્યારે એમ કહે, પણ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય. અરે! હજી તને વ્યવહાર ધૂળેય ન થાય સાંભળને. લસણ ખાતા-ખાતા, લસણ લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. નહિ? એમ દયા, દાન, વ્રત, ભક્તિ કરો, કરતાં-કરતાં નિશ્ચય થશે. ધૂળેય નહિ થાય સાંભળને. આહા..હા..! કહો, રસીકભાઈ! ઓલા વ્યાખ્યાન થાતા હોય તો માણસ ૧૦-૧૦, ૨૦-૨૦ હજાર ભેગા થાય અને આહા..હા..! કેવું સરસ કહે છે! વ્યવહાર હોય છે. બે પૈડે ગાડું ચાલે. એક પૈડે ચાલે? પૈડા બે કોને કહેવા? સમજાણું કાંઈ? એક પૈડે ગાડી ચાલે છે. છે ક્યાંક અત્યારે. છેને અમે મુંબઈ જોયું હતુંને તે દિ'. મુંબઈમાં ૬૮માં થયું હતુંને. મોટું પ્રદર્શન થયું હતું. ૬૮-૬૮ સંવત્ ૧૯૬૮. ૬૪ વર્ષ થયા. દુકાન ઉપરથી. પાલેજ દુકાન હતીને અમારી. ત્યાંથી માલ લેવા ગયા હતા મુંબઈ. માલ લેવા ગયા તે દિ' પ્રદર્શન હતું ત્યાં. ત્યાં મોટું ઈલેક્ટ્રિકનું હિમાલય એવું ગોઠવ્યું હતું અને પ્રદર્શન હતું. એમાં એક પૈડાની ગાડી કરી હતી ત્યાં. એ જોઈ છે. એક જ પૈડે ગાડી ચાલતી હતી. એવું બનાવ્યું હતું ઘણું. અંદર પેસવાના તો કાંઈક પૈસા વધારે લેતા હતા. એવું હતું. ભૂલી ગયા.

**શ્રોતા :-** એક પૈડાની ગાડી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને. એક પૈડાની ગાડી હતી ત્યાં. પછી એમાં બેઠા નહોતા પણ જોવા ગયેલા. ૬૮ની વાત છે. મોટા ઘણા લાખોપતિ અને પૈસા એના લાખો ઊપજ્યા હતા, બહુ પૈસા ઊપજ્યા. અંદર પેસવાના જ ... અને પછી એક-એકમાં જોવા જાય એના પૈસા જુદાં. એક પૈડાની ગાડી હતી એમાં બેસવાના પૈસા જુદા. આપણે તો કાંઈ એવા બેઠા નહોતા. જોયું હતું બધું. અંદર ગરવાના પૈસા આપ્યા હતા, કેટલા એ ખબર નથી.

**શ્રોતા :-** બેસવાનો લાભ ન મળ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો જોવું હતું કે આ શું છે? આ તો એક પૈડાની ગાડી હોય છે એમ કહેવું છે.

એમ આત્મા આનંદનો નાથ પ્રભુ એના એક પૈડાના રસ્તે ચડી જાય તો એને પ્રત્યાખ્યાન હોય છે. વ્યવહાર હોય, એ કાંઈ વ્યવહાર એ બીજું પૈડું નથી એને ચાલવાનું, એ તો બંધ કરનાર છે. આહા..હા..! બે પૈડે ગતિ ચાલે એમ નથી. એક જ પૈડે ચાલે છે આ ગતિ તો. ઝીણી વાત. નહોતા તે દિ' કહેતા? બે પૈડે ચાલે. આહા..હા..! પણ મેં કીધું બે પૈડે નિશ્ચય હોય એને વ્યવહાર હોયને. નિશ્ચય નથી તેને વ્યવહાર ક્યાંથી આવ્યો? નિશ્ચય હોય

એને વ્યવહાર એ પૈડું ન કહેવાય. એ તો વિઘ્ન કરનાર છે બીજી ચીજ તો. આહા..હા..! દેવીલાલજી! એ જોયું હતું તે દિ' હોં! ૬૮ની વાત છે. ઘણા વર્ષ થઈ ગયા. નહોતો કોકે ભર્યું હતું? સરકારે ભર્યું હતું. મોટું પ્રદર્શન કર્યું હતું સરકારે. ઘણાં લાખો ખર્ચીને. વહાણ મૂક્યા હતા, વહાણમાં બેસે. બધા ઘણા પૈસા ખર્ચ્યા લોકો. પૈસા પણ બહુ ઊપજ્યા હતા. અમે જોવા ગયા હતા. કુંવરજીભાઈ હતા કાં આણંદજી હોય. બે જણા જાતા માલ લેવા. આ તો ૬૮ની (સાલની) વાત છે. ૨૨ વર્ષની ઉંમર. ૨૨ વર્ષની ઉંમર શરીરની હતી. એક પૈડે ગાડી ચાલે છે અહીં એ સિદ્ધ કરવું છે. એમ ભગવાન આત્માના આનંદના વેગમાં ચડ્યો દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્રથી ઈ એક પૈડે મોક્ષમાર્ગ ચાલે છે. મોક્ષમાર્ગને બે પૈડા હોય નહિ. મોક્ષમાર્ગ બે પ્રકારે હોય નહિ. મોક્ષમાર્ગ એક જ પ્રકારે છે. બરાબર છે?

એ સાતમામાં કહ્યું નહિ? મોક્ષમાર્ગ બે નથી, બેનું કથન છે. મોક્ષમાર્ગ તો એક જ નિશ્ચય તે એક જ મોક્ષમાર્ગ છે. એક પૈડે જ ગાડું ચાલે છે. અમરચંદભાઈ! આહા..હા..! વિરોધ કરનારા આવે ત્યારે વધારે સ્પષ્ટ થાય છે. વધારે સ્પષ્ટ થાયને. એ તો બિચારા એને બેઠું હોય ઈ કહે છે. શું કરે? આ વાત તો હજી સત્ય શું છે એ સાંભળવા મળવી પણ મહાભાગ્ય હોય એને મળે એવી ચીજ છે. ત્રિલોકના નાથની સત્ય વાણી જે છે.. આહા..હા..! બાકી તો આ દુનિયામાં પૈસા પેદા કરે અને મોટપ કરે અને માથા ફોડે એવું તો અનંતવાર કર્યું, એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! પાપના પોટલા બાંધે અને જાય હેઠે. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું નહિ? મુનિ નામ ધરાવે અને વસ્ત્ર રાખે અને મુનિ માને તો એ નિગોદગામી જીવ છે. ...ભાઈ! મુનિ માને, મુનિ છું એમ માને, બાપુ! તારી સ્થિતિ ત્રસની થોડી રહી હવે. ત્રસની સ્થિતિ મુદત થોડી રહી. આહા..હા..! ત્રસમાં રહેવાની સ્થિતિ બે હજાર સાગર છે. એ સ્થિતિ પૂરી થવાની. લખ્યું છે મોક્ષમાર્ગ પ્રકાશમાં. ત્રસની બીજે છે. ત્રસની સ્થિતિ પૂરી થવા આવી એને આવા ભાવ (થાય) અને નિગોદમાં જશે. આહા..હા..! અરેરે! આકરું કામ, ભાઈ! સત્‌નો વિરોધ કરે છે, સત્‌નો અનાદર કરે છે, અસત્‌ને સત્ માને છે, માર્ગ નથી તેને માર્ગ માને છે, અનંતા તીર્થંકરોના સત્ ઉપર છરી મૂકે છે એ. આહા..હા..!

અહીં કહે છે, '**ભવિષ્યકાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો...**' અનેક પ્રકારના વિકારો તેનો પરિહાર, ત્યાગ અને સ્વરૂપમાં લીનતા '**તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...**' આહા..હા..! '**અથવા...**' ત્રણે મૂક્યું, ભાઈ! પહેલું મૂક્યું વર્તમાન. આ વર્તમાન મૂક્યુંને '**સંસાર અને શરીરસંબંધી ભોગની નિર્વેગતા...**' '(**યથોચિત્ શુદ્ધતાસહિત) સંસાર અને શરીરસંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાન...**' ઈ વર્તમાન અને ભવિષ્ય કાળનું આ કીધું. હવે રહી ગયો અનાગત કાળ. એનો એ પણ ઓલો અનાગત આવવાનો છેને એ અપેક્ષાએ લીધું એને. અથવા અનાગત કાળે એની ને એની વ્યાખ્યા કરે છે. ભવિષ્યકાળની

અપેક્ષાની. ભૂતકાળ તો ગયો છે હવે એ તો છે નહિ એટલે...

'**અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પોનો...**' અંતરના વિકલ્પો, વૃત્તિઓ એનો '**પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે.**' ભવિષ્યના પાડ્યા બે પ્રકાર. વર્તમાન કહીને ભવિષ્યના બે પ્રકાર પાડ્યા. ભૂતકાળ તો પ્રતિક્રમણ છે જ તે. આહા..હા..! '**અનાગત કાળે ઉત્પન્ન થનારા...**' અનેક પ્રકારના વિવિધ એટલે '**અંતર્જલ્પો...**' અંતર ભાષા નહિ પણ અંતર વિકલ્પ ઉઠે એનો પરિત્યાગ, તેનો ત્યાગ, પરિ નામ સમસ્ત પ્રકારે તેનો અભાવ '**તે શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે.**' આહા..હા..! આ ચારિત્રની વ્યાખ્યા. એ પ્રત્યાખ્યાન કહો કે ચારિત્ર કહો.

**શ્રોતા :-** એમાં જ નિશ્ચય પ્રત્યાખ્યાન કીધુંને? ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું એ કીધું એ તો ઈ. એ પરમાર્થ. પહેલું કીધું એને કે નિશ્ચય પ્રત્યાખ્યાનનું કારણ છે એમ કીધું, પછી પરમાર્થ પ્રતિક્રમણ છે એમ કીધું, પછી શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન (કીધું) એ તો એને ને એને. એ તો વધારે સ્પષ્ટતા માટે. છેને? જેને આત્માના શુદ્ધતાની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રસહિત (સંવેગ પ્રગટ્યો છે) અને '**સંસાર અને શરીરસંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ...**' એમ લીધું '**અને ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...**' એ તો નિશ્ચયપ્રત્યાખ્યાન કહો કે પરમાર્થ પ્રત્યાખ્યાન કહો. '**અથવા અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પોનો પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે.**' એ તો એનું એ છે. એને ભિન્ન-ભિન્ન રીતે ભાષા કરીને સમજાવ્યું છે. આહા..હા..!

શુદ્ધ નિશ્ચય જોયું! આહા..હા..! ઓલામાં તો કારણ લીધું હતુંને. ... નિર્વિકલ્પતા એ તો નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે એમ. અને આ ભવિષ્યકાળે થનારા એ પોતે પરમાર્થ પ્રત્યાખ્યાન છે વર્તમાન અને અનાગત કાળનું પણ જે છે ત્યાગ રાગાદિનો એ પણ શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે. આહા..હા..! પ્રત્યાખ્યાનનો અર્થ રાગનો ત્યાગ. એટલે કે સ્વરૂપની સ્થિરતા. જ્ઞાનસ્વરૂપી જ્ઞાનમાં રહેવું. એ ૩૪ ગાથામાં આવે છે. સમયસાર. આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાનમાં જ્ઞાનરૂપે જાણ્યું હતું કે આ રાગ પર છે. એમ જ્ઞાનમાં ઠરે છે જ્ઞાન, જ્ઞાનસ્વભાવ જ્ઞાનમાં ઠરે છે એ પ્રત્યાખ્યાન છે. આરે..! હજી જ્ઞાનસ્વરૂપ શું છે એ દૃષ્ટિમાં આવ્યા વિના ઠરવું ક્યાંથી આવે એને? એમ કહે છે.

જ્ઞાનસ્વભાવી આત્મા, જ્ઞાયકભાવી સ્વભાવી આત્મા એની દૃષ્ટિ થઈ ઓળખાણ, તે પછી તે જ્ઞાયકમાં, જ્ઞાનમાં સ્થિર થવું તે પ્રત્યાખ્યાન છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આ બધું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... કેટલાક કહે આવું નિશ્ચય સોનગઢમાંથી કાઢ્યું, એમ કહે છે. આ સોનગઢમાં છે કે આ શાસ્ત્રમાં છે? અમારે ચાલતું નહોતું ને એક નવું કાઢ્યું. આહા..હા..! ભાઈ! તને ખબર નથી, ભાઈ! અનાદિનો માર્ગ જ આ છે. તેં સાંભળ્યો ન હોય અને

તને ખબર ન હોય એથી કાંઈ માર્ગ બીજો થઈ જાય? આહા..હા..! શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન. આહા..હા..! અરે..! એની શ્રદ્ધા તો કરો, કહે છે કે આવું પ્રત્યાખ્યાન હોય એને બીજું પ્રત્યાખ્યાન ન હોય. આહા..હા..! સાધુની દશા જેને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિતની અતીન્દ્રિય આનંદની રમતું જેમાં જામી છે... આહા..હા..! એને નિશ્ચયપ્રત્યાખ્યાન, પરમાર્થપ્રત્યાખ્યાન અને શુદ્ધ નિશ્ચય પાછું એમ લીધું. પહેલો સાધારણ શબ્દ હતો નિશ્ચયપ્રત્યાખ્યાન, પછી પરમાર્થ પ્રત્યાખ્યાન, પછી શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન. આહા..હા..!

**શ્રોતા :-** એમાં કાંઈ ફેર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકનું એક છે. પંડિતજીએ એનો વિસ્તાર કર્યો છે, આ રીતે પણ એને કહેવાય છે, આ રીતે પણ કહેવાય છે. બીજી રીતે કહ્યુંને, ૩૪માં કહ્યું કે જ્ઞાનસ્વરૂપ તે આત્મા છે. દયા, દાનના વિકલ્પસ્વરૂપ આત્મા નથી. એ તો પુદ્‌ગલના છૂટવાના લાયકવાળા પરિણામ છે, રહેવાવાળા એ પરિણામ નથી. આહા..હા..! જુઓ, આ નથી આવતું? રહેનારનું રહેઠાણ. નિર્જરા અધિકારમાં. આહા..હા..! સ્વરૂપ જે આનંદ છે એ રહેનારનું રહેઠાણ છે, રહેનારને માટે સ્થાન છે. રાગ એ રહેનારને માટે સ્થાન નથી. આહા..હા..! કેવી શૈલી છે! નિર્જરા અધિકારમાં આવે છે. ચેતનજી! રહેનારનું રહેઠાણ, રહેનારનું સ્થાન, વસનારનું વસવાયોગ્ય છે. ધ્રુવ ચૈતન્ય ભગવાન વસવાયોગ્ય છે, જેને વસવું છે એને વસવાયોગ્ય ઈ છે. આહા..હા..! ભારે આચાર્યો પણ શબ્દોની રચનામાં કેટલો ભાવ ભરેલો છે! જેને, કહે છે કે વસવું હોય, આનંદનો નાથ એમાં ઠરવું હોય તે રહેનારનું એ સ્થાન છે. ધ્રુવમાં વસી શકશે. પણ આ અસ્થિર ચીજ જે રાગાદિ એમાં વસી શી રીતે શકશે? આહા..હા..!

'**(હવે, આ ૧૦૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-**'

**जयति सततं प्रत्याख्यानं जिनेन्द्रमतोद्भवं**
**परमयमिनामेतन्निर्वाणसौख्यकरं परम्।**
**सहजसमतादेवीसत्कर्णभूषणमुच्चकैः**
**मुनिप शृणु ते दीक्षाकान्तातियौवनकारणम्।।१४२।।**

આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય મહારાજ એમ કહે છે '**હે મુનિવર!**' છેને? આહા..હા..! '**मुनिप शृणु**' છેને એમાં? '**હે મુનિવર!**' આહા..હા..! '**मुनिप**' છે નહિ? '**मुनिप**' એટલે મુનિશ્વર. સંતને કહે છે, હે મુનિશ્વર! સુણ! '**સાંભળ; જિનેન્દ્રના મતમાં ઉત્પન્ન થતું...**' જિનેન્દ્ર વીતરાગના મતમાં ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન. બીજા મતમાં પ્રત્યાખ્યાન હોઈ શકે નહિ. કારણ કે બીજા મતમાં આત્મા કેવો છે અને કેમ છે એની ખબર નથી એને. આહા..! જિનેન્દ્રના મતમાં આત્મા કેવો છે એમ એણે કહ્યું છે, એના મતમાં પ્રત્યાખ્યાન ઉભું થાય છે. આહા..હા..! ભારે વાત. જિનેન્દ્રનો માર્ગ નથી અને અન્યનો માર્ગ છે એમાં એ સમ્યગ્દર્શન નથી ત્યાં

પ્રત્યાખ્યાન ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહા..હા..!

'**જિનેન્દ્રના મતમાં ઉત્પન્ન થતું...**' ઓહો..હો..! જેવો ભગવાન જિન છે તેવો આત્મા છે. એવું જેને દર્શન, જ્ઞાન અને ચારિત્ર થયું છે એ જિનેન્દ્રના મતમાં એ પ્રત્યાખ્યાન હોઈ શકે છે. આહા..હા..! જિનેન્દ્રનો મત એટલે ત્રિકાળી વીતરાગ મૂર્તિ ભગવાન આત્મા અનંતગુણનું એકરૂપ, અનંતગુણનું એકરૂપ એવું જે જિનરૂપ એનો અંદરમાં આશ્રય લઈને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થાય ઈ એને થાય છે. એટલે જિનેન્દ્રના મતમાં આ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીના મતમાં એ ઉત્પન્ન થતું નથી. આહા..હા..! એમ કીધું જુઓ, જિનેન્દ્રનો મત તો આ એક જ છે. દિગંબર મત તે જિનેન્દ્રનો મત છે. હીરાલાલજી! તમે તો વળી દિગંબરમાં જન્મ્યા છો. વાડો તો હતો. અમરચંદભાઈ તો કહે છે, અમે જન્મ્યા તો પચાસ વર્ષથી હતું. દિગંબરમાં જન્મ્યા પણ દિગંબરને ખબર નહોતી. આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય આ છેને. એમ કહે છે '**હે મુનિવર!**' આહા..હા..! '**સાંભળ; જિનેન્દ્રના મતમાં ઉત્પન્ન થતું...**' આહા..હા..! જિનેન્દ્રનો સ્વભાવ જ આત્માનો છે. આહા..હા..! 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' ભગવાન આત્મા જિનસ્વરૂપે જ ત્રિકાળ આનંદની મૂર્તિ પ્રભુ છે. એને આશ્રયે જે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર થાય એ જિનેન્દ્રનો મત છે. સમજાણું કાંઈ? એવી વાત ક્યાં છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં જન્મેલાનો મત નથી એમ કહે છે અહીં તો. પ્રત્યાખ્યાન હોય (ક્યાંથી)? દૃષ્ટિ જ સાચી ન હોય ત્યાં પ્રત્યાખ્યાન ક્યાંથી હોય? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. અંધપાષાણ છે. આહા..હા..! ભાઈ! માર્ગ એવો છે. કોઈ વ્યક્તિને માટે દુઃખ થાય એવું નથી. માર્ગ બીજો ક્યો હોય? માર્ગ તો જેમ હોય એમ કહેવાયને. આહા..હા..! અનંત સંતોએ એનો પોકાર કરીને આમ કહ્યું છે.

જુઓને કહે છે, '**જિનેન્દ્રના મતમાં...**' એટલે કે જિનસ્વરૂપી ભગવાનની જેને દૃષ્ટિ થઈ છે અને એમાં જેની લીનતા થઈ છે એ જિનેન્દ્ર મતમાં ત્યાગ એટલે પ્રત્યાખ્યાન અને ચારિત્ર હોય છે. બીજા મતમાં સમકિત અને ચારિત્ર હોતું નથી. આહા..હા..! '**સતત જયવંત છે.**' એમ કહે છે. આહા..હા..! મુનિરાજ પોતાની વાત કરે છે. હે મુનિવર! સાંભળ! વીતરાગનો માર્ગ જે છે એના માર્ગમાં ચારિત્ર હોય છે. એ અમારી પાસે ચારિત્ર છે એ સતત જયવંત છે. આહા..હા..! અમારી પાસે પ્રત્યાખ્યાન છે એ સતત, નિરંતર જયવંત છે એમ કહે છે. પોતાની વાત કરે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ-૧૫, સોમવાર, તા. ૨૦-૧૦-૧૯૭૫**
**ગાથા-૧૦૬, કળશ-૧૪૩-૧૪૪, પ્રવચન નં. ૬૮**

નિયમસાર. કુંદકુંદાચાર્ય કહે છે, મારી ભાવના માટે મેં આ નિયમસાર બનાવ્યું છે. એવા નિયમસારમાં પ્રત્યાખ્યાનનો અધિકાર છે. ચારિત્ર શું છે? પ્રત્યાખ્યાન કોને કહે છે? રાગનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિરતા એ કોને કહે છે અને કઈ વિધિથી થાય છે એ વાત ચાલે છે. ૧૦૬ ગાથા. ૧૦૬ને?

**શ્રોતા** :- કળશ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આવી ગયું, બધું આવી ગયું છે, બધું આવી ગયું છે. **'દીક્ષારૂપી પ્રિય સ્ત્રીના અતિશય યૌવનનું કારણ છે.'** આવી ગયું છે. ખબર છે. ૧૦૬.

एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।
पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा।।१०६।।
જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.

**'ટીકા :- આ, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારના ઉપસંહારનું કથન છે.'** છેલ્લી ગાથા છે. પ્રત્યાખ્યાન જેને પચ્ચખાણ કહે છે, રાગનો અભાવ અને સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં રાગનો અભાવ અને સ્વભાવભાવમાં સ્થિરતા (થવી) એનું નામ પ્રત્યાખ્યાન છે અને એનું નામ ચારિત્ર છે. તો કહે છે **'શ્રીમદ્ અર્હંતના મુખારવિંદથી નીકળેલાં...'** શ્રી— સ્વરૂપની લક્ષ્મીવાળા. અરિહંત પરમાત્મા જિનેન્દ્રદેવ શ્રીમદ્ કહે છે એને. એની લક્ષ્મીવાળા છે. આહા..હા..! જેની પાસે અનંત આનંદ, જ્ઞાન આદિ લક્ષ્મી પ્રગટ થઈ છે.

**શ્રોતા** :- પૈસા પ્રગટ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૈસો તો ધૂળ છે. પૈસા તો ગોદિકા પાસે રહ્યા પૈસા. અહીં પૈસા નથી. સમજાણું કાંઈ? પૈસા તો ધૂળ છે, પુદ્ગલ છે, માટી છે, મૂર્ત છે, જડ છે, અજીવ છે, એ આત્માની ચીજ નથી. અહીંયાં તો શ્રીમદ્ પોતે આનંદ અને જ્ઞાનસ્વરૂપની જે પોતાની શક્તિ છે અંદરમાં એને પ્રગટ કરી છે. જિનેન્દ્ર અરિહંતદેવ, જિનેન્દ્રદેવ જેને અંતર જે અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત બળ, અનંત દર્શન જે સ્વભાવમાં હતા એ પર્યાયમાં ધ્યાન કરીને પ્રગટ કર્યા, આહા..હા..! તેને અહીંયાં શ્રીમદ્ કહે છે. શ્રી નામ સ્વરૂપની લક્ષ્મીવાળો. કહો, ગોદિકાજી! એવા **'શ્રીમદ્ અર્હંત...'** ઈન્દ્રોના પૂજ્ય છે (તેમના) **'મુખારવિંદમાંથી નિકળેલાં...'** મુખરૂપી કમળ. અરવિંદ કમળ. એ લોકોની ભાષાએ વાત

કરે છે. બાકી એને તો આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે છે. અરિહંત પરમાત્માની વાણી આખા શરીરમાંથી (નીકળે છે). હોઠ બંધ, કંઠ બંધ ધ્રુજે નહિ. 'ૐ' એવી ધ્વનિ ઉઠે છે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' એવી ૐકારની ધ્વનિ એકાક્ષરી નીકળે છે, પણ અહીંયાં સામાન્ય મનુષ્યની અપેક્ષા લઈને કે જાણે મુખના કમળમાંથી વાણી નીકળતી હોય એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

**'શ્રીમદ્ અર્હંતના મુખારવિંદમાંથી...'** મુખરૂપી કમળ એમાંથી **'નિકળેલાં પરમાગમના અર્થનો વિચાર...'** પરમાગમના અર્થનો વિચાર. પરમાગમ. સમયસાર, પ્રવચનસાર આદિ બધા પરમાગમ છે. ભગવાનની વાણીમાં નીકળેલી વાત એ બધા પરમાગમ છે. વાણીમાંથી રચના કરી ગણધરોએ એ પરમાગમ છે. આ પરમાગમ મંદિર કહેવામાં આવે છેને આ? વાણી ભગવાનની છે ઈ. સમજાણું કાંઈ? **'પરમાગમના અર્થનો વિચાર કરવામાં સમર્થ...'** આહા..હા..! પરમાગમમાં શું કહેવું છે એવો વિચાર કરવામાં મુનિ અંતરમાં સમર્થ છે. આહા..હા..! **'એવો જે પરમ સંયમી...'** આહા..હા..! **'અનાદિ બંધનરૂપ સંબંધવાળા...'** આત્મામાં પર્યાયમાં અશુદ્ધતા છે. એ અશુદ્ધતાને કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. સ્વભાવની સાથે સંબંધ નથી. દ્રવ્યસ્વભાવ જે વસ્તુ છે એની સાથે કર્મ નિમિત્ત અને અહીંયાં નૈમિત્તિક પર્યાય એમ નથી. ઝીણી વાત છે. આત્માની અશુદ્ધ જે પર્યાય છે એનો અને પુદ્‌ગલકર્મનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. એથી એ લીધું. છે?

**'અશુદ્ધ અંતઃતત્ત્વ...'** આહા..હા..! શુદ્ધ અંતઃતત્ત્વ એ તો શુદ્ધ ત્રિકાળી ભાવ છે. ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય એ તો શુદ્ધભાવ, શુદ્ધ અંતઃતત્ત્વ પૂર્ણ પવિત્ર આનંદનો કંદ સચ્ચિદાનંદ, નિર્મળ જ્ઞાન, આનંદનો સાગર પ્રભુ છે. આહા..હા..! એની સાથે તો કર્મનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પણ નથી. સમજાણું કાંઈ? પણ એ આત્મામાં જે પરલક્ષી લક્ષ કરવાથી જે વિકાર થાય છે એ વિકાર અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. વિકારી પર્યાય અને કર્મ. નૈમિત્તિક વિકારી પર્યાય અને કર્મ નિમિત્ત. કર્મની પર્યાય નવી થાય એ તો નૈમિત્તિક, વિકાર પર્યાય નિમિત્ત. એવો વિકાર અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

અહીંયા શું કહે છે? આહા..હા..! પરમાગમમાં કહ્યો જે અર્થ એનો વિચાર કરવામાં સમર્થ સંયમી મુનિ હોય છે. પરમાગમમાં શું કહેવું છે અને એનું રહસ્ય શું છે એ સંયમી સંત સમ્યગ્દૃષ્ટિસહિત જેને અંતરમાં આનંદની ઉગ્ર દશા ઉત્પન્ન થઈ છે એ પરમાગમનો અર્થ કરવામાં, વિચાર કરવામાં સમર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જે **'સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળાં અશુદ્ધ અંતઃતત્ત્વ કર્મ-પુદ્‌ગલનો...'** કર્મ જે છે એ જડ છે નિમિત્ત અને વિકાર છે નૈમિત્તિક વિકારી પર્યાય. બેનો સંબંધ છે તો સમ્યગ્દૃષ્ટિ પહેલા બેનો ભેદ કરે છે. આહા..હા..! પ્રથમ સમ્યગ્દૃષ્ટિ જે ધર્મનું પહેલું સોપાન, ધર્મની પહેલી સીઢી. પોતાની પર્યાયમાં,

પર્યાય એટલે હાલત, દશા એમાં જે મલિનતા છે અને કર્મ એમાં નિમિત્ત છે. તો નિમિત્ત અને અશુદ્ધ અંતઃતત્ત્વથી ભિન્ન અભ્યાસ કરે છે સમકિતી. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે અને પર્યાયમાં મલિનતા અનાદિની કર્મના સંબંધે છે એવો કર્મનો સંબંધ અને અશુદ્ધ પર્યાય, સમ્યગ્દૃષ્ટિ પહેલા (એ) બેથી ભિન્ન કરીને આત્માને, સમ્યગ્દર્શનપણે આત્માનો અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન જે ધર્મ છે એ કર્મ અને અશુદ્ધ પર્યાય બેયનું, શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરીને, એનો આશ્રય કરીને બેયથી ભિન્ન થાય છે તો એનું નામ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહા..હા..! એ તો હજી ચોથું ગુણસ્થાન. સમ્યગ્દર્શન તો ચોથે ગુણસ્થાને થાય છે. તો એ ચોથે ગુણસ્થાને પણ થાય છે કેવી રીતે? કે કર્મ અને અશુદ્ધ વિકાર બે જે વ્યવહાર છે એને પોતાના આત્માથી ભિન્ન કરે છે. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો ભાવ શુભ છે, ધર્મ નહિ.

અહીંયાં સમ્યગ્દૃષ્ટિ જીવ અશુદ્ધભાવ જે શુભ છે અને એમાં નિમિત્ત કર્મ છે, બેને સંબંધ છે, એ સંબંધથી અસંગ જે આત્મા છે એનો પરથી ભેદ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ઘણો સૂક્ષ્મ જિનેન્દ્રદેવનો, ભાઈ! એને બહારના અનેક વ્રતો, બાહ્યની ક્રિયાકાંડો અનંતવાર કરી. અનંતવાર (દ્રવ્યલિંગી સાધુ) થયો. એ મલિન પર્યાયની સાથે કર્મનો સંબંધ એ સંબંધરહિત મારી ચીજ છે. અબદ્ધસ્પૃષ્ટ ચૌદ-પંદર ગાથામાં આવ્યુંને. એ અશુદ્ધ પર્યાયથી પણ ભિન્ન અને કર્મનું નિમિત્ત એ તો પર જડ છે. જડ અને આસ્રવ પર્યાય પુણ્ય-પાપની એ બેથી ભિન્નનો અભ્યાસ કરે છે. બેથી ભિન્નનો અંદરમાં અભ્યાસ કરે છે એને સમ્યગ્દર્શન થાય છે. મોહનલાલજી! આહા..હા..! અને ત્યારબાદ રાગાદિની જે અસ્થિરતા છે એનાથી ભિન્ન થઈને દ્રવ્યમાં સ્થિર થાય છે એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આવો માર્ગ છે. સમજાણું કાંઈ? છે?

'**અનાદિ બંધનરૂપ સંબંધવાળાં અશુદ્ધ અંતઃતત્ત્વ...**' એટલે વિકારી પર્યાય, અશુદ્ધ આત્મા. શુદ્ધ આત્મા ભિન્ન છે. અશુદ્ધ આત્માની જે પર્યાય... આહા..હા..! અને કર્મ પુદ્ગલ, બેનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એ વ્યવહાર છે. એ વ્યવહારથી આત્માને ભિન્ન કરે છે. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! આ તો કહે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો સમકિત છે. પણ બાપુ! એ ઝીણી વાત છે, ભાઈ! એવી તો અનંતવાર નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા પણ અનંતવાર કરી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો પરમાત્મા શુદ્ધ ચૈતન્ય આત્મા દ્રવ્ય વસ્તુ પદાર્થ એને મલિન પર્યાયથી અને કર્મના નિમિત્ત સંબંધથી ભેદ અભ્યાસ કરીને... આહા..હા..! જુદાં પાડવાનો અભ્યાસ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થાય છે અને પછી રાગથી ભિન્ન કરતાં-કરતાં સ્વરૂપમાં સ્થિરતા-ચારિત્ર થાય છે, એનું નામ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! છે કે નહિ અંદર? આહા..હા..!

'**અંતઃતત્ત્વ અને કર્મ-પુદ્‌ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે,...**' ભાષા જુઓ. બે શબ્દ પડ્યા છે સંસ્કૃતમાં. આત્મા જે વસ્તુ છે એ તો શુદ્ધ ચૈતન્યઘન સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ છે. દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, સત્ત્વસ્વભાવ. એ સ્વભાવને રાગથી અને કર્મથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરતાં પ્રથમ તો સમ્યગ્દર્શન થાય છે. પછી રાગની અસ્થિરતા જે છે એનો ભેદ પાડીને સ્વરૂપમાં સ્થિરતા કરે છે એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહા..હા..! કહો, વિમલચંદજી! આવી વાત છે, ભાઈ! આહા..હા..! જિનેન્દ્રનો માર્ગ લોકો કાંઈ ને કાંઈ કલ્પીને બેઠા છે, પણ માર્ગ વીતરાગનો એવો છે નહિ. આહા..હા..! આ તો ભાષા સાદી છે.

બે શબ્દ પડ્યા છે કે '**સંબંધવાળાં અશુદ્ધ અંતઃતત્ત્વ...**' કોણ? અનાદિ બંધનરૂપ કર્મ એના સંબંધવાળો અશુદ્ધ પર્યાય, અશુદ્ધ આત્મા. શુદ્ધ દ્રવ્ય જે છે એમાં પર્યાયમાં અશુદ્ધતા છે એ અશુદ્ધ આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એ અશુદ્ધ પર્યાય વિકારી, રાગ-દ્વેષ, વિકાર આદિ પર્યાય, અવસ્થા એને અશુદ્ધ આત્મા કહેવામાં આવે છે. પર્યાયમાં અશુદ્ધ થયોને એટલે અશુદ્ધ આત્મા કહેવામાં આવે છે. શુદ્ધ તો શુદ્ધ ભિન્ન છે અને કર્મનું નિમિત્ત એમાં સંબંધ છે. એનો ભેદ, અશુદ્ધ પર્યાય અને કર્મ એનો ભેદ '**ભેદાભ્યાસના બળથી કરે છે,...**' આહા..હા..! અંતર્મુખ દૃષ્ટિ કરવાથી અને અંતર્મુખ સ્થિરતા કરવાથી રાગથી ભિન્ન પડે છે એ પ્રથમ તદ્દન રાગથી ભિન્ન કરીને દ્રવ્યની દૃષ્ટિ થાય છે. વસ્તુદૃષ્ટિ એ સમ્યગ્દર્શન. પછી રાગ છે એનાથી ભિન્ન કરીને અંદરમાં સ્થિરતા કરે છે એનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ રાગ એ ચારિત્ર નથી. આહા..હા..! કારણ કે પંચમહાવ્રતનો વિકલ્પ એ અશુદ્ધ પર્યાય છે. આહા..હા..! તો પ્રથમ જ અશુદ્ધતા અને કર્મના નિમિત્તના સંબંધને ભિન્ન કરીને 'જ્ઞાયકભાવ હું છું, શુદ્ધ અનંત આનંદકંદ હું છું' એવી અંદરમાં દૃષ્ટિ થવી એનું નામ તો સમ્યગ્દર્શન છે. આહા..હા..! પછી જે રાગ બાકી રહ્યો, ભિન્ન તો પાડ્યો (કે) પોતામાં છે નહિ, પણ રાગ બાકી છે હજી, એ રાગને પણ ભિન્ન પાડતાં-પાડતાં અંતરમાં સ્થિર થઈ જવું એ પ્રત્યાખ્યાન છે, એ ચારિત્ર છે, એ સંયમ છે. આહા..હા..! કહો, અમરચંદભાઈ! આવી વાત છે. વ્યવહારના રસિયાને આ વાત એવી આકરી લાગે. અનાદિનો વ્યવહારનો રસ ચડી ગયો છે. રાગની ક્રિયા, રાગ આ દયા, ભક્તિ ને પૂજા ને વ્રત ને જાત્રા ને એ બધો શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. ધર્મી એને પુણ્ય માને છે, ધર્મ નહિ. કેમ? કે મલિન પુણ્ય પરિણામ અને કર્મના નિમિત્તથી ભિન્ન પાડીને ભેદના ભેદાભ્યાસ બળથી... આહા..હા..! ચૈતન્ય સ્વભાવની અનુભૂતિ થાય છે એનું નામ તો સમ્યગ્દર્શન છે. જોકે અનુભૂતિ છે જ્ઞાનની પર્યાય, પણ એ અનુભૂતિના કાળમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે એ સમ્યગ્દર્શનનું બાહ્ય લક્ષણ અનુભૂતિ કહેવામાં આવે છે.

પંચાધ્યાયીમાં છેને, ભાઈ! પંચાધ્યાયીમાં. સમ્યગ્દર્શનનું ખરું લક્ષણ તો પ્રતીત છે, પણ સીધું જાણવામાં નહિ આવતા એ જ્ઞાન દ્વારા જણાય છે. વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ છે અને એમાં નિમિત્ત કર્મ છે એનાથી ભેદ કરીને પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી અને રાગથી પૃથક્ થવું એનું નામ તો ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન છે. આહા..હા..! અને એ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થતું નથી. આવે છે, છ ઢાળામાં આવે છે. સમ્યક્ વિના જ્ઞાન ચરિતા. આવે છે કાંઈક. બરાબર યાદ નથી.

**શ્રોતા :-** મોક્ષમાર્ગની પ્રથમ સીઢી યા બિન જ્ઞાન ચરિતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ. યા બિન જ્ઞાન ચરિતા... એ. યા બિન જ્ઞાન-ચરિત્ર હોતાં નથી. આહા..હા..!

ચૈતન્ય પ્રભુ ભગવાન આત્મા અનંત આનંદથી બિરાજમાન ભગવાન આત્મા છે, પરમાત્મા. એવા પરમાત્મા ઉપર રાગ અને નિમિત્તથી ખસીને દૃષ્ટિ જવી, ભેદ કરીને ભેદાભ્યાસના બળથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પછી પણ રાગના ભાગથી ભિન્ન કરીને સ્વભાવમાં સ્થિરતા થાય છે ત્યારે ચારિત્ર થાય છે અને પ્રત્યાખ્યાન થાય છે. આહા..હા..! આ તો કહે બે પચ્ચખાણ કરો લ્યો. એ પચ્ચખાણ નહિ, એ તો બધી વાતું છે. સમજાણું કાંઈ? એ કહ્યુંને?

'**અશુદ્ધ અંતઃતત્ત્વ...**' કેમ? કે '**અનાદિ બંધનરૂપ સંબંધવાળાં અશુદ્ધ અંતઃતત્ત્વ...**' એમ. પર્યાયમાં મલિનતાની સાથે અનાદિ બંધનનું નિમિત્ત છે. એવા અશુદ્ધ અંતઃતત્ત્વ અને પુદ્‌ગલ કર્મ જડ અજીવ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મ જડ માટી છે. એ બેથી ભેદાભ્યાસ, બેનો ભેદ અને ભેદનો અભ્યાસ. આહા..હા..! બે ભિન્ન છે અને ભિન્નનો અભ્યાસ. આહા..હા..! લ્યો, આ સમ્યગ્દર્શન પામવાની વિધિ. આહા..હા..! અને પછી સમ્યક્ચારિત્ર પામવાની વિધિ. આહા..હા..! ગોદિકાજી! આ ઝીણી વાત છે હવે. હવે ગોદિકાજીને વેપાર બંધ કરવો છે. ભાઈ એમ કહેતા હતા. સવારમાં કીધું હતું, આ રખડવા બહુ જાય છે. કહે છે, હવે વેપાર બંધ કરવો છે. એમ કહેતા હતા. નહિ? હવે પૈસા તો ઘણા છે. મફતના મમતા રખડવાને... ધંધો છે. શું કહેવાય ધંધો શું? રોગ. હાર્ટ એટેક. હાર્ટની બિમારી ખરી કહેવાય. એમાં રખડે છે એમ કહેતો હતો પાછો. એને ખબર છે. ભાઈને આમ છે અને ભાઈ આમ કેમ રખડે છે? હવે તો આ કરવાનું છે ભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** પૈસામાં... શક્તિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય પૈસામાં શક્તિ નથી. મમતા કરે છે તો ..શક્તિ એમાં છે એમ કહેવામાં આવે છે. અને થોડા વખતમાં ઘણા પૈસા પેદા થાય છેને. એને કાંઈ સાધારણ પ્રાણીની જેમ પાંચસો, હજાર, બે હજાર ન આવે. લાખ, બે લાખ, ચાર લાખ. પન્નાનો ધંધો. અમેરિકામાં જાય, બધા બહુ પૈસાવાળા હોય ભિખારા ત્યાં. લઈ લે એમાંથી.

એમાં ધૂળમાં કાંઈ નથી, મફતનો હેરાન (થાય) છે.

**શ્રોતા :-** ધૂળ વિનાનું શાક આવતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાક મફત જ આવે છે. નાના છોકરાને શાક મળે છે તો ક્યાં પૈસા છે એની પાસે?

**શ્રોતા :-** અમે ક્યાં નાના છોકરા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નથી કહ્યું? કે 'દાને દાને પર ખાનેવાલે કા નામ હૈ.' એ આવે છે. હિન્દુસ્તાનમાં પણ આ ભાષા આવે છે કે નહિ? ખાનારનું દાણે-દાણે નામ છે. આવે છે? નથી આવતું? આવે છે ભાષા તમારી. એ તો આપણો પુનમચંદને? પણ આપણામાં પણ કાઠિયાવાડમાં કહે છે, ગુજરાતીમાં કે ખાનારનું નામ દાણે દાણે લખ્યું છે એનો અર્થ શું? હિન્દીમાં પણ એમ છે. છે? અમરચંદજી! શું છે ભાષા તમારી? લ્યો, એ પણ ખબર નથી. એ તમારું નામ નહિ. પુનમચંદનું ગણિત તમને ન આવડે. જૂના માણસને કાંઈ યાદ નથી. ઈ આવે છે તમારે હિન્દીમાં પણ.

**શ્રોતા :-** દાને દાને પર લિખા હૈ ખાનેવાલે કા નામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ. દાને દાને પર લિખા હૈ ખાનેવાલેકા નામ એમ આવે છે. એનો અર્થ શું? કે જેટલા રજકણ જેની પાસે આવવાના છે ઈ આવવાના, આવવાના અને આવશે.

**શ્રોતા :-** વગર પૈસાએ આવશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પૈસા પણ જડ છે, માટી ધૂળ છે. સમજાણું કાંઈ? જેની પાસે જે રજકણ આવવાના છે એ આવશે, આવશે અને આવશે. એ પ્રયત્ન કરશે તો આવશે એમ છે નહિ. આહા..હા..! એવી વાત છે. હિન્દીમાં પણ કહેવત છેને બધે ઠેકાણે. 'ખાનેવાલે કા નામ દાને દાને પર હૈ.' દાણા દાણાનો અર્થ શું? કે જે કાંઈ દાણા દાળ, ભાત, શાક આદિ જે રજકણ આવવાના છે એને જે આવવાના છે એના નામનો અર્થ? એને એ જ આવશે. એ પ્રયત્ન કરે તો આવશે એમ છે નહિ.

**શ્રોતા :-** એમાં પણ ક્રમબદ્ધપર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધે ક્રમબદ્ધ જ છે. આહા..હા..! પણ આ વાત તો સાધારણ કહે છે. અમારે ગુજરાતમાં પણ છે. ખાવાવાળાનું નામ દાણે-દાણે લખ્યું છે. લખ્યું છે તો ક્યાં લખ્યું છે? એ જ રજકણ દાળ, ભાત, શાક, કપડા, દાગીના જે આવવાના છે તે આવશે અને નહિ આવવાના હોય તો લાખ પ્રત્યન કરે તોપણ નહિ આવે. આહા..હા..!

એમ અહીંયા કહે છે કે કર્મ આદિ જે છે એ પરચીજ છે અને એના નિમિત્ત સંબંધમાં પોતામાં પોતાથી વિકાર થાય છે એ અશુદ્ધ અંતઃતત્ત્વ છે. શુદ્ધ અંતઃતત્ત્વ તો નિર્મળાનંદ છે. ત્રિકાળી ભગવાન તો શુદ્ધ અંતઃતત્ત્વ છે અને પર્યાયમાં વિકાર જે અનાદિ બંધના સંબંધમાં

પોતાથી વિકાર છે એ અશુદ્ધ અંતઃતત્ત્વ છે. અને અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ બેનો સંબંધ છે. તો જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પહેલા તો બેથી ભિન્ન થઈને પોતાના આત્માનો અનુભવ કરે છે. આહા..હા..! એનું નામ તો હજી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ આચરણ કહેવામાં આવે છે. આહા..હા..! પછી ચારિત્ર કેમ થાય? પ્રત્યાખ્યાન કેમ થાય? સંયમ કેમ થાય? કે એ રાગ.. ભાન તો થયું કે રાગથી હું ભિન્ન છું, પણ હજી રાગની અસ્થિરતા છે એનાથી ભેદ કરીને અંદરમાં સ્થિરતા કરે છે, આહા..હા..! એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે, ભાઈ! આહા..હા..! કોઈ નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે એ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જિનેન્દ્રદેવનું આ ફરમાન છે. કહો, પાટણીજી! આવી વાત છે. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચાલે, ચાલે. હવે બધા શેઠિયાઓ બધા સાંભળે છેને, હવે ક્યાં નથી ? ૪૦ વર્ષ અને સાત મહિના થાશે અહીં. આ વદ ત્રીજે. ત્રણ દિ' રહ્યા. ૪૦ વર્ષ અને સાત માસ. શેઠ! અહીંયાં આવ્યાને થશે. ૧૯૯૧માં ફાગળ વદ ત્રીજે તો આવ્યા. ફાગણ વદ ત્રીજ, તમારી ચૈત્ર વદ ત્રીજ. આ વદ ત્રીજે ૪૦ વર્ષ અને સાત મહિના (થશે). તો ૪૦ વર્ષથી આ વાત ચાલે છે. પહેલેથી આ વાત તો ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને એક ટીકા! અમૃતચંદ્રાચાર્ય સંત મુનિ ચારિત્રવંત, મહંત મહાત્મા, પંચપરમેષ્ઠીમાં આચાર્યપદમાં ભળ્યા છે. એ કહે છે કે ચારિત્ર કઈ રીતે થાય? પ્રત્યાખ્યાન, રાગનો ત્યાગ કઈ રીતે થાય? આહા..હા..! સ્વરૂપમાં લીનતા, રાગનો ત્યાગ એવું પ્રત્યાખ્યાન, એવું ચારિત્ર કઈ રીતે થાય? કે રાગ અને કર્મથી લક્ષ છોડીને પોતાની દૃષ્ટિનો દ્રવ્યમાં અભ્યાસ કરતાં-કરતાં અંદરમાં સ્થિર થઈ જાય એનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાઈ બોલ્યાને હમણા, નવનીતભાઈ! છ ઢાળામાં આવે છેને. એના વિના જ્ઞાન ચારિત્ર નહિ. એવું આવે છે. સમ્યગ્દર્શન બિન જ્ઞાન ચરિતા... આહા..હા..!

અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન થયું, અનુભૂતિ થઈ, અનુભૂતિમાં સમ્યગ્દર્શન થાય છે તો અનુભૂતિને જ સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! અનુભૂતિનો અર્થ શું? કે જે વસ્તુ સ્વભાવ દ્રવ્ય છે શુદ્ધ ચૈતન્યઘન એને અનુસરીને અંદરમાં દશા થવી એનું નામ અનુભૂતિ અને એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી એને ચારિત્ર અને પ્રત્યાખ્યાન ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? અને કહે છે. એક-એક ગાથામાં તો એટલું લખ્યું છે ઓહો..હો..! સંતોની વાત દિગંબર મુનિઓ તો અંદર ચારિત્રવંત, મહંત પરમેશ્વરપદમાં બિરાજે છે.

એ કહે છે કે અશુદ્ધ પર્યાય મલિન અને કર્મ પુદ્‌ગલ નિમિત્ત, બેનું લક્ષ છોડીને દ્રવ્ય સ્વભાવનું લક્ષ કરીને પરથી ભેદ પાડે છે. '**ભેદાભ્યાસના બળથી કરે છે,...**' આહા..હા..! '**ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે,...**' એમ. કર્મ ગયા, કર્મ ટળ્યા આ અભ્યાસ થયો એમ નથી. આહા..હા..! રાગ અને ભગવાન આત્મા બેનો ભેદ ભિન્નતાના અભ્યાસથી ..

કરે છે. આહા..હા..!

'**તે પરમ સંયમી...**' એ પરમચારિત્રવંત, '**નિશ્ચયપ્રત્યાખ્યાન...**' એને સાચું પ્રત્યાખ્યાન થાય છે. આહા..હા..! '**તથા વ્યવહારપ્રત્યાખ્યાન સ્વીકૃત કરે છે.**' એ આવ્યું. નિશ્ચય અને વ્યવહાર બે છે એને. આહા..હા..! એકવાર આહાર કરીને. મુનિ એક વાર આહાર કરે છે ઉભા-ઉભા અને પછી ચાર આહારનો ત્યાગ કરે છે. ચોવીસ કલાક, અડતાલીસ કલાક સુધી. એ વ્યવહાર છે. એ વ્યવહારનો સ્વીકાર કરે છે. એમાં રાગની મંદતા છે અને રાગની મંદતાથી પણ ભિન્ન પડીને સ્વરૂપમાં, આનંદમાં સ્થિરતા કરે છે એ નિશ્ચયપ્રત્યાખ્યાન, નિશ્ચયચારિત્ર છે. આહા..હા..! '**તે પરમ સંયમી...**' ભાષા જુઓ, '**પરમસંયમી નિશ્ચયપ્રત્યાખ્યાન તથા વ્યવહારપ્રત્યાખ્યાન સ્વીકૃત (-અંગીકૃત) કરે છે.**' તેને જ નિશ્ચયપ્રત્યાખ્યાન અને વ્યવહાર પ્રત્યાખ્યાન હોય છે, બીજાને હોતું નથી. આહા..હા..!

'**(હવે, આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથાની...**' છેલ્લી ગાથા છેને? '**ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નવ શ્લોક કહે છે :)**' એક ગાથા અને નવ શ્લોક. પદ્મપ્રભમલધારિદેવ ટીકા કરનારા છે. ત્રીજા. આહા..હા..! એ મુનિરાજ છે. નવસો વર્ષ પહેલા આત્મજ્ઞાની, અનુભવી, ચારિત્રવંત, સંત એ કહે છે કે અમારા મુખારવિંદથી પરમ અધ્યાત્મ ઝરે છે. એમ આવ્યું છે. અમારા મુખારવિંદથી પરમ અધ્યાત્મ ઝરે છે એમ કહે છે. અમે કહીએ છીએ એ પરમાગમ છે. સમજાણું કાંઈ? તો એ નવ શ્લોક કહે છે. ૧૪૪ શ્લોક. ઈ આવ્યોને? ૧૪૩. આ બાજુ છે.

(સ્વાગતા)

भाविकालभवभावनिवृत्तः
सोहमित्यनुदिनं मुनिनाथः।
भावयेदखिलसौख्यनिधानं
स्वस्वरूपममलं मलमुक्त्यै।।१४३।।

પ્રત્યાખ્યાન છેને. '**मलमुक्त्यै**' આહા..હા..! '**જે ભાવિ કાળના ભવ-ભાવોથી નિવૃત્ત છે તે હું છું...**' આહા..હા..! મુનિરાજનું પ્રત્યાખ્યાન એ છે, મુનિરાજના ચારિત્રનો ભેદ એ છે કે હું ભાવિકાળના ભવ અને એના ભાવ '**(સંસારભાવોથી) નિવૃત્ત છે તે હું છું...**' ભવિષ્યમાં જે રાગ છે એનાથી નિવૃત્ત જ હું છું. આહા..હા..! એ સંયમ અને પ્રત્યાખ્યાન છે. '**ભાવિ કાળના ભવ...**' અને ભાવ એનો. ભવ એટલે સંસાર અને એનો ભાવ, એનાથી નિવૃત્ત. આહા..હા..! જે ભાવથી ભવ મળે એ ભાવથી હું નિવૃત્ત છું. આહા..હા..! એ હું છું. ઓહો..હો..! જુઓ, આ ચારિત્રવંત કહે છે. ભવિષ્યનો જે રાગ છે, એ રાગથી સ્વર્ગાદિનો બંધ પડે છે એવા રાગથી હું નિવૃત્ત છું. આહા..હા..! એ રાગ મારી ચીજ નથી. હું તો રાગથી ભિન્ન થઈને મારા સ્વરૂપમાં સ્થિરતા (થાય) એ હું છું. આહા..હા..! આવી

વ્યાખ્યા!

**'એમ મુનિશ્વરે મળથી મુક્ત થવા માટે...'** મળ નામ પુણ્ય અને પાપનો ભાવ, શુભ-અશુભ મળ છે. આહા..હા..! ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો ભાવ એ શુભભાવ મળ છે. આહા..હા..! એ પ્રત્યાખ્યાન નથી, એ ચારિત્ર નથી, એ ધર્મ નથી. આહા..હા..! પાપથી બચવા એવો અશુભભાવ આવે છે, પણ છે તો શુભભાવ મળ. તો મળથી મુક્ત થાય છે અને નિર્મળ સ્વરૂપમાં લીન થાય છે. નિર્મળાનંદ પ્રભુમાં લીન થાય છે મળથી મુક્ત થઈને એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહા..હા..! જિનેન્દ્રના માર્ગમાં એને પ્રત્યાખ્યાન કહે છે. કેમકે જિનેન્દ્ર વીતરાગભાવ બતાવે છે. તો રાગથી રહિત અંદર જે વીતરાગભાવ થયો... સમજાણું કાંઈ? એ મળથી મુક્ત થયો એ ચારિત્ર છે. આહા..હા..! હજી તો ચારિત્ર શું છે એની ખબર નથી. સમ્યગ્દર્શન કેમ થાય એની ખબર નથી. બસ આ કરો, શુભ કરો. કરતાં-કરતાં સમ્યગ્દર્શન થઈ જશે. બધી મિથ્યા પ્રરૂપણા છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

મુનિ દિગંબર સંત કહે છે, હું તો ભવિષ્યના ભવનો ભાવ... આહા..હા..! એનાથી તો હું નિવૃત્ત છું. કેમકે ખબર તો છે કે ભવિષ્યમાં પુણ્યબંધ થશે અને સ્વર્ગમાં તો મુનિ જશે જ. તો કહે છે કે હું તો એ પુણ્યભાવથી (નિવૃત્ત છું). એ ભવનો ભાવ છે. આહા..હા..! એ સ્વભાવનો ભાવ નથી. એ ભવનો ભાવ જે મલિન છે એનાથી તો હું નિવૃત્ત છું. આહા..હા..! **'એમ મુનિશ્વરે મળથી મુક્ત થવા માટે પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત...'** આહા..હા..! રાગથી ખસીને પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત **'નિર્મળ નિજ સ્વરૂપને પ્રતિદિન ભાવવું.'** આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા એ તરફની પ્રતિદિન એકાગ્રતા થવી જોઈએ. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. આવો ધર્મ ઉપદેશ હવે. અરે! ભાઈ! માર્ગ તો એવો છે, ભાઈ! જિનેન્દ્ર ત્રિલોકનાથ પરમેશ્વરે શું કહ્યું છે એણે કદી વિચાર્યું નથી. પહેલા કહ્યું હતુંને? પરમાગમનો વિચાર કરવામાં ચતુર એવો સંયમી. આહા..હા..! સમજાય છે કાંઈ? રતનલાલજી આવવાના છે નહિ? ... આહા..હા..!

ઓહો..હો..! એક-એક કડી, એક-એક કળશ બાર અંગનો નિચોડ છે. આહા..હા..! એવી વાણી, એવા કથન દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. આહા..હા..! સત્ય અને સત્યનો પ્રવાહ. નિજાનંદ આત્મા કેવો? આત્મા કેવો છે? જુઓ, કે પરિપૂર્ણ સુખનું નિધાન. આનંદ આત્મા તો પરિપૂર્ણ આનંદનું નિધાન છે. આહા..હા..! અપૂર્ણ નહિ, વિકાર નહિ, દુઃખ નહિ, અપૂર્ણ નહિ. આહા..હા..! પરિપૂર્ણ કહ્યુંને? પરિપૂર્ણ આનંદ, સૌખ્ય એટલે આનંદ અંતર. અનાકુળ આનંદના નિધાનભૂત. જોયું! નિધાનભૂત, નિધાનસ્વરૂપ. જેમાં અતીન્દ્રિય આનંદનું નિધાન ભર્યું છે. આહા..હા..!

એવું **'નિર્મળ નિજસ્વરૂપ...'** એવા **'નિર્મળ નિજસ્વરૂપને...'** કેવું નિજસ્વરૂપ? કે

'**પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત નિર્મળ નિજસ્વરૂપને...**' ઓહો..હો..! આત્મા, અતીન્દ્રિય નિર્મળ સુખના આનંદના નિધાનભૂત એવા આત્માને... આહા..હા..! છે? '**નિર્મળ નિજસ્વરૂપને...**' એમ. ભગવાનનું દ્રવ્ય અને તીર્થંકરનું દ્રવ્ય નહિ. આહા..હા..!. ભગવાનનું દ્રવ્ય પરદ્રવ્ય છે. એનું લક્ષ કરવાથી તો રાગ થાય છે. આહા..હા..! જિનવાણી. '**પરિપૂર્ણ સૌખ્ય...**' નામ આનંદ અંતર અતીન્દ્રિય પ્રભુ. પરિપૂર્ણ આનંદના નિધાનભૂત, પરિપૂર્ણ આનંદની ખાણ. કહો, ગોદિકાજી! આ પૈસામાં સુખ નથી, આબરૂમાં સુખ નથી, શરીરમાં સુખ નથી એમ કહે છે. ધૂળમાંય સુખ નથી. આહા..હા..! ભાઈ! સુખ તો તારી ચીજમાં છે. આહા..હા..! જ્ઞાન અને સુખ તો તારી ચીજમાં પરિપૂર્ણ ભર્યું છે અને એ સુખ બહારમાં શોધવા જાય છે. આહા..હા..! હરણ-મૃગ. મૃગલા હરણ હોય છેને. એની નાભિમાં કસ્તુરી છે. હરણની-મૃગલાની નાભિમાં કસ્તુરી એ બહાર શોધવા જાય છે. એમ ભગવાન આત્મામાં અંતરમાં અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ ભરેલો આત્મા. ઓલી નાભિમાં, આ અંદરમાં. આહા..હા..! અરે..! કોઈ દિ' એના વિચાર પણ કે દિ' કર્યા છે? આહા..હા..!

'**મળથી મુક્ત થવા...**' ભવિષ્યના ભાવથી નિવૃત્ત થવા માટે આહા..હા..! વર્તમાન પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત એવા નિર્મળ નિજસ્વરૂપને પ્રતિદિન-પ્રત્યેક પળે અને પ્રતિદિન ભાવવું જોઈએ. એ આનંદની ભાવના—એકાગ્રતા કરવી જોઈએ. આહા..હા..! એનું નામ પ્રત્યાખ્યાન છે. કહો, સમજાય છે કાંઈ? પ્રત્યાખ્યાન દરરોજ કરેને સવાર-સાંજ? રાત્રે આહાર ન કરવો કે ચોવીસ કલાક ન કરવો એ તો બાહ્ય વ્યવહાર છે, એ તો વિકલ્પ છે. આહા..હા..! '**ભવ-ભાવોથી નિવૃત્ત છે...**' રાગના ભાવથી હું નિવૃત્ત છું. એવા મુનિશ્વર મળથી મુક્ત થવા માટે પરિપૂર્ણ આનંદના નિધાનભૂત નિર્મળ નિજસ્વરૂપ એને પ્રતિદિન, પ્રત્યેક કાળે, પ્રત્યેક સમયે, પ્રતિદિન ભાવવું જોઈએ. એમાં એકાગ્રતા કરવી જોઈએ. આહા..હા..! અંતરમાં એકાગ્રતા કરવી એ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? રાગમાં એકાગ્રતા કરવી એ અપ્રત્યાખ્યાન, અત્યાગ છે. આહા..હા..! વ્યાખ્યા જુદી. જિનેન્દ્રદેવની પ્રત્યેકની વ્યાખ્યા જુદી. દુનિયા સાથે ક્યાંય મેળ થઈ શકે નહિ. આહા..હા..! ત્રણલોકનો નાથ જિનેન્દ્ર પ્રભુ અને એના સંતો ચારિત્રવંત દિગંબર અંદર. આહા..હા..! અંતરમાં યથાજાત સ્વરૂપ પ્રગટ્યું, બહારમાં યથાજાત જેવો માતાએ જન્મ્યો એવી શરીરની નગ્નદશા છે. આહા..હા..! એ મુનિરાજ એમ કહે છે કે હું તો ભાવિ ભવના ભાવથી નિવૃત્ત છું. આહા..હા..!

'**એમ મુનિશ્વર મળથી મુક્ત થવા માટે...**' હવે વર્તમાન રાગ છે એનાથી મુક્ત થવા માટે ત્રણે કાળ મેળવવા છેને... '**પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત...**' આહા..હા..! આત્મા કોને કહીએ? આત્મા કોને કહીએ? અને એની દૃષ્ટિ કરનારને આત્મા કેવો હોય છે? આહા..હા..! '**પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત નિર્મળ નિજસ્વરૂપ...**' અતીન્દ્રિય આનંદ પરિપૂર્ણનું નિજસ્વરૂપ દ્રવ્ય એ '**પ્રતિદિન...**' આહા..હા..! નિરંતર ભગવાન આત્માના આનંદમાં લીન

થવું જોઈએ. એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને એમાં? ચોખ્ખી વાત છે. બેને બે ચાર જેવી વાત છે. એમાં કાંઈ ગડબડ કરે તો ચાલે એવું નથી. આહા..હા..! ૧૪૩ થયો. ૧૪૪.

(स्वागता)

घोरसंसृतिमहार्णवभास्व-
द्यानपात्रमिदमाह जिनेन्द्रः।
तत्त्वतः परमतत्त्वमजस्त्रं
भावयाम्यहमतो जितमोहः।।१४४।।

'**શ્લોકાર્થ :- ઘોર સંસારમહાર્ણવનું આ (પરમતત્ત્વ) દેદીપ્યમાન નાવ છે...**' આહા..હા..! ચોર્યાશી લાખના અવતાર કરવાનો ભાવ ઘોર સંસાર છે. '**ઘોષર સંસારમહાર્ણવ...**' મોટો દરિયો છે. આહા..હા..! '**ઘોર સંસારમહાર્ણવનું આ (પરમતત્ત્વ)...**' ભગવાન આત્મા '**દેદીપ્યમાન નાવ છે...**' આહા..હા..! સંસારના ઘોર મિથ્યાત્વ અજ્ઞાન આદિ ભાવ એ સંસારનું ઘોર અજ્ઞાન છે. આત્મા એક ચિદાનંદસ્વરૂપ એમાં નાવ છે. એ નાવ દ્વારા સંસારને પાર કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જંગલમાં વસતા મુનિરાજ સિદ્ધ સાથે વાત કરતાં કરતાં શ્લોકો બનાવી દીધા છે. પરમાત્મા! તું પૂર્ણાનંદ છોને. આ હોં. આહા..હા..! હું તો પરમ આનંદના નિધાનભૂત નિર્મળ નિજસ્વદ્રવ્ય છેને. એ કેવું તત્ત્વ છે? કે ઘોર સંસારને પાર થવાને નાવ સમાન આત્મતત્ત્વ છે. આહા..હા..! એના અવલંબને સંસારનો નાશ થાય છે. આહા..હા..!

'**ઘોર સંસારમહાર્ણવ...**' મહાર્ણવ એટલે દરિયો-સમુદ્ર. એમાં આ પરમતત્ત્વ ભગવાન... ઓલામાં એમ કહ્યું હતું કે પરમ પરિપૂર્ણ સુખનું નિધાન નિજસ્વરૂપ એમ આ કહ્યું. એવું પરમતત્ત્વ આ. '**દેદીપ્યમાન નાવ છે...**' આહા..હા..! સંસારના ભવના ભાવને તરવા માટે ભગવાન આત્મા નાવ છે. જેણે આત્માને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કર્યો એ નાવ સંસારથી પાર કરી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. હવે આવો ઉપદેશ કરવો ઝાઝા માણસમાં. ભાઈ! માર્ગ તો આ છે, પ્રભુ! અનંત જિનેશ્વર, અનંત તીર્થંકરો, અનંત જિનેન્દ્રોના ભક્તો, દિગંબર સંતો એણે આ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, '**પરમતત્ત્વ...**' નિજદ્રવ્ય જે આનંદથી ભરેલો પ્રભુ ધ્રુવ એ મારું નિજતત્ત્વ એ સંસારનો મહાસમુદ્ર ચૌર્યાશી લાખના અવતાર એને તરવામાં મારો આત્મા જ નાવ છે. રાગાદિ ભાવને છોડવામાં મારો આત્મા નાવ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'નાવ તરે રે મારી નાવ તરે એમ મુનિવર આત્મામાં ખેલ કરે.' એવંતકુમારમાં આવે છે એ લોકોમાં શ્વેતાંબરમાં. શ્વેતાંબરમાં એવી કથા આવે છે કલ્પિત. એ કહ્યું હતું એકવાર. એવંત મુનિ. ભગવતીસૂત્રમાં છે. એવંતા મુનિએ નાની ઉંમરમાં દીક્ષા લીધી આઠ વર્ષની. શ્વેતાંબરમાં કથા

છે એવી. વસ્ત્ર-પાત્ર રાખે છે. એ કલ્પિત બધું બનાવ્યું છેને. મુનિને એવું હોય નહિ. તો આઠ વર્ષે દીક્ષા લીધી. તો જંગલમાં જાતા હતા દિશાએ. સાધુની સાથે જંગલ (જતા હતા). જંગલ સમજ્યા? દિશા. બહાર. તો પાછા આવ્યા તો બહુ વરસાદ આવ્યો. તો વરસાદ આવ્યો તો પાણી વહેતું હતું. પાણીમાં એ બાળક હતાને સાધુ? બેસી ગયા. બેસીને પાળ બાંધી ગારની. ગાર સમજ્યાને? પંક-કાદવ-કાદવ. પાળ બાંધી તો પાણી રોકાઈ ગયું. તો સાથે પાત્ર હતું. એ તો પાત્ર રાખતા હતા. તો પાત્ર એમાં મૂક્યું. પછી એવી વાત આવે છે 'નાવ તરે રે મોરી નાવ તરે, એમ મુનિવર જળ શું ખેલ કરે. એ મોહનીય કર્મના એ રે ચાળા, મુનિવર દોઉ નાનવિયા રે બાળા.'

**શ્રોતા :-** એમ કરીને પાત્ર સિદ્ધ કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાત્ર સિદ્ધ કર્યું. પાત્ર સાથે ... સિદ્ધ કરી કપડું પણ. ... હાથમાં લે. એ બધી કલ્પિત વાત. કલ્પિત ભગવતી સૂત્રમાં છે.

આ સત્ કહે છે કે મારી નાવ તો આત્મા છે. આહા..હા..! આનંદનો નાથ પ્રભુ મારી દૃષ્ટિમાં આવ્યો છે એ વિકારભાવ સંસારસમુદ્રને તરવામાં મારો આત્મા જ નૌકા છે. આહા..હા..! કહો, ગોદિકાજી! આ પૈસા-બૈસા .. એમ કહે છે. અમને તો વિચાર છે કે આ હાડકાનું દર્દ શું કહેવાય? હાર્ટ એટેક. ત્યાં ક્યાં રખડવા જાય છે? કીધુંને? સવારમાં કીધું હતું. આહા..હા..!

મારું આત્મતત્ત્વ, સંસાર ઉદયભાવ વિકાર.. આહા..હા..! એને તરવામાં મારું આત્મતત્ત્વ નાવ છે. 'મારી ચીજ રાગથી ભિન્ન છે' એમ મારા અનુભવમાં આવ્યું છે તો એ મારું તત્ત્વ જ મને સંસાર સમુદ્રમાં તરવામાં મારો આત્મા જ નાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો સંસાર છે. આહા..હા..! એ શુભભાવ એ સંસાર છે. એને તરવામાં મારો આત્મા નાવ સમાન છે. આહા..હા..! 'નાવ તરે રે મોરી નાવ તરે.' એમ ચૈતન્ય જળ રાગની પૃથક્‌ના ખેલ કરે. એ નિર્મોહી ચૈતન્યના એ ચાળા એ આનંદમૂર્તિ ભગવાન એમાં રમે એ બાળ જ્ઞાની છે, એ જ્ઞાની બાળ છે. આહા..હા..!

'**દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે;...**' જુઓ, એમ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ અરિહંતદેવ પરમેશ્વર સભામાં ઇન્દ્રો અને ગણધરની વચ્ચે પરમાત્મા એમ ફરમાવતા હતા કે સંસારસમુદ્ર રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એ સંસારસમુદ્રને તારવામાં તારો આત્મા જ નાવ છે. એ આત્માને પકડી લે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા નાવ સમાન. આહા..હા..! એની દૃષ્ટિ અને રમણતા થઈ તો સંસારથી પાર થઈ જાય છે. એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહા..હા..!

'**તેથી હું...**' હવે પોતે મુનિરાજ કહે છે. '**હું મોહને જીતીને...**' રાગ એ બધો મોહ છે. પરતરફની સાવધાની એમ કહે છે. પરતરફની સાવધાનીને જીતીને '**નિરંતર પરમતત્ત્વને તત્ત્વતઃ (પારમાર્થિક રીતે) ભાવું છું.**' આહા..હા..! પરતરફની સાવધાની છોડીને મારા

સ્વરૂપની સાવધાની કરું છું, એમ કહે છે. આહા..હા..! જુઓને, કળશ તે કેવા કળશ છે! આહા..હા..! '**હું મોહને જીતીને નિરંતર પરમતત્ત્વને...**' નિરંતર પરમતત્ત્વને. સદા નિરંતર મારા આત્મામાં દૃષ્ટિમાં ભગવાન જ તરે છે. આહા..હા..! એવું '**તત્ત્વતઃ ભાવું છું.**' એની હું ભાવના કરું છું અને એ જ પ્રત્યાખ્યાન છે અને એ ચારિત્ર છે અને એનાથી સંસાર પાર થઈ જશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧, મંગળવાર, તા. ૨૧-૧૦-૧૯૭૫
## કળશ-૧૪૫ થી ૧૪૭, પ્રવચન નં. ૬૯

૧૪૫ કળશ છે. નિયમસાર. નિશ્ચય-પ્રત્યાખ્યાન એટલે કે નિશ્ચયચારિત્ર એનો અધિકાર છે. ૧૪૫.

(मंदाक्रांता)

प्रत्याख्यानं भवति सततं शुद्धचारित्रमूर्तेः
भ्रान्तिध्वंसात्सहजपरमानंदचिन्निष्टबुद्धेः।
नास्त्यन्येषामपरसमये योगिनामास्पदानां
भूयो भूयो भवति भविना संसृतिर्घोररूपा।।१४५।।

'**શ્લોકાર્થ :- ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત છે...**' એટલે શું કહે છે? કે આત્મા છે એ અતીન્દ્રિય આનંદનો પિંડ છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહા..! અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો ભગવાન આત્મા છે. એવો જેણે પ્રથમ તો એણે એવો વિકલ્પથી નિર્ણય કર્યો હોય. બુદ્ધિના, જ્ઞાનના વિકલ્પથી કે આ એક પરમાનંદસ્વરૂપ આત્મા છે, એ આનંદ બીજે ક્યાંય નથી. એવો વિકલ્પ અને રાગમિશ્રિત વિચારથી નિર્ણય કર્યો હોય પ્રથમ. પછી તેને વિકલ્પને છોડી દઈ ભ્રાંતિનો નાશ કરી... આહા..હા..! ઝીણું બહુ! કહે છે કે સુખ આત્મામાં છે, એમ કહે છે. આ તમારા પૈસામાં અને ધૂળમાં સુખ નથી, એમ કહે છે. રતનલાલજી!

જેને ધર્મ કરવો છે એટલે કે જેને સુખી થવું છું એટલે કે જેને દુઃખનો નાશ કરવો છે એણે શું કરવું? કે એણે આ આત્મા આનંદ અતીન્દ્રિય આનંદનું ધામ 'સ્વયં જ્યોતિ સુખધામ' શ્રીમદ્‌માં આવે છે, આત્મસિદ્ધિમાં. સ્વયં ચૈતન્યજ્યોતિ છે અને એ આનંદ અતીન્દ્રિય અનાકુળ શાંતિ અને આનંદનું એ ધામ—સ્થાન છે. એણે પરતરફની વિકલ્પની વૃત્તિઓ છોડી

અને મતિને અંતર પૂર્ણાનંદનો નાથ પ્રભુ તે તરફ મતિને જોડી, રાગની એકતાને તોડી, જ્ઞાનાનંદ સાથે મતિને જોડી. આવો માર્ગ છે. એને ભ્રાંતિનો નાશ થાય છે.

શુભ-અશુભભાવમાં સુખ છે, શુભ-અશુભભાવના ફળ આ ભોગ મળે એમાં સુખ છે એવી જે ભ્રાંતિ એનો એને નાશ થાય છે. કેમકે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદ બિરાજે છે. આ કહે છેને પ્રસિદ્ધ છે. સિદ્ધ પ્રસિદ્ધ છે એમ તારો આનંદ પ્રસિદ્ધ છે. એવું અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન એને મતિની બુદ્ધિથી એના તરફ જોડાણ કરીને... આહા..હા..! અને રાગની એકતાની બુદ્ધિને તોડવી. એ નાસ્તિથી છે. જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણાનંદના સ્વભાવથી ભરેલો ભગવાન તેમાં વર્તમાન મતિને તેમાં જોડવી, તેને ભ્રાંતિનો નાશ થાય છે. આહા..હા..! એને મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ!

એને '**ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ...**' જે રાગની એકતામાં બુદ્ધિ ગઈ હતી અનાદિથી એ અંતરમાં બુદ્ધિ સહજ પરમાનંદયુક્ત થઈ. આહા..હા..! સ્વભાવિક પરમ અતીન્દ્રિય આનંદસહિત ચેતનમાં લીન-એકાગ્ર છે. આહા..હા..! અહીં તો ચારિત્ર લેવું છેને? પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર. પચ્ચખાણ એટલે રાગનો ત્યાગ અને સ્વભાવનો સુંદર ચૈતન્યમૂર્તિનો આદર, રાગનો ત્યાગ અને ત્રિકાળી આનંદનું સ્વરૂપ ચૈતન્યનો આદર, એમાં લીનતા. .. આ પૈસામાં આવી મહેનત નથી કરવી પડતી એમાં. ધૂળમાંય નથી. એ તો પૂર્વનું પુણ્ય હોય તો દેખાય. આ તો પુરુષાર્થથી થાય છે એમ કહે છે. આહા..હા..! કેટલો પુરુષાર્થ?

**શ્રોતા** :- એ તો બધો પાપનો પુરુષાર્થ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો બધો પાપ પુરુષાર્થ છે. ધંધાનું રળવું અને મળે છે તે પાપ પુરુષાર્થથી નહિ. કોઈ પૂર્વના પુણ્ય હોય એ ગળવાને, બળવાને, ખરવાને તૈયારી હોય ત્યારે દેખાય. આ ચીજ તો બીજી છે, કહે છે. અનંતકાળમાં એણે કરી નથી. પરમાનંદ સહજ પરમાનંદ એમ લીધું. સ્વભાવિક પરમ આનંદ પ્રભુ આત્મા. આહા..હા..! એવા સહિત જે બુદ્ધિને કરે છે. ચેતનમાં લીન કરે છે. પરમાનંદસહિત એવું ચેતન. આહા..હા..! માર્ગ બહુ દુર્લભ છે, ભાઈ! અશક્ય નથી, પણ બહુ દુર્લભ છે. અનંતકાળમાં એને એ વાત સાંભળવા મળી હતી, પણ એને ગમી નથી. આહા..હા..! સાધુ અનંતવાર થયો દિગંબર મુનિ, પણ એ બધી ક્રિયા કરી, પણ આત્મા અંદર છે ચિદાનંદમાં જોડાણ કરવું એ ન કર્યું. દ્રવ્યલિંગ ધારણ કર્યા, નગ્ન થયો, હજારો રાણી છોડી. આહા..હા..! પંચમહાવ્રત પણ જેને શુભાશુભ ભાવ એ પણ કર્યો, શુક્લલેશ્યા કરી, આહા..હા..! ચામડા ઉતરડીને ખાર છાંટે તો ખમ્મા કરે એવી ક્રિયા પણ કરી. પણ આત્મા અંદર ચિદાનંદ મૂર્તિ પ્રભુ પરમાનંદયુક્ત ચેતન અતીન્દ્રિય પરમાનંદ સુખરૂપી સહિત ચૈતન્ય એમાં એણે દૃષ્ટિ કદી કરી નહિ. સમજાણું કાંઈ? આહા..!

એવા '**ચેતનમાં નિષ્ઠિત...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મની શરૂઆતમાં એ ચેતનની પરમાનંદસહિત

એવા ચેતનની દૃષ્ટિ થઈ, પણ હજી એમાં લીનતા વિશેષ નથી. સમજાય છે કાંઈ? એથી અહીં ચારિત્રની વ્યાખ્યા કરી. '**પરમાનંદયુક્ત...**' અતીન્દ્રિય પરમાનંદસહિત એવું ચેતન. એવી જેણે બુદ્ધિને એમાં જોડી દીધી છે એને સમ્યગ્દર્શન થાય. પછી એમાં લીનતા થાય તેને ચારિત્ર થાય. આહા..હા..!

**શ્રોતા** :- વ્રત અને તપ વડે ચારિત્ર ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી. વ્રત, તપ કે દિ' હતું? એ તો બધો વિકલ્પ છે. આ અપવાસ કરે ને વ્રત કરે ને તપ કરે ને. એ તો શુભરાગ છે. પુણ્ય છે એ તો. એ કોઈ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું ટૂંકું નાખ્યું જુઓને.

એકાગ્ર છે. પરમાનંદસહિત એવું ચૈતન્ય, પરમાનંદસહિત એવો ચૈતન્ય ભગવાન, એમાં જેણે બુદ્ધિને લીન કરી છે. આહા..હા..! ભ્રાંતિનો નાશ તો પહેલો કર્યો છે એમ કહે છે. વસ્તુ આનંદસ્વરૂપ છે, ચેતનસ્વરૂપ છે એવું પરના લક્ષને છોડીને ચૈતન્યની એકાગ્રતાથી પ્રથમ સમ્યગ્દર્શન ભ્રાંતિના નાશથી કરેલું છે. આહા..હા..! જન્મ-જરા-મરણના દુઃખને મટાડવાનો આ એક ઉપાય છે. ચોર્યાશીના અવતાર કરીને હેરાન થઈ ગયો છે. સમજાણું કાંઈ? રાજા દુઃખી, દેવ દુઃખી, અબજોપતિ પૈસાવાળા એ દુઃખી બિચારા છે. આત્માના આનંદનો જેને અભાવ છે. આહા..હા..! પરમાં સુખબુદ્ધિમાં એ ઘેરાઈ ગયેલો છે. સમજાણું કાંઈ? અંતર્મુખ આત્મા પરમાનંદસહિત ચૈતન્યસ્વરૂપ બસ, બેની મુખ્યતા લેવી છે અહીં. જ્ઞાન અને આનંદ.

પરમાનંદ-પરમ આનંદ. પરમસુખસ્વરૂપ શાંત આનંદસ્વરૂપ ચૈતન્ય. આહા..હા..! એમાં જેણે બુદ્ધિને જોડી દીધી છે અને એમાં લીન થયો છે. આહા..હા..! '**એવા શુદ્ધચારિત્રમૂર્તિને...**' એવા શુદ્ધ ચારિત્રના સ્વરૂપવાળો, ચારિત્રમૂર્તિને. આ શુદ્ધચારિત્ર આ. આહા..હા..! રાગની ક્રિયા છે. સમજાણું કાંઈ? આ જિનેન્દ્રનો માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એટલે ... આવે છેને નાટક-સમયસારમાં. જિનેન્દ્ર સ્વરૂપ આત્મા છે. આગળ આવશે. નથી? એ પાછળની કડીમાં આવે છે. નાટક સમયસાર પૂરું થાશે. જિનેન્દ્ર સ્વરૂપ જ આત્મા ... આહા..હા..! વીતરાગ અવિકારી આનંદનો કંદ પ્રભુ આત્મા છે એને આત્મા કહીએ. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ તો રાગ છે, પુણ્ય છે, વિકાર છે, અધર્મ છે. આહા..હા..! એવા બુદ્ધિને છોડી દઈ અને પરમાનંદસહિત એવું ચૈતન્યમાં બુદ્ધિને લીન કરે એને ભ્રાંતિનો નાશ થયેલો છે એથી તે સ્વરૂપમાં લીનતા કરે છે. આહા..હા..! આવી વ્યાખ્યા સાંભળવી કઠણ પડે. ઓલું તો સહેલુંસટ હતું. સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. કાળીદાસભાઈ! તમારા બાપે એવું સાંભળ્યું હતું બધું. ... બિચારા ભોળા હતા. તમારા દાદા હોં! કાંઈ ખબર નહિ. ... એના બાપના બાપ. એક ફેરી બહુ જરી કષાય થઈ ગયો તો એવું બોલ્યા, તારા બાપની .. મારે. ... તમારા બાપના બાપ. અમૃતલાલ. એવા ભદ્રિક ભાઈ. બહારમાં કાંઈ બોલે એની ખબર નહિ. તારી માના .. પૂંછડું મારે એ .. બિચારા ભદ્રિક. આહા..હા..!

એમાં આ ધર્મ ક્યાં હતો ત્યાં? સાંભળવા મળે નહિ અપાસરામાં કે દેરાસરમાં. આહા..હા..!

અહીં તો જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે છે... આહા..હા..! ભગવાન! એકવાર સાંભળ કે તારો આત્મા તો અનંત પ્રમાણયુક્ત ચૈતન્યસ્વરૂપ છે. એમાં એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો અભાવ છે. એ તો વિકાર છે. આહા..હા..! એવો પરમાનંદ પ્રભુ એવા ચેતનસ્વરૂપમાં લીનતા-લીનતા, આનંદની લીનતા અને વ્યક્ત અતીન્દ્રિય આનંદનું વેદન એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? કહો, શિવલાલભાઈ! શુદ્ધ ચારિત્રમૂર્તિને સતત પ્રત્યાખ્યાન (છે). કેમકે આનંદરૂપ એવા ચૈતન્યની દૃષ્ટિપૂર્વક અંતર જેણે લીનતા આનંદમાં કરી છે એને નિરંતર ચારિત્ર જ છે અને નિરંતર પ્રત્યાખ્યાન છે. આહા..હા..! બહુ આકરું. જગતની સાથે મેળ ખાવો કઠણ. કારણ કે સત્ય એ જગતના.. ઈ કહેશે હમણા. આહા..હા..! શુદ્ધ ચારિત્રમૂર્તિને નિરંતર પ્રત્યાખ્યાન (છે). આનંદસ્વરૂપમાં અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનમાં રહ્યો એને નિરંતર પ્રત્યાખ્યાન છે. આહા..હા..! .. છેને. આહા..હા..! આ એવી વાત છે.

પરસમયમાં... હવે આવે છે. આ જિનેન્દ્ર દર્શનમાં અને જિનેન્દ્રએ કહેલા આત્મા સિવાય જેટલા અન્યદર્શનો અને અન્યમત છે એમાં જેનું સ્થાન છે. આહા..હા..! જિનેન્દ્રના વીતરાગમાર્ગ સિવાય અન્ય દર્શનો બધા. બધાય? સ્થાનકવાસી અને શ્વેતાંબર શેમાં આવે? એ અન્યદર્શન છે, જૈન છે નહિ. એને ખબર નથી. અમે તો બધું જોયું છેને એમાં. આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથનું જે દર્શન છે એ દિગંબરદર્શન છે. એ સિવાયના જેટલા દર્શનો એ બધા અન્યમતના અન્યદર્શનના સ્થાનમાં જાય છે.

**શ્રોતા :-** દ્રવ્યલિંગી પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યલિંગી પણ અન્યમતના સ્થાનમાં જાય છે. આહા..હા..!

પરસમયમાં, અન્યદર્શનમાં જિનેન્દ્રદેવ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જે કહ્યો માર્ગ એનાથી જેટલા માર્ગો બીજા એ બધા અન્યદર્શનમાં જાય છે. રતનલાલજી! જેમનું સ્થાન છે અન્યમતમાં એવા અન્ય યોગીઓને, અન્ય સાધુઓને ઓલા ... એમ કે અન્યદ્રવ્યમાં ઉપયોગ જોડાણ એમાં છે નહિ એવું લખ્યું છે. પરસ્થાન છેને. અંતર સ્વરૂપ છે તેમાં ઉપયોગ જોડવો એ તો એનામાં છે નહિ. આ તો વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો, પોષા કરો, પડિક્કમણા કરો એ ધર્મ. એય..! મિથ્યા વાસના છે. એને ખબર નથી. વીતરાગ જિનેન્દ્રમાર્ગ જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં સીમંધર ભગવાન એમની પાસેથી આવેલી આ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અસ્તિ-નાસ્તિ કરી કે ભગવાન આત્મા એ સહજ પરમાનંદ ચૈતન્ય છે એમાં જે લીન છે એ શુદ્ધ ચારિત્રની મૂર્તિ છે. એ નગ્નપણું અને પંચમહાવ્રતના વિકલ્પ એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! ભારે આકરું. '**અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...**' આહા..હા..!

જેને પરમાનંદ યુક્ત એવો ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એના તરફ દૃષ્ટિ કરીને લીન થવું જેના માર્ગમાં નથી... અમરચંદભાઈ! આહા..હા..! અને પરતરફના વ્યવહાર કરતા... કીધું હતુંને, ઓલા ત્યાં જામનગર આવ્યા હતા, રામવિજય. આ તમારા માર્ગથી આ તો બધાનું કલ્યાણ અટકી જાય છે. આવ્યા હતા બધા દસ બાર, પંદર માણસ. માટે આપણે ચર્ચા કરીએ. કીધું, અમે કોઈ સાથે ચર્ચા કરતા નથી અને આ માર્ગ એમ કહીએ છીએ એમાં બધા તમારા માર્ગ .. અને જૂઠા છે. કહેજે તારા ગુરુને, કીધું. આહા..હા..! આવું ને આવું... જગતમાં બિચારા ભોળા માણસ, સાધારણ પ્રાણી એને ક્યાંના ક્યાંય જોડી દીધા.

**શ્રોતા :-** બહુમતી તો એની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુમતી તો આ કીડીયુંના નગરામાં કીડી બહુ હોય. કીડીયુંના નગરા હોયને નગરા. કીડીયું બહુ હોય. તો શું માણસ જાય? એય..! બહુમત હોય એટલે અજ્ઞાનીમાં બહુમત હોય છે. આહા..હા..! અહીં તો સત્યની સંખ્યા ઝાઝી હોય તો જ એ સત્ છે એવું કાંઈ નથી. સત્‌નું સત્‌પણું કેવું છે એની દૃષ્ટિવંત હોય ત્યાં સત્ છે. આહા..હા..! ભારે ઝીણું પણ. સમજાણું કાંઈ?

‘**પરસમયમાં (-અન્ય દર્શનમાં)...**’ અન્ય યોગીઓને. એટલે? જેને આવો પરમાનંદસહિત ચૈતન્ય છે એવી જેને હજી ખબર નથી એથી તેનો ઉપયોગ ત્યાં છે નહિ એની કોર. એ બાહ્યમાં જ ઉપયોગ એનો ભમ્યા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**પ્રત્યાખ્યાન હોતું નથી;...**’ આહા..હા..! અરે..! ‘**તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ થાય છે.**’ આહા..હા..! પરમાનંદસહિત એવું જે ચૈતન્ય ભગવાન પૂર્ણસ્વરૂપ એમાં જેનું જોડાણ, દૃષ્ટિ અને સ્થિરતા છે એ પર્યાય છે, એને મુક્તિ થાય અને એનું કલ્યાણ થાય. અજ્ઞાનીને આ ચીજની ખબર નથી એથી એ પરમાં, રાગમાં, ક્રિયામાં, દયા અને દાન અને વ્રતમાં ધર્મ માની બેઠા છે. એ સંસારી પ્રાણી છે. ફરી-ફરીને ઘોર સંસારમાં રખડશે. આહા..હા..! આકરું કામ ભારે. છે?

તે સંસારી પ્રાણી છે. જેને વીતરાગમૂર્તિ જિનેન્દ્રસ્વરૂપ આત્મા એની ખબર નથી એને ક્યાં વળવાથી કલ્યાણ થાય અને શેમાંથી ખસવાથી કલ્યાણ થાય એની ખબર નથી. આહા..હા..! એ સંસારીપ્રાણી છે, કહે છે. આહા..હા..! ભલે સાધુ નામ ધરાવતા હોય અને ત્યાગી હોય. અરે! દિગંબર મુનિ થયા હોય પણ જેને અંતર દૃષ્ટિની અંદર ખબર નથી અને બાહ્ય ચીજ માની બેઠા એ બધા પરસમયમાં છે. આહા..હા..! ‘**जीवो चरित्तदंसणणाणठिदो**’ આવ્યુંને? .. ગાથામાં. રાગાદિમાં ઠરે છે એ પરમસમય છે, વિકારી જીવ છે. આહા..હા..! એ સંસારીપ્રાણી છે. ભલે હજારો રાણી છોડી હોય, બાળબ્રહ્મચારી હોય છતાં એની દૃષ્ટિ વિપરીત છે. એ રાગની ક્રિયાથી ધર્મ થાય એમ માનનારા એ બધા સંસારી પ્રાણી છે, એ ધર્મી નહિ. આહા..હા..!

**શ્રોતા :-** સંસારી કહેવાય અને ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિ વિપરીત છે. મંદ કષાય એક કોર રહી ગયો. જે મિથ્યાત્વભાવ છે એ જ તીવ્ર કષાય છે. સત્યનો વિરોધ છે.. સત્યનો વિરોધ છે એવી જે માન્યતા એ તો તીવ્ર કષાય છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્ર.. ખબર નથી? ખબર નથી તમને? એના બાપે પૂર્વ ભવમાં મારા બાપે તારા બાપને લાખ રૂપિયા આપ્યા છે લાવ. હા પાડે? એમ આ ખોટી વાતું કરીને હા પાડે છે? આહા..હા..! વિચાર કરતો નથી કે આ કેમ સત્ છે કે નહિ આ? પરીક્ષા કરતો નથી, વિચાર કરતો નથી. આંધળા છે બધા. એઈ..! અહીં તો એ વાત છે. આહા..હા..!

'**અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી;...**' શું હોય છે ત્યારે? '**તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ થાય છે.**' નરક અને નિગોદનું પરિભ્રમણ થાય છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આવ્યા સુજાનમલજી. ૧૪૫ થયો ૧૪૫ કળશ. ૧૪૫ થયો. ૧૪૬.

(शिखरिणी)

महानंदानंदो जगति विदितः शाश्वतमयः
स सिद्धात्मन्युच्चैर्नियतवसतिर्निर्मलगुणे।
अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरमिहताः
कथं कांक्षंत्येनं बत कलिहतास्ते जडधियः।।१४६।।

આહા..હા..! અરે..! ભગવાન! સાંભળતો ખરો કહે છે. '**જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે,...**' સિદ્ધ. એવો આ આત્મા છે એમ કહે છે. શાશ્વત આનંદાનંદમાં જગતમાં પ્રસિદ્ધ પરમાત્મા સિદ્ધ નમો સિદ્ધાણં. અનંતકાળથી સિદ્ધ પમરાત્મા થયેલા છે નમો સિદ્ધાણં એ મહા શાશ્વત છે, મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે. આહા..! એવો તું છો એમ કહે છે. '**તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં...**' તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં '**અતિશયપણે અને નિયતપણે રહે છે.**' એટલે? આ મહા આનંદાનંદ જે પ્રસિદ્ધ વસ્તુ એવા નિર્મળ ગુણવાળો સિદ્ધનો આત્મા સિદ્ધ એ અતિશયપણે એમાં રહેલો છે. ભગવાન તો અતીન્દ્રિય આનંદમાં રહેલો છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**(તો પછી), અરેરે!**' આહા..હા..! શાશ્વત ભગવાન મહા આનંદાનંદસ્વરૂપ છે પ્રભુ. આત્મા અનાદિ-અનંત શાશ્વત છે અને તે મહાનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે. સિદ્ધ પ્રસિદ્ધ છે એમ તું પણ પ્રસિદ્ધ છો, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં મહા આનંદાનંદ ભરેલો છે એવું શાશ્વત તારું તત્ત્વ છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય સુખનો સાગર છે. અરે! કેમ બેસે? આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પણ પુણ્ય છે, રાગ છે, એ દુઃખ છે. આ ભગવાન તો પરમાનંદાનંદ પ્રસિદ્ધ છે, કહે છે. સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે. આહા..હા..! સત્, ચિદ્ અને આનંદ. સત્ અવિનાશી જ્ઞાન અને આનંદની મૂર્તિ એ

તો છે.

‘**તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે...**’ વિશેષપણે ‘**અને નિયતપણે રહે છે.**’ તે આનંદાનંદમાં એ. ‘**(તો પછી,) અરેરે! આ વિદ્વાનો પણ કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને તેને (કામને) કેમ ઈચ્છે છે!**’ આહા..હા..! અરે! જાણપણું શાસ્ત્રનું કર્યું છતાં આ એમ કે આનંદસ્વરૂપ ભગવાન છે અંદર એની દૃષ્ટિ છોડી દઈને આ કામની વાસનામાં કેમ હણાઈ જાય છે આ જીવ? આહા..હા..! ‘**આ વિદ્વાનો પણ કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી...**’ વિકલ્પ ઉઠે ભોગનો, સુખનો, બાયડીનો, કુટુંબનો, પૈસાનો. આહા..હા..! અરેરે! શું થયું તને આ? કહે છે. આવો મહા આનંદનો આનંદનાથ પ્રસિદ્ધ છે એમાં આનંદને શોધવા જાતો નથી અને આ કામવાસનાની વૃત્તિમાં તને મીઠાશરૂપ (લાગે છે), શું થયું તને આ? એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જાણ્યું તે જાણપણું કર્યું છે, પણ છતાં એને આનંદસ્વરૂપમાં રુચિ-દૃષ્ટિ બેઠી નથી. શાસ્ત્ર વાંચ્યા છે, ભણ્યો છે. આહા..હા..! છતાં કામની વાસના તીક્ષ્ણ શસ્ત્ર છે. આહા..હા..! સ્ત્રીનો વિષય એક નહિ, પણ પાંચેય ઈન્દ્રિયના વિષય તરફની કામવાસના, અણિન્દ્રિય એવો ભગવાન આનંદનો નાથ પ્રભુ એની દૃષ્ટિ છોડી દઈને પરમાં સુખની ઝાંવા માટે તીક્ષ્ણ શસ્ત્ર ઊભું કરે છે. .. શું થઈ તને આ? એમ કહે છે.

સમ્યગ્દૃષ્ટિને વિષય-વાસના હોય, પણ એમાં સુખબુદ્ધિ નથી એને. સમજાણું કાંઈ? સુખબુદ્ધિ ઉડી ગઈ છે. છન્નું હજાર સ્ત્રી હોય વિષયમાં પણ અંદરમાંથી એના ઉપરની સુખબુદ્ધિ ઉડી ગઈ છે. રાગ આવ્યો એનું સમાધાન થતું નથી અને વારંવાર ખટક્યા કરે છે માટે ચેષ્ટા થઈ જાય છે, પણ એમાં સુખબુદ્ધિ જ્ઞાનીને નથી. આ તો કહે છે કે તને વાસનાની મીઠાશ આવે છે. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા જેના ધામમાં પ્રવેશ કરતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને છોડીને આ વાસના પાંચ ઈન્દ્રિયના પ્રેમની પ્રીતિમાં જોડાઈ ગયો. આહા..હા..! ભગવાનનો પ્રેમ તેં છોડી દીધો. આહા..હા..! આ તો દિગંબર સંતોની વાણી છે. રામબાણ વાણી છે. આહા..હા..! કહે છે.. અરેરે! ભાષા કેવી છે!

‘**શાશ્વત મહા આનંદાનંદ...**’ આત્મા ત્રિકાળ નિત્ય મહા આનંદાનંદ પ્રસિદ્ધ છે. એને જ આત્મા કહીએ સચ્ચિદાનંદ પ્રભુ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. એની ખાણ છે, એનો સ્વભાવ એનું નિધાન છે. પ્રસિદ્ધ છે કહે છે. આહા..હા..!

‘**નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં...**’ સિદ્ધ-સિદ્ધ એટલે નક્કી થયેલો આત્મા. ‘**અતિશયપણે અને નિયતપણે રહે છે. (તો પછી) અરેરે!**’ આ વિદ્વાનો પણ જાણપણા કર્યા, શાસ્ત્રને ભણ્યો છતાં ‘**કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા...**’ વાસનાની મીઠાશમાં આવતા.. આહા..હા..! પાંચ ઈન્દ્રિયના વિષયની મીઠાશમાં ભોગની વૃત્તિ આવતા ઈજા પામ્યા,

પીડા પામ્યા છે એ. આહા..હા..! એ શાંતિ અને આનંદને ઈજા પમાડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**ક્લેશપીડિત થઈને...**' એ વાસના જે ભોગની, પાંચ ઇન્દ્રિયના વલણની વૃત્તિ એ ક્લેશ છે, ક્લેશ છે, દુઃખ છે. આહા..હા..! આનંદનો નાથ આ બાજુ પડ્યો છે ત્યાં તું જતો નથી અને આ તને શું થયું? કહે છે. તેં શાસ્ત્ર વાંચ્યા, શાસ્ત્ર ભણ્યો, પણ તારી પ્રીતિ અને પ્રેમ પરની વાસનામાં જાય છે, પીડાઈ ગયો છો, ક્લેશમાં દુઃખી થયો છો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ક્લેશપીડિત થઈને તેને કેમ ઈચ્છે છે?**' આહા..હા..! એવી આકુળતા ઉત્પન્ન થાય છે તેને તું કેમ ઈચ્છે છે? અનાકુળ આનંદસ્વરૂપની અંદરમાં દૃષ્ટિ કરતો નથી, તેનો પ્રેમ કરીને તેમાં લીન થતો નથી અને પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફના પ્રેમમાં ફસાઈને દુઃખી કેમ થઈ રહ્યો છે? એમ કહે છે. આહા..હા..! પૈસા, મકાન, આબરૂ, શરીર, ઝેવર એ બધી તો પર જડ ચીજ છે, એ આત્મામાં તો છે નહિ. કાલે આવ્યું હતું નહિ? પ્રવચનસારમાં. આત્મા એ ... એકલો ભગવાન આત્મા છે અને બીજો તો આ પુદ્‌ગલ છે. એનો તો આત્મામાં અભાવ છે. આહા..હા..! બીજી ચીજને મારી માને છે ત્યાં બગાડ મિથ્યાત્વનો થાય છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં આવ્યું છે. આત્માને .. પુદ્‌ગલ છે. ભગવાન એકલો ચૈતન્ય મૂર્તિ પરમાનંદસ્વરૂપ ચૈતન્ય તે એક છે. પુદ્‌ગલ આદિ પરમાણુ શરીર, વાણી, કર્મ, પૈસા, મકાન એ બધી પુદ્‌ગલ જડ ચીજ છે. એય..! આહા..હા..! ત્રગડે ત્રણ. .. આવે છેને દાખલો. માણસને બે પગ હોય, પછી બાયડી પરણે ત્યારે ચાર પગ થાય એટલે ઢોર થયો. મારી અર્ધાંગના, અમારી ઘરવાળી છે એમ કહે. આ મીઠાશ. તારા ઘરમાં ક્યાં હતી?

**શ્રોતા :–** પાગલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાગલ છે. અર્ધાંગના કહે છે. અર્ધાંગના. અડધું અંગ આ અને અડધું અંગ એ એમ બે થઈને એક. મૂર્ખાઈના કાંઈ ઘર જુદાં હોય છે? આહા..હા..!

કહે છે... આહા..હા..! અરેરે! એક ચીજ ભગવાન આનંદનો નાથ પ્રભુ એને બીજી ચીજની વાંછા અને ઈચ્છાથી ક્લેશ થાય તને. આ શું કરવા કરે છે તું આ? જડબુદ્ધિ છો. આહા..! વિષયમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં, મકાનમાં તને મજા દેખાય, તું જડબુદ્ધિ છો. કારણ કે અચેતન છે ત્યાં મજા કેવી? મજા સુખ તો આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે!

ભગવાન આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર એવી ચૈતન્ય શક્તિવાળું તત્ત્વ, એનો સ્વીકાર કરીને લીન થતો નથી અને એનો અનાદર કરીને કામની વાસનામાં જોડાઈ જાય છે અને મીઠાશ જે તને વેદાય છે એ ક્લેશ છે, એ દુઃખ છે. આહા..હા..! આવો માર્ગ છે. .. જડબુદ્ધિ છે, કહે છે. આહા..હા..! તને ચૈતન્યબુદ્ધિ નથી. રાગના પ્રેમમાં ફસાઈ જાય એ તો જડબુદ્ધિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જડબુદ્ધિ. ચૈતન્યબુદ્ધિ તારી

ગઈ. આહા..હા..!

આનંદ આત્મામાં છે અને ચૈતન્યપણું તે હું છું એમ છોડી દઈને... આહા..હા..! ક્યાંય પણ પરપદાર્થમાં પ્રેમનો ઉલ્લાસ આવે, વીર્યમાં પરની અનુકૂળતા, શરીરની સુંદરતા, લક્ષ્મીના ગંજ, મકાનના મોટા હજીરા દસ-દસ લાખ, વીસ લાખના, છોકરા, બાયડીના શરીર દેખીને તને ઉલ્લાસ થાય એ બુદ્ધિ જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તને એ બહારની ચીજમાં વીર્યનો ઉલ્લાસ થાય છે એ તો અચેતન જડ છે અને ચૈતન્ય ભગવાન પરમાનંદસ્વરૂપ પ્રભુ એમાં જે ઉલ્લાસ આવે અંદરમાં એ તો આનંદનું વેદન છે. આહા..હા..! એવો માર્ગ, ભાઈ! જિનેન્દ્રનો માર્ગ બહુ આકરો. લોકોને બિચારાને મળ્યું નથી અને એમ ને એમ જિંદગી ચાલી જાય છે. સાંભળવા પણ મળ્યું નથી. આહા..! અને જિંદગી ચાલી જાય છે. દેહની મુદત સ્થિતિ છે એટલી રહેશે. જેટલા સમયો જાય છે તે મૃત્યુની સમીપ જાય છે. આહા..હા..! આ જાણે કે હું મોટો થાઉં છું. મા જાણે કે મોટો થાય છે. ભગવાન જાણે કે મૃત્યુની સમીપમાં જાય છે. આહા..હા..! રતનલાલજી! કારણ કે મૃત્યુનો દિવસ એ તો નક્કી છે. ભગવાનના જ્ઞાનમાં નક્કી છે કે આ સમયે દેહ છૂટશે. એ સમયની નજીક જાય છે. આહા..હા..! અને માને છે કે હું વધું છું. આહા..હા..! મા-બાપ પાસે પૈસા નહોતા અને બાહુબળે મેળવ્યા. છોકરાને સારી કેળવણી કાંઈક આપી અને બધું કુટુંબ સારું કર્યું, દીકરીઓને સારે ઠેકાણે પરણાવી, દીકરાને સારે ઠેકાણે વહુરુ આવી લઈ લઈને પાંચ-દસ લાખ. શું થયું તને? આવા ડાહ્યા માણસને જડબુદ્ધિ કહ્યું? આહા..હા..! એક કન્યા સારા ઘરની આવે અને દસ લાખ, વીસ લાખ લઈને આવે ત્યાં.. સરખું થઈ ગયું બધું.

**શ્રોતા** :- છેતરાઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છેતરાઈ ગયો, બાપુ! તને ખબર નથી, ભાઈ! એ પરચીજ છે એ તારી પાસે ક્યાં આવે છે? એ તો એની પાસે રહે છે. જે પરચીજ છે એ તો પરમાં રહે છે. તારી પાસે આવે છે? તારી પાસે તો તું છો. તારી પાસે તો તું છો અને એની પાસે તે છે. આહા..હા..! કોયડો ભારે.

**શ્રોતા** :- ઉકેલવો આકરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉકેલવો કઠણ, બાપા! ભાઈ!

અંદર દેહના રજકણે રજકણથી જુદી ચીજ છે અને શુભ-અશુભભાવ થાય એનાથી પણ (જુદી ચીજ છે). એ શુભ-અશુભભાવ તો આસ્રવ છે. આ શરીર, વાણી, જડ કર્મ એ તો અજીવ છે. નવ તત્ત્વમાં તો અજીવતત્ત્વ છે. લક્ષ્મી, મકાન એ બધા અજીવતત્ત્વ છે અને અંદરમાં પુણ્ય-પાપના દયા, દાન, વ્રતના ભાવ થાય એ પુણ્યતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ છે. તું એનાથી નિરાળો અબંધસ્વરૂપી છો. આહા..હા..! સમજાણું કાંઈ? એવો અબંધસ્વરૂપી ભગવાન એને બંધવાળો માનવો એ જ મિથ્યાત્વ છે. ક્યારે? કે અબંધસ્વરૂપનું ભાન થયા

છતાં બંધ તો રહે છે. એ તો જાણવા માટે રહે છે, છે એટલું, આદરવા માટે નહિ. સમજાણું કાંઈ?

એ મોટી ચર્ચા ચાલી હતી પહેલી પત્રોમાં. ઓલા હતાને જુગલકિશોર, દિલ્હી-દિલ્હી. મુખ્યત્યાર જુગલકિશોર. લાખ, બે લાખ ખર્ચ્યા હશે કાંઈક એના .. એમ ને એમ સેવા. એને એમ થયું કે ઓહો..હો..! શું મેં .. કર્યું આમાં. એણે લખ્યું હતું કે તમે એમ કહો છો કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે, સામાન્ય છે, તો પછી આ બંધ છે (એમ) શાસ્ત્રમાં કહ્યું એનું શું? ઈ ચર્ચા ચાલી હતી. ૨૦૧૦ની સાલ. ૨૧ વર્ષ થયા. અરે! સાંભળને નાથ! ચૈતન્યસ્વરૂપ અંદર, નાળિયેરમાં જેમ નાળિયેર છેને? એમાં કાચલી હોય છેને? શું કહેવાય તમારે હિન્દીમાં? કાચલી. એ કાચલીથી ગોળો જુદો છે. ઉપરના છાલા છે એનાથી ગોળો જુદો છે મીઠો નાળિયેરનો. છાલાથી જુદો, કાચલીથી જુદો અને કાચલીકોરની ઓલી રાતાશ લાલ છાલ, ટોપરાપાક કરે ત્યારે ઘસીને કાઢી નાખે છેને? એ લાલ છાલથી પણ ટોપરું તો જુદું છે. ધોળું મીઠું ટોપરું છે.

એમ આ આત્મા શરીરરૂપી છાલા અને બહારની ચીજથી તો ભિન્ન છે. આઠ કર્મના રજકણોથી તે કાચલીથી ભિન્ન છે અને પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના, કામ, ક્રોધના ભાવ છે એ લાલ છાલ છે એનાથી ભિન્ન. ધોળો એટલે શુદ્ધ, મીઠો એટલે આનંદ. આહા..હા..! અરેરે! એવો શુદ્ધ અને આનંદનો નાથ અંદર પડ્યો છે. એને આત્મા ન માનતા તો રાગવાળો ને દેહવાળો ને શરીરવાળો ને ઢીંકણાવાળો (માન્યો). આહા..હા..! ... છે કહે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! શ્લોકો કેવા મૂક્યા, જુઓને! એક એક શ્લોકે દિગંબર સંતોની વાત છે. એ તો કેવળીના કેડાયતો છે. પરમેશ્વર ત્રિલોકનાથના કેડે ચાલનારા. કેડે એટલે રસ્તો. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... આવું બાપા! તને શું થયું? ભાઈ! તું ક્યાં ગયો? આહા..હા..! જ્યાં છો ત્યાં આવ્યો નહિ અને નથી ત્યાં ગયો તું. આહા..હા..! જ્યાં તું છો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની મૂર્તિ ત્યાં આવ્યો નહિ. જેમાં તું નથી, જે તું નથી એવા પુણ્ય અને પાપના વિકલ્પમાં આવીને વસે, બાપુ! તારું નિવાસ્થાન જૂઠું છે. આહા..હા..!

ઈજા પામે છે. આહા..હા..! પરતરફની મીઠાશની વૃત્તિ ઉઠે છેને, ભભકાદાર, પૈસા, મકાન... એમ કહ્યુંને? મહા '**શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે, તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે.**' સિદ્ધ સિદ્ધમાં રહે છે અને આત્મા આત્મામાં રહેલો છે. '**(તો પછી,) અરેરે!**' ખેદ કરે છે. અરેરે! આ શું થયું? ભાઈ! તારા નિજઘરને છોડી પરઘરની મીઠાશમાં કેમ તું જા છો, ભાઈ? આહા..હા..! સમજાણું કાંઈ? '**તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા...**' પીડા પામે છે. આહા..હા..! જેમ ચામડા ઉતરડીને ખાર છાંટે અને પીડા થાય એમ પરના પ્રેમમાં ઈજા પમાય છે, તારો શાંતિ આનંદને ઈજા

પામે છે. આહા..હા..! ઘા વાગે છે તારા આનંદમાં એ તો. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! '**કેમ ઈચ્છે છે!**' આહા..હા..! અરે! પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને ભાવના છોડી દઈ અને આની દૃષ્ટિ કરીને એની ભાવનામાં જોડાઈ ગયો, શું તને થયું આ? જડબુદ્ધિ છો. આહા..હા..! ૧૪૬ થયો. ૧૪૭.

(मंदाक्रांता)

प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं
सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम्।
तत्त्वं शीघ्रं कुरु तव मतौ भव्यशार्दूल नित्यं
यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम्।।१४७।।

આહા..હા..! '**જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને અગ્નિરૂપ છે...**' એ તારું તત્ત્વ જ એવું છે, કહે છે. આહા..હા..! એ તત્ત્વનો આદર કર્યો અને ચારિત્ર થયું. આહા..હા..! '**એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે;...**' આહા..હા..! એ વસ્તુ એવી છેને. વસ્તુનો આશ્રય કરીને જે સ્થિરતા થઈ. '**દુષ્ટ પાપરૂપી...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ પાપ છે એમ કહે છે અહીં તો. આહા..હા..! સ્વરૂપથી પતીત થાય તે ભાવને પાપ કહે છે. આનંદનો નાથ પ્રભુ પોતાના સ્વરૂપથી ખસીને શુભ-અશુભમાં આવે તો એ પતીત થયો એ સ્વરૂપથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને...**' ઓહો..હો..! આમ વનસ્પતિ જામી ગઈ હોય આમ .. ખીચોખીચ પગ મૂકવાનું સ્થાન ન હોય. આ જંગલમાં આવું હોય છે. .. શું કહેવાય છે? .. એ ..નીચે વનસ્પતિ જુઓ તો .. ઢગલા. ... ગીચ હોય. એટલા ફળ, એટલા ફૂલ, આ ચોમાસામાં હોય છેને. એવી તો ઘણે ઠેકાણે. ગીચોગીચ. એમ અહીં કહે છે, દુષ્ટ પાપરૂપી વૃક્ષના પરિણામની ગીચ અટવી એને '**બાળવાને અગ્નિરૂપ છે એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર...**' એવો શુદ્ધ ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિપૂર્વક જ્યાં સ્વરૂપમાં રમણતા થઈ એવું જે ચારિત્ર... આહા..હા..! એ '**પ્રત્યાખ્યાનથી થાય છે;...**' એવા સત્ચારિત્ર મુનિઓને પ્રત્યાખ્યાનથી થાય છે. આહા..હા..! એ ચારિત્ર છેને અંદર. રમણતા. શુદ્ધ ચૈતન્યમાં રમણતા. એવું ચારિત્ર પ્રત્યાખ્યાનથી એટલે રાગના અભાવથી અને સ્વરૂપની સ્થિરતાથી થાય છે, સમજાણું કાંઈ? આ તો વર મૂકીને જાન જોડી દીધી. એ જાન ન કહેવાય. શું કહેવાય એ? માણસના ટોળા કહેવાય.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ તો હોય છે. ક્ષત્રિયમાં એવું હોય છે. એની તલવાર .. પોતે ન જાય. તલવાર સાથે ફેરા ફરે. ક્ષત્રિયમાં આવે છે. પણ એ એનો હથિયાર એનો

જ છે, ઈ જ છે એમ ગણીને... આહા..હા..!

અહીં કહે છે, આવી ગીચ પાપના પુંજની (અટવી). ઓહો..હો..! મિથ્યાત્વપાપ, રાગ પાપ, દ્વેષ પાપ, પુણ્યપાપ, પાપપાપ. આહા..હા..! એવી ગીચ અટવીને. અટવી એટલે વન મોટું. (એને) બાળવાને અગ્નિરૂપ એવું પ્રગટ, પ્રગટ શુદ્ધ ચારિત્ર. સ્વરૂપમાં તો ચારિત્ર વીતરાગસ્વરૂપ પડ્યું જ છે, પણ તેનો આશ્રય લઈને સ્થિરતા પ્રગટ કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્ર એટલે શું, ભાઈ! આહા..હા..! મોક્ષનો સાક્ષાત્ માર્ગ. એક ક્ષણનું ચારિત્ર મોક્ષને આપે એવી ચારિત્રની રમણતા કોને કહેવી? ભાઈ! આ લોકો તો બહારથી આ વેશ ફેરવ્યો અને લૂગડા ફેરવ્યા કાં નગ્ન થઈ ગયો એ ચારિત્ર. બાપુ! ચારિત્ર જુદી ચીજ છે, ભાઈ! આહા..હા..! વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર ચારિત્ર કહે છે એ વસ્તુ જુદી છે. એ તો ચરવું ચારિત્ર એટલે. આહા..! ગધેડા જેમ ઘાસ ચરે છેને ઘાસ. ગધેડા હોયને એ ઘાસ ચરવા જાય તો ચરવા જાય તો .. કરતા હશે? ઘાસ હોય ઈ ચરે. એમ આત્મા આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ધામ એ આનંદને ચરે, એ આનંદને વેદે અને અનુભવે એનું નામ ચારિત્ર છે. આહા..હા..!

**શ્રોતા :-** એ ... શક્તિરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો વ્યક્તિની વાત છે. પણ શક્તિરૂપ હતું એમાંથી વ્યક્તિરૂપ થયું. ... વર્તમાનની વાત છે. પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ ચારિત્ર એની વાત છે. શુદ્ધ-શુદ્ધ પર્યાયમાં તદ્દન નિર્મળ એમ. સત્ચારિત્ર જોયું! સત્ચારિત્ર. મહાવ્રતાદિના પરિણામ છે એ તો રાગ છે અને અચારિત્ર છે. અરરર! આ વાત લોકોને... આહા..હા..! મહાવ્રતના પરિણામ લીધા, થઈ ગયું એને ચારિત્ર. આહા..હા..! ભાઈ નહિ? ચારિત્ર લેવાના હતાને. શાંતિસાગર, કલકત્તા. બૈરા છે, મોટા મકાન છે .. એને દીક્ષા લેવી હતી. પણ પછી અહીંની વાત સાંભળી. દિગંબર થવાના હતા નગ્ન મુનિ. અહીંની વાત સાંભળી. અરે! ભાઈ! હજી મુનિપણું સમ્યગ્દર્શનની ખબરું ન મળે. કેમ સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શન હોય તો કેવી દશા હોય? એના વિના ચારિત્ર ક્યાંથી આવ્યા તારે? અટકી ગયા બિચારા. બહુ નરમ માણસ હતા. દિલ્હીમાં છે. દિલ્હીમાં છે. શાંતિસાગર છે નામ. ગૃહસ્થ માણસ છે લાખોપતિ. મા-બાપ છે. બાપ છે, .. અત્યારે છે. બહુ રુચિવાળો છે. શાંતિસાગરને ઓળખોને? દિલ્હીના. આહા..હા..!

અહીં કહે છે, અરે! '**શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને...**' હોય છે. '**સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે;...**' રાગના અભાવથી અને સ્વરૂપની સ્થિરતાથી એ પ્રત્યાખ્યાન થાય છે. '**માટે, હે ભવ્યશાર્દૂલ!**' પોતાને કહે છે હવે. હે ભવ્ય સિંહ! શાર્દુલ છો તું. અનંત ગુણનો ધણી નાથ તું છો, ભાઈ! આહા..હા..! '**(-ભવ્યોત્તમ) તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર—**' જોયું! આહા..હા..! તારી મતિને... '**શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર...**' આ વસ્તુ આનંદનો નાથ એને ધારણ કર. આહા..હા..!

'**શીઘ્ર...**' વિલંબ ન કરતા અને વાયદો ન કરતાં કે હમણા નહિ... હમણા નહિ... એમ રહેવા દે, ભાઈ! વાયદા કરે એ વાફળ કહેવાય. આહા..હા..! આ શું તમારે નથી કહેતા? કાંધા પાડેને કાંધા. દસ હજારનું લેણું છે પણ અમારે ... કાંધા રહેવા દે અહીં કહે છે. આહા..હા..! રતનલાલજી! અહીં તો છોડ એક સાથે કહે છે. આહા..! આવો નાથ મળ્યો તને. શીઘ્ર '**તત્ત્વને નિત્ય ધારણ કર—કે જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે અને મુનિઓના સત્ચારિત્રનું મૂળ છે.**' સુખનું દેનારું એ છે અને ચારિત્રનો આધાર એ છે. દ્રવ્ય વસ્તુના આધારે ચારિત્ર થાય છે. કાંઈ પંચમહાવ્રતની ક્રિયાથી ચારિત્ર થાય છે એમ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૨, બુધવાર, તા. ૨૨-૧૦-૧૯૭૫
## કળશ-૧૪૮ થી ૧૫૦, પ્રવચન નં. ૭૦

નિયમસાર. ૧૪૮ કળશ છે કળશ. પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર કેમ હોય? કોને હોય? એની વિધિ છે. પ્રત્યાખ્યાન એટલે કે રાગનો અભાવ અને સ્વભાવમાં સ્થિરતા એનું નામ પ્રત્યાખ્યાન, એનું નામ ચારિત્ર. એ ચારિત્ર કેમ હોય? એ કહે છે. ૧૪૮.

(मालिनी)

जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धेः
हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत्।
तदपि सहजतेजः प्रास्तमोहान्धकारं
स्वरसविसरभास्वब्दोधविस्फूर्तिमात्रम्।।१४८।।

'**શ્લોકાર્થ :- તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે,...**' આહા..હા..! આ આત્મા વસ્તુ જે છે શુદ્ધ અખંડ આનંદસ્વરૂપ એ '**તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા...**' એવું જે તત્ત્વ છે તેમાં નિપુણ, વિચીક્ષણ બુદ્ધિવાળા. આહા..હા..!

**શ્રોતા :-** નિપુણ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિપુણ એટલે ડાહ્યો, સમજુ, નિષ્ણાત, વિચીક્ષણ. આહા..હા..!

આ તત્ત્વ જે છે વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ અભ્યંતરમાં ભગવાન આત્મા... સમયસારનું કહ્યું હતુંને એ પછી એ આવ્યું. શ્લોક છે 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન; મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' એ શબ્દ હતો. 'ઘટ ઘટ અંતર જિન વસે...' આ આત્મા તે જિન દ્રવ્ય વસ્તુ એ જિનસ્વરૂપ છે. અને 'ઘટ ઘટ અંતર જૈન' અને એ

વસ્તુ તે જિનેન્દ્ર છે અને એનો સ્વભાવ તે જૈનધર્મ છે. સમજાણું કાંઈ? 'ઘટ ઘટ અંતર જિન વસે.' અહીં નથી લાવ્યા. સમયસાર પાછળ સમયસાર છેને. પાછળ. મોટામાં છે પણ આમાં એટલું. આમાં નહિ હોય? બેય છે. આ છે. ૩૧. આ ૩૧મું વર્ષ છેને? ૩૧મો બોલ. આ તો યાદ રાખવા માટે. **'ઘટ ઘટ અંતર જિન બસૈ,...' 'પ્રત્યેક હૃદયમાં જિનરાજ...'** બિરાજે છે. આહા..હા..! જે આત્મતત્ત્વ છે એ જિનરાજ છે. **'ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન.'** જૈનધર્મનો નિવાસ ઘટ ઘટમાં અંદર છે. આહા..હા..! જે આત્મા એ જિનેન્દ્ર અને એનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એ જિનધર્મ. એનો આશ્રય કરીને પર્યાયમાં પ્રગટ થાય તે વીતરાગી પર્યાય તે જૈનદર્શન છે. આહા..હા..!

ફરીને. આહા..હા..! પરપદાર્થની સાથે શું તારે સંબંધ છે? આહા..હા..! એ એને કાળે આવે અને એને કાળે જાય. તારે અને એને કાંઈ લેવા-દેવા નથી. ફક્ત અહીંયાં તો અંદરમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પ થાય એ રાગ છે, એનાથી ભિન્ન જિનેન્દ્રસ્વરૂપ આત્માનું ભિન્ન છે. આહા..હા..! જિનેન્દ્રસ્વરૂપ જિનેન્દ્ર જ ઈ છે. ગોદિકાજી! જિનેન્દ્ર એના દરબારમાં, એના ઘરમાં જે સ્વભાવ છે એ જૈનધર્મ છે. એ જૈનધર્મ જે સ્વભાવ અને સ્વભાવ ધરનાર જિનેન્દ્ર એનો આશ્રય લઈને જે દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ પ્રગટે તે જૈનધર્મની દશા મોક્ષમાર્ગની છે.

**શ્રોતા :-** અમારે તો સુખ જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુખ તે શેમાં સુખ છે? ધૂળમાં છે ક્યાંય? એ તો કહે છે, જિનેન્દ્ર આત્મા છે એમાં સુખ ભર્યું છે. જિનેન્દ્ર એ આત્મા અને સુખ એ એનો જૈનધર્મ વીતરાગી સ્વભાવ. સુખ એ વીતરાગી સ્વભાવ એ જીવનો ધર્મ ત્રિકાળ. એ ધર્મ અને ધર્મી એને અવલંબે જે દશા થાય એ સુખ થાય. **'वत्थु सहावो धम्मो'** એમ કીધું છેને? વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે. ત્રિકાળીની વાત છે. ૭૧માં આવ્યું નહિ? વસ્તુસ્વભાવ, સ્વભાવનું પરિણમન. વસ્તુ તો એમ છે કે આ આત્મા પોતે જિનસ્વરૂપ છે. જિનેન્દ્રસ્વરૂપ જ આત્મા છે. દેવીલાલજી! અને એનો જે સ્વભાવ છે એ જ્ઞાન, દર્શન, આનંદ એ જિનનો સ્વભાવ જૈનધર્મ છે. પ્રગટ પર્યાયની વાત નથી, અત્યારે ત્રિકાળની વાત છે. સમજાણું કાંઈ? એ જૈનધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..! એનો આશ્રય લઈને, પરનો આશ્રય છોડી અને એનો આશ્રય લઈ અને જે દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ, ચારિત્ર પ્રગટે તે મોક્ષનો માર્ગ તે જૈનધર્મ પ્રગટ વ્યક્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ બધું ક્રિયાકાંડમાં નાખી દીધું માણસોએ એટલે બિચારા હેરાન થઈ ગયા. આ વ્રત કરો, સામાયિક કરો અને પોષા (કરો). હતી કે દિ'? સમ્યગ્દર્શન વિના સામાયિક ક્યાંથી આવી તને? આહા..હા..!

એટલે? કે જિનસ્વરૂપ છે એની તો સમ્યક્ શ્રદ્ધા થઈ નથી. જિનેન્દ્રસ્વરૂપ આત્મા ત્રિકાળ અને તેનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સુખસ્વભાવ એ એનો ધર્મ છે, એ જૈનનો જૈનધર્મ

છે. એ ત્રિકાળ. એને આશ્રયે દૃષ્ટિ કરતાં જે દૃષ્ટિ પ્રસરીને જે વર્તમાન પ્રગટ દશામાં શાંતિ ને સુખ ને અવસ્થા પ્રગટ થાય એ મોક્ષનો માર્ગ એ જૈનધર્મ પ્રગટ વ્યક્ત છે. સ્વભાવ અને સ્વભાવ ધરનાર બેય અવ્યક્ત છે. ત્રિકાળ છેને. અવ્યક્ત કીધુંને ૪૯ બોલમાં. આહા..હા..! સમજાય છે કાંઈ? પર્યાયની અપેક્ષાએ. વસ્તુ છે એ તો જિનસ્વરૂપ જિનેન્દ્ર સ્વરૂપે જ પ્રભુ આત્મા છે. આહા..હા..! અને એમાં જે જ્ઞાન, દર્શન, આનંદ, અનંતગુણ જે સ્વભાવ છે એ જ જિનનો એ ધર્મ છે. જિન એટલે આત્મા અને એનો એ ધર્મ સ્વભાવ છે. આહા..હા..! એ કહ્યુંને? ૩૧ બોલ છે. ગ્રંથ ... છે.

**'ઘટ ઘટ અંતર જિન બસૈ,...'** આહા..હા..! જેના અંદર દરબારપણે અંદરમાં સ્વભાવ તો જિનપણે, જિનેન્દ્રપણે વસે છે આત્મા. આહા..હા..! કેમ બેસે? આ દયા પાળીએ ને વ્રત કરીએ ને ભક્તિ કરીએ ને તો એ પ્રગટે. એ તો રાગ છે, એ તો સ્વરૂપમાં છે નહિ. વસ્તુના સ્વભાવમાં એ છે નહિ. આહા..હા..! **'ઘટ ઘટ અંતર જિન બસૈ,...'** જિનરાજ. **'પ્રત્યેક હૃદયમાં જિનરાજ...'** બિરાજે છે. આહા..હા..! શરીર, વાણી, મન, પુણ્ય-પાપનું લક્ષ છોડી દે તો તારું સ્વરૂપ જિનેન્દ્રસ્વરૂપ જ છે. બાળ, ગોપાળ, સ્ત્રી, પુરુષ, નપુંસક, તિર્યંચ, દેવ, નારકી એનો અંતરાત્મા એ જિનરાજસ્વરૂપ જ છે. રતનલાલજી! આહા..હા..! અને એનો જે સ્વભાવ છે, જિનનો જે સ્વભાવ છે તે જૈનનો—જિનનો ધર્મ છે. આ તો ત્રિકાળીની વાત થઈ.

હવે, એને અવલંબે.. જુઓ, **'ઘટ ઘટ અંતર જૈન. મત-મદિરાકે પાનસૌં, મતવાલા...'** માણસો. અમે આવા છીએ અને અમે આ ફલાણા મતના છીએ, અમે આને માનનારા એવા મતવાલા મદના મતના દારૂ પીધેલા મતવાળા. **'મત-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન.'** **'પરંતુ ધર્મના પક્ષરૂપી...'** મજહબ સમજ્યાને પક્ષ. એનો મજહબ અને પક્ષ અમે આ મતના છીએ, અમે આ મતના છીએ. પણ એ મત ક્યાં હતો સાંભળને હવે. **'ધર્મના પક્ષરૂપી દારૂ પીવાને લીધે...'** દારૂ પીધો છે. આહા..હા..! **'મતવાલા લોકો સમજતા નથી.'** એ પોતાના પક્ષની મતની દૃષ્ટિથી એ પોતાનું ત્રિકાળ સ્વરૂપ શું છે એને સમજતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આ બોલ હતોને, યાદ નહોતો આવતો. આહા..હા..!

**'તત્ત્વમાં...'** આવું જે તત્ત્વ અંદર... આહા..હા..! જિનેન્દ્રસ્વરૂપ તત્ત્વ. **'નિષ્ણાત બુદ્ધિવાળા...'** કો'ક કહેતા હતા કે ધીરૂભાઈ આવવાના છે. કાલે ભાઈ ગયાને. તમારો છે? હા, તમારો છે. આહા..હા..! અરેરે! આ વાતની ક્યાં ખબર પણ છે લોકોને. આંધળા-આંધળા. અંદર વસ્તુ તત્ત્વ ચૈતન્યસ્વરૂપી વીતરાગમૂર્તિ જિનેન્દ્ર સ્વરૂપે ભગવાન આત્મા અને તેનો સ્વભાવ વીતરાગનો વીતરાગી સ્વભાવ... આહા..હા..! એ જૈનધર્મ ત્રિકાળ. એ કાંઈ જૈનધર્મ પક્ષ નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એવો જે આ આત્મા જિનસ્વરૂપે, જિનેન્દ્રરૂપે અને જિનધર્મ એટલે એનો વીતરાગી સ્વભાવરૂપે જે છે તેનો સ્વીકાર

કરતાં અંદરમાં જતાં, વર્તમાન પ્રગટદશાને અંતરમાં વાળતા જે શક્તિમાંથી વ્યક્તતા શાંતિ, સુખ અને પ્રતીત અને સ્થિરતા થાય એ પ્રગટ મોક્ષમાર્ગને પ્રગટ ધર્મ કહેવામાં આવે છે. રતનલાલજી! આવું ઝીણું બહુ. પૈસામાં આવી કાંઈ મહેનત કરવી પડતી નથી. એ તો પૂર્વના પુણ્ય હોય તો (મળે). એય..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અમેરિકા જાય તો પણ એ તો પુણ્યને લઈને ત્યાં લઈ આવે. હવે બંધ કર્યું. શું કહેવાય ઓલું તમારું? શું કહેવાય ઈ? પન્ના-પન્ના. પન્નાનો ધંધો મોટો છે. એ બે, પાંચ, દસ હજાર ન પેદા કરે. અમેરિકા જાય લાખ, બે લાખ લઈ આવે. ત્યાં ઓલા અબજો રૂપિયાવાળા માણસ ભિખારા કેટલાય પડ્યા છે ત્યાં. આહા..હા..! પન્ના ઘસીને આપે. ઓલો માણસ તમારો નહોતો મુસલમાન? ઘસવાવાળો. એ કહેતો હતો. પન્ના ઘસું છું. મહિને ત્રણ હજાર રૂપિયા આપે છે શેઠ. પન્નાને ઘસે. એવો સારો હોય તો ઘણા ઊપજે પૈસા. આને એવી જાતનો ક્ષયોપશમ એ જાતનો રખડવાનો ઓલો, ભાવ પન્નાને પરખવાનો, પન્નાને પરખવાનો લ્યોને. આહા..હા..!

અહીં કહે છે કે પન્ના તો ભગવાન અહીં છે. સમજાણું કાંઈ? ચૈતન્ય હીરલો અંદર ચૈતન્ય વસ્તુ જ્ઞાનનો સાગર, આનંદનો સાગર, શાંતિનો સાગર, સ્વચ્છતાનો સાગર, પ્રભુતાનો સાગર એ આત્મા તત્ત્વ જિનેન્દ્ર છે. આહા..હા..! એની અંદરમાં ભરેલો સ્વભાવ એ તો સ્વભાવવાન. સ્વભાવવાન એ જિનેન્દ્ર અને એનો સ્વભાવ તે જિનધર્મ. આહા..હા..! એવા સ્વભાવ અને સ્વભાવવાનનો આશ્રય લઈને... સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં પડ્યું છે રત્ન પ્રભુ પૂર્ણ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા એનો જે ત્રિકાળી જ્ઞાયક અને આનંદ જે સ્વભાવ એ એનો જૈન એટલે જિનેન્દ્ર એટલે આત્મા તેનો એ સ્વભાવ એટલે જૈનધર્મનો એ સ્વભાવ. એ સ્વભાવ અને સ્વભાવવાનમાં દૃષ્ટિ આપતા... એ કહે છે. છેને?

એવું જે તત્ત્વ છે તેમાં નિષ્ણાત. આહા..હા..! ભલે અહીં તત્ત્વ એટલે ભાવ કીધો છે, પણ ભાવવાન અર્થ એમાં આવી ગયો. '**તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા...**' આવો જે ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાનંદનો સાગર... આહા..હા..! એવા '**તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા...**' નિષ્ણાત. માણસ નથી કહેતા? આમાં નિષ્ણાત છે. એય..! તમને ઓલા પન્નામાં નિષ્ણાત કહે છે માણસો. પન્નાનો ધંધો છેને. ઘરે બતાવ્યો હતો. એક ફેરી બે શેર ભૂક્કો હતો પન્નાનો. આમાંથી કાઢીએ છીએ પૈસા (એમ) કહેતા હતા. ધૂળના. આ પન્ના તો ભગવાન આત્મા છે અંદર. આહા..હા..! એની એને ખબરું ન મળે.

એક ફેરી લાલન હતાને? પંડિત લાલન નહિ? શ્વેતાંબર હતા. આપણે અહીં રહ્યા હતા મલુપચંદભાઈના મકાનમાં. પંડિત લાલન. ઘણો વખત થયો. ઘણું ભણેલા. ૯૨, ૯૩, ૯૪ વર્ષે ગુજરી ગયા. એની ૧૬ વર્ષની ઉંમરથી હજારો શાસ્ત્રનો જ અભ્યાસ કરેલો. પછી ત્યાં

ગયા એક ફેરી વિલાયત. એમાં ઓલો હીરો છેને પાંડવના વખતનો? કોહિનૂર. પાંચ કરોડનો. તે વખતે પાંચ કરોડ હતા. અત્યારે કોણ લેતું હતું? કોહિનૂર. કોઈએ પૂછ્યું કે પંડિતજી આ કોહિનૂરની કેવી કિંમત કહેવાય? ત્યારે જરી મશ્કરી હતા અને જરી ભણેલા. કહું એની કિંમત? કે એની કિંમત વધારે કે આ આંખની કિંમત વધારે? કે આંખ એને જોવે છે. એની તો એને ખબર પણ નથી અને આંખની કિંમત વધારે કે એનો અંદર જાણનારો, આ આંખને જાણનારો અંદર. એની કિંમત કરું કે આની કિંમત કરું? ધીરૂભાઈ! આહા..હા..! અરેરે! જગતના પ્રાણી આંધળે આંધળા એમ ને એમ ચોર્યાશી (લાખની) ગતિમાં રખડી રહ્યા છે. કાંઈ ભાન ન મળે કે હું કોણ છું? હું ક્યાં છું? આહા..હા..!

કહે છે એવું જે ચૈતન્યતત્ત્વ ભગવાન આત્મા... આહા..હા..! ભગ નામ લક્ષ્મીવાળો એ આત્મા. ભગવાન શબ્દ પડ્યો છેને? ભગ નામ અનંત આનંદ અને જ્ઞાનરૂપી લક્ષ્મી, વાન નામ વાળો. એવું જે આત્મતત્ત્વ. આહા..હા..! એમાં નિષ્ણાંત બુદ્ધિવાળા, એમાં જે નિપુણ બુદ્ધિવાળો (અર્થાત્) એ તત્ત્વ આવું છે એવું જેણે બુદ્ધિમાં જાણ્યું છે. આહા..હા..! વર્તમાન મતિજ્ઞાનની બુદ્ધિમાં જેણે અંતર વાળીને આ તત્ત્વ આવું છે એમ જેણે જાણ્યું છે. આહા..હા..! એવા '**બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતર...**' એ જ્ઞાનસ્વરૂપમાં એ હૃદય જ્ઞાન. એ જ્ઞાનરૂપી '**અભ્યંતરમાં જે સુસ્થિત છે,...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા. જ્ઞાનથી એને જાણ્યો. એને જ્ઞાનરૂપી હૃદયકમળમાં તે ભગવાન આત્મા સુસ્થિત છે. આહા..હા..! આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ છે. વાડામાં તો આમ કરો ને આમ કરો ને સેવા કરો ને ફલાણું કરો. મરી ગયા સાંભળને, સેવા કોણ કરતું હતું તારી?

એ તત્ત્વ જે નામ વસ્તુ, ભાવ એમાં ભાવવાન આવી ગયો. તત્ત્વ જે ભાવ જ્ઞાયકભાવ, આનંદભાવ, શુદ્ધભાવ એવું જે તત્ત્વ એમાં નિપુણ બુદ્ધિવાળા, ડહાપણવાળા, સમજુ એવા જીવના હૃદયકમળમાં, એ જ્ઞાનની કળીમાં એ ભગવાન બિરાજે છે. આહા..હા..! એ જ્ઞાનની પ્રગટ પર્યાયમાં એ ભગવાન બિરાજે છે. કારણ કે એ પર્યાયમાં દ્રવ્યને પકડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

'**જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે.**' સુસ્થિત છે. આહા..હા..! ભલી રીતે ત્યાં સ્થિત છે. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં જેણે આત્માને પરખ્યો, અવસ્થા દ્વારા પકડ્યો એના જ્ઞાનની કમળ-પર્યાયમાં એ આત્મા બિરાજે છે, સુસ્થિત છે. આહા..હા..! આવો ઉપદેશ! આ માર્ગ વીતરાગનો છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એના આ કહેણ છે, આ એના વેણ છે. સમજાણું કાંઈ? આ એની દિવ્યધ્વનિ છે.

'**તે સહજતત્ત્વ જયવંત છે.**' આહા..હા..! શું કહે છે? આવું જે તત્ત્વ છે એ જયવંત છે, અમારા જ્ઞાનમાં એ ભાસી ગયું છે. આહા..! જયવંત છે એમ કે આ તો. અમારા જ્ઞાનની દશામાં એ જણાઈ ગયો છે. આ છે એમ કહે છે. પર્યાયમાં જણાણું છે તેથી એ

જયવંત વર્તે છે. અમારા પર્યાયનું ધ્યેય ત્યાં તે જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો. સમજાણું કાંઈ? આહા..હા..! '**તે સહજતત્ત્વ...**' સ્વભાવિક તત્ત્વ. સ્વભાવિક આનંદ આદિ સ્વભાવનું ભરેલું તત્ત્વ જયવંત વર્તે છે. અમે અમારી પર્યાયમાં એને પકડ્યો, જાણ્યો, તો કહે છે આ જયવંત વર્તે છે. આ તત્ત્વ એવું ને એવું એમ ને એમ વર્તે છે સદાય. આહા..હા..! સમજાણું કાંઈ? સવારે તો જરી સાધુપણાની ચીજ હતી. આ તો હવે તત્ત્વની વાત છે આખી. આહા..હા..! એ સાધુમાં આવું તત્ત્વનું ભાન થયું હોય એને સાધુપણું હોય. જેને તત્ત્વની જ ખબર નથી એને સાધુપણું ક્યાંથી આવ્યું? નગ્નપણું અને લૂગડા ફેરવ્યા એવા તો દ્રવ્યલિંગ અનંતવાર ધાર્યા. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**તે સહજતત્ત્વ...**' સ્વભાવિક વસ્તુ. વસ્તુ છેને પદાર્થ. સ્વભાવિક વસ્તુ છે એ જયવંત વર્તે છે. '**જયવંત છે.**' જયવંત છે એમ ને એમ નિત્ય છે, એમ અમારી દૃષ્ટિમાં એ વાત આવી ગઈ છે, એમ કહે છે. આહા..હા..! હતું તો ખરું, પણ ભાનમાં આવ્યું ત્યારે અમને જયવંત વર્તે છે એમ અમને ખબર પડી. ઓહો..હો..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો. આહા..હા..!

'**તે સહજ તેજે...**' આહા..હા..! '**મોહાંધકારનો નાશ કર્યો છે...**' આહા..હા..! એવું જે જ્ઞાયકભાવરૂપી સહજતત્ત્વ એના ભાન દ્વારા જેણે મોહાંધકારનો નાશ કર્યો છે. ભ્રમણાનો જેને નાશ થયો, અંધકાર નાશ થયો, ચૈતન્યપ્રકાશ પ્રગટ્યો છે. આહા..હા..! પરમાં સાવધાનીરૂપી મોહાંધકાર, પરમાં સાવધાનરૂપી મોહાંધકાર સ્વસાવધાનીના ભાનમાં તે અંધકારનો નાશ થઈ ગયો છે. આવી વાતું. ગોદિકાજી! આ રળવાનો રસ્તો છે અહીં છે આમાં. એની ઓળખાણ તો કરે, શ્રદ્ધા તો કરે. આહા..હા..!

આ પર્યાયે સાવધાની દ્રવ્યમાં કરી એટલે દ્રવ્ય જયવંત છે, એમ કહે છે. આ છે. અમારી દૃષ્ટિમાં આવી ગયું છે કે આ તત્ત્વ છે. હતું તો અનાદિ પણ ભાન વિના આ છે ક્યાંથી આવ્યું? એમ કહે છે. આહા..હા..! વર્તમાન મતિજ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા તેનો ભાસ થયો કે ઓહો..! શુદ્ધ ચૈતન્ય ભગવાન બિરાજે છે આ. એથી અમે કહીએ છીએ કે એ જયવંત છે, જયવંત છે, નિત્ય છે, ધ્રુવ છે, ટકેલું એ ત્રિકાળ તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા ઉપદેશ. ઓલું તો એમ કહે દયા પાળવી, દાન કરવા, મંદિર બનાવી દેવું. કહો, આ ગૃહસ્થને પાંચ-દસ લાખ ખર્ચવા મંદિરમાં શું પૈસામાં .. છે? એમાં કોણ બનાવે? પણ એ તો બહારની ક્રિયા છે. એમાં ભાવ હોય રાગની મંદતાનો તો પુણ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ નહિ. આહા..હા..!

ધર્મ તો તત્ત્વ વસ્તુ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો ધર્મી. ધર્મી એ વસ્તુ એનો સ્વભાવ તે એનો ધર્મ. એવા સ્વભાવનું અવલંબન લઈને પ્રગટેલી દશા તેને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેણે સહજ તેજે. સ્વભાવિક ચૈતન્યના તેજના નૂરનું પૂર પ્રભુ

આત્મા એની અંદર સાવધાની થતાં મોહાંધકારનો જેણે નાશ કર્યો છે. અથવા સહજ ચૈતન્યમાં મોહાંધકાર છે જ નહિ. તો સહજતત્ત્વમાં મોહાંધકાર નથી તો સહજતત્ત્વનો આશ્રય લઈને મોહાંધકારનો નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! કહો, રસિકભાઈ! આવો માર્ગ ભારે જીણો.

આ ઓલો એક જણો કહેતો હતો આગ્રામાં. પંડિત હતોને કો'ક? કોણ રામ? બાબુરામ પંડિત. કલાક વ્યાખ્યાન સાંભળ્યું. માણસ ઘણું હતું. ત્યાં પાટણીના ઘર પાસે. નેમિચંદ પાટણીના ઘર પાસે મોટી જગ્યા છે ત્યાં વાંચન (હતું). ઉભા થયા ઓહો..હો..! ઘણો આનંદ. કરના-ધરના કુછ નહીં ઔર આનંદ બહુત. શું કરે, ભાઈ! એમ કે આ કરવું... આ કરવું... આ કરવું... એ તો આવતું નથી. પણ આ કરવું નથી આવતું? આ વ્રત પાળવા, અપવાસ કરવા, મંદિર કરવા, જાત્રા કરવી, દર્શન કરવા એમ. એ તો શુભરાગની ક્રિયા છે. આહા..હા..! અને એનો કર્તા થાય તો મિથ્યાત્વ છે. ઝીણો બહુ બાપુ માર્ગ! આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા રાગને કેમ કરે? સ્વભાવને છોડીને રાગને કરે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! હોય ખરો રાગ. સમજાણું કાંઈ? કરવાલાયક છે એવી બુદ્ધિસહિત રાગ હોય તો તો મિથ્યાત્વ છે. આહા..હા..!

**'તે સહજ તેજે...'** ચૈતન્યના સ્વભાવનું તેજ, તેજ ચૈતન્યપ્રકાશનું નૂરનું પૂર પ્રભુ આત્મા... આહા..હા..! એના સાવધાનીમાં જતાં મોહાંધકારનો વ્યય થઈ જાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રકાશની ઉત્પત્તિ થાય છે, ધ્રુવ કાયમ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ ગંભીર છે. આહા..હા..! ઉપરથી માની લે છે કે અમે (ધર્મ કરીએ છીએ). આહા..હા..! જિંદગી ચાલી જાય છે, ભાઈ! અવસર આવ્યા ટાણા, ભવને અભાવ કરવાના ટાણામાં જો આ ન કર્યું... આહા..હા..! દુનિયામાં શું કર્યું તેં? આહા..હા..! કાંઈ કર્યું નહિ. આહા..હા..!

**'અને તે (સહજતેજ)...'** અંધકારનો નાશ કર્યો એમ કીધુંને? હવે ઉત્પાદની વાત કરે છે. **'નિજરસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે.'** આહા..હા..! આનંદસ્વરૂપના રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનની પર્યાયમાં આનંદ આદિ જ્ઞાન આવતા તે જ્ઞાનના પ્રકાશમાત્ર છે. વસ્તુ એવી છે ત્રિકાળ, પણ એનો આશ્રય લઈને મોહનો નાશ થાય છે અને નિજરસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે. વસ્તુ પણ નિજરસના જ્ઞાનમાત્ર છે અને એવો આશ્રય લીધો ત્યારે જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો. આહા..હા..! એ ચૈતન્યપ્રકાશનું નૂર છે. જેના તેજ ચૈતન્યના તેજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સૂર્યના તેજ જેમ પ્રકાશ છે એમ ચૈતન્યના તેજ તે ચૈતન્ય જ્ઞાનના તેજ છે એમાં. આહા..હા..! જેમાં જાણપણાના તેજથી પ્રકાશતો નિજરસ સ્વરૂપ ભરેલો છે અને એનો આશ્રય લેતા નિજરસ ફેલાવને પામે છે. આહા..હા..! આવી વાતું લ્યો. એ ૧૪૮ થયો.

૧૪૯. આ અનારતનું પૂછ્યું હતુંને, ભાઈ! 'अखंडितमनारतं' છેને એ અનારતનો અર્થ

શાશ્વ કર્યો છે. મેં તો એમ પૂછ્યું હતું કે આ અનારતમાં શાશ્વત ક્યા શબ્દથી નીકળે છે? પણ એ અનારતનો અર્થ જ શાશ્વત થતો હશે. શબ્દ જે છે એ. આ તો એમાંથી શાશ્વત નીકળે છે કઈ રીતે (એ જાણવું હતું).

(पृथ्वी)

अखंडितमनारतं सकलदोषदूरं परं
भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम्।
अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं
नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा।।१४९।।

આહા..હા..! **'વળી, જે (સહજતત્ત્વ)...'** કેવું છે ભગવાન પૂર્ણ સ્વરૂપ? તત્ત્વ વસ્તુ, ચૈતન્યતત્ત્વ વસ્તુ **'અખંડિત છે,...'** આહા..હા..! જેમાં પર્યાયનો પણ ભેદ નથી, અખંડ છે. સમજાણું કાંઈ? કેવું છે તત્ત્વ ભગવાન આત્મા? ઉત્પાદ, વ્યય, ધ્રુવ એમાં એ ધ્રુવ છે તે અખંડ છે એમ કહે છે. આહા..હા..! અખંડ છે, શાશ્વત છે. એ અનારતની વ્યાખ્યા કરી. અખંડ છે અને કાયમી ચીજ છે ઈ, કાયમી ચીજ છે. આદિ અને અંત વિનાની ચીજ છે, છે ઈ શાશ્વત કાયમ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'સકળ દોષથી દૂર છે,...'** રાગાદિ સંસાર આદિના દોષથી તો એ તત્ત્વ દૂર છે. આહા..હા..! ૩૮મી ગાથામાં તો એમ કહ્યું, ત્યાં પર્યાયથી દૂર હતું. સંવર, નિર્જરા, મોક્ષ આદિની પર્યાયથી પણ તત્ત્વ દૂર છે. અહીં સકળ દોષથી દૂર છે એટલું. વિકાર. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જે ચૈતન્યતત્ત્વ સહજસ્વરૂપ એ તો... આહા..હા..! **'સકળ દોષથી દૂર છે,...'** સમજાણું કાંઈ? ૩૮ ગાથામાં આવ્યું હતું એ તો બધી પર્યાયથી દૂર છે.

**શ્રોતા :-** નાશ પામવાયોગ્ય ભાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાશ પામવાયોગ્ય. એ બધી પર્યાયો નાશ પામવાયોગ્ય. મોક્ષનો માર્ગ જે છે એ નાશ પામવાયોગ્ય. કેવળજ્ઞાન એ પણ (નાશ પામવાયોગ્ય કારણ કે) એક સમયની પર્યાય છે. આહા..હા..! આ તો ધ્રુવ છે ત્રિકાળ. નાશ પામવાયોગ્ય પર્યાયથી તે દ્રવ્ય દૂર છે. અહીં કહે છે કે સર્વ દોષથી તે તત્ત્વ દૂર છે. એક ભાગ લીધો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સકળ દોષથી દૂર છે,...'** ઉદયભાવ, નરક ગતિ આદિ, રાગાદિ, કષાયાદિ એ બધા દોષથી ભગવાન તો અંદર ચૈતન્યમૂર્તિ દૂર છે. **'ઉત્કૃષ્ટ છે,...'** છેને? પરમ **'ઉત્કૃષ્ટ છે,...'** આહા..હા..! જે એની એક સમયની પર્યાયમાં પણ આવતું નથી તત્ત્વ, ઉત્કૃષ્ટ તત્ત્વ છે ઈ. પરમતત્ત્વ છે. પરમપારિણામિકભાવરૂપી પરમતત્ત્વ છે. આહા..હા..! પરમભાવ છે. પરમભાવરૂપી ઉત્કૃષ્ટ તત્ત્વ છે ઈ. કઈ? આ નિત્ય વસ્તુ છે તે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'ઉત્કૃષ્ટ છે,...'** વસ્તુ જે છે આત્મા એમાં અનંતગુણ જે સ્વભાવથી ભરેલું

છે એ ઉત્કૃષ્ટ તત્ત્વ છે. જેની પાસે કેવળજ્ઞાનની પર્યાય પણ ઉત્કૃષ્ટ નથી. આહા..હા..! એક સમયની છે. આહા..હા..! ક્ષાયિકભાવ, ક્ષાયિકભાવ એ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એ પણ ઉત્કૃષ્ટ નહિ. આહા..હા..!

અરે! એ કોણ છે? ક્યાં છે? કેમ છે એ ખબર ક્યાં છે? અને એમ ને એમ આંધળે આંધળા ધર્મ કરીએ... ધર્મ કરીએ... શું ધર્મ કરે ધૂળ? ક્યાં છે ધર્મ? બાપા! ધર્મ જે પર્યાયમાં થાય પણ એ પર્યાયમાં ધર્મ ક્યાંથી આવશે? વસ્તુના સ્વભાવમાં જો તત્ત્વ ન હોય તો ક્યાંથી આવશે? કૂવામાં પાણી ન હોય તો અવેડામાં ક્યાંથી આવશે? આહા..હા..! અવેડો સમજો છો? શું કહે છે? કૂવામાં પાણી હોયને, શું કહેવાય એને? પાણી નાખેને જે? ગાયું પીવે. શું કહે છે? પ્યાજ. હા એ બસ. પણ અંદરમાં પાણી હોય કૂવામાં તો બહાર ક્યારામાં આવેને, એમ અંતરમાં આનંદ અને સુખ હોય તો શ્રદ્ધા, જ્ઞાન કરતાં બહાર આવે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આહા..હા..!

'**ઉત્કૃષ્ટ,...**' તત્ત્વ છે ઈ. જેની પાસે સિદ્ધની પર્યાય પણ અનંતમા ભાગે ઉત્કૃષ્ટ નથી. આહા..હા..! ઉત્કૃષ્ટ તો એ તત્ત્વ છે. સચ્ચિદાનંદ પ્રભુ એવું જે ધ્રુવતત્ત્વ એ સર્વમાં ઉત્કૃષ્ટ તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે...**' આહા..હા..! ચોર્યાશીના અવતારમાં ડૂબી ગયેલા પ્રાણીઓને... આહા..હા..! ઈયળું, કીડી, કાગડા, કૂતરાના અવતાર કરી-કરીને અનંત સંસારમાં ભમી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બ્રહ્મદત્ત ચક્રવર્તી છ ખંડનો ધણી, જેને ઘરે છન્નું હજાર તો રાણી, એક રાણીની હજાર દેવ સેવા કરે એવી સ્ત્રીરત્ન, છન્નું કરોડ પાયદળ, બોંતેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ, આહા..હા..! ૩૨ હજાર દીકરીયું અને ૩૨ હજાર જમાઈ. એ રાજા મોટા રાજા હોં. એ મરીને (સાતમી નરકમાં)! હીરાના શું કહેવાય તમારે એ? પલંગ. હીરાના પલંગે સૂતેલો. સાતસો વર્ષ રહ્યો. સાતસો વર્ષના જે શ્વાસ થાય એના એક-એક શ્વાસમાં કેટલા પલ્યોપમનું દુઃખ નરકમાં એણે વેદ્યું, વેદે છે અત્યારે હજી. આહા..હા..! સાતસો વર્ષ હોં! તો એના બહુ શ્વાસ. શ્વાસ એના. એ શ્વાસમાં એક શ્વાસમાં... ધનજીભાઈને છે ખબર.

**શ્રોતા :-** ૧૧ લાખ અને ૫૬ હજાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૧ લાખ અને ૫૬ હજાર ૯૦૦ એટલા. એટલા પલ્યોપમ(નું દુઃખ) એક શ્વાસના (ફળમાં વેદે છે). એ પહેલા કહેલું, રતનલાલજી! એટલે યાદ આવી ગયું. ચક્રવર્તી જેને ઘરે છન્નું હજાર સ્ત્રી. જેને એક સ્ત્રી તો એવી કે હજાર દેવ સેવા કરે એવી. દેવ સેવા કરે એવી સ્ત્રી રત્ન. એ મરીને (સાતમી નરકમાં)! આહા..હા..! ક્યાં અહીંયાં એનું શરીર આમ હીરાના પલંગે પડેલું એ છૂટીને... આહા..હા..! કેમકે આત્મા તો નિત્ય છે. દેહ છૂટ્યો. વસ્તુ ક્યાં નાશ થાય છે? એ સાતમી નરકે પોઢ્યા. સાતમી નરકે રવ-રવ નરક. ૩૩ સાગરની સ્થિતિએ મરીને ગયો. હજી તો થોડા (વર્ષો વીત્યા છે).

**શ્રોતા :-** ચૈતન્ય હીરો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂલી ગયો એ ચૈતન્ય હીરાને. ઓલા શું કહેવાય તમારું? પન્નાની પરીક્ષાઓ કરી પણ આત્માની ન કરી, એમ કહે છે. આહા..હા..! એને પન્નાનો ધંધો છેને. આહા..હા..! એ ધૂળના ધંધા છે. ધીરૂભાઈ! આહા..હા..! કો'ક કહેતું હતું કે હમણા પૈસા બહુ પેદા કરે છે. .. હતું એથી ડબલ થઈ ગયું. કો'ક કહેતું હતું. વાતું કરે એ સાંભળીએ. આપણે ક્યાં ગણવા ગયા હતા ત્યાં. આહા..હા..! એ તો હોય પણ એમાં શું એ કાંઈ નવી ચીજ નથી કોઈ. આ પાંચ, દસ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ થાય એ કાંઈ નવી ચીજ નથી. એ તો સાધારણ ચીજ છે. એ તો અનંતવાર (થઈ ગઈ છે). ધીરૂભાઈ! આહા..હા..! અહીં નથી આપણે? શાંતિલાલ ખુશાલ, ગોવા. હમણા મરી ગયા. બે અબજ ચાલીસ કરોડ, બે અબજ ચાલીસ કરોડ. બસ્સો ચાલીસ કરડો નગદ. એ જમીનમાં ગરી ગયેલા બધા. જમીન અને સંચા. આહા..હા..! મરીને આ તે અવતાર! આહા..હા..! એવી લક્ષ્મી હોય મરીને ઢોરમાં જાય. મમતા હોય, ધર્મ હોય નહિ, તત્ત્વની ખબર ન મળે. આહા..હા..! મારા... મારા... મારા... મારી લક્ષ્મી, મારી લક્ષ્મી. અમે પૈસાવાળા, અમે આવા વેપારી. આહા..હા..!

પરમાત્મપ્રકાશમાં લખ્યું છે કે અત્યારના ધનાઢ્યો પૂર્વના પુણ્યને લઈને પૈસાવાળા વૈભવ થાય. એ વૈભવને લઈને એને મદ ચડે કે અમે આવા... અમે આવા... અમે આવા. મદને લઈને મતિ ભ્રષ્ટ થઈ જાય, મતિ ભ્રષ્ટને લઈને હેઠે ઉતરી જાય, નરક-નિગોદમાં ચાલ્યા જાય. એવો પાઠ છે હોં પરમાત્મપ્રકાશમાં. યોગીન્દ્રદેવે પરમાત્મપ્રકાશ બનાવ્યું છે. આહા..હા..! પુણ્યેણ વૈભવો એવો પાઠ છે. છે આમાં નથી નહિ? પુણ્યથી વૈભવ મળે અને વૈભવથી મદ ચડે. મેં કેટલું પેદા કર્યું? બીજાને આવડે શું? એ હુશિયારીના કામ છે. નમાલાને શું પેદા કરતા આવડે? એ તો પાંચ-પાંચ લાખ પેદા કરીએ એક દિવસના. ઓલો વૈભવ નહોતું કીધું? હમણા લાવ્યા હતાને. માણેકલાલ લાવ્યા હતા. હમણા નથી આવ્યું? રાજા મોટો. રાજ નાનું છે, પણ એને ઓલા પેટ્રોલના કૂવા નીકળ્યા. એક કલાકમાં દોઢ લાખની પેદાશ. છે અત્યારે. એના વૈભવનો પત્ર આવ્યો છે મોટો વૈભવ. મરીને જાશે નરકે હેઠે. લાખો રૂપિયાની મોટરું કેટલીય હોય. ત્યાં સુધી સાંભળ્યું હતું કે એના છોકરાની મોટર નીકળે અને એમાં વચમાં જો મરી જાય તો કોઈ કહે નહિ કે કેમ તમે ધ્યાન ન રાખ્યું? રાજકુમાર નીકળ્યા છે. મરી જાય તો લઈ જાવ. આહા..હા..! ફાટેલ પ્યાલા છેને. એ બધા બિચારા નરકના કીડા છે. ધીરૂભાઈ! આહા..હા..! રવ-રવ નરકે કે અમુક નરકે.. બહુ તો સાતમી નરકે ન જાય તો. એ પીડા નરકની, બાપુ! આહા..હા..! અગ્નિમાં નાખે, શેકે પરમાધામી. તેલના કડાયામાં કટકા કરીને શેકે. આહા..હા..! એવું ક્યાં સુધી? અબજો વર્ષ. ભાઈ! એવા ભવ પણ તેં કર્યા છે. એ આત્માના ભાન વિના અને મિથ્યાત્વને લઈને ભ્રમણામાં આવી ભ્રમણા સેવીને ભવભ્રમણ

કર્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**ભવસાગરમાં ડૂબેલા...**' આહા..હા..! અજ્ઞાન અને રાગ-દ્વેષમાં ડૂબી ગયા છે. ભવસાગરમાં ડુબી ગયા. જેમ દરિયામાં ડૂબેને અંદર. આહા..હા..! ચૈતન્યના રત્નને જેણે પરખ્યું નહિ, ઓળખ્યું નહિ એ અજ્ઞાન અને રાગ-દ્વેષમાં ડૂબી ગયા છે, એકાકાર થઈ ગયા છે. ભવના સમુદ્રની અંદર એ ડૂબેલા પ્રાણીને... આહા..હા..! '**જીવસમૂહને નૌકા સમાન...**' ભગવાન છે. એ ચૈતન્યનો નાથ ચૈતન્યતત્ત્વ જે છે એનો આશ્રય લે તો નૌકા સમાન સંસારનો પાર કરી નાખે એવું છે. સમજાણું કાંઈ? આવી કેવી વાત! '**ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે...**' એ નાવ આ. એ ચૈતન્યતત્ત્વ એ સંસારના સાગરને ઉતરવાને માટે નાવ છે. એવું તત્ત્વ એ છે. એનું જ્ઞાન કરે અને ભાન કરે તો એ સંસારસમુદ્રથી તરી જાય. આહા..હા..!

'**અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને...**' આહા..હા..! પ્રબળ સંકટ. રાગ અને દ્વેષ અને આકુળતાના ઢગલા હોય અંદર... આહા..હા..! કે પ્રતિકૂળ સંયોગ હોય. એવા સંયોગના '**સમૂહરૂપી દાવાનળને...**' અગ્નિને '**(શાંત કરવા) માટે જળ સમાન છે,...**' મહાસંકટ અને રાગ-દ્વેષ અને અજ્ઞાનથી ભરેલું તત્ત્વ અજ્ઞાનમાં એને નાશ કરવા માટે આ જળ સમાન છે. ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ જેને શરણે જતાં, જેનો આશ્રય લેતા... આહા..હા..! સંકટરૂપી દાવાનળ શાંત થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**પ્રબળ સંકટોના સમૂહરૂપી...**' ઘણા દુઃખનો ઢગલો. આહા..હા..! વીતરાગ સ્વભાવથી વિરુદ્ધ રાગ અને દ્વેષ અને અજ્ઞાન મહાદુઃખનો સમુદ્ર. એવા અગ્નિને શાંત કરવા માટે ચૈતન્યતત્ત્વ હીરલો ભગવાન જળ સમાન છે. આહા..હા..! આ એની ક્રિયા છે. સમજાણું કાંઈ?

'**તે સહજતત્ત્વને...**' એવા સ્વભાવિકતત્ત્વને મુનિરાજ કહે છે, '**હું પ્રમોદથી સતત નમું છું.**' આહા..હા..! હું આનંદથી તેને અંદરમાં નમન કરું છું. હું સતત આનંદથી, પ્રમોદથી, અતીન્દ્રિય આનંદથી તેને નમી જાવ છું, એમાં ઢળું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વ્યાખ્યા અને શબ્દો ને... જાદવજીભાઈ! આમાં કલકત્તામાં હતું કાંઈ આ? એ સ્થાનકવાસીના અગ્રેસર હતા. દિલીપને ઓળખો છોને, ભાઈ! રતનલાલ. દિલીપ. એના બાપના બાપ છે આ. જયંતિભાઈ એના બાપ અને એના બાપ આ. કલકત્તામાં દિલીપ પ્રસિદ્ધ છે. આહા..હા..!

સહજતત્ત્વ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ અસ્તિ એને હું અતીન્દ્રિય આનંદની પર્યાય દ્વારા એમાં વળગ્યો છું. આહા..હા..! અતીન્દ્રિય આનંદની પર્યાય દ્વારા હું નમી ગયો, ઢળી ગયો છું. સમજાણું કાંઈ? આવી વાત. માર્ગ આવો છે, ભાઈ! વીતરાગ જિનેન્દ્રનું કથન અને તે સંતો, દિગંબર સંતો એ કહે છે. આડતિયા થઈને વીતરાગનો માલ જગત પાસે મૂકે છે. આહા..હા..! આવી શૈલી બીજે ક્યાંય નથી. આહા..હા..! આવો અપૂર્વ માર્ગ જેને મળ્યો

નથી બિચારાને. શું કરે? આહા..હા..!

**'તે સહજતત્ત્વને હું પ્રમોદથી...'** આનંદથી નિરંતર. આહા..હા..! મારી દશામાં અતીન્દ્રિય આનંદ વર્તે છે એ આનંદની દશાનો આધાર તો ભગવાન ત્રિલોકનાથ છે. ત્યાં હું ઢળી ગયો છું, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારા નિધાનમાં અનંત આનંદ પડ્યો છે. એને મેં આનંદની પર્યાય દ્વારા મેં પરખ્યો એને. એટલે મારી આનંદની પર્યાય ત્યાં ઢળી ગઈ છે. આહા..હા..! જુઓ, આ મુનિરાજ. આહા..હા..! પાંચમા આરાના મુનિરાજ. આરો ક્યાં હતો ત્યાં અંદર? આહા..હા..! દિગંબર સંત વનવાસી તો હતા. મુનિઓ તો વનમાં રહેતા. આ તો બધી ગડબડ થઈ ગઈ આખી. કલકતા જેવા શહેરમાં બંગલામાં રહેવા, મુંબઈ જેવી ઉપાધિમાં... આહા..! બિલકુલ સાધુ, વ્યવહાર સાધુ જે હોય એને પણ ત્યાં કામ નથી. આહા..હા..! એવી ચીજ. ઉપાધિ... ઉપાધિ... ઉપાધિ...

આ તો કહે છે કે હું જંગલમાં વસતા મારો નાથ જંગલસ્વરૂપે, આનંદસ્વરૂપે છે. મેં એને જાણ્યો છે, જોયો છે, અનુભવ્યો છે. એથી મારી દશાનું વલણ ત્યાં જ છે. પરતરફ વલણ મારું નથી. આહા..હા..! જુઓ આ મુનિ. મુનિરાજ ચારિત્રવંત આને ચારિત્રવંત કહીએ, આને પ્રત્યાખ્યાન કહીએ, એમ કહે છે. મારા આનંદની દશાથી હું આને નમી ગયો એ આનંદની દશા તે ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહા..હા..! અમારે મૂળચંદજી હતા એ એમ કહેતા કે આપણે આ વ્રત ને તપ ને આ કરીએ એનાથી પછી એકલું જ્ઞાનતત્ત્વ રહી જશે. પછી ત્યાં ચારિત્ર ન હોય સિદ્ધમાં. ણાણ દંસણ લખ્ખણો એવો શબ્દ છેને. ... છે. એ તો જ્ઞાન અને દર્શન લક્ષણવાળું તત્ત્વ છે. એ તો એનાથી જણાય એમ વાત કહે છે. એટલે પછી ત્યાં એવું લેતા. ખબર નહિ અને કહેવાતા જૈનના બેરિસ્ટર સ્થાનકવાસી. આ બધા મલુપચંદભાઈના ગુરુ હતા ઈ. છોટાભાઈના, એના બાપના. કાંઈ ખબર ન મળે.

એકવાર પૂછ્યું કીધું આ ધર્માસ્તિમાં ગુણ કેટલા? ધર્માસ્તિ તત્ત્વ છેને? કહે બે ગુણ--એક અરૂપી અને એક ગતિ. ગતિ કરવામાં નિમિત્ત અને અરૂપી, બે. કાંઈ ખબર ન મળે. અનંતા-અનંતા ગુણો એક-એક તત્ત્વમાં છે. ભલે ધર્માસ્તિ હોય કે આકાશ હોય. એક રજકણ પરમાણુ લ્યો. એમાં અનંતા-અનંતા ગુણો છે. આહા..હા..! લ્યો આવું ભલેણા (એમ કહે) બે ગુણ છે—એક અરૂપી છે અને એક ગતિ કરે છે એમાં મદદ આપે., બે ગુણ છે. આહા..હા..!

**શ્રોતા** :- અનંતગુણવાળું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એણે પણ સાંભળેલું નહિને. એ કોઈ દિ' શબ્દ પણ (કાને) પડેલો નહિને એને બિચારાને. શું કરે? ક્રિયાકાંડમાં ઘૂંચી ગયા અને એ તકરાર. મૂર્તિ નહિ, ફલાણું નહિ, ઢીંકણું નહિ એ તકરાર. આહા..હા..!

સહજતત્ત્વ જે ત્રિકાળી આનંદસ્વરૂપ એને હું એટલે મારી પર્યાયથી, પ્રમોદથી નમું (છું). સતત નિરંતર મારી દશામાં આનંદનો પર્યાય સ્વભાવને આશ્રયે વર્તે છે એનું નામ નમન

છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક-એક કળશે તો અમૃત ભર્યા છે! આહા..હા..! ૧૪૯ થયોને? ૧૫૦.

(પૃથ્વી)

जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं
मुनीश्वरमनोगृहान्तरसुरत्नदीपप्रभम्।
नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः
नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः।।१५०।।

'**શ્લોકાર્થ :- જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે,...**' આહા..હા..! જિનેશ્વર, સર્વજ્ઞ પરમેશ્વર એના મુખથી આ તત્ત્વ શું છે એ પ્રસિદ્ધ છે. એ સિવાય કોઈએ જાણ્યું નથી એ પ્રસિદ્ધ છે નહિ. આહા..હા..! જિનેન્દ્રદેવ જેની પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત દર્શન પ્રગટ થયા, અરિહંત પદે પ્રગટ થઈ દશા એના મુખારવિંદ. એના મુખરૂપી કમળમાંથી આ આત્મા કેવો એ પ્રસિદ્ધ થયો છે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**મુખારવિંદથી પ્રસિદ્ધ છે,...**' આહા..હા..! અનંતકાળથી અનાદિ જિનેન્દ્રોએ મુખરૂપી કમળથી આવો આત્મા છે પૂર્ણાનંદસ્વરૂપ એ પ્રસિદ્ધ થયેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સિવાય, જિનેન્દ્ર સિવાય આત્મા કેવો છે એ કોઈ બીજા કહી શકે નહિ. કહે છે એ બધા આંધળા કલ્પનાથી કહે છે. આહા..હા..!

કેમકે વસ્તુનું સ્વરૂપ જ જિનેન્દ્ર છે અને એનો સ્વભાવ જ એ જિનધર્મ છે. એવો જેણે કેવળજ્ઞાનની પર્યાયમાં પૂર્ણ પ્રગટ કર્યો એવા જિનપ્રભુના મુખારવિંદથી. આહા..હા..! છે તો વીતરાગને વાણી કાંઈ મુખથી ન નીકળે, પણ ભાષા એમ લોકો સમજેને એટલે એ અપેક્ષાથી કહ્યું છે. નહિતર એમની વાણી તો હોઠ બંધ હોય, કંઠ બંધ હોય. ૐ ધ્વનિ ઉઠે. વીતરાગ જિનેન્દ્રને ઈચ્છા હોતી નથી. ૐ એવો ધ્વનિ ઉઠે. એ 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' એ ૐમાં બધા તત્ત્વોના અર્થ આવે. ગણધર સાંભળીને એમાંથી સૂત્ર રચના કરે. આહા..હા..! એટલે કહે છે કે જિનેન્દ્રના મુખરૂપી કમળથી, આત્મા અનંતગુણનો ધણી અને અનંત પર્યાયવાળો એવી પ્રસિદ્ધિ ભગવાનના મુખેથી નીકળી છે. આહા..હા..! જિનેન્દ્રદેવ પરમેશ્વર પૂર્ણાનંદ અરિહંતદેવ. અરિહંત લીધા છેને અહીં? વાણી નીકળે એ અરિહંત લીધા છેને. સિદ્ધને ક્યાં વાણી છે? સિદ્ધ ભગવાન તો નમો લોએ સિદ્ધાણં થઈ ગયા. આ ચોવીસ તીર્થંકરો તો સિદ્ધ થઈ ગયા અત્યારે. પણ જ્યારે તીર્થંકર હતા ત્યારે મુખારવિંદમાંથી વાણી આ નીકળી હતી, કહે છે. અને અત્યારે સીમંધર ભગવાન અરિહંત પદે બિરાજે છે મહાવિદેહમાં. આ ચોવીસ તીર્થંકરો સિદ્ધ થઈ ગયા. એ નમો અરિહંતાણ નથી હવે, નમો સિદ્ધાણંમાં ગયા. ભગવાન બિરાજે એ નમો અરિહંતાણંમાં છે. એના મુખકમળથી વાણી અત્યારે પણ નીકળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો આત્મા વીતરાગની વાણીમાં આવ્યો છે. બીજાની

વાણીમાં આવું સ્વરૂપ આવી શકે નહિ. આહા..હા..!

જુઓ, **'જિનપ્રભુના મુખારવિંદથી પ્રસિદ્ધ છે, જે સ્વરૂપમાં સ્થિત છે,...'** કેવો છે ભગવાન? એ સ્વરૂપમાં સ્થિત છે. ચૈતન્યતત્ત્વ તો પોતાના સ્વરૂપમાં જ રહેલું છે. એવા આત્માની પ્રસિદ્ધિ ભગવાને કરી છે. આહા..હા..! કળશો પણ વાપર્યા છેને. **'જે મુનીશ્વરોના મનોગ્રહની અંદર...'** મુનીશ્વરના મનરૂપી ઘરમાં **'અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે,...'** અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે. આહા..હા..! લ્યો, આ રત્ન આવ્યું. આહા..હા..! મુનીશ્વરની પર્યાયમાં એ રત્ન પ્રકાશે છે. પર્યાયમાં આમ ઝળઝળાટ અંદર જ્ઞાનનો પ્રકાશ થઈ ગયો છે. આહા..હા..! છને? સુંદર રત્ન પાછું હોં! મુનીશ્વરોના, મુનીના ઈશ્વરો એના પણ મનોગ્રહ-ઘરમાં અંદર સુંદર રત્નદીપ પ્રકાશે છે. વિશેષ-વિશેષ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૩, ગુરુવાર, તા. ૨૩-૧૦-૧૯૭૫
## કળશ-૧૫૦-૧૫૧, પ્રવચન નં. ૭૧

**'શ્લોકાર્થ :- જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે,...'** આ શુદ્ધ ચૈતન્યઘન આત્મા દ્રવ્યસ્વભાવ તેને નિશ્ચયથી આત્મા કહે છે, પર્યાય વિનાનો. આહા..હા..! એ **'જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે...'** ભગવાન આત્મા પોતાના ધ્રુવસ્વરૂપમાં એ સ્થિત છે. દૃષ્ટિનો વિષય જે આત્મા એની અહીં વાત ચાલે છે. **'મુનીશ્વરોના મનોગ્રહની અંદર...'** મુનીશ્વરના મન, જ્ઞાનના ગ્રહ .. **'અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે,...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને જણાય છે, પણ ચારિત્રવંતને વિશેષ પ્રકાશે છે અંદર. ચૈતન્ય મૂર્તિ આનંદનો નાથ પ્રકાશસ્વરૂપ મુનીશ્વરોના મનોગ્રહની અંદર એટલે જ્ઞાનની પર્યાયમાં સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે. આહા..હા..! કહો, રતનલાલજી! આ રતન આવ્યું. સુંદર રત્ન આત્મા. આહા..હા..! ધર્મી ચારિત્રવંતને ચારિત્રની પર્યાયમાં રત્નદીપની પેઠે પ્રકાશે છે. કારણ કે સ્થિરતા ઘણી છે જ્યાં આનંદની એમાં એ રત્નદીપની માફક ભગવાન પ્રકાશે છે. ભગવાન એટલે આત્મા. આહા..હા..! અરે! આ વાત ક્યાં છે? જગત ક્યાં ક્યાં રખડે છે!

**'જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા...'** આહા..હા..! મિથ્યાત્વ ઉપર જેણે વિજય મેળવ્યો છે. ભ્રમણાથી 'હું અલ્પજ્ઞ છું, રાગ છું, હું પુણ્ય છું, પુણ્યના ફળવાળો છું' એવો જે મિથ્યાત્વભાવ, અહીં દર્શનમોહ લીધો છે. એવા દર્શનમોહાદિ પર વિજય મેળવેલો

છે. આહા..હા..! આદિ છેને. અનંતાનુબંધી આદિ, અપ્રત્યાખ્યાની આદિ, એમાં વિજય મેળવ્યો છે. ભગવાન આનંદસ્વરૂપમાં સ્થિર થઈને. અંતરની દૃષ્ટિએ આત્માને પકડીને જેણે દર્શનમોહનો વિજય મેળવ્યો અને સ્થિરતા કરીને જેણે ચારિત્રમોહનો પણ યથાશક્તિ જે છે તેનો વિજય મેળવ્યો છે. આહા..હા..! આ વ્યાખ્યા જુદી. આવું તત્ત્વ છે, ભાઈ! જિનેશ્વરદેવ વીતરાગ પરમેશ્વર અરિહંત જેના મુખારવિંદ કીધુંને? તીર્થંકરો જ્યારે અહીંયાં હતા અરિહંતપદે ત્યારે મુખારવિંદમાંથી આ વાણી નીકળી હતી એમ કહે છે. એ તીર્થંકર તો મોક્ષ પધાર્યા હવે. જે અરિહંતો બિરાજે છે, મહાવિદેહમાં વીસ વિહરમાન તીર્થંકર બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે એના મુખથી આ વિદિત છે ભગવાન અંદર શુદ્ધ ચૈતન્યઘન. આહા..હા..!

'(પ્રસિદ્ધ) છે,...' આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ ભગવાનસ્વરૂપે પ્રભુ આત્મા... આહા..હા..! એ તો ભગવાનના શ્રીમુખે પ્રસિદ્ધ થયેલ છે. કેવળજ્ઞાનીના શ્રીમુખે પ્રસિદ્ધ થયેલો છે. અજ્ઞાનીઓને એની ખબર નથી કે એ આત્મા શું છે. સમજાણું કાંઈ? **'જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે...'** શું કહે છે? જેણે આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા સર્વજ્ઞના મુખકમળથી જે વાત નીકળી તેવો જે પ્રસિદ્ધ પ્રભુ આત્મા એને, જેણે દર્શનમોહ અને ચારિત્રમોહ ઉપર વિજય મેળવ્યો એવા સંતોને નમસ્કાર કરવાલાયક છે. જેની દૃષ્ટિમાં આવ્યો નથી એને નમસ્કાર કરવાલાયક તો હોઈ શકે નહિ, એમ કહે છે. આહા..હા..! શું કીધું આ?

**'દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓ...'** યોગી એટલે ધર્મી. યોગી એટલે આત્મા આનંદસ્વરૂપમાં પરિણતિને જોડનાર. આહા..હા..! આ વ્યાખ્યા. એ કરતાં દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. મરી ગયો કરી-કરીને સાંભળને હવે. એ ક્યાં ધર્મ હતો? આહા..હા..! ધર્મ તો આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ચિદાનંદસ્વરૂપ એને જેણે દૃષ્ટિમાં લીધો એણે દર્શનમોહનો વિજય કર્યો એટલે નાશ કર્યો અને જેણે અંતર સ્વરૂપમાં સ્થિરતા કરી એણે ચારિત્રમોહનો યથાશક્તિ પ્રમાણે નાશ કર્યો. આહા..હા..! એવો ચૈતન્યસ્વરૂપ નિર્મળ આનંદપ્રભુ, એ જેણે વિજય મેળવ્યો છે મિથ્યાત્વ અને રાગ ઉપર એને આ આત્મા નમન કરવાલાયક છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ...ભાઈ! ભગવાન નમન કરવાલાયક ત્રિલોકનાથ તીર્થંકર એ તો શુભભાવ છે. એને નમન કરે તો પુણ્ય થાય, ધર્મ નહિ. આહા..હા..!

ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદસ્વરૂપ શુદ્ધ દ્રવ્યસ્વભાવ, શુદ્ધ વસ્તુસ્વભાવ એનો આશ્રય લઈને જેણે મિથ્યાત્વ અને રાગાદિની યોગ્યતાની શક્તિ તેને હણી નાખી છે એવા જીવોને એ આત્મા નમન કરવાલાયક છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિએ આત્માને જોયો અને જાણ્યો છે. ચારિત્રવંતે તો જોયો, જાણ્યોમાં ઘણા સ્થિર થયા છે. આહા..હા..! એવી ચૈતન્યમૂર્તિ પ્રભુ સ્વ આત્મા ભગવાન એને નમન કરવાયોગ્ય, યોગીઓ તેને નમન કરવાયોગ્ય. જેણે ચૈતન્યસ્વભાવમાં જેની વર્તમાન પરિણતિ જોડી દીધી

છે... આહા..હા..! એવા જીવોને એ નમન કરવાલાયક છે. ગોદિકાજી! આ બધું ઝીણું છે હોં. ઓલા પૈસા-બૈસામાં તો કાંઈ ધૂળમાંય નથી. આહા..હા..! બે મહિના અમેરિકા જઈ આવે અને બે લાખ પેદા કરે. પછી જાણે આપણે ઓહો..હો...! ખોટ ગઈ ત્યાં તો કહે છે. પૂર્વના પુણ્ય બંધાયેલા હતા એ ગયા ત્યારે ઓલી લક્ષ્મી દેખાણી. ભગવાન કહે છે કે પૂર્વની નોટ લઈને આવ્યો હતો એ બળી ગઈ અને નવી પાપની નોટ બાંધી. કહો, રતનલાલજી! કમાવાનો ભાવ છે એ તો પાપ છે અને પૈસા મળ્યા એ તો પૂર્વના પુણ્યના રજકણો ટળ્યા નોટ હતી અંદર અને આવી એટલે સો લાખ આવ્યા, આમ કરોડ આવ્યા. પણ એ આવ્યા પણ ઓલી નોટ ગઈને અને નવી લોનની નોટ બાંધી. આહા..હા..!

આ તો ત્રણલોકનો નાથ આનંદસ્વરૂ પ્રભુ આહા..હા..! જેને સમ્યગ્દર્શનમાં તેની દૃષ્ટિ થઈ છે. આમ દેવ, ગુરુ અને શાસ્ત્ર માને એ સમકિત એ વસ્તુ ભગવાનના માર્ગમાં નથી. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથના પંથમાં તો એ ત્રિલોકનાથ પોતે સ્વરૂપ આનંદનો નાથ એ શું વસ્તુ! આહા..હા..! પરમાનંદસ્વરૂપ, પરમપારિણામિક સ્વભાવભાવ ધ્રુવભાવ, નિત્યભાવ, સહજાનંદસ્વરૂપ પોતે ભાવ. એવું જેણે એનુભવ્યું અને જાણ્યું છે એવા જીવોને નમન કરવાલાયક છે ઈ જીવ. આહા..હા..!

**'અને જે સુખનું મંદિર છે,...'** ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું મંદિર છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું એ મંદિર આત્મા છે. એમાં પ્રવેશ કરે તો એને આનંદનો સ્વાદ આવે એવી ચીજ છે. આહા..હા..! કહો, મણિભાઈ! આવી ચીજ છે. આહા..હા..! તમારા આ બે છોકરાઓ ઠીક પડ્યા છે હોં. ... બેઠા છે બરાબર ઘણા વખતથી. અરે! બાપા! આ વસ્તુ ક્યાં છે, ભાઈ! આહા..હા..! આગળ કહેશે ક્યાંક. ૨૧૮. ક્યાં આવ્યું છે? આમાં આવ્યું છે. એ આવ્યું છે ક્યાંક. ૧૦૮ ગાથા. આ લખ્યું છે જુઓ, ૧૦૮ ગાથા તમને બતાવ્યું હતું.

**'ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો,...'** છે? ૧૦૮ ગાથા. ભગવાન અર્હંત ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એના મુખારવિંદ—મુખરૂપી કમળથી નીકળેલો **'(શ્રવણ માટે આવેલ)...'** આહા..હા..! સભામાં સમવસરણમાં બેઠેલા જીવોને શ્રવણ માટે આવ્યો છે વીતરાગનો ધ્વનિ. **'સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો,...'** વીતરાગ ત્રિલોકનાથની વાણી શ્રોતાને સૌભાગ્યનું કારણ છે. એવા સૌભાગ્યવંતને આ શ્રવણનું નિમિત્ત છે, કહે છે. એથી તો વધારે હજી કહે છે. આહા..હા..! **'ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો,...'** આહા..હા..! શું? દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ—ૐ અવાજ ભગવાનના મુખે નીકળે. આવી વાણી ન હોય એને. કારણ કે એ તો વીતરાગ છે. જેને રાગ છે એને આવી ભેદવાળી વાણી નીકળે. વીતરાગને તો ૐ ધ્વનિ ઉઠે. ૐ આખા શરીરમાંથી અવાજ (નીકળે). એવો જે દિવ્યધ્વનિ એ **'સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો,...'** આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુંદર-આનંદસ્યંદી, અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...**' ભાષા દેખો! ભાષા વીતરાગની છે એ સુંદર આનંદ ઝરતો. સાંભળનારને એ સાંભળે છે... આહા..હા..! એને આનંદ ઝરે છે, અતીન્દ્રિય આનંદ ઝરે છે. તેથી વાણી એ આનંદની ઝરનારી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સીધી વાત લીધી છે એકદમ. સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાનની દિવ્યધ્વનિ ત્રિલોકનાથ સીમંધર ભગવાન તો બિરાજે છે. એના મુખથી વાણી નીકળે છે કેવી? કે '**સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે...**' છે. આહા..હા..! ભાગ્યવાનોને એ વાણી મળે છે, એમ કહે છે. આ પૈસાને લઈને ભાગ્યવાન એમ નથી કહેતા. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દિવ્યધ્વનિ '**સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક...**' આહા..હા..!

ભાઈએ નથી લખ્યું? નિહાલભાઈએ. આચાર્યના શબ્દોમાં બુંદ બુંદ ઝરે છે, આનંદના બુંદ ઝરે છે, એ આ અપેક્ષાએ. એને એ સાંભળવા મળે છે એવા શ્રોતાને એનું ભાન થયું એની વાત અહીં લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં તીર્થંકરદેવ જિનેન્દ્રદેવની વાણીમાં અનક્ષરાત્મક. અક્ષર ન હોય આમ ૐ ભાષા. અનક્ષરાત્મક ૐ ધ્વનિ હોય. પણ કેવી? સુંદર આનંદઝરતી. આહા..હા..! આ દિવ્યધ્વનિ લેવું છેને. દિવ્યધ્વનિ એટલે એવો દિવ્યધ્વનિ. '**(સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...** ' એમ. અનક્ષરાત્મક ૐ એવો ધ્વનિ. આહા..હા..! કહે છે કે જે સાંભળે એ સકળ જનના શ્રવણનું સૌભાગ્ય છે એને. અને સાંભળતા એને.. આહા..હા..! એને શ્રોતાને સાંભળનાર કહીએ કે જેણે અનક્ષરાત્મક દિવ્યધ્વનિ સાંભળી... આહા..હા..! એને અતીન્દ્રિય આનંદ ઝરે. ડુંગરમાંથી જેમ પાણી ઝરે એમ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ... અહીં આવ્યુંને આપણે? સુખનું મંદિર છે. આ ચાલતા અધિકારમાં. એ સુખનું મંદિર છે. એમાં પેસો તો સુખ મળશે. મંદિરમાં જાવ તો ત્યાં દેવ હોય એની પ્રતિમાના દર્શન થશે. એમ આ સુખ મંદિર ભગવાન આત્મા. કેમ બેસે? પામર... આહા..હા..! એક બીડી વિના ચાલે નહિ, બે સીગરેટ પીવે ત્યારે પાયખાનામાં દસ્ત ઉતરે ભાઈસાહેબને. હવે આવા તો વ્યસનીઓ. એય..! અને જ્યાં પાંચ, દસ લાખ, વીસ લાખ મળ્યા પૈસા, મૂકો લાપસીના આંધણ, આજે આમ પેદા થયું. ધૂળેય નથી સાંભળને હવે. પાપ છે એ તો એકલું. આહા..હા..! તેં ભગવાનની વાણી શ્રવણ કરી નથી. આહા..હા..! એ '**અનક્ષરાત્મક...**' અક્ષર વિનાની દિવ્યધ્વનિ એ સુંદર આનંદ ઝરતી. આહા..!

**શ્રોતા :-** અક્ષર વિદ્યાવાળાને અનક્ષરાત્મક કેવી રીતે સમજવામાં આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને અનક્ષરાત્મક એની યોગ્યતાએ એને સમજમાં આવે. એની જે યોગ્યતા છેને જે ભાષાની એને સમજવામાં આવે છે. પાણી તો એનું એ હોય, પણ બાવળ, લીંબડો જે જ્યાં જાય ત્યાં એ પ્રમાણે પરિણમી જાય. બાવળ સમજ્યા? આ બબુલ, લીંબડો, પીપળા. એમ ભગવાનની વાણી તો ૐ ધ્વનિ નિરક્ષરાત્મક નીકળે, પણ જે શ્રોતા છે તે તેની યોગ્યતા પ્રમાણે એને સમજવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શ્રીકૃષ્ણના પુત્ર, શું કહે છે? શ્રીકૃષ્ણનાં પ્રદ્યુમન. શ્રીકૃષ્ણનાં પ્રદ્યુમન. નાની ઉંમરમાં વિદ્યાધર લઈ ગયા હતાને એને. જન્મ્યા ને ઉપાડી ગયા હતા. એ નારદ આવ્યા એ. એની મા પાસે. ભાઈ! અમારો પ્રદ્યુમન ગયો છે. જન્મ્યા ને કોઈ વિદ્યાધર ઉપાડી ગયો. નારદ ગયા ભગવાન પાસે. સીમંધર ભગવાન પાસે. તો એને સાંભળવમાં એમ આવ્યું આ પ્રદ્યુમન સોળ વર્ષે ત્યાં દ્વારકા આવશે. એની યોગ્યતા એ હતી. એનો પ્રશ્ન એ હતો. સમજાણું કાંઈ? ત્યાં તો દિવ્યધ્વનિ હતી. સોળ વર્ષે પ્રદ્યુમન એની ૠક્ષ્મણી માતા પાસે આવશે. આહા..હા..! .. વાણીમાં તો બધું એક સાથે આવે છે પણ જેની યોગ્યતા હોય તે પ્રમાણે જાણી લે. એના પોતાના ક્ષયોપશમની દશા પ્રમાણે જાણે છે.

એમ અહીંયાં અહીં તો એ સિદ્ધ કરવું છે. બે વાત—એક તો ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણી અનક્ષરાત્મક સાંભળનારના સૌભાગ્ય છે કે જેથી એને શ્રવણ અહીં કાને પડે છે અને તે વાણી સાંભળનારને એવા જ અહીંયાં શ્રોતા લીધા છે કે એને સાંભળીને પાધરી એની દૃષ્ટિ આત્મા ઉપર જાય છે. કારણ કે અહીં આવ્યુંને? '**જિનપ્રભુના મુખારવિંદથી પ્રસિદ્ધ...**' છે આત્મા. એ આમાં આવ્યું પહેલું. આહા..હા..! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ અરિહંત પરમેશ્વર એના મુખારવિંદથી નીકળેલો આત્મા એ પ્રસિદ્ધ છે. દિવ્યધ્વનિ સાંભળીને એને આત્મા પ્રસિદ્ધ થઈ ગયો અંદરથી. આહા..હા..! સમજણું કાંઈ? એ કીધું અહીં.

'**અનક્ષરાત્મક દિવ્યધ્વનિ, તેના પરિજ્ઞાનમાં કુશળ...**' એટલે ગણધરાદિ. અહીં તો એટલું લેવું હતું કે એક તો વીતરાગ પરમેશ્વરના મુખની વાણી પ્રાપ્ત શ્રવણ થાય તે સૌભાગ્યથી થાય છે અને તે શ્રવણ થતાં એ પ્રાણીને એનું જે વાચ્ય જે આત્મા કીધો, એ આત્માનું એને ભાન થઈ જાય છે. ભાન થતાં તેને અતીન્દ્રિય આનંદનું વેદન આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..!

હવે આપણે અહીં '**જે સુખનું મંદિર છે,...**' ચાલતો અધિકાર ૧૫૦ (શ્લોક). કેવો છે ભગવાન આ આત્મા? બધા દેહદેવળમાં બિરાજમાન આત્મા છે. આહા..હા..! પણ દેહદેવળ અને આત્મા દેવ એમ ન કહ્યું અહીં તો. અહીં તો સુખનું મુંદિર જ આત્મા છે. દેહ મંદિર અને આત્મા દેવ એમ પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવો આત્મા એને (કેમ બેસે)? જેમાં અતીન્દ્રિય આનંદનથી ભરેલો ભગવાન છે. આહા..હા..! સુખનું મંદિર છે. સમજાણું કાંઈ? શક્કરકંદ નથી હોતા શક્કરકંદ? શક્કરકંદ આવે છેને? લાલ છાલ. લાલ છાલ સિવાય જુઓ તો એકલો મીઠાશનો પિંડ છે. શક્કરકંદ કહે છે? એ મહા વદમાં ખાય અન્યમતિઓ. લાલ છાલ સિવાય જુઓ તો આખો મીઠાશનો પિંડ છે. એમ ભગવાન આત્મા લાલ છાલ એટલે ... શરીર, વાણી, મન એકકોર રાખો, એ ધૂળ, જડ, માટી, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય શુભ-અશુભભાવ એ છાલ છે. એ છાલની અંદર જે ભગવાન છે એ તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહા..હા..!

અરે! એને જોવા-જાણવા માટે કોઈ દિ' કુતૂહલ પણ ન કર્યું. શું છે પણ? આવો આત્મા! આવી ચીજ અંદર છે. આહા..! કહે છે કે એ સુખનું મંદિર છે. દેહ મંદિર અને આત્મા દેવ એમ નહિ. પોતે સુખ મંદિર છે. જેમ મંદિરમાં પ્રવેશ કરતા દેવ દેખાય, એમ આ આત્મારૂપી સુખનું મંદિર એમાં પ્રવેશ કરતા આનંદ દેખાય, એમ કહે છે. અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શનમાં એને ભાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે સહજતત્ત્વને હું...**' મુનિરાજ કહે છે,.. આ મુનિરાજ! જૈનદર્શનના આ સાધુ. કે જેને હું '**તે સહજતત્ત્વને હું સદા અત્યંત નમું છું.**' સદા અત્યંત નમું છું. આહા..હા..! મારા આનંદના નાથમાં મારું વલણ ત્યાં થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારી પરિણતિ નિર્મળ એ ત્રિકાળ આનંદના કંદમાં ભળી ગઈ છે, કહે છે. અરે..! આ કેવો ઉપદેશ, ભાઈ! ઓલા કહે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. ધૂળેય નથી સાંભળને હવે તારી સામાયિક. સમ્યગ્દર્શન વિના સામાયિક આવી ક્યાંથી? હજી સમ્યગ્દર્શનમાં આત્મા કેવો છે એનું તો ભાન નથી અને સામાયિક અને પોષા આવ્યા ક્યાંથી એના? સમજાણું કાંઈ? એય..! સામાયિક કરી હશે કે નહિ? બાપાએ તો કરી હશે કે નહિ કુંવરજીભાઈએ? જૂના હોય. કર્યા જ હોયને. સામાયિક કરે, પોષા કરે. સામાયિક તો કરેને. આહા..હા..! સામાયિક કોને કહેવી? બાપુ! જેને આનંદનો નાથ, સમતાનો સાગર ભગવાન છે એનું જેને અનુભવમાં ભાન થયું એ અંતરમાં ઠરે, વીતરાગતા પ્રગટ કરે એને સામાયિક કહીએ. આહા..હા..! એઈ..! સુમનભાઈ! આવું છે. આહા..હા..!

અહીં તો કહે છે, એવા સ્વભાવિક તત્ત્વને હું સદા... સદા... સદા... ધ્રુવના ધ્યાનમાં આવતા મારી દશા સદા ધ્રુવ તરફ જ ઢળી ગઈ છે. આહા..હા..! એને હું નમું છું, એમ કહે છે. વાત સમજવી કઠણ પડે. આ શું કહે છે? ૧૫૦ થઈ. સદા ..બે અને નમું ત્રણ. કાયમ અત્યંત અંદરમાં... ચારિત્ર છે ખરુંને, તો અત્યંત અંદર નમું છું. આહા..હા..! ૧૫૧.

(पृथ्वी)

प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं
प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम्।
प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं
प्रवृद्धगुणमंदिरं प्रहृतमोहरात्रिं नुमः।।१५१।।

કેવું છે ભગવાન તત્ત્વ આત્માનું? દરેક ભગવાન દેહમાં બિરાજેલો આત્મા એની વાત છે આ. આહા..હા..! '**જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે,...**' એટલે કે જેનામાં પાપ છે નહિ અને જેણે એનો આશ્રય લીધો એને પાપનો નાશ થઈ જાય છે. ભગવાન આત્માનો જેણે આશ્રય લીધો એને આત્મામાં પાપ નથી તો આશ્રય લીધો એનો પાપનો નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેણે પુણ્યકર્મોના સમૂહને હણ્યો છે,...**'

આહા..હા..! શુભભાવરૂપી પુણ્યકર્મ એના સમૂહને જેણે હણ્યો છે. ઓલામાં પાપનો રાશિ કીધો અને અહીં પુણ્યકર્મ કીધું એટલે ... પણ એ શુભભાવ છે. આહા..હા..! ..આદિ આવે છેને. પુણ્ય-પાપના અધિકારમાં નહિ? કર્મ. એ બધું કર્મ છે. કર્મ એટલે ...

જે ભગવાન આનંદનો નાથ પ્રભુ જેમાં પાપના પરિણામ તો છે નહિ પણ જેનો આશ્રય લેતા પાપનો નાશ થઈ જાય છે, એવો ત્રિલોકનાથ આત્મા એમાં પુણ્ય પરિણામ તો છે નહિ, પણ એનો આશ્રય લે એના પુણ્યનો પણ નાશ થઈ જાય છે. આહા..હા..! પુણ્યનો નાશ થાય .... એમ કહે છે. પુણ્ય એટલે સંસાર, દુઃખ. સમજાણું કાંઈ? પુણ્યનો નાશ થાય એવો આત્મા. એટલે કે આત્માની અંદર આવો ચિદાનંદ પ્રભુ એનો આશ્રય લેતા એને પુણ્યની ઉત્પત્તિ થતી નથી. એથી પુણ્યનો નાશ કરનારો એને કહેવામાં આવે છે. પુણ્ય એ સંસાર, દુઃખ છે. પુણ્ય એ સંસાર અને દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેણે મદન (-કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે,...'** આહા..હા..! વિષયની વાસના તો જેનામાં છે નહિ, પણ જે આનંદનો નાથ એનો આશ્રય લે એને કામવાસના નાશ થઈ જાય છે. ખંખેરી નાખ્યા છે. આહા..હા..! આ કાબર જ્યારે ધૂળમાં આળોટેને, પછી પાંખું આમ કરીને ખંખેરી નાખે ધૂળને. ધૂળ. એમ આત્માના ધ્યાનમાં... આહા..હા..! આત્મામાં એ કામ છે નહિ, વાસના વિષયની મીઠાશ એ આત્મામાં છે નહિ, પણ જેણે આત્મા આનંદનો નાથ, સુખના મંદિરનો આશ્રય લીધો એને કામવાસનાનો નાશ થઈ જાય છે. આહા..હા..! જેણે અંતર આનંદનો ગાંગડો, આનંદનો ... એવો જેણે જોયો એને કામવાસના રહેતી નથી. આહા..હા..! આવી પ્રરૂપણા અને આવો ઉપદેશ કેવો આ! ઓલા તો કહે કે સ્થાનકવાસી કહે કે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. દેરાવાસી કહે કે સમ્મેદશિખરની, શેત્રુંજયની જાત્રા કરો.

**શ્રોતા :-** ઉપધાન કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપધાન કરો વળી કોક કહે. આ દોઢ-દોઢ મહિનાના. ચોમાસુ છેને. આ એક જણા હમણાં કહેતા હતા ત્યાં આવ્યા હતા ઈડરથી. તપસ્યા કરવા જઈએ છીએ. ઉપધાન ત્યાં કૈલાસસાગર છેને. અરે ભગવાન! ક્યાં ઉપધાન? આત્માના સમીપમાં જવું એને તપ કહે છે. આત્મા આનંદનો નાથ પ્રભુ એના સમીપમાં જઈને રહેવું એ ઉપવાસ છે. બાકી એના ભાન વિનાની બધી લાંઘણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અપવાસ છે, એ અપ-વાસ છે—માઠો વાસ છે ઈ. ઉપ નામ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ... એ આવી ગયું છે આપણે તપની વ્યાખ્યામાં. તપ એને કહીએ. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં રહેવું એ તપ છે. આહા..હા..! આવી ગયું છે આપણે પહેલા. આમાં નીચેનું નથી. આમાં છે. ચિહ્ન એમાં કરેલું છે. હા, એ. ૧૦૯. સ્વરૂપમાં અવિચળ. આહા..હા..! 'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે. નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ નિશ્ચળ

ચારિત્ર છે.' એ આવ્યું હતું, પણ એ બીજો અધિકાર આવ્યો છે. બીજે ક્યાંક આવો શબ્દ આવ્યો છે. સ્વરૂપમાં રહેવું એ તપ છે બસ. આવ્યું હતું. ઘણા શબ્દો...

'**જેણે મદન (-કામ)**...'ની વાસના ચિદાનંદસ્વરૂપને જાણ્યો અને ઓળખ્યો એની કામવાસના નાશ થઈ જાય છે. આહા..હા..! '**જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે,**...' ભગવાન પ્રબળ જ્ઞાનનો મહેલ છે ભરેલો. આહા..હા..! સમજાય છે કાંઈ? બંગલો છે ઈ, પ્રબળ જ્ઞાનનો બંગલો છે. '**જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે,**...' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ આત્મા એને તત્ત્વના જાણનારાઓ પ્રણામ કરે છે. અજ્ઞાનીઓ એનો અનાદ કરે છે અને પુણ્ય અને પાપના પ્રેમમાં ચૈતન્યના તત્ત્વનો અનાદર કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! '**જેને તત્ત્વવેત્તાઓ**...' તત્ત્વ નામ આત્માનું જે તત્ત્વ એને જાણનારાઓ એને પ્રણામ કરે છે.

'**જે પ્રકરણના નાશસ્વરૂપ છે**...' એ વસ્તુ કૃતકૃત્ય છે. આહા..હા..! એને કાંઈ કરવાનું નથી. એ તો ધ્રુવ વસ્તુ છે એ આત્મા. એને કરવાનું (કાંઈ નથી), એ કૃતકૃત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો નિર્મળ પર્યાયમાં જ કૃત-કાર્ય હોય છે. વસ્તુ તો કૃતકૃત્ય જ છે. આહા..હા..! ધ્રુવ ચિદાનંદ પ્રભુ આત્મા... આહા..હા..! એ તો કૃતકૃત્ય જ છે. '**(અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી**—' આહા..હા..! '**જે પુષ્ટ ગુણોનું ધામ છે**...' પુષ્ટ ગુણો. પુષ્ટ-પુષ્ટ આખું દળ. એવા ગુણોનું એ ધામ-સ્થાન છે. એ આત્મા આને કહીએ એમ કહે છે. આહા..હા..! '**અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે,**...' મોહરૂપી રાત્રિ અંધકાર, પરમાં સાવધાની એનો નાશ (કર્યો છે). '**તેને (-તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ.**' મુનિરાજ કહે છે કે એ સહજતત્ત્વમાં અમારું નમન છે, એમાં અમારું વલણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મી જીવનું સહજસ્વરૂપ આનંદમાં વલણ હોય છે. પુણ્ય અને પાપના વિકલ્પમાં એનું વલણ હોતું નથી. આહા..હા..! આવી વ્યાખ્યા. આવો ધર્મ! કોઈ કહે, આવો ધર્મ વીતરાગનો હશે? પણ વીતરાગ જૈનધર્મમાં તો ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, રાત્રે આહાર ન કરવો. આ શું કહેવાય સમજ્યાને? વ્રત પાળવા, બ્રહ્મચર્ય પાળવું, અપવાસ કરવા એ જૈનધર્મ. કોણ કહે છે જૈનધર્મ ઈ? તેં માન્યો છે ઈ જૈનધર્મ. એ જૈનધર્મ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નાનાભાઈ .. એમ જ કહેતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહેતા હતા. કાંઈ ખબર ન મળે. અહીં .... એ અધિકાર પૂરો થયો, લ્યો. પ્રત્યાખ્યાનનો અધિકાર. એને પ્રત્યાખ્યાન કહીએ. સહજાનંદ પ્રભુ એમાં અંદરમાં રમણ કરવું એને પચ્ચખાણ કહેવાય, એને પ્રત્યાખ્યાન કહેવાય, એને ચારિત્ર કહેવાય. આહા..હા..!

'**એ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો**...' એ મુનિ છે. મુનિરાજને એ જ હોય.

જૈનદર્શનમાં મુનિને દેહ સિવાય કોઈ ચીજ હોય નહિ. વસ્ત્ર અને પાત્ર (રાખે) એ મુનિ જૈનદર્શનના મુનિ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અન્યના સાધુ તો ખરાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અન્યના હોય તો અન્યના તો અજ્ઞાનીના છે. આહા..હા..! સુજાનમલજી! એને તો દેહમાત્ર પરિગ્રહ હતો મુનિરાજને તો. જૈનદર્શનમાં અનાદિ તીર્થંકરોની વાણીમાં મુનિપણાને તો દેહ હોય એકલો, બીજું કોઈ હોઈ શકે નહિ. વસ્ત્રનો ધાગો નહિ, પાત્રનો કટકો નહિ. આહા..હા..! દેહમાત્ર તો છૂટતો નથી એટલે હોય એ. એ તો આપણે આવી ગયું પ્રવચનસારમાં. દેહ એક ઉપકરણ છે, વાણી એક ઉપકરણ છે, મન એ ઉપકરણ. એ ત્રણ પણ વસ્તુ આત્મામાં નથી. બહારની ચીજ એટલી હોય, બસ.

'**એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી...**' આ પદ્મપ્રભમલધારિદેવ. એ બાજુ છે. '**નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**'

હવે સાતમો. આલોચના. ગયા કાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રત્યાખ્યાન, વર્તમાનની આલોચના. સંવર એમાં આવે છેને ત્રણ? પણ કોને કહેવાય? એ બોલે ખરો. ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યનું પચ્ચખાણ અને વર્તમાનનો સંવર. કોને કહેવું એની ખબર ન મળે. હંમેશા પડિક્કમણા કરવા. પથરણા પાથરીને બેસે પણ ધૂળેય નથી પડિક્કમણું સાંભળને. હજી આત્મા ક્યાં છે? કેવડો છે એની તો તને ખબર નથી. અને એમાં રમવું છે, જે ચીજમાં ઠરવું છે એ ચીજની તો ખબર નથી. ક્યાં ઠરીશ તું? રાગ અને પુણ્ય-પાપના વિકલ્પમાં ઠરશે એ તો અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે આલોચના અધિકાર કહેવામાં આવે છે.**' લ્યો.

णोकम्मकम्मरहियं विहावगुणपज्जणहिं वदिरित्तं।
अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि।।१०७।।

લ્યો આ .. મતિજ્ઞાનના ... નીચે હરિગીત છે.

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

'**ટીકા :- આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.**' ટીકા-ટીકા. સંવરનો અધિકાર. સંવર આને થાય. આમ પાંચ મહાવ્રતના પચ્ચખાણ લીધા, વ્રત (લીધા) એ સંવર. એ સંવર નહિ. આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? કે જે '**ઔદારિક,...**' શરીરથી રહિત છે. આ ઔદારિક શરીર છે આ માટીનો પિંડ આ એનાથી આત્મા તો રહિત છે. '**વૈક્રિયિક,...**'

શરીર દેવ અને નારકીને હોય એનાથી રહિત છે. '**આહારક,...**' શરીર મુનિને હોય છે એથી રહિત છે. '**તૈજસ...**' શરીર અંદરમાં હોય છે. '**અને કાર્મણ...**' એટલે કર્મના રજકણોનું શરીર હોય છે. '**તે નોકર્મો છે; જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામનાં દ્રવ્યકર્મો છે.**' જડ આઠ કર્મ છેને. બે (વાત કરી).

'**કર્મોપાધિનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની...**' કહે છે.. નીચે. '**શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનય કર્મોપાધિની અપેક્ષા રહિત સત્તાને જ ગ્રહે છે.**' એકલી ચૈતન્ય સત્તા, ધ્રુવ સત્તાને શુદ્ધ દ્રવ્યાર્થિકનય જ ગ્રહે છે. શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે એ નિજસત્તાને ગ્રહે છે. સત્તા કોને કહેવી? નિજ-હોવાપણું. નિત્યાનંદ પ્રભુ ધ્રુવનું હોવાપણું તેને નિજસત્તા કહે છે. શુદ્ધદ્રવ્યાર્થિક દ્રવ્ય જેનું પ્રયોજન છે એવી જે નય એ નિરપેક્ષ સત્તાને જાણે છે. આહા..હા..! '**પરમાત્મા આ નોકર્મો...**' એ '**સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા...**' એટલે આ આત્મા. અને નોકર્મો એટલે પહેલા કીધાને? આહારક આદિ (શરીર) અને દ્રવ્યકર્મ આઠ એનાથી રહિત છે. આહા..હા..!

'**મતિજ્ઞાનાદિક વિભાવગુણો છે...**' હવે વિભાવગુણો આવ્યા. આહા..હા..! સમ્યગ્દર્શનથી જે મતિજ્ઞાન આદિ થાય... મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, એને અહીં વિભાવગુણ કહ્યા છે. છે પર્યાય, પણ વિભાવગુણ. કેમકે હજી કર્મની નિમિત્તની અપેક્ષા એમાં છે. આહા..હા..! સમ્યક્ મતિ, શ્રુત, અવધિ હોં! આહા..હા..! એ પણ એને વિભાવગુણ કહ્યા છે. એનાથી ભગવાન આત્મા રહિત છે.

**શ્રોતા** :- કેવળજ્ઞાન..?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેવળ નહિ. આ ચાર. સમજાણું કાંઈ? પાઠ છેને અંદર જુઓને. '**विहावगुणपज्जणहिं वदिरित्तं।**' એની આ વ્યાખ્યા છે. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ જે સમ્યગ્જ્ઞદર્શનનો વિષય તેને આ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન એમાં નથી. કારણ કે એ તો પર્યાયમાં છે અને એ પર્યાય વિભાવગુણ કહેવામાં આવે છે, એ દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદસ્વભાવી હું છું. ત્રિકાળ જ્ઞાન હોં! મતિજ્ઞાન પણ નહિ એમ કહે છે. આહા..હા..! જિનેન્દ્રનો માર્ગ બહુ સૂક્ષ્મ. લોકોએ અજૈનને જૈન મનાવ્યું છે. ખબર નથી કે શું જિન કહે છે? આત્મા કોણ? આહા..હા..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એ વિભાવગુણ છે. એ રહિત આત્મા છે, એમ કહે છે. આત્મામાં એ છે નહિ. આહા..હા..! એ નિર્મળ મતિશ્રુતજ્ઞાનની પર્યાય આત્મામાં નથી એમ કહે છે. ક્ષાયિકભાવ એમાં નથી, પછી આ તો ક્ષયોપશમભાવ છે. આહા..હા..!

'**અને નર-નારકાદિ...**' મનુષ્યનો ભવ, દેવનો ભવ, નારકીનો ભવ એ બધી વ્યંજનપર્યાયો છે. દ્રવ્યની આકૃતિ થાય એમાં. ગતિના પ્રમાણમાં. એ '**વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે;...**' એને જ અહીં વિભાવપર્યાય કહેવામાં આવે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન,

મનઃપર્યાયજ્ઞાન એને વિભાવગુણ કહ્યા અને નરક, મનુષ્યાદિની ગતિ હોં, આ શરીર નહિ, એની ગતિને યોગ્ય જે દ્રવ્યની પર્યાય તેને વ્યંજનપર્યાય કીધી. એ બેય—વિભાવગુણ અને વ્યંજનપર્યાયથી ભગવાન રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે **'ગુણો સહભાવી હોય છે...'** એ ગુણોની વ્યાખ્યા સહભાવી એ અહીં નથી અત્યારે. અહીં તો મતિ, શ્રુત, અવધિ એક સાથે હોય છે. એથી એને સહભાવી ગુણ કહ્યા વિભાવીકને. આત્મામાં અનંતગુણો સાથે રહે છે માટે સહભાવી એ અત્યારે વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ અનંતગુણો સાથે અનંતગુણો રહે છે એથી સહભાવી કહીએ અને સમય-સમયની પર્યાય બદલે તેને ક્રમભાવી કહીએ. એ અત્યારે વ્યાખ્યા નથી. અત્યારે તો આત્મા જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ જે સમ્યગ્દર્શનનો વિષય અને ધ્યેય એમાં આ મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો અભાવ છે અને એ ગુણોને સહભાવી કહ્યા. કેમ? કે મતિ, શ્રુત આદિ એક સાથે હોય છે એટલે સહભાવી કહ્યા. સમજાણું કાંઈ? **'અને પર્યાયો ક્રમભાવી હોય છે.'** પર્યાય એટલે નરકપણું, નારકી, તિર્યંચ-પશુ એક સમયમાં એક જ ગતિ હોય છે. બીજી ગતિ પછી, ત્રીજી ગતિ પછી એમ ક્રમ હોયે. વ્યંજનપર્યાયની ગતિવાળું તત્ત્વ એક સમયે એક જ ગતિ હોય છે. એટલે ક્રમ હોય. બીજો સમયે બીજી ગતિ. એથી એને ક્રમભાવી વ્યંજનપર્યાયને કહેવામાં આવે છે. આહા..હા..!

માણસને ફુરસદ ક્યાં છે આ આત્મા... ધંધામાં એક તો દસ કલાક કાઢે, આઠ કલાક, છ કલાક સૂવામાં કાઢે, બે-ચાર કલાક વિકથાઓમાં (કાઢે). જગતે આમ રળ્યું, આમ કર્યું. કલાક, બે કલાક સાંભળવા જાય ત્યાં મળે એવું એને કે આ તમારે આમ ધર્મ થાશે, દયા પાળો તો ધર્મ થાશે, વ્રત પાળો તો ધર્મ થાશે. એવું ત્યાં સાંભળે એ વિકથા છે. આહા..હા..! હવે એને કે દિ' આ આત્મા (સાંભળવા મળે)?

કહે છે પ્રભુ! એકવાર સાંભળતો ખરો. ત્રિલોકનાથ જિનેન્દ્રના કહેણ આવ્યા, પ્રભુ! જિનેન્દ્રના કહેણ આવ્યા છે. સારા કહેણ આવે તો એની કન્યા સ્વીકારે છે. એમ છે કે નહિ? લગન કરવા આવે કોઈ સારું, પાંચ-પચાસ લાખવાળો છે. દસ લાખ લઈને આવશે,... મોળી પાતળી કન્યા હોય તોપણ સ્વીકારી લે એને. માગુ લઈને આવેને કે અમારી કન્યા સ્વીકારો. એમાં રતનલાલજીને એવા ઘણા. હમણા બે સગપણ થયાને એવું સાંભળ્યું. એક છોકરો મોટા .. એમ કહેતા હતા કોક. કોક કહે એ સાંભળીએ. અહીં ક્યાં જોવા ગયા છીએ? આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ સારું ઘર હોય, મોટું હોય, ..કન્યા હોય એ બધું સ્વીકારે. એમ અહીંયાં ત્રણલોકના નાથ તને પરિણતિ પર્યાયની બતાવે છે એમાં હા પાડ. આહા..હા..! સમજાણું? એ કહેણને સ્વીકાર. મહાપુરુષના તીર્થંકરના કહેણ આવ્યા છે તારે ઘરે. આહા..હા..!

કહે છે, તું કોણ છો? કે તું છો એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિના પર્યાયરહિત છો. તું કોણ છો? કે આઠકર્મ રહિત છો. તું કોણ છો? પાંચ શરીર, નોકર્મ આદિ જડ એનાથી

તું રહિત છો. આહા..હા..! સમજાણું કાંઈ? તો પૈસા-બૈસાથી રહિત તો આવી ગયુંને એમાં? ક્યાંય રહી ગયું. એ તો પૈસા આઘા રહી ગયા. આ તો પાંચ શરીર, નોકર્મ અને આઠ કર્મ .. છે એ. એનાથી રહિત છે. અને મતિશ્રુત જ્ઞાનની પર્યાયો છે એ આવ્યું. તે સહભાવિક ગુણ કહીને વિભાવિક કહ્યા એને. એનાથી પણ ભગવાન રહિત છે. અને વ્યંજનપર્યાય એક પછી એક નરક, મનુષ્યાદિ એનાથી પણ રહિત છે. આહા..હા..!

'**વ્યતિરિક્ત છે.**' પાઠમાં છેને. વ્યક્તિરિક્ત છે. જુઓને, '**विहावगणपज्जणहिं वदिरित्तं।**' હવે '**अप्पाणं जो झायदि**' એ '**अप्पाणं**' કોણ? આહા..હા..! એ '**નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત તથા ઉપરોકત સમસ્ત વિભાવગુણપર્યાયોથી વ્યતિરિકત તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...**' હવે જરી ઝીણી વાત છે, ભગવાન! સ્વભાવિક ગુણ જે ત્રિકાળી અને એને પર્યાય જે કારણપર્યાય એનાથી એ સહિત છે. ... સમસ્ત. આનું આ કહેવું છે. ગુણનો, ભેદનો અર્થ તો એ પર્યાય, કારણપર્યાય ધ્રુવ છેને એ સ્વભાવિક ગુણ અને કારણપર્યાય એનાથી ભગવાન આત્મા સહિત છે. આહા..હા..! કારણશુદ્ધ પર્યાય. એ ઓલામાં આવે છે. ૨૯૨માં આવે છે. ષટગુણપર્યાયથી સહિત છે. ૨૯૨ ગાથા. ૨૯૨ છેને? પાનું. એમાં એ આવે છે. લ્યો, એ પાનું નીકળ્યું. ૨૯૨ની પહેલી લીટી છે. '**એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયનો આધાર...** ' પહેલી લીટી. સહજ ગુણપર્યાયનો આધાર. ૨૯૨ પાનું છે આમાં. ૧૪૫ ગાથાનો અર્થ છે. નિશ્ચય પરમાવશ્યક છેને. ૨૯૨માં. ... '**સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયનો આધાર...**' એ પર્યાય પણ કારણપર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે અહીંયાં વિભાવિક મતિશ્રુત જ્ઞાનની પર્યાય છે એનાથી તો રહિત કીધું. નિર્મળ પર્યાય મતિશ્રુતની એને વિભાવગુણ કહીને રહિત કીધો. હવે કઈ પર્યાય બાકી રહી બહારની? સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં એમ આવ્યું. તેમ જ. એનાથી રહિત છે તો સહિત કોનાથી? એમ. સ્વભાવગુણ. આત્મા લેવો છેને? '**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि**' એ સાધુને આલોચના અને સંવર હોય છે. આહા..હા..! શું?

'**તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...**' આહા..હા..! એ વિષય કરનાર છે એ તો સમ્યગ્દર્શન છે. પર્યાય સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનની પર્યાય પણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાય એ ત્રિકાળી ..નો વિષય કરે છે. સ્વભાવિક આત્મા શુદ્ધગુણની પર્યાય સહિત. આત્મા એ લીધો. '**अप्पाणं**' છેને? જુઓ, અહીં પરમાત્મા. જે પાઠમાં '**अप्पाणं**' છેને એને અહીં પરમાત્મા આત્મા. પોતે પરમાત્મા હોં. પરમ આત્મા પરમસ્વરૂપ કારણપરમાત્મા ધ્રુવ. આહા..હા..! '**સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...**' આહા..હા..! કેવો એ પાછો? હવે એ લેશે જુઓ. કે '**ત્રિકાળ-નિરાવરણ...**' સંયુક્ત. સ્વભાવિક ગુણપર્યાય તે ત્રિકાળી નિરાવરણ છે. સ્વભાવિક ગુણપર્યાયનો ધરનાર જે આત્મા એ ત્રિકાળ નિરાવરણ

છે. આહા..હા..! આજે તાકડે આવી ગયા બરાબર, નહિ? શું હતું આજ? દેવીલાલજી! શું હતું આજે? સારું કર્યું. આ અધિકાર એવો છે. આહા..હા..!

પાઠ જ છે જુઓને, કે '**णोकम्मकम्मरहियं विहावगणपज्जणहिं वदिरित्तं।**' હવે સહિત શું? કે '**अप्पाणं**' કે કેવો આત્મા? કે શુદ્ધગુણ અને પર્યાયસહિત એવો આત્મા. આહા..હા..! કારણપર્યાય ત્રિકાળી ધ્રુવ અને ત્રિકાળી ગુણ એ સહિત તે આત્મા. આહા..હા..! અભ્યાસ લોકોના ફરી ગયા. સાધન, પ્રવૃત્તિમાં રોકાઈને ચૈતન્ય તત્ત્વ શું છે એને સમજવાનો વખત પણ નથી.

**શ્રોતા :-** કેવળજ્ઞાનપર્યાયનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત નહિ. ત્યાં કેવળજ્ઞાનસહિત પર્યાય છે ક્યાં? અહીં તો કેવળજ્ઞાન પર્યાય છે ક્યાં? આત્મા જેને કહીએ ત્યાં તો કેવળજ્ઞાન પર્યાય એક પણ નથી એમાં તો. એ તો ક્ષાયિકભાવ પણ નથી. આત્મા જેને '**अप्पाणं**' જેને કહીએ ત્યાં તો ક્ષાયિકભાવ પણ નથી. પણ અત્યારે તો આટલી વાત લીધી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ વસ્તુ છે. આહા..હા..! સહભાવી અને સમભાવી આમ લીધું આમાં. મતિ, શ્રુત, અવધિ અને નિર્મળ પર્યાય એક સાથે ઘણી હોય માટે સહભાવી. અને મનુષ્યપણું, દેવપણું એક પછી એક હોય છે એટલે વ્યંજનપર્યાય ક્રમવાળી. ..સ્વભાવિક એ તો અત્યારે નથી.

આત્મામાં ગુણો સાથે રહે છે ગુણ ગુણ હોં. આત્મા સાથે નહિ. આત્મા સાથે ગુણ રહે માટે સહભાવી એમ નહિ. ગુણ ગુણની સાથે રહે છે માટે સહભાવી. એ અહીં નહિ. અને પર્યાય ક્રમસર થાય એ ક્રમવર્તી. એ અહીં નહિ. અહીં તો આલોચના બતાવવી છેને. આહા..હા..! અવલોકવું, જોવું. કોને? કોને જોવું? કે મતિ આદિની પર્યાય નિર્મળ છે એથી રહિત આત્મા અને પોતાના શુદ્ધ ગુણ અને નિર્મળ કારણપર્યાયસહિત આત્મા. એને અવલોકવું એનું નામ સંવર અને આલોચના છે. સમજાણું કાંઈ? કહો, દેવીલાલજી! આ તો ધર્મ વીતરાગમાર્ગ, બાપા! અરે! સર્વજ્ઞ ત્રિલોકનાથ કોને કહેવા, ભાઈ! અરિહંત દેવેન્દ્ર, જિનેન્દ્ર, ભગવત્‌સ્વરૂપ જેની પર્યાય થઈ. આહા..હા..! ભગવંત સ્વરૂપ તો એને હતું, પણ પર્યાયમાં ભગવત્‌સ્વરૂપ જેને પ્રગટ થઈ ગયું. એવા ભગવાન એના શ્રીમુખે આ આવ્યું છે. મુખારવિંદથી આ આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજો, પકડાય એટલું પકડો, સમજવા જેવું આ છે. બાકી બધું ધૂળધાણી છે. એય..! રતનલાલજી! આહા..હા..!

'**अप्पाणं जो झायदि**' એમ શબ્દ પડ્યો છેને. ત્રીજું પદ, ભાઈ! '**अप्पाणं जो झायदि**' હવે '**अप्पाणं**' કેવો? કે આનાથી તો રહિત કીધો. ત્યારે હવે સહિત કોનો? એ ટીકાકારે ખુલાસો કર્યો, ભાઈ! અતિરિક્ત કીધો તો ટીકાકારે સહિતનો ખુલાસો કર્યો. કે કેવું સહિત

છે એ? કે ત્રિકાળ શક્તિઓ જે ગુણ અને એની વર્તમાન કારણપર્યાય ધ્રુવ એનાથી સહિત આત્મા છે. લ્યો, વિશેષ આવશે. વખત થઈ ગયો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**આસો વદ-૪, શુક્રવાર, તા. ૨૪-૧૦-૧૯૭૫**
**ગાથા-૧૦૭-૧૦૮, કળશ-૧૫૨-૧૫૩, પ્રવચન નં. ૭૨**

... કર્મ જે આઠ છે જ્ઞાનાવરણીય (આદિ) એ દ્રવ્યકર્મથી પણ આત્મા રહિત છે. બે. વિભાવગુણ અને પર્યાયથી પણ રહિત છે. વિભાવગુણ એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એવી પર્યાયો એને અહીંયાં વિભાવગુણ કહ્યા. છે તો પર્યાય, પણ વિભાવગુણ નિમિત્ત કર્મનું છે એમાં જરી એથી એને વિભાવગુણપર્યાય કહીને એનાથી પણ આત્મા રહિત છે (એમ કહે છે). અને ચાર ગતિ—મનુષ્ય, નારકી, દેવ, તિર્યંચ. એ ગતિ એક પછી એક થાય છે, એ વ્યંજનપર્યાય છે, એનાથી પણ એ રહિત છે. સમજાણું કાંઈ? ત્યારે સહિત શું?

'**તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...**' એમ કીધું. આહા..હા..! પોતામાં જે ત્રિકાળી સ્વભાવ પરમાત્મા પોતે આત્મા એમ કહે છેને પરમાત્મા. પોતે પરમાત્મા છે. પરમાત્મા કેવો છે? કે સ્વભાવગુણપર્યાયથી સહિત છે. ત્રિકાળી સ્વભાવ આનંદ આદિ અને પર્યાય કારણપર્યાય એનાથી સહિત છે આત્મા. આહા..હા..! '**ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને...**' એ આત્માય અહીંયાં પાઠમાં આત્મા છે, ટીકામાં પરમાત્મા કહ્યું. એવો પરમાત્મા—પરમસ્વરૂપ એને '**ત્રિગુપ્તિગુપ્ત (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી) પરમસમાધિ...**' એ પર્યાય છે. આહા..હા..! ત્રિકાળ જે નિરાવરણ આત્મા પોતાના સ્વભાવ ગુણ અને પર્યાયથી સહિત છે એને મુનિરાજ સમાધિથી અનુભવે છે. મન, વચન અને કાયા તરફનું વલણ છોડી અંતર સ્વરૂપ વીતરાગી સમાધિ, વીતરાગી પર્યાય એવા સમાધિ '**વડે જે પરમશ્રમણ સદા અનુષ્ઠાનસમયે...**' આત્માના આચરણના અનુષ્ઠાન સમયે '**વચનરચનાના પ્રપંચથી પરાङ્મુખ...**' છે. વચનરચના ત્યાં છે નહિ. એવો '**વર્તતો થકો ધ્યાવે છે,...**' આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ત્રિકાળ નિરાવરણ પોતાની સ્વભાવિક ત્રિકાળી શક્તિઓ અને એની ત્રિકાળી કારણપર્યાય (સહિત) એવો જે આત્મા એને રાગ અને વિકલ્પથી રહિત નિર્વિકલ્પદશાથી ધ્યાવે છે. આહા..હા..! આવું સ્વરૂપ ભારે. સમજાણું કાંઈ?

રાગાદિ છે એ અસમાધિ છે, અશાંતિ છે. એનાથી રહિત પરમસમાધિ. આધિ, વ્યાધિ રહિત પરમસમાધિ. વ્યાધિ એટલે એ શરીર આવી ગયું. શરીરરહિત. ઉપાધિ એટલે બાહ્ય

જે દ્રવ્યકર્મ છે એ ઉપાધિ અને દ્રવ્યકર્મ એ અંદરમાં અને નોકર્મ પણ અંદર એનાથી રહિત. અને ઉપાધિ એટલે બહારની ચીજથી રહિત અને આધિ એટલે સંકલ્પ-વિકલ્પની દશા એનાથી રહિત. એવી સમાધિ—પરમસમાધિ વડે, પરમસમાધિ વડે, શાંતિ અને વીતરાગતાની પર્યાય વડે '**પરમશ્રમણ સદા અનુષ્ઠાનસમયે...**' એટલે અંતરના આચરણના કાળે. છેને અનુષ્ઠાન? '**સદા અનુષ્ઠાનસમયે...**' આચરણને કાળે '**વચનરચનાના પ્રપંચથી પરાઙ્મુખ વર્તતો...**' એને ધ્યાવે છે. આહા..હા..! એ ધ્યાનમાં એને લઈને ધ્યાન કરે છે. એ ધ્યાન તે આલોચના છે. આહા..હા..! વસ્તુ એવી છે આ તો ભાઈ માર્ગ.

**શ્રોતા :-** જોડાણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જોડાણ-બોડાણ છૂટી ગયું ત્યાંથી. આત્માની સાથે જોડાણ થઈ ગયું છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમાધિ છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત છે. એ સમાધિનું ચૈતન્ય દ્રવ્ય ત્રિકાળ જે છે પોતાના ગુણ અને પર્યાયસહિત તેમાં એનું જોડાણ થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. બહુ ઝીણો માર્ગ. અંતર આનંદનો નાથ પ્રભુ, કહે છે અતીન્દ્રિય આનંદનો ગુણ અને અતીન્દ્રિય આનંદની જે કારણપર્યાય... આહા..હા..! એની સન્મુખ થઈને અને મન, વચન, કાયાના વિકલ્પો આદિથી વિમુખ થઈને. એમાં એ આવે છે. લોગસ્સમાં નથી આવતું? શ્વેતાંબરમાં આવે છે લોગસ્સ. એય..! સુજાનમલજી! લોગસ્સ કર્યો છે કે નહિ?

**શ્રોતા :-** અત્યારે ભૂલી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂલી ગયા પણ પહેલા હતું કે નહિ? લોગસ્સ ઉજ્જોયગરે.. સમાહિવર મુત્તંમ દિંત્તુ. આપણે આવે છે. દિગંબરમાં આવે છે સામાયિકનો પાઠ. એ લોકોમાં એ પ્રથા નથી સામાયિક કરવાની. સામાયિકનો પાઠ આવે છે આપણે લોગસ્સ. સમાહિવર મુત્તંમ દિંત્તુ. હે પરમાત્મા! અમને સમાધિનું ફળ ઉત્તમ અમને આપો. એ સમાધિ એટલે આ. સામાયિકમાં પાઠ હોય છેને એમાં આવે છે. લોગસ્સ કર્યો છે કે નહિ? 'એવં મએ અભિથુઆ, વિહયરયમલા પહીણજરમરણા; ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. કિત્તિયવંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ'. આહા..હા..! સમાધિ. ઓલા બાવા સમાધિ કરે એ નહિ હોં. આ તો પૂર્ણાનંદસ્વરૂપમાં એકાગ્ર થવું એનું નામ સમાધિ. રાગ અને પુણ્યના વિકલ્પથી છૂટીને ત્રિકાળી જ્ઞાયકભાવમાં એકાગ્ર થવું એનું નામ સમાધિ, એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ નિર્વિકલ્પ શાંતિ. આહા..હા..! એનું નામ, એનાથી આત્માને જોવો એનું નામ આલોચના.

'**ધ્યાવે છે,...**' આનંદસ્વરૂપને ધ્યાવે છે. જેમ બાળક માંના આંચળને ધાવે છેને, દૂધ? એમ આ નિર્મળ પર્યાય દ્વારા આત્માને ધ્યાવે છે, આનંદને ચૂસે છે. આહા..હા..! આવી

વાત છે. એને પહેલો નિર્ણય તો કરવો પડશે કે માર્ગ આ છે. આહા..હા..! નિર્વિકલ્પ સમાધિ એટલે વીતરાગદશા. જેમાં રાગનો અભાવ અને વીતરાગ પર્યાયનો સદ્ભાવ એવી વીતરાગી પર્યાય દ્વારા આત્માને ધ્યાવે છે એને આલોચના નામ એને સંવર કહેવામાં આવે છે. લ્યો આ સંવર. એ વસ્તુ શું છે એની ખબર ન મળે અને આ અપવાસ... અપવાસ... અપવાસ... એકલા ચાલી નીકળે છે બધા. મહિનાના અપવાસ કર્યા, આટલા કર્યા. લાંઘણું છે બધી.

શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ વસ્તુ એકલો અતીન્દ્રિય આનંદનું એ દળ છે. પર્યાયમાં આનંદ આવે એ તો થોડો હોય છે. આ સમાધિ છે એ આનંદ છે. પણ વસ્તુ છે એ તો અતીન્દ્રિય અપરિમિત આનંદથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! ત્રિકાળ નિરાવરણ. વસ્તુ છે એ ત્રિકાળ નિરાવરણ છે. આહા..હા..! એવા આત્માને વચનરચનાને છોડી દઈને અંતર સમાધિ દ્વારા, પરમસમાધિ દ્વારા એ પર્યાય છે, એ આત્માને ધ્યાવે છે, એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ, ભાઈ! ઓલા તો એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વયાવચ્ચા.. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ એય..! જાદવજીભાઈ! એમ હતું? ગડિયા હતા. આહા..હા..!

'**તે ભાવશ્રમણને...**' તે ભાવશ્રમણ. દ્રવ્યલિંગ નગ્નપણું અને પંચમહાવ્રત એ નહિ. આવો જે આનંદસ્વરૂપ ભગવાન એમાં લપેટાઈ જાય છે અંદર. આહા..હા..! 'લપેટાઈ' સમજાય છે? લીન થઈ જાય છે. લીન-લીન. આહા..હા..! એ લીન (થાય) છે એ પરમસમાધિ છે. એ વડે આત્મા દ્રવ્ય છે તેને ધ્યાવે છે, અનુભવે છે. '**તે ભાવશ્રમણને સતત નિશ્ચયઆલોચના છે.**' નિરંતર તેને આલોચના છે. આહા..હા..! આ સંવર એને કહીએ. ગયા કાળનું પડિક્કમણું, વર્તમાનકાળનો સંવર, આવતા કાળના પચ્ચખાણ ત્રણ આવે છેને? કામ આકરું ભારે, ભાઈ! દુર્લભ ચીજ છે, અશક્ય નથી. મહાન પુરુષાર્થે તે આત્મા હાથ આવે છે. આહા..હા..! એ નિરંતર નિશ્ચય-આલોચના છે. આવા વસ્તુસ્વભાવને, પરમ-અકષાય શાંતિભાવથી જે ધ્યાવે છે એને નિરંતર આલોચના, નિરંતર સંવર છે. એમ કે આ બે ઘડી સુધી પાંચ .. કરી, પચ્ચખાણ કરીને બેઠા એને સંવર છે એમ નથી આ. આ તો આત્મા ધ્રુવ આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ (તેમાં) વર્તમાન વીતરાગી પર્યાય દ્વારા એકાગ્ર થાય છે એને નિરંતર-નિરંતર સંવર છે. આનું નામ સંવર છે. આહા..હા..!

'**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૨૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' સમયસારનો આધાર આપે છે.

(आर्या)

'मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।'

'**શ્લોકાર્થ :- મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન કર્મ...**' આહા..હા..!

શુભ-અશુભભાવ એ મોહનો વિલાસ છે. એ '**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન...**' પુણ્ય અને પાપનો ભાવ. આહા..હા..! '**તે સમસ્તને આલોચીને...**' એટલે તેનાથી છૂટીને. આહા..હા..! '**(-તે સર્વ કર્મની આલોચના કરીને),...**' મુનિરાજ પોતે કહે છે અમૃતચંદ્રાચાર્ય. '**હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...**' શુભ અને અશુભ વિકલ્પો છે એ કર્મ વિકારી ભાવ એનાથી રહિત. '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં...**' કેવો આત્મા છે? ત્યાં પણ કીધું હતું, ગુણ અને સ્વભાવિકગુણ પર્યાયસહિત કીધું હતું. અહીં કીધું કે ચૈતન્યસ્વરૂપ આત્મામાં. એ તો ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આહા..હા..! જાણકસ્વભાવ ચૈતન્ય પ્રકાશપુંજ, ચૈતન્યના પ્રકાશનો પુંજસ્વરૂપ તે આત્મા. આહા..હા..! એ આત્માની વ્યાખ્યા કરી.

એવા '**આત્મામાં આત્માથી જ...**' આત્મા એટલે કે નિર્મળ વીતરાગી પર્યાયથી. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ આત્મા, જ્ઞાયકસ્વરૂપ આત્મા. એ '**આત્મામાં આત્માથી...**' એટલે કે વીતરાગી અવસ્થાથી. એ આત્મા છે નિર્મળ પર્યાય. ધ્યાનમાં લેવા. એ નિર્મળ પર્યાય ધ્યાન છે, એનું ધ્યેય છે આત્મા આવો. આહા..હા..! સમજાણું કાંઈ? '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ)...**' રાગનો અંશ નહિ જેમાં. કેમકે ચૈતન્યસ્વરૂપ આત્મા તો ચૈતન્યની પરિણતિથી જ. સમજાણું કાંઈ? આવો માર્ગ લાગે લૂખ્ખો માણસને. પહેલુંવહેલું સાંભળતો હોય એને તો થાય આ શું કહે છે? બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ!

**શ્રોતા :-** ... આ બધું કરાવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરાવે છે? કોણ કરે? રામજીભાઈ ત્યાં કહેતા હતા. ત્યાં ધ્યાન રાખતા હતા. રામજીભાઈએ કરાવ્યું છે આ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. રામજીભાઈ ત્યાં ધ્યાન બેસતા હતા. ત્યાંથી નીકળીને બોલાવે બધાને. શું કહ્યું? એઈ..! કોણ કરાવે? કરે કોણ? કરાવે કોણ? આહા..હા..! એ તો રજકણોની, પુદ્ગલની પરમાણુની પર્યાય પરિવર્તન કરતાં-કરતાં પરિવર્તનને આ રીતે પામે ત્યારે એ થાય. એ આત્માથી ન થાય. આહા..હા..! ત્યારે અમારે આ બે શેઠિયાઓને એમ થઈ ગયું છેને. ગોદીકાને એમ કે આવું તૈયાર થઈ ગયું તો હવે લોકો બેક આવે છે ઝાઝા. જોવે તો ખરા, એમ. પ્રતિષ્ઠા વખતે હજી આવું નહોતું તૈયાર એમ. વાત સાચી. ત્યારે આવું કાંઈ નહોતું. આ ભગવાન ને... પરમ આગમ જોવે એમ કે ઝાઝા માણસ ભેગા થાય તો. તો બહાર આવે. એનો વિકલ્પ છે એ આ જાતનો છે. થાય ન થાય એ જુદી વાત છે. દાદરવાળા બધું તૈયાર કરીને બેઠા છે. .. લ્યો, આ ભાઈ બેઠા છે જુઓ. એ કહેતા હતા કે બધી તૈયારી (થઈ ગઈ છે). ત્યાં ચારેય મંડળ. મંડળ કહેવાયને શું કહેવાય એ? ચારેય દેરાસરના મંડળ-મંડળ. ચાર દેરાસર છેને ત્યાં આપણા? ચારેય મંડળના બધા ભેગા થઈને બધું કેમ કરવું ફલાણું, ઢીંકણું એ બધું નક્કી કરતા હતા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ તો વાત ઈ કે એ માને છે. આ તો એટલી વાત. પરાણે એને એમ કીધું ... એ વાત મેં તો કીધી હતી. આપણાથી હા ન પડાય. બાકી બધા ભલે રાડું પાડે અને તાડું પાડે એય..! એ તો એ લોકો એમ સહમતિ આપે કે ભલે અમારે પોર રાખવું હતું. આ બધા ભેગા થઈને કરે છે. થાય છે. મારાથી એમ ન કહેવાય. મેં તો .. આ હમણા ત્રણ દિ' પહેલા કહી ગયા હતા. ત્યાં હતા ખરી વ્યાખ્યાનમાં. આ તો બે મહિનાથી ચાલે છે, બે-ત્રણ મહિનાથી ચાલે છે. એ તો થવા કાળે હશે ત્યારે થાશે, એમાં કાંઈ કોઈનું નહિ ચાલે. આહા..હા..!

અહીં કહે છે **'આત્મામાં આત્માથી જ...'** આહા..હા..! દ્રવ્યથી દ્રવ્યથી? પર્યાયથી... આત્માને આવા આત્મામાં. છેને? આહા..હા..! **'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** એની વ્યાખ્યા કરી. ઓલામાં એમ હતું કે સ્વભાવગુણપર્યાયથી સંયુક્ત પરમાત્મા, અહીં ચૈતન્યસ્વરૂપ આત્મા (કહ્યું). એકલો જાણકસ્વભાવ, જાણકસ્વભાવ. જાણકસ્વભાવનું સત્ત્વ એવું જે આત્મતત્ત્વ. આહા..હા..! જેમાં કોઈ દયા, દાનના વિકલ્પ પણ છે નહિ. અરે! એમાં તો આ આત્મામાં છે એમાં તો પર્યાય પણ નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા.. આહા..હા..! સમજાણું કાંઈ? **'આત્માથી જ...'** મુનિરાજ કહે છે કે હું **'આત્મામાં આત્માથી જ...'** એટલે નિર્મળ વીતરાગી પર્યાયથી ' **નિરંતર વર્તું છું.'** આહા..હા..! પોતાની દશાને પ્રસિદ્ધ કરે છે. આહા..હા..! ચારિત્રવંત છેને? વીતરાગદશા છે ચારિત્ર એટલે. તો કહે છે કે વીતરાગદશા દ્વારા આ આત્મામાં હું નિરંતર વર્તું છું. વ્યવહારના વિકલ્પો જે છે એમાં હું વર્તતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિરંતર...'** છેને? **'नित्यमात्मना वर्ते।'** **'नित्य'** શબ્દ પડ્યો છે. **'आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।'** ઓહો..હો..! **'निष्कर्मणि'** રાગરૂપી કાર્ય વિના વીતરાગી કાર્યથી હું એમાં વર્તું છું. આહા..હા..! એવો માર્ગ છે. સમ્યગ્દર્શનમાં પણ આત્મા ચૈતન્યસ્વરૂપ એની દૃષ્ટિનો પ્રસાર ત્યાં થતાં એ દૃષ્ટિમાં આખો આત્મા પ્રતીત થાય છે તો એ પર્યાય સમકિતની આત્મામાં વર્તે છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય દ્રવ્યમાં વર્તે છે તો ત્યાં પ્રમાણ આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણ ક્યાંથી આવ્યું ત્યાં? અહીં તો હજી પર્યાય દ્રવ્યને વળગે છે એ નિશ્ચય થયું. એ નિશ્ચય જ્ઞાન થયું, પછી પર્યાયનું જ્ઞાન કરવા જાય.. આ તો દ્રવ્યનું જ્ઞાન થયું, પર્યાયથી દ્રવ્યનું જ્ઞાન થયું, પણ પર્યાયનું પર્યાયથી જ્ઞાન કરે ત્યારે વ્યવહારજ્ઞાન થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયનયનો વિષય તો ધ્રુવ છે. પર્યાયનો પણ એમાં તો નિષેધ છે, પણ એ પર્યાયનો નિષેધ છે એ પર્યાય અંતરમાં વળે છે. આહા..હા..! ત્યારે એને નિશ્ચય દૃષ્ટિનો, વસ્તુનો અનુભવ થાય છે; પણ જ્યારે પર્યાય છે તેને જોવા જાય છે ત્યારે પર્યાયનું જ્ઞાન થાય છે. આહા..હા..! રાગાદિ બાકી છે. પર્યાય શુદ્ધ થોડી

છે. એને જાણેલો પ્રયોજનવાન વ્યવહારનય. આહા..હા..! બારમી ગાથા. આહા..હા..!

શેઠિયાનું એ જ છેને આખું? શેઠિયાનું આવ્યું છે આજ કે 'નિહાલભાઈને લઈને બેહાલ થઈ ગયા તમે, (ગુરુદેવશ્રી) એને બિચારાને એમ બેસે (એટલે) એમ કહેને.' નહિતર તમે તો એમ કહેતા કે સમ્યગ્દૃષ્ટિને રાગની ઉત્પત્તિ હોય જ નહિ. .. દોષને ટાળે, હોય એને ટાળે. પણ ઉત્પત્તિ ન હોય એ કઈ અપેક્ષાએ? એ તો સ્વભાવ અને સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. એની અપેક્ષાએ વાત છે. પણ પાછું જ્ઞાન જોડે થાય ઈ? એ પર્યાયને કણે કણને જોવે છે. રાગ છે, દ્વેષ છે, દુઃખ છે, કલુષિત છે, કષાય છે. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો ભાવ છે. નથી? ટાળે છે. શું ટાળે છે? અંશે અંશે ... ત્રણ કષાય છે કે નહિ? આખી મોટી આઠ પાંચ શેરીની ભૂલ છે. આહા..હા..! રાતે કાગળ આવ્યો હતો કે તમે માનો છો એના કરતા પણ મારામાં દોષ વધારે છે. વળી ફેર આવ્યો એના બનેવીનો. એનો પોતાનો .. કહેવાનો અર્થ ઈ. આહા..હા..! એમ કે આ વાંચે અહીંના લખાણ અને એમાંથી આવું કાઢે. ભેદવિજ્ઞાનનું છેને અહીંનું, વ્યાખ્યાન થયું ત્યારે દૃષ્ટિના વિષયની અપેક્ષાએ તો ત્યાં એ જ આવે.

નિર્વિકલ્પ દૃષ્ટિ છે અને એનો વિષય નિર્વિકલ્પ છે. એમાં પર્યાય એનો વિષય આવે જ નહિ; અને એ દૃષ્ટિ નિર્વિકલ્પ છે, એનો વિષય નિર્વિકલ્પ છે એનું પરિણમન તદ્દન શુદ્ધ જ હોય છે. કારણ કે સ્વભાવ એવો કોઈ નથી કે વિકારરૂપે થાય. માટે એ અપેક્ષાએ એને શુદ્ધ પરિણમન છે એમ કહે, પણ સાથે જ્યારે જ્ઞાન થાય છે એ જ્ઞાન સાથે 'ત્રણ કષાયનો જે રાગ છે એ મારામાં છે, એનો હું કર્તા છું અને એનો હું ભોક્તા છું' એમ જ્ઞાની જાણે છે. એય..! આહા..હા..! મેં કીધું, કાંઈક ફર્યા હશે. ત્યાં તો આવ્યું પાછું. એ અમારે પંડિતજીને વંચાવ્યું તો કહે એનું એ છે. એનું એ જ છે, જરીએ ફેર નથી. પહેલો દોષ જુઓ, દોષ જુઓ એમ કહેતા અહીં. હવે કહે છે દોષ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા** :- પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું થાય? બાપુ! માર્ગ જેમ હશે એમ રહેશે ભાઈ! આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને મુનિ ચારિત્રવંતને પણ હજી કષાય વર્તે છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય નથી કહેતા ત્રીજા શ્લોકમાં? કલ્માષિતાયાં. ત્રીજો શ્લોક ત્રીજો. મને હજી છઠ્ઠે ગુણસ્થાને સમકિતસહિત અને અપ્રતિહત સમકિત, અમારું મિથ્યાત્વ ગયું એ ફરીને થવાનું નથી... આહા..હા..! એ જીવ એમ કહે છે કે અમારામાં અનાદિની હજી કલુષિતતા વર્તે છે. હવે એને તો શુભભાવ છે. મુનિને તો અશુભભાવ (હોય નહિ). છતાં કહે છે, અરેરે! અમને કલુષિતતા વર્તે છે, મેલ વર્તે છે, દુઃખ વર્તે છે, કષાય વર્તે છે. આહા..હા..! એ અમે આ સ્વરૂપની દૃષ્ટિના ઘુંટણમાં અમે જે આ ટીકા કરીએ છીએ તો એ અશુદ્ધતાનો નાશ થઈ (જાઓ). આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. બહુ આકરું કામ જગતને. અનેકાંત માર્ગ જે સ્વરૂપે છે એ

રીતે બેસવો અંતર (બહુ દુર્લભ છે).

'**નિરંતર વર્તું છું.**' એ પર્યાય થઈ. ચૈતન્યસ્વરૂપ આત્મા એ આત્માથી એટલે વીતરાગી પર્યાયથી. આ પુણ્ય-પાપ એ આત્મા નહિ એ તો અણાત્મા છે. એનાથી નહિ, પણ વીતરાગી પર્યાયથી નિરંતર આત્મામાં સતત વર્તું છું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**વળી, ઉપાસકાધ્યયનમાં (શ્રી સંમતભદ્રસ્વામીકૃત રત્નકરંડશ્રાવકાચારમાં ૧૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**'

(आर्या)

'आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम्।
आरोपयेन्महाव्रतमामरणस्थायि निःशेषम्।।'

'**શ્લોકાર્થ :- કરેલા, કરાવેલા અને અનુમોદેલા સર્વ પાપને...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. આહા..હા..! '**કપટરહિતપણે આલોચીને,...**' સ્વભાવને જોતા તેને પણ જોયું કે આ નથી, એ મારા સ્વરૂપમાં નથી. એમ '**કપટરહિતપણે આલોચીને,...**' સરળપણે જોઈને. આહા..હા..! '**મરણપર્યંત રહેનારું,...**' ચારિત્ર તો મરણપર્યંત હોય છેને? પછી ક્યાં હોય છે? સ્વર્ગમાં. દેહ છૂટે સ્વર્ગમાં રહેતું નથી. આહા..હા..! '**મરણપર્યંત રહેનારું, નિઃશેષ (-પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.**' આહા..હા..! મરણ સુધી રહે એવું ચારિત્ર ધારણ કરવું. સમજાણું કાંઈ? આહા..હા..! એક વચન છેને મહાવ્રત ધારણ કરવું. પંચમહાવ્રત એમ શબ્દ નથી અહીંયાં. એ વસ્તુની સ્થિરતારૂપ ધારણ કરવું એમ કહે છે. મરણ સુધી, દેહ છૂટે ત્યાં સુધી. આહા..હા..! એ આનંદને ગ્રહણ કરીને સ્થિરતા મરણ સુધી કરવી. આહા..હા..!

'**વળી, (આ ૧૦૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**'

आलोच्यालोच्य नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं
शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे।
पश्चादुच्चैः प्रकृतिमखिलां द्रव्यकर्मस्वरूपां
नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं व्रजामि।।१५२।।

'**શ્લોકાર્થ :- ઘોર સંસારના મૂળ એવાં સુકૃત અને દુષ્કૃતને...**' આહા..હા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ એ ઘોર સંસારનું મૂળ છે. અને અશુભભાવ આ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કમાવું, વ્યાજ ઉપજાવવું આદિનો ભાવ એ બધો અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. આહા..હા..! એ સંસાર જ છે એમ કહે છે. '**ઘોર સંસારના મૂળ એવાં...**' લ્યો! સંસારના મૂળિયા એ છે. આહા..હા..! '**સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને...**' એટલે તેનાથી ખસીને. આહા..હા..! '**હું નિરૂપાધિક...**' ગુણવાળા શુદ્ધાત્માને. આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? નિરૂપાધિક સ્વભાવિક ગુણવાળો.

સહજ સ્વભાવ આનંદ જ્ઞાન આદિ નિરૂપાધિક સ્વભાવિક ગુણવાળો ભગવાન આત્મા એવા **'શુદ્ધ આત્માને...'** આહા..હા..! **'આત્માથી જ...'** નિર્મળ પર્યાયથી **'અવલંબું છું.'** એમાં અવલંબન આવ્યું હતું. એમ કે જુઓ, અવલંબન આનું હોય. પણ અવલંબન દ્રવ્યનું અવલંબન છે તો પર્યાયમાં દોષ ક્યાં ગરી ગયો? નિર્મળ પર્યાયને અવલંબન દ્રવ્યનું છે. આહા..હા..! પણ જેટલો દોષ બાકી છે એ પરનું એને લક્ષ છે, એને અવલંબન આનું નથી. પૂર્ણ જો અવલંબન થઈ ગયું હોય તો કેવળ થઈ જાય. જેટલું દ્રવ્યનું દૃષ્ટિ કે સ્થિરતાથી દ્રવ્યનું અવલંબન લીધું એટલી નિર્દોષતા છે. જેટલું અવલંબન પૂરું નથી ત્યારે આમ પર ઉપર લક્ષ જાય છે આને. છઠ્ઠા ગુણસ્થાનવાળાને પણ જાય છે શુભભાવ એને પણ સંસાર કીધો છે. આહા..હા..! કહો, એ ભાવ જગતપંથ છે એ. સમયસારમાં છે, સમયસાર નાટક. જગતપંથ છે એ. ઓહો..હો..! ચૈતન્યસ્વરૂપનું ભાન અને સ્થિરતા મુનિને છે. એને પણ આવો એક વિકલ્પ ઉઠે પંચમહાવ્રતનો વ્યવહાર કે દયા, દાન, ભક્તિનો રાગ એ સંસાર તરફ જુક્યો છે. આવો માર્ગ છે. આહા..હા..! અરે! ચોર્યાશીના અવતારમાં દુઃખી થાય છે, દુઃખી થાય છે. આહા..હા..! દેવમાં ... દેવ છે એનું આયુષ્ય મોટું હોય અને ઈન્દ્રાણીનું-દેવીનું આયુષ્ય નાનું હોય. એટલે એને કેટલીય મરી જાય અને કેટલીય નવી આવે. મરી જાય એનો શોક થાય. હાય.. હાય.. અસંખ્ય અબજ વર્ષ સુધી આની સાથે રહ્યા અને આ તો મરી ગઈ. દેવ પણ દુઃખી થાય છે. સમજાણું કાંઈ? અને એનું આયુષ્ય શક્રેન્દ્ર બે સાગરનું આયુષ્ય અને દેવીનું બહુ તો નાનું આયુષ્ય છે ૫૫ (પલ્ય) જેટલું. પલ્યને? પણ આ તો ૫૫ કીધું. ... એને ૫૫. ઝાઝામાં ઝાઝી આયુષ્યની .. હોય છે એને ૫૫ હોય છે. આહા..હા..! પણ એ દેવી ભલે એનામાં હોય, પણ એની ક્યાં છે ઈ? આહા..હા..!

અહીં તો બીજી વાત કહેવી છે. એટલી સ્થિતિમાં એને અસંખ્ય અબજ વર્ષ રહેવું છે. એવી તો કંઈક દેવીયું આવે ને મરીને જાય. એક ભવમાં હોં! આહા..હા..! એની ખાસ દેવી જે હોય... સાંભળો, સાંભળો. હવે તમને કાંઈ ખબર નથી. સમજાય છે કાંઈ? એનું આયુષ્ય ભલે થોડું હોય પણ છે થોડુંને. એક સાગરના અસંખ્યમે ભાગે. એક સાગરમાં તો દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. આહા..હા..! દસ ક્રોડાક્રોડી પલ્યોપમ! એવી તો દેવીઓ ઘણી જાય મરે ને આવે. આહા..હા..! પોતે ટકી રહે. દેવી જાય એ એને દુઃખે. દુઃખ થાય અને આર્તધ્યાન થાય. આહા..હા..! ત્યાં પણ દુઃખ છે એમ કહે છે. દેવલોકમાં પણ દુઃખ છે. સમકિતી હોય એને પણ એટલો રાગ હોય ત્યાં દુઃખ છે એટલું. ત્રણ કષાય છે કે નહિ? આહા..! એ દુઃખ છે, કષાય છે. આહા..હા..!

**'નિરૂપાધિક ગુણવાળા શુદ્ધ આત્માને...'** આહા..હા..! **'આત્માથી જ અવલંબુ છું.'** ભાષા દેખો, નિર્મળ વીતરાગી પર્યાયથી આત્માને અવલંબુ છું. આહા..હા..! નિર્મળ પર્યાયનું અવલંબન આત્મા છે. અશુદ્ધ પર્યાયનું અવલંબન પર છે. લક્ષ પર ઉપર જાય છે.

આહા..હા..! '**અવલંબુ છું. પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને...**' પછી ક્રમે-ક્રમે દ્રવ્યકર્મસ્વરૂપ પ્રકૃતિને '**અત્યંત નાશ પમાડીને...**' આહા..હા..! હું સ્વદ્રવ્યને અવલંબુ છું. મારી પરિણતિ દ્વારા સ્વદ્રવ્યને અવલંબું છું. તો ક્રમે-ક્રમે દ્રવ્યકર્મનો નાશ થતાં અત્યંત નાશ પમાડીને '**સહજ વિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ.**' આહા..હા..! પૂર્ણની વાત છે હોં. આહા..હા..! '**સહજ વિલસતી જ્ઞાનલક્ષ્મી...**' પૂર્ણ કેવળજ્ઞાનની સ્વભાવિક જ્ઞાનલક્ષ્મીને હું પામીશ. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, મારો પ્રભુ મારા અવલંબનમાં મને આવ્યો છે એથી ક્રમે-ક્રમે કરીને કર્મની પ્રકૃતિનો અત્યંત નાશ થશે અને નાશ થઈને સ્વરૂપની લક્ષ્મીને હું પામીશ. આહા..હા..! લ્યો, શેઠ આ લક્ષ્મી. ધૂળની નહિ કીધી.

**શ્રોતા :-** બે પ્રકારની લક્ષ્મી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. પ્રકારની લક્ષ્મી. આહા..હા..! આ લક્ષ્મી તે લક્ષ્મી. એ લક્ષ્મી તો હેરાન કરનાર છે. આહા..હા..! આ લક્ષ્મી આનંદદાયક છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! બિહારમાં જુઓને એક હતોને કરોડપતિ. કરોડપતિ એક દિ' ઘોડાગાડીમાં બેસીને ફરવા નીકળ્યો હતો બહાર. આઠ હજારની ઘડિયાળ કે એવું કાંઈક રહી ગયેલું. જ્યાં પાછા આવ્યા ત્યાં ઘર અને મકાનને બધું દટાઈ ગયું. ધરતીકંપ થયો. બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસો બધું.

**શ્રોતા :-** એ તો કો'કને (થાય).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું અનંતવાર દરેક જીવને થઈ ગયું છે. પાછો આવ્યો ત્યાં થઈ રહ્યું હાય.. હાય...! એ ત્યાં આવ્યો હતો જામનગરમાં. બધું ગયુંને પછી જામનગરમાં એક છેને? બધાને .. મંદિર. .. મંદિર. એ બધાને પગે લાગે. કૂતરાને, ગધેડાને બધાને પગે લાગે. શું નામ એનું? પ્રણામ.. પ્રણામ-પ્રણામ બધાને પગે લાગે. એમાં એક માણસ ત્યાં આવ્યો હતો. તો હવે એક કુદરતે ભાષણ કરતાં-કરતાં અહીં મરી ગયો. જામનગરમાં. વસ્તુ ગઈ, શરીર ગયું, થઈ રહ્યું જાવ રખડો હવે. આહા..હા..! એ ચીજ ક્યાં એની હતી? એનામાં હતી? આહા..!

આ તો આત્મલક્ષ્મીને હું જરૂર પામીશ. આહા..હા..! મારા ભગવાન આત્માનું મને અવલંબન છે. મારી વર્તમાન પર્યાયને એનું અવલંબન છે. આહા..હા..! અને એ પર્યાય દ્વારા એને હું જોઉં છું. એને જોતા-જોતા સ્થિર થતાં કર્મની પ્રકૃતિ અત્યંત નાશ પામશે અને લક્ષ્મી અંતર જ્ઞાનાનંદની લક્ષ્મી મને પર્યાયમાં પ્રાપ્ત થશે. આહા..હા..! કર્મનો નાશ, લક્ષ્મીની પ્રાપ્તિ ધ્રુવપણે કાયમ રહેશે. આહા..હા..! આ વસ્તુ છે. '**સહજવિલસતી...**' સ્વભાવિક આનંદ આપતી '**જ્ઞાનલક્ષ્મીને હું પામીશ.**' આહા..હા..! વિલાસ પામીશ. જ્ઞાનલક્ષ્મીના વિલાસની હું મોજ પામીશ. આહા..હા..! એ ૧૦૭ થઈ. ૧૦૮.

आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य।
चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए।।१०८।।

આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,
—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.

ચાર ભેદ પાડ્યા ચાર.

'**ટીકા :- આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.**' ટીકા. આલોચનાના ભેદનું કથન (એટલે) કેટલા પ્રકારની આલોચના (છે તેનું કથન છે). '**ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો,...**' દિવ્યધ્વનિ. સર્વજ્ઞ અર્હંતના મુખારવિંદથી નીકળેલો '(**શ્રવણ માટે આવેલ)...**' આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિ શ્રવણ માટે આવી. '**સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો,...**' આહા..હા..! સકળ જનતાને સાંભળવાનું ભાગ્ય મળે એવો, સૌભાગ્ય મળે એવો. આહા..હા..! ભગવાન સાક્ષાત્ ત્રિલોકનાથ એની દિવ્યધ્વનિ ૐ ધ્વનિ. બધા ભાવ અને અર્થથી ભરેલી એવી દિવ્યધ્વનિનું શ્રવણ મળે એ '**સૌભાગ્ય મળે એવો,...**' દેખો, દિવ્યધ્વનિનું સાંભળવાનું જેને સૌભાગ્ય હોય એને એ મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો),...** ' આહા..હા..! એટલે કે વીતરાગની વાણીમાં આનંદપણું પ્રગટ થાય તે વાણીમાં આવે છે. અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય. જે શક્તિરૂપે છે, સ્વભાવરૂપે એને આનંદનું ઝરણું વહે પર્યાયમાં એવી ભગવાનની વાણી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ તો અનંતવાર સાંભળવા ગયો પણ એ ન લીધા અહીં. એવા આત્મા લીધા કે જેને આનંદ આવે એવા સૌભાગ્ય જીવો એને સાંભળવાને મળે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ ૩૪ અતિશય સહિત એવા પરમેશ્વરના મુખારવંદિથી નીકળેલી વાણી, એના શ્રવણનું સૌભાગ્ય મળે એવી. આહા..હા..! '**અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...**' અક્ષર ન હોય ત્યાં આવો. અનક્ષરાત્મક ૐ ધ્વનિ. ૐ એ અનક્ષર છે. એવી વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને ઇચ્છા વિના ધ્વનિ અંદર અવાજ ઉઠે.

'**તેના પરિજ્ઞાનમાં કુશળ...**' આહા..હા..! તેના સમસ્ત પ્રકારે વાસ્તવિક શું છે તેના જ્ઞાનમાં ડાહ્યા ગણધર. આહા..હા..! બહુ શબ્દો ઓહો..હો..! '**તેના પરિજ્ઞાનમાં...**' જે અનક્ષરાત્મક વાણી જેમાં અતીન્દ્રિય આનંદનું જ ઝરણું વહે એવી વાણી છે. સાંભળનારને અતીન્દ્રિય આનંદનું જ ઝરણું આવે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '(**સુંદર-આનંદઝરતો),...**' છે? સુંદર આનંદ ઝરતો ... વાણી સાંભળી એનું તેને સૌભાગ્ય છે. એને વાણીના સાંભળવા કાળે એના અતીન્દ્રિય આનંદ ઉપર દૃષ્ટિ જતાં એને અતીન્દ્રિય આનંદ પર્યાયમાં પ્રાપ્ત થાય એને અહીંયાં વાણી કહેવામાં આવે છે. આહા..હા..! નિત્યબોધક આવ્યું છેને પ્રવચનસારમાં? નિત્યબોધક કોણ? કે શાસ્ત્ર. અને આ? શું શબ્દ હતો? તત્કાળબોધક. ત્યાં તત્કાળબોધક છે. તરત જ્ઞાનમાં આવે અંદર એકદમ તે ક્ષણે. આહા..હા..! તત્કાળબોધક

અને ઓલો નિત્યબોધક સૂત્ર. સૂત્રનું વાંચન આદિ ... કાયમ જ્યારે સૂત્ર વાંચે ... અને આ તો તત્કાળબોધક છે. આહા..હા..! એમ આ દિવ્યધ્વનિ તો આનંદની દાયક છે, કહે છે. એ કોને? જે એને લાયક છે તે સાંભળે છે એને. સમજાણું કાંઈ?

એવા '**દિવ્યધ્વનિ, તેના પરિજ્ઞાનમાં કુશળ ચતુર્થજ્ઞાનધર...**' ચાર જ્ઞાનના ધરનારા. ગણધર-ગણધર. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એને ધરનારા ચાર જ્ઞાનધારી '**ગૌતમમહર્ષિ...**' ગૌતમમહર્ષિ સંત મુનિ આહા..હા..! તેના '**મુખકમળથી નીકળેલી...**' દેખો, ભગવાનના અર્હંતના મુખારવિંદ અને '**મુખકમળથી નીકળેલી જે ચતુર વચનરચના,...**' ગણધરની રચના શાસ્ત્રની ચતુર વચનરચના. આહા..હા..! '**તેના ગર્ભમાં રહેલાં...**' તેના પેટામાં રહેલા '**રાદ્ધાંતાદિ (સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોનો...**' સિદ્ધાંત તત્ત્વ. સમસ્ત શાસ્ત્રોના અર્થનો સાર. '**સર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે.**' એમાં ચાર ભેદ કહેલા છે. આવા શાસ્ત્રમાં આલોચનાના ચાર ભેદ કહ્યા છે, એમ કહે છે. આહા..હા..! ભગવાનના મુખથી નીકળેલી ધ્વનિ તેના જ્ઞાનમાં કુશળ ચાર જ્ઞાનના ધણી એની જે ચતુર વચનરચના મુખકમળથી નીકળે એ. તેના ગર્ભમાં રહેલા, એના પેટામાં રહેલા. '**(સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે.**' લ્યો! આહા..હા..! '**તે ભેદો હવે પછી કહેવામાં આવતાં ચાર સૂત્રોમાં કહેવાશે.**' માથે છેને અન્વયાર્થમાં એનો અર્થ કર્યો છે નીચે. '**આલુંછન = (દોષોનું) આલુંચન.**' અવિકૃતિકરણ અને ભાવશુદ્ધિ. છે? અન્વયાર્થમાં છે. આ ચાર ભેદ એનો અર્થ કર્યો છે નીચે. સૂત્રો આવશે. પણ આ તો અહીં આવશે.

'**પોતે પોતાના દોષો સૂક્ષ્મતાથી જોઈ જવા...**' એ આલોચના. આહા..હા..! '**ગુરુ પાસે પોતાના દોષોનું નિવેદન કરવું તે વ્યવહાર-આલોચન છે.**' એ વ્યવહાર-આલોચન. વિકલ્પ છેને. '**નિશ્ચય-આલોચનાનું સ્વરૂપ ૧૦૯મી ગાથામાં કહેવામાં આવશે.**' લ્યો! નિશ્ચય-આલોચનાનું સ્વરૂપ ૧૦૯મી ગાથામાં કહેવામાં આવશે. '**આલુંછન = (દોષોનું) આલુંચન અર્થાત્ ઉખેડી નાખવું તે.**' આલુંછન-દોષને મૂળમાંથી ઉખેડી નાખવો. આહા..હા..! એનું નામ આલુંચન એની વ્યાખ્યા આવશે. '**અવિકૃતિકરણ = વિકારરહિતતા કરવી તે.**' આત્માની દશાને વિકારરહિત કરવી તે અવિકૃતિકરણ. એ આવશે. '**ભાવશુદ્ધિ = ભાવોને શુદ્ધ કરવા તે.**' નિર્મળ શુદ્ધભાવને કરવા એ પણ એક આલોચના. આહા..હા..!

'**(હવે, આ ૧૦૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' લ્યો.

(इंद्रवज्रा)

आलोचनाभेदममुं विदित्वा
मुक्त्यंगनासंगमहेतुभूतम्।

स्वात्मस्थितिं याति हि भव्यजीवः
तस्मै नमः स्वात्मनि निष्ठिताय।।१५३।।

'**શ્લોકાર્થ :- મુક્તિરૂપી સ્ત્રીના સંગમના હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને...**' આહા..હા..! આલોચના. સ્વરૂપને જોવું, જાણવું, આલોચવું, જોવું. એ કેવી છે આલોચના? કે '**મુક્તિરૂપી...**' પરમ શિવરમણી એના '**સંગમના હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને...**' આહા..હા..! જેને પરમ આનંદરૂપી શિવરમણી... આહા..હા..! મોક્ષરૂપી '**સ્ત્રીના સંગમના હેતુભૂત...**' તેના સંબંધનું કારણ એવી આલોચના એના ભેદોને જાણીને '**જે ભવ્યજીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે,...**' આહા..હા..! જે ભવ્યજીવ ખરેખર નિજ આત્મામાં. જુઓ, બીજાના આત્મામાં નહિ, પોતાના આત્મામાં. નિજ આત્મામાં '**જે ભવ્યજીવ ખરેખર નિજ આત્મામાં...**' આહા..હા..! '**સ્થિતિ પામે છે,...**' આનંદસ્વરૂપ નિજ આત્મામાં જે રમણતા પામે છે. એનું નામ આલોચના, એનું નામ સંવર અને એનું નામ ધર્મ. આહા..હા..! નિજ આત્મામાં સ્થિતિ ખરેખર જે જીવ, પણ ભવ્યજીવ હોં. ભવ્યજીવને હોય છેને, અભવ્યને હોતું નથી. આહા..હા..!

'**તે સ્વાત્મનિષ્ઠિતને (-તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને)...**' નિષ્ઠિત-લીન થયેલો. પૂર્ણ જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં એ નિષ્ઠિત એટલે લીન થયેલો. આહા..હા..! '**સ્વાત્મનિષ્ઠિત...**' સ્વ નામ પોતાના નિજાત્મામાં લીન ભવ્ય તે. સ્વાત્મ છેને? '**(-તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને) નમસ્કાર હો.**' આહા..હા..! મુનિરાજને પ્રમોદ આવ્યો છે. અહો..! જે આત્માના આનંદમાં લીન થયા છે. આનંદમાં આત્માનું આનંદ સ્વરૂપ છે ત્રિકાળી એમાં જે લીન થયા છે અતીન્દ્રિય આનંદની પર્યાયથી, તેને નમસ્કાર હો! એ સંવર દશા મોક્ષના માર્ગને મારો નમસ્કાર છે, એમ કહે છે. આહા..હા..! છેને? '**तस्मै नमः स्वात्मनि निष्ठिताय।**' નિષ્ઠિત સ્વ આત્મામાં લીન છે. નિષ્ઠિત બ્રહ્મચર્ય, નથી આવતું? નિષ્ઠિત બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન એમાં લીન થયા છે તે નિષ્ઠિત બ્રહ્મચારી છે. આહા..હા..! પોતે બ્રહ્માનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો દરિયો એ પોતે છે. એમાં જે પર્યાયથી ડૂબકી મારે છે અંદર... આહા..હા..! એ બ્રહ્મનિષ્ઠ છે. એ આત્મામાં નિષ્ઠ નામ લીન છે, એને બ્રહ્મચારી કહીએ. સમજાણું કાંઈ? કાયા વડે બ્રહ્મચર્ય પાળે આદિ એ તો શુભવિકલ્પ રાગ છે, શુભભાવ છે.

અહીં કીધુંને? આત્મામાં નિષ્ઠિત-નિષ્ઠિત. '**स्वात्मनि निष्ठिताय**' આહા..હા..! પોતાનો જે ભગવાન આત્મા સ્વ-આત્મા. ભગવાનનો આત્મા એ પર છે, ગુરુનો આત્મા પર છે, સિદ્ધનો આત્મા પણ પર છે. સ્વ આત્મામાં '**निष्ठिताय**' જે લીન થાય છે (તેમને) '**નમસ્કાર હો.**' આહા..હા..! મોક્ષમાર્ગની દશા એ મોક્ષના તાત્કાલિક કારણ એવો માર્ગ (તેને) નમસ્કાર હો. આહા..હા..! સમજાણું કાંઈ? એને અહીં નમે છે. ૧૦૯ કહેવાશે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૫, શનિવાર, તા. ૨૫-૧૦-૧૯૭૫
## ગાથા-૧૦૯, કળશ-૧૫૪ થી ૧૫૬, પ્રવચન નં. ૭૩

નિયમસાર, આલોચનાનો અધિકાર છે.

जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं।
आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं।।१०९।।

**સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,**
**તે જીવ છે આલોચના--જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.**

'ટીકા :- **અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી પરમસમતાભાવના કહેવામાં આવી છે.**' આલોચનાના સ્વીકારનો અર્થ જે ત્રિકાળ પરમાત્મસ્વરૂપ પોતે આત્મા છે એના તરફના વીતરાગભાવ દ્વારા જે આલોચનાનો સ્વીકાર કરે છે એને સમતાભાવ થાય છે, એ કહે છે. આ તો નિશ્ચયની વાત છેને. સૂક્ષ્મ છે. '**સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના...**' આલોચના છેને એટલે પરથી હઠે છે અને સ્વને દેખે છે. આલોચના છેને. રાગ ને વિકલ્પથી, પર્યાયથી હઠે છે અને ત્રિકાળ સ્વરૂપને દેખે છે. હઠે છે એ શું? વૈરાગ્ય કેવો એમ કહે છે. આહા..હા..! '**સહજવૈરાગ્યરૂપી...**' પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા એને જોવો છેને એને. કઈ પર્યાય દ્વારા જોવે એને? વીતરાગી પર્યાય દ્વારા. તો એને '**સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ-સમૂહના...**' સાગરના ફીણ એના સમૂહ '**શ્વેત શોભામંડળની...**' આહા..હા..! '**વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને...**' આહા..હા..! પર્યાયમાં વીતરાગપણાની વૃદ્ધિ કરીને. આહા..હા..! '**તેની ઉજ્જ્વળતા વધારનાર) જે જીવ સદા અંતર્મુખાકાર...**' ભગવાન આત્માનું સ્વરૂપ કેવું છે? સદા અંતર્મુખ આત્મા છે. અંતર વસ્તુ અંતર વસે છે. એને '**(-સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન નિજબોધના સ્થાનભૂત...**' આહા..હા..! અપૂર્વ નિરંજન નિજબોધ જે જ્ઞાન. સાચું અપૂર્વ નિજબોધનું જ્ઞાન તેના સ્થાનભૂત એ '**કારણપરમાત્માને...**' આહા..હા..! કેટલા શબ્દ વાપરે છે!

ત્રિકાળી ભગવાન કારણપરમાત્મા એને '**નિરવશેષપણે...**' કાંઈ પણ બહારના ભાગને સર્વથા છોડીને '**અંતર્મુખ નિજસ્વભાવનિરત...**' અંતર્મુખ નિજસ્વભાવથી ઉત્પન્ન '**સહજ-અવલોકન વડે...**' આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ કારણ આનંદસ્વરૂપ પ્રભુ દેહના રજકણોથી તો જુદો છે. આ તો માટી છે. કર્મથી જુદો અને પુણ્ય-પાપના વિકલ્પથી જુદો. વૈરાગ્ય લેવો છેને. એનાથી ભિન્ન પડેલો. આહા..હા..! એવા '**નિજસ્વભાવનિરત સહજ-અવલોકન વડે...**'

એની વીતરાગી પર્યાય સહજ છે એ દ્વારા આત્માને અવલોકે છે. આહા..હા..! છે? **'કારણપરમાત્માને...'** નિજબોધનું સ્થાન તો એ છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું સ્થાન તો ભગવાન કારણપરમાત્મા છે. નિજ નામ પોતાનો આત્મા એનો જે બોધ-જ્ઞાન એનું એ સ્થાન છે. આહા..હા..! જ્ઞાન તે કાંઈ શાસ્ત્રથી કે પરથી આવતું નથી. આહા..હા..!

'**(અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજ સ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે નિરંતર દેખે છે—અનુભવે છે);...**' આહા..હા..! સંયોગી ચીજ નિમિત્ત, વિકલ્પ અને એક સમયની પર્યાયમાં વીતરાગી પર્યાય દ્વારા નિજ આત્માને અવલોકે-જોવે છે એને આલોચના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમતાનો પિંડ પ્રભુ અપ્પાણં આત્મા. વીતરાગમૂર્તિ આત્મા એને વીતરાગી પર્યાયે જે દેખે છે. સમજાણું કાંઈ? આહા..! આવો ધર્મ. જાદવજીભાઈ! ત્યાં સાંભળ્યો પણ નહોતો કલકત્તામાં.

**શ્રોતા :-** હતો જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતો નહિ? આહા..હા..! ઓળખો છોને આને. એના દીકરાનો દીકરો .. કલકત્તા. વ્યાખ્યાનમાં ... છે. ૧૮મું વર્ષ બેઠું. એના દીકરાનો દીકરો. હુંડીનો વેપાર. છોકરો ૧૮ વર્ષે.. વ્યાખ્યાન વાંચે છે ૨૦૦-૨૦૦ માણસમાં. સ્થાનકવાસી .. ઓહો..હો..! આ છોકરો ... સંસ્કારી છેને. .. પણ અહીંની રુચિ. આહા..હા..! ઘણા પૈસાવાળા છે. .. છોકરો કહે કે મારે લગન કરવા નથી. ધંધો કરવાનો... મારે આ ધંધો કરવો છે. આહા..હા..!

અહીં કહે છે કે આ આત્માને કેમ દેખવો? આલોચવો છેને શુભ. કેમ જોવો? કે વર્તમાનમાં રાગથી હઠી વીતરાગ પરિણામે પ્રગટ કરી, વીતરાગ પરિણામથી એ આત્માને જોવો. આહા..હા..! નિર્મળ પરિણામ, નિર્મળ પરિણતિનો એ વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલું કઠણ સમજવું પડે. ક્યાં ગયા ચીમનભાઈ? તમારા ચીમનભાઈ ક્યાં છે? ત્યાં બેઠા છે. કહો, સમજાણું કાંઈ? અહીં કહે છે કે આત્મા. આહા..હા..! સર્વ શબ્દ પડ્યો છે. '**जो अप्पाणं**' છેને? '**जो पस्सदि अप्पाणं**' ૧૪ અને ૧૫માં આવે છેને, ભાઈ! સમયસાર ૧૪ અને ૧૫ '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' એ તો વસ્તુ. પણ એ દેખનારી પર્યાય છે એ નિર્મળ પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

એને શુદ્ધનય કહીએ. અથવા '**जो पस्सदि अप्पाणं**' સામાન્ય ધ્રુવ, અભેદ એને જે પરિણામથી દેખે છે તે પરિણામ શુદ્ધોપયોગ છે, તે શુદ્ધોપયોગ તે જૈનશાસન છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે શુદ્ધોપયોગ. શુદ્ધોપયોગ દ્વારા જે આત્માને દેખે છે એમ કહે છે. આલોચના છેને? આહા..હા..! જોવું. કોને? આત્માને. કેમ? કઈ રીતે? કે વીતરાગ પરિણામથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં લીધું છેને ભાઈ! એમાં

કે ક્રોધ, માન, માયા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની પર્યાય એવી પર્યાયબુદ્ધિ તો અનાદિની છે. આમાં પણ આવ્યું છે આપણે. .. વિભાવ મતિજ્ઞાન વિભાવગુણ, વ્યંજનપર્યાય ... ત્યાં એમ લીધું છે કે અનાદિની પર્યાયબુદ્ધિ તો છે એની. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન રહે. પણ એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એવા ભેદની બુદ્ધિ તો અનાદિની છે. આહા..હા..! પણ મુખ્ય જે નિશ્ચય છે. ત્રિકાળ જ્ઞાયકભાવ જે છે એની તો કોઈ દિ' દૃષ્ટિ કરી નથી. સમજાણું? ત્યાં એમ લીધું છે. મુખ્ય તે નિશ્ચય લેવું. ૧૧મી ગાથાનો અર્થ કર્યો છેને ભાઈએ. એવો ક્યાં કર્યો છે? એ પણ જયચંદ્ર પંડિતનું છે. મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર. મુખ્ય જે ત્રિકાળી જ્ઞાયકભાવ .. આત્મા તેને નિશ્ચય કરીને પર્યાય છે. એને નથી એમ નહિ, પણ પ્રયોજન સિદ્ધ કરવા, પર્યાયને ગૌણ કરીને, અસત્યાર્થ કહીને સત્યાર્થ ત્રિકાળ વસ્તુ સત્યાર્થ છે, તેની દૃષ્ટિ કરવી, તેને જોવું, તેમાં ઠરવું. આહા..હા..! આવો માર્ગ!

એવું '**જે નિજસ્વભાવમાં લીન...**' છે? નીચે છે. એમાં આવ્યું. '**(અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજસ્વભાવમાં લીન સહજ-અવલોકન વડે...**' તેના વડે નિરંતર અનુભવે છે. આહા..હા..! બાહ્યથી ઉપયોગને ખસેડી અને ઉપયોગને અંતર્મુખ વાળે છે તે ઉપયોગ સમભાવ વીતરાગી પરિણામ છે. નિર્મળ પરિણતિ છે ઈ. એ વડે ભગવાન આત્માને જોવે છે, એમ કહે છે. આહા..હા..! '**શું કરીને દેખે છે?**' દેખે છે એટલું આવ્યુંને? પાઠમાં છેને. '**समभावे संठवित्तु परिणामं**।' એ તો એટલું આવ્યું. '**पस्सदि अप्पाणं**' આને જોવે છે. નિજપરિણામ દ્વારા. હવે, કઈ રીતે જોવે છે એનો ખુલાસો કરે છે. આહા..હા..!

'**પહેલાં નિજપરિણામને સમતાવલંબી કરીને,...**' ત્યાં એમ કહ્યું '**અંતર્મુખ એવું જે નિજસ્વભાવમાં લીન સહજ અવલોકન વડે નિરંતર દેખે છે...**' એનો ખુલાસો સ્પષ્ટ કર્યો. ઓલો '**पस्सदि**' શબ્દ છેને? '**पस्सदि**'નો અર્થ કર્યો કે એવા નિજપરિણામ, વીતરાગપરિણામ દ્વારા દેખે છે. પછી '**समभावे संठवित्तु परिणामं**' બીજું પદ છે. '**પરિણામને સમતાવલંબી કરીને,...**' પરિણામમાં વીતરાગી ભાવ પ્રગટ કરીને. આહા..હા..! એ તો દ્રવ્યનો આશ્રય કરે ત્યારે વીતરાગી પરિણામ થાય અને વીતરાગી પરિણામ કરે તો એને દેખે. .. વાત. સમજાણું કાંઈ? વસ્તુ જે છે અખંડ આનંદકંદ પ્રભુ ધ્રુવ એનો આશ્રય કરે તો વીતરાગી પરિણામ થાય અને એ વીતરાગી પરિણામ એને દેખે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ઝીણું બહુ. માણસને પછી આ વ્યવહાર...

કાગળ આવ્યો હતો તમારે.. એય..! .. આ ઉપાદાન-નિમિત્તનો. ... એકાંત ઉપાદાન માને છે તે નહિ. એકલું નિમિત્ત જ માને એમ નહિ. નિમિત્ત અકિંચિત્ કારણ માને એ પરિણમનને માનતો નથી. એવું બધું આવે છે. પરિણમન બે મિનિટ .. ન થાય એમ આવે છેને. અહીં તો જોયુંને. અરે ભગવાન! એવો કાગળ છે બીડેલો. બપોરે એક કાગળ ભાઈનો

છે આ. ... ..ભાઈ .. નવરા ક્યાં છે. છોકરામાં ઘુંચાઈ ગયા છેને. પણ અહીં કાગળ આવ્યો છે. પછી કહેશું.

**'શું કરીને દેખે છે? પહેલાં નિજપરિણામને સમતાવલંબી કરીને,...'** આહા..હા..! નિજપરિણતિને વીતરાગી કરીને દેખે છે, એમ કહે છે. એટલે એનો અર્થ થયો કે પર્યાય પરતરફના વલણવાળી છે એને સ્વતરફ કરવી. એ તો સ્વતરફ કરવી ક્યારે થાય? કે સ્વદ્રવ્યનો આશ્રય કરે ત્યારે પણ તે પરિણામ તેને દેખે, એમ કહે છે. આહા..હા..! આવો વીતરાગ માર્ગ! સમજાણું કાંઈ? '**जो पस्सदि अप्पाणं**'ની વ્યાખ્યા કરી. નિમિત્ત પરિણામ જરી અંતર્મુખ .. દેખે છે. હવે કઈ રીતે? પરિણામને સંભાળ સ્થાપીને એમ કરીને. એ પરિણામ કેવા છે જે એને દેખે છે એ? એ વીતરાગી પરિણામ છે, એમ કહેવું છે. સમુચ્ચય વાત તો પહેલી કરી કે '**जो पस्सदि अप्पाणं**' નિજપરિણામથી આત્માને દેખે છે. એટલે અંતર્મુખ વસ્તુને અંતર્મુખ પરિણામ થતાં તે એને દેખે છે. હવે એ પરિણામ કેવા? કહો, ધીરૂભાઈ! આવી વાત છે. આહા..હા..!

અહીં એમ કહીને પછી પર્યાયને અંતર વાળી. કહીને વાળી. જે પર્યાય પ્રગટ છે એ તો પરતરફ વળેલી છે. હવે પર્યાય નથી એને કહેવું કે એમાં વાળવી. એનો અર્થ એ થયો કે જે દ્રવ્યનો આશ્રય થઈને પર્યાય થાય એ પર્યાય સમતા અવલંબીવાળી વીતરાગ પર્યાય છે. આહા..હા..! એને આશ્રયે થાય છે અને એ પરિણામ એને દેખે છે. કહો, દેવીલાલજી! આહા..હા..! આવું સ્વરૂપ દિગંબર સંતોએ પ્રસિદ્ધ કર્યું છે દાંડી પીટીને. દુનિયાને બેસે, ન બેસે એને ઘરે રહી. માર્ગ આ છે. આહા..હા..!

**શ્રોતા :-** એ કહે તો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બેસે. ન બેસે કેમ? એનો સ્વભાવ છેને!

ભગવાન આત્માનો સ્વભાવ '**अप्पाणं**' એને જોવું એ તો આલોચના છેને. એ જોવું કઈ રીતે? એમ કીધું કે '**નિરવશેષપણે અંતર્મુખ જ નિજ સ્વભાવનિરત સહજ અવલોકન વડે નિરંતર દેખે છે...**' હવે એ પરિણામ કીધા એ પરિણામ છે કેવા? આહા..હા..! સમજાણું કાંઈ? '**પહેલાં નિજપરિણામને સમતાવલંબી કરીને,...**' જોયું! આહા..હા..! એટલે કે પરિણામમાં વીતરાગતાપણે પ્રગટ કરીને, એટલે કે વીતરાગતાની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય અને આશ્રય છે એવી પર્યાય એને જોવે. આહા..હા..! સર્વથા એ પર્યાય દ્રવ્યને આશ્રયે અને એ પર્યાય એને દેખે એ તો એક જ સમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનેન્દ્ર આમ કહે છે. પાઠમાં છેને? જિનેન્દ્રનો આ ઉપદેશ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એની દિવ્યધ્વનિનો આ ઉપદેશ છે. આહા..હા..!

'**પહેલાં નિજપરિણામને સમતાવલંબી કરીને,...**' વીતરાગપણાની પર્યાયને પ્રગટ કરીને '**પરમસંયમીભૂતપણે રહીને દેખે છે;...**' આહા..હા..! વીતરાગ પરિણામમાં '**પરમસંયમીભૂતપણે**

**રહીને દેખે છે;...'** આ ત્રણ કષાયના અભાવરૂપ પરિણામથી આત્માને દેખે છે, એમ કહે છે. સંયમીભૂત છેને. આ તો આત્મા પડ્યો રહ્યો અને વાતું બધી બહારની એકલી. આ વ્રત પાળો, અપવાસ કરો, આ કરો ને તે કરો. એમાં ઘૂંચવણમાં ઘૂંચાઈ ગયો છે. આત્મા હાથ આવ્યો નહિ અને ધર્મ થયો નહિ. આહા..હા..! **'નિજપરિણામને સમતાવલંબી કરીને,...'** એટલે કે **'પરમસંયમીભૂતપણે રહીને દેખે છે;...'** એમ. આહા..હા..! **'તે જ આલોચનાનું સ્વરૂપ છે...'** નિજકારણપરમાત્માને... એ આવ્યું હતું ચોથી લીટી. **'કારણપરમાત્માને નિરવશેષપણે અંતર્મુખ નિજસ્વભાવનિરત સહજ-અવલોકન વડે નિરંતર દેખે છે...'** એ પરિણામ કેવા છે? કે **'પહેલાં નિજપરિણામને સમતાવલંબી કરીને,...'** આહા..હા..! એનો અર્થ કે દ્રવ્યના આશ્રયથી પરિણામ કરીને અને એ પરિણામ વીતરાગી થયા તેને તે આત્માને સમભાવભૂત. સમભાવે વીતરાગ પરિણામથી જોવું. આ. આહા..હા..! ...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... થાય નહિ. પરને લક્ષે તો અશુદ્ધતા થાય. આહા..હા..! એ બધી એકની એક વાત છે. ..ત્રિકાળ ભગવાન આત્મા ધ્રુવ... સમયે જે આસ્રવ કર્યો એ આસ્રવવાળી જે પર્યાય છે તે પર્યાયથી તેને દેખે છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? મણિભાઈ! આવી વાત છે. એ તો બધાને સમજાય એવી છે. આ તો ભગવાન આત્મા છે. આહા..હા..! જિનેશ્વરદેવે એમ કહ્યું છે.

**'તે જ આલોચનાનું સ્વરૂપ છે એમ, હે શિષ્ય! તું પરમજિનનાથના ઉપદેશ દ્વારા જાણ.'** આહા..હા..! પરમજિનેશ્વરદેવ પરમાત્મા એના ઉપદેશ દ્વારા જાણ. એના ઉપદેશમાં આ આવ્યું છે એમ જાણ. પરમજિનેશ્વર જિનેન્દ્રદેવ એના ઉપદેશમાં આ આવ્યું છે કે હે શિષ્ય! એના ઉપદેશમાં આ આવ્યું છે એમ હે શિષ્ય! તું જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યને એ નાખવું પડ્યું.

**શ્રોતા :-** જિનનાથનો આશ્રય લીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! **'परमजिणंदस्स उवएसं'** એ આવો ઉપદેશ પરમ જિનેન્દ્રદેવે કહ્યો છે. અમે આમ કહીએ છીએ એ તો એની ટીકા છે, પણ ભગવાને આવું કહ્યું છે. આહા..હા..! જેને કહે કે આ જિનેન્દ્ર છે એમ અમે માનીએ છીએ, અરિહંતને માનીએ, પણ કોણ માને? એને અરિહંતનો ઉપદેશ કેવો એની ખબર વિના શી રીતે માને ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ધીરાના કામ છે, ભાઈ! અંદર ઠરવું એ ધીરાનું કામ છે.

**શ્રોતા :-** ધીરાનો અર્થ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધીરો-ધીરો .. સ્થાન. .. લીધું હતુંને? નિભૃત નામ ચિંતાગ્રસ્ત

હોય તેનું અહીં કામ નથી. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ! ઓહો..હો..!

ટીકા પણ કેવી કરી છે જુઓને! પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. એ ... છે. છે ખરુંને? 'जाणह' છેને? 'जाणह' શબ્દ પડ્યો છેને ત્રીજા પદમાં? 'आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं।' પરમજિનેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એના ઉપદેશમાં આમ આવ્યું છે તેમ તું જાણ. એમ અમે જ કહીએ છીએ એમ નહિ, પણ વીતરાગદેવે આમ કહ્યું છે. આહા..હા..! જે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ નિત્ય ધ્રુવ કારણપરમાત્મા એને નિજ પરિણામથી એમાં લીન થઈને એને જો. હવે એ પરિણામ કેવા? કે સમતાવલંબી થયા છે એ તો. આહા..હા..! વીતરાગીભાવપણે અવલંબી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે વીતરાગ પરિણામ છે. એવા પરિણામ દ્વારા વસ્તુ જે ત્રિકાળી છે એને જો, એને જાણ, એને માન. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જિનેન્દ્રદેવનો ઉપદેશ છે એમ હે શિષ્ય! તું જાણ. આહા..હા..! પાઠમાં કુંદકુંદાચાર્ય કહે છેને 'जाणह' આહા..હા..! બીજું મૂકી દે અને આ જાણ એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતાના ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે તો.. આ તો એમ કે આવો ઉપદેશ જિનેન્દ્રનો છે. અમે જ કહીએ છીએ એમ નહિ, એમ. એમ કે આ તો દિગંબરના પક્ષના દિગંબરનું કહે, શ્વેતાંબરના પક્ષમાં બીજું કાંઈક કહે છે. એમ નથી. આ તો જિનેન્દ્રનો જ આ ઉપદેશ છે અમે જે કહીએ છીએ ઈ. આહા..હા..!

ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પૂર્ણ વીતરાગ સ્વભાવે બિરાજમાન, જેને ઈચ્છાનો નાશ થઈ ગયો છે, કેવળજ્ઞાન વીતરાગભાવે પ્રગટ્યું છે એવા જિનેન્દ્રના મુખકમળથી આ ઉપદેશ આવ્યો કે તું આત્મા અને તેના નિજપરિણામથી તું જો. તે નિજપરિણામ કેવા? કે વીતરાગ અવલંબીવાળા. એને તું જો. આહા..હા..! બીજાને જોવાની આંખ બંધ કર અને અંતરને જોવાને આંખ હજાર નેત્ર ખોલી દે. આહા..હા..! એ વીતરાગી પરિણામ એ હજાર નેત્ર છે. ભગવાનના શરીરને દેખે છેને ઈન્દ્ર? એ આંખ આમ ન જોઈ શકે. એટલું સુંદર, એટલું સુંદર રૂપ. એના અવયવે અવયવ જાણે મોરના પીંછા જેમ ભરેલા હોય છે કે નહિ? રંગી-પંચરંગી ચાંદલો નહિ અંદર? મોરપીંછીઓનો ચાંદલો જોયો છે? કેવો એને કુદરતે કેવો બનાવ્યો! આમ લીલો, પીળો, અંદર ... આહા..હા..! એમ ભગવાનનું શરીર એવી રીતે કરાયેલું છે. શાંતરસના પરમાણુથી ... તેને જોવા હજી જનમનો બાળક છે એને, ઈન્દ્ર એકાવતારી, એક ભવે મોક્ષ જવું છે મનુષ્યમાં, એ આમ જોતાં પણ એક આંખે તૃપ્તિ નથી પામતા. હજાર આંખ જોવાને (કરે છે કે) અંદર આ તે શું છે! આહા..હા..! એમ ત્રણલોકના નાથને આત્માને જોવા (હજાર નેત્રથી જો). ઓલું તો શરીર છે. સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવ ત્રિકાળી એને જ્ઞાન વીતરાગી પરિણામ દ્વારા, હે શિષ્ય! તું જો, એમ જાણ. એમ વીતરાગનો ઉપદેશ છે.

આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

ઓલા તકરાર કરતા હતા સ્થાનકવાસીના બે છેને ... તેરાપંથી કહે કે છ કાયના જીવની રક્ષા કરવી એ લખ્યું છે પણ રક્ષા નહિ. એને ન મારવા. ઓલો કહે કે રક્ષા કરવું જિનેન્દ્રના ઉપદેશમાં છે. એ બેની એક મહિનો ચર્ચા ચાલી. ... એવો પાઠ છે. છ કાયના જે જીવની રક્ષા માટે ભગવાને ... પ્રવચન કહ્યું. બીજી એક પદની વ્યાખ્યા એક મહિના સુધી ચર્ચા તેરાપંથી વાત.. અને .. સામેવાળા. એક મહિનો. ઓહો..હો..! ઓલો કહે છ કાયના જીવની રક્ષા એટલે કે ..વાળા એમ કહે કે એની દયા પાળવી એ જ પ્રવચનનો સાર છે. ઓલો કહે કે દયા નહિ, ન મારવા એ રક્ષાનો સાર છે. એય..!

અહીં કહે છે કે ભગવાનનો આ ઉપદેશ છે. એઈ..! કે ત્રણલોકનો નાથ ચૈતન્યમૂર્તિ એને તું તારા વીતરાગ પરિણામથી જો, એમ જિનેન્દ્રનો ઉપદેશ છે. હવે ક્યાં ઓલું અને ક્યાં આ! સમજાણું કાંઈ? એ લીલાધરજી હતાને તેરાપંથીના સાધુ. છોડી દીધું.. એક મહિનો તો ચર્ચા (કરી). અમારી વાત કાંઈક ઠીક શાસ્ત્રથી કરી ... તો અમને હોંશ આવે. એની વાત ઠીક થાય તો અમને ઉછાળો થાય અંદરથી. વહોરવા.. બધી વાત વ્યવહારની.

ઓલા કહે કે વ્યવહારનું કેવળજ્ઞાન કેમ? કે સપના આવ્યા પહેલા એનાથી એને કેવળજ્ઞાન થયું. .. સપના આવ્યા. ઓલા કહે સપનાથી કેવળજ્ઞાન ન થાય. કેવળજ્ઞાન સપના તો દોષવાળી વસ્તુ છે. એમાં એની તકરાર. અહીં તો ત્રણલોકના નાથ પરમાત્મા પોતે એને જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, ભાઈ! તને તારું સ્વરૂપ જોને. આહા..હા..! તું જોનાર તો છો, પણ તું પરને જો છો. સમજાણું કાંઈ? જોનાર તો છો, પણ તું પરને જો છો એમાં આત્મા આવતો નથી—તું એમાં આવતો નથી. આહા..હા..! તને જોવા માટે વીતરાગી પરિણામ કરીને તું જો. આહા..હા..! અનુભવ. આહા..હા..! એને જિનેન્દ્રદેવ આલોચના કહેવામાં આવે છે. એને સંવર, નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. ભાઈ! '**આમ આ, આલોચનાના ભેદોમાં પ્રથમ ભેદ થયો.**' ચાર ભેદ છેને? આલોચનાના ચાર ભેદ એમાં પહેલો ભેદ થયો આ. આહા..હા..!

'**(હવે, આ ૧૦૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોક કહે છે :)**' એક ગાથાના છ શ્લોક. આહા..હા..! ૧૫૪.

(स्नग्धरा)

आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं
यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति।
सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा
तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम्।।१५४।।

આહા..હા..! સંતો, દિગંબર મુનિ પણ... આ મુનિ છે હોં, આચાર્ય નથી ટીકા કરનાર.

મુનિ હોય તો શું? સમકિતી હોય તોપણ વસ્તુ તો એક જ કહે છેને. ઓલો કહે નહિ. રતનચંદજી ... મુખત્યાર. મુનિ અને આચાર્યનું કથન જુદું. હવે સાંભળને, ભાઈ! આવી ચર્ચા ચાલે. ફૂલચંદજી કહે કે ભાઈ! આચાર્ય અને મુનિ.. અરે! વિદ્વાન જે સમકિતી જીવ છે એના પણ વચન કહીએ છીએ. આહા..હા..! એણે એમ કહ્યું. આમાં આવ્યું છે. બધાને ... દસ મહિનાથી આ છે. .. બધું. આહા..હા..! અરે! ...

'**શ્લોકાર્થ :- આ પ્રમાણે જે આત્મા આત્માને...**' આ આત્મા આત્માને એટલે ત્રિકાળી સ્વરૂપને '**આત્મા વડે...**' વીતરાગી પરિણતિ વડે. એ આત્મા. '**આત્મામાં...**' એવા '**આત્મા આત્માને આત્મા વડે આત્મામાં...**' આહા..હા..! '**અવિચળ રહેઠાણવાળો દેખે છે,...**' આહા..હા..! '**અવિચળ રહેઠાણવાળો...**' ભગવાન ત્રિકાળ છે એને દેખે છે. આહા..હા..! '**આત્મા આત્માને આત્મા વડે...**' કરણ લીધું લ્યો. '**આત્મામાં...**' અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં '**અવિચળ રહેઠાણવાળો દેખે છે,...**' અવિચળ-ચળે નહિ એવા સ્થાનવાળો એ પર્યાય દેખે છે. આહા..હા..! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... '**તે અનંગ-સુખમય (અતીન્દ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે.**' આ જીવ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામીને મુક્તિ પામે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા...**' કર્તા થયોને? '**આત્માને...**' કર્મ થયું. એ કર્મ છેને? કર્મ છે કે શું? '**આત્મા આત્માને આત્મા વડે...**' એ કર્મ થયું. આહા..હા..! ઓલું કર્મ. કર્તા, કર્મ અને કરણ અને આધાર '**આત્મામાં...**' આહા..હા..! '**અવિચળ રહેઠાણવાળો...**' આત્મામાં અવિચળ રહેઠાણવાળો દેખે છે. આત્માને આવા પરિણામથી અવિચળ-ચળે નહિ એવા સ્થાનરૂપ દેખે છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રીવીતરાગ. સીમંધર ભગવાનની સભામાં આ ઉપદેશ હતો. આહા..હા..! એ આ મુનિરાજ કુંદકુંદાચાર્યે અહીં કહ્યો, એની ટીકા કરીને... આહા..હા..! આવો જે અવિચળ-ચળે નહિ એવા સ્થાનવાળો દેખે છે. રહેઠાણવાળો. રહેવાનું સ્થાન આવે છેને નિર્જરામાં? નહિ? સ્થાતાનું સ્થાન તો આત્મા છે. જેને રહેવું હોય રહેઠાણ તો એ આત્મા છે. પર્યાયમાં રહે નહિ. પર્યાય તો ફરી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિર્જરા અધિકારમાં છે. રહેનારને રહેનારનું સ્થાન તો ભગવાન આત્મા છે. ત્યાં રહી શકશે. સ્થિર વસ્તુ છે ધ્રુવ. અવિચળપણે રહેનારને એ સ્થાન છે. આહા..હા..!

'**તે અનંગ-સુખમય એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને...**' આવો જીવ મોક્ષની લક્ષ્મી, એનો જે વિલાસ, આનંદનો અનુભવ '**અલ્પકાળમાં પામે છે.**' આહા..હા..! '**તે આત્મા સુરેશોથી,...**' ઈન્દ્રોથી. સુરેશ. સુરેશ એટલે દેવના ઈષ્ટ. એનાથી '**સંયમધરોની પંક્તિઓથી,...**' આહા..હા..! સાધુ આમ આત્માના ધ્યાન .. હું નમું છું. ઓહો..! જેણે આત્માને અવિચળ રહેઠાણવાળો દેખી અને અનુભવ્યો દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એવા જીવને આત્મા એને એના ...

**'તે આત્મા સુરેશોથી, સંયમધરોની પંક્તિઓથી,...'** .. પરમાત્મા **'ખેચરોથી (વિદ્યાધરોથી)...'** ખેચર એટલે આકાશમાં ચરનારા **'(વિદ્યાધરોથી) અને ભૂચરોથી...'** એટલે ભૂમિમાં ગોચરી કરનારા. **'(ભૂમિગોચરીઓથી) વંદ્ય છે.'** આવા સિદ્ધ પરમાત્મા જેને આત્માના અવલોકનની દશામાં અનંત રહેઠાણવાળા સ્થાનને જેણે અનુભવ્યો એને અલ્પકાળમાં સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. એને સંયમીઓ, સુરેશો અને વિદ્યાધરો નમન કરે છે. ભૂચરો.

**'હું તે સર્વવંદ્ય...'** હવે પોતે મુનિરાજ કહે છે. **'હું તે સર્વવંદ્ય સકળગુણનિધિને (-સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને)...'** સિદ્ધની દશા પરમાત્મા પ્રાપ્ત થઈ તેને. આહા..હા..! **'તેના ગુણોની અપેક્ષાથી વંદું છું.'** તેના ગુણની અપેક્ષા, મારે તો અભિલાષ પૂર્ણ આનંદની છે. એમ વિકલ્પથી બોલે, પણ મારી અભિલાષા તો પૂર્ણ આનંદની છે. સમજાણું કાંઈ? **'तद् गुण लब्धये'** આવે છેને? અહીં એ કહ્યું જુઓ, ભગવાનની વાણી.. એ ... એના ગુણની પ્રાપ્તિ માટે છે. તમે એને વિકલ્પ કહો છો? પણ એ વિકલ્પ છે. એની ભાવના અંદર પૂર્ણાનંદ તરફ ઢળવાની છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... છે. આવે છેને (મોક્ષશાસ્ત્રમાં). **'मोक्षमार्गस्य नेतारं भेतारं सर्वम्भूताम् ज्ञातारं विश्वतत्त्वानाम् 'वंदे तद् गुण लब्धये'** એમ ... જુઓ પરમાત્માને વંદન કર્યું એને ગુણની પ્રાપ્તિ થાય. એવું માણસ પોતાના અર્થને.. આમાં એમ કહે છે અમૃતચંદ્રાચાર્ય કહે છેને ટીકા કરતા કે આ ટીકા કરતાં મારી અશુદ્ધતા ટળી જાય એવી મારી ભાવના છે. પણ એ વખતે ટીકા કરવાના કાળમાં મારું લક્ષ દ્રવ્ય ઉપર જોરવાળું છે એથી એના જોરે અશુદ્ધતા ટળી જાવ એમ કહે છે. પણ એનો .. અર્થ થયો. અરેરે! પોતાની વાત રાખવા શાસ્ત્રોના અર્થોને મરડે છે. આવું હોય નહિ.

અહીં એ કહે છે જુઓ, **'તેના ગુણોની અપેક્ષાથી વંદું છું.'** એટલે? વંદે છે એ તો વિકલ્પ છે. વિકલ્પથી ગુણની પ્રાપ્તિ થાય? પણ મારું જોર દ્રવ્ય ઉપર છે એથી હું ગુણની પૂર્ણતાનો અભિલાષી થાઉં એટલે મને ગુણની પ્રાપ્તિ થશે એમ કહે છે. ઓહો..! શું થાય? શબ્દાર્થ એનો ભાવાર્થ શું છે એને પકડે નહિ અને એકલો શબ્દાર્થ લે તો વસ્તુ વિપરીત થઈ જાય. ૧૫૪ શ્લોક થયોને? ૧૫૫.

(मंदाक्रांता)

आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये
ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तपुंजः पुराणः।
सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि–
न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः।।१५५।।

આહા..હા..! **'શ્લોકાર્થ :- જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો**

છે...' જેણે જ્ઞાનજ્યોતિ વડે, ચૈતન્ય જ્યોત વડે પાપ નામ પુણ્ય-પાપના પુંજનો નાશ કર્યો છે. એટલે એવું સનાતન તત્ત્વ છે એમ. એના પાપતિમિરને નાશ કરવાની તાકાત એનામાં પાપતિમિર છે જ નહિ અને તેનો આશ્રય લે તેને પાપતિમિરનો નાશ થઈ જાય છે. આહા..હા..! '**જે પુરાણ (-સનાતન) છે...**' આહા..હા..! છે? એ સનાતન અનાદિ-અનંત વસ્તુ છે. ધ્રુવ સામાન્ય '**એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે.**' આહા..હા..! પરમસંયમી .. જ્ઞાનકમળમાં એ વસ્તુ સ્પષ્ટ .. છે. આહા..હા..! જેમ આ આંખ વડે વ્યવહાર સ્પષ્ટ કહેવામાં આવે છેને? આંખ વડે આમ .. પ્રત્યક્ષ હોય. પ્રત્યક્ષ દેખે એમ કહેવાયને? એમ આ તો પ્રત્યક્ષ છે, કહે છે. આહા..હા..! છે?

'**ચિત્તકમળમાં...**' જ્ઞાનરૂપી કમળની ખીલેલી દશામાં એ વસ્તુ સ્પષ્ટ છે. સનાતન ધ્રુવ તે સત્ છે. આહા..હા..! આવી કથા તો માણસને.. અભ્યાસ ન હોયને એને એવું લાગે, બાપુ! તારો અભ્યાસ જોઈએ, ભાઈ! તું કોણ છો? આહા..હા..! તું સિદ્ધની દશાથી પણ અનંતગુણ તાકાતવાળો છો. આહા..હા..! અનાકુળ આનંદનો સાગર પ્રભુ દરેક આત્મા એવો છે હોં. અભવિનો પણ એવો છે. આહા..હા..! વ્યવહારરૂપ નથી એમ આવે છેને. વ્યવહારરૂપ નથી. જેમ મેરૂ પર્વતની નીચે સોનું તો છે, પણ વાપરી શકાય એમ નથી, એમ અભવિને પરમસ્વભાવ પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન છે એ પર્યાયમાં વ્યવહારને યોગ્ય પ્રગટ થતો નથી. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને દૃષ્ટિ આવતી જ નથી. ... એના તરફની પર્યાયને .. વ્યવહાર. નિશ્ચય તો છે. પર્યાયમાં વ્યવહાર એને પ્રગટ થતો નથી. પ્રગટ થવું એ વ્યવહાર છે એમ કહે છે. આહા..હા..! અભવિને નિશ્ચય તો છે. વ્યવહારરૂપ નથી. એ આવી ગયું. હવે આવશે. હવે આવશે હોં. હવે આવશે એ ૧૧૧મી ગાથામાં. ૧૧૦મી ગાથામાં. આ ૧૦૯મી ચાલે છેને? ૧૧૦મીમાં આવશે. આહા..હા..!

જેણે ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્યજ્યોત એમાં પાપ અને પુણ્ય છે નહિ. એથી એણે નાશ કર્યો છે એમ કહેવામાં આવે છે. અથવા ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એનો આશ્રય લે છે એને પુણ્ય-પાપનો નાશ થાય છે. એવો સનાતન ભગવાન આહા..હા..! આ સનાતન નથી કહેતા? સનાતન ધર્મ. બ્રાહ્મણ હોયને એ સનાતન કહે. આપણે આ સનાતન છે આત્મા. દિગંબર એ સનાતન ધર્મ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- શ્વેતાંબર એક..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. સ્થાનકવાસી તો એને પણ સનાતન કહે. અમારો જૂનો માર્ગ છે. તેરાપંથી કહે અમારો સનાતન માર્ગ છે. એમ કોણ કહે કે અમારો નવો છે. પણ એને વિચારીને કહેવું જોઈએને. આહા..હા..!

સનાતન ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ... આહા..હા..! કેવો આત્મા? '**પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે.**' જ્ઞાન ખીલ્યું છે દ્રવ્યને આશ્રયે એમાં એ દ્રવ્ય સ્પષ્ટ છે. આહા..હા..! .. છેને. સ્પષ્ટ દેખાય છે. આહા..હા..! જ્ઞાનની વિકાસ સમજ શક્તિ, કમળ જેમ ખીલે છે એમ જ્ઞાન ખીલ્યું છે. એ ખીલેલા જ્ઞાનકમળમાં ભગવાન આત્મા સ્પષ્ટ દેખાય છે. આહા..હા..! '**તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (-વચન અને મનના માર્ગથી અગોચર) છે.**' આહા..હા..! અને વચન અને વિકલ્પના માર્ગથી તે અતિક્રાંત છે. આહા..હા..! '**આ નિકટ પરમપુરુષમાં...**' એવો જે પરમાત્મા '**વિધિ શો અને નિષેધ શો?**' આમ કરે અને આમ છોડે એવું એમાં ક્યાં છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો?**' ત્રિકાળમાં પણ નથી અને એની પરિણતિવાળો થઈ ગયો એને વિધિ-નિષેધ શું? એમ કહે છે. એ તો વીતરાગ પરિણતિએ પરિણમેલો છે આત્મા. એને આ કરવું છે અને આ છોડું છું એવું છે ક્યાં? આહા..હા..! વ્યવહાર આલોચનાનો .. કરી છે. નિશ્ચય આલોચના જે .. એકલો પૂર્ણાનંદના નાથને એમ આ કરું અને આ છોડું એવું ક્યાં છે અંદરમાં? વસ્તુમાં નથી અને એની વીતરાગ પરિણતિમાં એ નથી. આહા..હા..!

'**આમ આ પદ્ય વડે પરમજિનયોગીશ્વરે...**' એ ક્યાંથી કાઢ્યું? કે આ આવું છે એમ. છતાં વીતરાગ પરિણામ દ્વારા એને જો, એમ જિનેન્દ્રના ઉપદેશમાં છે. એમ આને .. આલોચવું અને .. લેવું એ એમાં છે ક્યાં, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.**' વ્યવહાર આલોચના એમ કે મને દોષ લાગ્યો એ કહે. ગુણની પ્રાપ્તિ એવું વસ્તુમાં છે ક્યાં? આહા..હા..! બધી વિકલ્પની વાતું છે. ... ... એ વ્યવહાર વસ્તુના સ્વરૂપમાં-વીતરાગી પરિણતિમાં એ છે જ ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ... એમાં આ ગુરુ પાસે કહેવું અને એનું પ્રાયશ્ચિત એ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! એવી વાત છે. ૧૫૬.

(पृथ्वी)

जयत्यनघचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं
विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।
नयानयनिकायदूरमपि योगिनां गोचरं
सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम्।।१५६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે,...**' ઇન્દ્રિયોના સમૂહથી પાંચ ઇન્દ્રિયથી ઉત્પન્ન થતા કોલાહલ વિકલ્પ ઉત્પન્ન થાય એનાથી તો ભગવાન ભિન્ન છે. '**જે નય અને અનયના સમૂહથી દૂર...**' વિકલ્પવાળી નય હોં. '**અનયના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓને ગોચર**

છે,...' આહા..હા..! પરિણામ જેણે વીતરાગપણે સ્થાપ્યા છે એને એમાં ગમ્ય છે, એમ કહે છે. આહા..હા..! ત્રિલોકનાથ પૂર્ણાનંદનો કંદ પ્રભુ એમાં જેણે પરિણામને સ્થાપ્યા છે, એના પરિણામને એમાં જોયા છે એવા સમકિતી યોગીઓને તો એ ગમ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે સદા શિવમય છે,...**' સદા .. કલ્યાણમય જ છે આત્મા. શિવ નામ નિરૂપદ્રવ કલ્યાણસ્વરૂપ જ છે. '**ઉત્કૃષ્ટ છે...**' ત્રિકાળ '**અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે,...**' આહા..હા..! ત્રિકાળ જ્ઞાયક ભગવાન અજ્ઞાનીને તો પરમ દૂર છે. ક્યાં છે? આ તો ક્યાં છે આવો? જેની સાવધાની પર્યાય અને રાગ ઉપર છે તો એની સાવધાની એક સમયની પર્યાય અને વિકલ્પ ઉપર છે એવા અજ્ઞાનીને તો દૂર છે, એને તો એ દૃષ્ટિમાં આવતો નથી. આહા..હા..! '**એવું આ અનઘચૈતન્યમય...**' '**નિર્દોષ; મળરહિત; શુદ્ધ.**' પુણ્ય અને પાપરૂપી અઘ એનાથી રહિત. આહા..હા..! '**અનઘચૈતન્યમય સહજતત્ત્વ...**' જ્ઞાનમયી સહજતત્ત્વ એકલો જ્ઞાયકના પ્રકાશનું પૂર એવું '**સહજતત્ત્વ અત્યંત જયવંત છે.**' આહા..હા..! મુનિરાજને ચારિત્રદશા છેને, અત્યંત જયંવત છે, અત્યંત જયવંત છે. આહા..હા..! ત્રિકાળી વસ્તુ અત્યંત જયવંત છે એમ પરિણતિમાં ભાન થઈ ગયું છે. નિર્મળ પરિણતિ પર્યાયે એને અનુભવ્યું, પકડ્યું છે. આહા..હા..! ત્રિકાળ મોજૂદ છે, જયવંત છે એમ પરિણતિ પોકારે છે. આહા..હા..! એવું આ ચૈતન્યમય આત્મતત્ત્વ. આત્માની વ્યાખ્યા કરી. કેવું તત્ત્વ? ચૈતન્યમય. એકલા જ્ઞાનમય, જ્ઞાનસ્વભાવમય. સ્વભાવવાળો પણ નહિ. એ જ્ઞાનસ્વભાવમય અભેદ એવું '**સહજતત્ત્વ અત્યંત જયવંત છે.**' આહા..હા..! અત્યંત જયવંત છે. આહા..હા..!

સંયમધરોની પરિણતિમાં એ વસ્તુ વિશેષ સ્પષ્ટ થઈ ગઈ છે એથી કહે છે કે અત્યંત જયવંત છે. સમ્યગ્દષ્ટિને .. છે એને જયવંત છે, પણ સ્થિરતાવાળાને તો અત્યંત જયવંત છે એમ ... સ્થિરતા થઈ ગઈ છેને ચારિત્રમાં. આહા..હા..! આવા આત્માને અવલોકવો, એવા આત્માને જોવો, એવા આત્માને વીતરાગ પરિણામ દ્વારા અવિચળસ્થાને દેખવો એનું નામ આલોચના કહેવામાં આવે છે. આ આલોચના. સમજાણું કાંઈ? અત્યંત જયવંત છે. ૧૫૬ થયો. ૧૫૭ આવશે. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૬, રવિવાર, તા. ૨૬-૧૦-૧૯૭૫
## ગાથા-૧૧૦, કળશ-૧૫૭ થી ૧૫૯, પ્રવચન નં. ૭૪

૧૦૯ ગાથાના કળશો છે. ૧૫૭.

(मंदाक्रांता)

शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं
बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति।
तस्मादुचैरहमपि सदा भावयाम्यत्यपूर्वं
भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम्।।१५७।।

ઓહો..હો..! '**શ્લોકાર્થ :- નિજસુખરૂપી સુધાના સાગરમાં** ડૂબતા...' કહે છે કે આ આત્મા અમૃત સુખસ્વરૂપ એવા સાગરમાં ડૂબેલો જ આત્મા છે. એટલે એ સુખસ્વરૂપ જ પોતે આત્મા છે. આહા..હા..! '**નિજસુખરૂપી...**' અમૃત એનો સાગર. આહા..હા..! એમાં ડૂબતા, રહેતા એવા '**આ શુદ્ધાત્માને જાણીને...**' આહા..હા..! ઘણું જ મંગળિક પહેલું કર્યું છે. કેવો છે આ ભગવાન આત્મા? પોતાના આનંદરૂપી અમૃતના સાગરમાં એ ડૂબેલો જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એટલે કે નિજ અતીન્દ્રિય આનંદના અમૃતનો સાગર એ સ્વરૂપે જ આત્મા છે. એને આત્મા કહીએ. આહા..હા..!

'**સુધાના સાગરમાં** ડૂબતા...' અંદર ગરકાવ થઈ ગયો છે કહે છે. અતીન્દ્રિય આનંદનો ભરેલો ભગવાન અતીન્દ્રિય આનંદમાં રહેલો છે. એવા આત્માને જાણીને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ આનંદ અમૃતનો સુધાસાગર પ્રભુ એવો જે આત્મા એમાં રસબોળ, તરબોળ અતીન્દ્રિય આનંદથી ભગવાન આત્મા છે. આહા..હા..! એક સમયની પર્યાયની પાછળ આવું તત્ત્વ છે, એમ કહે છે. રાગ-દ્વેષ તો એકકોર રહ્યા. એક સમયની જે નિર્મળ પર્યાય એની પાછળ આખો આત્મા અમૃતના સાગરથી ભરેલો, ડૂબેલો પડ્યો આત્મા છે. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાતું ભારે, ભાઈ! એવા આત્માને જાણીને. આહા..હા..!

એક લીટીમાં કેટલું ભર્યું છે! એમાં શરીર નથી, વાણી નથી, કર્મ નથી, પુણ્ય-પાપના વિકાર નથી. એક સમયની પર્યાય પાછળ આવો આત્મા નિજ-આનંદથી ભરેલો પડ્યો છે. આહા..હા..! પર્યાયથી અંતર નજર કરતા એ અનંત આનંદમાં ડૂબેલો રસબોળ ભગવાન આત્મા છે. આહા..હા..! એક સમયની વર્તમાન ઉત્પાદ-વ્યયની પર્યાય... આહા..હા..! એની પાછળ આખું ધ્રુવ નિજસુખરૂપી અમૃત.. આહા..હા..! એવા અમૃતનો સાગર એમાં રસબોળ, તરબોળ ભગવાન આત્મા છે, કહે છે. અરે..! આહા..હા..! ગોદિકાજી! આ તમારા પૈસા-બૈસામાં સુખ

નથી, એમ કહે છે. પુણ્ય-પાપના પરિણામમાં સુખ નથી.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો હવે એને રુચે છેને, ગોઠે છેને. એ તો બોલે છેને જ્ઞાનાનંદ સ્વભાવી.

**શ્રોતા** :- શાસ્ત્રમાં એમ આવે છે કે પૈસા વગરના ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ.. એ.. એ બીજી રીતની વાત છે.

અહીં તો વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા, ચક્રવર્તીના રાજ હો અને ઇન્દ્રના ઇન્દ્રાસન હો, એની ઉપર નજર નાખતા તો ઝેરનું વેદન છે, કહે છે. એ વર્તમાન પર્યાયને, એક સમયની અવસ્થાને અંતરમાં વાળતા જે એક સમયની પર્યાય પાછળ પ્રભુ બિરાજે છે. અનંત સુખના અમૃતના સાગરમાં ડૂબેલો છે, કહે છે. આહા..હા..! એવા આત્માને જાણીને. આહા..હા..!

**શ્રોતા** :- અત્યંત નિકટ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિકટ પડ્યો જ છે. વસ્તુ તો વસ્તુ તરીકે પડી જ છે. એ જેવી છે એવી જ પડી છે, પણ એક સમયની પર્યાયની પાછળ છે ઇ. આહા..હા..! એવો જે ભગવાન જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે એવો જોયો અને એવો પ્રગટ કર્યો. આહા..હા..! હવે જેને પ્રગટ કરવો હોય એને આવો આત્મા છે એમ એણે નજરમાં એને લેવો પડશે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાયમાં આવો નિજસુખના સુધા... સુખરૂપી અમૃત એમ પાછું. આહા..હા..! આ સંસારના સુખ તો મૃત્યુ. શાંતિનું મૃત્યુ કરી નાખનારા છે. આ તો અંતરના સુખ તો અમૃતનું જીવન કરનારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! શું મુનિરાજે કળશો બનાવીને આત્માને હથેળીમાં બતાવ્યો છે!!

ભાઈ! તું કોણ છો? ભાઈ! તું તો સુખના અમૃતના સાગરમાં ડૂબેલો છો. આહા..હા..! અનંત સુખના અમૃતરૂપી સાગરમાં (ડૂબેલો) તારું સ્વરૂપ એ છે. આહા..હા..! એમાં નથી રાગ, નથી દુઃખ, નથી સંસાર. અરે! એમાં નથી એને જોનારી પર્યાય પણ એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે જોનારી પર્યાયમાં પણ અલ્પ-અલ્પ સુખનો અંશ આવે છે. આહા..હા..! અને ભગવાન પોતે તો અનંત-અનંત સુધામૃતનો સાગર છે મોટો. ઓહો..હો..! અરેરે! એને એની ખબરું ન મળે. મૂળની ખબર ન મળે અને ઉપરના પાંદડા તોડે. આહા..હા..!

કેવો છો પ્રભુ તું? કોને કહેવો આત્મા? એ આત્મા કોણ છે? શેમાં છે? કેમ છે? કેવડો છે? આહા..હા..! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરની દિવ્યધ્વનિમાં આ આવ્યું, પ્રભુ! તું તો પૂર્ણાનંદ સુખના અમૃતસાગરમાં ગરકાવ થયેલો, ડૂબી ગયેલો, એમાં રસબોળ, આનંદના રસબોળમાં તારું સ્વરૂપ છે. આહા..હા..! ધ્રુવ નિત્યાનંદ પ્રભુ! આહા..હા..! તને ક્યાં સુખ ભાસે છે? ભાઈ! ઇન્દ્રના ઇન્દ્રાસનો, લક્ષ્મી અને શરીરના, માંસના લોચાની સુંદરતા એ તને આકર્ષે છે. પ્રભુ! પણ અંદર આકર્ષિત વસ્તુ છે એ તને આકર્ષતી નથી? આહા..હા..!

સમજાણું કાંઈ? તારી પર્યાયમાં આ બહારના કલ્પિત અને ઝેરીલા સુખના સ્વાદ તને આકર્ષે છે, પણ પ્રભુ અંદર પૂર્ણ સ્વરૂપ છે એ આકર્ષતો નથી એટલે તું એને આકર્ષતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! શુદ્ધાત્માને જાણીને. જોયું, પ્રવિણ થઈને એમ કહે છે. આહા..હા..! ભાઈ! આ માર્ગ તો આત્માનો છે અને તે જિનેન્દ્ર પરમેશ્વર અરિહંત ત્રિલોકનાથ એની વાણીમાં આવેલું આવું તત્ત્વ છે શુદ્ધાત્મા. એ તું નજરમાં તો લે, કહે છે. તારી નજરું આવા નિધાન ઉપર તો નાખ. સમજાણું કાંઈ? આહા..હા..!

એક બહારમાં દિશાએ જતા જરી પાણી (નાખતા) અને એમાં ચરુ નીકળે. કરોડ-કરોડના હીરા એવા લાખ, બે લાખ, પાંચ લાખ (જોવે ત્યાં) રાજી-રાજી થઈ જાય. આહા..હા..! ધૂળ છે. આ એક નિધાન આવું અનંત આનંદના સુધારૂપી સાગરમાં ડૂબેલો આત્મા. આહા..હા..! ભગવાન! એકવાર નજર તો કર તું. આહા..હા..! પ્રભુ! તારું નિધાન પડ્યું છે આવું. પર્યાયને ન જો, રાગને ન જો, સંયોગને ન જો. આવો ભગવાન છે એને તું એકવાર જો તો ખરો, પ્રભુ! આહા..હા..! તને આનંદ આવશે, તને શાંતિ મળશે.

ઓલા હમણા કહેતા હતા. ભાઈ આવ્યા હતા એન.સી.સી. ૮૦૦ છોકરા આવ્યા છે ૮૦૦. સવારમાં નીકળ્યા હતા. બધા ... જંગલમાં ટોળેટોળા. ૮૦૦ કાર્યકર્તાઓ. લીંબડીનો પ્રજાપતિ કુંભારનો છોકરો. ઈ કહે હું જૈનની .. કોણ તમે? સ્થાનકવાસી, દેરાવાસી? ના, પ્રજાપતિ. પ્રજાપતિ કુંભાર. ઋષભદેવ ભગવાનને પ્રજાપતિ કહે છે. સાંભળ્યું છે? કારણ કે એણે બધું બતાવ્યું હતુંને? આ અસિ, મસિ, કૃષિ એ પ્રજાપતિ. આ પણ કુંભારને પ્રજાપતિ કહે છે. એની સાથે બે જણા મોટા આવ્યા હતા બે દિ' પહેલા. એના કામ કરનારા. એમ બિચારા કહેતા હતા, ક્યાંય શાંતિ નથી મહારાજ બહારમાં. તમે શાંતિ માટે અહીં રહો છો અંદર? કીધું શાંતિ બાપુ આત્મામાં છે, ભાઈ! શાંતિ ક્યાંય બહાર છે નહિ. આહા..હા..! એ શાંતિ માટે તારે નિવૃત્તિ લેવી પડશે. આ બધી પ્રવૃત્તિ છોડી અને જ્યા શાંતિનો સાગર ભગવાન છે ત્યાં એને જોવું પડશે, ભાઈ! એની દૃષ્ટિનો બદલો કરવો પડશે. બહાર ઉપર દૃષ્ટિ છે એને અંદરમાં નાખવી પડશે. આહા..હા..! બિચારા એ માણસ ... આ અમેરિકામાં અબજોપતિ પણ ક્યાંય શાંતિ નથી એમ કહે. ૫૦-૫૦ માળ ને લઈ લેવાની શું કહેવાય એ? દુઃખી... દુઃખી... દુઃખી... ઉંઘ ન આવે. ઉંઘ માટે ગોળી લેવી પડે. એ તો ત્યાં રહ્યા છેને. આહા..હા..!

આ તો કહે છે... એક લીટીએ તો ગજબ કર્યું છેને! કમાલ કામ કરી નાખ્યું!! નિજ સુખરૂપી આનંદનો સાગર... આહા..હા..! એને તું વિશ્વાસમાં તો લે, પ્રભુ! તારી નિધિ આવડી છે એને તું દૃષ્ટિમાં, વિશ્વાસમાં તો લે, ભાઈ! ત્યારે ધર્મની શરૂઆત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિના બધા દયા, દાન ને વ્રત ને ભક્તિ, પૂજા એ બધા થોથા પુણ્યબંધ થઈને રખડવાના છે. આહા..હા..! આવો વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતદેવનો

આ પંથ અને આ માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! પછી? '**જાણીને ભવ્ય જીવ પરમગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...**' પણ આ જાણવું કોની પાસે પહેલું? પરમગુરુ પાસે એમ કહે છે. આહા..હા..! જેણે જાણ્યો છે, અનુભવ્યો છે એની પાસે જાણવું. આહા..હા..!

'**જાણીને ભવ્યજીવ પરમગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...**' એટલે કે શાશ્વત સુખ તો અંદર છે એની દૃષ્ટિ કરીને શાશ્વત સુખને પામે છે અને આગળ વધીને પરમાનંદની શાશ્વત મોક્ષ દશાને પામે છે. આહા..હા..! જાણીને પામે છે એટલી વાત લીધી લ્યો. અતીન્દ્રિય સુખનો સાગર અમૃત પ્રભુ એને જાણીને. ગુરુગમથી પરમગુરુથી જાણીને એટલે જાણ્યો એટલે એમાં ઠરશે. એટલે એને સીધી સુખની પ્રાપ્તિ થશે. આહા..હા..! એ અનંત આનંદનો ભરચક ભર્યો છે એ પર્યાયમાં એને અનંતમે ભાગે મુક્તિના અંશમાં અનંતમે ભાગે આનંદ આવશે. અંદર છે એનાથી તો અનંત. આહા..હા..! પણ એને પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! પર્યાયમાં હોં.

'**તેથી, ભેદના અભાવની દૃષ્ટિએ...**' આહા..હા..! જેમાં ગુણગુણીનો ભેદ નહિ, દ્રવ્ય-પર્યાયનો ભેદ નહિ. એકલું ત્રિકાળી અભેદસ્વરૂપ. આહા..હા..! '**ભેદ અભાવની દૃષ્ટિએ...**' દૃષ્ટિ એ પર્યાય છે. સમજાણું કાંઈ? પણ કેવી દૃષ્ટિ? કે ભેદના અભાવની દૃષ્ટિ. વસ્તુ જે અભેદ ત્રિકાળી આનંદ સાગર પડ્યો છે એની દૃષ્ટિએ. આહા..હા..! આવી કથા! આવો ઉપદેશ જિનરાજે કહ્યો હશે? ઓલામાં કહે છે, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવા, આઠમ-પાખીના અપવાસ કરવા એવું ચાલે. એ આ જૈનધર્મ. અરે! ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ તો બધી રાગની ક્રિયા, એ જૈનધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જાણીને. એક તો આવો આત્મા એક વાત. એને જાણીને, બે વાત. '**ભવ્યજીવ...**' એ ભવ્યજીવ એને જાણે, એમ કહે છે. પણ કોની પાસેથી? એમ કહે છે. '**પરમગુરુ દ્વારા શાશ્વત સુખને...**' એની પાસે જાણીને. આહા..હા..!

**શ્રોતા :-** જવાબદારી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબદારી તો એને બતાવનાર આવા હોય છે એમ કહે છે. એણે બતાવ્યું છે કે પરમ આનંદનો સાગર પ્રભુ તું છો. એમ ગુરુએ એને કહ્યું છે. આહા..હા..! માથે કીધું એવું ગુરુએ કહ્યું છે. સમજાણું? ગુરુનો આવો ઉપદેશ હોય એમ કહે છે. આહા..હા..! જેમાંથી વીતરાગતા પ્રગટ થાય એવો એનો ઉપદેશ હોય. તો એ વીતરાગતા પ્રગટ ક્યાંથી થાય? કે વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન ત્યાં નજર કર તો વતીરાગતા પ્રગટ થાય. આહા..હા..! કહો, જયંતિભાઈ! સવારનું જરી બીજી જાતનું હતું ચારિત્રની વ્યાખ્યા અને આ અત્યારે દર્શનની વ્યાખ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** એ ચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારિત્ર છે. એ પણ જાણીને રમવું અંદર એ ચારિત્ર છે. પણ કેવું, કોને, કેવડાને જાણવું? કે એ તો અમૃતના સાગરથી ભરેલો, સુખરૂપી અમૃતનો દરિયો એમાં એ આત્મા ડૂબી ગયો છે, એમાં પડ્યો છે આખો કહે છે. આહા..હા..! એ પર્યાયમાં આવ્યો નથી, રાગમાં આવ્યો નથી. જ્યાં છે ત્યાં પડ્યો છે એ. આહા..હા..! એને તારે નજરમાં લેવો હોય તો એ તરફ નજર કર. આહા..હા..! એને જોવાને નજરુંને વિકાસ કર. આહા..હા..! આવી વાત છે. એટલે બિચારા સાધારણને એવું લાગે આ તો એકલી નિશ્ચયની-નિશ્ચયની વાત. એના સાધન વ્યવહાર એ તો કહેતા નથી. ભાઈ! એ સાધન નથી સાંભળને, ભાઈ! આહા..હા..! આવું સાધન અંદરથી પ્રગટ કરે ત્યારે રાગની મંદતાને આરોપવામાં આવે કે વ્યવહાર સાધન છે. ભાઈ! વસ્તુ તો આવી છે. આહા..હા..! એમ કે ક્રિયા કરે, રાગ મંદ, વ્રત, તપ, ભક્તિ કરે એ પણ એક આગળ જવાનું સાધન છે. બિલકુલ જૂઠી વાત છે. સત્યને પામવા માટે સત્યની પરિણતિની જરૂર છે. સમજાય છે કાંઈ?

'**ભેદના અભાવની દષ્ટિએ...**' ઓહો..હો..! ભગવાન પૂર્ણાનંદનો સાગર છે એ અભેદ વસ્તુ છે. વસ્તુ હોં. એની દષ્ટિએ એ પર્યાય છે. '**ભેદના અભાવની દષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...**' કેવો છે ભગવાન? ઓલો સ્વભાવ તો કીધો, પણ એની '**સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...**' એ સિદ્ધિથી ઉત્પન્ન થાય તે સુખ એના વડે શુદ્ધ છે. આહા..હા..! અભેદ દષ્ટિથી જોતાં એ વસ્તુમાં સિદ્ધિ એટલે પ્રાપ્તિ સુખની સિદ્ધિ એનાથી '**ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...**' આહા..હા..! ત્રિકાળ હોં. '**એવા કોઈ (અદ્‌ભૂત) સહજતત્ત્વને હું પણ સદા...**' આહા..હા..! એવો કોઈ અદ્‌ભૂત ભગવાન ધ્રુવસ્વરૂપ ચૈતન્યદળ એને હું '**સહજતત્ત્વને હું પણ...**' સ્વભાવિકતત્ત્વ કહ્યું એ માથે. ડૂબતો શુદ્ધાત્મા. એને '**હું પણ સદા અતિ-અપૂર્વ રીતે અત્યંત ભાવું છું.**' એને હું પણ સદાય, નિરંતર અતિ અપૂર્વ રીતે-અનંત કાળમાં નહિ ભાવના ભાવી એવી રીતે નિર્મળ પરિણતિથી તેને હું ભાવું છું. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! આવો ક્યાં ઉપદેશ હતો? ગુલાબચંદભાઈ! નાગનેશમાં-નાગનેશમાં. ..ભાઈ .. નહિ? આહા..હા..!

દરિયા ડોલ્યા છે આખા. એવો કોઈ અદ્‌ભૂત સહજતત્ત્વ ભગવાન ત્રિલોકનાથ એને હું પણ, એમ કહ્યું. બીજા તો ભાવના કરીને મુક્તિ પામ્યા. '**હું પણ સદા...**' સદાય એક વાત. '**અતિ-અપૂર્વ રીતે...**' આહા..હા..! પૂર્વે કોઈ દિ' નહિ કરેલી એવી અપૂર્વ નિર્મળ નિર્વિકારી પરિણતિથી અત્યંત ભાવું છું. આહા..હા..! શું કળશો છેને! આ કળશા અમૃતથી ભરેલા કળશા છે!! આહા..હા..! '**અતિ-અપૂર્વ રીતે અત્યંત ભાવું છું.**' ભાષા જુઓ! '**અતિ-અપૂર્વ રીતે...**' પૂર્વે નહિ ભાવેલી રીતે હવે. આહા..હા..! અને તે પણ '**અત્યંત ભાવું છું.**' અંતરમાં એકાગ્રતા મારી, ભગવાન આત્મામાં અત્યંત ભાવના—મારી એકાગ્રતા છે કહે છે. આહા..હા..! લ્યો આ ૧૫૭ શ્લોક. ૧૫૮.

(वसंततिलका)

निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं
निर्मोहरूपमनघं परभावमुक्तम्।
संभावयाम्यहमिदं प्रणमामि नित्यं
निर्वाणयोषिदतनूद्भवसंमदाय।।१५८।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- સર્વ સંગથી નિર્મુક્ત,...**' ભગવાન આત્મા જે સર્વ સંગથી નિર્મુક્ત છે. આહા..હા..! '**નિર્મોહરૂપ,...**' છે. તદ્દન સ્વરૂપમાં જ સાવધાનપણે પરિણમેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આત્માના ગાણા તો ગાયા છે. આહા..હા..! ભગવાન! તું તો સર્વ સંગથી નિર્મુક્ત છો. ખરેખર તો પર્યાયનો પણ એને સંગ નથી. સમજાણું કાંઈ? પર્યાયથી દૂર વર્તે છે. ૩૮માં આવે છેને? આહા..હા..! '**નિર્મુક્ત,...**' છે. નિઃમુક્ત છે. સર્વ સંગથી ખાસ-વિશેષપણે નિર્મુક્ત છે. આહા..હા..! ઓહો..હો..! '**નિર્મોહરૂપ,...**' છે. તેને પરમાં સાવધાનીનો કોઈ અંશ નથી. નિર્મોહ. સ્વરૂપની સાવધાનીમાં એ પડેલું તત્ત્વ છે. આહા..હા..!

'**અનઘ,...**' છે. અઘ નામ પાપ અને પુણ્યથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અઘ-અન એમ. અઘ એટલે પુણ્ય-પાપ એનાથી રહિત અનઘ છે આત્મા. '**પરભાવથી મુક્ત...**' છે. અનઘ કીધું અને પછી પરભાવ એટલે વિકલ્પો જેટલા છે એ બધાથી મુક્ત પ્રભુ છે. આહા..હા..! '**એવા આ પરમાત્મતત્ત્વને...**' ભાષા જુઓ, '**એવા આ પરમાત્મતત્ત્વને હું...**' મુનિરાજ કહે છે કે એને હું '**નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા...**' આહા..હા..! મોક્ષરૂપી પરિણતિ શિવરમણી, નિરૂપદ્રવ કલ્યાણની પરિણતિ સિદ્ધની એવી જે નિર્વાણરૂપી સ્ત્રી, પરિણતિ એનાથી '**ઉત્પન્ન થતા અનંગ સુખ...**' અનંગ સુખ. અંગના સુખ જગતના માને એ નહિ. આ તો અનંગ સુખ. આહા..હા..! આ પછી માણસને આવું એકાંત લાગે. એમ કે કાંઈક-કાંઈક અંદર વ્યવહાર હોય છે એનું કાંઈક જોર દ્યો. જોર દે એટલે શું? વ્યવહારમાંથી પણ કાંઈક થાય અને આગળ જવાય. ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? જેને નિર્મળ પર્યાય કહીએ એને વ્યવહાર કહીએ. તો એને લક્ષે અંદરમાં ન જવાય. એ જનારી પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે અંદર જાય. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ!

અરે! આઠ-આઠ વર્ષના રાજકુમારો જ્યારે આનંદ તલસ્પર્શી સ્વાદને જોવે છે ત્યારે મુનિપણું લેવા તૈયાર થઈ જાય છે. અરે! અમારું નિધાન અમે જોયું. ન કીધું આપણે? પ્રવચનસારમાં ચરણાનુયોગની શરૂઆતમાં. હે સ્ત્રી! આ શરીરને રમાડનારી સ્ત્રીના આત્મા! એમ કે મારો આત્મા તો અનાદિ મારી અનુભૂતિ પાસે જાય છે. અનાદિ અનુભૂતિ આનંદનું સ્વરૂપ જે અંદર ત્રિકાળ હોં. આહા..હા..! મને રજા આપ, હવે મને છોડ. હવે હું મારા આનંદરૂપી અમૃતનો કંદ પ્રભુ અનુભૂતિ એકલો આત્માનો અનુભવ સ્વભાવ એવો આત્મા એની પાસે હું જાવ છું.

એને જોવા, નિહાળવા, નિવૃત્તિ લઉં છું. હું વનમાં જાઉં છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ કેવો દેખાવ હશે!

શાંતિનાથ ભગવાન જાય છે વનમાં (ત્યારે) છન્નું હજાર સ્ત્રી... કામદેવ. શરીરનું રૂપ એવું કે છ ખંડમાં એનું રૂપ એવું ભરત ખંડમાં (કોઈને ન હોય). આહા..હા..! એવી તો શરીરની સુંદરતા. અવયવે અવયવની સુંદરતા. કાન કુંડળ જેવા, નાક ગર્ભના ઓલા જેવું, મોઢું ચંદ્રમાં જેવું અને એકએક અવયવ. દીક્ષિત થાય છે. દીક્ષા લેવા જાય છે. રાણીયું જંટીયા તોડે, રોવે. હે સ્ત્રીઓ! હું કાંઈ તમારા માટે નહોતો રોકાણો. મને રાગની ગૃદ્ધિ હતી તે રાગને લઈને હું રોકાણો છું. હવે એ રાગ મારો મરી ગયો છે. હવે તમે શી રીતે જીવતો કરશો? હવે મને લાલસા શી રીતે ઉપજાવશો? આહા..હા..! સમજાણું કાંઈ? અમે અમારા આનંદના અમૃતને ઘોળવા વનમાં એકલા જાશું હવે. આહા..હા..! જુઓ, આ વીતરાગનો મોક્ષમાર્ગ. જેમાં કોઈની સહાય નથી. અરે! ત્રિકાળી ભગવાનને પર્યાયની સહાય નથી એમ કહે છે. આહા..હા..! એવા ભગવાનને અમે ભેટો કરવા માટે જઈએ છીએ. જાણ્યો તો છે, જ્ઞાનજ્યોતિ પ્રગટી છે. એમ કીધું હતુંને? આવો શુદ્ધાત્મા અતિઆનંદ એનું ભાન તો થયું છે. તેને એમ જાણ્યો છે, પણ હવે એમાં ઠરવા માગીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ઉદાસ... ઉદાસ... ઉદાસ... પરથી ઉદાસ થઈ જાય છે. અંતરમાં જવા માટે પરથી ઉદાસ થઈ જાય છે. મારા આસન નાખવાના ધામ તો ધ્રુવ છે. આહા..હા..! ત્યાં અમે બેસશું, ... હવે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! એવી વાત પણ સાંભળવા ન મળે. એ કે દિ' એને જાણવામાં આવે? ક્યારે રુચિ કરે અને ક્યારે પરિણમાવીને ઠરે? આહા..હા..! અરેરે! નહિતર તો આ શરીર મડદાનું મડદું થઈને પડશે ભૂ થઈને ... આહા..હા..! એમાં તો કહે છે કે મંદી થઈ છે તો કંઈક ભાગી ગયા શાહુકારો. કાંઈક કહેતા હતા. બહુ ધ્યાન રાખવું કીધું. મંદી થઈ ગયેલી. અમારા ગામમાં નહિ એક ભાઈ. કપુરસિંહ કરોડપતિ એ લોઢું કાઢ્યું. એ લોઢાના ભાવ કાંઈક ઘટી ગયા.

**શ્રોતા :–** કારખાનામાં નુકસાની થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નુકસાની થઈ અને પણ અમથા ભાવ ઘટી ગયા એમ કોક કહેતું હતું. લોઢાના ભાવ ઘટી ગયા તો હિન્દુસ્તાનમાં બધાને ખોટ છે. કહો, કાલનો કરોડપતિ આજનો ભિખારી. આહા..હા..! એઈ..! એમ છે. આપણે રતનલાલજી એને માટે આવ્યા હતા. એના આડતિયા હશે. નહિ? એના માટે આવ્યા હતા એમ કોક કહેતું હતું. નહિ? પણ એની સાથે. પણ સાથે ગયા નથી પણ એની સાથે કાંઈ સંબંધ નથી?

**શ્રોતા :–** સંબંધ છે પણ આ માટે બિલકુલ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કોઈ કહે કે એમાંથી એને સંબંધ છે. પણ આ બાબત નહિ

પણ એને કાંઈ એના તરફથી ઓછું...

**શ્રોતા :-** ..કાલે .. એમ વાત કરી કે હજી તને કાંઈ મદદ જોઈતી હોય તો હજી હું બેઠો છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોક કહેતું હતું. એને કાંઈક ધક્કો વાગ્યો એમ કોક કહેતું હતું.

**શ્રોતા :-** માલ આવતો હતો .. એ રીતે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! સંસાર આવો છે. કાલનો ખજાની અને આજનો ખોટવાળો. એવી ચીજ છે સંસારની. અમારે એક હતો ડ્રાઈવર. એ કહેતો હતો ત્યાં જયપુર. જયપુરમાં ઉતર્યા હતાને એક ફેરી? દિવાનના ઓલા મૂક્યા છે નહિ? પેલા જયપુર. ત્યારે ક્યાં તમે હતા? પછી જાગ્યા છે. તો દિવાનનું નથી મકાન બજારમાં? ત્યાં ઉતર્યા હતા પહેલાવહેલા આવ્યાને ૧૩ની સાલમાં (ત્યારે) ત્યાં ઉતર્યા હતા. એમાં એક ડોસો નીકળ્યો માગવા. માગતો હતો. ફકીર જેવો. લૂગડા જીર્ણ તાલ દેખાય સાથે. મેં જોયું. ઉતર્યો અને માગતો હતો ખાસડા. ખાસડા એટલે સમજ્યાને આ પગરખા. જીર્ણ થઈ ગયેલા, લૂગડા જીર્ણ અને હાથમાં વાટકો માગે. મેં કીધું, આ માણસ તો ટાલવાળો અને એટલો ગરીબ નથી લાગતો.

કહે છે સમજાણું કાંઈ? શું કીધું? એ આમ માગતો હતો. મેં કીધું કે આ કોણ છે? ત્યારે અમારો ઓલો હતો ડ્રાઈવર ઈ કહે મહારાજ! એ તો ઝવેરીનો દીકરો છે. કાંઈક કીધું માવજી ઝવેરી એમ કીધું. વાંકાનેરના. માવજી ત્રિકમજી. માવજી ત્રિકમજીનો દીકરો. પણ તને ક્યાંથી ખબર? મહેન્દ્રભાઈ આવ્યા બેઠા. મહેન્દ્રભાઈને એને બહુ મદદ કરી, પણ હવે તો આ ખબર રહી નહિ. માગે ભિખારી. ઝવેરીનો ઝવેરી. જયપુરમાં ઝવેરીની દુકાન. વાંકાનેર... છોકરો માગતો હતો. ૮૦ વર્ષની ઉંમર. ૮૦ ઉપર હશે. આહા..હા..! એ તો બહારની ચીજમાં બાપા ફરતા ક્યાં વાર લાગે? આ અનંત આનંદનો નાથ એની ઉપર નજર કરતાં એની બધી ખોટ પૂરી થઈ જાય.

**શ્રોતા :-** આ તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું એવું અનંતવાર થયું છે. એમ કે એવો... દરેક જીવને અનંતવાર ભાઈ એવું (થયું) છે. એને અનંતકાળનો પ્રવાહ આહા..હા..! જેનો પ્રવાહનો આદિ નહિ, જેનો અંત નહિ એવો અનંતકાળ, ભાઈ! અનંત કોને કહેવો? આહા..હા..! એવા એવા ભવો એણે અનંતવાર અનંત કર્યા છે. ભૂલી ગયો વર્તમાન દેખી. આ..આ.. બાયડી, છોકરા, અરે! ધૂળેય નથી સાંભળને. આહા..હા..! કહે છે, મારો નાથ તો પરભાવથી મુક્ત છે. આહા..હા..!

**'એવા આ પરમાત્મતત્ત્વને...'** આહા..હા..! **'હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા અનંગ સુખને માટે...'** મોક્ષની લક્ષ્મીમાં અનંત સુખ પ્રાપ્ત થાય, અનંત સુખ. એને **'માટે નિત્ય સંભાવું છું...'** આહા..હા..! મારા આનંદના નાથને મારી પર્યાયે સદા નિરંતર ભાવના

રાખું છું. મારી પર્યાય ત્યાં ઢળી ગઈ છે કહે છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આહા..હા..! અહીં પ્રભુ! ભગવાન તારો તું છો. આહા..હા..! તારા ભગવાનની મહિમાની તને ખબર નથી, ભાઈ! આહા..હા..! અનંતી સિદ્ધિના સુખની પર્યાયથી તો અનંતગુણ સુખ એમાં ભર્યું છે. આહા..હા..! એવો સુખનો સાગર છો, નાથ! તને આ શું થયું? આહા..હા..! જ્યાં વસ્તુ પડી છે ત્યાં નજર કરતો નથી અને જ્યાં તારી ચીજ નથી ત્યાં તારી નજર જાય છે. આહા..હા..! જ્યાં આવો સુખનો સાગર પ્રભુ એક સમયની પર્યાયની પાછળ પ્રભુ પડ્યો છે મોટો. આહા..હા..! જેની એક-એક શક્તિની અનંતતા, અપરિમિતતા એવી એવી અનંત-અનંત શક્તિનો સાગર પ્રભુ!

અહીં તો સુખની મુખ્યતા લીધી છેને. આહા..હા..! એવા આનંદના નાથને હું '**નિત્ય સંભાવું છું (-સમ્યક્‌પણે ભાવું છું)...**' છેને? સંભાવું છું એ શબ્દ છેને? સં એટલે સમ્યક્ પ્રકારે. બરાબર સમ્યક્ પ્રકારે આનંદના નાથની હું ભાવના કરું છું. લ્યો, આનું નામ મોક્ષનો માર્ગ. આહા..હા..! '**અને પ્રણમું છું.**' છેને? ભાવના કરું છું અને એમાં નમું છું. ભાવનમસ્કાર કરું છું. આહા..હા..! લ્યો, આવી વાત પણ ઓલા વ્યવહારના રસિયાને ન ગોઠેને. એને એ ટીકા...

**શ્રોતા :-** અહીં તો વ્યવહારની કાલે મશ્કરી કરી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મશ્કરી કરી હતી. વ્યવહાર આલોચનાની મશ્કરી (કરી છે કે) આમ પાપ લાગ્યું, આમ તોડવું એ આવ્યું ક્યાં વસ્તુમાં? વ્યવહારની મશ્કરી કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૧૫૮ કળશ થયો. ૧૫૯.

(वसंततिलका)

त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं
चिन्मात्रमेकममलं परिभावयामि।
संसारसागरसमुत्तरणाय नित्यं
निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम्।।१५९।।

'**શ્લોકાર્થ :- નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને...**' ભગવાનનો ભાવ જે આત્માનો આનંદ અને જ્ઞાન જે નિજભાવ એનાથી ભિન્ન. '**એવા સકળ વિભાવને છોડીને...**' આહા..હા..! '**એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.**' એક જ્ઞાનમાત્ર, નિર્મળ જ્ઞાનમાત્ર. જ્ઞાનની પ્રધાનતા લીધી. એકલો જ્ઞાનમાત્ર નિર્મળ અભેદ એકરૂપ એને હું ભાવું છું. આહા..હા..! એની મને એકાગ્રતા છે. એમાં મારી પર્યાય ઢળી ગઈ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.**' આહા..હા..!

'**સંસાર સાગરને તરી જવા માટે,...**' અરે! ઉદયભાવ, વિકારીભાવ, સંસારભાવ, રખડવાનો ભાવ, પરિભ્રમણનો ભાવ. આહા..હા..! એવો સંસાર સાગર. ત્યાં પણ સાગર

કીધો પાછો. આહા..હા..! '**સંસાર સાગરને તરી જવા માટે, અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા)...**' આહા..હા..! વસ્તુ પોતે અભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા)...**' આ મુક્તિના માર્ગની વાત છે હોં આ પાછી. '**(-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને પણ...**' આહા..હા..! મુક્તિનો માર્ગ પણ અભેદ છે. ત્રિકાળી અભેદસ્વરૂપમાં પરિણતિ અભેદ થઈ છે. આહા..હા..! એ મોક્ષનો માર્ગ એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એવા '**મુક્તિના માર્ગને પણ...**' એટલે કેમ મુક્તિના માર્ગને? ત્રિકાળને તો હું નમું છું, ત્રિકાળી ધ્રુવમાં તો મારી પરિણતિ રહી છે, પણ આ નિર્મળ પરિણતિ પર્યાય થઈ એને હું નમું છું. આહા..હા..! સમજાણું કાંઈ? 'પણ' શબ્દ છેને? '**મુક્તિના માર્ગને પણ...**' એટલે? કે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એને તો હું નમું છું, એકાગ્ર છું, પણ એ પર્યાય નિર્મળ પ્રગટી છે એને હું નમું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**શ્રોતા :-** પર્યાયને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નમન વાત છેને. પર્યાય નિર્મળમાં આમ ઢળી જાઉં છું. એમ. રાગમાં નહિ, એમ કહે છે. નમન કરવાની વાત છેને. નમનનો અર્થ આદર. નિર્મળ મોક્ષમાર્ગનો જ મારે આદર છે, રાગનો આદર નથી. નિર્મળ મોક્ષમાર્ગને દ્રવ્યનો આદર છે. સમજાણું કાંઈ? તેથી કહ્યું 'પણ'. અભેદસ્વરૂપ ભગવાન આત્મા એની નિર્મળ પર્યાય અને એનો આદર છે. પણ નિર્મળ પર્યાયને પણ હું નમું છું, કહે છે. આહા..હા..! એ તો આવે છે નહિ? પ્રવચનસારમાં નથી? મોક્ષમાર્ગને નમું છું. છેલ્લી ગાથાઓ. આહા..હા..! નિર્મળ આનંદનો નાથ પ્રભુ એ વંદનિક પર્યાય છે, કહે છે. સમજાણું કાંઈ? એ રાગ અને પુણ્ય અને વિકલ્પથી ભિન્ન પાડેલી દશા તેને હું નમું છું એમ કહે છે. આહા..હા..! એ ૧૫૯ થઈ. લ્યો, એ છ (કળશ). છ હતાને? ૧૧૦. ગાથા-૧૧૦.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं।।११०।।**

બીજો બોલ. આલોચનાના ચાર બોલ છેને? એનો પહેલો બોલ થઈ ગયો અને આ બીજો બોલ હવે.

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

આહા..હા..! '**ટીકા :- આ, પરમભાવના સ્વરૂપનું કથન છે.**' આ પરમભાવ. પરમભાવ એટલે ત્રિકાળી પરમસ્વભાવભાવ ધ્રુવભાવ પરમપારિણામિકભાવ. સમજાણું કાંઈ? જેને અહીં શુદ્ધાત્મા કહ્યો હતોને? એને અહીંયાં પરમભાવ કહ્યો છે પરમભાવ. પર્યાય છે ચાર ભાવની એ અપરમભાવ છે. આહા..હા..! એ ક્ષાયિકભાવ એ પણ અપરમભાવ, પરમભાવ નહિ.

આહા..હા..! આવી વાત સાંભળવા મળે નહિ ત્યાં બહારમાં કડાકૂટા. અરે! સમજાણું કાંઈ? કહે છે '**આ, પરમભાવના સ્વરૂપનું કથન** છે.' એક સમયની પર્યાય સિવાયનો જે ત્રિકાળી પરમભાવ એનું આ કથન છે. પર્યાયને તો અપરમભાવ કહ્યું. આવા પરમભાવથી ભિન્ન. આહા..હા..!

'**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...**' ભવ્યને કહે છે. અભવિને છે, પણ વ્યવહારયોગ્ય નથી. એટલે અહીં ભવ્ય જીવને તો પ્રગટ થાય છે એની વાત લીધી. ભવ્ય જીવને. આહા..હા..! '**પારિણામિકભાવરૂપ સ્વભાવ...**' ત્રિકાળ. જ્ઞાનરસ, દર્શનરસ, આનંદરસ, શાંતરસ, સ્વચ્છતારસ, પ્રભુતારસ એવો જે પરમપારિણામિકભાવ પર્યાય વિનાનો. આહા..હા..! ત્યારે જાણે છે કે આ પારિણામિકભાવ છે તે જાણું એ પર્યાય જાણે. આ પારિણામિકભાવ છે એ પરમપારિમામિકભાવ (છે) એ જાણે કોણ? પર્યાય. અપરમભાવ પર્યાય પરમભાવને જાણે છે. આહા..હા..! નિહાલભાઈમાં આ ઘણા ખુલાસા આપ્યા છે. કેટલાકને બેસે નહિ એવી વાત છે. વાંચ્યું છે કે નહિ? દેવશીભાઈ! વાંચ્યું નથી? આપ્યું છે? દ્રવ્યદષ્ટિ આપ્યું છે? દ્રવ્યદષ્ટિ પ્રકાશ છે કે નહિ? છે? ઠીક. આંખનું કાચુ છે. આહા..હા..!

'**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...**' એનો ત્રિકાળી સ્વભાવ, ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ એનો સ્વભાવ જ એવો છે. આહા..હા..! '**પરમ સ્વભાવ** છે.' છે? '**ભવ્યને પારિણામિકભાવરૂપ...**' આહા..હા..! '**પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમસ્વભાવ** છે.' સ્વભાવવાન એવો જે ભગવાન એનો પરમ પારિણામિકસ્વભાવ છે. આહા..હા..! 'તે **પંચમભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર** છે.' એ ઉદયને ગમ્ય નથી, ક્ષાયિકને ગમ્ય નથી (અર્થાત્) ક્ષાયિકને આશ્રયે ગમ્ય નથી એમ. સમજાણું કાંઈ? '**ચાર વિભાવસ્વભાવોને અગોચર** છે.' એ ચાર વિભાવસ્વભાવમાં એ પરમસ્વભાવ નથી, એમ. ચાર જે ભાવ છે ક્ષાયિક (આદિ), ક્ષાયિકભાવ એને પણ... એ ક્ષાયિકભાવમાં એ પરમપારિણામિકભાવ નથી. આહા..હા..! જાણે ક્ષાયિકભાવ પરમપારિણામિકને, પણ એ પરમપારિણામિકમાં એ ક્ષાયિકભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પંચમભાવ ત્રિકાળી સ્વભાવભાવ ઔદયિકાદિ—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર વિભાવસ્વભાવ કીધા. ચારેય વિભાવસ્વભાવ કહ્યા, પરમસ્વભાવ એ નહિ. આહા..હા..! ક્ષાયિકભાવને પણ વિભાવસ્વભાવ કીધો. વિશેષભાવ થયોને એ? વિશેષ થયો, સામાન્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો કેવો ઉપદેશ આવો! છોકરાઓને પહેલો બીજો દેવો જોઈએ અને બીજાને બીજો દેવો એમ નહિ? માર્ગ જ આ છે કહે છે. બાળ, ગોપાળ, વૃદ્ધ હોં આ શરીરે, ભગવાન આત્મા તો જેવો છે એવો અનાદિ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું ભાન નથી તે બાળ છે, ભાનવાળા તે યૌવન છે અને સ્થિર થઈ ગયા પાક્યા કેવળજ્ઞાન એ વૃદ્ધ થઈ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! શરીર અને માટીની

અવસ્થા તો ધૂળ જીર્ણ થાય. એને શું છે? આહા..હા..! અંગુળ છેને આમાં? તસુએ-તસુએ છન્નું-છન્નું રોગ. તસુએ-તસુએ રોગ. રોગની મૂર્તિ આ તો છે. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. આહા..હા..! આ દેહ વેદનાની, રોગની મૂર્તિ છે. દેખાય નહિ ત્યાં સુધી એને લાગે, પણ જ્યારે ફાટે (ત્યારે)... આહા..હા..! અનેક રોગો નીકળે ત્યારે ખબર પડે એને. આહા..હા..!

અહીં કહે છે, એવો પંચમભાવ ઔદયિક આદિ ચાર વિભાવસ્વભાવને અગમ્ય છે. એટલે કે એ ચાર ભાવને આશ્રયે તે જણાય એવો નથી. '**તેથી જ તે પંચમભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ**...' એમ લીધું જોયું! ઓલું ઉપશમ નાખતા, અને આ ઉદીરણા નાખી. '**ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકાર વિનાનો છે.**' આહા..હા..! ક્ષયભાવ તો વિકારવાળો એટલે વિશેષદશા થઈને વિકૃતદશા, વિશેષદશા. આહા..હા..! ઉપશમ નાખ્યું ઉદીરણામાં. ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ એવા '**વિવિધ વિકાર વિનાનો છે.**' આહા..હા..! પર્યાય કોને કહેવી એ નથી આવતું? ગુણના વિકારને પર્યાય કહેવી. ઓલામાં આવે છે. વિશેષ ગુણના વિકારને પર્યાય (કહે છે). વિકાર નામ વિશેષ કાર્ય, એમ. વિકાર એટલે સદોષતા એમ નહિ. નહિતર તો ક્ષાયિકભાવને વિકાર કીધો, પણ વિકાર એટલે દોષ નહિ, પણ વિશેષ કાર્ય. વિશેષ કાર્ય વિનાનો પંચમપારિણામિકભાવ છે. આહા..હા..!

અનાદિ સનાતન જૈનદર્શન. આ સનાતન જૈનદર્શન છે. દિગંબરદર્શન એ અનાદિ સનાતન જૈનદર્શન છે. આહા..હા..! બાકી બધા અર્વાચીન છે, પ્રાચીન નહિ. આહા..હા..! જુઓ તો એક વસ્તુ! એ વિનાનો અગોચર છે તેથી તે પંચમભાવ એવા ચાર વિવિધ વિકાર વિનાનો છે. '**આ કારણથી આ એકને પરમપણું છે,...**' ત્રિકાળી પરમસ્વભાવને એકને જ પરમપણું છે. ચાર ભાવ જે ક્ષાયિક આદિ એને પરમપણું નહિ. આહા..હા..! ઓલા અપરમભાવે સ્થિત એ નહિ હોં આ. '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहं**'. .. છેને? ૧૨મી ગાથા. એ બીજી વાત છે. એ તો પર્યાયમાં શુદ્ધતા ઓછી છે, અશુદ્ધતા હોય છે એને ત્યાં વ્યવહારે જાણવો એમ કહેવામાં એ અપરમભાવ કહેવાય. સમજાણું કાંઈ? પૂર્ણ થયો નથી. નિર્વિકલ્પમાં પૂર્ણ આવ્યો નથી ત્યારે આવી દશા હોય. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. આહા..હા..! પણ પર્યાયમાં એ અપરમભાવ, પરમભાવ ત્રિકાળ છે એમાં ઠરી જાય એને પરમભાવ એમ કીધું. વસ્તુમાં નિર્વિકલ્પપણે ઠરે એને પરમભાવ કીધો. જુઓ, પરમભાવ તો છે ઈ, પણ એમાં ઠરે એને પરમભાવ કીધો. વીતરાગતા થઈ ગઈ કેવળ એને પરમભાવ કીધો. એ સિવાયની અધૂરી દશાને અપરમભાવ કીધો. આહા..હા..!

અહીં કહે છે કે એ ચાર ભાવ છે તે પરમભાવ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**આ એકને પરમપણું છે,...**' આહા..હા..! '**બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.**' પરમથી ભિન્ન તે અપરમ છે. આહા..હા..! .. ત્યાં આવ્યો છે આજે. ભાઈ પાસે નહિ ભૂપત

પાસે. .. છે ભાઈ આવ્યો છે આજે. એ કહેતો હતો. તમારી પાસે ઓલા છેને. અરે..! આ તો રસ લેવા જેવો છે. એમાં યુવાન હોય કે વૃદ્ધ હોય ધૂળ એમાં ક્યાં છે આત્મા? અરે! ક્યારે આંખ મીંચાઈ જશે, ભાઈ? અને ક્યાં .. ચાલ્યો જશે? આહા..હા..! એ આલંબન જો આત્માનું ન લીધું (તો) થઈ રહ્યું. રખડતા રામ ક્યાંના ક્યાં જન્મે? ક્યાં અવતરે?

અહીં કહે છે 'આ **કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.**' હવે વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૭, સોમવાર, તા. ૨૭-૧૦-૧૯૭૫
## ગાથા-૧૧૦, પ્રવચન નં. ૭૫

કુંદકુંદાચાર્ય કહે છે કે આ નિયમસાર... છેને મોઢા આગળ? નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર શાસ્ત્રને. આ એની વિશેષતા છે. મેં મારી ભાવનાને અર્થે નિયમસાર સુશાસ્ત્ર એને મેં રચ્યું. સૌ દોષ પૂર્વાપરરહિત. આગળ-પાછળના દોષરહિત કહ્યું છે. પહેલું કાંઈક કહ્યું અને પછી કાંઈક એમ છે નહિ. અને તે પણ 'ઉપદેશ જિનનો જાણીને.' જિનેન્દ્રદેવનો ઉપદેશ જાણીને મેં મારી ભાવના માટે આ સુશાસ્ત્ર રચ્યું છે. આટલી એની વિશેષતા (છે) નિયમસારની. સમજાણું કાંઈ?

હવે ૧૧૦. '**આ, પરમભાવના સ્વરૂપનું કથન છે.**' સમજાણું કાંઈ? પરમભાવ એક સમયની પર્યાય વિનાનો જે પરમભાવ. ત્રિકાળી જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, સ્વચ્છતારસ, પ્રભુતારસ એવું જે પરમસ્વભાવપણું એનું આ કથન છે. આહા..હા..! '**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...**' પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે. સહજપારિણામિકભાવ છે એને. '**પરમસ્વભાવ છે.**' આહા..હા..! ગાથા બહુ ઊંચી આવી તાકડે બરાબર. આહા..હા..! '**ભવ્યને...**' પછી કહેશે '**અભવ્યત્વપારિણામિક એવા નામસહિત નથી...**' એ પર્યાયની અપેક્ષા છે ત્યાં. અભવિને પારિણામિક છે, પણ પરમપારિણામિકભાવ પર્યાયમાં પરિણમે એવી એની સ્થિતિ નથી. ભવ્યને તો એવી સ્થિતિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ફરીને. આ દેહથી ભિન્ન ભગવાન શરીર, વાણીથી તો જુદો, પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી જુદો, પણ એક સમયની પર્યાયથી પણ દૂર અને ભિન્ન. આહા..હા..! એવો પરમસ્વભાવ '**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...**' એ એનો સ્વભાવ છે, કહે છે. આહા..હા..! '**પરમસ્વભાવ છે. તે પંચમભાવ...**' બહુ આ તો ઠેઠ જિનેન્દ્રદના... કહ્યુંને

કે જિનેન્દ્રના ઉપદેશને સાંભળીને મેં પૂર્વાપરદોષરહિત મારી ભાવના માટે નિયમસાર બનાવ્યું છે, એમ કહ્યું છે. આહા..હા..! આ નિયમસારની વિશેષતા. શીતલપ્રસાદે તો લખ્યું છે કે સમયસાર કરતા પણ કાંઈક વિશેષતા નિયમસારમાં ઘણી છે. ટીકામાં એણે લખ્યું છે શરૂઆત કરી છેને ત્યાં. આહા..હા..!

પાઠ છેને અહીંયાં? '**आलुंछणम**' '**आलुंछणम**' આ આલોચનાનો ચાર પ્રકારનો આ બીજો પ્રકાર. પહેલો આલોચના અને બીજો '**आलुंछणम**' આહા..હા..! એટલે કે એ પરમભાવસ્વભાવ સંસારનો ભાવ એમાં નથી, પણ એ સંસારનો ભાવ એનો આશ્રય લે તેનો નાશ કરે એવો એ ભાવ છે. આહા..હા..! આવી વ્યાખ્યા એટલે ઝીણું પડે માણસને.

'**તે પંચમભાવ ઔદયાદિક ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.**' આહા..હા..! અહીં ચારમાં ઉપશમને ઉદીરણામાં લીધો છે. ઉપશમભાવ જુદો નથી પાડ્યો ઉદીરણાથી. '**ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા...**' જે ચાર વિભાવસ્વભાવને અગમ્ય છે. એટલે? ગમ્ય તો ક્ષાયિકભાવ અને ક્ષયોપશમભાવને ગમ્ય છે, પણ પર્યાયને આશ્રયે ગમ્ય નથી. જોકે ક્ષાયિકભાવ નીચે સાધકપણું છે એને કેવળજ્ઞાન તો નથી, પણ ક્ષાયિકસમકિત છે એને આશ્રયે પણ પરમપારિણામિકભાવ જણાય એવો નથી. આહા..હા..! એને આશ્રયે. ક્ષાયિક સમકિતમાં જણાય છે, પણ એને આશ્રયે જણાય એવો નથી. આહા..હા..! જુઓ, ઓહો..હો..! સમજાણું કાંઈ? પાટણીજી! આ બહુ ઊંચી વાત આવી છે. માલ-માલ. હરખજમણ છે આ. હરખજમણ સમજો છો? અમારે અહીં લગન કર્યા પછી છેલ્લો દિવસ હોય એને હરખજમણ કહે. તમારે કાંઈક હશે તો ખરું.

**શ્રોતા** :- પ્રીતિભોજન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રીતિભોજન. ઠીક. આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ અતીન્દ્રિય આનંદના ખોરાકથી ભરેલો પડ્યો છે આખો, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારે અતીન્દ્રિય આનંદ જોતો હોય તો એ અતીન્દ્રિય આનંદનો પિંડ પંચમભાવ એનો આશ્રય લે. આહા..હા..! ઉદયનો નહિ, ઉપશમનો નહિ, ક્ષયોપશમનો નહિ અને ક્ષાયિકસમકિત હોય તોપણ એનો આશ્રય નહિ. આહા..હા..! ક્ષાયિક શબ્દ પડ્યો છેને? અહીં તો કેવળજ્ઞાન તો છે નહિ. સાધકની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિધાન ચૈતન્ય આનંદનું ધામ પરમસ્વભાવભાવ તે ચાર ભાવને આશ્રયે જણાય એવો નથી. પાઠ તો એવો છે કે ચાર ભાવને અગમ્ય છે. સમજાણું કાંઈ? છતાં કહેશે કે સમકિતીને ગમ્ય છે. તો એનો અર્થ શું? કે સમકિતની પર્યાય ક્ષાયિકસમકિત હોય પણ એને આશ્રયે આ જણાય એવો નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આવો જિનેન્દ્ર ધર્મ ભારે ઝીણો. ઓલા કહે દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. ઓલા કહે કે ભક્તિ ને જાત્રા સમ્મેદશિખરની કરવી, શેત્રુંજયની (કરીએ

તો) ધર્મ થાય. ઓલા કહે લૂગડા કાઢી નાખે, નાગા થાય તો ધર્મ થાય. અરે! ધર્મ બાપા જુદી ચીજ છે. ધર્મને પ્રગટ કરવા માટે પરમસ્વભાવભાવનો આશ્રય લીધા વિના ધર્મ પ્રગટ થાય એવો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પરમસ્વભાવ...**' એ ચાર ભાવને અગમ્ય છે. પહેલા એ આવી ગયું છે. '**તેથી જ તે પંચમભાવ...**' અગમ્ય છે તેથી જ તે પંચમભાવ '**ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ...**' ઉદીરણા નાખી. ઉપશમને ઠેકાણે ઉદીરણા નાખી છે. '**ઉદય, ઉદીરણા,...**' કર્મની ઉદીરણા કરવી (એમ) આવે છેને? ઉદયમાં ઉદીરણાને યોગ્ય હોય એની ઉદીરણા. કર્મનો ઉદય છે એને યોગ્ય ઉદીરણા હોય એની ઉદીરણા. એવી પણ પર્યાય પંચમભાવમાં નથી. આહા..હા..! આવો ધર્મ કેવો? જિનેન્દ્રનો આ ધર્મ છે. આહા..હા..! '**તે પંચમભાવ ઉદય,...**' નામ રાગાદિ, દ્વેષાદિનો ઉદય એને ગમ્ય નથી. '**ઉદીરણા,...**'ને ગમ્ય નથી. '**ક્ષય, ક્ષયોપશમ...**'ને ગમ્ય નથી. '**એવા વિવિધ વિકારો વિનાનો છે.**' એ ક્ષયને પણ વિકાર કહ્યો છે. વિ-કારનો અર્થ મેલ નહિ, વિશેષે કાર્ય. સમજાણું કાંઈ? એ જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. પર્યાય કોને કહેવી? ગુણના વિકારને પર્યાય કહેવી. સિદ્ધાંત પ્રવેશિકા. તો વિકારનો અર્થ કાંઈ મલિનતા એમ નથી ત્યાં. પર્યાય કોને કહે? કે ગુણના વિકારને. તો સિદ્ધ પણ પર્યાય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે. જો વિકાર એટલે મલિનતા કહીએ તો તો એ સિદ્ધપણું સાબિત થાય નહિ અને પર્યાયનો સ્વભાવ આમ કીધો છે. છે? ઝવેરી! સિદ્ધાંત પ્રવેશિકામાં શીખ્યા છો કે નહિ? કોને કહેવી?

**શ્રોતા :-** ગુણોના વિકારને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગુણોના વિકાર. ગુણ એટલે ત્રિકાળ સ્વભાવ, એનો વિકાર. વિકાર જો મલિનતા લઈએ તો ક્ષાયિકપર્યાય સિદ્ધ થશે નહિ.

દ્રવ્ય એટલે વસ્તુ. અનંતગુણનો ધરનાર તે દ્રવ્ય એમ આવે છેને. શું આવે છે એમાં? ગુણોના સમૂહને દ્રવ્ય કહીએ. આવે છે? ગુણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ એનો સમૂહ, પૂંજ, પિંડ એને દ્રવ્ય કહીએ. આહા..હા..! અને ગુણ કોને કહીએ? કે દ્રવ્યની પ્રત્યેક હાલતમાં અને પૂરા ભાગમાં. પૂરો ભાગ એટલે ક્ષેત્ર અને પ્રત્યેક હાલત એટલે પર્યાય. દરેકમાં ગુણ હોય છે. પર્યાય કોને કહીએ? ગુણના વિકારને પર્યાય કહીએ. એમ ત્રણ બોલ ત્યાં આવે છે. એ વિકારનો અર્થ ગુણ જે ત્રિકાળ છે, પરમપારિણામિકભાવે સ્વભાવભાવ એની વર્તમાન વિકૃત એટલે વિશેષ દશા એને પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..!

તેથી તે વિવિધ નામ અનેક પ્રકારની... વિકાર એટલે કાર્યો એ વિનાનો છે. આહા..હા..! પર્યાય કાર્ય છેને? કેવળજ્ઞાન પણ કાર્ય છે, ક્ષાયિકસમકિત પણ કાર્ય છે, ચારિત્ર પણ કાર્ય છે. એવા વિવિધ કાર્ય વિનાનો દ્રવ્ય પરમસ્વભાવ છે. આહા..હા..! આવો ધર્મ, લ્યો! ઓલા જૈનધર્મમાં તો દયા પાળવી (એમ આવે). અરે..! સાંભળને કોણ દયા પાળે? કોની? પરની

દયા તું પાળી શકે? પરદ્રવ્ય સ્વતંત્ર છે. એને ભાવ થાય દયા પાળવાનો તો એ શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તે પંચમભાવ, ચાર ભાવ વિવિધ પ્રકારના કાર્યો એ વિનાનું કારણસ્વરૂપ છે. આહા..હા..!

**શ્રોતા :-** ... કૂટસ્થ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કૂટસ્થ છે, કારણસ્વરૂપ છે, ધ્રુવ છે, ચૈતન્યદળ છે પરિણતિ વિનાનું. આહા..હા..! પરિણતિ એ તો પર્યાય છે. પંચમપરમભાવ પરિણતિ વિનાનો ભાવ છે. એટલે કે વર્તમાન પર્યાયના ભાવ વિનાનો પંચમભાવ છે. આહા..હા..! આ નિશાળ જુદી જાતની છે. છોટાભાઈ! આહા..હા..! આવો ઉપદેશ અપાસરામાં, દેરાસરમાં ચાલે તો ચાલવા ન દે લે! આવો માર્ગ હોય? તો આ બધું અમે કરીએ છીએ એ શું છે? કરો છો તમે રાગ. સમજાણું કાંઈ? એ રાગથી આત્મા જણાય એવો નથી. અરે! રાગનો ક્ષય થાય સમકિતમાં, અનંતાનુબંધીનો ક્ષય થાય છેને? અનંતાનુબંધીનો ક્ષય થાય છે, મિથ્યાત્વનો ક્ષય થાય છે, એને આશ્રયે જણાય એવો નથી. આહા..હા..! કેમકે એ વિવિધ પ્રકારના અનેક પર્યાય એટલે અવસ્થાઓના કાર્ય વિનાનું તત્ત્વ છે. કાર્ય વિનાનું તત્ત્વ કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અકારણ? ના, કારણપરમાત્મા છે. અકારણનો અર્થ કે પર્યાય નથી એમાં એમ. વસ્તુ ત્રિકાળ એકરૂપ છે. છે તો કારણપરમાત્મા. કારણ છે પર્યાયરૂપી કાર્યનું. તો પર્યાયરૂપી કાર્ય વિનાનું એ તત્ત્વ છે. આહા..હા..! હજી આત્મા કોને કહેવો એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય, લ્યો. ધર્મ કર્યા... ધર્મ કર્યા... સામાયિક કરી ને પોષા કર્યા ને પડિક્કમણા. ધૂળેય નથી ધર્મ સાંભળને. બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

કહે છે, કેવો છે પંચમ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ? જે વસ્તુસ્વભાવ છે... છે... છે... છે... છે... એમાં નથી એમ કોઈ દિ' ન આવે, તેમ પર્યાયમાં છે એમ ન આવે. સુજાનમલજી! આવો માર્ગ છે. છુપીને બેઠો છે એને ખ્યાલમાં આવ્યો નથી માટે.

**શ્રોતા :-** અત્યાર સુધી ખ્યાલમાં ન આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન આવ્યો. સામું જોયું નથીને. એક માણસ આવ્યો મળવા મોટો કોઈ શેઠિયો કરોડપતિ. સામું જોવે નહિ અને આમ બીજાની સામું જોવે તો ઓલો વયો જાય ઉઠીને. છે તો ખરો. એમ એની સામું જોતો નથી, કાળ ચાલ્યો જાય છે રખડવામાં. આહા..હા..!

'આ કારણથી...' ક્યા કારણથી? કે ઉદય, ઉપશમ અથવા ઉદીરણા, ક્ષય અને ક્ષયોપશમ. કાંઈક ઉપશમ અને કાંઈક ક્ષય. **'એવા વિવિધ વિકારો વિનાનો છે. આ કારણથી...'** આહા..હા..! ટીકા પણ ટીકા છેને! **'આ એકને પરમપણું છે,...'** ઓલા ચારને નહિ એમ

કહે છે. ભલે એ ચાર હોય. સમજાય છે કાંઈ? ભગવાન પરમસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ જે આદિ નહિ, અંત નહિ, પરિણતિ નહિ, અભાવ નહિ, છતાં એ પંચમભાવ ભાવવાળું તત્ત્વ પર્યાયના કાર્ય વિનાનું છે. આહા..હા..! એ પ્રશ્ન થયો હતો પહેલો નહિ? ત્રિભુવનભાઈએ કર્યો હતોને. વારિયા. વીરજીભાઈનો દીકરો. આ કારણ પરમાત્મા તમે કહો તો કારણ (હોય) તો કાર્ય આવ્યા વિના કારણ હોય નહિ. કારણ કહો તો કાર્ય આવવું જોઈએ. કોણે ના પાડી? પણ કારણપરમાત્મા છે એવો સ્વીકાર થયો છે? છે તો છે એને ઘરે. એણે પ્રશ્ન કર્યો હતો. એમ કે કારણપરમાત્મા કહો તો કાર્ય થવું જ જોઈએ. કોણે ના પાડી? પણ એ કારણપરમભાવ છે એનો સ્વીકાર છે? સ્વીકાર વિના તારે ક્યાં કારણપરમાત્મા આવ્યો? સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિમાં તેના સ્વીકાર વિના એ છે એમ જાણ્યું કોણે? જાણ્યા વિના છે એ આવ્યું ક્યાંથી? ન્યાય સમજાય છે? આહા..હા..!

**'ચાર વિભાવસ્વભાવોને અગોચર છે. તેથી જ તે પંચમભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.'** આહા..હા..! બે ન્યાય આપ્યા. **'આ કારણથી આ એકને...'** પરમસ્વભાવ ધ્રુવ અનાદિ-અનંત નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... આનંદકંદ છે... છે... છે... છે... છે... છે... છે... ત્રિકાળ એવા એકને જ પરમસ્વભાવપણું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ કારણથી...'** સમજાય એવું છે હોં! ભાષા સાદી છે. ભાષા કોઈ આકરી સંસ્કૃત ને વ્યાકરણ ને એવી નથી આ.

**'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** આ સૂત્ર છે ઉમાસ્વામીનું. સિદ્ધાંત છે કે વસ્તુ છે એ ઉત્પાદ-વ્યય પર્યાયવાળી છે અને ધ્રુવ છે. બદલે છે અને નહિ બદલે એવું તત્ત્વ છે. બે થઈને દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં અહીં કહે છે કે ઉત્પાદ-વ્યયવાળી જે પર્યાય છે ચાર ભાવની... આહા..હા..! એ પરમભાવમાં નથી. એ ઉત્પાદ-વ્યયવાળી વિકારી છે એ કારણપરમાત્મા પંચમભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો સાધકની વાત છે. નહિતર તો સિદ્ધની પર્યાય પરમપંચમભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પહેલા આવી ગયું છે. ક્ષાયિકભાવ જીવમાં નથી. શુદ્ધભાવ (અધિકારમાં). આહા..હા..! ક્ષાયિકભાવ સિદ્ધપણું કેવળજ્ઞાન અનંતચતુષ્ટય શક્તિરૂપ જે પડ્યા છે પરમસ્વભાવ, એની વ્યક્તતા, પ્રગટતા પર્યાયમાં પ્રગટ એવા જે અનંત જ્ઞાન, દર્શન અને આનંદ એ દ્રવ્યમાં નથી. આહા..હા..! આ તે વાત! આચાર્ય કહે છે કે જિનેન્દ્રના ઉપદેશને પૂર્વાપર દોષરહિત જાણીને મેં આ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.'** આહા..હા..! કેવળજ્ઞાન પણ અપરમપણું છે. કાલે તો આવ્યું હતું કે... બારમી ગાથામાં આવે છેને **'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।'** એ બીજી વાત. **'ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।'**

એ આ નહિ. ત્યાં તો પરમપારિણામિકભાવમાં નિર્વિકલ્પપણે ઠર્યો છે તેને ત્યાં પરમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કારણ કે ત્યાં નિશ્ચય અને વ્યવહારનો વિષય બતાવવો છેને. નિશ્ચયનો વિષય તો ભૂતાર્થ છે. ત્રિકાળ ભૂતાર્થ તે નિશ્ચયનો વિષય, પણ જેણે વિષય કર્યો એવી જે પરિણતિ એ નિર્વિકલ્પપણે જ્યાં પડ્યો છે અંદર એને અપરમભાવ એટલે પર્યાયમાં જે અધુરાશ કે મલિનતા એ એમાં નથી. ત્યારે હવે એ પર્યાયમાં અધુરાશ અને મલિનતા થઈ એનું શું? કે એ પરમસ્વભાવ નિર્વિકલ્પમાં પડ્યો નથી, દ્રવ્યનો આશ્રય લઈને ઠર્યો નથી એ સિવાયની જે પર્યાય બાકી રહી ઠર્યો નથી એટલી એને ત્યાં અપરમભાવ કીધો છે. અહીં તો ચાર ભાવને અપરમભાવ કીધા છે અને ત્યાં પરમસ્વભાવભાવ એનો આશ્રય લઈને જે નિર્વિકલ્પપણે ઠર્યો છે. કાં તો કેવળજ્ઞાન થયું છે અને કાં અંદર ધ્યાનમાં ઠર્યો છે. બે અર્થ છે એના. સમજાણું કાંઈ? એને વ્યવહાર નથી. કારણ કે એને પર્યાયમાં અધુરાશ છે કે શુદ્ધતા થોડી છે એનું ત્યાં લક્ષ નથી. માણેકલાલભાઈ! આવું બધું અટપટું છે. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! બિચારા બાલ જીવોને તો કાંઈ પત્તો ન ખાય અને એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહા..હા..! એણે જન્મ-મરણરહિત થવા માટે શું કરવું એ હાથ ન આવે ત્યાં સુધી ચાલ્યા જશે. આહા..હા..! જન્મ, જરા અને મરણના દુઃખરૂપી દશા એનાથી જેને રહિત થવું હોય એણે શું કરવું? કે પરમસ્વભાવભાવ છે તેનો એણે આશ્રય લેવો, કે તેમાં જન્મ-મરણના દુઃખ અને સંસાર એમાં નથી. એ કહેશે આગળ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ એકને પરમપણું છે,...**' સમજાય છે કાંઈ? એક એટલે ત્રિકાળી પરમસ્વભાવભાવ વર્તમાન ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો. તે એકને પરમભાવ, પરમસ્વભાવ, પરમવસ્તુ, કારણ ભગવાન, કારણજીવ એને કહેવામાં આવે છે. આહા..હા..! આવો ધર્મ ભારે! ઓલા તો એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચો ઈન્દ્રિયા, વયા.. લેશ્યા જાવ. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામિ દુક્કડમ... જાવ થઈ ગયો. તસઉતરી કરણેણં અપ્પાણં વોસરામિ. આવે છેને છેલ્લું? તાવકાયં ઠાણેણં. અરે..! એમાં કાંઈ ન મળે સાંભળને. એ તો બધી વિકલ્પની વાતું છે. આહા..હા..! હીરાભાઈ! કર્યું હતું કે નહિ પહેલું આવું? .. નહિ કર્યું હોય બાપુએ?

**શ્રોતા** :- બહુ ઓછું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓછું. પાધરા આવી ગયા છે. આહા..હા..!

અહીં તો કહે છે, ત્રણલોકનો નાથ અંદર જેને પરમભાવ કહીએ એ ચીજમાં અપરમ ચાર ભાવનો અભાવ છે. આહા..હા..! એ પર્યાય એ પ્રજા છે. એ પ્રજાનો પારિણામિકભાવમાં અભાવ છે. આહા..હા..! પ્રજાનો પિતા. કહે છે કે એમાં પ્રજાનો અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.**' આહા..હા..! ક્ષાયિકસમકિત. ક્ષપકશ્રેણીએ

ચડે તેની દશા ક્ષાયિક હોય છે. શ્રેણીએ ચડે એને કોઈને ઉપશમભાવ પણ હોય અને ક્ષપક ચડે એને ક્ષાયિક હોય, પણ એ ક્ષાયિકભાવની પર્યાય વિનાનું દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતુંને કે યતિ કોને કહીએ? કે ક્ષપકશ્રેણીએ ચડે એવા જીવને યતિ કહીએ. એકદમ સ્વરૂપની યતનામાં ચડ્યો અને કેવળજ્ઞાન લેવાની તૈયારી છે. આ યતિ ઓલા સાધુ થાય એ નહિ હોં! આ તો સ્વરૂપ પૂર્ણાનંદના નાથમાં યતિ-યત્નાએ ચડ્યો છે અંદર ધારાએ એને યતિ કહીએ. અને અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની, કેવળજ્ઞાન આદિ એને મુનિ કહીએ. આહા..હા..! એની વૈયાવચ્ચ કરે એમ આવ્યું હતુંને? કેવળજ્ઞાનીની વૈયાવચ્ચ કરે સમકિતી. શું વૈયાવચ્ચ કરતો હશે? પાઠ એવો આવ્યો હતો. આવ્યું હતું સવારમાં કે નહિ? ઋષિ, યતિ, મુનિ, અણગાર ચારની વૈયાવચ્ચ કરે. એ કેવળીની વૈયાવચ્ચ શી રીતે કરે? કેવળીએ જે કહ્યું છે તેને એ માને અને ઠરે એ એની વૈયાવચ્ચ છે. આહા..હા..! કેવળી કરે વૈયાવચ્ચ એમ નથી ત્યાં. કેવળીની વૈયાવચ્ચ કરે એમ શબ્દ છે. કેવળી છદ્મસ્થનો વિનય કરે, ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે એ વાત નથી ત્યાં. આ તો કેવળીનો વિનય કરનારો મુનિ. સમજાણું કાંઈ? એ વૈયાવચ્ચ કરે છે કેવળીની. જે કહે છે એવું જ માને છે. કહે છે એવો સેવે છે આત્માને. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ફેર ભાઈ માર્ગનો. આહા..હા..!

'**ચાર વિભાવોને અપરમપણું છે.**' બે વાત સિદ્ધ કરી. એક તો ત્રિકાળી ભાવ વસ્તુ છેને? છેને? અસ્તિ છેને? અસ્તિ છે, મોજૂદ છે, હયાતી છે. એવો હયાતીવાળો ત્રિકાળીભાવ તેને પરમભાવ કહીએ અને પલટતી દશાવાળા જે ચાર ભાવ છે એને અપરમભાવ કહીએ. સમજાણું કાંઈ? મહાપ્રભુ એ મોટો છે, કહે છે. ક્ષાયિકભાવ આદિ તો બધા અપરમ નાના છે બિચારા. આહા..હા..! રસિકભાઈ! આવી વાતું ભારે ઝીણી. ક્ષાયિકભાવ એ નાનો. અપરમ કીધોને? અને આ મોટો પરમભાવ ધ્રુવ એ મોટો પરમભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

હવે ઈ છે કેવો? પરમભાવ, ધ્રુવભાવ, નિત્યાનંદ પ્રભુ, સ્વભાવભાવ, પરમપારિણામિકભાવ, કારણપરમાત્મભાવ, કારણજીવસ્વભાવભાવ. એ બધાય એના ને એના નામ છે. '**સમસ્ત કર્મરૂપી...**' છેને? ૧૪૮ પ્રકૃતિ આવે છેને સમયસારમાં? વિષવૃક્ષ. એ ઝેરના ઝાડ છે. આઠ કર્મ. તીર્થંકરની પ્રકૃતિ હોય અંદર એ બધા ઝેરના ઝાડ છે. આહા..હા..! '**સમસ્ત કર્મરૂપી...**' એમ લીધું છેને? કોઈ તીર્થંકર પ્રકૃતિ જુદી પાડી છે એમ નથી ત્યાં. આવી ગયું એમાં. આહા..હા..! પ્રકૃતિ છેને એ તો જડ છે. શુભભાવ સમકિતીને હોય એમાં તીર્થંકર પ્રકૃતિ બંધાય. પ્રકૃતિ તો જડ છે અને જડનું કારણ એનો શુભભાવ છે, અપરાધ છે. તીર્થંકરપણું બંધાય એનો ભાવ પણ અપરાધ છે. આહા..હા..! કહ્યું છે ક્યાંય? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે. એ અપરાધ છે, શુભોપયોગનો એ અપરાધ છે આહા..હા..! કે જેનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. પ્રકૃતિ જડ બંધાય છેને. અમરચંદભાઈ! આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાય

છેને. આહારક શરીર બંધાય, પ્રકૃતિ .. બંધાય એ શુભભાવનો અપરાધ છે. નિરપરાધથી બંધ છે? અબંધસ્વભાવી ભગવાનને અબંધપરિણામે બંધ થાય? બંધ થાય એ તો બંધ પરિણામ છે. એમાં રાજી-રાજી થઈ જાય કે આહા..હા..! તીર્થંકર પ્રકૃતિ બાંધી. શું છે પણ હવે? અને તીર્થંકર પ્રકૃતિ બાંધી એને કેવળજ્ઞાન થાશે. એ પ્રકૃતિ બાંધી માટે થાશે? સમજાણું કાંઈ? આહા..હા..! એ તો એ શુભભાવથી જે બંધાણું એને પણ છેદી અને જે પ્રકૃતિ બંધાણી એને પણ છેદી (કેવળજ્ઞાન પામશે). આહા..હા..!

**'સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષ...'** આહા..હા..! ભગવાન પરમસ્વભાવ તો અમૃતનો સાગર છે. આહા..હા..! અમૃતનો દરિયો છે ભગવાન તો. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર ધ્રુવ છે. ત્યારે કર્મ છે એ વિષવૃક્ષના ફળ છે. ઝેરના ઝાડના એ ફળ છે. આહા..હા..! **'સમસ્ત કર્મરૂપી...'** ઝેરના વૃક્ષના મૂળને **'મૂળને ઉખેડી નાખવામાં સમર્થ...'** આહા..હા..! ગધેડો ઘાસ ખાય એ આખુ ખેંચીને ખાય, મૂળથી ખેંચીને ખાય અને ગાય જે ઘાસ ખાય એ તો મૂળ રાખીને ઉપર ઉપર તોડે અને ખાય. એટલે મૂળિયા સાજા રહે. એટલે પાછા ઉગે અને વધે. ગધેડો એવો હોય ત્યારે કહે ડાહ્યો જ્ઞાની કેવો હોય એની સામે? કે કર્મના ઝેરના ઝાડને મૂળમાંથી ઉખેડી નાખે છે. આહા..હા..! ગધેડો આવો હોય જ્ઞાની આવો એમ કહે છે. આહા..હા..! પંચમપરમભાવ એવો છે. જે પંચમભાવમાં કર્મ નથી. એટલે વિષવૃક્ષના મૂળને ઉખેડવાનો અર્થ એમાં છે જ નહિ. બીજી રીતે કે એ પરમભાવ જે છે એનો જે આશ્રય લે છે એ વિષવૃક્ષના ઝાડનો નાશ કરી નાખે છે. આહા..હા..! આવું! હીરાલાલજી! આવું આ પૈસા-બૈસામાં નહિ આવતી હોય આવી વાતું. આહા..હા..! ધૂળ છે. પૈસા શું? માટી, ધૂળ છે. આહા..હા..! અહીં તો ચાર ભાવને પણ હલકા, અપરમ ઠરાવ્યા. લક્ષ્મી તો ક્યાંય ધૂળ રહી ગઈ. આહા..હા..! શરીર-બરીર આ જડ માટી, ધૂળ. એ તો ક્યાંય રહી ગયું. આમાં તો ઉદયભાવ પણ નથી. એ તો પરમપારિણામિકભાવની પર્યાય છે આ તો. પર્યાય .... પરમપારિણામિકની. આહા..હા..! ભાષા જ આવી જુદી જાતની.

કહે છે કે એકવાર સાંભળતો ખરો, પ્રભુ! જિનેન્દ્રદેવની વાણીમાં તો આ આવ્યું છે. આહા..હા..! કે પંચમભાવ જે ધ્રુવ છે તેમાં કર્મ વિષવૃક્ષના ફળ દેનારી ચીજ એમાં નથી અને એનો આશ્રય લે છે પરમભાવનો એને કર્મરૂપી વિષવૃક્ષનો મૂળથી નાશ થઈ જાય છે. આમ કહે છેને અપવાસ કરે તો નિર્જરા થાય, કર્મ ખપે. એમ નથી, એમ કહે છે. ઉપવાસનો અર્થ એ છે કે વસ્તુ જે છે ચિદાનંદ ધ્રુવ એમાં ઉપ નામ સમીપમાં જઈને વસવું એનાથી કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો કઈ જાતનો ઉપદેશ? આવો વીતરાગમાર્ગમાં! વસ્તુ આ છે, ભાઈ! ત્રિલોકનાથ જિનેન્દ્રદેવના પંથમાં આવો માર્ગ છે. આહા..હા..! એ અપવાસ કરે, સામાયિક કરે, ચોવિહાર કરે માટે નિર્જરા થાય એમ નથી.

નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક કર્મનું ખપવું, અશુદ્ધતાનું ટળવું અને શુદ્ધતાનું ઉપજવું.

નિર્જરાના ત્રણ પ્રકાર છે. સમજાણું કાંઈ? એ ત્રણેય પ્રકાર શુદ્ધ પરમપંચમભાવને આશ્રયે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધોપયોગને પણ નિર્જરા કીધી છે. ભાવ અસ્તિરૂપે, અશુદ્ધતા ટળે એને નિર્જરા કીધી છે નાસ્તિરૂપે અને એનું નિમિત્ત કર્મ અનુસાર એની મેળાએ ગળે એને અસદ્ભૂત વ્યવહારની નિર્જરા કીધી છે. આહા..હા..! કેટલું યાદ રાખવું આમાં? એક-એક વાત નવી લાગે. નવી નથી, બાપુ! ઘરની વાત છે આ. પણ તને મળ્યું નથી એટલે એને એમ લાગે કે આ શું આ બધું?

**'સમસ્ત...'** સમસ્તમાં કોઈ બાકી ન રહ્યું. ભાવકર્મ અને દ્રવ્યકર્મ બધાય. એને વિષવૃક્ષ છે એ. એ ઝેરના ઝાડ છે. એને મૂળથી **'ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...'** આહા..હા..! સમજાણું કાંઈ? પરમભાવ ઉખેડી નાખેનો અર્થ પર્યાય થાય પરમભાવમાં ત્યારે ઉખેડે. પણ એ પરમભાવ... પરમભાવની જ એ તાકાત છે એમ કહે છે. એનો આશ્રય લે એને કર્મનો નાશ થયા વિના રહે નહિ. નિર્જરા થાય અને બંધનો અભાવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્જરા અને સંવર કોને થાય? અને સર્વથા બંધનો નાશ કોને થાય? સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ એટલે શુદ્ધિની પૂર્ણતા. એ ત્રણે થાય કોને? એ પરમભાવને આશ્રયે થાય, એમ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ત્રિકાળ-નિરાવરણ...'** છે? વસ્તુ જે પરમભાવ તો ત્રિકાળ નિરાવરણ છે. પર્યાયને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. દ્રવ્યને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે જ નહિ. વર્તમાન મલિન પર્યાય અંતઃતત્ત્વ આવ્યું હતુંને? બે ઠેકાણે હતું આમાં. અંતઃતત્ત્વ અને કર્મ. અંતઃતત્ત્વ મેલું અશુદ્ધ અંતઃતત્ત્વ, મલિન પર્યાય અને કર્મ એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ભગવાન આત્મા દ્રવ્યને તો એની સાથે સંબંધ છે જ નહિ. આહા..હા..! અશુદ્ધ મલિન પરિણામ. બે વાર આવી ગયું હતું આપણે. અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ. આહા..હા..! એનો ભેદ પાડવો એમ આવ્યું હતું. ભેદાભ્યાસ. અશુદ્ધ મલિન પર્યાય અને કર્મનું નિમિત્ત બેયથી ભગવાન ભિન્ન છે એવું ભેદજ્ઞાન કરવું. આહા..હા..! એને ધર્મ કહેવામાં આવે છે. હવે આવી વ્યાખ્યા. આહા..હા..!

સંપ્રદાયમાં તો બસ આવા અપવાસ કર્યા, પાંચ કર્યા, દસ કર્યા, વીસ કર્યા અને મહિનાના કર્યા. હવે એ તો મોટા લખાણ આવે આવા. એકલા બંધના કારણ મિથ્યાત્વસહિત છે. આકરી વાતું, બાપા! આહા..હા..! સાધુ આર્જિકા હવે તો કરે છે. બધા એના મહિના-મહિનાના બે (મહિનાના). એના પછી પારણા હોય ત્યારે માણસ ભેગા થાય. પારણા કર્યા. આહા..હા..! શેના અપવાસ? ધૂળના? આહા..હા..! ભાઈ! તને ખબર નથી, બાપુ! ત્રણલોકનો નાથ પરમસ્વભાવભાવ. એનો આશ્રય લીધા વિના ત્રણકાળમાં ક્યાંય ધર્મનો અંશ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાને આકરું લાગે. માળા સોનગઢિયા એકલી નિશ્ચયની વાતું (કરે) એમ કહે બિચારા. કહે, ત્યાં નહિ ત્યાગ, નહિ તપસ્યા, એમ કહે. કોને કહેવું બાપા?

તને ત્યાગ-તપસ્યા કોને કહેવી, ભાઈ? આહા..હા..! જેમાં મિથ્યાત્વનો ત્યાગ નથી એને બીજો ત્યાગ કોને કહેવો? આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં રુચિ રાખીને પડ્યો અને એને ધર્મ થાય એ ત્રણકાળમાં ન થાય. એ તો મિથ્યાબુદ્ધિ છે. ગમે તેટલા અપવાસ કરે અને ગમે તેટલી ક્રિયા કરે, મિથ્યાદષ્ટિની ક્રિયા છે એ તો બધી. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં રહીને જે કાંઈ કરે એ તો મિથ્યાદષ્ટિની ક્રિયા છે. આ તો પર્યાયથી પાર રહેલો જે દ્રવ્યસ્વભાવ. આહા..હા..!

બહુ સરસ ગાથા આવી. પરમભાવ, ધ્રુવભાવ. ધ્રુવને આવરણ કેવું? સહજાનંદસ્વરૂપ પ્રભુ ધ્રુવતત્ત્વ નિત્ય રહેનારું તત્ત્વ એને આવરણ હોય નહિ. આહા..હા..! એને આવરણ હોય તો એનો અર્થ થયો કે એ ધ્રુવનો અભાવ છે એને. સમજાણું કાંઈ? ધ્રુવને આવરણ એટલે એનો અભાવ થઈ ગયો એ તો. એને હોઈ શકે નહિ. ધ્રુવનો અભાવ થાય કોઈ દિ'? પર્યાય મલિન પર્યાયને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહેવાય. જેથી કરીને પર્યાયમાં એની શુદ્ધતાનો અભાવ થાય અને કર્મનું એમાં નિમિત્ત એને આવરણ કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? દાદરની માગણી બહુ છે, ભાઈ! લાલભાઈ! દાદરની માગણી. એમાં તમારા ઓલા આમોદવાળા એની માગણી આવી છે બહુ. મારે ત્યાં ઉતારો કરો. એકકોર શાંતિભાઈએ માગણી કરી. ઓલા આમોદવાળા નથી રમણીકભાઈ? મુંબઈમાં નથી ગૃહસ્થ માણસ કરોડપતિ? આમોદના છેને. બહુ પ્રેમ છે. એનો કાગળ છે આજે. કોના ચંદુભાઈ ઉપર છે? મહારાજ! અહીં મારે ત્યાં ઉતારો કરજો. એટલે એને નક્કી થઈ ગયું. ૮૭માં અહીં આવશે. પ્રેમ છે બધાને હોં. ગૃહસ્થ છે. આહા..હા..!

આવું તત્ત્વ જેને સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે? કે દિ' રુચિ કરે? અને ક્યારે અંદરમાં જાય? આહા..હા..! અને અંદરમાં ગયા વિના, એને સ્પર્શ્યા વિના ધર્મ ત્રણકાળમાં ન થાય. આહા..હા..! પંચમપરમભાવ એને પર્યાય એને સ્પર્શ્યા વિના, એના સ્પર્શનો અર્થ કાંઈ એકમેક થઈ જતી નથી, પણ પર્યાયનું મુખ જે પરતરફ છે એને સ્વસન્મુખ કરવું એ અભેદ થઈ એમ કહેવાય. બાકી પર્યાય અને દ્રવ્ય બે અભેદ થઈ જાય છે ત્યાં એમ નથી. પર્યાય પર્યાયપણે રહીને દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની શ્રદ્ધા કરે છે. આહા..હા..! દ્રવ્યમાં ભળી જાય છે? આહા..હા..!

**શ્રોતા :-** દ્રવ્યમાં તો ડૂબી જાય છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડૂબી જાય એનો અર્થ? લક્ષ પર્યાયનું છોડે છે એમ. પર્યાય પર્યાયનું લક્ષ છોડે છે અને દ્રવ્ય ઉપર લક્ષ જાય એ ડૂબી જાય છે એમ. ૧૨૬. ૧૨૬ અને બીજી કઈ? ૮૦. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**।' આહા..હા..! પર્યાય અવસ્થા ઉપર જે લક્ષ છે એ ત્યાંથી ખસી જાય છે. એ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે ત્યારે પર્યાય ડૂબી ગઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! અરે! આવી વાત બહુ (સૂક્ષ્મ છે), ભાઈ!

**શ્રોતા :-** આશ્રયમાં ડૂબી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રયમાં ગઈ અને એકાકાર થઈ ગઈ એમ. એ બાજુ ઢળી ગઈ એમ એકાકારમાં. આહા..હા..!

**શ્રોતા :-** ... તન્મય થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તન્મય શું થાય? પર્યાય અને દ્રવ્ય એક થાય? પણ કહેવાય એમ. આમ તન્મય હતીને રાગમાં? તો આમ તન્મય થઈ એમ કહેવાય. તન્મય એટલે તે સ્વરૂપે થઈ જાય છે? પર્યાય તો પર્યાયના સ્વરૂપમાં રહીને દ્રવ્યની શ્રદ્ધા કરે છે. આહા..હા..! પર્યાય તો પર્યાયના સ્વરૂપમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. ભેગી ભળીને કરે છે? આહા..હા..!

**શ્રોતા :-** એકાકાર થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એકાકારનો અર્થ આમ (પરમાં) એકાકાર હતી તો આમ (સ્વભાવમાં) એકાકાર થઈ એમ. એનો અર્થ એ. સ્વસન્મુખ થઈ એને એકાકાર કહેવાય. દ્રવ્યને આકારે પર્યાય થઈ એમ. પણ પર્યાય દ્રવ્યમાં ભળી ગઈ છે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ઉત્પાદ-વ્યય તો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ તો પ્રમાણનો વિષય છે, નયનો વિષય નથી. નયનો વિષય એક અંશ હોય. નિશ્ચયનો વિષય ધ્રુવ એક અંશ છે. વ્યવહારનો વિષય એક પર્યાય એક અંશ છે. પર્યાય અને ધ્રુવ બેનો અંશ તો પ્રમાણ છે. સમજાણું કાંઈ? આવી વાતું આ ક્યાં. .. પડી ગઈ. આ તો બે સામાયિક કરવા .. ઘડિયાળું લે ઘડિયાળું. અમારે ઉમરાળામાં નજીક બહુ. કણબીવાડમાં ઘર છેને. અમારું જન્મસ્થાન. તો ત્યાં નાના છોકરા રમીએ અમે દસ-દસ વર્ષના. ડોશીયું બહાર બેઠી હોય બિચારી ઘડિયાળું (લઈને). એ ઘડિયાળું પૂરું થાય તો સામાયિક પૂરી થઈ ગઈ, લ્યો. આ ઉઠ્યા. કાંઈ ભાન ન મળે. સામાયિક થઈ ગઈ લ્યો. ઓલી રેતી પૂરી થઈ જાયને રેતી? ઘડિયાળું હોય છેને, રેતી. એ ઘણા બિચારા ભોળા. એમ માન્યું હતુંને. આહા..હા..!

બાપુ! સામાયિક તો ત્યારે થાય કે પરમસ્વભાવમાં ઠરે અંદર (ત્યારે થાય), પણ જોયો નથી અંદર (પરમસ્વભાવ) ઠરે શેમાં? પરમસ્વભાવ જેણે જોયો જ નથી, જાણ્યો જ નથી, કેવો છે? ક્યાં છે? ઠરવું ક્યાંથી આવે? જાણ્યો-જોયો હોય એમાં ઠરે. તો સમ્યગ્દર્શન-જ્ઞાન વિના જાણવું-જોયું છે નહિ. સામાયિક ક્યાંથી થઈ એને? આ સામાયિક તો નવમું વ્રત છે. પ્રૌષધ અગિયારમું વ્રત છે. તો સમ્યગ્દર્શન પછી વ્રત હોય. સમ્યગ્દર્શનના તો ઠેકાણા નથી ત્યાં વ્રત ક્યાંથી આવી ગયા એને? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે? જેવું પૂર્ણ પરમસ્વભાવ છે તેનું સત્યદર્શન, તેવા પરમસત્યની સત્ય પ્રતીતિ. પરમસત્ય છે પરમસ્વભાવભાવ તેને સમ્યક્‌પણે, સત્યપણે માનવું, શ્રદ્ધવું એને જોઈને એનું નામ સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ?

'**ત્રિકાળ-નિરાવરણ નિજકારણપરમાત્માના સ્વરૂપની...**' લ્યો! જોયું પાછું અહીં

કારણપરમાત્મા નાખ્યું. એ પરમસ્વભાવ પારિણામિકભાવ એ નિજકારણપરમાત્મા. આહા..હા..! **'ત્રિકાળ-નિરાવરણ નિજકારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી...'** એની **'શ્રદ્ધાથી પ્રતિપક્ષ...'** મિથ્યાત્વ છે. આહા..હા..! એક સમયની પર્યાયને જ આત્મા માનવો, રાગની ક્રિયાના ભાવને જ આત્માને ધર્મ થાય એમ માનવું એ બધો **'તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે...'** તીવ્ર મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે નિજકારણસ્વરૂપ પરમાત્મા એની તો શ્રદ્ધા છે નહિ. એનાથી પ્રતિપક્ષ મિથ્યાશ્રદ્ધા છે. તે **'તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદષ્ટિને,...'** કુદષ્ટિ નામ મિથ્યાદષ્ટિને એટલે કે ત્રિકાળી કારણપરમાત્માની શ્રદ્ધારહિતને એટલે કે પર્યાય અને રાગની શ્રદ્ધા સહિતને એ કુદષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** ગૃહીતમિથ્યાત્વ એટલું (તો મંદ થાયને)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ... નથી. એ બધું મિથ્યાત્વ છે ત્યાં તીવ્ર પડ્યું (છે) બધું. વ્યવહારે કહેવાય. સમજાય છે કાંઈ? અનંતાનુબંધી બંધ પડે, પણ જો એ કોઈ ચીજ છે? અભાવ એ ચીજ છે. નવમી ગ્રૈવેયક જાય છે સાધુ દિગંબર સાધુ થઈને એને મિથ્યાત્વ મંદ છે અને અનંતાનુબંધી મંદ છે. પણ મંદ એ તો કર્મ વસ્તુ થઈ. અભાવ ક્યાં આવ્યો એમાં? સમજાણું કાંઈ? પંચમહાવ્રત પાળે, હજારો રાણીને છોડે, ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે, પણ એની દષ્ટિ બધી પર્યાય અંશ ઉપર અને રાગ ઉપર છે. ત્રિકાળી પરમસ્વભાવની શ્રદ્ધાથી વિપરીત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શ્રદ્ધાથી પ્રતિપક્ષ...'** એટલે કે એક સમયની પર્યાય અને રાગ દયા, દાનનો એ મારી ચીજ છે એવા તીવ્ર મિથ્યાત્વના ઉદયને લીધે મિથ્યાદષ્ટિને **'સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં,...'** શું કહે છે? એવા જીવને પણ પરમપારિણામિકસ્વભાવ તો સદાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક દિવાળા કાઢેને પણ મૂડી રાખીને કાઢે. કેટલાક દિવાળા કાઢે એ બિચારા હોય એ .. કાઢે. કેટલાક એવા હોય છે. શું કીધું? દિવાળું કાઢે પણ મૂડી રાખીને કરે. એમ આ દિવાળું કાઢ્યું પણ મૂડી પડી છે એમ ને એમ. માલ તો પડ્યો છે, પણ એની ખબર નથી. ઓલાને તો ખબર છે. આહા..હા..! પરમસ્વભાવભાવ આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો ભગવાન એની દષ્ટિનો જ્યાં અભાવ છે એવા કુદષ્ટિને, છે છતાં દષ્ટિમાં આવ્યો નથી, માટે એને તો નથી. આહા..હા..! એ વસ્તુ છે, પણ છે એ વિદ્યમાન છે એવી પ્રતીતિ જ્યાં આવી નથી અને પ્રતીતિ તો રાગ અને પર્યાયમાં વર્તે છે. એને છે છતાં એને તો છે નહિ. આહા..હા..! ભારે ગાથા, ભાઈ! ગાથા ભારે હશે? આહા..હા..!

**'કુદષ્ટિને,...'** એટલે કે પરમસ્વભાવભાવ પરમ પ્રભુ કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ એની શ્રદ્ધા જેને નથી, આ વસ્તુ છે એવી શ્રદ્ધા જેને નથી, એવા તીવ્ર મિથ્યાદષ્ટિને છે વસ્તુ છતાં એને તો નથી. કારણ કે દષ્ટિમાં તો રાગ અને પર્યાય વર્તે છે અને એને કાંઈ આ

વસ્તુ છે એ તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ. કલાકમાં કેટલી વાતું આવે હવે. માર્ગ એવો છે, ભાઈ! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર... સંપ્રદાયવાળાને તો ખબર પણ નથી. એને સાધુની ખબર નથી. બધા મિથ્યાત્વમાં ઘુંટાઈ છે, પડ્યા છે, પણ શું થાય? આહા..હા..! અરેરે!

મોટો પ્રભુ પરમભાવવાળું તત્ત્વ, પરમસ્વભાવભાવ અર્થાત્ પર્યાયને, કેવળજ્ઞાનને ઉત્કૃષ્ટ પર્યાય કહીએ, પણ આ તો ઉત્કૃષ્ટ પરમસ્વભાવભાવ પર્યાયથી પણ ભિન્ન ઉત્કૃષ્ટસ્વભાવભાવ. આહા..હા..! કેવળજ્ઞાન ઉત્કૃષ્ટ કહેવાયને? પણ એ તો એક સમયની પર્યાય છે ઉત્કૃષ્ટ અને આ તો એવી અનંતી-અનંતી પર્યાયનો સાગર પડ્યો અંદર એ ઉત્કૃષ્ટ છે પરમભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી કહ્યુંને શરૂઆત કરતાં. છેને આમાં લખ્યું છે. તમારે છે? નહિ હોય. 'નિજ ભાવના અર્થે રચ્યું મેં નિયમસાર સુશાસ્ત્રને.' છેલ્લી ગાથા છે. 'સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને.' છેલ્લી ગાથા છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ, પરમેશ્વર, જિનેન્દ્રદેવ એના ઉપદેશને પૂર્વાપર (વિરોધ) રહિત યથાર્થ છે તેમ જાણીને મેં આ નિયમસાર કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને વિદ્યમાન હોવા છતાં... આહા..હા..! કરોડ, બે કરોડ, પાંચ કરોડની મૂડી હોય અને છોકરો નાનો હોય છ વર્ષનો તો એના મામાને સોંપ્યો હોય. સારો ભરોસેદાર હોય. તો એ છોકરાને કાંઈ ખબર નથી કે મારી પાસે મૂડી છે. એને તો મહિને આપે ૨૫-૫૦ ખર્ચવાના. આવું છેને, બને છે. ઘણે ઠેકાણે જોયા છે અહીં તો. આહા..હા..! પછી એને મોટો થાય ત્યારે એને કહે, બાપુ! અમે તો... પૈસા તારા છે. અમે તો રખવાળા છીએ. એમ આત્માનું અંદર ભાન થાય ત્યારે મારી પુંજી મારી પાસે જ હતી. આહા..હા..! એક સમયની પર્યાયની પાછળ આખો માલ પડ્યો છે. એમ કેમ કહ્યું? એટલે કે એક સમયની પર્યાયમાં તારી બુદ્ધિ પડી છે તો એ બુદ્ધિવાળાને આખો માલ, એક સમયની પર્યાય પાછળ આખો માલ પડ્યો છે એની એને શ્રદ્ધા નથી. આહા..હા..!

'**છતાં, અવિદ્યમાન જ છે (કારણ કે મિથ્યાદષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી).**' હવે વિશેષ બીજી વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૮, મંગળવાર, તા. ૨૮-૧૦-૧૯૭૫
## ગાથા-૧૧૦, પ્રવચન નં. ૭૬

૧૧૦ ગાથા. અહીં સુધી આવ્યું છે. ફરીને થોડું લઈએ. એની સાથે સંધિ થાયને. '**ભવ્યને...**' લાયક પ્રાણીને '**પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...**' જે એને માને છે એને પરમસ્વભાવ છે એમ કહીને 'ભવ્યને' એમ કહ્યું. છે તો (અભવ્યને પણ), પણ જે માને છે એને પરમપારિણામિકભાવ છે. એટલે '**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે.**' એનો. '**એ પંચમભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.**' ચાર વિભાવને આશ્રયે જણાય એવો નથી. ગમ્ય તો છે ક્ષાયિક, ક્ષયોપશમ આદિથી. કારણ કે સમ્યગ્દર્શનમાં એ ગમ્ય છે આત્મા. સમ્યગ્દર્શન ક્ષયોપશમ, ક્ષાયિક ભાવે હોય છે. ઉપશમ તો અંતર્મુહૂર્ત છે એટલી વાત. સમજાણું? એ '**ચાર વિભાવસ્વભાવોને...**' આશ્રયે અગમ્ય છે એમ. '**તેથી જ તે પંચમભાવ...**' કર્મનો જે ઉદય. '**ઉદય, ઉદીરણા,...**' થવાને લાયક એવી જે કર્મની દશા, ક્ષય દશા અને ક્ષયોપશમ (દશા) '**એવા વિવિધ વિકારો વિનાનો છે.**' ચાર થયા ખરાને? વિશેષે ચાર પ્રકારના વિભાવ વિનાનો આત્મા પંચમભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. લ્યો! આહા..હા..! શ્રદ્ધામાં એ પરમપંચમભાવ લેવાલાયક છે. જેણે લીધો એને પંચમભાવ છે, પરમપંચમભાવ. એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**આ કારણથી આ એકને પરમપણું છે,...**' ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમ આત્મ, પરમ આત્મા, પરમ આત્મ એટલે પરમસ્વરૂપ એકને જ પરમપણું છે, એને જ ઉત્કૃષ્ટપણું છે. ચાર ભાવને ઉત્કૃષ્ટપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.**' '**આ કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.**' હવે ઈ એટલી વાત કરી.

'**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના...**' છેને? '**कम्ममही**' છેને? એટલે '**कम्ममही**'નો અર્થ કર્મરૂપી એમ. કર્મરૂપી જે જમીન તેમાંથી ઉત્પન્ન થયેલું ઝાડ, વૃક્ષનું મૂળ. કર્મરૂપી વૃક્ષ એનું મૂળ. આહા..હા..! '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...**' પણ કોને? સમજાણું કાંઈ? માને એને. એ છે આવો મુખ્ય પણ એની માન્યતા વિના, એને જાણ્યા વિના, પ્રતીત વિના કર્મને છેદવાને સમર્થ એમ જાણ્યું કોણે? સમજાણું કાંઈ? આહા..હા..! '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ-નિરાવરણ નિજકારણપરમાત્માના...**' એ પરમભાવ એટલે ત્રિકાળ નિરાવરણ પોતાનો કારણપરમાત્મા ધ્રુવ, સામાન્ય, અભેદ, એકરૂપ વસ્તુ. એ '**સ્વરૂપની**

**શ્રદ્ધાથી...**' જુઓ આ. એ '**સ્વરૂપની શ્રદ્ધાથી વિરુદ્ધ પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વ...**' '**તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદય...**' ભાષા લીધી છે. આવો ભગવાન પંચમસ્વભાવભાવ એની શ્રદ્ધાથી વિપરીતભાવ, તીવ્ર મિથ્યાત્વભાવ એને લઈને '**કુદૃષ્ટિને,...**' જેને એ દૃષ્ટિ નથી, જેની દૃષ્ટિમાં એ આવ્યો નથી એવા કુદૃષ્ટિને. આહા..હા..! '**સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં...**' સદાય ખરેખર તો હયાતી ધરાવતું તત્ત્વ છે, પણ દૃષ્ટિમાં આવ્યું નથી એટલે એને અવિદ્યમાન છે. આહા..હા..! મૂળ રકમ ઝીણી છે ભાઈ આ. સમજાણું કાંઈ?

માણસ નથી કહેતા કે ભાઈ વ્યાજ તો ખાધા હવે ૨૦ વર્ષ, પણ મૂળ રકમ તો લાવ. પાંચ, પચ્ચીસ લાખ આપ્યા હોયને આઠ આના તરીકે પહેલા તો હતુંને. હવે વધી ગયું. તો કહે મૂળ રકમ? કહે મૂળ રકમ નથી. ઓય માર્યા. એમ પર્યાયમાં ઘણું કર્યું પણ મૂળ રકમ? પરમસ્વભાવભાવ એ મૂળ રકમ છે. એને શ્રદ્ધામાં નથી લીધો એવી જે કુદૃષ્ટિ નામ પર્યાયબુદ્ધિવાળો જીવ... આહા..હા..! એને વિદ્યમાન હોવા છતાં પ્રતીતમાં આવ્યો નથી એટલે અવિદ્યમાન છે. આહા..હા..! માર્ગ એવો છે. લોકોએ બહારથી આમ કલ્પી નાખ્યોને દયા પાળવી, વ્રત કરવા એ બધા વિકલ્પો છે, એ તો ઉદયભાવ છે. એ ભાવ તો સ્વભાવભાવમાં નથી. સમજાણું? જેનામાં નથી એનાથી એ લાભ કેમ થાય? સમજાણું કાંઈ?

એથી કહે છે, '**વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે** (કારણ કે **મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી**).' આહા..હા..! એની જ્ઞાનની પર્યાયમાં 'એ વસ્તુ આવી છે' એ આવી નથી. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યને જ્ઞેય બનાવીને જે શ્રદ્ધા કરવી એ કરી નથી એણે. સમજાણું કાંઈ? જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એ દ્રવ્ય પંચમભાવને જ્ઞેય બનાવીને જે શ્રદ્ધા થવી જોઈએ એ અજ્ઞાનીને શ્રદ્ધા નથી. આહા..હા..! સ્વચૈતન્ય પરમભાવ એને જ્ઞેય કોઈ દિ' બનાવ્યું નથી. એણે જ્ઞેય પર્યાય અને રાગને બનાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિત્યનિગોદના જીવોને પણ...**' નિત્યનિગોદના જીવ છે કે હજી અત્યાર સુધી ઈયળ અને કીડી થયા નથી. એવા જીવો છે નિત્યનિગોદ કે અત્યાર સુધી અનંતકાળ થયા પણ એમાંથી નીકળીને ઈયળ કે કીડી કે મકોડો થયો નથી. એમાં ને એમાં પડ્યા છે અનંતા. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક તો એમાંથી નીકળવાના પણ નથી. આહા..હા..! એવા નિત્યનિગોદ. આહા..હા..! કન્યાને જેમ રહેવાને પહેલું પિયર સ્થાન હોય છેને, એમ આ જીવને રહેવાનું એ પિયરસ્થાન નિગોદ છે. આહા..હા..! એમાં અનંત... અનંત... અનંતકાળ રહ્યો છે અને કેટલાક હજી રહેશે. આહા..હા..! ભલે કહે છે કે નહિ નીકળે એમાંથી, છતાં એવા જીવોને પણ '**શુદ્ધનિશ્ચયનયથી તે પરભાવ...**' કેવો છે? કે '**અભવ્યત્વપારિણામિક એવા નામસહિત નથી...**' આહા..હા..! સમર્થ કીધું હતુંને? એટલે અભવ્યના પરિણામમાં સમર્થાઈ એને જાણવાની નથી. એ નાખ્યું અહીં ભેગું. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- નીકળવાના નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નથી નીકળવાના. એ નિગોદમાં જ રહેવાના છે. એવા અનંત જીવો છે. એને પણ નિશ્ચયનયે તો પરમસ્વભાવભાવ જ છે અંદરમાં. નથી ભલે નીકળવાના, વસ્તુએ પરમસ્વભાવ છે. શ્રદ્ધાવંતને શ્રદ્ધા કરાવે છે. એને તો શ્રદ્ધા નથી. નિત્યનિગોદના જીવ જે છે એ ત્યાં ને ત્યાં રહેવાના એને તો શ્રદ્ધા નથી વસ્તુ છે એની. આહા..હા..! છતાં અભવ્ય પારિણામિક જે ભાવ છે, પર્યાય હોં આ અભવિ એટલે, અભવિની જે પર્યાયનો પારિણામિકભાવ છે એ અશુદ્ધ છે. એને પ્રગટ કોઈ દિ' થતો નથી શુદ્ધ. એવી અશુદ્ધતા એ નિત્ય નિશ્ચયનયે પરમસ્વભાવમાં નથી. કહો, સમજાણું કાંઈ?

અભવિને પર્યાયમાં જે પારિણામિક ત્રિકાળ ભાવ એની તો પર્યાયની ખબર નથી, વસ્તુની ખબર નથી, પણ એની પર્યાયમાં પરમસ્વભાવભાવ કોઈ દિ' આવશે નહિ એને. એથી એને અશુદ્ધતા જ પર્યાયમાં સદાય છે. પણ અશુદ્ધતા હોવા છતાં એની અશુદ્ધતા એવો ત્રિકાળી નિશ્ચયનયની અપેક્ષાએ નિત્યનિગોદના જીવને અશુદ્ધ નથી, વસ્તુ શુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક તો નિત્યનિગોદ અને એક શરીરમાં અનંતા જીવ. આ જિનેન્દ્રની વાતું મોટી બહુ. પોતે મોટો છેને. અનંતા-અનંતા જીવોને એક સમયમાં જાણી શકે એવી તાકાતવાળો છે. સમજાણું કાંઈ? દયા પાળવી કે મારવો એવો નથી, પણ એને જાણી શકે એવી તાકાતવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અભવિને કઈ પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભવિને અશુદ્ધ પર્યાય છે. ઉદયભાવ. ઉદયભાવની જ પર્યાય છે એને. અસિદ્ધભાવ સદાય છે એને અનાદિથી. આહા..હા..! ઉદયભાવ છે એને. વિકારી પરિણામ એ ઉદયભાવ જ એનો ભાવ છે. એને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે નહિ. છતાં એનો સ્વભાવભાવ તો પરમસ્વભાવ જ છે. અહીં જે કહ્યું કે '**कम्ममहीरुहमूलच्छेदसमत्थो**' એમ કીધું છેને? છેદવાને સમર્થ કીધું છે. એ કોને? કે જે પંચમભાવ છે એવું માને એને. આ અભવિને પર્યાયમાં પંચમભાવ માને એવું કોઈ દિ' છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીરૂભાઈ નથી આવ્યા?

અભવ્યપારિણામિક. આ પર્યાયની વાત છે. પરમપંચમભાવની આ વાત નથી. આ અભવ્યપારિણામિક છે, પરમપારિણામિક નહિ. અભવિની વર્તમાન પારિણામિક પર્યાય અશુદ્ધ છે. એવો નિશ્ચયનયથી જે દ્રવ્યસ્વભાવ છે તે એવો અશુદ્ધ નથી. એ તો શુદ્ધ છે.

**શ્રોતા** :- અભવિની પર્યાય નિરપેક્ષ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભવિ પર્યાય નિરપેક્ષ એટલે? કર્મ વિનાની નિરપેક્ષ પર્યાય છે. કર્મ નહિ, કર્મને લઈને નથી. એની ઉદભાવના વિકારી પર્યાયમાં જ પરિણમન એવું અનાદિ એનો સ્વભાવ છે પર્યાયનો. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે કે જે '**કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ...**' એની સામે આ વાત લીધી. અભવિના પરિણામમાં અશુદ્ધતા છે. કોઈ દિ' કર્મરૂપી વૃક્ષને છેદે એવા પંચમભાવની શ્રદ્ધા એને હોતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ભારે માર્ગ, ભાઈ! આવું જાણવું... જાણવું... અને જાણવું. એ જાણવું એ કરવું નથી? આહા..હા..! જ્ઞાનની દશાને જેવો વસ્તુનો સ્વભાવ છે તેને અંદર જાણવો, માનવો એ જ કરવાનું છે. પછી એમાં ઠરવું એ ચારિત્ર છે. જે હજી દૃષ્ટિમાં આવ્યો નથી, જ્ઞાનમાં આ વસ્તુ આવી છે એ જણાણું નથી એનું ઠરવું ક્યાં થાય? એ તો અજ્ઞાનમાં, રાગમાં ઠરે છે અનાદિથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો માર્ગ મોક્ષનો માર્ગ છે. ઝીણી વાત છે. સંપ્રદાયની રૂઢિગતની વાતમાં આ વાત સાંભળવા મળે એવું નથી. આહા..હા..!

'**आलुंछण**' શબ્દ પડ્યો છે. '**आ**'-સમસ્ત પ્રકારે '**लुंछण**'-છેદી નાખે. અજ્ઞાનભાવ, ઉદયભાવને છેદી નાખે. કોણ? કે પંચમભાવ. કોને? કે જેને બેઠો એને. સમજાણું કાંઈ? છેદવાને સમર્થ છે પણ એ વસ્તુ છેને? એ વસ્તુની પ્રતીતિ થઈ, શ્રદ્ધા થઈ એને એ વસ્તુ કર્મરૂપી ઝાડના ઝેરને તોડી નાખવાને સમર્થ છે. અભવિને એની શ્રદ્ધા થતી નથી એટલે એના પરિણામ તો મલિન જ અનાદિ છે. એ પરિણામ અનાદિ મલિન છે તેથી વસ્તુ અંદર જે ત્રિકાળી નિત્યનિગોદના જીવને છે એ અશુદ્ધ નથી, એ તો શુદ્ધ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી મુંબઈમાં માંડે તો જરી એવું લાગે કે આ શું કહે છે? આ તો માર્ગ આવો છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ નિધાન ભગવાન આત્માનું નિધાન, ભગવાન એટલે અહીં આત્મા કહીએ, એ પંચમભાવ એનું નિધાન છે. પણ નિધાન, જેમ પૈસો જેના નસીબમાં (હોય) એને આવે, એમ આ નિધાન જેને પુરુષાર્થની શ્રદ્ધા થાય એને એ નિધાન હાથ આવે. સમજાણું કાંઈ? આહા..હા..! પૈસા મળે છે એ પુણ્યને લઈને છેને? કે ડહાપણને લઈને છે? એવા બુદ્ધિના બારદાન લાખ-લાખ પેદા કરે છે. બારદાન સમજાણું? કોથળા-કોથળા. અને બે હજાર રળવા મહિને પરસેવા ઉતરે છે બુદ્ધિના ખાં હોય તોપણ. પરની સાથે શું સંબંધ છે? પણ જેમ એ પુણ્યથી પૈસો મળે છે, એમ આ અંતરના પુરુષાર્થથી પંચમભાવ હાથ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ એનો સ્વભાવ '**નિત્યનિગોદના જીવ પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ...**' તે પરમભાવ '**અભવ્યપારિણામિક એવા નામસહિત નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ તો શુદ્ધ છે અને એને બેસશે ભવિ પ્રાણીને. અભવિને નહિ બેસે. કારણ કે અભવિના પરિણામ જ અશુદ્ધ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનંત-અનંત આનંદ અને અનંત જ્ઞાન એવો સાગર દરિયો ભગવાન આત્મા છે. અનંત અતીન્દ્રિય આનંદનો દરિયો એ પંચમભાવ, પરમપારિણામિકભાવ. એ પારિણામિક, પરમપારિણામિકભાવ અભવિને જેમ

પરિણામમાં અશુદ્ધતા છે અને એને હાથ નથી લાગતો, એવા બધા જીવને એવું નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ પરમશુદ્ધ ધ્રુવસ્વભાવ અનુભવમાં આવે છે એને તો એ પરમશુદ્ધ જ છે વસ્તુ. આને પરિણમનમાં આવતો નથી માટે એના પરિણામ અશુદ્ધ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે માર્ગની. આહા..હા..!

**શ્રોતા** :- જવાબદારી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જવાબદારી જ છેને એની. મોટો મહા છે તેનો અનાદર કરે અને એક સમયની પર્યાયને સ્વીકારે (એ તો) અનાદર કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય... શાસ્ત્રમાં તો એમ કહ્યું પ્રવચનસારમાં ૯૩માં. '**पज्जयमूढा हि परसमया**' એક સમયની પર્યાય... યશોવિજયની ટીકા કરી છે. નહિ, પર્યાયમૂઢા (કહો) તો પર્યાય ન માને તો વેદાંત થઈ જશે. એ ક્યાં વાત છે, સાંભળને. એકલી જ પર્યાયને માને એ પર્યાયમૂઢ જીવ છે. એને દ્રવ્ય મહાપ્રભુ ચૈતન્યસ્વરૂપ મોટું નિધાન-નિધાન ખાણ મોટી છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયને કાઢો સાદિઅનંત તોપણ ત્યાં ખૂટે એવું નથી. કેવળજ્ઞાન એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી એક પર્યાય એવી સાદિ-અનંત. જ્યારથી પ્રગટ થાય તે અનંતકાળ રહે, પણ ભિન્ન-ભિન્ન, એની એ નહિ. એવી અનંતી પર્યાયનો પિંડ એથી અનંતગુણી પર્યાયનો પિંડ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને અહીંયાં પંચમભાવ કે પરમપારિણામિકભાવ કહે છે. આહા..હા..!

એ પારિણામિકભાવ અભવિને બેસતો નથી કોઈ દિ' એમ કહે છે. તેથી એના પરિણામ અશુદ્ધ છે. પણ તેથી બીજા બધા જીવને શુદ્ધ છે એવું નહિ બેસે એવું નથી. એને અંદર શુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં આ છે એવું જેને બેસે છે એને કહે છેને? એને તો ક્યાં બેઠું નિગોદમાં? સમજાણું કાંઈ? આહા..હા..! જેને આત્મા પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ સન્મુખ પર્યાયથી જેણે જાણ્યો ને માન્યો ને ઓળખ્યો ને અનુભવ્યો એને તો ત્રિકાળ શુદ્ધ છે.. ત્રિકાળી શુદ્ધ છે એવો ભાસ થયો. સમજાણું કાંઈ? આહા..હા..!

છઠ્ઠી ગાથામાં આવ્યુંને કે કોઈપણ પર્યાય જ્ઞાયકભાવમાં નથી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' જ્ઞાયકભાવમાં પર્યાય કોઈ નથી. એ કોને? એ શુદ્ધ છે જ્ઞાયક એ કોને? કે જેણે કર્મનું નિમિત્તપણું ઉદયનું અને તેનો ભાવ, પરદ્રવ્યનો ભાવ અહીં લેવાનો છે, એ કર્મનો ઉદય દ્રવ્ય અને એનો ભાવ એનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ કરે એટલે કે ત્રિકાળી દ્રવ્યની સેવા કરે, પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યની સેવા કરે એને એ ત્રિકાળી શુદ્ધ છે એવું ખ્યાલમાં આવે છે. આહા..હા..! આવી વાતું!

મૂળચંદજી હતા એને એક જણે પૂછ્યું હતું, આપણે ભાઈ નહિ મગનભાઈ? નવરંગભાઈના બાપ મોદી-મોદી. મહારાજ! આ દ્રવ્યકર્મ શું? અને ભાવકર્મ શું? જૈનમાં એવું કાંઈ છે નહિ દ્રવ્યકર્મ-ભાવકર્મ. આ મલુપચંદભાઈના ગુરુ હતા ઈ. પણ એ નાગનેશના અને આ નાગનેશના.

બારિસ્ટર કહેવાતા, જૈનના બારિસ્ટર. એને આ. જૈનમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ છે જ નહિ. કહો, ગુલાબચંદભાઈ! આ તમારા બધા ઈ. આ તો નાગનેશ. ગુલાબચંદભાઈ નાગનેશ છેને એ? એ નાગનેશના હતા. પ્રોફેસર બારિસ્ટર કીધુંને. બારિસ્ટર. બારિસ્ટરને આટલું જ્ઞાન હતું. આહા..હા..! દ્રવ્યકર્મ, ભાવકર્મ જૈનમાં છે જ નહિ. કારણ કે એ લોકોમાં કંઈ છે જ નહિ. સત્ય શું છે એ સ્થાનકવાસી સંપ્રદાયમાં નથી. હજી દેરાવાસીના સાધુઓ કાંઈક ભણેલા વિદ્વાનો, સંસ્કૃત, વ્યાકરણ (જાણનારા ખરા) પણ દૃષ્ટિ ખોટી. આહા..હા..! આ વાત જ અનાદિ સનાતન જૈનદર્શનમાં છે. સમજાણું કાંઈ? એ અનાદિ સનાતન જૈનદર્શન દિગંબરદર્શન છે. એ કોઈ વાડો નથી, પક્ષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે.. આહા..હા..! '**કર્મરૂપી...**' પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલું એ બધું જે વૃક્ષ ઝેરનું ઝાડ. આહા..હા..! એને તો છેદવા સમર્થ છે. કોણ? કે જેને પંચમભાવમાં તાકાત છે એ કર્મ અને રાગ એમાં નથી. અને જેણે એનો આશ્રય લીધો એ કર્મમૂળનો છેદ કરી નાખવાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું ધર્મ માટે. સરળ માર્ગ નહિ હોય કોઈ બીજો? આ જ માર્ગ છે. આહા..હા..!

અભવ્ય પારિણામિક જે પર્યાય છે, અભવ્યની અશુદ્ધપર્યાય પારિણામિકભાવે, પરમપારિણામિક નહિ, એવા નામ સહિત ત્રિકાળી વસ્તુ નથી. આહા..હા..! અભવિને તો અશુદ્ધ જ પર્યાય છે. એને કોઈ દિ' આ પંચમભાવ શુદ્ધ છે એવું કોઈ દિ' પર્યાયમાં આવતું નથી. પણ બધાને એમ નથી એમ કહે છે. આહા..હા..! પંચમભાવપારિણામિક આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ દેહદેવળમાં બિરાજતો ભગવાન પોતે... આહા..હા..! એને નિશ્ચયથી એનો પરમસ્વભાવ છે એ જેને બેસે છે એને પંચમપારિણામિક છે. તો એની પર્યાય.. એ શુદ્ધ છે તો એની પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે, કહે છે. આહા..હા..! અભવિની જેવું એને રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ વાત! આહા..હા..! કહો, રસિકભાઈ! આવું હતું? ક્યાંય સાંભળ્યું હતું વાડામાં? ક્યાં ગયા ચીમનભાઈ? છેને? સુરેશ છેને ત્યાં? ચીમનભાઈનો સુરેશ છેને મુંબઈમાં, નહિ? એને પ્રેમ છે આ. સુરેશ-સુરેશ. આ ફિલ્મ એ લાવ્યો છેને. નહિ? ભવની. જોયું છે ભાઈ તમે? ઈ લાવ્યો છે. આ બહેનના ઓલા ઉપર. રસ છે. છેને આવેને .. પેલા ભૂપતભાઈનો પરિચય વધારે. ભૂપતભાઈ છેને રાજકોટવાળા. એ માયલા આ બધા છે. આહા..હા..!

શુદ્ધપણે જ છે. આહા..હા..! કેમકે અભવિની પર્યાયમાં અશુદ્ધતા કોઈ દિ' ટળતી નથી. અને અહીં કહે છે કે અમે એમ માનીએ છીએ કે બધા જીવ શુદ્ધ છે એવું અમને પર્યાયમાં ભાન થઈ ગયું છે. આહા..હા..! માટે અમે કહીએ છીએ કે બધા જીવ નિશ્ચયથી શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જેમ...**' દૃષ્ટાંત આપે છે. '**મેરુના અધોભાગમાં...**' આ મેરુ પર્વત છેને મોટો? એના નીચલા ભાગમાં '**રહેલા સુવર્ણ રાશિને પણ...**' નીચે સોનાના ઢગલા છે, રાશિ પડી છે.

સોનાનો ઢગલો છે અંદર મેરુ પર્વતની નીચે. એકલું સોનું તળિયે ભર્યું છે એકલું સોનું. જેમ સારા મકાન કરાવે તો તળે નાખે છેને ઓલા? શું કહેવાય? મૂળમાં પાયામાં સીસું નાખે. સીસુને એવું નાખે. આ તો કુદરતનો અનાદિનો મેરુ પર્વત છે એની નીચે સોનું પડ્યું છે, કહે છે. સમજાણું? પણ એ સોનું વપરાશના કામમાં ન આવે. છે એટલું બસ. આહા..હા..! **'સુવર્ણપણું છે,...' 'સુવર્ણરાશિને પણ સુવર્ણપણું છે,...'** મેરુ પર્વત નીચે.

**'તેમ અભવ્યોને પણ પરમસ્વભાવપણું છે;...'** પાછું લીધું જોયું! એ તો પર્યાય તરીકે અશુદ્ધ. સ્વભાવ તો આવો જ છે. અભવિનો એવો સ્વભાવ છે. શ્રીમદ્‌માં નથી આવતું? 'સર્વ જીવ છે સિદ્ધસમ.' સર્વ જીવ સિદ્ધસમ છે. અભવિ પણ સિદ્ધસમ છે. શક્તિ અને સ્વભાવથી તો સિદ્ધ જ છે. આહા..હા..! વસ્તુસ્વરૂપ છે એ સર્વ જીવો પરમસ્વભાવપણું છે એને. અભવિને પણ છે. આહા..હા..! **'તે વસ્તુનિષ્ઠ છે,...'** વસ્તુમાં પડ્યું છે. અભવિને વસ્તુનિષ્ઠ છે. પોતાની વસ્તુ પોતામાં રહેલી છે. પૂર્ણાનંદનો નાથ પંચમભાવપણે પોતે અભવિનો જીવ પણ રહેલો જ છે. એને પર્યાયમાં ખબર પડતી નથી માટે એને નથી. પણ અમે કહીએ છીએ કે એને પણ પરમપંચમભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પંચમસ્વભાવ, ધ્રુવસ્વભાવ એનો અમને અનુભવ થયો છે, કહે છે. એથી અમે કહીએ છીએ કે અભવિનો પણ જીવ તો અંદર શુદ્ધ જીવ છે. ભલે એને ખબર ન હોય, પણ અમને ખબર છેને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું ગાથા અને શું એની ટીકા! આહા..હા..! અદ્‌ભૂત રસ રેડ્યા છે! આવું શાસ્ત્ર અને આવી ટીકા ક્યાંય (નથી), આ શાસ્ત્ર દિગંબર સિવાય ક્યાંય છે નહિ આવી વાત. શું થાય? દિગંબર-આકાશ જેને વસ્ત્ર છે, બીજું હોય નહિ મુનિપણામાં. એમ અહીંયાં અંદરમાં વિકલ્પ જેની લાગણી એ વસ્તુમાં નથી, વિકલ્પનું વસ્ત્ર જેની વસ્તુમાં નથી એને દિગંબર ધર્મ કહીએ. કહો, મોહનલાલજી! મુનિપણાને વસ્ત્ર નથી. સમકિતીને વિકલ્પ જ વસ્તુમાં નથી. આહા..હા..! પંચમભાવ જ જેની દૃષ્ટિમાં છે. આહા..હા..! પર્યાય પણ એમાં નથી. આહા..! એવો દિગંબર આત્મા છે. આહા..હા..!

**'વસ્તુનિષ્ઠ છે,...'** અભવિ જીવને પણ સ્વભાવ તો સ્વભાવનિષ્ઠ સ્વભાવ સ્વભાવમાં રહેલો જ છે. એ ક્યાંય ગયો નથી, અધૂરો થયો નથી, વિકૃત થયો નથી, એ તો પૂરો ભર્યો જ છે. આહા..હા..! વસ્તુ એટલે શક્તિનિષ્ઠ છે. એની શક્તિ છે તેમાં જ એ રહેલું તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમપારિણામિકભાવ એ વસ્તુનિષ્ઠ છે. એ વસ્તુ તેમાં રહેલી એ શક્તિરૂપ એવું તત્ત્વ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નૈષ્ઠિક બ્રહ્મચારી નથી કહેતા? એમ આ વસ્તુનિષ્ઠ છે. વસ્તુસ્થિત જ એવી છે કહે છે. આહા..હા..! શક્તિ પોતાની જે વસ્તુ છે એવી એને પડી છે અંદર. બધા જીવને પણ એક સમયની પર્યાયની પાછળ આખું ચૈતન્યદળ પડ્યું છે. એક સમયની પ્રગટ અવસ્થાની પાછળ ભગવાન અવસ્થાયી ત્રિકાળ પડ્યો છે. નજર કરી નથી એટલે એને દેખાતો નથી. આહા..હા..! આવો ઉપદેશ

અને આ. આમાં ક્યાંય દયા પાળવી, ઈચ્છામી પડિક્કમણું, ઈરિયાવિરિયા આવ્યું ક્યાંય આમાં? એ પણ આવ્યું સાંભળને. મારું સ્વરૂપ આવું છે એવી જે પ્રતીત કરી એણે મિથ્યાત્વનું મિચ્છામી દુક્કડમ કરી નાખ્યું. મિથ્યાત્વ એ મિચ્છા જૂઠું હતું. આ સત્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જીવને જોયો, જાણ્યો એવો માન્યો. એક સમયની પર્યાય જોઈ અને જાણી. એવો માન્યો એટલે મિચ્છા છે. એ એનું મિચ્છામી દુક્કડમ ક્યારે થાય? કે ત્રિકાળી પંચમભાવના પરિણામની દૃષ્ટિ કરે ત્યારે એનું મિચ્છામી દુક્કડમ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? પછી વળી ઓલા રાગાદિ આવે અને એનું મિચ્છામી દુક્કડમ એ વળી પછી. પણ પહેલું આ (થયા) વિના ઓલું ક્યાંથી આવે? આહા..હા..! ભભુતમલજી! શું કીધું સમજાણું? એ બધા ઈચ્છામી પડિક્કમણા કરવાવાળા છેને. આહા..હા..!

'**વ્યવહારયોગ્ય નથી...**' ભાષા જુઓ! નિશ્ચય તો પરમ આનંદસ્વરૂપ ભગવાન અભવિને પણ છે, પણ વ્યવહાર એટલે પર્યાયમાં પ્રગટ થાય એવી યોગ્યતા નથી એની. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુનિષ્ઠ છે. નિશ્ચય તો વસ્તુસ્વરૂપ અખંડાનંદ પ્રભુ અનંતગુણનો પિંડ પંચમપરમભાવ વ્યવહારયોગ્ય નથી. આહા..હા..! એ પર્યાયમાં લાવવાને લાયક નથી. કારણ કે પર્યાય જ વ્યવહાર છે. વસ્તુ નિશ્ચય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વ્યવહારયોગ્ય નથી...**' એટલે કે પર્યાયમાં આ વસ્તુ આવી છે એમ પ્રગટ થવાને અભવિને લાયક નથી. આહા..હા..! આ વ્યવહાર. મોક્ષમાર્ગની પર્યાય છે એ વ્યવહાર છે. ત્રિકાળ વસ્તુ તે નિશ્ચય છે. વ્યવહારયોગ્ય નથી એટલે મોક્ષમાર્ગ જે નિર્મળ પર્યાયને લાયકાત એ નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(અર્થાત્ જેમ મેરુની નીચેના સુવર્ણરાશિનું સુવર્ણપણું...**' મેરુ નીચેના સોનાના ઢગલા. રાશિ છેને? ઢગલા પડ્યા છે મોટા. ઓહો..હો..! લાખો, કરોડો મણ સોનું પડ્યું છે નીચે. આ સોના માટે જુઓને તકરાર થાય છે અત્યારે મોટી. પકડે છે. નોંધાવ્યું છે કે નહિ? પણ તેં નોંધાવ્યું કે નહિ તારો આત્મા આખો છે એમ કોઈ દિ'? મેરુની નીચે તળીયે સોનું પડ્યું છે એ નોંધાવ્યું છે કે નહિ કોઈને? એ કોણ? એ તો કુદરતની વસ્તુ જ છે. એમ આત્મામાં પૂર્ણાનંદનો નાથ પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એ નોંધાવ્યું તેં પર્યાયમાં? આહા..હા..! સ્વીકાર કર્યો તેં? ન સ્વીકાર કર્યો હોય તો તારે માટે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વ્યાખ્યા. આમાં બાયડી હોય, છોકરા હોય, સાધારણ બિચારા સમજે શું? કરો ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વિરિયા તસ્સઉતરી. થઈ ગયો ધર્મ. એ પદમશીભાઈ! આ બધું ન સમજે પછી મણિકાંત વળી બીજું કાંઈક કાઢે. ઈ કહે આવો માર્ગ ન હોય, બીજો માર્ગ હોય વળી. ત્યારે શું અમારા બાપ-દાદા ખોટા? ભાઈ! બાપ-દાદા તો તમારા અનંતા બાપ એવા થઈ ગયા છે કેવળ પામ્યા છે ઈ લેને. આહા..હા..! આ બાપ-દાદા, પણ તારા બાપના બાપ અને બાપા એના અનંત પેઢીમાં તો અનંતા બાપ મોક્ષે ગયા છે. એઈ...!

એ તારા બાપ-દાદાનો ધર્મ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અનંતા બાપ મોક્ષ ગયા છે, અનંતા બટાટાની કટકીએ કોઈ એવા અનંતા બેઠા છે. આહા..હા..! અનંતા ભવ થયા.

'પણ તે **વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી,...**' કહે છે. સોનું. '**તેમ અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે...**' નિષ્ઠનો અર્થ કર્યો. 'પણ તે **કામમાં આવતું નથી કારણ કે તે અભવ્ય જીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે).**' જોયું, આ લીધું. આહા..હા..! એ ત્રિકાળ સ્વભાવનો આશ્રય લેવાને નાલાયક છે. આહા..હા..! નિર્મળ પર્યાયનો પિતા પંચમભાવ છે. એ પિતાનો આશ્રય લેવાને એની પર્યાય નાલાયક છે. એની પ્રજા નથી એને. આહા..હા..! '**કારણ કે તે અભવ્ય જીવો...**' ખુલાસો કર્યો છે એ તો પંડિતજીએ. '**વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી,...**' કીધુંને? એમ આ પર્યાયમાં દ્રવ્ય વપરાશમાં આવતો નથી એટલે કે એનો આશ્રય કરતો નથી, એમ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આવી વસ્તુ! સિદ્ધની પર્યાયોથી પણ અનંતગુણી પર્યાયનો પિંડ આ ભગવાન આત્મા છે. અનંત-અનંત આનંદ જે પરમાત્મા અરિહંતને પ્રગટ્યો કે સિદ્ધ ભગવાનને અનંત આનંદ, અનંત આનંદ પર્યાયમાં પ્રગટ્યો એ તો જે આનંદસ્વરૂપ છે એનાથી અનંતમે ભાગે બહાર પર્યાય આવી છે. આહા..હા..! એ તો એકલો અમૃતરસનો પૂંજ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનું પૂર છે એ. પર્યાયમાં પૂર આખું આવતું નથી, કહે છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા અભવ્યને લાયક નથી. અંદરમાં જઈ શકે અને આશ્રય કરે એ એની લાયકાત નથી. માટે એની પરિણતિ પર્યાયની પારિણામિકની અશુદ્ધ રહે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુદૃષ્ટિઓને...**' સમ્યગ્દૃષ્ટિને. આહા..હા..! '**અતિ આસન્નભવ્ય જીવોને—**' એમ વ્યાખ્યા કરી સુદૃષ્ટિની. જેને સંસાર હવે અલ્પ રહ્યો છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરવાની હવે લાયકાત થોડા કાળમાં છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સુદૃષ્ટિઓને અતિ આસન્નભવ્ય...**' એટલે નિકટ ભવ્યતા જેની પાકવાનો નિકટ છે હવે. '**આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે...**' આહા..હા..! પહેલું ત્રિકાળ નિરાવરણ આવી ગયું હતું. હવે અહીં તો કહે છે કે '**આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે (અર્થાત્ સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે)...**' સુદૃષ્ટિને.. આહા..હા..! સદા નિરંજન નિર્મળ એવો ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિને ભાસ્યો છે. માટે તેને '**સફળ થયો છે;...**' આહા..હા..! કહો, સુજાનમલજી! સાદડીમાં આવી વાત છે ક્યાંય? સાદડીમાં ઓલા મુંબઈની સાદડી નથી કરતા? મરી જાય પછી સાદડી કરે છે. આહા..હા..! આ માર્ગ, બાપા! વીતરાગ પરમેશ્વરનો આહા..હા..! અનાદિ અનાદિ કેવળીઓ કહેતા આવે છે. ત્રિકાળના જાણનારાનો ત્રિકાળમાં વિરહ કોઈ દિ'

નથી. આહા..હા..! ત્રિકાળ વસ્તુ છે તો એનો જાણનારો પણ ત્રિકાળમાં ન હોય એમ કોઈ દિ' હોઈ શકે નહિ. આહા..હા..! કેવળજ્ઞાન પણ અનાદિના કેવળીઓ છે. વસ્તુ અનાદિ છે, એના જાણનારા કેવળી પણ અનાદિના છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વળી એક જણો એમ કહેતો હતો સિદ્ધ કરતા સંસાર આઠ વર્ષ મોટો. કારણ કે સંસાર આઠ વર્ષ રહે પછી મોક્ષ થાયને. એ અહીં નથી વાત સાંભળને. એ તો એક વ્યક્તિની વાત હોય તો. અનાદિ થાય તો સિદ્ધ અને સંસાર બેય અનાદિના છે. વળી સંસાર હતો અને પછી સિદ્ધ થયો એ તો એક વ્યક્તિની વાત કરવી હોય તો થાય. આહા..હા..! ગાડાનું ધોંસરું અને ઠાઠું બેય સાથે જ છે. એમ સંસાર અને મોક્ષ સિદ્ધની દશા એક સાથે બધી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અહો..! '**આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે સફળ થયો છે;...**' એમ છેને? નિરંજનપણાને લીધે સફળ થયો છે. એટલે જ્ઞાનમાં ભાસ થઈ ગયો છે એનો. આહા..હા..! સદા નિરંજન નિર્મળ છે એવું સમ્યગ્દર્શનમાં, નિશ્ચય સમ્યગ્જ્ઞાનમાં ભાસ્યો છે એટલે, સદા નિરંજન છે એમ ભાસ્યો માટે, સદા નિરંજન સફળ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. મૂળ તો પંચમપારિણામિકભાવ એવડો મોટો છે કે એને સ્વીકાર કરવા માટે અનંત પ્રયત્ન (જોઈએ) છે. જોકે અનંત પ્રયત્ન એનો પ્રયત્ન અનંતસ્વરૂપ છે એથી અનંતમે ભાગે છે. આહા..હા..!

અનંત પુરુષાર્થનો પિંડ છે એને માનવા માટે એટલો અનંત પુરુષાર્થ ન જોઈએ. આહા..હા..! છતાં એ પુરુષાર્થ અનંત છે. આહા..હા..! ત્રિકાળી અનંતના સ્વભાવના નાથને પકડતા તે પર્યાય અનંત સામર્થ્યવાળી છે. એથી કીધુંને .. સમર્થ. એ સમર્થ પર્યાયમાં એની લાયકાત એટલી છે. આહા..હા..! એને એ જણાણો છે. અરે! આવી વ્યાખ્યા!

'**જેથી, આ પરમપંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને...**' નિકટ જેનો હવે સંસારનો આરો આવી ગયો છે, મોક્ષની તૈયારીઓ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ પરમપંચમભાવ વડે...**' ઓહો..હો..! ટીકા તે પણ કેવી છે! એકે હજારા છે. આહા..હા..! એવી શૈલી કોઈ છે સંતોની (કે) થોડા શબ્દમાં પૂરું કહે. આહા..હા..! જેમ દિવ્યધ્વનિમાં બધું આવે, એમ અહીં સંતોની વાણીમાં થોડામાં ઘણું આવે. શ્રીમદ્ કહે છેને એક એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. એક પત્રમાં છે. આહા..હા..! ભાઈ! સહજાત્મસ્વરૂપ જેવું છે (એવું) ભાવ્યું, ભાસ્યું, અનુભવ્યું, એ ઉપરાંત સ્થિરતા થઈ એની વાણીનું શું કહેવું? આહા..હા..! સમજાણું? એ વાણીમાં વાચ્ય તો અનંતું આવે એને, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અનંત પુરુષાર્થથી અનંત પુરુષાર્થના પિંડને પ્રતીતમાં લઈ શકે છે. સમજાણું કાંઈ? પછી ચારિત્રમાં તો એથી અનંતગુણો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? દ્રવ્યની દૃષ્ટિના જોરમાં ચારિત્ર લેવું છે કે નહિ એ વાત ગૌણ થઈ જાય છે ત્યાં, આવી જાય છે. આહા..હા..!

'**આ પરમપંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય...**' અતિનિકટ ભવ્યતા છે, હવે કહે છે. કેવળજ્ઞાન પામવાને અતિનિકટતા છે હવે જેને. આહા..હા..! પોતાની વાત છેને ભેગી, મુનિ પોતાની વાત નાખે છે ભેગી. સમજાણું કાંઈ? આહા..હા..! '**આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું...**' આલોચનના ચાર પ્રકાર કહ્યાને? આલોચન, આલુંછન, વિકૃતિ, અવિકૃતિકરણ અને શુદ્ધિ. એનો આલોચનાનો આ બીજો બોલ છે. ચાર બોલ છેલ્લા છે. '**આ પરમપંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું આલુંછન...**' પરમપંચમભાવ વડે આલોચનાનો આ ભેદ એવું '**આલુંછન**' ઉત્પન્ન થાય છે. આહા..હા..! '**આલુંછન નામ સિદ્ધ થાય છે,...**' કહે છે. એને આલુંછન સિદ્ધ થયું. સમજાણું કાંઈ? આલુંછનનો બોલ છેને આ? આલોચનાના ચાર બોલમાં આ બીજો બોલ છે.

'**આ પરમપંચમભાવ વડે...**' કોને? કે '**અતિ-આસન્નભવ્ય જીવને...**' '**આ પરમ પંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું...**' આ બીજો (પ્રકાર) પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાર્તા નથી. આ તો ભગવાનના ઘરની ધર્મકથા છે. આહા..હા..! એને સાંભળવા માટે પણ કેટલીક પાત્રતા જોઈએ. ભાઈ! એને નહિતર કંટાળો આવો. કંટાળો આવે તો સત્યનો આદર નથી કરતો એ. સમજાણું? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને આલુંછન છે એના પ્રમાણમાં. મુખ્યતામાં બીજી વાત છે.

આ પરમપંચમભાવ જે ત્રિકાળ ધ્રુવ પરમપારિણામિક જ્ઞાયકભાવ એ વડે. એનો આશ્રય લીધો છે માટે એ વડે, એમ. '**અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે...**' આ આલોચનાનો અધિકાર છેને? પરમ-આલોચના નામ છે માથે. પરમ-આલોચના એટલે નિશ્ચય-આલોચના. વ્યવહાર ગુરુ પાસે કહેવું એ તો બધો વ્યવહાર છે. એની તો અહીં મશ્કરી કરી છે અંદર. આહા..હા..! હવે આવા ભગવાનમાં વિધિ અને નિષેધ શો? કહે છે. આવું પાપ લાગ્યું હતું એનું પ્રાયશ્ચિત (કરવું). મશ્કરી કરી છે. આહા..હા..!

'**નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપ...**' આલોચનાનો ભેદ જે બીજો એવું '**ઉત્પન્ન થતું આલુંછન નામ સિદ્ધ થાય છે,...**' એને આલુંછન (નામ) સિદ્ધ થાય છે. જેને પંચમપરમભાવ વડે અતિનિકટ જેને હવે મોક્ષ છે એવા જીવને પરમ-આલુંછનનો ભેદ ઉત્પન્ન થાય અને તેને આલુંછન સિદ્ધ થાય છે. આહા..હા..! '**કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ...**' વિષમ શબ્દ લાવ્યા આટલો. કેમકે એ પરમભાવ ભગવાન પરમભાવસ્વભાવ. '**સમસ્ત કર્મરૂપી વિષમ...**' વિપરીત ઝેરના ઝાડના '**વિશાળ મૂળને...**' આટલા શબ્દ વાપર્યા વધારે. '**સમસ્ત કર્મરૂપી...**' એક તો ત્યાં એમ આવ્યું છે. આ વિષમ વિષવૃક્ષ-વિપરીત

ઝેરના ઝાડ એના વિશાળ મૂળ. ઓહો..હો..! '**ઉખેડી નાખવામાં સમર્થ છે.**' પર્યાયમાં એની તાકાત એટલી આવી જાય છે, કહે છે. આવા પંચમપરમભાવને પ્રતીતમાં, જ્ઞાનમાં, લીધો એને બીજો બોલ આલુંછન પ્રગટ થાય છે. તેથી કર્મના મૂળને ઉખેડી નાખવાની તાકાત છે એનામાં. સમજાણું કાંઈ?

એ ભાષા તો એવી આવે કે પંચમભાવ કેવો છે? કર્મરૂપી ઝેરને ઉખેડી નાખવામાં સમર્થ. પણ પંચમભાવ ક્યો? પંચમભાવ તો ધ્રુવ છે. એવા બોલ આવે છે આમાં ઘણા. પંચમભાવ કેવો છે? કર્મરૂપી વૃક્ષને તોડી નાખવાને સમર્થ છે, ફલાણું છે, આવું છે એ બધું આવે છે. એનો અર્થ કે એ પંચમભાવ પરમ જેને બેઠો એની પર્યાયમાં કર્મના નાશ કરવાની તાકાત પ્રગટ થાય છે. ધ્રુવપણે તો છે. એ ક્યાં... સમજાણું કાંઈ? આહા..હા..! આવું વચન!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની દૃષ્ટિમાં કર્મના ઝાડને નાશ કરવાની તાકાત છે. એ પર્યાયની તાકાત છે. વસ્તુની તાકાત (જુદી). વસ્તુમાં તો એ છે જ નહિ. વસ્તુમાં એ નાશ કરવું કે ઉત્પન્ન થવું એ છે જ નહિ. રાગનો ત્યાગ એ ક્યાં વસ્તુમાં છે? છે? ૩૪ ગાથામાં આવી ગયું છે. રાગનો ત્યાગ એ તો.. રાગના ત્યાગનું કર્તાપણું એ તો નામમાત્ર છે. આહા..હા..! પરમાર્થે રાગના ત્યાગનું કર્તાપણું એનામાં નથી. રાગના ત્યાગનું કર્તાપણું એમાં નથી. રાગનું ગ્રહવું અને થવું તો એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહેવું છે કે એ વસ્તુ છે આવી એ જેને માનીને પર્યાયમાં ભાન થયું છે એને વસ્તુ જ એવી છે. એણે વસ્તુનો આશ્રય કર્યો એની પર્યાયમાં કર્મને મૂળથી ઉખેડી નાખવાની તાકાત એને જાગે છે. આ મૂળને પકડ્યું એટલે ઓલા મૂળનો નાશ કરવાની તાકાત છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયે મૂળ પંચમભાવને પકડ્યો. મૂળ વસ્તુ જે છે એ. એથી એને કર્મના મૂળિયા મૂળમાંથી ઉખેડવાની તાકાત એની પર્યાયમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સમર્થ છે.**' હવે એના શ્લોક બે કહેશે વિશેષ...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૦, બુધવાર, તા. ૨૯-૧૦-૧૯૭૫
## ગાથા-૧૧૧, કળશ-૧૬૦-૧૬૧, પ્રવચન નં. ૭૭

નિયમસાર, પરમ-આલોચના અધિકાર. ૧૧૦મી ગાથાનો ભાવાર્થ. બે શ્લોક છે.

(मंदाक्रांता)

एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः
कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः।
मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां
एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः।।१६०।।

ઓહો..હો..! જે ભગવાન આત્મા '**કર્મના દૂરપણાને લીધે...**' આત્મા કર્મથી દૂર છે. સમજાણું? '**કર્મના દૂરપણાને લીધે...**' એટલે કે કર્મના અભાવસ્વભાવને લીધે '**પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે,...**' કેવો છે આત્મા? ત્રિકાળી કારણપરમાત્મા ધ્રુવસ્વભાવ એ કર્મથી દૂર છે. છે કેવો પોતે? એ તો દૂર કીધો. '**પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે,...**' પ્રગટ સહજ અવસ્થા એટલે પર્યાય લેવી નહિ અહીં. સહજ અવસ્થા નિશ્ચય જે છે એની દશા કે એને અહીં અવસ્થા કહે છે. અવસ્થા શબ્દે અહીં પર્યાય નથી. અવસ્થા. નિશ્ચયમાં રહેલો અવસ્થ એને અવસ્થા કહે છે. આહા..હા..! એ આવે છે આપણે ત્યાં નહિ? ૧૬મી ગાથા સમયસાર એના કળશમાં આવે છે. સમજાણું કંઈ? દ્રવ્યને સહજ અવસ્થા કહે છે. એ તો જયસેનાચાર્યમાં ઘણે ઠેકાણે આવે છે.

અવસ્થ. અ નામ નિશ્ચયરૂપે સ્થ-રહેલો. આહા..હા..! ભગવાન આત્મા કર્મથી દૂર અને પોતાના નિશ્ચય સ્વભાવમાં સ્થિત. આહા..હા..! '**રહેલો છે.**' એ અસ્તિ કરી. કર્મથી દૂર એ નાસ્તિ કરી અને અસ્તિપણે તો સહજસ્વભાવસ્વરૂપ છે. '**જે આત્મનિષ્ઠાપરાયણ...**' જે આત્મામાં સ્થિત. પરાયણનો અર્થ સ્થિત કર્યો. નિષ્ઠાપરાયણ છેને? '**આત્મનિષ્ઠાપરાયણ...**' આત્મા આવો છે શુદ્ધ ચૈતન્ય એમાં જે નિત્ય પરાયણ છે, તત્પર (છે). '**સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે,...**' આહા..હા..! અનંત મુનિઓને એ કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ પરમનિશ્ચય પંચમભાવ સ્વભાવભાવ એ બધા મુનિઓને મુક્તિનું એ મૂળ છે. મુક્તિનો માર્ગ એ મૂળ નહિ. મુક્તિ ફળ અને એનો માર્ગ મોક્ષમાર્ગ એ નહિ. એ મુક્તિનું મૂળ તો એ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય છે અને મોક્ષપર્યાય પ્રગટ થાય છે તે ભાવસ્વભાવમાંથી પ્રગટ થાય છે. મોક્ષનો માર્ગ તો અભાવસ્વભાવ થઈ જાય છે, વ્યય (થઈ જાય છે). તો અભાવમાંથી આ મોક્ષની પર્યાયનો ભાવ આવતો નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? એ અનંત ગુણની ખાણ નિધાન ભગવાન પર્યાય વિનાની ચીજ એ મુક્તિના મુનિઓને. સમસ્ત મુનિઓ, ત્રણકાળના મુનિઓ. ઓહો..હો..! એ મુનિઓને મુક્તિનું મૂળ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મુક્તિનું મૂળ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુક્તિનું કારણ એ ત્રિકાળ વસ્તુ છે, એમ કહે છે. શું કહ્યું? મોક્ષરૂપી પર્યાય નિર્મળ મુક્તિ એનું કારણ એ દ્રવ્યસ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ મૂળમાંથી મુક્તિની પર્યાય આવે છે, એમ કહે છે. કોઈ મોક્ષના માર્ગના અભાવથી આવે છે એ અહીં નથી વાત. અહીં તો ભાવ આવો જે ત્રિકાળ છે એ મોક્ષની પર્યાયનું એ મૂળિયું છે. એ મૂળમાંથી એ ચીજ આવે છે. આહા..હા..! આવો માર્ગ. માર્ગ તો એવો છેને, ભાઈ! પરમાત્મસ્વરૂપ જે ધ્રુવ પંચમભાવ એને જે ક્ષાયિકભાવ મુક્તિ, ક્ષાયિકભાવ મુક્તિ એ ક્ષાયિકભાવ પણ એમાં નથી, પણ ક્ષાયિકભાવ પ્રગટવાનું મૂળિયું એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ!

**'આત્મનિષ્ઠાપરાયણ સમસ્ત મુનિઓને...'** જેને આત્મા આવો ત્રિકાળ છે તેમાં પરાયણ છે, સ્થિત છે એને મુક્તિનું મૂળિયું એ દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! વ્યવહાર મોક્ષનો માર્ગ એનાથી નિશ્ચય થાય એ નથી અને નિશ્ચયથી મોક્ષનો નિશ્ચય મોક્ષમાર્ગ થઈને મોક્ષ થાય એમ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારથી નિશ્ચય થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી નિશ્ચય ન થાય અને નિશ્ચયથી મોક્ષ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

અતીન્દ્રિય અનાકુળ આનંદનો નાથ પ્રભુ જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે એવું જે દ્રવ્ય, એવું જે સામાન્ય, એવો જે અભેદ ભગવાન આત્મા એ મુક્તિનું મૂળિયું એ છે. આહા..હા..! મોક્ષની પર્યાયનું કારણ એ દ્રવ્યસ્વભાવ છે, એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** સ્વભાવ તો ત્રણે કાળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરે ત્યારે છેને. ત્રણે કાળે છે પણ એની માન્યતામાં આવે ત્યારેને! એ તો પ્રશ્ન થઈ ગયો હતોને. ભાઈએ કીધું હતુંને, ત્રિભુવનભાઈ. વીરજીભાઈના દીકરા, રાજકોટ. એ કહે કારણપરમાત્મા તો છે. કારણપરમાત્મા છે તો કાર્ય કેમ ન આવે? કારણ હોય ત્યાં કાર્ય કેમ ન આવે? એમ પ્રશ્ન કર્યો હતો. કારણપરમાત્મા છે એમ માન્યું કોણે? માન્યા વિના કારણપરમાત્મા છે એમ જાણ્યું કોણે?

**શ્રોતા :-** .. હોય તો માનવાની શું જરૂર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો કારણપરમાત્મા એની પર્યાયમાં નહિ આવે. અને પર્યાયમાં

પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે એને કારણપરમાત્મા છે એ તો શ્રદ્ધા નથી. એને તો રાગ આવશે અને વિકાર આવશે. આહા..હા..! આવો માર્ગ છે.

અહીં તો સીધો ભગવાન ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ... આહા..હા..! શક્કરકંદનો દાખલો નથી આપતા? આ શક્કરકંદ નથી આવતા? શક્કરકંદ. શક્કરિયા કહે છે અમારે અહીં. શક્કરકંદની એક છાલ ઉપરની લાલ છે એ સિવાય આખો મીઠાશનો પિંડ છે શક્કરકંદ. એમાંથી મીઠાશની પર્યાયનો પ્રવાહ વહે. એમ આ છાલ નામ કર્મ અને રાગ-દ્વેષની છાલ વિનાનો ચૈતન્ય જે છે... આહા..હા..! એ અતીન્દ્રિય આનંદની ખાણ અને અતીન્દ્રિય આનંદનું પૂર છે. આહા..હા..! એને જે માને એને માટે છે. જેની શ્રદ્ધામાં એ આવે એને એ છે. શ્રદ્ધામાં ન આવે એને (નથી). એ તો વાત આવી હતીને? વિદ્યમાન છતાં અવિદ્યમાન છે, ન આવ્યું? દસમી ગાથામાં. બહુ સરસ આવ્યું. કાલે ઘણું હતું હોં. કાલે વિસ્તાર બહુ હતો. હરિભાઈ પણ નહોતા. કાલે તો બહુ સમજવાની વાત ઘણી ઝીણી આવી હતી. અમારે આ નહોતા. ... નહિ? આહા..હા..! અમારે હરિભાઈ પણ નહોતા. અમે જોયું હતું હોં! હરિભાઈ ન આવે તો. નજર કરી હતી. દસમી ગાથાનો વિસ્તાર ઘણો આવ્યો કાલે, પરમ દિ'થી તો. આહા..હા..!

આ વસ્તુ એક સમયમાં, એ શક્કરકંદની મીઠાશનો પિંડ એક સમયમાં છે, એ છાલથી દૂર છે, એમ ભગવાન આત્મા વિકાર અને કર્મથી દૂર છે. કર્મ શબ્દમાં વિકાર અને ભાવકર્મ, દ્રવ્યકર્મ બેયથી દૂર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આત્માની નિશાળ છે. ઓલા શીખવા આવ્યા હતાને? .. આવ્યા હતા. ત્યારે એન.સી.સી.વાળા આવ્યા હતા. .. ભાઈ અમારે તો અહીં આત્માની વાત છે. અમારે એન.સી.સી. કેવું એ નહિ. આહા..હા..!

**'કર્મના દૂરપણાને લીધે...'** એટલે જડકર્મ અને ભાવકર્મ બેયથી દૂર છે ભગવાન. સમજાણું કાંઈ? પણ બેસે ભગવાન આત્મા... એક જણાને કહ્યું હતું ભગવાન આત્મા. તો ઓલાને ત્યાંથી આવી હતી વાત. ભગવાન આત્મા અત્યારે ક્યાં છે? અત્યારે ભગવાન નથી, એ તો થાય ત્યારે. અરે! પણ ભગવાન આત્મા જ છે, પણ તું માન ત્યારેને! એ બાજુની વાત આવી હતી પંડિતોમાંથી. ભગવાન આત્મા.. ઓલા શેઠ આવ્યા હતા ખરાને હુકમચંદજી. અહીંયા સાંભળીને ગયેલા કે ભગવાન આત્મા. ત્યાં કીધું કે એ તો ભગવાન આત્મા કહે છે. અરે.. હોય? ભગવાન આત્મા કે દિ'?

**શ્રોતા :-** થાય તે દિ' હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છે. થાય કે દિ'? થાવું તો પર્યાયની વાત છે. આ તો વસ્તુ છે. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ જ્ઞાનથી જોઈએ તો જ્ઞાયકભાવ, આનંદથી જોઈએ તો આનંદભાવ, શ્રદ્ધાથી જોઈએ તો ત્રિકાળી શ્રદ્ધા સ્વભાવભાવ. ત્રિકાળીની વાત છે હોં. ચારિત્રથી જોઈએ તો વીતરાગભાવ, સ્વચ્છતાથી જોઈએ તો એકલો સ્વચ્છતા ભાવ, પ્રભુતાથી જોઈએ તો એકલો પ્રભુ ઈશ્વરભાવ છે. આહા..હા..! ૪૭ શક્તિ કીધી છેને? એવી અનંત શક્તિઓ

છે. એક-એક શક્તિથી જુઓ તો એ પરિપૂર્ણ એક-એક શક્તિથી છે. આહા..હા..! એમ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ... એનું પડી ગયું મકાન. જોડે ઓલું દેવાલય છે કોકનું. એના ઓલામાં સૂતા બિચારા નીકળીને. ત્યાં પડી ગયું. ત્યાં જ પડ્યું. છએ મરી ગયા. એક ઘરના છએ. આ સંસાર તો એવો છે, બાપુ! નિમિત્તમાં શું ક્યાંથી નિમિત્તપણું લાવવું?

આ નિયમસાર છે. નિયમસારનો અર્થ મોક્ષનો માર્ગ. મોક્ષના માર્ગનો (અર્થ) નિશ્ચય મોક્ષમાર્ગ. વ્યવહારની વાત અહીંયાં નથી. તો નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ કોણ? કે '**જે કર્મના દૂરપણાને લીધે...**' ભગવાન આત્મા જડકર્મ અને પુણ્ય-પાપ વિકલ્પના ભાવકર્મથી દૂર આત્મા છે. અને '**પ્રગટ સહજાવસ્થાપૂર્વક વિદ્યમાન છે,...**' આહા..હા..! સહજ પ્રગટ અ-નિશ્ચય, સ્થ. અ નામ નિશ્ચય, સ્થ-રહેલો અંદરમાં છે. પ્રગટ રહેલો ભગવાન છે અંદર. એ તો પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહીએ, પણ પોતાની અપેક્ષાએ તો એ વસ્તુ પ્રગટ છે. આહા..હા..! એવો જે આત્મા '**જે આત્મનિષ્ઠાપરાયણ...**' એવા આત્મામાં શુદ્ધ ચૈતન્યઘન પરમસ્વભાવભાવ. નિશ્ચયમાં પોતાની શક્તિમાં રહેલ સ્વભાવભાવ એમાં જે સ્થિત છે. એ આત્મા તરફની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રમાં મુનિઓ, ભાવલિંગી સંતની વાત છે. એકલું નગ્નપણું અને પંચમહાવ્રત પાળે એ કાંઈ સાધુ નથી. આહા..હા..!

અહીં તો '**આત્મનિષ્ઠાપરાયણ...**' એમ કહ્યું છે. એને સાધુ કહીએ. આહા..હા..! કે જે આત્માનો આશ્રય લઈને, આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એનું અવલંબન લઈને એમાં સ્થિર છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયથી સ્થિર છે. આહા..હા..! '**સમસ્ત મુનિઓને...**' એવા સમસ્ત સંતો, જૈનદર્શનના મુનિઓને... જૈનદર્શનમાં જ મુનિઓ હોય છે, બીજામાં મુનિ હોતા જ નથી. સમજાણું કાંઈ? '**મુક્તિનું મૂળ છે,...**' આહા..! મોક્ષ જે અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત ચતુષ્ટય જે પ્રગટ પર્યાય એવી અનંતી પર્યાય પ્રગટ જે નિર્મળ સિદ્ધ એ સિદ્ધની દશાનું કારણ એ આત્મા છે. નિમિત્ત નહિ, વ્યવહારનો નિશ્ચય નહિ અને નિશ્ચય મોક્ષમાર્ગ પણ એનું કારણ નથી. આહા..હા..! શું કહ્યું? ફરીને આવે તો કાંઈ એકની એક જાત આવે છે કાંઈ?

આ આત્મા ચિદાનંદસ્વરૂપ ધ્રુવ આનંદકંદ એ નિશ્ચય સ્વરૂપ તે આત્મા. એ આત્મામાં જે સ્થિત છે, અંતર્મુખ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે સ્થિત છે એવા '**સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે,...**' સિદ્ધપદની પર્યાયની પ્રાપ્તિનું મૂળ એ જ છે. નિમિત્ત નહિ, વ્યવહાર રત્નત્રય એ પણ મુક્તિનું કારણ નથી અને નિશ્ચય મુક્તિનો માર્ગ છે એ પણ કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આવો માર્ગ છે, ભાઈ! અરે..! દિગંબર સંતો એ તો કેવળીના કેડાયતો છે. જે વસ્તુ છે એને પ્રગટ કરી છે. માર્ગ આવો છે, ભાઈ! તું માન ગમે તે રીતે. આહા..હા..! આવો ત્રણલોકનો નાથ ભગવાનસ્વરૂપે પ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અને સ્થિરતાવાળો મુનિ એને મોક્ષની પર્યાય થવાની છે, પણ એ મોક્ષની

પર્યાયનું કારણ, અવસ્થાનું કારણ શું? દ્રવ્યસ્વભાવ, ત્રિકાળી સ્વભાવ એ કારણ છે. આહા..હા..! મુક્તિનું કારણ વ્યવહારરત્નત્રય પણ નહિ, નિમિત્ત પણ નહિ અને નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ પણ નહિ એમ કહે છે અહીં તો. આહા..હા..!

'**જે એકાકાર છે (અર્થાત્ સદા એકરૂપ છે),...**' લ્યો આવ્યું. એકરૂપ છે એ તો. ચિદાનંદ પ્રભુ ધ્રુવ. આહા..હા..! છે? '**સદા એકરૂપ છે,...**' એકરૂપ સામાન્ય ધ્રુવ ચૈતન્ય અભેદ પર્યાય વિનાની ચીજ. ઓહો..હો..! પર્યાયસહિત તો અનેકાકાર થઈ જાય છે. એ નહિ, દ્રવ્યદૃષ્ટિનો વિષય નહિ. આહા..હા..! '**સદા એકરૂપ છે,...**' ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જિનેન્દ્રદેવે એ આત્માને ત્રિકાળ એકરૂપ જોયો છે. એ સદા એકરૂપ આત્મા એનો આશ્રય કરવાથી મોક્ષનો માર્ગ અને એનો આશ્રય કરવાથી મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વચ્ચે દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપના વિકલ્પ છે એ કાંઈ મુક્તિનું કારણ નહિ, એ ધર્મ નહિ, આહા..હા..! એ તો રાગ છે. ઓહો..હો..!

'**જે નિજરસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે પવિત્ર છે...**' આહા..હા..! કેવો છે ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ? ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' સત્‌ના ત્રણ પ્રકાર. એમાં ઉત્પાદ-વ્યયની સત્‌ની પર્યાયથી રહિત ધ્રુવ એકરૂપ છે. '**નિજ રસના ફેલાવથી ભરપૂર...**' આહા..હા..! પોતાના આનંદરસના કારણે એ ભરપૂર ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદના રસથી ભરપૂર આત્મા છે, એ કારણે પવિત્ર છે. એમાં રાગ અને પુણ્યના રસનો અભાવ છે. એ તો પહેલા કહ્યું. નિજરસ, શાંતરસ, અકષાયરસ, વીતરાગરસ, પૂર્ણાનંદરૂપી રસ, એવો ભરપૂર પોતાના આનંદના રસથી પવિત્ર છે. એવા આનંદ, અતીન્દ્રિય આનંદના રસથી ભરપૂર (હોવાને) કારણ પવિત્ર છે. કીધુંને કારણ જુઓ.

'**નિજરસના ફેલાવથી ભરપૂર હોવાથી...**' એમ. '**ભરપૂર હોવાને લીધે...**' સમજાય છે કાંઈ? આહા..હા..! પોતાનો આનંદરસ, અનાકુળ શાંત, આનંદરસથી તો ભરપૂર હોવાને લીધે, અતીન્દ્રિય આનંદના રસથી ભરપૂર પૂર્ણ હોવાને કારણે એ પવિત્ર છે. પવિત્ર કેમ છે એનું કારણ આપ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રગટ અવસ્થાપૂર્વક વિદ્યમાન છે. એમાં સ્થિત મુનિઓને મુક્તિનું કારણ છે અને એકાકાર સદાય એકરૂપ છે. આહા..હા..! '**જે નિજ રસના ફેલાવથી...**' અનંત આનંદનો વિસ્તાર અંદર વિશાળ. ભગવાન અંતરમાં અનંત આનંદનો દરેક અસંખ્ય પ્રદેશે અનંત આનંદનો વિસ્તાર પડ્યો છે આમ. સમજાણું કાંઈ? આહા..હા..! અનંત આનંદનો અસંખ્ય પ્રદેશે વિસ્તાર છે આમ. પર્યાય છે તે આમ છે ક્રમ. આ તો એક સાથે અનંત આનંદનો વિસ્તાર પડ્યો છે. આહા..હા..! અરે..! આ આત્મા એને કેમ બેસે? કોઈ દિ' આત્મની વાત સાંભળી ન મળે. આહા..હા..! રખડતો ચોર્યાશીના અવતારમાં. તારા આનંદથી ભરેલો ભરપૂર તું આત્મા છો.. આહા..હા..! પર્યાય નહિ હોં આ. આહા..હા..!

કેવો છે આત્મા? કે '**નિજરસના ફેલાવથી...**' વિશાળ ભરપૂર પરિપૂર્ણ હોવાને લીધે તે પવિત્ર છે. આહા..હા..! '**અને જે પુરાણ (સનાતન) છે,...**' આહા..હા..! સનાતન છે, અનાદિનો છે. સનાતન નથી કહેતા? આ સનાતન ધર્મયોગ છે. આ આત્મા જ સનાતન છે. એને સમજે તે સનાતની ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! સનાતન અનાદિ-અનંત. આહા..હા..! એક સમયની પર્યાય વિનાની વાત છે. પુરાણ છે. પુરાણ પુરુષોત્તમ છે એ તો. આહા..હા..! રામચંદ્રજીને પુરાણ પુરુષોત્તમ કહેતા હતાને .... આ તો પુરાણ પુરુષોત્તમ આત્મા જ એવો છે. આહા..હા..! દરેક આત્મા આત્મરામ અનંત આનંદના રસથી પવિત્ર પુરાણપુરુષ છે. પુરાણ નામ જૂનો, સનાતન આત્મા છે. અનાદિનો એ સનાતન એવો આત્મા છે. આહા..હા..! વાત એવી સાંભળતા એને કઠણ પડે. બહારની પ્રવૃત્તિ આ કરું ને તે કરું એ આડે તત્ત્વ શું છે એની ખબર ન મળે. ધર્મ કેમ થાય એની ખબર નહિ. આહા..હા..!

'**તે શુદ્ધ-શુદ્ધ...**' શુદ્ધ છે. આહા..હા..! દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ, પર્યાયે શુદ્ધ. કારણપર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળ-ત્રિકાળ '**એક પંચમભાવ...**' એવો એક પંચમ પારિણામિકભાવ, એક સમયની પર્યાય પારિણામિક છે, આ પંચમ ભાવ પરમપારિણામિકભાવ છે. એવો '**એક પંચમભાવ સદા જયવંત છે.**' મુનિરાજ કહે છે પદ્મપ્રભમલધારિદેવ નગ્ન દિગંબર એમણે ટીકા કરી છે. છેને ત્રીજા? પદ્મપ્રભમલધારિ મુનિન્દ્ર છે આચાર્ય નહિ. આહા..હા..! કહે છે કે એવો આત્મા જયવંત વર્તે છે. અમે એને સ્વીકાર્યો છે અને અમારી નજરમાં એ આવી ગયો છે, એમ કહે છે. આહા..હા..! આવો ભગવાન જયવંત વર્તે છે કહે છે. જયવંત વર્તે છે, આમ છે એ કોણે જાણ્યું? પર્યાયે જાણ્યું છે. આહા..હા..! પર્યાય વર્તમાન પર્યાય તેને જયવંત વર્તે (છે) એમ જાણે છે. પર્યાય પર્યાયમાં રહીને જયવંત વર્તે છે આ એમ જાણે છે. પર્યાય પર્યાયમાં રહીને, શ્રદ્ધાની પર્યાયમાં પર્યાય રહીને આખો આત્મા આવો છે એમ શ્રદ્ધે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું તો છે, બાપુ! પ્રભુ! માર્ગ તો એવો છે.

અનંતકાળમાં મુનિવ્રત ધારણ કર્યા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ કાંઈ સાધુપણું નથી. આહા..હા..! 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા આવો છે એવું અવલંબન લીધા વિના એને આનંદ આવ્યો નહિ, ધર્મ થયો નહિ. પંચમહાવ્રત પાળો, અઠ્યાવીશ મૂળગુણ પાળો એ ધર્મ નથી, એ તો દુઃખરૂપ ક્રિયા છે. આહા..હા..! ભારે વાત! આવ્યું કે નહિ એમાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો પંચમહાવ્રતાદિ એ તો દુઃખરૂપ છે, વિકલ્પ છે. એ તો આસ્રવ છે, દુઃખ છે. આહા..હા..! અને આત્મજ્ઞાન,... એવા ભરપૂર રસથી ભરેલો એવો સનાતન ભગવાન આત્મા શુદ્ધ-શુદ્ધ એવો જયવંત વર્તે છે. આહા..હા..!

મુનિરાજ પોતાની પર્યાયમાં એને જાણ્યો છેને કે આ છે એમ જયવંત વર્તે છે. અમારી

પ્રતીતિમાં એ જયવંત વર્તે છે એમ દેખાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહો, રસિકભાઈ! નિજરસનો રસિક છે એમ કહે છે. આહા..હા..! ૧૬૦ થયો. ૧૬૧ કળશ.

(मंदाक्रांता)

आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा
मत्ता नित्यं स्मरवशगता स्वात्मकार्यप्रमुग्धा।
ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं
मोहाभावात्स्फुटितसहजावस्थमेषा प्रयाति।।१६१।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- અનાદિ સંસારથી સમસ્ત જનતાને...**' અનાદિ સંસારથી સમસ્ત જીવોને '**તીવ્ર મોહના ઉદયને લીધે...**' મિથ્યાત્વભાવ પરમાં સાવધાનીને કારણે, મિથ્યાત્વને કારણે... આહા..હા..! '**જ્ઞાનજ્યોત સદા મત્ત છે,...**' ચૈતન્યજ્યોતિ ઘેલછામાં વર્તે છે. સમજાણું કાંઈ? છે તો ચિદાનંદ ભગવાન શુદ્ધ પહેલા કહ્યો એવો. પણ મોહને કારણે, પરમાં સાવધાનીને કારણે, રાગ અને એક સમયની પર્યાયની સાવધાનીને કારણે ભગવાન જ્ઞાનજ્યોતિ ઘેલી, ગાંડી થઈ ગઈ, પાગલ થઈ ગઈ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક શુભરાગ કર્યો દયા, દાનનો તો ઓહો..હો..! અમારે ધર્મ થઈ ગયો. પાગલ છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો નિત્યાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો ભરપુર એ તરફનું લક્ષ અને આશ્રય નહિ અને અનાદિથી જ્ઞાનજ્યોતિ ચૈતન્યપ્રભુ રાગની તીવ્રતા અને મિથ્યાત્વની તીવ્રતાને લીધે એ જ્ઞાનજ્યોતિ મસ્ત-ઘેલી થઈ ગઈ છે. આહા..હા..! મિથ્યાત્વનો દારૂ પીધો એણે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે એ મારો ધર્મ છે એમ અજ્ઞાની માને છે. એની જ્ઞાનજ્યોતિ પાગલ થઈ ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કામને વશ છે...**' આહા..હા..! એ ઈચ્છાને વશ થઈ ગઈ છે. જે જ્ઞાનજ્યોતિ આત્મા અંતરમાં વશ થવી જોઈએ એને ઠેકાણે ઈચ્છાને વશ (થઈ), કામ એટલે ઈચ્છા એને વશ થઈ ગઈ છે. આહા..હા..! 'ક્યા ઈચ્છત ખોવત સબ હૈ ઈચ્છા દુઃખ મૂલ, ક્યા ઈચ્છત ખોવત સબ હૈ' શું ઈચ્છે છે તું? બધું ખોવે છે. આત્મા એમાં ખોવાઈ જાય છે. 'હૈ ઈચ્છા દુઃખમૂલ.' આહા..હા..! ઈચ્છાને વશ એ કામને વશ થઈ ગઈ છે. આહા..હા..! '**અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે.**' આહા..હા..! દયા ને રાગ ને પુણ્ય ને પાપ ને હિંસા ને જૂઠું ને વિષયભોગની વાસના એ કાર્યમાં તત્પર છે. આત્માના કાર્યમાં મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ આત્મકાર્યમાં...**' નિજ આત્મકાર્ય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળ સ્વભાવને આશ્રયે થાય એવું આત્માનું કાર્ય છે. એ કાર્યમાં તો મૂઢ છે. ભાન નથી કે મારું કાર્ય શું છે? આહા..હા..! હું શરીરનું કાર્ય કરું છું, પરનું કામ કરું છું, શુભ-અશુભભાવ મારું કાર્ય

છે. એ નિજકાર્યથી તો મૂઢ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ વરસાદ બહુ આવ્યોને એટલે બહુ નુકસાન થયું છે. માણસો કેટલાય મરી ગયા. ૫૦-૬૦ કરોડ રૂપિયાની નુકસાની છે. આ પોરબંદર ને જામનગર ને.. કહો, હવે વરસાદ આવા થયા. એમ કોક કહેતું કાલે ભાઈ અમારે ભાયાણી. ધીરૂભાઈ ભાયાણી કહે હું ત્યાં હતો તે દિ' બરાબર. ઝાડના ઝાડ પડી ગયા. અબજોનું નુકસાન .. વરસાદ આવ્યો ત્યારે આ થયું. ક્યાં એની બહારની ચીજમાં ધૂળેય નથી. સારો પાક થયો. ઓહો..હો..! શેનો પાક? સારો કપાસ પાક્યો. સારા કપાસ, તલ, પણ તારામાં પાક આવ્યા વિના એ પાક તારો ક્યાં? એ તો ધૂળનો છે. આહા..હા..! ઓહો..હો..!

**'આત્મકાર્યમાં મૂઢ...'** જ્ઞાનજ્યોતિ. ચૈતન્યજ્યોત એ તો ઝળહળ જ્યોતિ ચૈતન્યસ્વરૂપ ચૈતન્યચમત્કારથી ભરેલો પ્રભુ છે. આહા..હા..! એ પોતાના કાર્યમાં અનાદિથી બધી જનતા મૂઢ થઈ ગઈ છે, કહે છે. આહા..હા..! **'મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ...'** હવે સવળી વાત લે છે. મોહ નામ પરતરફની સાવધાનીનો મિથ્યાત્વભાવ એના **'અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે...'** આહા..હા..! પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છોડીને એ જ્ઞાનજ્યોતિ પોતાને પામે છે. **'શુદ્ધભાવને પામે છે...'** જુઓ, શુદ્ધભાવને પામે છે. આહા..હા..! ચૈતન્યજ્યોત ભગવાન આત્મા મિથ્યાત્વ નામ પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિના અભાવથી પોતાના આત્મામાં શુદ્ધભાવને પામે છે. આહા..હા..! ત્રિકાળી શુદ્ધભાવને પામે છે, પણ ત્રિકાળી શુદ્ધભાવને પામે છે તો પર્યાયમાં શુદ્ધભાવની પ્રાપ્તિ થઈ. આહા..હા..! આવો ઉપદેશ એટલે માણસને કોઈનું કાંઈ કરવું હોય કે ભાઈ આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો (તો કાંઈક ધર્મ કરતા હોય એવું લાગે). હવે એ તો અનાદિથી કર્યું છે સાંભળને હવે. એ ક્યાં ધર્મ હતો? એવી તો અનંતવાર લાંઘણ કરી સમકિત વિના. આહા..હા..! જાત્રા કરો શેત્રુંજયની અને સમ્મેદશિખરની. એ તો રાગ છે, પુણ્ય છે. એમાં ધર્મ ક્યાં આવ્યો? પરદ્રવ્યની સાવધાનીમાં (ધર્મ ક્યાં આવ્યો?) આહા..હા..! (અષ્ટપાહુડમાં) મોક્ષ અધિકારમાં તો એમ કહ્યું **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર, સમ્મેદશિખર કે શેત્રુંજય હોય કે સમવસરણ કે અરિહંત અને અરિહંતની વાણી એ ઉપર લક્ષ જતા રાગ જ થાય, એ ચૈતન્યની ગતિ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પરંપરા કામ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય પરંપરાથી થાય નહિ. લસણ ખાઈને કસ્તુરીનો ઓડકાર આવતો હશે? ખાઈ લસણ-લસણ. એ વ્યવહાર છે એ તો રાગ છે, બંધન છે, બંધભાવ છે, એનાથી અબંધભાવ નથી થતો. ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ? એને મૂળ વાત (કે) માહાત્મ્ય જ વસ્તુનું આવતું નથી. એ વિના બીજા પરના માહાત્મ્ય કર્યા. આ દેવ, ગુરુ અને શાસ્ત્રનું માહાત્મ્ય પણ રાગ છે, એ ધર્મ નહિ.

શ્રોતા :- એ માહાત્મ્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવે એ વાત છે, પણ રાગ છે, બંધન છે.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને. આવે એમ કીધુંને. એ કરવું આવી ગયું. આવે પણ એ બંધનનું કારણ છે. નિજસ્વભાવના આશ્રય વિના જેટલો પરનો આશ્રય કરે છે એ બધું બંધનું કારણ છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજે છે, તો એની પૂજા પણ અનંતવાર કરી સમવસરણમાં. હીરાના થાળ અને મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ (લઈને) જય ભગવાન. પણ એ તો શુભભાવ છે, ધર્મ નહિ. બહુ આકરું. જગતને અત્યારે સત્યને પહોંચવું બહુ કઠણ છે. કારણ કે એ વાત જ બધી ગુમ થઈ ગઈ. બહારની વાતના કડાકૂટા રહ્યા. સમજાણું કાંઈ? આહા..હા..!

**'શુદ્ધભાવને પામે છે...'** કોણ? જ્ઞાનજ્યોતિ. ચૈતન્યજ્યોત મોહના અભાવને કારણે અથવા પર્યાયબુદ્ધિના અભાવને કારણે સ્વભાવમાં શુદ્ધતા પડી છે તો એ શુદ્ધતાને પામે છે. આહા..હા..! પામે છે એના બે અર્થ. શુદ્ધભાવ જે ત્રિકાળ છે એને પામે છે અને એની પર્યાયમાં શુદ્ધભાવની પર્યાય પ્રાપ્ત થાય છે. આહા..હા..! માર્ગ તો આવો છે જિનેન્દ્રદેવનો. **'કે જે શુદ્ધભાવને...'** આહા..હા..! નિર્મળ પર્યાય પ્રગટ થઈને એને? શુદ્ધભાવ. શુભાશુભભાવ એ તો બંધનું કારણ છે, એનાથી તો રહિત થઈ ગયો. **'શુદ્ધભાવે દિશામંડળને...'** એટલે એવું જ્ઞાન પ્રગટ્યું કે ઉજ્જ્વળ ધવળ કરી છે દિશા ચારે બાજુ. બધાનું જ્ઞાન કરે છે. એમ કે જ્ઞાન કરે છે. રાગ આવ્યો, પુણ્ય આવ્યું, નિમિત્ત બધાનું જ્ઞાન કરે છે. બધી દિશામાં ઉજ્જ્વળ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ આવે છે એને જાણે છે, જ્ઞાયકભાવ છે એને જાણે છે, નિર્મળ પર્યાય થઈ એને જાણે છે, ત્રિકાળ ગુણ શુદ્ધ છે એને જાણે છે. એ દિશા પર્યાય નિર્મળ થઈ એ બધાને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને સહજ અવસ્થા પ્રગટ કરી છે.'** લ્યો ઠીક! સ્વભાવિક વસ્તુ જે છે એની સહજ દશા, જેમ સહજ અવસ્થ કહ્યું હતું એવી સહજદશા પ્રગટ થઈ પર્યાયમાં. આહા..હા..! સહજ અવસ્થા, નિર્મળ અવસ્થા. સહજ અવસ્થાસ્વરૂપ તો ત્રિકાળ છે. એના આશ્રયે સહજ શુદ્ધ અવસ્થા પ્રગટ થાય છે. જે અવસ્થામાં ચારેય બાજુનું જ્ઞાન થાય છે. દ્રવ્યનું જ્ઞાન, ગુણનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન, અશુભનું જ્ઞાન, પરદ્રવ્ય-ક્ષેત્રનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એ ૧૬૧ કળશ થયો. ૧૧૦મી ગાથા ૧૧૦.

૧૧૧. ત્રીજો બોલ છે આ. આલોયણના ચાર બોલ છે. આલોયણ, આલુંછન, અવિકૃતિકરણ, ભાવશુદ્ધિ. એમાં આલોયણ અને આલુંછન બે બોલ થઈ ગયા, બે ગાથામાં. ત્રીજી ગાથા હવે આવે છે. અવિકૃતિકરણ.

कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं।
मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं।।१११।।
અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

'**ટીકા :- અહીં, શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું** (ખાસ **પરિણતિનું**) **કથન** છે.' શું કહે છે? '**શુદ્ધોપયોગી જીવની પરિણતિ...**' ભગવાન પરમાનંદ શુદ્ધ જે છે એને આશ્રયે પ્રગટ થઈ શુદ્ધ પરિણતિ, શુદ્ધ પર્યાય, ધર્મ પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય. '**શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષ...**' એ શુદ્ધોપયોગી જીવની પર્યાય કેવી છે? એવું મુખ્ય પરિણતિનું કથન છે. મુખ્ય એટલે શુદ્ધ પરિણતિ. આહા..હા..! '**પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન એવો જે જીવ...**' આહા..હા..! કેવો છે જીવ ભગવાન આત્મા? કે એ જીવ જ સ્વભાવ જ એવો છે એનો કે '**પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન...**' છે. પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. આહા..હા..! પોતાનો નિજસ્વભાવ શુદ્ધ ત્રિકાળ પવિત્ર છે એનો આશ્રય કરવાથી પુણ્ય-પાપરૂપી જંગલ, અટવી-વનને બાળવા માટે અગ્નિ સમાન છે. આહા..હા..! ત્રિકાળ શુદ્ધભાવ એવો છે અને શુદ્ધભાવના આશ્રયે જે શુદ્ધ પરિણતિ પ્રગટી એ પણ સંસારરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન છે. આહા..હા..! અશુદ્ધભાવને બાળવા માટે શુદ્ધપરિણતિ અગ્નિ સમાન છે, એમ કહે છે. આહા..હા..! અશુદ્ધભાવથી શુદ્ધ પરિણતિ થાય છે એમ તો નથી, પણ શુદ્ધપરિણતિ અશુદ્ધપરિણતિને બાળવા માટે અગ્નિ સમાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એવો જે જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન આત્માને...**' એવો ભગવાન આત્મા જે સંસારની કષાય અગ્નિ, શુભ અને અશુભભાવ એને બાળવા માટે અગ્નિ સમાન (છે). ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એ આત્મા એવા '**દ્રવ્યકર્મ,...**' જડ. '**ભાવકર્મ,...**' દયા, દાન, કામ, ક્રોધના ભાવ એ ભાવકર્મ અને '**નોકર્મ...**' શરીર, વાણી, મન એનાથી '**ભિન્ન આત્માને...**' આહા..હા..! એનાથી ભગવાન આત્મા ભિન્ન છે અંદર. સમજાણું કાંઈ?

કહ્યું નહોતું એક ગાથા નહોતી હિન્દી? 'સુદૃષ્ટિ .. પ્રથમ.' સુદૃષ્ટિ શરીરથી જે ભિન્ન. એ ગાથા પહેલા ઘણા વર્ષો પહેલા વિરજીભાઈ સાથે ચર્ચા ચાલતી હતી. વિરજીભાઈ સાથે. 'પ્રથમ સુદૃષ્ટિસો શરીરરૂપ કીજે ભિન્ન, તામે સૂક્ષ્મ શરીર ભિન્ન જાણીએ.' એમાં કર્મ અને તેજસ શરીર સૂક્ષ્મ એનાથી પણ ભગવાન ભિન્ન (છે). 'અષ્ટકર્મ ઉપાધિ સો, અષ્ટકર્મ ભાવ ઉપાધિ સો દૂર.' અષ્ટકર્મની ઉપાધિ પુણ્ય અને પાપભાવ એ ઉપાધિથી ભિન્ન ભગવાન છે. 'તામે સુબુદ્ધિકો વિલાસ ભિન્ન જાણીએ.' એ સુબુદ્ધિ નામ આ હું નહિ એવો વિકલ્પ, ભેદજ્ઞાનનો વિકલ્પ એનાથી પણ ભિન્ન છે. આહા..હા..! 'વામે બિરાજત પ્રભુ ચેતન અખંડરૂપ' બોલ્યા હતા કે નહિ એક ફેરી? 'વામે બિરાજત પ્રભુ ચેતન અખંડરૂપ.' આહા..હા..! ભિન્ન કહ્યું.

રાગથી ભિન્ન, કર્મથી ભિન્ન, શરીરથી ભિન્ન, સૂક્ષ્મ શરીરથી ભિન્ન 'બિરાજત ચેતન અખંડરૂપ.' સામાન્ય અભેદ ચીજ. આહા..હા..! એના શ્રુતજ્ઞાન પ્રમાણથી-ભાવશ્રુતજ્ઞાન પ્રમાણથી એને ખ્યાલમાં લેવો. આહા..હા..! 'વાણી કો મગન ભયે યહી પંથ વિધિ સાધને કો માર્ગ હૈ.' મોક્ષમાર્ગ સાધવાની આ વિધિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**'દ્રવ્યકર્મ,...'** જડ. જડથી ભિન્ન મારી ચીજ છે. એનું લક્ષ છોડીને, **'ભાવકર્મ,...'** પુણ્ય-પાપના ભાવનું લક્ષ છોડીને, **'નોકર્મ...'** શરીર, વાણી, મનનું લક્ષ છોડીને **'ભિન્ન આત્માને...'** કેવો છે આત્મા? **'કે જે સહજ ગુણોનું નિધાન છે...'** આહા..હા..! જે સ્વભાવિક જ્ઞાન, આનંદ આદિ શાંતિ સ્વભાવ ત્રિકાળ એનું તો એ નિધાન છે. આહા..હા..! મોટી નિધિ છે, ગોદામ છે. અનંતગુણનું ગોદામ ભગવાન છે. આહા..હા..!

**શ્રોતા :-** ગોદામમાં માલ ઘણો હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ માલ, ગુણમાલ છે આ. અભેદ છે. આહા..હા..! એમ કે ગોદામ જુદું અને માલ જુદી ચીજ છે. એવું નથી આમાં. આ તો આત્મા અનંતગુણનું નિધાન પોતે સ્વયં છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવા અનંતગુણનો ભંડાર ભગવાન છે, નિધાન છે. આહા..હા..! એની દૃષ્ટિ વિના બધું ફોગટ છે. સમજાણું કાંઈ? એની સમ્યગ્દૃષ્ટિ વિના જે કાંઈ ક્રિયાકાંડ કરે, બધો સંસાર રખડવા ખાતર છે. આહા..હા..! એવો માર્ગ છે. એને ધ્યાવે છે.

કેવો છે ગુણસ્વભાવ? **'કે સહજ ગુણોનું નિધાન છે...'** એ આત્માને ધ્યાવે છે. દૃષ્ટિમાં એને ધ્યાવે છે, જ્ઞાનમાં એને ધ્યેય બનાવે છે, સ્થિરતા એમાં કરે છે. આહા..હા..! એનું નામ મોક્ષનો માર્ગ છે. લીધુંને ભાઈ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** દ્રવ્યસંગ્રહ દ્રવ્યસંગ્રહ. નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી. એમણે બનાવેલું એમાં ૪૭મો શ્લોક છે. **'दुविहं पि मोक्खहेउं'** નિશ્ચયમોક્ષ(માર્ગ) અને વ્યવહારમોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. અંતર્મુખ સ્વભાવને ધ્યાનમાં (ધ્યેય) બનાવીને, ધ્યાનમાં એ ત્રિકાળી સ્વભાવને વિષય બનાવીને. ધ્યાનની પર્યાયમાં વિષય બનાવવો. આ તો સમજાવવામાં શું આવે? ધ્યાનની પર્યાયમાં 'હું વિષય બનાવું છું' એ પણ નહિ. સમજાણું કાંઈ? તત્ત્વજ્ઞાન તરંગિણીમાં છે. તત્ત્વજ્ઞાન નહિ, અધ્યાત્મતરંગિણી. 'ધ્યાન વિષય કુરુ' એવો પાઠ છે. ધ્યાનનો વિષય. ધ્યાનનો વિષય બનાવ એને. તારી પર્યાયનો વિષય રાગ અને પર છે એ (પલટીને) ધ્યાનની પર્યાયનો વિષય ત્રિકાળને બનાવ. આહા..હા..! અધ્યાત્મ તરંગિણી છેને? આ કળશની ટીકા. એમાં છે. એવા આત્માને ધ્યાવે છે.

**'તેને અવિકૃતિકરણ-નામક પરમ-આલોચનાનું સ્વરૂપ વર્તે છે જ.'** લ્યો! અવિકૃતિકરણ છેને? એને આત્માનો સ્વભાવિક સહજગુણ નામમ પરમ આલોચના એવું સ્વરૂપ એને વર્તે છે પર્યાયમાં. આહા..હા..! ત્રિકાળી સ્વભાવને આલોચના, જોતાં દેખતા પોતાની

પર્યાયમાંથી નિર્મળ પર્યાય પ્રાપ્ત થાય છે એવી પર્યાયમાં એ વર્તે છે. આહા..હા..! '**પરમ-આલોચનાનું સ્વરૂપ...**' દોષ લાગ્યા અને ભગવાન પાસે, ગુરુ પાસે કહેવા એ નહિ. એ તો વ્યવહાર વિકલ્પ છે. પરમ-આલોચનાનું સ્વરૂપ આ છે. માથે નામ છેને પરમ-આલોચના, નિશ્ચય-આલોચના, સાચી આલોચના. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદના નાથને જે ધ્યાવે છે એની પર્યાયમાં નિર્મળ પર્યાય વર્તે છે એ આલોચનાનો ત્રીજો ભાગ કહેવામાં આવે છે. આહા..હા..! '**સ્વરૂપ વર્તે છે જ.**' આહા..હા..! ધ્યાવે છે એને આલોચનાનું સ્વરૂપ વર્તે જ છે એમ (કહે છે). પૂર્ણ સહજ આનંદગુણનું ધામ ભગવાન એને જે ધ્યાવે છે, ધ્યાનમાં લઈને ધ્યાન કરે છે એની પર્યાયમાં આલોચના નિર્મળ પર્યાય વર્તે છે. એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૧૧મી ગાથાના ટીકાકાર નવ શ્લોક કહેશે... વિશેષ આવશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧૧, ગુરુવાર, તા. ૩૦-૧૦-૧૯૭૫
## કળશ-૧૬૨ થી ૧૬૫, પ્રવચન નં. ૭૮

૧૧૧ ગાથા. એના કળશ છે. ૯ કળશ છે ૯. ગાથા એક અને કળશ ૯. ૧૧૨ ગાથા એક અને એના ૯-કળશ. બે ગાથામાં ૧૮ કળશ છે. ૧૬૨.

(मंदाक्रांता)

आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे–
रन्तःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं
नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः।।१६२।।

'**શ્લોકાર્થ :- આત્મા નિરંતર...**' સદાય '**દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે, અંતરંગમાં શુદ્ધ...**' ધ્રુવ છે એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**અંતરંગમાં શુદ્ધ છે અને શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે...**' પૂછ્યું હતુંને? માથે નહિ? હમણા પંડિતજીને. '**अम्भोजिनी**' શબ્દ છેને બીજી લીટીમાં. '**अम्भोजिनी**' એટલે કમળ. શબ્દાર્થ... કીધું અમ્ભો એટલે કમળ તો થયું પણ '**अम्भोजिनी**' રાજહંસ. '**શમ-દમગુણ...**' ત્રિકાળ હોં. આહા..હા..! એવા (શમ-દમ ગુણરૂપી) '**કમળોનો રાજહંસ છે...**' અંદરમાં રમનારો છે એ તો. આહા..હા..! '**(અર્થાત્ જેમ રાજહંસ કમળોમાં કેલિ**

**કરે છે તેમ આત્મા શાંતભાવ અને જિતેંદ્રિયતારૂપી ગુણો...'** હોં! ત્રિકાળ આહા..હા..! ધ્રુવસ્વરૂપ આહા..હા..! એમાં એ કેલી કરે છે. આહા..હા..!

જેમ જ્ઞાનચેતના અને જ્ઞાનચેતનાનું ફળ એ અનાદિ ધ્રુવમાં છે. એ વાત આવી ગઈ છે પહેલી. પર્યાયની જ્ઞાનચેતના નહિ. ત્રિકાળ જ્ઞાનચેતના નિત્યાનંદ પ્રભુ અને તેનું ફળ અતીન્દ્રિય આનંદને ભોગવે છે ઈ. ભોગવે છે એટલે કે એમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ શમ-સમતા અને દમ. છેને? સમતાની વ્યાખ્યા કરી અહીં શાંતભાવ અને દમની વ્યાખ્યા કરી જિતેંદ્રિય. અર્થમાં. આહા..હા..! શાંતભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો શાંત.. શાંત.. અકષાયસ્વરૂપ છે અને જિતેન્દ્રિય એટલે કે ઈન્દ્રિયને જીતવું એમાં નથી, એ તો જિતેન્દ્રિયસ્વરૂપ જ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમતા અને જિતેન્દ્રિયની પર્યાય પ્રગટે એ પોતે સમતા અને જિતેન્દ્રિયસ્વરૂપ છે એમાંથી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આગળ લેશે પ્રાયશ્ચિતમાં કે આત્મા પ્રાયશ્ચિતસ્વરૂપ જ ધ્રુવ છે. પ્રાયશ્ચિતસ્વરૂપ જ એ છે ત્રિકાળ. આહા..હા..! જેમાં પાપ અને પુણ્યનો અભાવ છે એવી ત્રિકાળ વસ્તુ તેને પ્રાયશ્ચિત કહે છે અને એને આશ્રયે પ્રાયશ્ચિત નિર્મળ નિર્વિકારી પર્યાય થાય છે. અરેરે! વાતમાં બહુ ફેર. સમજાણું કાંઈ? શાંતભાવ અને જિતેન્દ્રિય ગુણોમાં તો રમે છે ધ્રુવ. આહા..હા..! રમે છે એ તો પર્યાયમાં આવે. એઈ..! અહીં એ નથી લેવું. એ અંદર છે જ આવું સ્વરૂપ. જિતેન્દ્રિયપણું, શાંતપણું જ એનું સ્વરૂપ છે, એમાં જ એ રહેલું છે તત્ત્વ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સદા આનંદાદિ અનુપમ ગુણવાળો...'** ત્રિકાળ અનાદિ-અનંત આનંદ આદિ અનુપમ ગુણવાળો, અનંતગુણવાળો. આહા..હા..! આનંદ જે પ્રગટે છે પર્યાયમાં એ ધ્રુવ સદા આનંદરૂપ ધ્રુવ છે એને આશ્રયે પ્રગટે છે. એટલે પર્યાયમાં આનંદ આવે કે ત્રિકાળ આનંદસ્વરૂપ છે. એનો આશ્રય કરતા પર્યાયમાં આનંદ આવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ... વીતરાગ માર્ગ બહુ ગંભીર છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'અને ચૈતન્યચમત્કારની મૂર્તિ...'** છે એ તો. આહા..હા..! સર્વને જાણવું દેખવું એવું એનું ત્રિકાળ સ્વરૂપ જ છે. ચૈતન્યમૂર્તિ ચમત્કારમૂર્તિ ચૈતન્યની. જાણક-દેખન ચૈતન્યચમત્કાર છે. જેની શક્તિ ચૈતન્યચમત્કાર મૂર્તિ છે. ઓહો..હો..! અનંત-અનંત કેવળજ્ઞાન અને દર્શન પ્રગટે એ તો એક સમયની પર્યાય છે. આ તો ચૈતન્યચમત્કારની મૂર્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેનો ચૈતન્યસ્વભાવ, ચેતનનો ચૈતન્યસ્વભાવ, આત્માનો ચૈતન્યસ્વભાવ એ તો એનો ચમત્કાર છે. આહા..હા..! જેમાંથી કેવળજ્ઞાનાદિ અનંતી પર્યાયો નીકળ્યા કરે પણ ચૈતન્યચમત્કાર તો એવો ને એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવો તે આત્મા...'** એમ છેને? **'એવો તે આત્મા...'** આહા..હા..! **'મોહના અભાવને લીધે...'** એમાં મોહનો અભાવ છે વસ્તુમાં. આહા..હા..! **'સમસ્ત પરને ગ્રહતો નથી જ.'**

આહા..હા..! ત્રિકાળી નિત્ય પ્રભુ રાગને અને પર્યાયને ગ્રહતો નથી. આહા..! સમજાણું કાંઈ? એ તો નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તરીકે બિરાજે છે. સમજાણું કાંઈ? એ ૧૯૨ ગાથા આવી છેને. ધ્રુવ નથી આવ્યું? એ ધ્રુવની ઓલી પર્યાયને અભિન્ન ગણી છે, પર્યાયને અભિન્ન ગણી છે અને પરને ભિન્ન ગણી છે, પણ એ તો એ સ્વરૂપ જણાવવા છે. છેને ત્યાં? ૧૯૨ ગાથા પ્રવચનસાર. આત્મા મહાર્થ છે. મહા-અર્થ છે, મહાપદાર્થ છે. ધ્રુવ છે એ તો અતીન્દ્રિય છે. આ તો મહાપદાર્થ છે. સમજાણું કાંઈ? કેવો? કે પરથી ભિન્ન અને પોતાની એને જાણવાની પર્યાયથી અભિન્ન. એથી એ વિષય છે અભિન્ન એમ નહિ, એમ નહિ. એક ધ્રુવનો આશ્રય લેતા જે ધ્રુવ પર્યાય પ્રગટ થાય છે નિર્મળ એને જણાવી છે.

**શ્રોતા :-** ધ્યેય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્યેય નથી. એ તો ધ્યેય એમાં લખ્યું છે. જે આ અભિન્ન પર્યાય લીધીને જયસેનાચાર્યમાં ત્યાં પણ લીધું છે કે ધ્યેય પરમપારિણામિકભાવ છે. ધ્યેય તો પરમપારિણામિકભાવ છે. એનાથી ઉત્પન્ન થયેલી આ પર્યાય એને અભિન્ન ગણી. ધ્યેય તો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી દખલ ઉભી થાય છે એમાં. સમજાણું કાંઈ? આવું તત્ત્વ એવું છે, બાપુ! આહા..હા..!

'**એવો તે આત્મા મોહના અભાવને લીધે...**' વસ્તુમાં મોહનો અભાવ છે, કહે છે. પર્યાયમાં મોહનો અભાવ પછી. આહા..હા..! તેને '**લીધે સમસ્ત પરને ગ્રહતો નથી જ.**' આહા..હા..! જે ગુણ ગ્રહ્યા છે તેને છોડતો નથી અને પરને તે ગ્રહતો નથી. આહા..હા..! એ આવે છે આપણે સમયસારમાં. ગજબ વાત છે! ચારે કોરની શૈલી તો ખબર હોયને. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે ભગવાન આત્મા તે દૃષ્ટિનો વિષય છે. તેનો આશ્રય કર્યે ધર્મ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૧૬૨ (થયો). તેથી તો પર્યાય નિર્મળ છે એને પણ પરદ્રવ્ય કીધી છે, એને એ ગ્રહતો નથી. એવી વાત છે. સુંદરનાથની સુંદર કથા. આહા..હા..! જેને પર્યાય મોક્ષનો માર્ગ એ પણ પરદ્રવ્ય કીધી. આહા..હા..! તો એ ભગવાન ત્રિકાળી સ્વરૂપ છે એ પર્યાયને ગ્રહતો નથી, પરદ્રવ્યરૂપ પર્યાયને ગ્રહતો નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! એ વિના તો અંદર પછી બધે ગડબડ ચાલે છે. એ તો .. ચીજ છેને. આ તો પહેલેથી કહીએ છીએ, નથી? ઘણા વર્ષોથી એક જ વાત ચાલી આવે છે. ચારેકોર શું લખાણ છે એ બધી ખબર નથી? આહા..હા..! સમજાણું કાંઈ? ૭૮થી ચાલે છે બધું પ્રવચનસાર, સમયસાર તે... કેટલા વર્ષ થયા? ૫૩. બધી વાત એની .. ત્યારે શું કઈ અપેક્ષાએ ક્યા કહ્યું છે ખ્યાલ ન હોય?

અહીં તો કહે છે ઓહો..હો..! ભગવાન આત્મામાં મોહનો અભાવ છે એથી એ '**સમસ્ત પરને ગ્રહતો નથી જ.**' પાછો 'જ' એકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રિકાળી દ્રવ્ય તો નિર્મળ પર્યાયને ગ્રહતો નથી, પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય પરદ્રવ્યને ગ્રહતું નથી. આ વાત.

આહા..હા..! સમજાણું કાંઈ? નિત્યાનંદ દળ જે છે એ પરદ્રવ્ય રાગ અને પર્યાયને સમસ્તને ગ્રહતો નથી, .. છે. આહા..હા..! એ દૃષ્ટિનો વિષય છે. એનો આશ્રય તે ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૬૨ થયો. કળશ-કળશ પહેલો થયોને? ૧૬૩.

(मंदाक्रांता)

अक्षय्यान्तर्गुणमणिगणः शुद्धभावामृताम्भो-
राशौ नित्यं विशदविशदे क्षालितांहःकलंकः।
शुद्धात्मा यः प्रहतकरणग्रामकोलाहलात्मा
ज्ञानज्योतिःप्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति।।१६३।।

મુનિરાજને એક ગાથામાં ૯ કળશ કરવાની... આહા..હા..! અને તે પણ એમ કહ્યું છેને એમણે તો પહેલું કે અમે તે ટીકા કરનાર કોણ? આ ટીકા તો ગણધરથી ચાલી આવી છે, એમ કહે છે. અમરચંદભાઈ! છેને આમાં પહેલું? શરૂઆતમાં છે. ... '**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?**' આહા..હા..! મુનિરાજ આવી ટીકા (કરનારા), જેના મુખમાંથી પરમ આગમ ઝરે છે, એ કહે છે કે અમે તે કોણ છીએ? આહા..હા..! આ નિયમસારની ટીકા અમે તે કરનાર કોણ છીએ? ગણધરોથી ચાલી આવેલી આ છે પરંપરા. આહા..હા..! પછી તો (કહે છે), '**હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટિ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' વિકલ્પ આવ્યા જ કરે છે કે આનો અર્થ આવો, જેમ છે એમ .. થાય એને '**લીધે તાત્પર્યવૃત્તિ નામની ટીકા રચાય છે.**' એને કારણે. આહા..હા..! ભાગવતી ટીકા! ભાગવત શાસ્ત્ર! આવે છેને છેલ્લે? પાછળ આવે છે છેલ્લે, ભાગવત શાસ્ત્ર એની ટીકા ભગવતી ટીકા. કહે છે કે અમે તે કોણ? મુનિરાજ છઠ્ઠે ગુણસ્થાને (બિરાજે છે), જેને પરમાગમ મુખમાંથી ઝરે છે આહા..હા..! (ઈ કહે છે કે) અમે તે કોણ ટીકા કરનાર? જે ગણધરો ચાર જ્ઞાન અને ચૌદપૂર્વના ધરનાર તીર્થંકરના વજીર દિવાન એનાથી ટીકા ચાલી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી નિર્માનતા! આહા..હા..!

૧૬૩. '**શ્લોકાર્થ :- જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે,...**' કોણ? દ્રવ્યસ્વભાવ વસ્તુ આત્મા નિત્ય જે છે તે. અક્ષય-ક્ષય ન થાય, નાશ ન થાય એવા '**અંતરંગ...**' '**અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે,...**' આત્માના અંગો ગુણમણિ છે એ અંતરંગ છે. આહા..હા..! '**જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે, જેણે સદા...**' આહા..હા..! '**વિશદ-વિશદ...**' બે વખત છેને. એકનો અર્થ કર્યો કે '**વિશદ-વિશદ (અત્યંત નિર્મળ)...**' એમ. વિશદ-વિશદ અત્યંત નિર્મળ. '**શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં...**' આહા..હા..! એ વસ્તુ જ એવી છે કે શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં, ત્રિકાળી શુદ્ધભાવરૂપી અમૃતનો સમુદ્ર ભગવાન આત્મા. આહા..હા..! '**પાપકલંકને ધોઈ નાખ્યા છે...**' એટલે એમાં પાપ અને

પુણ્ય છે નહિ. આહા..હા..! વળી ધ્રુવ કહેવું અને ધોઈ નાખ્યા છે કહેવું. ધોઈ નાખ્યા તો પર્યાય ધોવે. પણ એ વસ્તુ જ એવી છે, એમ કહે છે. એમાં પુણ્ય અને પાપના ભાવનો અભાવ છે, એથી ધોઈ નાખ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! અને એવા ભગવાન પૂર્ણાનંદના, નિત્યાનંદના નાથનો જેણે આશ્રય કર્યો એના પુણ્ય-પાપ ધોવાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધભાવરૂપી અમૃત...**' આહા..હા..! જેનો અંતર સ્વભાવ શુદ્ધભાવરૂપી અમૃતથી (ભરેલો છે). અમૃતના સમુદ્રમાં, અમૃતનો સમુદ્ર છે. આહા..હા..! અમૃતના સ્વભાવથી હિલોળે મારતો ભગવાન આત્મા છે, એમ કહે છે. દરિયામાં જેમ પાણી હિલોળે ચડે... આહા..હા..! એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સમુદ્રથી ઉછળી રહ્યો છે અંદર. ધ્રુવ-ધ્રુવ હોં. આહા..હા..! એણે '**પાપકલંકને ધોઈ નાખ્યા છે અને જેણે ઈન્દ્રિયસમૂહના કોલાહલને હણી નાખ્યો છે,...**' કોલાહલ વિકલ્પ. આહા..હા..! પાંચેય ઈન્દ્રિયના વલણવાળો જે વિકલ્પ છે એ કોલાહલ છે. એ એના સ્વરૂપમાં છે જ નહિ. '**જેણે ઈન્દ્રિયસમૂહના કોલાહલ...**' આહા..હા..! એવી જે વિકલ્પની જાત એમાં છે નહિ અને એનો આશ્રય કરે તેને વિકલ્પની જાળ હણાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે અંધકારદશાનો નાશ કરીને...**' આહા..હા..! '**અત્યંત પ્રકાશે છે.**' અજ્ઞાન અંધકાર એનામાં નથી તો અત્યંત પ્રકાશે છે અને એનો આશ્રય કરે એનું અજ્ઞાન ટળીને પ્રકાશે છે એવી એ ચીજ છે, કહે છે. આહા..હા..! આત્મા કોણ છે એ લોકોને ખ્યાલમાં નથી. આત્મા એટલે શું? સાક્ષાત્ ભગવાનસ્વરૂપ છે ઈ. આહા..હા..! એ '**શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે અંધકારદશાનો નાશ કરીને...**' એટલે જ્ઞાનજ્યોતિમાં અંધકારનો અભાવ છે અને તેનો આશ્રય કરે તેને અંધકારનો નાશ કરી અત્યંત પ્રકાશે છે. અંતરમાં પણ પ્રકાશે છે અને પર્યાયમાં પણ પ્રકાશે છે. આહા..હા..! શબ્દો થોડા પડે છે, મુનિરાજને એના ગાણા કહેવામાં શબ્દો થોડા પડે છે. કઈ રીતે કહેવો આને?

'**અત્યંત પ્રકાશે છે.**' વસ્તુ પોતે જ્ઞાનજ્યોતિરૂપે પ્રકાશે છે. આહા..હા..! સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છેને આમાં? સ્વરૂપપ્રત્યક્ષ છે એ. વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ હોં અંદર. પર્યાય નહિ, પોતે જ સ્વરૂપપ્રત્યક્ષ વસ્તુ છે. આહા..હા..! એ શૈલી જ આમની છે. બીજે આવો શબ્દ ક્યાંય છે નહિ. વસ્તુ જ્ઞાનસ્વરૂપ પ્રત્યક્ષપણું જ ભર્યું છે. સ્વરૂપપ્રત્યક્ષ એ વસ્તુ છે. પર્યાયની વાત નથી અહીં. આહા..હા..! આ તો ધ્રુવની વાત છે નિત્યાનંદની. સ્વરૂપપ્રત્યક્ષ એ પર્યાયની વાત નથી. જેમ કેવળજ્ઞાનપ્રત્યક્ષ, અવધિજ્ઞાનપ્રત્યક્ષ, ઈન્દ્રિય-વ્યવહારપ્રત્યક્ષ એ અહીં વાત નથી. આહા..હા..! એ તો આવી ગયું છે ત્યાં આપણે ૧૦, ૧૧, ૧૨ ગાથામાં. ઉપયોગની ગાથામાં શરૂઆતમાં. સ્વરૂપ પ્રત્યક્ષ. સ્વરૂપપ્રત્યક્ષ. એનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે, પ્રગટ છે. સાક્ષાત્ સ્વરૂપે પ્રત્યક્ષ છે, કહે છે. આહા..હા..! જે એનો આશ્રય કરે એને પર્યાયમાં પ્રત્યક્ષપણું

પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૧૬૩ કળશ થયો.

૧૬૪. આ પરમ દિ' સવારે પાછી આ વાત કરી ભાઈએ કે ત્યાં વ્યાખ્યાન ચાલશેને શનિવારે ત્યાં બાબુભાઈને ત્યાં. એની માગણી હતી આ નિયમસારની. સવારમાં પ્રવચનસાર ચાલે છેને. એની કરતા નિયમસાર (વાંચવું). વાત સાચી બરાબર છે. પ્રવચનસારમાં જરી ઝીણી વાત આવે. કેટલા પડખા અને કેટલા... આહા..હા..! એની માગણી કરી છે. હું વિચારતો હતો. સમયસાર હોય તો સમયસાર લેતા. આ નિયમસાર ચાલે છે. બરાબર હતી તમારી માગણી. કાલે બપોરે ચાલશે. પરમ દિ' સવારે ત્યાં ચાલશે. નિયમસાર. આહા..હા..! ગુણમણિનો દરિયો જેણે ડોલાવી નાખ્યો છે. ૧૬૪.

(वसंततिलका)

संसारघोरसहजादिभिरेव रौद्रै-
र्दुःखादिभिः प्रतिदिनं परितप्यमाने।
लोके शमामृतमयीमिह तां हिमानीं
यायादयं मुनिपतिः समताप्रसादात्।।१६४।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- સંસારના ઘોર, સહજ...**' આહા..હા..! '**સાથે જન્મેલ...**' અનાદિથી. સહજ શબ્દ છેને? દુઃખ રૌદ્ર દુઃખ અનાદિથી સહજ છે ... આહા..હા..! ભગવાન જ્યારે આનંદનો નાથ સહજ છે ત્રિકાળ, તો સંસારમાં પર્યાયમાં સહજ દુઃખનો દરિયો છે. પર્યાયમાં હોં. આહા..હા..! સમજાણું કાંઈ? '**સંસારના ઘોર,...**' '**સાથે જન્મેલ અર્થાત્ સ્વાભાવિક. (નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વભાવિક જ છે.**' જુઓ વિભાવ છે અને વળી સ્વભાવિક છે. આહા..હા..! એનો ભાવ છે. સ્પષ્ટ ભવનં સ્વભાવ. આહા..હા..! '**અર્થાત્ સંસાર સ્વભાવથી જ દુઃખમય છે.**' ભગવાન અતીન્દ્રિય આનંદમય છે, તો સંસારપર્યાય અતિ દુઃખમય છે એમ કહેવું છે અહીં તો. આહા..! સમજાણું કાંઈ?

'**ઈત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન...**' આહા..હા..! '**તે ઉપરાંત તીવ્ર અશાતા વગેરેનો આશ્રય કરનારા ઘોર દુઃખોથી પણ સંસાર ભરેલો છે.**' આહા..હા..! દુઃખાદિકથી આકુળતા, શોક એથી પ્રતિદિન પ્રત્યેક સમયે અને પ્રત્યેક દિવસે, પ્રત્યેક કાળે. '**પરિતપ્ત થતા આ લોકમાં...**' અગ્નિમાં જેમ શેકાય છે એમ આ દુઃખમાં શેકાયેલા છે અનાદિથી. આહા..હા..! દેવતાના જીવ, શેઠના જીવ, રાજાના જીવો સંસારની પર્યાયમાં પરિતપ્ત અગ્નિથી બળી રહ્યા છે. સંસારની કોઈ દશામાં સુખ નથી. એ દેવની દશામાં પણ કહે છે, અહીં તો અનાદિથી સહજ સ્વભાવિક દુઃખમાં ઘેરાયેલા તપ્ત અગ્નિથી સળગી ગયા છે. આહા..હા..! એમાં અજ્ઞાની હરખ માને છે કે અમે સુખી છીએ. આ પૈસાવાળા હોયને શેઠિયાઓ, અમે સુખી છીએ.

**શ્રોતા :-** દુઃખ લાગતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુખનું ભાન ક્યાં છે કે સુખની સાથે મેળવે દુઃખને. દુઃખમય

જ છું. એને એક જ વસ્તુ છે એમ માને છે. આહા..હા..! હરખ સનેપાતિયાનું કહ્યું નહોતું? સનેપાતિયો હરખ સનેપાતમાં દાંત કાઢે. સુખ છે? એકવાર જોયેલો. ઘણા વર્ષની વાત છે. જ્યાં બહાર સૂતા હતા ત્યાં એક છોકરો ૩૩ વર્ષનો યુવાન મરવાની તૈયારી અને સનેપાત થયેલો. લીંબડાની વાત છે. લીંબડા છેને આ. આઠ-આઠ (જણ) ઝાલે તો ઝલાય નહિ એટલું જોર આવે. ખોટું જોર. જોર ક્યાં હતું? અને દાંત કાઢે. ઉભો થાય, દાંત કાઢે. ઘરના માણસો (કહે), અરેરે! આમાં સવાર નહિ પડે. સવાર નહિ પડે. એટલી આકુળતા અને એટલો હરખ કરતો. એ હરખ છે એ સુખ છે? એમ સંસારના બધા હરખ છે એ સુખ છે? આહા..હા..!

**શ્રોતા :-** સંસારમાં સુખ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. એય..! આખા બધાને દુઃખ કીધું છે અહીં તો. અહીં તો પુણ્યવાળાના ફળવાળાને દુઃખ, પાપના ફળવાળાને દુઃખ (કીધું છે). એ દુઃખી જ છે. પુણ્યવાળા સુખી છે અને પાપવાળા દુઃખી એવું કાંઈ લીધું નથી. આહા..હા..!

અહીંયાં તો બે વાત કરવી છે કે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન છે એ શેનાથી પ્રાપ્ત થાય? કે સમતામૃત વીતરાગ પર્યાયથી પ્રાપ્ત થાય અને આ સંસારપર્યાય દુઃખ દાવાનળ સળગે છે એનો એ નાશ કરે છે. અહીં અતીન્દ્રિય આનંદ છે વસ્તુમાં નિરંતર, ત્યારે પર્યાયમાં નિરંતર દુઃખથી પરિતપ્ત રૌદ્રથી દુઃખી છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પાંચ-પાંચ હજાર અને દસ-દસ હજારના પગારવાળા બધા દુઃખી હશે? આ સુમનભાઈને મોટો પગાર રામજીભાઈના દિકરાને. ઘરની મોટરું. અરે..! ક્યાં છે બાપા તને? આનંદનો નાથ પ્રભુ જ્યાં છે એની પર્યાયમાં આવું દુઃખ, ભાઈ! એમ કહે છે અહીં તો. એ ન તને શોભે, ભાઈ! તારી શોભા તો અનંતગુણનો સાગર છે એની શોભા છે. આ તો બધું કલંક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુઃખ જ છે. શું કહે છે?

**શ્રોતા :-** તો સમતા ક્યાંથી આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહે છે કે દુઃખનું લક્ષ છોડી દઈને અંતરની સમતા કરે, અંતર ધ્યાન કરે તો સમતા આવે. એ સમતાથી એ પ્રાપ્ત થાય. એ દુઃખ છે તે અસમતા છે. સમજાણું કાંઈ? એને સમતા... એ કહેશે જુઓ.

'**પરિતપ્ત થતા આ લોકમાં આ મુનિવર સમતાના પ્રસાદથી...**' આહા..હા..! સ્વનો આશ્રય લઈને વીતરાગતા જે પ્રગટ કરે છે. આહા..હા..! '**સમતાના પ્રસાદથી...**' સમતા નામ વીતરાગભાવ, મોક્ષમાર્ગની પર્યાય. આહા..હા..! '**સમતાના પ્રસાદથી શમામૃતમય જે હિમ-રાશિ...**' આહા..હા..! એકકોર દુઃખની પરિતપ્ત પર્યાય. ભગવાન કેવો છે? કે '**શમામૃતમય જે હિમ-રાશિ (બરફનો ઢગલો)...**' છે. સમતાના શાંતિનો ઢગલો છે એ તો. આહા..હા..!

પર્યાયનું દુઃખ, આકુળતા ઈ.

**શ્રોતા :-** બેન પૂછે છે કે... આવું દુઃખ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુઃખી દીન છે. ભાન ક્યાં છે એને? કીધુંને હરખ સનેપાતિયા છે. દુઃખનું ભાન ક્યાં છે કે આ દુઃખ છે. એથી તો દાખલો આપ્યો હરખ સનેપાતિયાનો. ત્રિદોષ-વાત, પિત્ત અને કફ વકરી જાય છે ત્યારે ત્રિદોષ થાય ત્યારે સનેપાત થાય છે. સન્નિપાત-ત્રણનું જોરાવર. ફાટી નીકળ્યો જોરાવર એ. ભૂંડમાંથી સુવર થાય, ભૂંડમાંથી સુવર થાય, એમ આ ત્રણ ભેગા થઈને ગાંડો થાય પાગલ. વાત, પિત્ત અને કફ ઉગ્ર (થાય). આ બહારની વાતું છે. એમ અંદરમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર (છે) એ પાગલ છે. આહા..હા..!

**'આ લોકમાં આ મુનિવર...'** જોયું! મુનિ અને મુનિવર કીધુંને? મુનિપતિ શબ્દ છેને? મુનિપતિ. આહા..હા..! જેણે એ પર્યાયબુદ્ધિ છોડી દીધી છે, એમ કહેવું છે. આહા..હા..! અને જેણે દ્રવ્યબુદ્ધિ પ્રગટ કરી છે, એની સમતા દશામાં એ દ્રવ્યનું ભાન થાય છે. સમતાના પરિણામમાં સમતાના અમૃતરૂપી ઢગલો એ એને ભાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવી ... પછી લોકો કહે છે કે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ આ શું કહે છે આ? આ આચાર્ય કહે છે કે આ સોનગઢનું છે આ?

**શ્રોતા :-** નિશ્ચય એટલે પરમસત્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમસત્ય, પરમસત્ય. અતીન્દ્રિય સુખનો સાહેબો પ્રભુ એ ઇન્દ્રિયના સુખની કલ્પનામાં પડ્યો છે, મૂઢ છો કહે છે. આહા..હા..! પણ મુનિવર જેને અનંત આનંદનો સાગર, અનંત **'શમામૃતમય જે હિમ-રાશિ...'** સમતારૂપી અમૃતનો હિમ શીતળ ઢગલો. આહા..હા..! શબ્દો ઓછા પડે છે. મુનિરાજને શું કહેવું કહે છે. આહા..હા..! **'મુનિવર સમતાના પ્રસાદથી...'** **'खामेमी सव्वे जीवो'** આવે છેને? ... સમતાભાવ છે. વીતરાગ પરિણામ છે ત્યાં તેને દ્રવ્યને આશ્રયે, સમતાનો ઢગલો ભગવાન એને આશ્રયે પ્રગટ્યા એ પર્યાય તેને પામે છે. આહા..હા..! શું કીધું એ સમજાણું? સમતાના પ્રસાદથી એ વર્તમાન દશા છે. **'મુનિવર સમતાના પ્રસાદથી...'** એ નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે. આહા..હા..! એનાથી શું પામે? **'સમામૃતમય જે હિમ-રાશિ...'** આહા..હા..! **'(બરફનો ઢગલો)'** ભગવાન છે **'તેને પામે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? મોટી વાત નથી, ભાઈ! એની મૂળની વાત છે આ. આવો હિમ-રાશિ અનંત સુખામૃતનો ઢગલો. સ્વભાવ છે એનો પ્રશ્ન શું? અપરિમિત સ્વભાવ છે. જેની શક્તિ, સામર્થ્ય જ એટલું છે એક-એક ગુણનું. ગુણના સ્વભાવના સામર્થ્યને પરિમિતતા, મર્યાદા કેમ હોય? આહા..હા..! એવો આનંદના અમૃતરૂપી બરફનો ઢગલો છે તે સમતાભાવે પામી શકાય છે. સમજાણું કાંઈ? એટલે કે દયા, દાનના વિકલ્પથી એ પામી શકાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ કહેવાય છેને કે ભાઈ પર્યાયને અંતર વાળો. જે પર્યાય બહિર્મુખી છે એને અંતરવાળો. એ તો બહિર્મુખી છે તે અંતર વળશે નહિ. આહા..હા..! તો અંતર વાળો એ કઈ પર્યાય? કે જેણે દ્રવ્યનો આશ્રય લઈને પર્યાય પ્રગટી તે પર્યાયે આશ્રય કર્યો એ. આહા..હા..! વળેલી દ્રવ્યને આશ્રયે પ્રગટેલી તે વળેલી. તે વખતે. આહા..હા..! આવી વાતું છે. કેમકે એક સમયની પર્યાયમાં આખું દળ આવ્યું નથી દ્રવ્યસ્વભાવ. એથી પર્યાયને દ્રવ્યસ્વભાવમાં વાળ. પણ કોને? કઈ પર્યાયને? જે અનાદિની પરસન્મુખ પર્યાય છે એ તો વ્યય થઈ જશે અને ઉત્પાદ પર્યાય તો હજી આવી નથી અને એને ઉત્પાદ અને એને વાળવી એમ કીધું. આહા..હા..! એનો અર્થ એ કે જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યારે પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયે આશ્રય એનો લીધો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. આ ક્રિયાકાંડ અને બહારની પ્રવૃત્તિવાળાને એવું લાગે કે આ તો વ્યવહારનો લોપ છે. એ વ્યવહારનો લોપ જ થાય છે ત્યાં. વ્યવહારની સ્થિતિ રહે ત્યાં સુધી નિશ્ચય પમાય નહિ. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સદ્ભૂત પર્યાય પ્રગટી હતી. આહા..હા..! એ દ્રવ્યને આશ્રયે પ્રગટી અને એ પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો. આહા..હા..! સમજાણું કાંઈ? એવી અગમ્ય વસ્તુ છે, ભાઈ! સાધારણને ગમ્ય આવી શકે એવી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરિતપ્ત સંસાર દુઃખથી. ભાષા પરિતપ્ત શબ્દ વાપર્યો છે. સમસ્ત પ્રકારે દુઃખી છે. કોઈ અંશ એમાં સુખનો છે નહિ. આહા..હા..! નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર અવતર્યો છે. દુઃખથી પરિતપ્ત છે. એમાં ત્રિકાળી ભગવાન આનંદનો અંશ આવ્યો નથી. તેથી આનંદથી વિપરીતદશા એ દુઃખરૂપ છે. હવે એને કેમ ટાળવી અથવા કેમ પમાડવો આત્મા? કે એણે સમતા પ્રગટ કરી. સમતા કોને આશ્રયે થાય? કે દ્રવ્યને આશ્રયે. અને એ સમતા દ્રવ્યને આશ્રયે થયેલી પર્યાય ત્રિકાળને પ્રાપ્ત કરે છે. આહા..હા..! જુઓને એક શૈલી તો જુઓ! ઓહો..હો..! દિગંબર સંતોએ જગતને નિહાલ કરી નાખ્યા. આવી શૈલી આ તે કોઈ અંદરમાં એને બેસી જાય એવી છે. આહા..હા..!

'**શમામૃતમય...**' જોયું? કોણ? ભગવાન આત્મા. સમતાના અમૃતમય હિમ રાશિ છે. સમતાના અમૃતમય હિમ નામ શીતળ સ્વભાવનો ઢગલો છે. આહા..હા..! કેમ બેસે? એક બીડી સારી દેખે ત્યાં ખુશી થઈ જાય. બે સિગરેટ પીવે ત્યારે પાયખાનામાં જંગલ ઉતરે. હવે એને આવો આત્મા. આહા..હા..! એક પાંચ, દસ, પચ્ચીસ હજાર રળવામાં મળે એક દિ'માં. એક દિ'માં લાખ. આહા..હા..! કરો લાપસીના આંધણ. લાખ મળ્યા સાંજે મરી ગયો. કલ્યાણજીભાઈ હતા એક પોરબંદર. પૈસા હતા ૨૦ લાખ. ૧૦ લાખ ગયા. એમાં પછી એક દિ' એવો ધંધો કર્યો તો એક દિ'માં એક લાખ. આમ થયું તો પડી ગયા. પહેલા એક લાખની .. દેહ ઉડી ગયો સાંજે. લક્ષ્મીચંદભાઈ હતાને લક્ષ્મીચંદ નહિ? .. હતા એ.

આ મગનભાઈએ નહોતું કર્યું ત્યાં? મગન સુંદરજી. એને કહ્યું હતું ત્યાં ૯૦ની સાલમાં. ભગવાનભાઈ! હું જાવ છું. જાવ આમ કરજો. એ મારો એવો પુણ્યશાળીને. જાવ આમ કરજો. ત્યાં કાંઈક પૈસા પેદા થયા હતા. મગનભાઈને ખબર છે. મગન સુંદરજી. ૯૦ની સાલની વાત છે. લક્ષ્મીચંદ. લક્ષ્મીભાઈ હતાને. ક્યાં ગયા તમારા? એને વ્યાખ્યાન ચાલતું હતું જાતા હતા મુંબઈ. એ લખુભાઈને પૂછે ઓલું શેરબજારનું. આમાં શું? જાવ આમ કરજો. ગયા અને ત્યાં ચડ્યા હશે બે-ત્રણ હજાર. એ વખતે તો ત્રણ હજાર ઘણા કહેવાયને ૯૦ની સાલ તો. અત્યારે કિંમત ઘટી ગઈ. ૯૦ ને ૧૦, ૪૧ વર્ષ થઈ ગયા. એમાં કાંઈક પેદા થઈ ગયા. ખબર છે. ધૂળેય નથી હવે સાંભળને. ત્યાં તો એને એમ થઈ જાય કે જુઓ, મેં કીધું એને પેદા થઈ ગયા. એ તો પૂર્વના પુણ્ય હોય તો દેખાય છે. દેખાય છે તો ત્યાં આવે છે એની પાસે? આવે છે તો મમતા. આ મારા મને મળ્યા એની મમતા આવી. દુઃખ આવ્યું દુઃખ.

**શ્રોતા :-** પૈસા તો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા ક્યાં આવે છે? કોની પાસે આવે છે? પૈસા પૈસામાં રહ્યા. પૈસાની પર્યાય અહીં આત્માની પર્યાય પાસે આવે છે? આત્માની પર્યાયમાં પૈસાની પર્યાયનો તો અભાવ છે. આહા..હા..!

પર્યાયમાં સંસારદશામાં રતિ રૌદ્ર દુઃખથી દુઃખી છે. દુઃખી છે. એવા લોકમાં ધર્માત્મા મુનિ જેણે આત્માનો ઉગ્ર આશ્રય લીધો અને એને આશ્રયમાં જેને સમતા પ્રગટ થઈ વીતરાગી. આહા..હા..! એ વીતરાગી પર્યાય દ્વારા સુખામૃતનો હિમ-રાશિ તેને પ્રાપ્ત થયો, તેને ભગવાન મળ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિની ઉત્કૃષ્ટ વાત છેને. .. અવલંબન થાય છે એટલા પર્યાયમાં ભગવાન મળે છે. પણ અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છેને? મુનિની પ્રધાનતાથી કથન છે. આહા..હા..! સમતા... સમતા... સમતા... પુણ્ય હોય કે પાપ હોય, અનુકૂળતા હોય કે પ્રતિકૂળતા હોય. એકલી સમતા... સમતા... સમતા... કુળદેવી નથી? પહેલું કહ્યું. સમતારૂપી કુળદેવી આવ્યું છે. આવી ગયું છે. એની કુળદેવી સમતા છે. આ કહે છેને અમારી કુળદેવી આ છે, અમારો કુળદેવ સુરધન છે. ધૂળેય નથી સાંભળને. આહા..હા..!

વીતરાગમૂર્તિ સમામૃતથી ભરેલો પ્રભુ એનો દ્રવ્યનો આશ્રય લઈ જે સમતા પ્રગટે તે સમતા દ્રવ્યને પ્રાપ્ત કરે છે. આહા..હા..! એ ભગવાનને મળે છે. ભગવાનનો ભેટો એને થાય છે. આહા..હા..! આવો ધર્મ! માણસને ક્રિયાકાંડમાં પડ્યા હોય એને એવું લાગે કે આ તો એકદમ નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... પણ સાધન શું એમ વળી કહે. આ સાધન આ. સમતાપણું એ દ્રવ્યને પામવાનું સાધન. એ વ્યવહાર સાધન-ફાધન નહિ, કે દયા પાળી, વ્રત કર્યાં, તપ બહુ કર્યાં, માટે સાધન થયું એ બિલકુલ નથી.

**શ્રોતા :-** પરંપરા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા કોને? જેણે એનો નિષેધ કરીને સ્વભાવનો આશ્રય લીધો છે એને વર્તમાનમાં અશુદ્ધ ટળે છે અને શુભ હોય છે એ પછી શુદ્ધ ટાળશે. એથી એને પરંપરા એનો અર્થ કર્યો છે. પરંપરા એટલે પછી એ ટાળીને મોક્ષના કેવળજ્ઞાનને પામશે. સાક્ષાત્‌પણે તો શુદ્ધપરિણતિ છે તે જ મોક્ષનું કારણ છે. આહા..હા..! પણ એ શુદ્ધ પરિણતિવાળો શુભને ક્રમે ટાળશે એથી એ શુભનો અભાવ કરશે એટલે પરંપરા કહેવામાં આવે છે. એ વ્યવહારનયથી કથન કરવામાં આવ્યું છે. આહા..હા..! અરેરે! પ્રભુની નય ઇન્દ્રજાળિયા જેવી છે. સમજે તો એ નયચક્ર અજ્ઞાનનું માથું તોડી નાખે એવી છે. ન સમજે એને નયચક્રમાં ઘુંસાઈ જાય એવું છે. સમજાણું કાંઈ? અનાદિથી ઘૂંચાઈ જાય છે. આહા..હા..! એ ૧૬૪ થયો. ૧૬૫.

(वसंततिलका)

मुक्तः कदापि न हि याति विभावकायं
तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात्।
तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं
मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि।।१६५।।

'સ્વાહા' એમ નથી કરતા અત્યારે? આ '**व्रजामि**' અંગિકાર કરું છું.

'**શ્લોકાર્થ :- મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી...**' જે સિદ્ધ પરમાત્મા થયા તે વિભાવને કદાપિ પામતો નથી. '**કારણ કે તેણે તેના હેતુભૂત સુકૃત અને દુષ્કૃતનો નાશ કર્યો છે.**' શુભભાવ અને અશુભભાવનો જેણે નાશ કર્યો છે. આહા..હા..! '**મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી કારણ કે તેણે તેના હેતુભૂત...**' વિભાવ સમૂહના હેતુભૂત. '**સુકૃત અને દુષ્કૃત...**' તે વિભાવસમૂહનું કારણ છે. શુભભાવ એ વિભાવસમૂહ છે, અશુભભાવ એ વિભાવસમૂહ છે. એણે '**સુકૃત અને દુષ્કૃતનો નાશ કર્યો છે. તેથી, હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળને છોડીને...**' આહા..હા..! '**એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...**' આહા..હા..! મુમુક્ષુઓ આત્માના સ્વભાવને આશ્રયે ગયા ત્યાં હું જાવ છું હવે. આહા..હા..! લ્યો, આ મુમુક્ષુ આવ્યું. છેને? અંદર પાઠ છે હોં. '**मुमुक्षुपथमेकमिह व्रजामि**' મુમુક્ષુ પંથે જે માર્ગ ગ્રહણ કર્યો તે ગ્રહણ કરું છું. આહા..હા..!

'**(અર્થાત્ મુમુક્ષુઓ જે માર્ગે ચાલ્યા છે તે જ એક માર્ગે ચાલું છું.)**' તે એક માર્ગે ચાલું છું, એમ. આહા..હા..! એટલે કે શુભ અને અશુભભાવરહિત ત્રિકાળી ભગવાનનો આશ્રય લઈને જે શુદ્ધભાવ પ્રગટ્યો તે માર્ગે હું ચાલું છું. આહા..હા..! મુમુક્ષુને માર્ગે જાઉં છું. પરિણતિની વાત છેને આ? પરિણતિ એટલે પર્યાયની વાત છે આ. કેમકે સિદ્ધપણું પ્રાપ્ત કર્યું એ વિભાવસમૂહને અડતા નથી. અને એણે સુકૃત અને દુષ્કૃતને નાશ કર્યું તેથી તે સિદ્ધપણું પામ્યા. તેથી હવે હું શુભ-અશુભભાવ કર્મજાળ. શુભ-અશુભભાવ એ બધી કર્મજાળ.

ધર્મપરિણતિ નહિ. 'છોડીને...' ઉપદેશમાં તો એવું જ આવેને. બાકી તો કહ્યું નહિ કે રાગનો ત્યાગ કર્તા આત્મામાં છે નહિ. ત્યાં એમ કહ્યું ૩૪ ગાથા. રાગનો ત્યાગ કર્તા પણ આત્મા નથી. આહા..હા..! પણ ઉપદેશની શૈલીમાં ટૂંકું કેમ આવે? સમજાણું કાંઈ?

અહીં તો કહ્યું કે કર્મજાળને છોડીને. લ્યો! ત્યાં એમ કહ્યું કે રાગનો ત્યાગ કર્તા પણ આત્મા નથી. કઈ અપેક્ષાએ વાત ચાલે છે એમ જાણવું જોઈએને. સમજાણું? કર્મજાળને છોડીને અને ત્યાં કહ્યું કે રાગનો પરમાર્થે ત્યાગકર્તા, ગ્રહણકર્તા તો નથી, પણ ત્યાગકર્તા પણ નથી. આહા..હા..! જ્ઞાનમાં ઠરવું એનું નામ પચ્ચખાણ છે. રાગનો ત્યાગકર્તા એવું એનામાં નામમાત્ર નથી, એમ કહે છે. આહા..હા..! પણ ઉંચી.. જ્યારે કહેવું હોય ત્યારે દરેક ક્ષણે એમાં વાત કરે તો વાત લાંબી ચાલે નહિ. એટલે અહીં કહ્યું. આહા..હા..!

મુમુક્ષુ કર્મજાળને તોડીને '**એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...**' એટલે મુમુક્ષુનો માર્ગ શુભાશુભભાવરહિત થઈને સ્વભાવને આશ્રયે પરિણતિ કરવી એ મુમુક્ષુનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તમારે મુમુક્ષુમંડળ નામ પડે છેને. સોનગઢનું એમ કે મુમુક્ષુમંડળ.. મુમુક્ષુમંડળ.. મુમુક્ષુમંડળ.. એને કહીએ જે શુભાશુભભાવરહિત કર્મજાળને તોડી.. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કીધુંને પહેલું. પણ અહીં તો ટૂંકો ઉપદેશ. તેથી તો કહ્યું પહેલું. અહીં તો કર્મજાળને તોડીને કહ્યું. રાગના ત્યાગનો કર્તા પણ આત્મા નથી. એ વસ્તુનું સ્વરૂપ ત્યાં કહ્યું. અને અહીં તો ટૂંકું કહેવું છે કે કર્મજાળને તોડીને મુમુક્ષુ માર્ગે જાઉં. ઓલું કહેવું એમાં કહેવું શી રીતે? દરેક ઠેકાણે એમ કહે? આહા..હા..! કર્મજાળ નામ કર્મ રજકણની અહીં વાત નથી. સમજાણું? સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળ એમ ભાષા છેને. ઓલા જડકર્મની વાત નથી. ભાવ-સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળ. આહા..હા..! શુભ અને અશુભભાવરૂપી કર્મજાળ એમ કહ્યું છે. એ જ કર્મ છે અને એ જ વિકાર છે અને એ જ કહ્યું છેને ઓલા પુણ્યમાં આવ્યું છેને, વ્રત, તપ એને કર્મ કહેવું. એ બધા કર્મ કહે છેને. એકલા જડને કર્મની વાત કીધી છે એમાં. જડકર્મમાં ન કરવું, જડકર્મ પણ એ જડકર્મમાં ભાવકર્મ કહ્યું છે ભેગું. આહા..હા..! બધા અર્થ આવા કરે શું થાય? એ વ્રત, તપ, વિકલ્પ એ બધું કર્મ છે, ભાવકર્મ. પુણ્ય-પાપના અધિકારમાં છે. ટીકામાં ચોખ્ખા શબ્દો છે આ બધા. વ્રત, તપ, શીલ. સમજાણું કાંઈ?

એવી જે કર્મજાળ. આહા..હા..! એને છોડીને એક મુમુક્ષુમાર્ગે. અનંતા મુમુક્ષુ ગયા. સ્વભાવના આશ્રયને લઈને જે મોક્ષમાર્ગે ગયા એ માર્ગે જાઉં છું. ત્રિકાળનો આશ્રય લઈને પરિણતિ થાય તે માર્ગ મારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમથી ખસ્યો અને આમ આવ્યો એટલે પરિણતિ શુદ્ધ થઈ. છઠ્ઠી ગાથામાં કહ્યુંને ઉદય અને કર્મનો ભાવ બેયનું લક્ષ છોડ્યું એટલે દ્રવ્યનું લક્ષ થયું. એટલે રાગનું લક્ષ છોડ્યું એમ એમાં ન આવે, પણ રાગનું લક્ષ

છોડે અને રાગ અસ્થિરતા બિલકુલ જાય ત્યારે થોડી કહેવાય. આહા..હા..! અહીંયાં તો ફક્ત પરનું નિમિત્ત અને એનો ભાવ, એનું જે લક્ષ છોડ્યું ત્યારે દ્રવ્યની સેવા કરી. સેવા કરી એ પર્યાય, સેવા કરી દ્રવ્યની. આહા..હા..! જે પર્યાયની સેવા કરતો અનાદિથી રાગની, એણે એ પર્યાય દ્રવ્યની સેવા કરી. એ પર્યાયમાં સુદ્ધતા આવી એને આ શુદ્ધદ્રવ્ય છે એમ ખ્યાલમાં આવ્યું. વસ્તુ શુદ્ધ છે એમ એને ખ્યાલમાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એમ નથી કહ્યું કે રાગનું લક્ષ છોડીને એમ નથી કહ્યું. ફક્ત અહીં લક્ષ છે પરદ્રવ્ય અને પરના ભાવમાં, આમ લક્ષ કર્યું એટલે પછી રાગનું લક્ષ પણ તેમાંથી ચાલ્યું ગયું, પણ પરનું લક્ષ તો સર્વથા ગયું અને રાગનું લક્ષ ગયું પણ રાગનો અભાવ સર્વથા ત્યાં થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે. ગાથાના અર્થો પણ એવા મર્મ ભરેલા છે. ભરમ નહિ પણ મર્મ ભરેલા છે. આહા..હા..!

સંત કહે છે, પંચમ આરાના સંત. આહા..હા..! એ શુભ અને અશુભવિકલ્પની જાળ. કર્મજાળ કીધીને? ઘૂંચાણો હતો કરોળિયો ત્યાં. એને હું છોડું. આહા..હા..! મારો અમૃતનો સાગર દરિયો ભગવાન એને આશ્રયે-માર્ગે જાઉં છું. આહા..હા..! એ મુમુક્ષુઓનો માર્ગ અને એ મારો માર્ગ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૬૬ થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧૨, શુક્રવાર, તા. ૩૧-૧૦-૧૯૭૫
## કળશ-૧૬૬ થી ૧૬૮, પ્રવચન નં. ૭૯

આલોચના કરે છેને? એ આલોચના આ આલોચના. શુદ્ધ ચૈતન્યઘન સામાન્ય સ્વભાવ જે ધ્રુવ એને જોવો એનું નામ અહીંયાં અશુદ્ધતાનો ત્યાગ અને શુદ્ધતાનું ગ્રહણ એવી સુંદર દશા એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ કહે છે ૧૬૬. ૧૬૬ છેને?

(अनुष्टुभ्)

प्रपद्येऽहं सदाशुद्धमात्मानं बोधविग्रहम्।
भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम्।।१६६।।

અરે! આ શરીર કેવું છે? કહે છે આ શરીર. આ જડ-જડ.

**શ્રોતા :-** એ તો આયુષ્ય પૂરું થાય ત્યારેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આયુષ્ય પૂરું થાય આ .. અત્યારે જુઓને શરીર .. એ શરીર એવું છે એમ કહે છે. શરીરના રજકણો આવે અને જાય એ શરીર મુક્તિ જડની છે એમ

કહે છે. આહા..હા..! મેરુ પર્વતમાં. અનિત્ય, પર્યાય નિત્ય એવી દશા. છતાં એમાં રજકણ આવે-જાય ખરા. મેરુ પર્વત. એમ આ એક જડનો પર્વત છે. એમાં રજકણો આવે-જાય છતાં એકરૂપ ન રહે. એ અહીં કહે છે.

'**શ્લોકાર્થ :- પુદ્ગલસ્કંધો વડે...**' પુદ્ગલના સ્કંધ-પિંડ રજકણો. એના '**વડે જે અસ્થિર છે...**' આ શરીર. '**(અર્થાત્ પુદ્ગલસ્કંધોના આવવા-જવાથી જે એકસરખી રહેતી નથી)...**' કહો, ભોગીભાઈ! છે એમાં? એકસરખું નથી રહેતું, કહે છે. આ ૮૬ થયા કહે એમાં એકસરખું નથી રહેતું, એમ કહે છે. આહા..હા..! શરીર આ તો માટીનો પિંડ એટલે મેરુ પવર્ત છે જડનો. ભગવાન આત્મા અંદરથી ભિન્ન ચીજ છે. એમ જેને ખબર નથી. એના અસ્થિર કાયા, પરમાણુ આવે-જાય, એનું રક્ષણ કરે નહિ, ક્ષુધા કરે મૂઢ છે. આહા..હા..!

**શ્રોતા :-** મૂઢની સંખ્યા બહુ વધી ગઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ સંખ્યા છેને ઝાઝી. આહા..હા..! ગામ દીઠ મૂઢ જ જીવો ભર્યા છે. આ તો માટી, જડ છે. અજીવના રજકણો સ્કંધ પિંડ છે. એ અજીવ સ્કંધ આવે ને જાય. એથી અસ્થિર થયા છે એ તો. કારણ કે સ્થિર નથી. આહા..હા..! માટે શું કરવું એમ કહે છે. આહા..હા..! .. અમદાવાદથી આવતી હતી બસમાં. ...એ શું કહેવાય? ખટારા. બસના .. થયા અને દસ માણસ મરી ગયા. અમદાવાદ. એવું છે. જામનગરમાં છ માણસ એક ઘરમાં. .. કરી એટલે ત્યાંથી નીકળીને હવેલીએ ત્યાં પૂછતા હતા. દિવાલ પડતા છએ મરી ગયા. અસ્થિર વસ્તુ એમાં ક્યાં શું થાય?

**શ્રોતા :-** લાખો જીવો છે એમાંથી એક જીવનું કે બે જીવનું થયું બાકીનાને કેમ લાગુ પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અનંત-અનંત જીવોને એવું જ થાય છે. અનંતવાર એવું થયું. આહા..હા..! એવી આ ભવમુક્તિ છે. ભવની મુક્તિ થાય એમાં. જડની કાયા માટી છે. આહા..હા..! કહે છે કે એની રુચિ છોડ, એનો આશ્રય છોડ, એનું અવલંબન છોડ.

અને '**હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા...**' છું. .. સદા શુદ્ધ, ત્રિકાળ શુદ્ધ જ્ઞાનશરીરી તે આત્મા હું આત્મા છું. '**હું સદાશુદ્ધ...**' એમ કોણ જાણે છે? પર્યાય. વર્તમાન પર્યાય એમ જાણે છે કે હું સદાશુદ્ધ. આહા..હા..! જાણે છે તો પર્યાય. ઓલા ૧૦મી ગાથામાં આવ્યું છે ૩૨૦ નહિ? જયસેનાચાર્યની ટીકામાં. હું ત્રિકાળ નિરાવરણ અખંડ જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય તે હું છું, એમ પર્યાય જાણે છે. સમજાણું કાંઈ? આમાં છે. 'સકળ નિરાવરણ...' કેવો છું હું એક આત્મા? એમ જાણે છે કોણ? આત્મા દ્રવ્ય નહિ, પર્યાય જાણે છે. 'જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસ અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું.' આહા..હા..! ઓલા નિહાલભાઈનો દોષ કાઢે છેને? હું ધ્રુવ છું... ધ્રુવ છું... પણ ધ્રુવ છે ક્યાં? પણ એ 'ધ્રુવ છું' એ પર્યાય એમ નક્કી કરે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત આવી.

'હું...' અહીં .. એ છે જુઓ, નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું. એ નક્કી કોણ કરે? પર્યાય-અવસ્થા. હું ત્રિકાળ નિરાવરણ પરમાત્મસ્વરૂપ છું. એ અહીં કહેશે જુઓ. '**સદાશુદ્ધ...**' હું તો એક ત્રિકાળ શુદ્ધ છું. આહા..હા..! મારામાં તો રાગ તો નથી, પણ પર્યાય નિર્મળ એ પણ મારામાં નથી. આહા..હા..! સદાશુદ્ધ. ત્રિકાળ શુદ્ધ. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ અંતરસ્વરૂપમાં છે એ સ્વરૂપને જાણવું એ.. બહારની પ્રવૃત્તિ ક્રિયા આ કર્યા ને .. ભક્તિ કરી, પૂજા એ તો બધી રાગની ક્રિયા છે, અધર્મ છે. આહા..હા..!

'હું...' આ ભવમૂર્તિ જડ પરમાણુ આ સ્કંધો આવે ને જાય. એ અસ્થિર એવી મુક્તિને છોડીને સ્થિર આ .. આહા..હા..! '**હું સદાશુદ્ધ...**' આહા..હા..! '**એવો જે જ્ઞાનશરીરી આત્મા...**' આ શરીરની સામે જ્ઞાનશરીરી આત્મા લીધો. સમજાણું કાંઈ? પાઠમાં છેને? જ્ઞાન '**बोधविग्रहम्**' '**बोधविग्रहम्**।' ૧૬૬. એક જ્ઞાન એ મારું શરીર છે. ત્રિકાળ જ્ઞાન એ મારું શરીર છે, આ શરીર નહિ. આ તો માટી, જડ, ધૂળ, પુદ્ગલનું શરીર છે. આહા..હા..! જુઓ, ધર્મીએ, સમ્યગ્દૃષ્ટિએ શું કરવું એમ કહે છે. આહા..હા..! ધર્મ એને કેમ કરવો? કે હું ત્રિકાળ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... સદા '**એવો જે જ્ઞાનશરીરી આત્મા...**' જ્ઞાન જેનું, બોધ જેનું શરીર છે, બોધ જેનું સ્વરૂપ છે, બોધ જેનો સ્વભાવ છે, બોધ જેનો ભાવ છે એવો આત્મા. આવો માર્ગ આકરો લોકોને.

'હું...' કોણ ધ્રુવ કહે છે હું? એ શુદ્ધ પર્યાય જે છે. અશુદ્ધ પર્યાય છે એ તો પર ઉપર લક્ષ જાય છે અને જે શુદ્ધ પર્યાય છે તે કહે છે કે હું આવો સદાશુદ્ધ છું. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય છે તો એક સમયની, પણ એ જાણે છે કે આ તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! જિનેન્દ્રદેવનો. આહા..હા..! એ જિનેન્દ્રસ્વરૂપ છે. કહ્યું હતુંને એકવાર નહિ? સમયસાર નાટકમાં. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન. મત મદિરાકે પાન સો મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' ઘટ આ શરીર ઘટની અંદર ભગવાન જિનેન્દ્ર છે. એ પોતે પરમ આત્મા જિનેન્દ્ર છે.

**શ્રોતા** :- ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યારે. ક્યારે શું? સમજાણું કાંઈ? સમયસાર નાટકમાં એ કહ્યું છે. ઘટ ઘટ.. આ શરીર ઘટ જે અસ્થિર આ કીધુંને? એમાં જિનેન્દ્ર વસે છે. અને 'ઘટ ઘટ અંતર જૈન.' જૈન એટલે જિનેન્દ્રનો જ્ઞાન, દર્શન આદિ સ્વભાવ તે જૈન. આહા..હા..! 'ઘટ ઘટ અંતર જૈન' જિન વસે. જિન વસે. જિન એટલે તે ઘટ ઘટ શરીરમાં .. અસ્થિર સ્કંધનો પિંડ એમાં મારો ભગવાન પણ ઘટમાં જિનેન્દ્રસ્વરૂપ સદા બિરાજમાન છે. કહો, જયંતિભાઈ! એમ 'ઘટ ઘટ અંતર જૈન.' અને એ આત્મા જિનેન્દ્ર એનો જ્ઞાન, દર્શન આદિ સ્વભાવ તે એનો જૈન જિનેન્દ્રનો જૈનધર્મ. આહા..હા..! ત્રિકાળની વાત છે હોં. એમ પર્યાય નક્કી કરે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ આવી ગયા. પર્યાય એમ નક્કી કરે

છે કે 'આ જિનેન્દ્ર તે હું છું અને આ જિનેન્દ્રનો જે સ્વભાવ ત્રિકાળ ગુણ છે તે મારો જૈનધર્મ છે' એમ પર્યાય નક્કી કરે ત્યારે પર્યાયમાં ધર્મ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ સહાવો ધમ્મો. વસ્તુ જે ભગવાન એનો સ્વભાવ તે ધર્મ. એ ધર્મનું પરિણમન થવું તે વ્યક્ત વર્તમાન ધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે ઓહો..હો..! '**આ ભવમૂર્તિ...**' કાયા. ભવમૂર્તિ, ભવનું સ્વરૂપ આ કાયા. હું તો ભવ વિનાની ચીજ. આહા..હા..! સદાશુદ્ધ છું. દ્રવ્ય હોં. દ્રવ્ય છેને જુઓને. '**હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી...**' આહા..હા..! એવું જે મારું જ્ઞાન તે શરીર, જ્ઞાન તે સ્વરૂપ, જ્ઞાન મારું સ્વરૂપ. જ્ઞાન પર્યાય નહિ. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ તે મારું શરીર છે. આ શરીર હું નહિ. આ તો માટીનો પિંડ છે. આહા..હા..! એવો જે આત્મા '**તેનો આશ્રય કરું છું.**' '**प्रपद्येऽहं**' છેને? પહેલો શબ્દ છે. '**प्रपद्येऽहं**' આહા..હા..! બહુ પણ આ. આ શરીર એ ભવમુક્તિ, કાયા એ ભવસ્વરૂપ છે, ભવમુક્તિ એટલે ભવસ્વરૂપ છે. ત્યારે હું એક સદાશુદ્ધ જ્ઞાનશરીરી એવો જે આત્મા એ પર્યાય કહે છે કે હું એનો આદર કરું છું. આનો આદર છોડીને આનો આદર કરું છું. આહા..હા..! સમજાય છે કાંઈ? આ આનું નામ આલોચના, એનું નામ સંવર, અનું નામ મોક્ષનો માર્ગ કે જે શરીર, ભવની મુક્તિ, અભવસ્વરૂપ, હું એક અભવસ્વરૂપ ત્રિકાળ જ્ઞાનશરીર શુદ્ધ તેનો હું આશ્રય કરું છું. પર્યાય એમ કહે છે કે હું એને આદરું છું. આહા..હા..! તે પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. ભારે વાતું! જરી ઝીણી એણે અનંતકાળમાં એણે કરી નથી. એટલે એને મહાતમ (આવતું નથી કે) આ શું છે ભગવાન? આહા..હા..!

જેની પર્યાયમાં એક સમયની દશા એ દશા જ્ઞાનની એમ સ્વીકારે છે કે આ શરીર છે એ ભવમૂર્તિ છે, હું એક જ્ઞાનમૂર્તિ છું. જ્ઞાનશરીર તે જ્ઞાનમૂર્તિ. એકલો સમજણ ચૈતન્યરસકંદ જ્ઞાયકભાવ સ્વભાવભાવનું સ્વરૂપ તે હું. આહા..હા..! એનો હું આશ્રય કરું છું. એવો ત્રણલોકનો નાથ ભગવાન ચિદાનંદસ્વરૂપ હું, એની પર્યાય કહે છે કે હું આશ્રય કરું છું. આહા..હા..! એ જે પર્યાયે આશ્રય કર્યો, તે પર્યાયને ધર્મ કહેવામાં આવે છે. હજી તો દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને, પર્યાય કોને એની ખબર ન મળે. અમે આ ધર્મ કર્યા.. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..! .. 'અંગીકાર કરું છું' એમ વાપરે છે. બે-ત્રણવાર આવી ગયું. આવો જે જ્ઞાનશરીરી શુદ્ધસ્વરૂપે ત્રિકાળ. મેરુ પર્વત તો અનાદિ નિત્ય પર્યાય છે, છતાં એ એકસરખી રહે છે, છતાં તેમાં રજકણોના સ્કંધ આવે અને જાય છે. આ શરીર જડ છે એના પરમાણુમાં સ્કંધ આવે-જાય છતાં એકસરખી રહેતી નથી.

**શ્રોતા :-** મેરુ એકસરખો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં એકસરખો છે મેરુ. આહા..હા..! અહીં આત્મા એકસરખો રહે છે, એમ કહે છે. મારો ભગવાન આવે ને જાય નહિ એવી ચીજ. એવો હું ત્રિલોકનાથ

સદા શુદ્ધ ચૈતન્ય છું. આહા..હા..! એવું સમ્યગ્દૃષ્ટિએ પોતાને આવી ભાવના કરવી. એણે દિશાને બદલાવી નાખવી. એણે જ્ઞાનની દશા પરતરફ ઢળી છે એને સ્વતરફ વાળ. ... અહીં તો પૂજા કરો, ભક્તિ કરો, સિદ્ધચક્રની પૂજા, લાખ, બે લાખના .. ધૂળેય ધર્મ નથી. સમજાણું કાંઈ? જિનેન્દ્રદેવની આ આજ્ઞા છે, જિનેન્દ્રદેવનો આ હુકમ છે સમવસરણમાં. ઇન્દ્રો અને ગણધરની વચ્ચે.

હે જીવ! આહા..હા..! બે વાત આકરી. '**આ ભવમૂર્તિને...**' કાયા. તેના અભાવ સ્વભાવરૂપી એવો જ્ઞાનશરીર તે હું આત્મા. મારામાં ભવ પણ નથી અને ભવનો ભાવ પણ નથી. સમજાણું કાંઈ? ભાષા એવી સહેલી છે. વસ્તુને સમજવી કઠણ. આહા..હા..! હું આ વસ્તુ છું. પર્યાયબુદ્ધિએ છોડી દઈ. શરીરરૂપી .. વર્તમાન એક સમયની પર્યાય .. રાગને માને છે. એ બુદ્ધિને છોડી દઈ ત્રિકાળ એવું જ્ઞાનશરીર અને ત્રિકાળ શુદ્ધ છું એમાં હું આશ્રય કરું છું, એને હું અવલંબું છું. પર્યાય કહે છે કે હું એને ઉપાદેય તરીકે અંગીકાર કરું છું. આહા..હા..! આ ધર્મ! આ જૈનધર્મ! ભારે! મો-માથું સૂજે નહિ એવી વાત. સૂજે એવી છે. ન સૂજે એવો નિર્ણય કોણ કરે છે? વીતરાગમાર્ગ છે, ભાઈ! જન્મ-જરા-મરણના દુઃખો જોઈએ તો આહા..હા..! કચરાઈ જાય છે ત્યારે કેવું અત્યારે દિવાળી, કાલે ધનતેરશ. .. ત્યાં તે ધૂળમાં શું હોય, બાપા! કચ્ચરઘાણ. એક કુટુંબના છ એક સાથે પડી ભીંત તે મરી ગયા. જામનગર. લ્યો, એને કેટલી આશા હશે. ભાઈ આ દિવાળી આવે છે ને પછી આમ કરશું અને આમ કરશું. ધૂળેય નથી, બાપા! શું કરવું, ભાઈ! શરીરની સ્થિતિ જ એવી છે. એ કાંઈ સ્થિર નથી. તું નિત્ય છો એટલે એને સ્થિર કરવા માગે છો. તું સ્થિર છો ત્યાં. એ સ્થિર નહિ એટલા માટે આને સ્થિર રાખવા માગે છો. આહા..હા..! પણ કાંઈક રહે, કાંઈક રહે. ધૂળ છે કાંઈ ન રહે. આહા..હા..! જુઓને ઘડીકમાં શું કહેવાય? હાર્ટ ફેઈલ. આ .. કેન્સર, ક્ષણમાં આમ થઈ જાય છે.

એક છોકરો નહોતો કહેતો ૩૫ વર્ષનો જુવાન કાંઈ નખમાં રોગ નહિ. બેઠો હતો એના મિત્રની જોડે. ..બસ આટલું કર્યું ત્યાં દેહ છૂટી ગયો. ૩૫ વર્ષનો જુવાન. આહા..હા..! ..જોડે બેઠો હતો. કાંઈ રોગ નહિ. કાંઈ એટલે કાંઈ નહિ. આમ થઈ ગયું બસ દેહ છૂટી ગયો. દેહની સ્થિતિ એટલી. આહા..હા..! એ કાંઈ એક સમય વધારે રોકાય છે? અને જેની સ્થિતિ નથી, જેની મુદત નથી એવો જે આત્મા, એનો આશ્રય લે તો એની સ્થિતિ સંસારની પૂરી થઈ જાય. આહા..હા..! અને ધર્મની સ્થિતિની શરૂઆત થઈ જાય એમ કહે છે. ૧૬૬ થયોને? ૧૬૭. એના પછી.

(अनुष्टूभ्)

अनादिममसंसाररोगस्यागदमुत्तमम्।<br>
शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्यभावना।।१६७।।

આહા..હા..! મુનિરાજ બહુ ટૂંકા શબ્દમાં '**શુભ અને અશુભથી રહિત...**' એ શુભ પુણ્ય અને અશુભ પાપ—બેયથી રહિત. આહા..હા..! એવી '**શુદ્ધચૈતન્યની ભાવના...**' શુભ અને અશુભની ભાવના એ તો મિથ્યાત્વની ભાવના, વિકારની ભાવના. '**શુભ અને અશુભથી રહિત...**' મારો પ્રભુ શુદ્ધ ચૈતન્યસ્વરૂપી ભગવાન તે દ્રવ્ય, એની ભાવના એ પર્યાય. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની ભાવના. આહા..હા..! '**શુભ અને અશુભથી રહિત...**' સુકૃત, દુષ્કૃષ્ટ કહ્યું હતુંને? એનાથી રહિત. આહા..હા..! '**શુદ્ધચૈતન્ય...**' પૂર્ણ નિર્મળ ચૈતન્ય એવો ભગવાન આત્મા એની ભાવના. એવા શુદ્ધચૈતન્યની એકાગ્રતા એ '**મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.**' આ ઔષધ છે ઔષધ. .. ઔષધ થાય છેને. ... એ.

એક લીટીમાં બધું ઘણું ભર્યું છે. પહેલા એમ કહ્યું હતું કે આ શરીર, કાયા ભવમુક્તિ. એનાથી અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યજ્ઞાન. અહીંયાં એમ કહે છે કે શુભાશુભભાવરહિત. હવે શુભાશુભભાવ એ પર્યાય હતી વિકારી એનાથી રહિત હું શુદ્ધચૈતન્યની ભાવના કરું છું. શુદ્ધ ચૈતન્યની ભાવના એ અનાદિ રોગને મટાડવાનો ઔષધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત કરી જોયું? એક તો શુભ-અશુભભાવ છે તે સંસારભાવ છે. એનાથી રહિત શુદ્ધ ચૈતન્યની ભાવના. ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘન એની ભાવના. આહા..હા..! એની એકાગ્રતા. જે શુભાશુભભાવમાં એકાગ્રતા હતી એ હું કરતો હતો. એને છોડીને હવે સુદ્ધસ્વરૂપમાં એકાગ્ર કરું એ પણ મારું કર્તવ્ય છે. આહા..હા..! એ ભાવના એ ધર્મ છે. શુદ્ધ ચૈતન્ય એ ધર્મી ત્રિકાળ એકરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધચૈતન્યની ભાવના...**' બહુ ટૂંકા શબ્દો. શુદ્ધ ચૈતન્ય આત્મદ્રવ્ય. તેની એકાગ્રતા, તેની સન્મુખતા, તેના આશ્રયથી ઉત્પન્ન થતો ભાવ એ ભાવના મારા અનાદિ સંસારરોગ. આહા..હા..! ભવસિંધુ મિથ્યાત્વભાવ એનાથી અનંતભવ થાય એવો જે રોગ મિથ્યાત્વનો એ મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે. સંસાર રોગને મટાડવાનું આ ઔષધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ રોગ આવે ત્યારે અહીં રાખે છેને શું કહેવાય? કપાટ–કપાટ. કપાટમાં બધી દવાઓ રાખે. ફલાણો રોગ થાય તો આ ઔષધ, ફલાણો થાય તો આ. .. આવે છેને રેપર. રેપર-રેપર.. રાખે. એ રાખે. શું કહેવાય આ તમારા કપાટમાં. આહા..હા..! અહીં કહે તારી પાસે કાંઈ ઔષધ છે જન્મ-મરણ મટાડવાનો? તારા ઘરમાં પડ્યું છે અંદર. તારા કબાટમાં પડ્યું છે અંદર. આહા..હા..!

ભગવાન! તારા સ્વીકારમાત્રથી શુદ્ધચૈતન્યમૂર્તિ એના સ્વીકારમાત્રથી તને જન્મ-મરણ મટી જાય એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! થોડા શબ્દમાં કેટલું! ગાથા એક અને નવ કળશ. નવનો આંકડો અફર છેને? બેયમાં નવ શ્લોક. આને પણ નવ શ્લોક છે. આહા..હા..! એ '**મારા અનાદિ સંસારરોગ...**' પાછું એમ. એ મારી પર્યાયમાં અનાદિ સંસારરોગ એને મટાડવાનું મારો શુદ્ધચૈતન્ય ભગવાન એની એકાગ્રતા એનું ઔષધ છે. સમજાણું

કાંઈ? આવો ધર્મ ... એના કરતા પાંચ, પચાસ લાખ ખર્ચો, મંદિર બનાવો, પૂજા કરો, ભક્તિ કરો ધામધુમ. ... એ તો બધી ક્રિયા બહારની છે. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..!

ચૈતન્ય ભગવાનનો આશ્રય લીધા વિના ત્રણકાળમાં ધર્મ થતો નથી. પરને આશ્રયે તો રાગ જ થાય છે. સમજાણું કાંઈ? એથી કહે છે હું, મારો ભગવાન શુદ્ધ ચૈતન્યવસ્તુ એની મારી જે ભાવના. આહા..હા..! છે? એ '**ભાવના મારા અનાદિ સંસારરોગનું...**' અજ્ઞાન અને મિથ્યાત્વ જે ચાર ગતિમાં રખડવાનો રોગ એને ટાળવાનું આ ઔષધ છે. આહા..હા..! એ દવા મારી પાસે છે, કહે છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આહા..હા..! એ ૧૬૭ થયો. ૧૬૮.

(मालिनी)

अथ विविधविकल्पं पंचसंसारमूलं
शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा।
भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं
तमहमभिनमामि प्रत्यहं भावयामि।।१६८।।

'**શ્લોકાર્થ :- પાંચ પ્રકારના સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભકર્મ છે...**' શું કહે છે? આ આત્માને .. દ્રવ્યમાં ... દ્રવ્યપરાવર્તન. આત્માને... દ્રવ્યપરાવર્તન એટલે પુદ્‌ગલના પરમાણુમાં પરાવર્તન એટલે વારંવાર આવે અને જાય એ પરાવર્તન દ્રવ્ય-પરિવર્તન. ક્ષેત્ર-પરિવર્તન. એક-એક ક્ષેત્રમાં અનંતવા જન્મ કરવો એ ક્ષેત્ર-પરિવર્તન. કાળ-પરિવર્તન. કાળને સમય સમયની અવસ્થામાં પરિવર્તન થવું, ભવ-પરિવર્તન થવું ભવનું અને ભાવ-પરિવર્તન-શુભાશુભભાવનું પરિવર્તન જે અનાદિનું. એ પાંચ પ્રકારના પરાવર્તન એ સંસાર છે. એનું મૂળ છે '**વિવિધ ભેદવાળું શુભાશુભકર્મ...**' આહા..હા..! પાંચ પ્રકારના પરાવર્તનરૂપી સંસારનું મૂળિયું એ શુભાશુભભાવ છે. સમજાણું કાંઈ? પાંચ પ્રકારના સંસારરૂપી મૂળ એનું કારણ શુભાશુભભાવ છે. આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ શુભ સંસારનું કારણ છે, એમ કહે છે.

'**એમ સ્પષ્ટ જાણીને...**' એમ કહે છે. આહા..હા..! એ શુભ-અશુભભાવ, પાંચ પ્રકારના પરિભ્રમણના કારણરૂપ મૂળ '**એમ સ્પષ્ટ જાણીને...**' શુભાશુભભાવ સંસારમાં રખડવાનું મૂળિયું છે. આહા..હા..! સ્પષ્ટ છેને? પ્રત્યક્ષ જાણીને. '**જે જન્મ-મરણરહિત છે...**' ભગવાન આત્મા ચિદાનંદસ્વરૂપ તો જન્મ-મરણરહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે આત્મા છેને ત્રિકાળી વસ્તુ. એ તો ખરેખર મોક્ષ અને મોક્ષના કારણની પર્યાયનો કરનાર છે. ... ત્રિકાળ ભગવાન જે ચિદાનંદ પ્રભુ, આનંદ રસકંદ જે છે એ તો મોક્ષનો અને મોક્ષના કારણને કરનારું. એ બંધ અને બંધના કારણને કરનાર તો ક્યાંથી હોય? આહા..હા..! મોક્ષના કારણની ક્રિયા,

મોક્ષની ક્રિયા. એના વિનાનો ત્રિકાળી શુદ્ધભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, અહીં તો મોક્ષમાર્ગની પર્યાય એનો કર્તા આત્મા નથી. એ પર્યાયનો કર્તા પર્યાય છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. એવું આનંદઘન ભગવાન અખંડ આત્મા છે પર્યાય. એ વસ્તુ છે એ મોક્ષના માર્ગની પર્યાયને કેમ કરે? અને મોક્ષને કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

હું તો શક્તિરૂપે મોક્ષસ્વરૂપ જ છું. મોક્ષસ્વરૂપ એ તો પર્યાય છે. આહા..હા..! મારું સામર્થ્ય જ શક્તિ એ મોક્ષસ્વરૂપ છે. એનો બંધ થાય કે બંધ ટળે એવું મારા સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! પર્યાય બંધાણી અને પર્યાય છૂટી છે. હું બંધાણો કે છૂટ્યો છું જ નહિ, કહે છે. આહા..હા..! દેવીલાલજી! આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ કેવળજ્ઞાની પરમાત્મા સર્વજ્ઞદેવ જે કેવળજ્ઞાનથી ત્રણકાળ અને ત્રણલોક જોયા તેની ઈચ્છા વિના વિકલ્પ... કેમકે પહેલા જ્યારે તીર્થંકરગોત્ર બાંધતા.. ત્યારે એની ઈચ્છામાં એમ હતું કે હું પૂર્ણ થાવ. એ પૂર્ણ થાવ એવી જે ઈચ્છા અંતરની.. એ .. ભિન્ન છોડી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો આસ્રવના સ્વરૂપનો સાધક જીવ એને પૂર્ણતા નહોતી ત્યારે વિકલ્પ એવો આવ્યો કે હું પૂર્ણ થાવ. આ દશમે સૂક્ષ્મ લોભ છેને એમ કહે છે આ. એને મોક્ષની જરી ઈચ્છા હોય છે એવું આવે છે. દસમે ગુણસ્થાને રાગ છેને તો રાગનો અંશ. તો કેમ છે? એ મોક્ષની ઈચ્છા રહી છે. એટલે એ રાગ... એય..! ભગવાન આત્મા આહા..હા..! હું તો એક ત્રિકાળ નિરાવરણ શુદ્ધચૈતન્ય સ્વભાવભાવ છું. એ હું મોક્ષની પર્યાય અને સત્યના કારણને કરનાર નથી. એમ કોણ જાણે છે? પર્યાય એમ જાણે છે. આહા..હા..! ૩૨૦માં આવ્યું છે. પરમાત્મપ્રકાશ યોગીન્દ્રદેવે. જિનેન્દ્રદેવ એમ કહે છે જીવ તે બંધ અને બંધના માર્ગને કરતો નથી એમ જિનેન્દ્ર દેવની વાણીમાં, હુકમમાં એમ આવ્યું છે. જિનેન્દ્રદેવ એમ કહે છે કે મોક્ષ અને મોક્ષની પર્યાયનો હું જીવ કર્તા નથી. આહા..હા..! ૩૨૦ જયસેનાચાર્યની ટીકા. પર્યાયને દ્રવ્ય કરતો નથી આ તે કાંઈ વાત! ધ્રુવ ચિદાનંદ પ્રભુ અનાદિ-આનંદકંદમાં એની પર્યાયમાં કેવળજ્ઞાન થાય તો તેને ઘટતું નથી. એને અક્ષરના અનંતમે ભાગે જ્ઞાન રહી જાય નિગોદને તો ત્યાં તેને વધતું નથી અંદર. છે એ છે. ત્રિકાળ ધ્રુવસ્વરૂપ ભગવાન નિત્યાનંદ એને અહીં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એ આત્મા શુભાશુભભાવને પાંચ પરાવર્તનનું કારણ જાણી, સ્પષ્ટ જાણી, પ્રત્યક્ષ જાણીને એમ કહે છે. આહા..હા..! એમ પર્યાય જાણે છે હોં. પર્યાય જાણે છે કે શુભાશુભભાવ સંસારનું મૂળ છે, માટે તેમાં મારે આવવું નથી. હું આમાં જાવ છું. ત્રિકાળી આનંદનો નાથ ભગવાન તેમાં મારી પર્યાય જાય છે એટલે એ હું છું. હું પર્યાય છું એમ નહિ. આહા..હા..! આવી વાત તે.. આવો માર્ગ છે.

અરે બાપુ! જુઓને આ. અકસ્માત શરીરનો થાય છે ત્યારે પિડા... પિડા... પિડા... ... કાલે બોટાદમાં નહિ? ... છોકરાની વહુ તો કાંઈક શરદી હશે. વળી કાંઈક .. લોકો કહે છે.

સવારે .. અત્યારે .. ૨૦ વર્ષની ઉંમર. પ્રેમના લગન હતા. આહા..હા..! એ નાસ લેવા.. છોકરા તમારે આવે છેને શું કહેવાય? પ્રાઈમસ પ્રાઈમસમાં નાસ લેવા ગઈ તો ચોંટી ગઈ. નાઈલોન કપડા ચોંટી ગયા. અગ્નિ લાગી તો ચોંટી ગઈ. અગિયાર વાગે બળી સવારે આઠ વાગે દેહ છૂટી ગયો. અહીં અત્યારે રહેતી હતી ... મરતા કે હું સોનગઢ રહી હતી. .. નહિ રહે. ૧૧ વાગે બળી દેહ છૂટી ગયો. જુવાન. ... ભાઈ! અનંતવાર આવા ભવ થયા છે પણ ભૂલી ગયો છે. એ તો એને થાય છે, મારે નહિ. આહા..હા..! એવી રીતે શરીરના બળવાથી મર્યો એ પણ અનંતભવ કર્યા છે. એવા એક નહિ, પણ અનંત કર્યા છે ભાઈ! પણ ભૂલી ગયો. ભૂલી જાય એટલે નહોતા એમ કોણ કહે? જન્મથી છ મહિના અને બાર મહિનામાં શું ખાધું? શું પીધું? માએ કાંઈ વરાવ્યું એ યાદ છે? યાદ નથી માટે નહોતું? આહા..હા..! છ મહિનાની તારી ઉંમર, બાર મહિનાની ઉંમર આ દેહની એ વખતે તને ખવરાવ્યું શું, પીધું શું, ધવરાવ્યું શું? ઔષધ.. એ કાંઈ યાદ છે? યાદ નથી એટલે નહોતું એમ કોણ કહે? એમ ભવભ્રમણની યાદ નથી માટે ભવભ્રમણ નહોતું? એમ કોણ કહે? આહા..હા..!

કહે છે કે એ સંસારના ભાવને .. કાઢી નાખ. આહા..હા..! કહે છે '**જન્મમરણરહિત છે...**' કોણ? ભગવાન આત્મા. આહા..હા..! જુઓને અત્યારે જન્મ-મરણ ક્યાંથી આવ્યું? વસ્તુ છે એ વસ્તુ છે. '**અને પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે...**' પાંચ પરાવર્તન કહ્યાને? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. એમાં મૂળ કારણ શુભાશુભભાવ. ત્યારે આ આત્મા એ પાંચ પ્રકારની મુક્તિનો દેનારો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક ફેરી કહ્યું હતુંને જામનગરમાં વિશાશ્રીમાળી હતા એક. ... એને એકનો એક દીકરો. અને એને ટેવ એવી પડી ગયેલી કે કોઈ દિ' રોટલી-રોટલો ન ખાય. ચુરમું જ ખાય. અપાસરાની પાસે ત્યાં ઘર એનું. ચુરમું-ચુરમું આ લાડવા. એ જ ખાય. રોટલી-રોટલો પચે નહિ અને રોટલી-રોટલા ખાવાની ટેવ જ ભૂલી ગયા. આહા..હા..! હવે એમાં છોકરો એકનો એક ભાઈ મરી ગયો. એકનો-એક બાળીને આવ્યા. આસુંની ધારા. સગાઓ ભેગા થયા. જામનગર એય..! ..ભાઈ! અપાસરાની જોડે ઘર હતું. રોટલા કરો, રોટલી કરો. ભાઈ તમને રોટલી નહિ પચે. મરી જશો. તમે રોટલી-રોટલો ખાધો નથી. વર્ષોના વર્ષો. આહા..હા..! ભાઈ! એ ચુરમુ બનાવ્યું એણે. આહા..હા..! લાડવા ચુરમાના થાળીમાં મૂક્યા. રોટલી-રોટલા ખાધા નથી વર્ષોના વર્ષો. એકલું ચુરમું. એ જ્યાં ખાય છે બે બટકા. આંસુની ધારા ચાલી જાય. એને લાડવો હોય કે રોટલો એક જ છે. બાપુ! એ કહે છે ભાઈ નહિ પચે. તમે મરી જશો. આ પછી રોગ આવશે. રોટલી-રોટલો.. ચુરમુ કે રોટલો તમારે એક જ છે ભાઈ! આહા..હા..! એ વખતે સુખ કેટલું હશે? એ ચુરમું ખાવામાં સુખ હશે? આહા..હા..! એમ જેની જન્મ-મરણના રોગને મટાડવા માટે રાગનો પ્રેમ હોતો નથી એને. સમજાણું કાંઈ? શુભાશુભાવ કીધો છેને. અરેરે! રાગ હું નહિ. મારી ચીજ તો અંદર ભિન્ન છે. મારો આનંદનો નાથ પરમાત્મા એ કેવો છે? કે પાંચ

પરાવર્તનને મૂકાવે એવો છે. સમજાણું કાંઈ?

આ સંસાર.. બનતું. અફીણનું.. બહુ, અફીણનું. હવે એકનો એક દીકરો મરી ગયો. બાળીને આવ્યા. અફીણનું .. દર્દ બહુ. વ્યસન-વ્યસન. એ દર્દ જ છેને. આહા..હા..! સ્મશાનમાં બાળીને આવ્યા અને ડાબલી .. લ્યો, ભાઈ! એ ડાબલી આપી અફીણની. નાખી દીધી. અરે! છોકરા વિના ચાલે એ આ અફીણ વિના નહિ ચાલે? એકનો એક દીકરો ... મરી ગયો જુવાન અવસ્થામાં. બાળીને આવી કહે ભાઈ તમે અફીણ લ્યો. એ ડાબલી ફેંકી દીધી. અફીણ મૂકી દીધું. એમ અહીંયાં જેમ આત્મા અનાદિના પુણ્ય અને પાપ કરીને તું રોકાણો છો. હવે એમાં મૃત્યુ તારું છે તપાસ. છોડ એકવાર અંદરથી. શુભાશુભભાવ તો આત્માના ભાવને ... ચાલશે. એ વસ્તુ વિના ચાલશે. સમજાણું કાંઈ? ... બાપુ! છોડવાનો પણ તારો સ્વભાવ છે એને જોને. આહા..હા..! સમજાણું કાંઈ? મૃત્યુને કાંઈ યુવાન અવસ્થા કે વૃદ્ધાવસ્થા .. છે કાંઈ? આહા..હા..! ૨૦ વર્ષના જુવાન દેહ છૂટી જાય ઘડીકમાં. વૃદ્ધ મા-બાપ.. એના બાપના બાપ બેસી રહે અને છોકરાના છોકરા ચાલ્યા જાય. જડ છે આ તો. આ તો માટીની મુદત છે. એ મુદતે છૂટે છૂટકો એને. એમ જેને મુદત નથી એવો આત્મા એને પક્કડમાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે...**' કોણ? આ શુદ્ધાત્મા. આહા..હા..! મારો નાથ શુદ્ધાત્મા પ્રભુ અંદર પાંચ પ્રકારની મુક્તિને દેનાર છે. એમ પર્યાય જાય અને પોતાનું સ્વરૂપ લે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્મશાન વૈરાગ્ય જેવું લાગે, પણ બાપુ! ખરો વૈરાગ્ય તો ત્યારે કહેવાય. આહા..હા..! એ શુભ-અશુભભાવનું વ્યસન એ અનાદિનું અજ્ઞાનનું વ્યસન છે, ભાઈ! એના વિના તને ચાલ્યું નથી, પણ ચલવે એવું તારું સ્વરૂપ છે. કહે છે કે તારો સ્વભાવ શુદ્ધાત્મા એ પાંચ પ્રકારના પરાવર્તનની મુક્તિ દેનારો તારો સ્વભાવ છે. આહા..હા..! શેના તને શુભ-અશુભભાવના સડકા આવે છે કહે છે. સમજાય છે કાંઈ? રસ કેમ તને આવે છે? આ શું થયું? એના રસને છોડને કહે છે, ભાઈ! એને મુક્તિ દેનારો ભગવાન બિરાજે છે અહીં. કહો, જયસુખભાઈ! આવી વાત છે. જિનેન્દ્રદેવના કહેણ છે. મોટાના કહેણ પાછા ન પડે.

ભગવાન ત્રિલોકનાથ કહે છે, સંત કહે છે એ ભગવાન જ કહે છે. ભગવાનના તો આડતિયા છે. ભગવાનનો આ માલ આડતિયા થઈને જગતને આપે છે. આહા..હા..! ભગવાન! એકવાર આ સાંભળને ભાઈ! તારું શુદ્ધ સ્વરૂપ પાંચ પરાવર્તનને મૂકે, છોડે એવું તારું સ્વરૂપ છે. પાંચ પરાવર્તનને રાખે રાગને એ તારું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવા '**(શુદ્ધાત્માને) હું નમું છું...**' મુનિરાજ કહે છે. આહા..હા..! કોણ? આ દિગંબર મુનિ એ ધર્માત્મા ચારિત્રવંત હું આવો ભગવાન છું, તેમાં હું નમી ગયો. મારી પરિણતિ એ બાજુ ઢળી ગઈ છે. શુભાશુભભાવ તરફની પરિણતિને તોડવા મારો નાથ શુદ્ધાત્મા છે

એને મુક્તિને આપનારો છે, એમ કહે છે. એમાં હું નમી જાવ છું. હું ઢળી જાવ, અંદરમાં વળું છું. કહો, ...ભાઈ! આવું છે આ. પ્રવિણભાઈ. આહા..હા..! આ પ્રવિણ કીધુંને. જાણે એમ કીધું અંદર. કેટલામો થયો એ? ૧૬૮. હવે ૧૬૯. '**तद्विदित्वा**' છે બીજું પદ છે એ. '**तद्विदित्वा**' એ પ્રવિણતા છે એ. પુણ્ય અને પાપ ને જાણ કે આ તો સંસાર અને દુઃખરૂપ છે. હવે એનાથી રહિત મારો નાથ એ પરાવર્તનને છોડાવે એવી શક્તિવાળો છે. આહા..હા..! પણ .. પોતે કોણ છે અને કેવડો છે એનું માહાત્મ્ય નથી આ આવ્યું.. એ તો જાણે કે સાધારણ પ્રાણી છું, સંસારી છું, આવો છું ને તેવો છું. આહા..હા..! બહુ બહુ આગળ જાય તો દયા ને દાન ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજાનો કરનારો છે. આહા..હા..! રાંક છે ભિખારી! રાગને કરે એ આત્મા કહેવાય? સમજાણું કાંઈ?

અહીંયાં તો શુદ્ધાત્મા શુભાશુભભાવને કરે નહિ, એ શુભાશુભભાવને ટાળવાને સામર્થ્યવાળો છે. અહીં કીધુંને? '**હું નમું છું અને પ્રતિદિન ભાવું છું.**' આહા..હા..! મારા સિદ્ધ ભગવાન મારા આત્મામાં વસ્તુ જે છે એમાં પ્રતિદિન મારી ભાવના તે તરફ છે. નિરંતર મારી ભાવના તે તરફ છે. સમકિતીની દૃષ્ટિ અખંડ ઉપર ત્રિકાળ પડ્યો છે. સમજાણું કાંઈ? મોક્ષપણું દ્રવ્યનું સમકિતીને નિશ્ચયમાંથી ખસતું નથી. આહા..હા..! ચંદુભાઈ! આવી વાતું ગજબની. આહા..હા..! એ '**હું નમું છું અને પ્રતિદિન ભાવું છું.**' કોઈ સમયે મારી સ્વભાવની એકાગ્રતા વિના હું ગયો નથી. હું જતો નથી, કહે છે. આહા..હા..! મારો શુદ્ધાત્મા ભગવાન જે ભવમુક્તિને નાશ કરવાની તાકાતવાળો. આહા..હા..! કાયા અને કારણરૂપ શુભાશુભભાવ એનો નાશ કરનારો એવા હું શુદ્ધાત્માને નમું છું. એનો જ મારા સ્વીકાર છે અને તેની પ્રતિદિન મારી ભાવના છે. પ્રતિદિન પ્રતિસમય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને દ્રવ્યની મુખ્યતા એ થઈ છે એ કદી ખસે નહિ. સવારમાં આવ્યું નહોતું? મુખ્ય-ગૌણ તો મુનિની .. પરિણતિ છે એને શુભભાવ ગૌણ પણ છે અને ભાવપણે શુભભાવ મુખ્ય પણ છે. કઈ અપેક્ષાએ? પરિણતિની અપેક્ષાએ. વસ્તુની અપેક્ષાએ મુક્ત ત્રિકાળ છે એ તો મુખ્ય જ છે, એને મુખ્ય અને ગૌણ થતું નથી. આહા..હા..! આ મુખ્ય-ગૌણમાં પાછી ભાષા આવી. કે સમકિતી શ્રાવક છે એને શુભભાવ મુખ્યપણે છે. કારણ કે . થાય છે તે ટાળવા માટે શુભભાવ એને મુખ્ય ગણાય. છે બંધનું કારણ પણ એને મુખ્ય છે. અને સાધુ જે સાચા સંત છે, શુદ્ધાત્મા પરિણતિથી પરિણમેલા એને શુભભાવ ગૌણપણે છે. એ શુભની પરિણતિની શૈલીની અપેક્ષાએ વાત છે. પણ વસ્તુની મુખ્યતા જે નિશ્ચય છે એ તો શ્રાવક અને મુનિ બેયને એક જ રૂપ છે. શુદ્ધાત્માની મુખ્યતા તેને વર્તે એ તો ત્રિકાળ પ્રતિદિન છે, કહે છે. આહા..હા..!

**શ્રોતા** :- ચોવીસે કલાક.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચોવીસે કલાક.

શ્રોતા :- ઉંઘમાં પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉંઘમાં પણ. આહા..હા..! એવી વાત છે જરી. '**હું નમું છું અને પ્રતિદિન ભાવું છું.**' આહા..હા..! ૧૬૮ થયો.

૧૬૯. ઓલી ૬૬૯ આવી હતીને? ૫૯. ઠીક. પંચાધ્યાય. ૫૯. નય-નય. નિશ્ચયનયના બે ભેદ પાડે છે એ સર્વજ્ઞની આજ્ઞા બહાર અપરાધ કરનારા છે. આહા..હા..! શુદ્ધનય તો એક જ રૂપ છે. ૧૧માં આવે છેને? ૧૧મી ગાથામાં. એકરૂપ છે. એ ધ્રુવ છે તેને જ શુદ્ધનય કહે છે. એ એક જ રૂપ છે. શુદ્ધનયના બે ભેદ નથી કે ઓલી પર્યાયને સ્વીકારે અને દ્રવ્યને સ્વીકારે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રિકાળ શુદ્ધભાવ. પવિત્રભાવનું દળ પ્રભુ એનો તો નિશ્ચયનય, શુદ્ધનય એને સ્વીકારે તે એક જ ભાવ છે. વળી પર્યાયને પણ સ્વીકારે અને ફલાણાને સ્વીકારે એમ નહિ. એ શુદ્ધનયના ભેદ છે નહિ. એથી ભાઈએ એમ કહ્યુંને મખનલાલજીએ નહિ? કે આ સ્વસમયની વાત છે. સ્વસમયનો અર્થ? દૃષ્ટિની દ્રવ્યમાં મુખ્યતાની આ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે દિ' કીધું હતું પહેલા. .. ફરી ગયું હતું. મખનલાલજીએ. શરૂઆતમાં જ્યારે ... પંચાધ્યાય છે એ આગળ છે. મખનલાલજી. કીધું નહોતું પહેલું? જામનગર. ૮૨ની સાલમાં. આહા..હા..! ...

આવો જે ભગવાન. આહા..હા..! અરે! એનો એને વિશ્વાસ ક્યાં છે? વિશ્વાસ.. હું પૂર્ણાનંદ સ્વરૂપ છું કે જેમાં નિર્મળ પર્યાયનો પણ જેમાં અવકાશ નથી એવી શુદ્ધ વસ્તુ પૂર્ણ વસ્તુ ધ્રુવ વસ્તુ, સામાન્ય વસ્તુ, એકરૂપ વસ્તુ. પંચાધ્યાયમાં એમ કહ્યું વ્યવહાર-નિશ્ચય. વ્યવહાર કહે એને નિશ્ચય ના પાડે, નહિ આ નહિ.

શ્રોતા :- એ તો વાતુડિયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિશેષ છેલ્લો સરવાળો લીધો છે કે સામાન્ય તે હું છું. એમ પાછું લીધું છે... શ્લોક છે, સામાન્ય ત્રિકાળ શુદ્ધ એકરૂપ. તે હું છું. નિશ્ચયનય એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! .. ઉંચી વાત લાગે. પણ આ અત્યારે સમ્યગ્દર્શનની વાત છે. સમજાણું કાંઈ? એમ કે આમાં સમ્યગ્દર્શનની જ વાત આવે. પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને ચારિત્ર એને શી રીતે આવે? સમજાણું કાંઈ? એ અહીં કહે છે કે હું તો પ્રતિદિન ભાવું છું. આહા..હા..! એક ચૈતન્યમાં શુદ્ધસ્વભાવની મારી જે દૃષ્ટિ જે થઈ છે અને એમાં એકાગ્રતા એ નિરંતર મારે વર્તે છે. એ ૧૬૮ થયો.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૩, શનિવાર, તા. ૦૧-૧૧-૧૯૭૫
## કળશ-૧૬૯-૧૭૦, પ્રવચન નં. ૮૦

... એણે કોઈ દિ' એને જોયો નથી. અનંતકાળ થયા. ચોર્યાસી લાખના અવતાર એક-એક યોનિમાં અનંત અવતાર કર્યા, પણ એમાં કોઈ શુભભાવ કર્યો હોય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તો પુણ્યબંધ થાય, જન્મ-મરણ ન મટે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એવા પાપભાવથી નરક આદિ ગતિમાં જાય, પણ ધર્મ આત્માના જ્ઞાન વિના એના જન્મ-મરણ મટે નહિ. તે આત્માના અહીં આલોચનની વ્યાખ્યા છે. આહા..હા..! ઝીણી વાત પડે. અનંતકાળથી એણે સત્ય કર્યું નથી. પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા એણે જે ત્રણકાળ, ત્રણલોક જોયા એમણે એમ કહ્યું કે ભાઈ! તારી ચીજ શું છે? તારું સ્વરૂપ શું છે એ તેં કોઈ દિ' જાણ્યું નથી. એને જાણ્યા વિના એણે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંતવાર કર્યા છે. સમજાણું કાંઈ? એનાથી કોઈ પુણ્યબંધ થાય અને એનાથી આ કદાચ પૈસાના ધણી, આ ધૂળના ધણી કહેવાય એવા શેઠિયા થાય, પણ જન્મ-મરણ મટે નહિ એમાંથી. એ અહીં તો વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ અહીંયા ૧૬૯ કળશ છે આલોચનાનો.

(માલિની)

अथ सुललितवाचां सत्यवाचामपीत्थं
न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम्।
तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः।।१६९।।

આહા..હા..! અનંત જન્મ-મરણમાં એ ચોર્યાશીના અવતાર કરીને દુઃખી થયો છે. આ પૈસાવાળા હો કે રાજા હો કે દેવ હો એ બધા દુઃખી છે. કેમકે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, આત્મા સચ્ચિદાનંદ—સત્, ચિદ્ અને આનંદનું સ્વરૂપ એનું છે. એના આનંદના ભાન વિના ચાર ગતિમાં દુઃખથી રજળી રહ્યો છે ઈ. આહા..હા..! ક્યાંય સુખ નથી. સુખ એ આત્મામાં છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! એ અહીં કહે છે.

'**શ્લોકાર્થ :- આ રીતે આદિ-અંતરહિત...**' ભગવાન આ દેહમાં રહેલું તત્ત્વ એ કેવું છે? કે જેની આદિ નથી, એ તો અનાદિ છે. આ છે આત્મા એ તો અનાદિનો છે. નવો થાય છે? નવી થાય એ તો દશા હોય, વસ્તુ નવી ન થાય. વસ્તુ જે આત્મા તત્ત્વ જેને કહીએ એ તો આદિ વિનાની ચીજ છે. આહા..હા..! આ શરીરની આદિ થાય અને અંત થાય, દેહ મળે અને જાય, પણ એવો આત્મા નથી. આત્મા તો આદિ વિનાની અનાદિ...

અનાદિ... અનાદિ... છે, છે ને છે. આહા..હા..! આદિ-અંત. જેનો અંત શો? છે એનો નાશ શો? છે એનો અભાવ શો? આહા..હા..! એને એ આત્મા... આમ તો નરસિંહ મહેતા પણ કહે છેને કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એ આત્માના ભાન વિના અને આત્મા શું ચીજ છે એને જાણ્યા વિના એ સાધના, પૂજા, ભક્તિ, દાન, વ્રત, તપ અનંતવાર કર્યા પણ એ કાંઈ સાધન નથી, કહે છે. આહા..હા..! આટલી વાતું, બાપુ!

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે એ પરમેશ્વર એમ કહે છે કે ભાઈ! અહીંયા તો ભગવાન તરીકે કહે છે. ભાઈ! તું અંદર સ્વરૂપ તારું ભગવાન છે. તને ખબર નથી. પામર થઈને જગતમાં પરિભ્રમણ કરી રહ્યો છો. આહા..હા..! કેવો છો તું? પ્રભુ! તું આદિ વિનાની ચીજ છો. આહા..હા..! એમ અંતરમાં બેસવું. આ છે આત્મા. આદિ-અંત વિનાની ચીજ છે. આહા..હા..! અવિનાશી વસ્તુ છે એ તો. સમજાણું કાંઈ?

**'આદિ-અંતરહિત એવી આ આત્મજ્યોતિ...'** એવી આત્મજ્યોતિ, ચૈતન્યજ્યોતિ ઝળહળ ભગવાન ચૈતન્યસ્વરૂપ છે આત્મા. આહા..હા..! આ અગ્નિ જ્યોતિ છે એ તો તરણાને અને કૂચાને બાળે. આ આત્મજ્યોતિ એવી ચીજ છે... આહા..હા..! કે જે એના ભાન કરે એને અજ્ઞાન બળીને રાખ થઈને સંસારનો નાશ થઈ જાય. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળમાં 'અનંત કાળથી આથડ્યો...' શ્રીમદ્ કહે છેને. શ્રીમદ્ રાજચંદ્ર. જેને નાની ઉંમરમાં જાતિસ્મરણ હતું. ગાંધીના પરિચયમાં આવ્યા હતાને. ગાંધી એના પરિચયમાં આવ્યા. ગાંધી ખ્રિસ્તી થવાના હતા, પણ શ્રીમદ્ જ્યાં મળ્યા... નાની ઉંમરમાં જાતિસ્મરણ અને પછી આત્મજ્ઞાન થયું હતું. ગૃહસ્થાશ્રમમાં હતા. ભલે ઝવેરાતનો ધંધો હતો, પણ શ્રીમદ્નો પરિચય થયો ગાંધીજીને તો ગાંધીજી ખ્રિસ્તી થતા અટકી ગયા. એ શ્રીમદ્ એમ કહે છે, ભાઈ! 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન.' અહીં આવશે. ગુરુમાં આવશેને. આહા..હા..! 'સેવ્યા નહિ ગુરુ સંતને પણ મૂક્યા નહિ અભિમાન.' આહા..હા..! જ્ઞાની અને ધર્માત્માને શું કહેવું છે એની એણે દરકાર કરી નહિ. અનંતા અવતાર એમ એળે ચાલ્યા ગયા. અભિમાન મૂક્યા નહિ કે હું નથી સમજતો, મારી ચીજ શું છે? આહા..હા..!

કહે છે એ આત્મજ્યોતિ ઝળહળ જ્ઞાનજ્યોતિ ભગવાન આત્મા અંદર ચૈતન્યના પૂર છે. આહા..હા..! કોઈ દિ' જોયું નથી એ શું ચીજ છે? એ તો ચૈતન્યના પૂરનું નૂર, ચૈતન્ય નૂરનું પૂર છે. જ્યોતિ કીધીને? આહા..હા..! અરે! આત્મા જેને ભગવાન પરમાત્મા કહે છે, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જેને આત્મા કહે છે એ આત્મા આવો છે, કહે છે. આહા..હા..! **'આત્મજ્યોતિ...'** ચૈતન્યજ્યોત. જ્ઞાનમાં ઝળહળ શક્તિના નૂરના તેજનું પૂર આત્મા છે. ક્યાં બેસે? બહારની નજરુંમાં અંતરની ચીજની નજર એને પડી નથી. આહા..હા..! અરે..!

એમ ને એમ ચોર્યાશીના અવતારમાં બૂડી મર્યો છે. ભવસિંધુ. ભવરૂપી મોટો દરિયો ચોર્યાશીના અવતાર. આહા..હા..! એને આત્માના જ્ઞાન વિના અને આત્માની કિંમત કર્યા વિના, પરની કિંમત એને જાય નહિ અને પરનું પરિભ્રમણ થયા વિના રહે નહિ. આહા..હા..!

**'આત્મજ્યોતિ...'** આહા..હા..! એ આત્મજ્યોતિ કેવી છે? કે **'આદિ-અંતરહિત...'** **'સુલલિત...'** વાણીનો કે સત્ય વાણીનો વિષય નથી. આહા..હા..! કોઈ મીઠી, મધુરી ભાષાથી આત્મા જણાય એવો નથી. એ વાણી તો જડ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સુમધુર લલિત વાણીનો વિષય નથી. વાણી તો જડ છે અવાજ ઉઠે એ તો. એનાથી આત્મા જણાય એવો નથી. એ વાણીનો વિષય જ નથી, કહે છે. આહા..હા..! વચનાતીત સ્વરૂપ છે. અરે! કેમ બેસે? કોઈ દિ' દરકાર કરી નથી.

સાધુ થયો અનંતવાર. આવે છેને છ ઢાળામાં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' સાધુ થયો હજારો રાણી છોડી, દીક્ષિત થયો, નગ્ન થયો, જંગલમાં રહ્યો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ભગવાન! એ આત્માના આનંદના ભાન વિના એવી ક્રિયાઓ અનંતવાર કરી. એનાથી સ્વર્ગમાં પહેલા જે દેવ આદિ થયો, 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ છે એના આનંદના સ્વાદને મેળવ્યો નહિ. આહા..હા..! એ પંચમહાવ્રતની ક્રિયા, દયા, દાનની ક્રિયા એ બધી રાગ છે અને એ દુઃખ છે, એમ કહે છે. આહા..હા..! એવી અનંતવાર રાગની ક્રિયાઓ કરી, પણ આત્મજ્ઞાન વિના એને આનંદ ન આવ્યો. આનંદ ક્યાં હતો ત્યાં? આહા..હા..! આનંદ તો સ્વભાવ, આત્માના સ્વભાવમાં આનંદ છે.

હરણની નાભીમાં કસ્તુરી, હરણને કસ્તુરીની કિંમત નથી. આ મૃગલા હરણ એની નાભીમાં કસ્તુરી (છે), પણ એક તરણું ખડખડે ત્યાં ત્રાસ પામે એને આની કિંમત ક્યાંથી આવે? કે મારામાં કસ્તુરી ભરી છે! સો રૂપિયાનું તોલું હશે. જે હોય ઈ, આપણને બહુ ખબર નથી. પહેલી મોંઘી હતી. હવે તો એથી મોંઘી થઈ ગઈ હશે. એ મૃગની નાભીમાં કસ્તુરી. એ સુંઘવા જાય બહારમાં. આહા..હા..! એમ ભગવાન આત્મામાં આનંદ, શોધવા જાય બહારમાં પૈસામાં, આબરૂમાં, બાયડીમાં, છોકરામાં, કુટુંબમાં, મોટી પદવીમાં. ધૂળમાંય નથી ક્યાંય. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે કે એ વાણીનો વિષય નથી. આહા..હા..! એ તો અંતરમાં નિર્વિકલ્પ દશા દ્વારા જણાય એવી એ છીજ છે. ઝીણી વાત, ભગવાન! અરે! એણે દરકાર કરી જ નથી. પોતાની દયા ખાધી જ નથી. પરની દયા ખાવા નીકળ્યો. સમજાણું કાંઈ? પણ પોતે કોણ છે? કેવડો છે? ક્યાં છે? કેમ છે? અને આ કેમ રખડે છે? આ શું ... છે? એવી એણે દરકાર કરી જ નથી. બહારમાં ને બહારમાં અભિમાન અને માન એમાં મૂંઝાઈને મરી ગયો અનંતવાર. કહે છે, ભગવાન આત્મજ્યોતિ સુલલિત સુમધુર વાણીનો વિષય નથી. આહા..હા..!

ગમે તેવી શાસ્ત્રની વાણી (હોય), પણ એનો એ વિષય નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન અરૂપી આનંદઘન આત્મા તો છે, એમાં કાંઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. એ તો અરૂપી છે. આ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આ જડ ચીજ માટી દેહ. એ તો અરૂપી છે. એમાં વર્ણ નથી એટલે વાણી દ્વારા એ જણાય એવી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવ દ્વારા જણાય એવું છે. આહા..હા..! વર્તમાનદશાને અંતરમાં વાળતા ચૈતન્યસ્વરૂપ ઝળહળ જ્યોતિ સત્ ચિદાનંદ પ્રભુ અવિનાશી આદિ-અંત વિનાનો આત્મા તેને વર્તમાનમાં રાગના વિકલ્પથી રહિત અને નિર્વિકલ્પ દશા દ્વારા તે જણાય એવો છે. આહા..હા..! આકરી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ચોર્યાશીના અવતાર અનંત થયા, બાપુ! એ ભૂલી ગયો. ભૂલી ગયો એટલે કાંઈ નહોતું એમ કાંઈ થાય? જન્મ્યા પછી છ મહિના, બાર મહિના કેમ છે એ ખબર છે અત્યારે? જન્મ્યા પછી બાર મહિનામાં શું થયું? માતાએ ધવરાવ્યું શી રીતે? માતાએ તને નવરાવ્યો શી રીતે એ ખબર છે? ખબર નથી એટલે નથી? ખબર નથી માટે નહોતું એમ કોણ કહે? આહા..હા..! એમ અનંતકાળનો ભગવાન આત્મા ચાર ગતિના પરિભ્રમણમાં દુઃખના ઘાણીમાં, દુઃખની ઘાણીએ પીલાઈ રહ્યો છે, એની ખબર નથી. ખબર નથી એટલે કાંઈ નહોતું કોણ કહે? સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા... આહા..હા..! કહે છે કે વાણીનો વિષય નથી. હવે સમજવું શી રીતે?

**શ્રોતા :-** એ આપે કહી દીધું કઈ રીતે સમજવું ઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાછું કહેશે. ગુરુ સમજાવશે એમ કહેશે. આહા..હા..! ભાઈ! તારી નિધિ-નિધાન ચૈતન્યનું નિધાન ભગવાન આત્મા એ એવી ચીજ છે કે એ વાણીથી જણાય એવી નથી. આહા..હા..!

તેમ '**સત્ય વાણીનો પણ વિષય નથી;...**' ભાષા દેખો, સાચી વાણીનો પણ એ વિષય નથી. કારણ કે વચનાતીત વસ્તુ છે ભગવાન તો. આહા..હા..! ચિદાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા હોં આ. થઈ ગયા ભગવાન એ તો ભગવાન પાસે રહ્યા. આ તો સત્‌ચિદાનંદ. સત્ નામ શાશ્વત ચિદ્ નામ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ જેનું છે. એની દશામાં જે વિકાર દેખાય છે એ તો કૃત્રિમ નવો છે, એના સ્વભાવમાં એ નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મજ્યોતિ સત્ય વાણીનો પણ વિષય નથી. આહા..હા..!

'**તોપણ ગુરુના વચનો વડે...**' આહા..હા..! રામબાણ જ્ઞાનીના વચનો એવા હોય છે કે એને કાનમાં પડતાં કે 'તું સચ્ચિદાનંદ પ્રભુ છો, ભાઈ! આહા..હા..! તું અતીન્દ્રિય આનંદનો કંદ છો. આહા..હા..!' એવી વાણી કાને પડતા એને જણાય એવો છે, એ એમ કહે છે. તત્કાળ બોધક કહ્યું છેને. ગુરુ કોને કહેવા એ સમજવી કઠણ ચીજ છે, ભાઈ! બાવા

થઈને, સાધુ થઈને નીકળે માટે ગુરુ છે એમ નથી. આહા..હા..! લૂગડા ફેરવીને નગ્ન થઈ જાય માટે ગુરુ છે એમ પણ નથી. આહા..હા..! જેને અંતર આનંદનો નાથ જાગ્યો છે અને ગુરુપણું એટલે કે રાગથી ભિન્ન જેની અધિકાઈ ભાસી છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો અનંતકાળે એણે નહિ કરેલીની વાત છે, બાપુ! બાકી તો અનંતવાર સાક્ષાત્ તીર્થંકર જિનેશ્વર કેવળી, એના સમવસરણમાં પણ અનંતવાર ગયો છે અને ત્યાં આગળ મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ અને હીરાના થાળ વડે ભગવાનની આરતી ઉતારી છે, પણ એ તો શુભભાવ હતો. આહા..હા..! પરમાત્મપ્રકાશમાં કહે છે, ભવે ભવે પૂજીયો. અનંત ભવ થયા. ભવ તે કાંઈ બાપા એણે ક્યાં વિચાર કર્યો છે? આહા..હા..! આમ ગયો કાળ કોઈ ભવ વિનાનો છે એનો? અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એવા ભવમાં અનંતવાર સમવસરણમાં ગયો ધર્મની સભામાં અને એણે પૂજા પણ કરી ભગવાનની, પણ એ તો શુભભાવ છે, કાંઈ ધર્મ નહિ. આહા..હા..!

ધર્મ તો એ શુભભાવના વિકલ્પથી પાર આત્મા છે, એમ ગુરુ બતાવે છે, એમ કહે છે. ગુરુ એને કહીએ કે જે રાગની ચીજથી, પુણ્યથી પણ આત્મા ભિન્ન છે એને ઓળખ એમ કહે છે એ ગુરુ કહેવામાં આવે છે. 'તું આ પુણ્ય કર અને તને ફળશે અને ધૂળ થશે' એ વાણી ગુરુની નહિ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! છે એમાં? **'વાણીનો પણ વિષય નથી; તોપણ ગુરુના વચનો વડે તેને પામીને...'** આહા..હા..! સદ્‌ગુરુ જ્ઞાની એમ એને કહે, પ્રભુ! ભગવાન તરીકે બોલાવ્યો છેને ૭૨ ગાથામાં નહિ? ૭૨માં. ભગવાન આત્મા એમ બોલાવે છે. આહા..હા..!

અનસુયાનું એક નાટક હતું. અનસુયા સતિ થઈ ગઈ છેને. આ નર્મદા નહિ? ભરૂચને કાંઠે નર્મદા નદી છે. અમે તો પાલેજ રહેતાને એટલે ત્યાં નજીક હતુંને. પાલેજની જોડે જ છે એ બધું. તો એ અનસુયા એક છે. ત્યાં બાર ગાઉ છેટે છે પાલેજ પાસે. એ અનસુયાનું એક નાટક હતું. માલ લેવા ગયેલા વડોદરા. અનસુયાનું નાટક ચાલતું (હતું). ઘણા વર્ષની વાત છે. ૬૪-૬૫ની. ૬૪-૬૫ની સાલની. દુકાનથી માલ લેવા વડોદરા ગયેલા. વખત દિવસે તો મળે નહિ. રાતે નવરા. અનસુયાનું નાટક જોવા ગયેલા. મોટું નાટક હોં વડોદરામાં થિએટર. મારે બીજું કહેવું છે આમાં કે એને બાળક થયું. સ્ત્રી હતા એ. નર્મદા પણ સ્ત્રી હતી હોં. આ નર્મદા નદી છે ભરૂચને કાંઠે. એની બહેન હતા અનસુયા. તો એને એક બાળક થયું. એ બાળકને જ્યારે એને ઘોડિયામાં સુવાડે છે. નાટકમાં ... આમ ઘોડિયામાં હાંકે છે આમ શું કહેવાય? દોરી. એ આમ બોલતા. આ તો તે દિ' સાંભળેલું. આ તો ૬૪ની વાત છે. સંવત્ ૧૯૬૪ વડોદરામાં.

એ નાટકમાં કોઈ બાળક આવ્યું હશે ક્યાંકથી. એવું હશે .. સુવાડેલું ઘોડિયામાં. 'શુદ્ધોસી બુદ્ધોસી અજર અમરોસી, નિર્વિકલ્પોસી' એમ એના ગાણા ગાતા હતા. લાલભાઈ! આ

તો પહેલેથી પ્રેમ ખરોને. આહા..હા..! વાહ! હજી તો બાળક ઘોડિયામાં. એની અનસુયા માતા નર્મદાની બહેન. એ બેય બહેનો હતા હોં. આ નદી-બદી છે એ તો પછી એના નામે પડી. પણ બાયું હતી, સતી હતી. એને આ બાળક થયું ત્યારે ઘોડિયામાં એના હાલરડા ગાય છે, પ્રભુ! તું શુદ્ધ છો. આહા..હા..! તે દિ' હોં. ૬૪ એટલે ૧૮ વર્ષ હશે ઉંમર. તે દિ' ૧૮ વર્ષની ઉંમર. ૪૬માં જન્મને શરીરનો. ૧૮ વર્ષની ઉંમર. પણ ત્યારે માલ લેવા બહાર જતા ત્યારે આવા નાટક (જોતા). વૈરાગી બહુ નાટક હતા.

અત્યારે તો આ બધા ફિલ્મો-બિલ્મો ને નાટક નાગા .. આહા..હા..! એક બાઈ આમ બચકું ભરે અરર! આ અનીતિ આવી હોય? બહારમાં દેખાવ કરે. આમ હાથ નાખ્યા હોય ને આમ બચકું ભરે. અરર! આ તે સજ્જનતાના લક્ષણ! આવી ફિલ્મું તે નાગાઈ બધી. એ વખતે તો વૈરાગી બહુ હતા. નિરસિંહ મહેતાના, આ અનસુયાના, હરિશચંદ્ર રાજા. ઘણા જોયેલાને. અમે તો બધા ત્યાં ઘરની દુકાન હતી. સ્વતંત્ર ગયેલા બહુ. એટલે આ ઘોડિયામાં સૂતા એને એની મા એ કહેતી કે બેટા! તું શુદ્ધ છો. આહા..હા..!

આપણે આવે છેને ભાઈ! જયસેનાચાર્યની ટીકામાં આવે છે. એવું એ ત્યાં બોલ્યા હતા. તે દિ' બોલ્યા હતા ૬૪માં. બધે ઠેકાણે આવે છે. 'તું શુદ્ધ છો. પુણ્ય અને પાપના મેલરહિત તું શુદ્ધ છો' એમ કહેતા ભાઈ! લ્યો! બાળકને હોં. અહીં તો હજી ૬૦ વર્ષનાને સંભળાવે તો કહે આ શું હશે? આહા..હા..! ભગવાન! સાંભળને પ્રભુ! તું તો પ્રભુ છો અંદર શક્તિએ. શક્તિએ પ્રભુ છો. તને ખબર નથી. આહા..હા..! 'શુદ્ધોસી બુદ્ધોસી' આહા..હા..! જ્ઞાનનો સાગર છો, બુદ્ધસ્વરૂપ છો તું. આહા..હા..! આ શરીર, વાણી, મન નહિ, પુણ્ય-પાપના ભાવ એ પણ તું નહિ. આહા..હા..! 'શુદ્ધોસી બુદ્ધોસી નિર્વિકલ્પોસી' તે દિ' એમ કહેતા. આહા..હા..! ૬૪ની સાલ હતી ઘણું કરીને. પિતાજી ૬૩માં ગુજરી ગયા. એટલે પછી દુકાનમાં ભાગીદાર અમારે બે ભેગા દુકાન ચલાવતા. પછી માલ લેવા હું જતો બહાર. નાની ઉંમર હતી. ૧૮ વર્ષની ઉંમર હતી. આ તો અત્યારે ૮૬ થયા. કેટલા થયા? ૬૮? ૬૮ વર્ષ થયા લ્યો. ૬૮ વર્ષ પહેલાની ૧૮ વર્ષની ઉંમરની વાત છે.

'શુદ્ધોસી' હે નાથ! તું શુદ્ધ છો, બેટા! એમ કહેતા. આહા..હા..! 'બુદ્ધોસી' તું તો જ્ઞાનનો બુદ્ધસ્વરૂપ છો. જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ છો. 'નિર્વિકલ્પોસી' એમ કહેતા. આહા..હા..! ભગવાન! તું તો વિકલ્પના રાગની પર્યાય વિનાનો નિર્વિકલ્પ છો. આહા..હા..! 'ઉદાસીનોસી' એમ કહેતા. તું પરથી ઉદાસ તારું સ્વરૂપ છે, ભગવાન! આહા..હા..! અરેરે! બાળકને પણ આવું કહેતા, એ અત્યારે મોટાને સમજવું કઠણ પડે. કાળ બહુ ફરી ગયો. ઘણો કાળ (ફરી ગયો). ૫૦ વર્ષ અને ૬૦ વર્ષ પહેલાનો કાળ. શું થાય છે? ફટાકડા, આ દિવાળી છે એટલે. ઓલાએ એક જણાએ ના પાડી છે કે બહુ પાપ લાગે છે. કોક છાપામાં આવ્યું છે. એવું કરીને એ પૈસા બચાવીને દાનમાં આપો એમ કરીને લખ્યું છે કાંઈક હોં. પણ છોકરા કાંઈ

માને? એ છાપામાં આવ્યું હતું હોં. ગામોગામ હજારોના, લાખોના પાણી થાય છે અને હિંસા થાય છે. એ કરતા પૈસા બચાવીને કાંઈક ગરીબ માણસને દાનમાં આપો. આહા..હા..! બિહારમાં જુઓને અત્યારે દુઃખી પ્રાણી બહુ થઈ ગયા ઓલા વરસાદમાં. બહુ લાખો માણસ બિચારા દુઃખી.. પાણી-પાણી. આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ! તું ઉદાસ છોને, નાથ! આહા..હા..! તારી ચીજ આખા જગતથી ભિન્ન તારું સ્થાન છે. ઉદાસીન. ઉત-આસન. રાગ અને પરથી તારું આસન અંદર ભિન્ન ચિદાનંદસ્વરૂપ છે. આહા..હા..! ત્યાં જાને તું, એકવાર બેસને ત્યાં. આહા..હા..! તારું કલ્યાણ થશે, તને જન્મ-મરણ મટી જશે. પણ ક્યાં દરકાર? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે **'ગુરુના વચનો વડે...'** એટલે ગુરુએ આ કહ્યું, એમ કહું છું. આહા..હા..! ભાઈ! તું શુદ્ધ ચૈતન્ય પવિત્રનો પિંડ છો. આહા..હા..!

શક્કરકંદ હોય છેને. આ શક્કરકંદ નથી? એ ઉપરની એક છાલ લાલ છે એ સિવાય... શક્કરિયું આપણે કહે ગુજરાતી કાઠિયાવાડમાં, શક્કરકંદ એ લાલ છાલ સિવાયનો આખો મીઠો કંદ છે. બરાબર છે દરબાર? આ શક્કરકંદ નહિ? આ માહ (મહિનામાં) ખાય છેને મહાશિવારાત્રીમાં. એની લાલ છાલ જરી છે એ સિવાયની આખી ચીજ મીઠો પિંડ પડ્યો છે, એમ આ આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પની છાલ સિવાયનો અંદરમાં એકલો આનંદનો કંદ પડ્યો છે. એ ન બેસે, ઓલું બેસે એને. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ વાત આ રહી ગઈ છે. આત્મા કેવો અને કેવડો છે, કેમ છે એણે કોઈ દિ' જાણ્યું નથી અને જાણ્યા વિના બધું કર્યું ક્રિયાકાંડો અનંતવાર. એમાં કાંઈ જન્મ-મરણ મટ્યા નહિ. આહા..હા..!

કહે છે **'ગુરુના વચનો વડે...'** ગુરુએ આ કહ્યું, એમ કહે છે. આહા..હા..! ભાઈ! તું ભગવાન, તારું સ્વરૂપ શુદ્ધ છેને, પ્રભુ! આ વિકલ્પ જે દયા, દાનનો ઉઠે છે એ પણ તારું સ્વરૂપ નથી. આહા..હા..! બહુ આકરું કામ! બાબુભાઈ! આ બધા મહેમાન આવે તો સાંભળે તો ખરાને. આ શું કાંઈક કહે છે. બાબુભાઈ બહુ ત્યાં જાય છે, બહુવાર રહે છે. ભગવાન! વાત તો આવી છે. આહા..હા..! અહીં તો આ વાત છે, નાથ!

તું કોણ છો? શુદ્ધ છો. શુદ્ધ છો, ભાઈ! તને ખબર નથી. આ શરીર... નાળિયેર છેને નાળિયેર. આ નાળિયેર નથી આવતું? એ નાળિયેરના છાલા જુદાં, કાચલી જુદી અને કાચલી કોરની ઓલી રાતડ જે ટોપરાપાક કરતા કાઢી નાખે છેને, એ લાલ છાલ જુદી, કાચલી જુદી અને છાલા જુદાં. એમાં ધોળો મીઠો પિંડ જે શ્રીફળ છે એ જુદી ચીજ છે. ધોળો મીઠો શ્રીફળ. એમ આ દેહમાં આ દેહ એ છાલા છે આ તો જડ. અંદર કર્મ છે એ કાચલી છે. આઠ કર્મ જે આ છેને. આ પુણ્યને લઈને પૈસા મળે, પાપને લઈને નિર્ધન (થાય) એવી અંદર કર્મ ચીજ છે એ કાચલી છે. અને પુણ્ય અને પાપના ભાવ એ કાચલીકોરની લાલ છાલ છે. એના રહિત અંદર જે ભગવાન આત્મા એ તો ધોળો એટલે શુદ્ધ અને મીઠો

એટલે આનંદ (સ્વરૂપ છે). આહા..હા..! ત્યાં બેસે નહિ વાત. ટોપરાપાક કરતા બહેનો કરે છેને આ શું કહેવાય? ખમણી-ખમણી. લાલ કાઢી નાખે અને આ ખાય. એમ ભગવાન! તું સાંભળને, પ્રભુ! આ શરીર એ છાલા તું નહિ, કર્મના રજકણો માટી પડી છે એ તું નહિ અને અંદર પુણ્ય અને પાપની વૃત્તિઓ ઉઠે છે એ લાલ છાલ એ પણ તું નહિ. આહા..હા..! એમ ગુરુએ એને કહ્યું હતું. સમજાણું કાંઈ?

એ ગુરુએ એને કહ્યું, પ્રભુ! તું ચૈતન્ય ધોળો અને આમ શુદ્ધ અને મીઠો નામ આનંદ (સ્વરૂપ છો). જેમ ઓલો શ્રીફળ શેર, દોઢ શેરનો ધોળો પિંડ છેને મીઠો. એમ આ અંદરમાં ભાઈ એને ખબર નથી, કોઈ દિ' નજરું કરી નથી, સાંભળી નથી વાત. આહા..હા..! તું અંદરમાં મીઠો અને આમ આનંદ અને ધોળો અને આમ શુદ્ધ છો. એવા આત્માને તું ઓળખ કહે છે. એમ ગુરુએ એમ કહ્યું. એ દ્વારા એને પામ્યો. જોયું! છે શબ્દ?

**શ્રોતા** :- પામીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પામીને. આહા..હા..!

**શ્રોતા** :- પણ સાહેબ મોહ ક્યાં અમારો પીછો છોડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મોહ તમે કરો છો માટે છોડતા નથી. મોહ પીછો ક્યાં છોડે? એ આપણા આના નારદ છે. તમે આપણે ગયા હતા, ભાઈ! ઓલેપણે રહ્યા ત્યાં નહોતા? ઓલી મેડી ઉપર. દામોદરભાઈની મેડી. એની બાયડી મરી ગઈ તો એકલા રહે છે. ત્યાં ઘરના મકાન છે. ભાડું આવે છે સારી રીતે અને ગૃદ્ધિ કરીને કે .. ન થાય, પૈસા આપે .. નાખે. અહીં છોડીને ત્યાં રહે છે. આવે કોક દિ' ત્રણ-ચાર દિ' રહે. આજ આવ્યા ત્રણ-ચાર દિ' રહેશે. એ કહે છે કે મોહ પીછો છોડતો નથી, પણ તું મોહનો પીછો છોડતો નથી. એમ (છે). અમૃતલાલભાઈ! એ ભાઈ જાણે છે, નહિ? નાનાભાઈ. નારણભાઈ. આપણે ઓલા દામોદરભાઈની મેડીએ રહેતા. નહિ દરબાર? ઓલી દામોદરની નથી મેડી? સડક ઉપર.

**શ્રોતા** :- પણ અહીં સાહેબ આપના પુણ્યના પ્રતાપ છે કે આ સૌરાષ્ટ્રમાં નુકસાન થયું કરોડો રૂપિયાનું અને અહીં કાંઈ ન મળે. ભગવાનની દયા કેટલી બધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ ન મળે. અહીં તો કાંઈ ન મળે. એ સૌના..

**શ્રોતા** :- અહીંયાં આપની છાયામાં વાતાવરણ જ એવું. આ ભૂમિનું વાતાવરણ એવું કે શાંતિ બસ. અને અહીં શાંતિમાં બધામાં આવે છે, કેટલા શેઠિયાઓ આવે છે બધા ઢસડાઈ-ઢસડાઈને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વીસ જોવે. દરબાર! આપણે અહીં ૨૦ ઇંચ વરસાદ જોઈએ છે. એને ૨૭ થયો છે. ૨૦ જોવે અને ૨૭ થયો. અમે જ્યારે આવ્યા ત્યારે સાડી ચાલીસ વર્ષ થયા. ત્યારે ૧૪ થયો ૧૪, પછી ૧૬, પછી ૧૮, પછી ૨૦. અત્યારે ૨૭ થયો. પોર સાડા દસ થયો. પોર તો જરી ખેંચાણ હતું સાડા દસ. ઓણ ૨૭ ઇંચ હોં અહીંયાં.

આ ગામમાં ચારે કોર અનુકૂળ છે. અરે! આ તો સુકાળ તો આત્મામાં કરે ત્યારે થાય એવું છે, બાપા! આ મોહનું ખેંચાણ પોતે કરે છે કે મોહ પોતે કરે છે?

**શ્રોતા :-** અસ્તિ-નાસ્તિ બેય જાતની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્મા મોહ પોતે કરે છે અને નાશ પણ પોતે કરે છે. આહા..હા..! ભ્રમણા ઉત્પન્ન કરે પોતે અને ભ્રમણા પોતે નાશ કરે. સમજાણું? આ તો ૭૧ની સાલમાં મોટી ચર્ચા થઈ હતી લાઠીમાં. ૭૧. કેટલા વર્ષ થયા? ૬૦. ૬૦ વર્ષ પહેલાની વાત છે. એ મોટી ચર્ચા થઈ હતી કે કર્મને લઈને વિકાર થાય. એ મોટી ચર્ચા થઈ હતી. અમારે ગુરુભાઈ હતા. બિચારા ભદ્રિક હતા. મેં કીધું નહિ. કર્મને લઈને વિકાર (નથી થતો). વિકાર પોતે કરે તો કર્મને નિમિત્ત કહેવાય. વિકાર પોતે કરે અને પોતે ટાળે. સ્વતંત્ર ભગવાન આત્મા છે વિકાર કરવામાં અને ટાળવામાં, એને કોઈની મદદની જરૂર નથી. એ મોટી ચર્ચા ૭૧માં થઈ. લ્યો, આ તમે કહો છો કે મોહ અમને ખેંચે. એ કહે કે તું મોહ કરે તો તને ખેંચે છે. કર્મ-બર્મ કોઈ મોહ કરાવતું નથી. આહા..હા..! 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' એ પોતે પોતાને ભૂલીને હેરાન છે. બીજાએ એને ભુલાવ્યો કર્મે એવી કોઈ ચીજ છે નહિ.

એ અહીં કહે છે '**ગુરુના વચનો વડે તેને પામીને...**' આહા..હા..! ગુરુએ એ કહ્યું હતું. જુઓ, વીતરાગની વાણી અને સંતોની વાણી આવી હોય. તે એને ચૈતન્યસ્વરૂપ જે પૂર્ણ આનંદ છે તેને એના વલણમાં જાય અને પર્યાય ને રાગનું વલણ છોડે એવું એનું વચન હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બાપુ! અનાદિ કાળનું એણે આત્મતત્ત્વ ચિહ્નયા વિના-જાણ્યા વિના બધું કર્યું ફોગટ ગયું. આહા..હા..! '**ગુરુના વચનો વડે તેને...**' એટલે કે આત્મજ્યોતિને. આહા..હા..! જે આત્મજ્યોતિ ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ એ વાણીનો વિષય નથી. એ સત્ય વાણીથી પણ જણાય એવો નથી. સત્ય શબ્દ વાપર્યો છે. સાચી વાણી, પણ વાણી તો જડ છે. પ્રભુ તો વચનાતીત છે. વિકલ્પાતીત, રાગાતીત, વચનાતીત, શરીરાતીત એનાથી તો ભિન્ન છે ભગવાન. મીઠો ગોળો નાળિયેરનો જેમ કહ્યો એમ. આહા..હા..! એને પામીને એમ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે,...**' જુઓ, હવે શું કહે છે પામ્યો એટલે? પામ્યો એટલે શું થયું? કે શુદ્ધ દૃષ્ટિવાળો થયો. ત્રિકાળી શુદ્ધ છે તેની દૃષ્ટિ કરી. આહા..હા..! કહો, વજુભાઈ! આ બધું કરવાનું છે હવે. માંડ આવ્યા છે નીકળીને. આહા..હા..! આ વસ્તુ છે, ભાઈ! અરે! આંખ મીંચાઈ જશે, દેહ છૂટી જશે. એ દેહ તો એની મુદત લઈને આવ્યો એટલી મુદત રહેશે. એ કાંઈ રાખ્યું રહે નહિ અને ટાળ્યું ટળે નહિ. જે કાળે ટળવાનો તે ટળી જશે ફડાક દઈને. આહા..હા..! જુઓને હમણા ન કીધું કોક કહે. બે દિ' પહેલા કે દસ માણસ મરી ગયા બસમાં. બસ ટુટી ગઈ અને દસ માણસ મરી ગયા. કાલે એક ૬૦ માણસને ઘા લાગ્યા. ત્યાં ને ત્યાં કહે છે. ઝાડ સાથે બસ અથડાણી, ૬૦ માણસ ઘાયલ.

ઘાયલ થયા છે, મરી નથી ગયા. આ શરીર ક્યારે પડે અને કેમ થાય એનો કોઈ હિસાબ છે? ભગવાનની વાણીમાં કેવળમાં ભાસ્યું તે પ્રમાણે ત્યાં થાશે. આહા..હા..! એ પહેલા કહે છે કે આ સમજી લે આત્મા. આહા..હા..!

હું એક આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, શરીર, વાણીથી રહિત, એક સમયની પર્યાયથી પણ ભિન્ન. આહા..હા..! એવો જે આત્મા તેની દૃષ્ટિ કર તો એ સુદૃષ્ટિવાળો થાય. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે એ સમ્યગ્દૃષ્ટિ થાય. હજી તો સમ્યગ્દૃષ્ટિ. પછી શ્રાવક, મુનિપણું એ તો અંતરની દશાની વાતું છે. એ કાંઈ બહારની વાતું નથી. અંતર સ્વરૂપ જે આત્મા 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' અંદર આનંદનો નાથ વીતરાગ મૂર્તિ પ્રભુ જિનેન્દ્ર આત્મા પોતે જિનેન્દ્ર વીતરાગસ્વરૂપ જ છે. આહા..હા..! એને જેણે સુદૃષ્ટિ વડે જાણ્યો. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ જે પર્યાયને માનતો, રાગને માનતો, વિકલ્પને, નિમિત્તને એ દૃષ્ટિ છોડી. ગુરુએ કહ્યું હતું આ. આહા..હા..! ભગવાન! તારી ચીજ નિત્ય પ્રભુ છેને તું. નિત્યાનંદનો નાથ પ્રભુ તું છો, ભાઈ! આહા..હા..! એવી શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે. જોયું! શુદ્ધ દૃષ્ટિ. શુદ્ધ જેવો ત્રિકાળી છે તેવી દૃષ્ટિવાળો થાય છે. આહા..હા..! આ તો સમજાય એવું છે હોં. બહુ ઝીણું નથી બહુ. અમારે બાબુભાઈના મહેમાન આવ્યા છેને. આહા..હા..!

આ વાસ્તુ કહેવાય આનું નામ. બાબુભાઈ! મકાનનું વાસ્તુ એ નહિ. આહા..હા..! આત્મા આનંદનો નાથ છે તેમાં દૃષ્ટિ કરવી એ આત્મ વાસ્તુ છે. આવા વાસ્તુ તો અનંતવાર વાસ્તુ કર્યા અને... આહા..હા..! આ હમણા ન કીધું જામનગર? બિચારા એક ઘરના છ માણસ. દરબાર! એક ઘરના છ માણસ. એક એનું પડ્યું ઓલું કાચી ભીત. બિચારા નીકળી ન શક્યા. જોડે હવેલી હતી એમાં ગયા સૂવા. ત્યાં ગયા તો ત્યાં પડ્યું. છએ મરી ગયા. અને અગિયારસે બોકડા બિચારા ઓલા કેવા કહેવાય? બકરા. આ રબારી લોકો બિચારા ચરવા લઈ ગયેલા અને પવનનો ઝપાટો આવ્યો તો પાણી આવ્યું એવું... અગિયારસે તણાઈને મરી ગયા. તણાઈ ગયા, મરી ગયા. આહા..હા..! એવું તો એક અબજનું નુકસાન થયું. પોરબંદર અને જામનગરને કાંઠે એક અબજનું. ઓહો..હો..! વરસાદ જ્યારે આવો થાય ત્યારે નુકસાન (થાય). એમાં ક્યાં જગતને કુદરતે ચીજ થતી હોય ત્યાં. આહા..હા..! બિચારા ગરીબ માણસ હોય ઓલા ભરવાડ. હવે એમાં અગિયારસે....

**શ્રોતા :-** પવન ને વાવાજોડાનું કરોડોનું નુકસાન થયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ પવન. આપણે હતોને દરબાર તે દિ'. પણ આપણે પવન હતો બસ.

**શ્રોતા :-** આપણે કાંઈ નહિ. અહીંનું વાતાવરણ જ એવું કે ભગવાનની દયાથી, એવી ઈશ્વરની દયા અને એ જમીનનું વાતાવરણ પણ એવું થઈ જાય. ત્યાં શુદ્ધ ભગવાનની ઓલી થાતી હોયને. .. નીકળ્યો હતો ઓલો માવતરને લઈને કેવો? શ્રવણ. તે દિ' ભૂમિ આવી

ગઈ એમાં .. આને શું કહેવું? એ તો રાક્ષસોની ભૂમિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જામનગરમાં ભાઈ જામનગરમાં સ્મશાનમાં બધું આ કરેલું. શ્રવણનું ને એ બધું. આ પવન આવ્યો તો ખલાસ. બધું ખલાસ. આપણે જોયા હતા, ગયા હતા. મોટા નવા-નવા ઓલા રાજકુમાર સિંહને આમ કરે છે. બધા બિચારા પૂતળા કરેલા. બહુ ખર્ચ! આ પવન આવ્યો તો બધું ખલાસ. હમણા બધું આખું પાણીમાં. આહા..હા..! અમે જોવા ગયા હતા તે દિ'. એ તો ક્યારે શું થાય, બાપુ? પર તો નાશવાન ચીજ છે.

**શ્રોતા :–** કાળના ઈંધણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા..! કાળના ઈંધણ છે.

**શ્રોતા :–** એ બધું છે સાહેબ પણ એ ભૂમિનું વાતાવરણ એવું થઈ જાય. ત્યાં રાક્ષસો એવાને રહેતા હોય એની ભૂમિમાં એ બધું હોય અને ઓલા સંત પુરુષો જ્યાં રહેતા હોય એની ભૂમિમાં બીજું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં કહે છે કે એકવાર પ્રભુ તું સાંભળને, નાથ! આહા..હા..! તારી શુદ્ધ ચૈતન્યશક્તિ સ્વભાવ એની દૃષ્ટિ કર, એનો સ્વીકાર કર, એનો સત્કાર કર, એને તું માન. આહા..! તું રાગ અને પુણ્યનો સત્કાર કરે છે એ તો મિથ્યાદૃષ્ટિપણું છે. આહા..હા..! પોતે મહત્ સ્વરૂપ આત્મા, મહાત્મા પોતે છે મહાનસ્વરૂપ પોતે. એવું શુદ્ધ સ્વરૂપ તેની દૃષ્ટિવાળો થા. ગુરુએ એમ કહ્યું છે, અનંત જ્ઞાનીઓ એમ કહેતા આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! એ આત્મામાં દૃષ્ટિ કરીને વસવું એનું નામ વાસ્તુ છે. આ તો ધૂળના વાસ્તુ છે. ઓલી તો બહારની વાતું છે, બાપા! આહા..હા..!

આ આત્મા.. અહીં કીધું જુઓને, '**વસ્તુ પામીને સુદૃષ્ટિવાળો થાય છે,...**' ભાષા જુઓ! જે મિથ્યા દૃષ્ટિ હતી, જૂઠી દૃષ્ટિ હતી કે 'હું રાગ છું ને પુણ્ય છું ને દેહ છું' એ મિથ્યાદૃષ્ટિ હતી, જૂઠી દૃષ્ટિ હતી. એ 'ત્રિકાળી શુદ્ધ છું' એ દૃષ્ટિથી એ શુદ્ધ દૃષ્ટિવાળો થયો. આહા..હા..! આ તો સાદી ભાષા છે, બાપુ! માર્ગ તો ઘણો સરળ છે, ભાઈ! દૃષ્ટિનો વિષય તો ત્રિકાળ ધ્રુવ છે, શુદ્ધ છે, એવી દૃષ્ટિવાળો થયો એમ કહે છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ ધર્મની શરૂઆત, એનું નામ મોક્ષના માર્ગના પગલા ભર્યા એણે. આહા..હા..! પંથે પડ્યો ઈ. આહા..હા..!

એવો '**શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે, તે પરમશ્રીરૂપી કામીનીનો વલ્લભ થાય છે...**' મોક્ષદશા જેની પરમ આનંદદશા. એવી પરમ કામીની છેને? પરમશ્રી—પરમ લક્ષ્મી, આનંદની લક્ષ્મી પૂર્ણ પામે છે. '**તે પરમશ્રીરૂપી કામીનીનો...**' એટલે સ્ત્રી. પરિણતિ એનો '**વલ્લભ થાય છે...**' પૂર્ણાનંદની પર્યાય એને છોડશે નહિ હવે કોઈ દિ'. આહા..હા..! જેને આ ભગવાન આત્મા શુદ્ધ દૃષ્ટિવાળો થયો, જેની દૃષ્ટિ ચૈતન્ય શુદ્ધની કબુલી, અંતર અનુભવ થયો એ જીવ પરમ આનંદરૂપી જે સ્ત્રી એટલે શિવરમણી એ એને નહિ છોડે. એનો પતિ

થશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ આ શબ્દ તો અમારે ૬૩ની સાલમાં આવેલો. ૧૭ વર્ષની ઉંમર. બે દુકાન હતીને, અમારે બે દુકાન હતી. લગન હતા અમારે કુંવરજીભાઈની બહેનના. બધા ગયેલા અને હું અને એક નોકર અમારો બે રહેલા. ૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર. એમાં રામલીલા જોવા ગયેલા રામલીલા ત્યાં. ધનજીભાઈનું હતું, નહિ? જીન હતું મોટું. એ બધા મરી ગયા બિચારા. કરોડ રૂપિયાનું નુકસાન. એ ભાઈને ખબર છે. હોલકરને. એ રામલીલા જોવા ગયેલને. એમાંથી કોણ જાણે આવ્યું અંદરથી. આ શબ્દ આવ્યો હતો અંદરથી. કહ્યું હતું. ૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર. ૧૦ અને ૭. છ કડી બની ગઈ હતી. હું કાંઈ કવિ નથી, હું તો વેપારી પણ કોણ જાણે અંદરથી છ કડી આવી ગઈ. એમાં એક કડી યાદ રહી છે. ભાઈએ લખી છે. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' આ શરૂ થયું હતું. આ ૧૭ વર્ષની ઉંમરની વાત છે. આ તો ૮૬ થયા. ૬૯ કેટલા થયા? ૬૯ થયાને. ૬૯ વર્ષ પહેલાની વાત છે. એ છ કડી હતી. ઓલા કાગળ આવે છેને લીટાવાળા શું કહેવાય? આંકેલા. એ કાગળમાં, દુકાનમાં ઘણો માલ હતોને બધો, લખીને મૂકી હતી. પણ દીક્ષા લીધી ત્યારે એ ચોપડી કાંઈ સાથે લેવાય નહિ. પછી ભાઈને કહ્યું, મોટા ભાઈને ખુશાલભાઈ હતાને. ભાઈ! મારી ચોપડી રહી ગઈ છે કીધું લખેલું. ત્યાં તળાવ છે મોટું. બહુ પાણી. એ પાણી અંદર ગરી ગયું હતું. ચોપડી પલળી ગઈ. અડધી કડી યાદ રહી ગઈ છે. ભાઈએ નાખ્યું છે એમાં. આ 'શિવરમણી રમનાર તું.' આ નહિ, આ સ્ત્રી નહિ. તું તો મોક્ષ અતીન્દ્રિય આનંદની પરિણતિ દશા એવો શિવ મોક્ષમાર્ગ, શિવ એટલે નિરૂપદ્રવદશા, આનંદની દશાની પરિણતિનો રમનાર તું દેવાધિદેવ છો. આ તો ૬૩ની વાત છે. ઓલી ૬૪ની વાત છે અનસુયા જોયું ઈ. આહા..હા..! આ તો પહેલેથી સંસ્કાર હતાને નાની ઉંમરથી. ભલે દુકાન હતી પણ હું તો વાંચતો. દુકાન ઉપર વાંચતો. શાસ્ત્રો વાંચ્યા હતા બધા. અનેક શાસ્ત્રો દુકાન ઉપર. ઘરની દુકાન હતી. આહા..હા..! એ અહીં કહે છે. શું કીધું?

'**પરમશ્રી...**' કીધુંને? કે જેને આત્મા પરમાનંદનો નાથ એવી જેને દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, શુદ્ધ દૃષ્ટિ થઈ એ પરમ આનંદરૂપી શિવરમણી મોક્ષની દશા તેને એ પામશે. આહા..હા..! એને સંસારદશા હવે રહેશે નહિ. આહા..હા..! આ અધિકાર તો સારો આવી ગયો હોં તમારે. બાબુભાઈ! મહેમાનોને સમજાય એવું છે. બાબુભાઈ કહે મહેમાન અમથા ન આવે. આવું કારણ છે એટલે આવ્યા. એમ કહેતા હતા. નહિ? કાંઈ કારણ વિના (આવે)? પ્રસંગે (આવે). આહા..હા..! કહે છે, પરમશ્રી-પરમલક્ષ્મી. આ ધૂળ નહિ. આત્માની પરમ આનંદની લક્ષ્મીનો મુક્તિદશા એ પરમશ્રી સ્ત્રી, એ પરમશ્રીરૂપી સ્ત્રી એટલે પરિણતિ એનો વલ્લભ થશે, એટલે કે શુદ્ધ પરિણતિ એને કોઈ દિ' છોડશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અર્થ કર્યો છેને? '**(અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે.)**' મુક્તિસુંદરી. આહા..હા..! આત્માની મોક્ષદશા.

બંધનથી છૂટીને નિર્મળદશા. જેને મોક્ષ કહીએ, પછી જેને અવતાર હોય નહિ. એવી દશાને તે શુદ્ધ દૃષ્ટિવાળો પામશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૬૯ થઈ લ્યો. ખૂબ આવ્યું હોં આમાં તમારે. આ બધું ઝાઝું માણસ છેને આજે. ૧૭૦.

(मालिनी)

जयति सहजतेजःप्रास्तरागान्धकारो
मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः।
विषयसुखरतानां दुर्लभः सर्वदायं
परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः।।१७०।।

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા '**જેણે સહજ તેજથી...**' પોતાના જ્ઞાનના તેજથી. જ્ઞાનના પ્રકાશના તેજથી '**રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે,...**' રાગ છે તે અંધકાર છે. રાગ કાંઈ જાણતો નથી. શુભરાગ હો ભલે દયાનો પણ રાગ કાંઈ પોતાને જાણે છે? તેમ બીજાને જાણે છે? રાગ તો અંધકાર છે. આહા..હા..! જેણે ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન કર્યું અને ભાન ન કર્યું તો એ ચૈતન્ય ચીજ એવી છે કે રાગના અંધકારને નાશ કરે એવી તાકાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે કે રાગનો નાશ કેમ થાય? રાગ કરતા-કરતા રાગનો નાશ થાય એમ નહિ, એમ કહે છે. આહા..હા..! શુભરાગ કરો, અશુભ રાગ ટળે અને પછી શુભરાગ ટળી જશે. આહા..હા..! એમ કહે છેને. રેચ કરો અને રેચ લ્યો પછી ઓલું નીકળી જશે અને એ રેચનું પણ નીકળી જશે. એ આવે છે વાત. એમ કે અશુભ ટાળો અને શુભ રહો અને એ શુભ પણ પછી ટળી જશે. કઈ રીતે ટળશે? અહીં કહે છે એ રાગનો શુભભાવ હો કે અશુભ હો, બેય અંધકાર રાગ છે. ચૈતન્યના તેજના પૂર (એમાં નથી). આહા..હા..! આ ચૈતન્યની લાઈટ અંદર બળે છે ભગવાન. એ તો ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ બિરાજે છે. એનો કોઈ દિ' નાશ થતો નથી. આહા..હા..!

'**જેણે સહજ તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે,...**' આહા..હા..! શું કહે છે? કે ચૈતન્યસ્વરૂપ જે સહજ જ્ઞાનમૂર્તિ પ્રભુ એનો જે આશ્રય લે એને રાગનો અંધકાર નાશ થઈ જાય છે. કેમકે એના સ્વરૂપમાં રાગ છે જ નહિ. આહા..હા..! જે ચૈતન્યજ્યોત છે તેમાં રાગ છે જ નહિ. કીધુંને ઓલી છાલનું. એ લાલ છાલ એ શ્રીફળમાં છે જ નહિ. એ તો જુદી ચીજ છે. આહા..હા..! એમ ચૈતન્ય શ્રીફળ શ્રી-સ્વરૂપની લક્ષ્મીનો ભંડાર આત્મા શ્રીફળ અંદર મીઠો આનંદકંદ એમાં પુણ્યના, પાપના વિકલ્પો છે નહિ. એટલે એનો જે આશ્રય કરે એનો રાગનો નાશ થયા વિના રહે નહિ. આહા..હા..! એક વાત.

'**જે મુનિવરોના મનમાં વસે છે,...**' શું કહે છે? મુનિવરના એટલે જ્ઞાનની દશામાં જે આત્મા આવો છે એમ વસે છે. રાગમાં નહિ, પુણ્યમાં નહિ, નિમિત્તમાં નહિ. સમકિત દૃષ્ટિના જ્ઞાનમાં એ વસે છે. પણ અહીં મુનિપણાની મુખ્યતા વધારે લીધી છેને. એટલે?

આલોચના છેને? આત્મા પૂર્ણ બ્રહ્મ શુદ્ધ આનંદસ્વરૂપ (છે) એને જોનાર, આલોચના એટલે જોવું, એ જોનાર એની દશામાં એ આત્મા વસે છે. કહો, દેવીલાલજી! આહા..હા..! આવી વાતું. કાંઈક કરવાનું હોય કે ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી શેત્રુંજયની (તો સમજાય પણ ખરું). આ પૂજા છે. બધી હોય છે, એ શુભભાવ હોય છે. અશુભથી બચવા માટે શુભ હોય છે, પણ તમે એને ધર્મ માની લ્યો અને જન્મ-મરણનો નાશ કરે એમાં (એમ નથી). આ વાત આકરી ભાઈ! ભગવાન! શું થાય?

એ કરોડોપતિ હોય કે અબજોપતિ હોય એને પૈસાથી ધર્મ થાય એ ત્રણકાળમાં નથી. પાંચ-દસ લાખ આપી દે તો ધર્મ થઈ જતો હશે કે નહિ? જોકે વાણિયા એટલું બધું ન આપે. કરોડ હોય એમાંથી પાંચ લાખ ન આપે. ૨૫ હજાર, ૨૦ હજાર ગણી-ગણીને આપે. પણ કદાચિત્ પાંચ-દસ (લાખ આપે), કરોડપતિ હોય અને પાંચ લાખ, દસ લાખ આપે એ તો જડ ચીજ છે. એમાં મમતા તીવ્ર હોય તો પાપ છે અને મમતા મંદ કરે દયા, દાનમાં તો શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. એનાથી ધર્મ થાતો હોય તો ગરીબોને પૈસા ગોતવા પડે. એમ છે નહિ.

પ્રભુ! અહીં તો આત્મા આનંદનો નાથ છે. આહા..હા..! એ મુનિવરોના જ્ઞાનની પર્યાયમાં વસે છે. આહા..હા..! છે તો એ વસ્તુમાં, પણ જ્ઞાનની પર્યાયે એનું ભાન કર્યુંને એટલે એ રીતે પર્યાયમાં એ વસ્તુ વસે છે. આહા..હા..! અહીં પર્યાયમાં આવી ગયું એનું જ્ઞાન એમ.

**શ્રોતા :-** પર્યાયમાં પહેલા નહોતું એ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ નહોતું અંદર. પર્યાયમાં રાગ અને પર હતું. એ રાગ(ને બદલે) જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિનો વિષય જે ધ્રુવ એ પર્યાયમાં જણાણો. આહા..હા..! જણાય તો પર્યાયમાંને, કાંઈ ધ્રુવમાં જણાય છે? નિર્મળ પર્યાયમાં જણાણો એટલે નિર્મળ પર્યાયમાં એ આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**મુનિવરોના મનમાં વસે છે, જે શુદ્ધ-શુદ્ધ છે,...**' છે? પાઠ છે. '**શુદ્ધ-શુદ્ધ છે,...**' વસ્તુ શુદ્ધ છે, એની શક્તિઓ શુદ્ધ છે અને કારણપર્યાય કહીએ તો એની પર્યાય પણ શુદ્ધ છે કારણ ત્રિકાળ. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આ તો અપૂર્વ માર્ગની વાતું છે, બાપા! સાધારણ માર્ગ તો એવો અનંતવાર કર્યો અને એના ઉપદેશો પણ બહુ ચાલે છે. આવ્યું છેને. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા,' દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવની ક્રિયા રુચિ જીવડા 'ભાવ ધર્મ રુચિ હીન' પણ રાગની ક્રિયા વિનાનો મારો આત્મા શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિની, રુચિની ખબર નથી. 'ઉપદેશક પણ તેહવા' માલી મકવાણી અને જોગી નથી કાંઈક કહેતા? બેય ભેગા થયા. ઓલાને કોઈ રાખતું નહોતું અને ઓલાને કોઈ દેતું નહોતું, બે ભેગા થયા. આપણે તો કહેવત છે કે નહિ, દરબાર! માલી મકવાણી અને જહલો જોગી. જહલો જોગી અને માલી મકવાણી. જોગીને કોઈ આપતું નહોતું અને મકવાણીને કોઈ લેતું નહોતું. બેય

એવા સરખા હશે કોઈ. એમ કહે છે, એક તો જેને આત્મા શું ચીજ છે એની ધર્મની રુચિ તો નથી અને ક્રિયા દયા, દાન, વ્રતના રાગની રુચિમાં પડ્યા છે એને ઉપદેશક પણ એવા મળ્યા છે. આહા..હા..! 'શું કરે જીવ નવીન?' એમ છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મ રુચિ હીન, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન? ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.' ૨૦ તીર્થંકરની સ્તુતિ છે. આહા..હા..! કહે છે.

**શ્રોતા :-** બેય કામમાંથી ન જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ છે. એ સંસારના રખડવું રાખવું છે અને આ પણ (રાખવું છે), બેય કામ કરવા છે. બે ઘોડે ચડવું, નહિ? પણ ખબર નથી કે બે ઘોડે પગ આમ મૂકે તો ઘોડો ખસી જશે તો પડશે નીચે. ઓલામાં ચાલે છે શું કહેવાય? સરકસ-સરકસ. સરઘસ જોયા છેને. કેળવેલ હોયને તો ઘોડા બે આવે તો પગ અહીં એક અને એક અહીં. પણ જો ઘોડો જરી ફરે તો પડે નીચે. એકમાં જ પગ રખાય એને કહે છે. કાં અજ્ઞાનમાં રાખ અને કાં જ્ઞાનમાં પ્રેમ, બસ. ઘોડે નહિ ચડાય ત્યાં. રાગ હોય જ્ઞાનીને પણ એ જાણે કે છે. ચડાય નહિ એના ઉપર. આહા..હા..! સમજાણું કાંઈ? નવરા થયા છેને એટલે નિરાંતે ત્યાં રહે છે. આ પણ કરવું અને આ પણ કરવું બેય. બે કરાય એવું નથી અહીં તો. આહા..હા..!

**'વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે,...'** જુઓ, જેને પાંચ ઈન્દ્રિયના વિષયના સુખમાં પ્રેમ છે એને ભગવાન મળવો મુશ્કેલ છે. ભોગના વિષય, પાંચ ઈન્દ્રિયના વિષયો, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એવા એના સુખમાં રત, એમાં પ્રેમ છે આ સુખ છે એમ માન્યું છે એવા જીવોને સર્વદા આત્મા દુર્લભ છે. આહા..હા..! વિષયાતીત પ્રભુ આત્મા. આહા..હા..! રાગાતીત એવો ભગવાન આત્મા વિષયના સુખમાં લીનવાળા જીવને અતીન્દ્રિય આત્મા મળવો દુર્લભ અને મુશ્કેલ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'સર્વદા દુર્લભ છે,...'** ભાષા જોઈ! સર્વદા. જ્યાં સુધી એને વિષય સુખનો પ્રેમ છે ત્યાં સુધી આત્મામાં આનંદ છે એની દૃષ્ટિ નહિ થાય. આહા..હા..! ભારે આકરું! સમજાણું કાંઈ?

વિષય સુખ હોય, વિષય હોય ખરી જ્ઞાનીને પણ એમાં સુખબુદ્ધિ ન હોય. છ ખંડના રાજ ચક્રવર્તી રાજા, છ ખંડના ભરત ચક્રવર્તી છ ખંડના રાજા. એને ઘરે છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ. પ્રેમ નથી અંદરમાં. એ નહિ... એ નહિ... એ નહિ. રાગ છે પણ રાગમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કાલે નહોતો દાખલો આપ્યો ઓલા વાણિયાનો? એક જામનગરનો વાણિયો હતો તે ચુરમું જ હંમેશા ખાય. ચુરમા સિવાય કાંઈ નહિ. ચુરમા સિવાય રોટલી-રોટલો ખાય જ નહિ. રોટલી-રોટલો ખાય તો પચે નહિ અને રોગ થયા વિના રહે નહિ. અપાસરાની જોડે હતો. પછી એનો એકનો એક દિકરો મરી ગયો. બાળી આવ્યા. ઘરે કહ્યું કે રોટલા કરો. ભાઈ! રોટલી કરો. સગાવ્હાલા ભેગા થયા. બાપુ! રોટલી

નહિ ગ્રહો. તમે ભેગા જાશો પાછા. તમને ચુરમા સિવાય... ચુરમું જ ખાય વાણિયો બસ. ચુરમાના લાડવા હંમેશા. બીજી વાત નહિ. રોટલી રોટલો કાંઈ નહિ. એ વસા હતા વસા. વસા એની ઓળખ હતી. વિશાશ્રીમાળી હતા. આહા..હા..! સગાવ્હાલા ભેગા થઈ ચુરમુ કરાવ્યું. ૨૦ વર્ષનાને બાળીને આવે ને ચુરમું કરાવ્યું. પણ શું (થાય) એને ખોરાક નહોતો બીજો. એ લીધું થાળીમાં. આમ ખાય અને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અરર!

એમ જ્ઞાનીને રાગ થાય ખરો, પણ રાગમાં સુખબુદ્ધિ ઉડી જાય છે એની. ચુરમું ખાય છે તો પ્રેમ છે એને? આ બનેલી વાત છે હોં જામનગરમાં. નાની ઉંમરનો મરી ગયો. આહા..હા..! ચુરમાનો જ હંમેશા ખોરાક એને બીજો ખોરાક જ નહિ. એટલે બિચારાએ કહ્યું કે રોટલી કરો. સગા ભેગા થયા, બાપુ! મરી જશો હો તમે. ચુરમું કરો. તમારે ચુરમું અને રોટલો બેય એક સરખા છે. તમારે ક્યાં ચુરમામાં એમ છે કે આ મરી ગયો તો હવે ચુરમાનો પ્રેમ છે કાંઈ? પણ એ ચુરમું ખાય છે. પણ આંખમાં ધારાવાહી (આંસુ ચાલ્યા જાય). એમ ધર્મીને આત્માના આનંદની જેને દૃષ્ટિ થઈ છે એને રાગ આવે ખરો, પણ એ રાગમાં રુદન કરતો-કરતો એ રાગને આદરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે પરમસુખનો સમુદ્ર છે,...**' પ્રભુ તો. એમ કહે છે. છે? પરમ આનંદનો સમુદ્ર દરિયો પ્રભુ છે. આહા..હા..! જેમ સમુદ્રમાં પાણી ભર્યું છે એમ આત્મામાં આનંદ ભર્યો છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! આનંદનો સાગર છે પ્રભુ આત્મા. અરે! કેમ બેસે? આહા..હા..! બે સિગારેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને દસ્ત ઉતરે. હવે આટલા તો વ્યસન. હવે એને કહે કે તું સુખનો સાગર! આહા..હા..! ભાઈ! તું છો. માન તોપણ છો અને ન માન તોપણ છો. તારું સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે, ભાઈ! આનંદ નામ સુખનો સાગર છો. એવા આત્માને ઓળખવો અને શ્રદ્ધવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ-૧૩, શનિવાર, તા. ૦૧-૧૧-૧૯૭૫
## કળશ-૧૭૦, ગાથા-૧૧૨, પ્રવચન નં. ૮૧

... દ્રવ્ય છે ત્રિકાળી, પર્યાય એનો અર્થ કે અશુદ્ધ પર્યાય છે એનો વિષય તો પર છે. હવે શુદ્ધ પર્યાય રહી એનો વિષય દ્રવ્ય છે. જ્યારે શુદ્ધ પર્યાય દ્રવ્યમાં ભેળવી દ્યો તો વિષય કરનાર કોણ રહ્યું? ન્યાયથી, લોકો બહારથી ન્યાયથી જોવે તો એવું છે. બહુ ગડબડ ઉઠે. એ આમાં ગડબડ ઘણી બહુ છે, ભાઈ! (આત્મધર્મના) છેલ્લા અંકમાં. છેલ્લો

અંક નાખવો છેને એટલે પોતાની (બ્ર. હરીભાઈની) વાત. (બ્ર. હરીભાઈ) વયા ગયા. સવારમાં છ વાગે ક્યાંક ગયા છે. મોરબી ગયા હોય કે. આમ ન ચાલે, બાપુ! જૈનદર્શનની શૈલી એવી છે. ચારિત્રદોષ હોય એ પાલવી શકે, પણ...

**શ્રોતા :-** એ તો મટી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મટી જાય, પણ આ દૃષ્ટિ ન ગોઠી. દૃષ્ટિને પર્યાયસહિત દ્રવ્યનો વિષય બનાવે એ.. પર્યાય તો વ્યવહારનયનો વિષય હોય. ચાહે તો શુદ્ધ પર્યાય હોય કે કેવળજ્ઞાન હોય. સમજાણું કાંઈ? વાત આવી છે, બાપુ! આહા..! કોણ જાણે કેમ લાકડું ઘરી ગયું ઘણા વખતે એને? કોક કહેતું હતું. બાર-પંદર વર્ષ પહેલા એમ હતું કે દ્રવ્યની પર્યાયસહિત વિષય લેવો એમ કોક કહેતું હતું. કોણ કહેતું હતું?

**શ્રોતા :-** હિંમતભાઈ બેંકવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિંમતભાઈ બેંકવાળા ક્યાં ગયા? કોક કહેતું હોય. સામાન્ય વાત તો આવે, પણ વિશેષ સ્પષ્ટીકરણ તો આવું કારણ બને તો થાય. નહિતર વિશેષ સ્પષ્ટીકરણ એટલે શું? દ્રવ્યદૃષ્ટિ એટલે? એનો વિષય દ્રવ્ય છે... સિદ્ધિ હોય છે. આહા..હા..! અને પર્યાય અંદર વળ્યા વિના દૃષ્ટિનો વિષય હાથ શી રીતે આવે એને? પર્યાય જ્યારે દ્રવ્યમાં ભેળવી દ્યો શુદ્ધને (તો વિષય કેમ હાથ આવે?). આહા..હા..! વસ્તુ પાછી ફરી જાય.

(ણમો અરિહંતાણં...!) સવારનું થોડું બાકી રહ્યું છેને. ૧૭૦. '**જેણે સહજ તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે,...**' કોણે? પરમપારિણામિક ચૈતન્યભાવ સ્વભાવે. આહા..હા..! એવો સ્વભાવ એણે સ્વભાવિક તેજથી રાગરૂપી ઉદયરૂપી રાગના સંસ્કારમાં એના અંધકાર.. એ અંધકાર છે. રાગ એ અંધકાર છે. આહા..હા..! ચૈતન્યના તેજ છે તો રાગ અંધકાર છે. એવા રાગનો નાશ કર્યો છે એનો એક અર્થ એ કે એ દ્રવ્યમાં એ રાગ છે નહિ. ત્રિકાળી સ્વભાવમાં રાગ છે નહિ. એક વાત. અને ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેનારને રાગનો અંધકાર નાશ થાય છે. કારણ કે એમાં નથી માટે. આહા..હા..! કહો, પ્રવિણભાઈ!

'**જે મુનિવરોના મનમાં વસે છે,...**' આહા..હા..! મન એટલે જ્ઞાનની પર્યાય. જ્ઞાનની પર્યાયમાં ધ્રુવ વસે છે. દૃષ્ટિમાં એ આવે છે, એમ કહે છે. આહા..હા..! બીજી ગાથામાં કહ્યુંને સમયસાર? '**जीवो चरित्तदंसणणाणठिदो**' જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં (સ્થિત છે). એટલે એ તો આમ સ્થિર થયો કે આમ સ્થિર થયો દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્રવ્યમાં જાય છે, સ્થિર થાય છે અને દ્રવ્ય આમાં સ્થિર એ તો એકની એક વાત. સમજાણું કાંઈ? આહા..હા..! '**જે મુનિવરોના મન...**' એટલે જ્ઞાન. જ્ઞાનરૂપી પર્યાયમાં જે ધ્રુવ વસે છે. એટલે તે ધ્રુવનું તેને ધ્યાન હોય છે. આહા..હા..! પર્યાયનું અવલંબન, પર્યાયને અવલંબન ધ્રુવનું હોય છે, એમ કહે છે. પર્યાય છે એ દ્રવ્ય તરફ જુકે છે. એનું અવલંબન એ છે કે લક્ષ ત્યાં જાય છે, એમ કહે છે. અવલંબનનો અર્થ કાંઈ આમ પકડે છે એને, એથી અવલંબન કહેવામાં

આવે છે. આહા..હા..! આવી વાત ભારે.

**શ્રોતા :-** એકરૂપ ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક શું થાય? પર્યાય એકરૂપ ન થાય એ તો કહે છે, પણ એક પર્યાય શુદ્ધ અને દ્રવ્ય બે થઈને દૃષ્ટિનો વિષય છે એમ. એક પ્રશ્ન ચાલે છે. ઓલું તો ઠીક. બસ એટલી વાત છે. સમજાણું કાંઈ? કહો, મોહનલાલજી! આ બધા તમારા મોટાઓને બધું સમજવું પડશે આ જરી ફેર ક્યાં છે અને ફેર નથી. પર્યાય જે નિર્મળ છે એનો વિષય દ્રવ્ય ધ્રુવ છે. પર્યાય ધ્રુવને જાણે છે, પર્યાય ધ્રુવને શ્રદ્ધે છે. તેથી પર્યાય એમ પણ કહે, જાણે હું ત્રિકાળી નિરાવરણ અખંડ શુદ્ધ તે હું છું. એ ૩૨૦માં આવી ગયુંને. આહા..હા..! ૩૨૦ છેલ્લી. ત્રિકાળ નિરાવરણ. દેવશીભાઈ બોલ્યા હતા નહિ? આખું પદ બોલ્યા હતા. આહા..હા..!

એક સમયની પર્યાય જ્ઞાન એમ જાણે છે. કારણ કે એનું લક્ષ દ્રવ્ય ઉપર છેને? એટલે કહે છે કે હું ત્રિકાળ નિરાવરણ પંચમ પારિણામિકભાવ શુદ્ધ બુદ્ધ ચૈતન્ય તે હું છું. આહા..હા..! પર્યાય હું છું એમ નહિ. બહુ ઝીણી વાત, બાપુ! આ તો મોક્ષના માર્ગની વાત છે, નાથ! અનંતકાળમાં બંધન અને છૂટવું એ વાત જ કોઈ અલૌકિક છે. એ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..! વર્તમાન પર્યાયને અંતરમાં વાળવી એમ કહેવું એ તો આવી જાય છે ઘણીવાર. કઈ પર્યાયને વાળવી? જે વર્તમાન પર્યાય પરતરફ વળેલી એને વાળી શકાય નહિ. હવે નથી થઈ એને વાળવી? એનો અર્થ જ એ, બાપુ! એની દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર જાય છે ત્યારે પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. માર્ગ બહુ ઝીણો, બાપુ! આવો માર્ગ ક્યાંય છે નહિ.

**શ્રોતા :-** સમજી શકાય એવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બરાબર સમજી શકાય. ન સમજી શકાય એનો પ્રશ્ન કેવો? આચાર્યે સમજી શકાય એને માટે કહ્યું છે કે નહિ? એ દાખલો નથી આપતા આપણે ઘણીવાર. તૃષા લાગી હોય તો ઘરમાં બળદ પાંચસોનો, હજારનો (હોય), ઘોડો હોય પાંચસોનો એને કહે કે પાણી લાવજે? આઠ વર્ષની છોડી હોય તો કહે બેટા! પાણી લાવજે. બાપુ! હું પાણીને પહોંચી શકતી નથી, બેડું પાણીહારું ઉંચું છે. નીચે પાણી છેને. કારણ કે એની વાત એ બાળક પણ સમજી શકે છે એને એ કહે છે. ઘોડાને અને બળદને કહે છે? એમ આત્મા અંદર આનંદસ્વરૂપ જ્ઞાન છે એ સમજી શકશે એને આ કહેવાય છે. કાંઈ જડને અને રાગને નથી કહેવાતું. આ જડ છે વાણી, મન એ તો રાગ છે. એ તો જડ, અચેતન છે. એને નથી કહેવાતું. આહા..હા..!

જાણનાર સ્વભાવથી ભરેલી પર્યાય, એ પર્યાય છે એ જાણનાર સ્વભાવને અવલંબે છે. એમ કહ્યુંને જુઓને. વસે છે એનો અર્થ ઈ. જ્ઞાનની પર્યાયમાં એ ધ્રુવસ્વરૂપ ભાનમાં આવે

છે. એટલે મુનિવરો એટલે સમકિતીના જ્ઞાનમાં... મુનિવર તો અહીં પ્રધાનપણું મુનિ છે એટલે વિશેષપણું છેને એટલે લીધું. આહા..હા..! ભાઈ! આ તો જન્મ-મરણરહિતની વાતું છે. સમજાણું કાંઈ? એ ત્યાં એમ કહ્યું. શુદ્ધોપયોગ મુક્તિનું કારણ છે. ૧૮૧માં અંદર. પછી કહ્યું કે ભાઈ! શુદ્ધોપયોગ છે. અનંતગત કીધું છેને? એટલે એને દ્રવ્યાર્થિક, શુદ્ધદ્રવ્યાર્થિક નથી. શુદ્ધદ્રવ્યાર્થિક નય બીજી ચીજ છે. એ તો જાણવા માટે. જાણવાનો વિષય છે અને શુદ્ધદ્રવ્યાર્થિક તો એકલો ધ્રુવસ્વરૂપ એને ધ્યેય બનાવે છે, ત્યારે આ અપેક્ષાએ બીજી પર્યાય જે પ્રગટી એને દ્રવ્યાર્થિકનયવાળો એમ કહે કે અભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે પણ, જયસુખભાઈ! માર્ગ આવો છે, બાપુ! જિનેન્દ્ર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર... 'મૂળ માર્ગ સાંભળો જૈનનો' એ આવે છેને. શ્રીમદ્‌માં નથી આવતું? 'મૂળ માર્ગ સાંભળો જૈનનો રે.' આહા..હા..! આ મૂળ માર્ગ છે.

કહે છે કે '**મુનિવરોના મનમાં વસે છે,...**' એટલે કે ધર્મી જીવના જ્ઞાનમાં આત્મા વસે છે. આહા..હા..! એની પર્યાયમાં એ વિષય છે. એટલે પર્યાયે તેને જાણી લીધો છે. પર્યાયે પર્યાયમાં રહીને દ્રવ્યને જાણી લીધું છે. પર્યાયે પર્યાયમાં રહીને દ્રવ્યની શ્રદ્ધા કરી છે. આહા..હા..! એ અંતરમાં ભલે અંદર ભેદ ન દેખાય, પણ આ વસ્તુ એમ થઈ રહી છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ધનતેરસ છે. શું? ધનતેરશ શી રીતે? ધર્મને માટે શું લાગુ પડે છે? ધન એટલે લક્ષ્મી આત્માની એને પૂજવું એમ હશે? પણ આ શાસ્ત્રને હિસાબે શું આવે છે? વિચાર્યું હતું. હાથ આવ્યું નહિ કાંઈ મગજમાં. આ ધનતેરશ છે. ધનતેરશનો એટલો અર્થ આવ્યો. લક્ષ્મી આત્મરૂપી પરમાનંદની લક્ષ્મી તેને પૂજવાનો દિવસ છે. એય..! ધૂળને નહિ. આહા..હા..! પરમાનંદનો નાથ પરમાત્મસ્વરૂપે ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘન એને પૂજ્ય બનાવે એ ધનતેરસ છે. સમજાણું કાંઈ? ધૂળને પૂજે તો ધૂળ તો નાશ થઈ જાય. જડના પૂજનારા જડ જેવા છે. ભાઈ! ભગવાનને પૂજે છે. ભગવાનને પૂજે છે એ શુભભાવ જ્ઞેયના ભેદોમાં જ્ઞાનનો ભેદ જ્યારે આત્મામાં પડ્યો, જાણ્યું ત્યારે શુદ્ધ જ્ઞાનમાં ભેદ પડ્યો નયનો, ત્યારે જ્ઞેયના ભેદમાં એ નિક્ષેપ આવે છે માટે એને પૂજે છે એ શુભભાવના લક્ષે. એ કાંઈ જડ છે એમ માનીને નહિ. એ તીર્થંકરનું પ્રતીબિંબ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઘણા વર્ષ પહેલા એક પ્રશ્ન ઉઠ્યો. અમારે દામોદર શેઠ હતાને એ તો બહુ આગ્રહી હતાને. મૂર્તિના આગ્રહી વિરૂદ્ધના સ્થાનકવાસી. આ દામોદર (શેઠ) નવરા માણસ અને દસ લાખની મૂડી. તે દિ' ૪૦ વર્ષ પહેલાં. પછી એમ કહે મૂર્તિની પૂજા તો મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી હોય, એમ. સમ્યગ્દર્શન થયા પછી મૂર્તિની પૂજા ન હોય. ત્યારે મેં એમ કહ્યું. ઘણું કરીને ૮૩ કે એના પહેલાની વાત છે. ૮૩ની સાલ. જુઓ, જે મૂર્તિની પૂજાનો ભાવ જેને આત્મજ્ઞાન થયું છે શ્રુતજ્ઞાન એ શ્રુતજ્ઞાનનો ભેદ એ વ્યવહારનય છે અને એનો વિષય નિક્ષેપ જે છે એ જ્ઞેયના ભેદ છે. એટલે ખરેખર તો સમ્યગ્દર્શન પછી જ એ નિક્ષેપ એનું જ્ઞેય થાય છે.

જેને નિજજ્ઞેય પૂર્ણપણે જણાણો એવું જે શ્રુતજ્ઞાન એનો ભેદ પડ્યો નિશ્ચય અને વ્યવહાર. એ વ્યવહારનય અને સામે નિક્ષેપના જ્ઞેયના ભેદ પડ્યા. અહીં જ્ઞાનનો ભેદ પડ્યો નિશ્ચય સ્વને જાણે, વ્યવહાર પરને અને સામે જ્ઞેયના ભેદ એક નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ જ્ઞેયના ભેદ છે. એટલે જ્ઞાનનું ભાન થાય એને જ્ઞેયનું ભાન નિક્ષેપ એને જ હોય છે, અજ્ઞાનીને નિક્ષેપ હોતો નથી. લાલચંદભાઈ! આહા..હા..! આ તો અંદરથી આવતું હતુંને. કીધું એમ અમે ન માનીએ. અહીં સ્થાનકવાસીમાં છીએ માટે એમ માનવું ... સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે? આહા..હા..!

નિક્ષેપ છે એ વ્યવહારનો વિષય છે. વ્યવહારનયનો નિક્ષેપ તો નય જેને હોય એનેને? જેને નિશ્ચયનયે આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે એ નિશ્ચયનયનો વિષય એ. એ શ્રુતજ્ઞાનમાં એક નિશ્ચયનય અને એમાં એક વ્યવહારનય આવી. આહા..હા..! એનો વિષય ચાર નિક્ષેપમાં દ્રવ્યનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ એનો વિષય છે. આહા..હા..! બનારસીદાસે કહ્યું છેને એ. સમયસાર નાટકમાં આવે છે પૂજા છેલ્લે, ગુણસ્થાન પહેલા. જેને આગમના ભાવ અંદરમાં બેઠા હોય એને યથાર્થ મૂર્તિ હોય. એમ છે. '**જિન પ્રતિમા જિન સારખી, નમૈ બનારસી તાહિ, જાકી ભક્તિ પ્રભાવસૌં, કીનૌ ગ્રંથ નિવાહિ ।।૧।। જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,**' નય આવીને વ્યવહાર? નામ છેને. '**થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી; મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં, જાકે ગૈ ઈન્દ્રકી વિભૂતિ દીસૈ તિનસી; જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં, સોઈ સુદ્ધમતિ હોઈ હુતી જુ મલિનસી; કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી, સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી.**' પણ સમકિતીને માટે છે આ. સમજાણું કાંઈ? જ્ઞાનીને માટે છે. અજ્ઞાનીને તો જ્ઞાનનો ભેદ નથી તો જ્ઞેયનો ભેદ ક્યાંથી આવે એને?

પછી કહ્યું જુઓ, '**જાકે ઉર અંતર સુદ્રિષ્ટિકી લહર લસી, વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી; સૈલી જિનશાસનકી ફૈલી જાકૈ ઘટ ભયૌ, ગરબકૌ ત્યાગી ષટ-દરવકૌ પારખી; આગમકૈ અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં, હિરદૈ-ભંડારમૈં સમાની વાની આરખી. કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી.**' વાત થઈ તે જાણે છેને. ભગવાન છે બસ. નિક્ષેપ છેને એ તો. '**જિન પ્રતિમા જિન સારખી.**' વસ્તુસ્થિતિ આવી છે, ભાઈ! કાંઈ ગડબડ કરે વ્યવહારની તો એમાં ચાલે નહિ અને એનાથી પાછો ધર્મ માની લે એમ પણ ન ચાલે. તેમ સમકિતીને એના પૂજન-ભક્તિનો ભાવ ન જ આવે એમ પણ નથી. આવો માર્ગ છે. જુઓ, પહેલું એ નાખ્યું ચૌદ ગુણસ્થાન પહેલાં.

અહીં તો આ લેવું છે. '**મુનિવરોના મનમાં વસે છે,...**' આહા..હા..! નિશ્ચય જ્ઞાન જે પ્રગટ્યું છે એ જ્ઞાનમાં એ વસ્તુ જણાય છે. આહા..હા..! નિશ્ચય વિષય છેને અહીં

તો? ઓલો વ્યવહાર થઈ ગયો. '**જે શુદ્ધ-શુદ્ધ છે,...**' આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ અને કારણપર્યાયથી પણ એ શુદ્ધ છે. ત્રણે ધ્રુવ છે. આહા..હા..! આપણે હમણા આવી ગયું નહિ? દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત છે. એ પર્યાય કારણપર્યાય લેવી. પરદ્રવ્યગુણપર્યાય રહિત છે અને સ્વદ્રવ્યગુણપર્યાય સહિત છે. એ પર્યાય કારણપર્યાય ત્રિકાળ. આહા..હા..! એવો માર્ગ ઝીણો.

'**જે વિષયસુખમાં રત જીવોને...**' જેને આત્મામાં સુખ છે એવું ભાસ્યું નથી અને વિષય પરમાં જ જેને ઉલ્લસિત વીર્યથી શબ્દ, રૂપ, રસ, ગંધમાં ઉલ્લસિત વીર્ય થાય છે કે આહા..! એ વિષયસુખમાં રત છે. સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિયના વિષયોની વિશેષતા દેખીને શરીરની સુંદરતા, વાણીની પ્રશંસા એની, આંખે સુંદર શરીર રૂપાદિ, ગંધમાં સારી સુગંધ આદિ એવું દેખીને જેને અંદર ઉલ્લસિત વીર્ય થાય છે કે આહા..! એ પરમાં સુખબુદ્ધિ છે એની. સમજાણું કાંઈ? આહા..હા..! એવા '**જીવોને સર્વદા દુર્લભ છે,...**' આહા..હા..! આનંદનો નાથ પરમાત્મા પરમાં સુખબુદ્ધિ અને પ્રેમાળમાં આસક્તિ થાય એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ? પણ એમાં પ્રેમ કે આમાં ઠીક છે એવો ભાવ જેને હોય એને આત્મા દુર્લભ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં તો એમ કહ્યું છેને જુઓને, જે નવ વાડ વિશુદ્ધથી પાળે શીયળ સુખદાય, ભવ તેનો નવ પછી રહે, તત્ત્વવચન એ આહીં એ તો આ અપેક્ષા લેવી. આમ બ્રહ્મચર્ય પાળે તેની પાત્રતા તો બ્રહ્મચર્ય... ચક્રવર્તી છ ખંડનો ધણી એને આ બ્રહ્મચર્ય ક્યાં છે? આ કાયાનું બ્રહ્મચર્ય તો નથી પાળતો. કહ્યુંને? 'પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય અતિમાન' એનો અર્થ? પરના પ્રેમની રુચિ છોડીને આત્માના સ્વરૂપમાં બ્રહ્માનંદમાં રુચિ કરો એ પાત્ર જીવ છે. આમ બ્રહ્મચર્ય તો છ ખંડનો ધણી ક્ષાયિકસમકિતી તીર્થંકર ત્રણ જ્ઞાનના ધણી છન્નું હજાર પરણે છે સમકિત થયા પછી તો. એ જુદી વસ્તુ છે. એમાં એને પ્રેમ નથી. પણ એ રાગ આવે છે એવું જેને દુઃખદાયક લાગવા છતાં આવી જાય છે. એમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભાવ આવે ઈ જુદો અને એમાં સુખપણું છે, ઠીક છે એવું આવી જાય એ તો સુખબુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે,...**' આહા..હા..! '**જે પરમસુખનો સમુદ્ર છે,...**' અહીંથી આમ ના પાડીને. હવે અહીં કીધું કે આ સુખનો સમુદ્ર છે. આત્મામાં આનંદ સાગર પરમાત્મા અનાકુળ આનંદસ્વરૂપ જ એ છે. પર્યાયમાં જે વિકાર ભાસે છે એ કાંઈ એનું સ્વરૂપ નથી. આહા..હા..! એ તો પરમસુખનો સાગર, કલ્પિત સુખ છે એ તો માનેલું છે, એ તો દુઃખ છે. આ તો પરમસુખસાગર ભગવાન. આહા..હા..! સત્ એવો પરમાત્મા એનું સત્ત્વ એવું સુખ. આહા..હા..! પરમસુખ છે. સત્ એવો ભગવાન આત્મા એનું સત્ત્વ એટલે ગુણવિષયક ભાવ એનું પણું, એ સુખપણાથી ભરેલો છે. આહા..હા..!

સમજાણું કાંઈ? એને જો તું, કહે છે. આલોચના છેને.

વળી '**જે શુદ્ધ જ્ઞાન છે...**' આહા..હા..! સુખ અને જ્ઞાન બે લેવા છેને વધારે. પહેલા સુખ લીધું. શુદ્ધ જ્ઞાન છે શુદ્ધ. એનું જ્ઞાન તદ્દન પવિત્ર છે. જ્ઞાન અને સુખને જ આખો આત્મા વર્ણવે છે ઘણે ઠેકાણે. સુખનો સમુદ્ર એમ જ્ઞાનનો (સમુદ્ર), પવિત્ર જ્ઞાનથી ભરેલું સુખ. '**શુદ્ધ જ્ઞાન છે...**' એટલે પર્યાયના ભેદ પણ નથી જ્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! આમાંને પ્રવચનસાર? એમાં આવે છેને છેલ્લે અશુદ્ધ અને શુદ્ધનય. છેલ્લી નહિ? માટી છે એને શુદ્ધ કહીએ એકલી, પણ એમાં બધા વાસણો થવાના આકારને અશુદ્ધ કહીએ તેવો નય છે. આ પ્રવચનસાર છેને. આ તો નિયમસાર. એ વાત કહેવાઈ ગઈ છે ઘણીવાર. 'અશુદ્ધનયે ઘટ અને રામપાત્ર વિશેષ માટીમાત્રની માફક સોપાધિક સ્વભાવવાળું છે.' આહા..હા..! એ એમ આત્મદ્રવ્ય એના ભેદ પાડીને પર્યાયથી જોવું એ બધું અશુદ્ધપણું છે, કહે છે. શુદ્ધ તો ત્રિકાળી વસ્તુ છે. જુઓ, '**આત્મદ્રવ્ય શુદ્ધ કેવળ માટી માત્રની માફક નિરૂપાધિ સ્વરૂપ...**' એકલો ધ્રુવસ્વરૂપ તે કેવળ શુદ્ધ છે. એના ભેદ પડે એ શુદ્ધથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગ પરમેશ્વર... આહા..હા..! કેવળજ્ઞાની પરમાત્મા જિનેન્દ્રદેવનો આ તો માર્ગ છે, ભાઈ! આ કોઈ પક્ષનો વાડો નથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જુદી વાત સાચી. એ વળી એક સાથે આવે ત્યારે થાય. આ તો આવે છે. જરીક વિરોધ હોય તો વધારે સ્પષ્ટ થાય. આહા..હા..!

અહીં કહે છે કે ભગવાન આત્મા જે છે વસ્તુ એ તો શુદ્ધજ્ઞાન છે, પર્યાયભેદ પણ જેમાં નથી. એ લેવું છેને અહીં તો. '**અને જેણે નિદ્રાનો નાશ કર્યો છે,...**' આહા..હા..! નિદ્રા દ્રવ્યમાં છે જ નહિ. અને બીજી અપેક્ષાએ કહીએ કે જેટલો દ્રવ્યનો આશ્રય લીધો છે એટલી નિદ્રા એને ઘટી જાય છે. મુનિને દ્રવ્યનો આશ્રય ઘણો સાચા સંતને, તો એની નિદ્રા અલ્પ પોણી સેકન્ડની અંદર નિદ્રા હોય એને. જેને જિનેન્દ્ર સંતને સાધુ કહે એ સાધુને તો ત્રણ કષાયનો અભાવ થયો હોય, જંગલમાં વસતા હોય, નગ્ન દિગંબર હોય, ભગવાન એમ કહે છે કે એને નિદ્રા ઘટી ગઈ છે. અહીં તો સર્વથા કેવળ થાય એટલે નિદ્રા હોય જ નહિ. વસ્તુમાં પણ નિદ્રા નથી અને કેવળજ્ઞાન થતા નિદ્રા જરીએ હોતી નથી. આહા..હા..! પણ નીચલા દરજ્જામાં પણ જેટલો આનંદનો નાથ એને અવલંબ્યો છે સમકિતીએ, સાધુએ એ સાધુને પણ ત્રીજા છેલ્લા ભાગમાં, રાત્રીના પાછલા ભાગમાં જરીક એક પડખે સુવે. પોણી સેકન્ડ એટલામાં જરી નિદ્રા આવે છે. એ સેકન્ડની નિદ્રા મુનિને ન હોય. આહા..હા..! એ કહેવા માગે છે. એ વસ્તુ છે તે નિદ્રારહિત છે. તો વસ્તુનું જેટલું નિર્મળપણું પ્રગટ્યું એટલી નિદ્રા એને ઘટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આ તો જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરનો આ હુકમ છે. આહા..હા..!

'**જેણે નિદ્રાનો નાશ કર્યો છે,...**' એટલે કે વસ્તુમાં નિદ્રા પરમસ્વભાવ ચૈતન્ય જે સમ્યગ્દર્શનનો વિષય એમાં નિદ્રા છે જ નહિ અને તે જેટલો વિષય બનાવ્યો એને એના ઉગ્રપણે ચારિત્રમાં તો વિષય ઉગ્ર બનાવ્યો તો એને નિદ્રા ઘણી ઘટી જાય છે. એને ઘડી, બે ઘડી નિદ્રા મુનિને હોઈ શકે નહિ. આહા..હા..! અહીં તો આઠ-આઠ કલાક સૂવે અને અમે મુનિ છીએ. બાપુ! તમે વીતરાગમાર્ગના સાધુ નહિ. એય..! 'પીછલી રયણીએ...' નથી આવતું? હા, એ જરીક રયણ. આહા..હા..! જેને આનંદનો નાથ જાગી ઉઠ્યો અને સ્થિરતામાં આવી ગયો છે, આહા..હા..! જેને ચારિત્રની રમતું આતમરામમાં જાગી છે એવા સંતને નિદ્રા બહુ અલ્પ હોય છે અને કેવળ થાય એટલે તો નિદ્રા બિલકુલ હોતી નથી. કારણ કે જેવો એમાં નથી એવી દશા પૂર્ણ થઈ ગઈ એમાં પણ નથી. આહા..હા..! શું ન્યાયથી વાત સિદ્ધ કરે છે જુઓને.

'**તે આ (શુદ્ધ આત્મા)...**' મુનિરાજ કહે છે. આહા..હા..! પોતાની વાત હવે. એ '**જયવંત છે.**' આવી ચીજ અમને દૃષ્ટિમાં દેખાણી છે તે જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું? આ સમ્યગ્દર્શન અને મુનિપણાની આ દશા. કહે છે કે અમારી દૃષ્ટિમાં એ આત્મા આવ્યો છે એટલે જયવંત વર્તે છે, જયવંત વર્તે છે. ભાસ્યા વિના. ભાસ્યા વિના એટલે? ભાષા આ નહિ, ... ભાસન થયા વિના આ છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! ભાવભાસન. કહે છે કે એ આવો આત્મા છે એ અમારા જ્ઞાનમાં ભાસે છે, જયવંત વર્તે છે. જયવંત વર્તે છે એમ પર્યાય કબુલે છે. આહા..હા..! આમ તો છે. છે તો પણ છે એમ એને પ્રતીતમાં, જ્ઞાનમાં, જ્ઞેય તરીકે ભાસ્યો નથી એમ છે ક્યાં આવ્યું એને? એને માટે ક્યાં છે? વસ્તુ તો છે આખો આત્મા. આહા..હા..!

આ તો સર્વજ્ઞ તીર્થંકરનો માર્ગ, બાપા! આ કોઈ આલી-દુઆલીની વાત નથી, કલ્પિત વાત નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર જિનેન્દ્રદેવ એમ પોકારે છે. આહા..હા..! જેના જ્ઞાનની દશામાં ત્રિલોકનાથ આત્મા આવ્યો છે ભાનમાં એ જીવ કહે છે કે આ આત્મા તો જયવંત વર્તે છેને. આહા..હા..! પ્રવિણભાઈ! આહા..હા..! અમને ભાનમાં નહોતો ત્યાં સુધી જયવંત વર્તે એમ અમે ક્યાંથી કહીએ? આહા..હા..! આ માણસ ત્યાં છે એમ જેણે જોયું હોય એ કહે છે એમાં. એમ આ આત્મા જયવંત વર્તે છે. ત્રિલોકનાથ માથે વિશેષણ જેટલા કીધા. આહા..હા..! તેજથી રાગના અંધકારનો નાશ કરનાર ચૈતન્યનાથ અને જે મુનિઓના જ્ઞાનમાં વસે છે, જે શુદ્ધ-શુદ્ધ છે, વિષયસુખમાં રતિઓને દુર્લભ છે, પરમસુખનો સમુદ્ર છે, જે શુદ્ધ જ્ઞાન છે, જેણે નિદ્રાનો નાશ કર્યો છે એવો જે આત્મા. આહા..હા..! '**તે આ (શુદ્ધ આત્મા) જયવંત છે.**' અમારી પર્યાયે એને જાણ્યો, જ્ઞેય કરીને જણાણો એ જયવંત વર્તે છે. આહા..હા..! જુઓ તો એ માર્ગ વીતરાગનો! આ તો આલી-દુઆલી સાધારણ કરીને ઇચ્ચામી પડિક્કમણા ઈરિયા વિરિયા.. તસ્સમિચ્છામી દુક્કડમ

થઈ ગઈ સામાયિક લ્યો. ધૂળેય નથી સાંભળને. કાંઈ એવો માર્ગ કરી નાખ્યો છે વીતરાગના નામે કે બિચારાને કાંઈ હાથ ન આવે, જિંદગી હારી જાય. તસ્સ ઉતરી કરણેણં કરી કરીને તાવકાયં ઠાણેણં માણેણં.. એય..! બાબુભાઈ! આવે છે કે નહિ? તાવકાયં ઠાણેણં અપ્પાણં વોસરે લ્યો. શું પણ તેં કર્યું? બોલ્યો શું અને ભાવ શું? છે કાંઈ ખબર? જય નારાયણ.

**શ્રોતા :-** એ પછી આત્માને જ વોસરાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માને વોસરાવ્યો. અહીંયાં તો આત્માના ભાનમાં અશુદ્ધ પર્યાયનો આત્મા વોસરાવે એનું નામ કાયોત્સર્ગ છે. કર્યું છે? તસ્સઉતરી કર્યું હશે કે નહિ? ઘણું કર્યું છે એણે. સ્થાનકવાસી. કાયોત્સર્ગ. કાયા અને કાયાના સંગે ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપનો ભાવ. સમજાણું? એ રહિત આત્મામાં સ્થિરતા થાય એ આત્માએ અશુદ્ધ પરિણામના આત્માને વોસરાવી દીધો છે, એવો એનો અર્થ છે. કહો, સુજાનમલજી! આ કર્યું હતું કે નહિ પણ આ બધું તસ્સ ઉતરીને એ બધું? આહા..હા..!

અરે! ભગવાનનો કહેલો એક પણ ભાવ ભાસન થાય એને બધા ભાવોનું સમ્યગ્જ્ઞાન થઈ જાય. આહા..હા..! એ આ આત્મા હોં. એ આત્મા જેને ભાસે એને બધાનું સાચું જ્ઞાન થઈ જાય. એક ભાવ. એ જ કીધો છેને, ત્યાં જયસેનાચાર્યે કહ્યું છે ટીકામાં. એક ભાવ ભાસે તેને સર્વ ભાવ ભાસે.

**શ્રોતા :-** એકને જ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક આ ત્રણલોકનો નાથ પોતે. આહા..હા..! જેના જ્ઞાનમાં એ ભાસ્યો કે આ આત્મા શુદ્ધ ચૈતન્ય જયવંત વર્તે છે. એની હયાતી આ આત્માની મોજૂદગી, હયાતી અમારી દૃષ્ટિમાં આવી છે. એથી અમે કહીએ છીએ કે જયવંત વર્તે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..!

આ રાજકોટવાળાને જોઈશે કે નહિ? અહીં છે બધી .. ઘણી આવી છે. બધી નહિ. તમારા માટે નથી આવી. ૨૫ તો દેરાસરમાં રાખવા માટે આવી છે. તમારા ઘર માટે આવી છે કે નહિ એ કહું છું. દામોદરભાઈ! તમારા ભાઈ જુઓ લોભી. તમારે ૨૫ આવી છે કહે છે. લાલચંદભાઈને કહ્યું હતું. દેરાસરની ૨૫ છે. એ તમારા ઘરની નથી. કહો, સમજાણું આમાં કાંઈ? આહા..હા..!

શાસ્ત્ર ભણવાનો ગુણ. શું કહે છે? શાસ્ત્ર ભણવાનો ગુણ. ભારે કથનપદ્ધતિ પણ. ઓહો..હો..! એ અગિયાર અંગ અને બાર અંગમાં આ કથનો આવ્યા છે. ભગવાન જ્ઞાનમૂર્તિ નિરાલંબી પદાર્થ એનું અનુસરણ કર. નિશ્ચયનયનો વિષય સિદ્ધ કરવા માટે વ્યવહારથી ભેદથી સમજાવ્યો છે. વ્યવહાર અને ભેદનો આશ્રય કરાવવા શાસ્ત્રમાં કથન હોઈ શકે નહિ. ભારે ટીકા પણ. આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે. ઠીક! રાગની, પુણ્યની, દયા, દાનની, વ્યવહારરત્નત્રયના રાગની સક્રિય દશા એનાથી ભિન્ન આત્મા. રાગની અપેક્ષાએ નિષ્ક્રિય અવસ્થા

જે આત્માના અવલંબે પ્રગટ થાય એમ ભગવાનના શાસ્ત્રનો સાર અને તાત્પર્ય અને માખણ કહ્યું છે. એ વ્યવહારના આશ્રયની રુચિવાળાને કોઈ દિ' પ્રગટ થતું નથી. આ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

વ્યવહારનયના વિષય બંધભાવ છે. એ વ્યવહારનયના વિષયને આશ્રયે લાભ માનનારને વ્યવહારનયનો આશ્રય છોડીને નિશ્ચયનો આશ્રય કરવો એ વાત એને રુચતી નથી. રુચતી નથી, ગોઠતી નથી, બેસતી નથી, પરિણમતી નથી. ના પાડે છે કે એમ નહિ. આમ હોવું જોઈએ, આમ હોવું જોઈએ. શું કહે છે શાસ્ત્ર? બે નયનો વિષય તો ચલાવે છે બંધ અધિકારમાં. એક નયનો વિષય બંધ છે અને એક નયનો વિષય અબંધસ્વરૂપી આત્મા છે. તો બંધસ્વરૂપમાં જે ભાવ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રના વ્રતનો વિકલ્પ છે, શાસ્ત્રકાર કહે છે કે એને છોડ. શું છોડ? દૃષ્ટિ છોડ. મુક્ત જ્ઞાનમય ભગવાન આત્મા ભિન્ન વસ્તુ છે એની શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર, એને જ્ઞેય બનાવ, અમને જ્ઞેય બનાવ્યું એ છોડી દે. સમજાણું કાંઈ? બધા શાસ્ત્ર સર્વજ્ઞ પરમાત્માના હોં. બીજે સાચા શાસ્ત્ર હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમાત્મા સિવાયના કથનો કોઈના સાચા હોય નહિ.

ચારેય અનુયોગ ત્રિલોકનાથ પરમાત્માના મુખમાંથી નીકળ્યા ચારેય અનુયોગો સાચા છે. ચારેય અનુયોગોમાં ગમે તે જાતની કથનપદ્ધતિ હોય એ પદ્ધતિનો માખણ અને માવો આત્મા જ્ઞાનમય છે એ વ્યવહારનયના વિષયસ્વરૂપે નથી એમ કહેવા માટે બધું કથન છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! એય..! આમ કરે છે. સોનગઢવાળા તો વ્યવહારનો લોપ કરે છે. લ્યો! તો પછી આ કોઈ પાળશે નહિ. આ મંદિર બંધ રહેશે, આ પૂજા-ભક્તિ કોઈ નહિ કરે. એય..! સોભાગભાઈ પછી કરીએ તમારા વતી વાત. લોકો એમ કહેને. એમ કહે છે. પણ સાંભળતો ખરો, જડના પરમાણુની જે સમયે અવસ્થા થવાની છે એ હું કરી શકું છું અને હું રોકી શકું છું, બેય વાત મિથ્યા છે. પુદ્‌ગલ પરમાણુના પ્રવાહના કાળે થતી પરિણતિ તેને કોઈ કરે અને તેને કોઈ રોકે એ વાત સસલાના શિંગડા, ખરગોશના છે એમ માનવા જેવું છે. આકાશના ફૂલ તોડું છું એ માનવા જેવી વાત છે. એ તો થવાના કાળે સમ્યગ્દૃષ્ટિને પણ સ્વરૂપમાં સ્થિરતા ન હોય ત્યારે શુભરાગ ભક્તિનો, પૂજાનો, દાનનો આવે છે અને બાહ્યની ક્રિયા કાળે મંદિર આદિ હોવા કાળે થાય. પણ તે દૃષ્ટિમાં વિષય વ્યવહારનો નહિ, પણ વ્યવહારથી પૃથક્ સમ્યગ્જ્ઞાન જે થયું તે સમ્યગ્જ્ઞાન આત્માને આશ્રયે થયું તે ક્ષણે ક્ષણે આત્માને આશ્રયે જ્ઞાન કામ કરી રહ્યું છે. વચ્ચે રાગાદિ આવે એને પૃથક્ તરીકે, ભિન્ન તરીકે જાણે છે. એક તરીકે જાણતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! ભારે આકરું! લ્યો, હજી ભગવાનજીભાઈને ત્યાં મંદિર થાય છે બે લાખનું. આ મહારાજ આવી વાતું કરે અને વળી બબ્બે લાખના મંદિરો (કરે). લ્યો, આ હજી મહા સુદ સાતમે થાશે. આ લોકો કુંડલામાં નાખે છે હજી કેટલું મંદિર. કેટલા લાખો નાખ્યા કેટલા મંદિરમાં કેટલા ચારેકોર.

મુળજીભાઈ! આ મુળજીભાઈએ નાખ્યા ત્યાં અઢી લાખ. ભલે કોકના હોય પણ અઢી લાખનું બને છેને. પૈસા તો કોકના જ છેને. કે દિ' આત્માના હતા?

અહીં તો કહે છે કે આખા શાસ્ત્રનું દોહન. ઓહો..હો..! દહીં વલોવાનું સાર જેમ માખણ છે તેમ શાસ્ત્ર ભણવાનો સાર એના ખ્યાલમાં નિમિત્તમાત્ર એટલું આવે. આ જ્ઞાન આત્મા તરફના અવલંબનની જ વાત કરી રહ્યા છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને ચારિત્રમાં ત્રણેમાં આત્માને જ અનુસરવાની વાત કરે છે. આ શાસ્ત્રનું દોહન જો ન સમજે અને એનાથી ભેદ પાડતો નથી એને વ્યવહારનયના વિષયના બંધભાવની રુચિ ટળતી નથી. કહો, સમજાણું આમાં? અને તે તો એવું શુદ્ધજ્ઞાન તો ભિન્ન વસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા. નહિ શ્રદ્ધતા કેમ? ભિન્ન વસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર ભણતર વડે કરી શકાતું નથી. એટલે કે જેને વ્યવહારનયના વિષયની રુચિના અવલંબનના અનુસારે પડ્યો છે એને એનાથી છૂટીને ભિન્ન વસ્તુનું જ્ઞાન કરતો નથી. એ વ્યવહારથી બતાવ્યું એનું ફળ નિશ્ચયનય બતાવવું છે એનું ફળ એને આવતું નથી. કેમ નથી માનતો? કે વ્યવહારની રુચિ છે માટે. એમ આવ્યું કે નહિ એમાં?

એવા અભવ્યને ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ માનતા.. એટલે? એકાંત એકલો વ્યવહાર છે તેનાથી મને લાભ થશે, પરને અનુસરીને વૃત્તિઓ થઈ તે મને લાભદાયક (છે) એવો વ્યવહારના બંધ પરિણામને સ્વીકારતો ભિન્ન વસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતો એવા અભવ્યને શાસ્ત્ર ભણતર વડે પણ થઈ શકતું નથી. શાસ્ત્ર ભણતર તેને શુદ્ધાત્મ જ્ઞાન કરી શકતો નથી. માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે. ઓહો..! પણ આટલું નવમી ગ્રૈવેયકે જાય, પંચમહાવ્રત પાળે, અગિયાર અંગને ભણે તો એ શાસ્ત્ર ભણવાનો ગુણ નહિ? નવ પૂર્વ ભણે, પંચમહાવ્રતનો..

मदमाणमायलोहविवज्जियभावो दु भावसुद्धि त्ति।
परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं।।११२।।
**ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને**
**--મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.**

મદ શબ્દનો અર્થ મદન. કામ પરિણામ એવો અર્થ છે. એ પરિણામને પણ ધર્માત્મા આત્માના આનંદનો આશ્રય લઈને છોડી દે છે એમ કહેવું છે. આહા..હા..! આત્મા સુખનો સાગર છે એનો આશ્રય લઈ, અવલંબન લઈને આ મદની વાસનાને છોડે છે કે જે એના આત્મામાં છે નહિ. આહા..હા..! એ ભાવથી રહિત છે તે શુદ્ધભાવ એમ કહેવું છેને. મદની વાસના, વિષયની વાસનારહિત એવા ભાવને ભાવશુદ્ધિ કહેવામાં આવે છે. એ ભાવશુદ્ધિ આલોચનાનો એક ચોથો બોલ છે. આહા..હા..! એક-એક વાત એવી ઝીણી.

'(૧) **ચતુર વચનરચનાવાળા વૈદર્ભકવિત્વને લીધે,...'** '**એક પ્રકારની સાહિત્યપ્રસિદ્ધ**

**સુંદર કાવ્યરચનામાં કુશળ કવિ.'** હોય છે. '**આદેયનામકર્મનો ઉદય હોતાં સમસ્ત જનો વડે પૂજનીયપણાથી,...'** એવી કવિ કળા હોય આમ. સભાને ધ્રુજાવે. કંઠની મીઠાશ. એનું જેને અભિમાન હોય છે એ છોડી દે કહે છે. ભાઈ! એ તારી ચીજ નથી. એને અભિમાન આવી ગયા છે. આ એક છોડી છેને કીધું નથી ત્યાં જયપુરમાં. શું કહેવાય એ? આદર્શનગર. આદર્શનગર ગયા હતા. ત્રણ-ચાર વર્ષ પહેલાની વાત. ઘણું માણસ. પાંચ-છ હજાર માણસ. વ્યાખ્યાન પૂરું કરીને એ છોડી બોલી, પણ એ તો આખી સભા ભાષા વૈરાગની સાધારણ પણ કંઠ તે કંઠ એનો. એ હમણા અહીં ગયાને શું કહેવાય એ? પદમપુરા. કોટાથી પદમપુરા છેને? જયપુર પાસે ૨૦ માઈલ. બહુ માને લોકો ત્યાં. પદમપુરા. ત્યાં એ છોડી આવી હતી. ત્યાં અમે આહાર કરીને જયપુર જાવું હતું સાંજે. એ આહાર કર્યો ત્યાં બોલી છોડી. પણ કંઠ તે એનો કંઠ. એની જરી વાત થોડી આપણે નટુભાઈ આપણા છેને આ. ..ગામવાળા. એ થોડું એના મનમાં બોલે છે. .. છોડી. અત્યારે ૧૮-૨૦ વર્ષની થઈ હશે. પણ એવો કંઠ તે એવો કંઠ. એ તો ઝણઝણાટ આમ જાણે તાર વાગ્યો અંદરથી. એવી કહે છે કે કળા ભાષા હોય એ પણ છોડવા જેવી (છે). એ જડની ચીજ એનું જેને અભિમાન આવે. કીધુંને જુઓને.

'**સમસ્ત જનો વડે પૂજનીયપણાથી...'** આહા..હા..! વાહ! વાહ! એમ કરે. પણ એથી શું થયું? એ તો જડની ભાષા, કંઠ જડનો. એવો જે ભાવ છે તેને છોડી દે એમ કહે છે. એ તારી ચીજ નથી. કંઠ અને વાચા એ તો જડ માટી, ધૂળ છે. આહા..હા..! હમણા આવી હતી આપણે નહિ, ભાઈ? પદમપુરા આવી હતી. અમે ગયા હતાને કોટાથી વળતા. કોટામાં મોટો મહોત્સવ હતોને આઠ દિ'નો. ઘણું માણસો. પાંચ-પાંચ હજાર માણસો. વળતા આવી હતી ત્યાં. મેં કીધું આ તો ઓલી છોડી. એવો કંઠ એનો.. એનું અભિમાન શું? એ તો જડની પર્યાય છે. કંઠ અને કવિની શક્તિ એ તો બહારની છે. એમાં આત્માને શું? એવી શક્તિનો જે ભાવ અમે અમારો, અમે આ વાત કરીએ અને અમે આવા ડાહ્યા એ અભિમાન મિથ્યાત્વ છે. એને શુદ્ધ ચૈતન્યસ્વભાવ ભગવાન એનો આશ્રય લઈને એ ભાવને છોડ તો ભાવશુદ્ધિ પ્રગટ થશે. એ ભાવશુદ્ધિનું નામ સંવર અને આલોચના કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૪, રવિવાર, તા. ૦૨-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૨, પ્રવચન નં. ૮૨

'તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે.' તેને અહીં મદન કહે છે. 'એટલે કે કામપરિણામ એવો અર્થ છે.' એટલે? અહીં પુરુષની પ્રધાનતાથી વાત લીધી છેને. કેમકે સ્ત્રીને મુનિપણું હોતું નથી, સ્ત્રીને મોક્ષ હોતો નથી. વસંતભાઈ! એ માટે પુરુષવેદનીય. જે વાસના છે એ શુદ્ધભાવ ત્રિકાળ છે એમાં નથી. એક વાત. અને જે શુદ્ધભાવ ત્રિકાળ છે એનો જે આશ્રય કરે છે એને પુરુષવેદનીય વાસનાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આવું ધર્મનું સ્વરૂપ બહુ ઝીણું પડે માણસને એટલે લોકો એમ કહે નિશ્ચયસમ્યગ્દર્શન તો અનુભૂતિ સૂક્ષ્મ છે, પણ એનું સાધન દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એમ કહે છે. આજે આવ્યું છે. અધ્યાત્મીઓ વાતું કરે મોટી પણ ન રહે અહીંના, ન રહે ત્યાંના, એમ કહે છે. એય..! નારદજી! સવારમાં કહ્યું હતુંને. એમ લખ્યું છે એણે લાલબહાદુરે. આહા..હા..! અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સાધન છે અને એમાં પણ જિનપ્રતિમાની પૂજા, ભક્તિ એ સર્વસ્વ સાધન છે વ્યવહાર, નિશ્ચયસમકિત પામવાને માટે. શું થાય? એ લખાણ આમાં છે. અરે! પ્રભુ! ભાઈ! એ હો અને એવા વ્યવહારરત્નત્રયની તો વાત આવી ગઈ છે. કથનમાત્ર જે વ્યવહાર એવો તો અનંતવાર કર્યો છે. પણ જે આત્મા ભાવશુદ્ધ ચૈતન્યઘન છે એને પામવા માટે વ્યવહારની એને અપેક્ષા છે જ નહિ. એવું જ એનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..! નિશ્ચયસત્ય એવી ઝીણી વાત. લોકો કંઈકનું કંઈક પછી એને વેતરી નાખે છે બીજી રીતે.

અહીં તો પરમાત્મા આ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય એ બધા પરમેશ્વર જ છેને અને એ પરમેશ્વરનું જ કહે છે. આહા..હા..! ભાઈ! તું ભાવશુદ્ધિથી ભરેલું તત્ત્વ છો. આ આલોચનાનો ચોથો બોલ છે. આલોચના, આલુંછન, અવિકૃતિકરણ અને આ ભાવશુદ્ધ. એવા ચાર ભેદ છે. એમાં આ ચોથા બોલની વ્યાખ્યા છે. એમાં એ આત્મા જે ભાવશુદ્ધ છે ત્રિકાળ-ત્રિકાળ... અરે! એનો વિશ્વાસ કરતો નથી. અને એ ચીજનો વિશ્વાસ આવ્યા વિના મોહ તરફથી ખસવું થઈ નહિ શકે. સમજાણું કાંઈ? મોહના અભાવસ્વભાવસ્વરૂપ એવો ભગવાન આત્મા એના દ્રવ્યસ્વભાવનો ભરોસો, પ્રતીત, વિશ્વાસ, પ્રશસ્ત શ્રદ્ધા, જેવી ચીજ છે તેવી શ્રદ્ધાનો ભાવ આવ્યા વિના મોહનો અભાવ થાય નહિ અને એ વિશ્વાસથી ચીજમાં સ્થિરતા થાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એથી કહે છે કે પ્રથમમાં પ્રથમ જે ભાવશુદ્ધ સ્વરૂપ છે, ત્રિકાળ શુદ્ધ ભાવશુદ્ધ ભગવાન...

અહીં કહેશે જુઓ, કે એમ કોણે કહ્યું? **'ભવ્યોને લોકાલોકના દૃષ્ટાઓએ કહ્યું છે.'** ચોથું પદ છે? ૧૧૨મી ગાથા. આવું કોણે કહ્યું છે? આહા..હા..! કે **'લોકાલોકના દૃષ્ટાઓએ કહ્યું છે.'** છેને ભાઈ? આહા..હા..! જેને ત્રણકાળ, ત્રણલોકનું દર્શન હતું, જ્ઞાન હતું એવા પરમાત્માએ એમ વાણી દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું છે કે આ ભાવશુદ્ધસ્વરૂપ જ ચિદાનંદ નિર્મળ છે. એકલો નિર્મળાનંદ પ્રભુ એવી ભાવશુદ્ધિનું સત્ત્વ જે તત્ત્વ એનો આશ્રય કરતાં, કેમકે એમાં અહંકાર આ જે વાસના વિષયની એમાં નથી, એથી એનો આશ્રય કરતાં એ ટળી જાય છે. આહા..હા..! બીજો કોઈ ઉપાય નથી. જેનામાં એ નથી તેનો આશ્રય લીધા વિના એ વાસના કામની, વિષયની વાસના નહિ ટળે. સમજાણું કાંઈ?

**'કામપરિણામ એવો અર્થ છે.'** એટલે? એ કામપરિણામનો જેના સ્વભાવમાં અભાવ છે. ભાવશુદ્ધિસ્વરૂપ એમાં અભાવ છે અને એના અભાવમાં એની દૃષ્ટિ ત્યાં કરતાં પર્યાયમાં ભાવશુદ્ધિ જે પ્રગટ થાય છે એને અહીંયાં આલોચનાનો ચોથો પ્રકાર ભાવશુદ્ધિ કહેવામાં આવે છે. આહા..હા..! બહુ કામ એવું કામ છેને. જે ચીજ છે એમાં દૃષ્ટિ કર્યા વિના એ ચીજમાં ઠરવું છે એ ચીજ કઈ છે? કેવડી છે? કેવી છે? એના જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસ્યા વિના એમાં નથી એ ભાવ ઉત્પન્ન થાય છે અને એને ટાળવો છે તો ટળે શી રીતે? કે જે વસ્તુમાં એ નથી એ વસ્તુનો આશ્રય કરતાં એ વસ્તુમાં જ કામ નથી એમ પહેલું સિદ્ધ કરવું છે અને તેથી એવી ભાવશુદ્ધિસ્વરૂપ ચૈતન્યઘન એનો આશ્રય કરતાં, એ વર્તમાન પર્યાય થઈ. સમજાણું કાંઈ? એ મોહનો વિષય-વાસનાનો પ્રેમ, આસક્તિ ટળી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એક વાત.

બીજી. **'ચતુર વચનરચનાવાળા વૈદર્ભકવિત્વને...'** એવો કવિ હોય છે કે શીઘ્રકવિ. આમ એકદમ કવિતા બનાવે. ચાલતો વિષય હોય એમાંથી એકદમ કવિતા બનાવે અને લોકને રંજન કરે. લાખો માણસ કે કરોડો માણસ આમ રંજન કરે. એવી કવિની ચતુરાઈને લીધે **'આદેયનામકર્મનો ઉદય હોતાં સમસ્ત જનો વડે પૂજનીયપણાથી,...'** આમ જોવે કે આહા..હા..! એની કંઠની કળાનું કાલે નહોતું કહ્યું? જયપુરમાં. દેરાસર છેને ત્યાં મંદિર છે. શું કહેવાય ઈ? આદર્શનગરમાં મંદિર છે. એ આવ્યા હતા બિચારા. જયપુર ઉતર્યા હતાને ત્યાં આવ્યા હતા મહારાજના દર્શન કરવા છે. એ છોડી એક છે નાની ત્યાં. અત્યારે તો ૨૦ વર્ષની હશે ખબર નથી. પણ ત્રણ-ચાર વર્ષ પહેલાં આવી હતી. હમણા આવી હતી. પણ કંઠ તે કંઠ એનો. બોલે તો દસ હજાર માણસ હોય કે વીસ હજાર હોય તો થંભી જાય. ભાષા ભલે સાધરણ હોય, પણ એના કંઠનો જ એવો પ્રકારને. લહેર એવી ઉઠે કંઠમાંથી. એમ કહે છે કે કવિ એવો હોય કે જેના કંઠમાં દસ-દસ હજાર, લાખ-લાખ માણસ થંભી જાય સાંભળીને, એવા કવિત્વનું જે અભિમાન (કે) અમે ડાહ્યા છીએ, અમે હુશિયાર છીએ એ અભિમાન સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એ કવિત્વની શક્તિ અને એનો ઉઘાડ અને

વિકાસ. એક નહોતો કવિ આવ્યો? ઓલો ભોગીભાઈ નહિ? આવ્યો હતો આપણે. ગાતો હતો. અહીં કીધું છેને.

એવો કવિ એવી શક્તિ હોય કે '**સમસ્ત જનો વડે પૂજનીયપણાથી,...**' આમ બધા બેઠા હોય એને એમ થઈ જાય કે ઓહો..હો..! પણ એ શું ચીજ છે? એ વિકલ્પ અને એ ચીજ તો વસ્તુમાં તો નથી. કંઠનો ધ્વનિ એ વસ્તુમાં તો નથી. એનું જે અભિમાન અમે આવા છીએ ચતુર કવિ મહાન. કહે છે કે એ વસ્તુમાં નથી. બોલે કોણ? વિકલ્પ કરે કોણ? વાણી કરે એ આત્મામાં ક્યાં છે? આહા..હા..! એથી આવા કવિત્વનું જે અભિમાન એ ભાવશુદ્ધિસ્વરૂપ જે છે એમાં એ નથી અને એમાં નથી માટે એનો આશ્રય કરે તો એ અહંકાર ટળી જાય છે. એટલે? આ હું એવું અહંપણું અંતરમાં આવતા (એ અભિમાન ટળી જાય છે), એમ કહે છે. આહા..હા..! પરમાત્મા પોતે આનંદનો નાથ અતીન્દ્રિય એવો ધ્રુવસ્વરૂપ અનાકુળ શાંતિનો રસકંદ એમાં અહંપણું આવતા, આ હું એવો વિશ્વાસ આવતા આ કવિત્વના અહંકારનો ભાવ ત્યાં ઉભો થાતો નથી, એમ કહે છે. આહા..હા..!

આ શાસ્ત્રના જાણપણા. જુઓને, અભિમાન થઈ જાય છેને? જાણપણા આમ થાય. અરે બાપુ! એ શું ચીજ છે? અગિયાર અંગ, નવ પૂર્વના જ્ઞાન કર્યા, ભાઈ! એ પરલક્ષી જ્ઞાન એ સત્તાવલંબી, પરસત્તાવલંબી જ્ઞાન તો બંધનું કારણ છે. આહા..હા..! એનું જે અહંપણું એ પર્યાયબુદ્ધિવાળાને એનું અહંપણું આવે છે, એમ કહે છે. એને ટાળવા માટે ભાવશુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, જેમાં એ અહંકાર નથી અને એ ચીજ જ નથી જેનામાં.. આહા..હા..! એનું અહંપણું આનું આવતા આ હું... આ હું... ચૈતન્યઘન તે હું એમ પ્રતીત અને અહંપણું એમાં ભાસતા આ અહંપણાનો તેમાં નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ છે, ભાઈ! આહા..હા..!

નવ-નવ પૂર્વના જાણપણા કર્યા, ભાઈ! એ કાંઈ ચીજ નથી. આત્મામાં જ્ઞાનસ્વરૂપ ભાવશુદ્ધસ્વરૂપ પડ્યું છે એને સ્પર્શીને એટલે કે એમાં એકાગ્ર થઈને જે જ્ઞાનનો કણ આનંદ સાથે આવે એને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! શેના અભિમાન? થોડા જાણપણા થાય ત્યાં જાણે આહા..હા..! અમે જાણે ક્યાંય આકાશે પાટુ મારે. ભાઈ! એ અહંકાર એ વસ્તુના સ્વરૂપમાં નથી. ચૈતન્યઘન પ્રભુ આનંદનો નાથ આત્મા (એવો છે), એમ અહીં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ફરમાવે છે. આચાર્ય પોતે કહેતા એનો આશરો લીધો. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય પોતે કહે છે. છતાં ભાઈ! આ વાત લોકાલોકના દેખનારે કહી છે કે તારો સ્વભાવ જે શુદ્ધ આનંદઘન ત્રિકાળ ધ્રુવ હોં એની વાત છે. એમાં આવો અહંકાર એનો તેમાં અભાવ છેને, ભાઈ! અને એનું અહંપણું આવતા આ અહંપણું રહેતું નથી. અને આ અહંપણું છે ત્યાં સ્વનું અહંપણું થાતું નથી. આહા..હા..! બે બોલ થયા. એવા છ બોલ છે.

'**માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી,...**' માતા હોય રાજાની દીકરી, પિતા

હોય રાજા એનું એને અભિમાન કે અમે રાજના દીકરી છીએ, અમે ગર્ભશ્રીમંત છીએ. કહે છેને કેટલાક? અમે ગર્ભમાં આવ્યા ત્યારથી અમારી તો શ્રીમંતાઈ છે. એના જેને અભિમાન છે. અરે! પ્રભુ! શા તારા.. માતા રાણી હોય અને રાજાની દીકરી હોય અને પિતાજી મોટા રાજા હોય. એ '**માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી,...**' અને જેના સેંકડો કુળમાં કાંઈ કલંક લાગ્યું ન હોય એના કુળમાં અવતરીને, અમે આવા છીએ એમ માનવું એ તો અભિમાન છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું અભિમાન ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ છે તેમાં એ નથી અને તેથી તેનું અહંપણું આવતા આ માતા-પિતાના કુળની જાતનું અહંપણું છૂટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! વસ્તુ જે છે એનું માહાત્મ્ય આવ્યા વિના, એનું અહંપણું પ્રગટ્યા વિના પરના અહંપણાનો નાશ નહિ થાય, એમ કહે છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! બધા ભણ્યા હતા તમે પંદરસોનો પગાર (મળતો હતો). ધૂળેય નથી, કહે છે. આહા..હા..!

ત્રણલોકનો નાથ લક્ષ્મીથી ભરેલો પૂર્ણાનંદ પ્રભુ જેના નિધાનમાં, જેના નિધાનમાં, જેના ધ્રુવની ખાણમાં અનંતજ્ઞાન, અનંત શાંતિ, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત ઈશ્વરતા જેની ખાણમાં પડી છે, ધ્રુવપણે હોં. આહા..હા..! એમાં આ માતા-પિતાના કુળની જાતિ છેને બે? કુળ પિતાનું કહીએ અને જાતિ માતાની કહીએ. એનું અભિમાન અને આવા અમારી મા રાણી, ફલાણું, ઢીંકણું. આહા..હા..! એની અહંદશા, કહે છે કે એ સ્વરૂપમાં એ વસ્તુ નથી. સ્વરૂપમાં એની ગંધ નથી. માતા-પિતાના કુળવાળો હું એ સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..!

'એ અમ કુળવટ રીત...' આનંદઘનજીમાં આવે છે. પ્રભુ! તું જે કુળે જન્મ્યો આત્માના કુળ એ કુળ. અને એ કુળમાં તારી પરિણતિ જે થઈ એ કુળના અમે છીએ. આ માતા-પિતાના કુળના અમે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં આવે છે. ધર્મ જિનેશ્વર.. એમ આવે છેને? 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું? ભંગમ પડશો રે પ્રીત જિનેશ્વર' પછી શું આવ્યું? 'બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળવટ રીત...' આહા..હા..! અમારા ચૈતન્યના કુળની આ રીત છે. તીર્થંકરો જે કુળના આત્માના હતા એ કુળના અમે છીએ. આ માતા-પિતાનું કૂળ એ અમારું નહિ અને એને માતા-પિતાના કુળથી ઓળખાવવો એ હીણી દશા છે. આહા..હા..! કહે છે કે એવું જે અભિમાન એ ભાવશુદ્ધિ ચૈતન્યઘન એમાં નથી અને તેથી ભાવશુદ્ધિ ચૈતન્યઘનનું અહંપણું 'આ હું' એવી પ્રતીત સમ્યગ્દર્શન થતાં એને આ કુળ અને માતા-પિતાના અભિમાનનો નાશ થઈ જાય છે.

'**પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષકોટિ સુભટ...**' બ્રહ્મચર્ય આખી જિંદગી પાળ્યું હોય, બાળબ્રહ્મચારી અને શરીરની એટલી કે બ્રહ્મચર્યના '**પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષકોટિ...**' લાખ-કરોડ સુભટના સમાન જેનું બળ હોય શરીરમાં. ઓલા નથી

આવતું ત્યાં જામનગરમાં હતું ને ઓલું? કોક રાજાનો કુંવર નહિ? આમ સિંહને આમ રાખીને દાંત.. નામ ભૂલી જઈએ છીએ. અરિમદ.. મોટો. બધું ખલાસ થઈ ગયું ત્યાં. જામનગરમાં બહુ કરેલું. શ્રવણ એના માતા-પિતાને લઈ જાય છે જાત્રાએ નહિ? આવે છેને. એ બધું કર્યું બિચારાએ. સ્મશાનમાં બાળવા આવે એટલે ત્યાં. અત્યારે પવન આવ્યો (એમાં) સપાટ, બધું ખલાસ થઈ ગયું. એમાં એ હતો એક અરિવર્ધન. મોટો લઠ જેવો. કાંખમાં સિંહ રાખ્યો હતો આમ. મોઢુ ફાડીને દાંત દેખાડે. દાંત દેખાય. આહા..હા..! એટલું બળ. બ્રહ્મચર્યનું એટલું બળ હોય કે લાખ કોટી સુભટને પણ એક ક્ષણમાં જીતે. એવું લાખકોટી જેવું બળ. આહા..હા..! એ નિરૂપમ બળનું જેને અભિમાન. એ શેના અભિમાન? ભાઈ! એ તો શરીરની સ્થિતિ છે. આહા..હા..!

ઓલો નહોતો કોક ગામા પહેલવાન? એવો તે બે મોટરું જાતી હોય આમ, બે હાથ આમ રાખીને બેયને ઉભી રાખતો. એ મરવા ટાણે.. છાપામાં આવ્યું હતું ઘણા વર્ષ પહેલા. અહીં માખી ઉડાડવાની તાકાત નહોતી રહી. આ તો જડના તત્ત્વ, બાપુ! એને (અને) તારે શું છે? આહા..હા..! પાછળ ઓશીકું હતું. છાપામાં આવ્યું હતું. આમ બેઠો હતો. માખી ઉડાડવાની તાકાત નહિ. બે મોટરોને આમ (ઊભી) રાખતો. બાપુ! એ તો જડની ક્રિયા, બાપા! એ બળ આત્માના નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ બળના અભિમાન (આત્મામાં નથી).

નેમિનાથ ભગવાનમાં આવે છેને. સભા ભરાણી હતી. પાંડવો બધા ભેગા (થયેલા), સુભટો ભેગા થયેલા. ભગવાનનું કુળ. બધા એકબીજા વખાણ કરવા માંડ્યા કે આ જોરવાળો, આ જોરાવરવાળો આ બળવાળો. એના પિતા વાસુદેવ બહુ રૂપાળા હતા. બહુ રૂપાળા. જે દેખે એને એનું ઓલું થઈ જતું સ્ત્રીઓને તો. એટલે એના કોઈએ વખાણ કર્યા કે આ બળવાન વસુદેવ, કોઈ કહે કે પાંડવો બળવાન. કરતાં-કરતાં એક જણો કહે કે ભાઈ! ઈ બધા છે, પણ આ ભગવાન બેઠા એ બળવાળા બહુ છે હોં. એ બોલે નહિ. ભગવાન તો બોલે નહિ. બેઠા હોય. ત્રણ જ્ઞાનના ધણી આ બેઠા.

એક વિકલ્પ આવ્યો જરી કે ભાઈ! આ પગ હું મૂકું છું, અહીં નીચે રાખુ છું. પગને ઉંચો કરો. શ્રીકૃષ્ણ પગને ઊંચો કરવા જાય છે ત્યાં પરસેવા ઉતરી ગયા, પગ હલ્યો નહિ. ઈ શરીરનું બળ હોં, આત્માનું નહિ. એ આવે છે ઓલામાં નહિ? સિંહ કરતા બળદેવ અને બળદેવ કરતા વાસુદેવ અને વાસુદેવ કરતા તીર્થંકરને. એવું આવે છે બળનું. ઓલામાં આવે છે અધ્યાત્મ પંચસંગ્રહ નહિ? એમાં આવે છે. છે બધું વાંચ્યું છેને. શરીરનું બળ, તીર્થંકરના શરીરનું બળ એટલું... બહુ બળ.

એવા કહે છે કે બ્રહ્મચર્યના બળને લઈને શરીરમાં આવી તાકાત હોય એના અભિમાન એ તો જડના છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? આમ હાથ આમ કર્યો ભગવાને.

વાળો. ટીંગાઈ જાય તોપણ વળે નહિ. તીર્થંકર છેને. સિંહ એવું કાંઈક ઘણું આવે છે બધું. યાદ નથી પણ છે એમાં. આટલા સિંહ કરતા આટલું રાજાનું બળ, રાજા કરતા બળદેવનું બળ, બળદેવ કરતા વાસુદેવનું બળ, વાસુદેવ કરતા ચક્રવર્તીનું, ચક્રવર્તી કરતા તીર્થંકરનું. એવું આવે છે. શાસ્ત્રમાં તો બધું ભર્યું છેને. પણ એ બળ શા? બાપા! આહા..હા..! એના અભિમાન જડના બળના અભિમાન! આ તો માટી છે. એનું જે અભિમાન એને ઊંડે-ઊંડે આહા..હા..! હું આવો છું... આવો છું... એને 'હું આખો ભાવશુદ્ધસ્વરૂપ છું' એનું અહંપણું આવતું નથી. આહા..હા..!

જેને અનંત બળ પ્રગટ્યું કેવળીને આત્માનું એવા અનંતબળની પર્યાયથી પણ અનંતગણું અંદર બળ પડ્યું છે આત્મામાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવો ભાવશુદ્ધથી ભરેલો ભગવાન એનું જેને અહંપણું, આ હું એવો વિશ્વાસ.. આહા..હા..! સમ્યગ્દર્શન, એની સમ્યક્ પ્રતીતિ આ હું, આવડો હું એવી પ્રતીતિ થતાં એમાં એ અહંપણું સ્વભાવમાં નથી એટલે એ પર્યાયમાં પણ અહંપણું રહેતું નથી. આહા..હા..! આવી રીત છે. એ ભગવાન અનંતબળનો ધણી પ્રભુ છે. આ મોક્ષના માર્ગનો પુરુષાર્થ છે એ તો એના બળથી અનંતમા ભાગનો પુરુષાર્થ છે. સવારે કહ્યું હતુંને? સમ્યગ્દર્શનનો પુરુષાર્થ એથી ચારિત્રનો અનંતગુણો, પણ એ બધો અનંતગુણો પુરુષાર્થ છે એ પણ ત્રિકાળી પુરુષાર્થને આશ્રયે તો અનંતમા ભાગનો છે. આહા..હા..!

જેનું વીર્ય પુરુષાર્થસ્વરૂપ જ છે, જેનું પુરુષાર્થસ્વરૂપ જ છે એ સ્વરૂપને હદ શી? એ સ્વરૂપ પૂર્ણ પર્યાયમાં આવતું નથી. પર્યાયમાં અનંતવીર્ય પ્રગટે તોપણ અનંત... અનંત... અનંત... અનંતગણું વીર્યનું બળ અંદર પડ્યું છે. એવા ભગવાન આત્માના ભરોસે અહંપણે આવા શરીરના બળનું અહંપણું જેને નાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કવિમાં આવી ગયું. એવા વક્તા હોય. બબ્બે કલાક ધારાવાહી સભાને રંજન કરે. એ શું ચીજ છે? એ તો વાણી છે જડની. સમજાણું? અમે આવા વક્તા છીએ. બાપા! શેના અભિમાન તને આ છે? અને ઓલાને તો બોલતા પણ આવડતું નથી. ફલાણું. હવે બોલવું, ન બોલવું, બાપુ! તારી દશાની ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું અહીં તો સાંભળેલું હોયને, ઘણું સાંભળેલું. એક બાઈ કહેતી હતી કે .. કેટલું સમજાવે. તમારે ત્યાં કહો કે ચંપાબહેન આવા છે. બોલતા પણ આવડતું નથી. હવે સાંભળને! એ વાત આવી હતી. સાંભળી છે? બધી ઘણા વર્ષથી છેને. અરે.. બાપા! બીજાને સમજાવતા આવડે એ મોટો એમ છે જ નહિ. આહા..હા..! એઈ..! સભા રંજન કરતા આવડે અને સભા ખુશી થઈ જાય. એક ટગ... ટગ... ટગ... જોયા કરે લાખો માણસ. એ શું ચીજ છે? આહા..હા..! જેના અનંત આનંદના બળ આગળની પ્રતીતિમાં આ શરીરના બળનું જડનું અહંપણું ટળી જાય છે, કહે છે. એને 'અહંપણું આ મારામાં છે અને હું આ છું' એ વાત રહેતી નથી.

આહા..હા..! આવો માર્ગ બાપુ બહુ ઝીણો. આમ જિનેશ્વરદેવ લોકાલોકના જાણનાર ફરમાવે છે. આ ગાથાનું છેલ્લું પદ એ છે. આહા..હા..! ચાર થયા.

‘**દાનાદિ શુભ કર્મ વડે ઉપાર્જિત સંપત્તિની વૃદ્ધિના વિલાસથી,...**’ અબજો રૂપિયા આવતા હોય. એક-એક દિવસની પેદાશ. છોકરાઓ રળે. દીકરીયુંના વર જમાઈ હોય એ એટલા પૈસા રળતા હોય કે એને આપે. પૈસાના ઢગલા થતા હોય. છે? ‘**દાનાદિ શુભકર્મ વડે ઉપાર્જિત સંપત્તિ...**’ એની સંપદા મળે બહારમાં. એની વૃદ્ધિનો વિલાસ (દેખાય). વૃદ્ધિ. આહા..હા..! અમારા પુણ્ય તો જુઓ, ખૂટે છે ક્યાંય? બાપા! એ જડને શું છે પણ? સમજાણું કાંઈ? આહા..હા..! એના અભિમાન. લાખો રૂપિયા દિવસના પેદા કરીએ છીએ. આ ઓલો રાજા નથી એક અત્યારે પેટ્રોલનો? રાજ નાનું છે પણ રાજા.. (એક કલાકની) દોઢ લાખની પેદાશ. એક દિવસની ૩૬ લાખની પેદાશ. અત્યારે છે એક રાજા. રાજ નાનું છે, પણ પેટ્રોલના કૂવા નીકળ્યા બહુ. પેટ્રોલ નીકળ્યું. મારી નાખ્યો એને ગાદીએ બેઠો હતો એને એના કુટુંબીઓએ. બીજો બેઠો. પુણ્ય થોડા લઈને આવ્યા હોય તો એને એમ કે આહા..હા..! ત્યાં સુધી સાંભળ્યું છે એના છોકરાઓ મોટરમાં બેસીને નીકળે તો વચ્ચે છોકરાઓ, કૂતરા મરી જાય તો બોલાય નહિ કોઈથી. કેમ? રાજકુંવર સાહેબ નીકળ્યા હતા. કેમ તમે ધ્યાન ન રાખ્યું? એ નહિ ઉભી રહે મોટર. .. અત્યારે છે. આહા..હા..! અરે! ભાઈ! એ તો પૂર્વની પુણ્યની છાયા. એ છાયાને કારણે એ છાયા, પાછો તડકો થઈ જશે. ચલતી-ફિરતી છાયા છે એ. એના શેના અભિમાન એને? કેટલું અમે રળીએ છીએ? આહા..હા..! ઢગલા રળીએ છીએ આમ. શું છે બાપુ? પૈસા ભેગા કર્યા અને એનાથી વધીએ છીએ પાછા. છોકરાઓ રળાવ જાગ્યા, કમાવ જાગ્યા, દીકરીયું કમાવ જાગી, કળા એવી બધી હોય છેને આ નટમાં નાચે છેને. એ બહુ પૈસા મેળવે છે કેટલીક છોડીયું. આહા..! અરે..! બાપા! એ શેના અભિમાન તને? આ તો બધું સાંભળેલું હોયને. આહા..હા..! ત્રણલોકનો નાથ આનંદનો નાથ અંદર બિરાજે છે, પ્રભુ! તેનું તને અહંપણું ‘આ હું’ એનો વિશ્વાસ ન આવે અને આવી ચીજનો તને વિશ્વાસ આવે, મૂઢતા તારી કેટલી છે, કહે છે. આહા..હા..! જોર બધું અંતરને જોવાને માટે આપે છે. આવો આત્મા એને જોને, એને જોને. આ જોઈને ‘આ મારા’ એમ ક્યાં કરે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

એમ જિનેશ્વરદેવ લોકાલોકના દેખનારા એમ કહેતા હતા. ભાઈ! તને દાનાદિથી પુણ્ય બંધાણું હોય અને એના ફળ તરીકે ગંજ આવતા હોય. આહા..હા..! એ શું પણ ચીજ છે? એનું જે અભિમાન એ આત્માના સ્વરૂપમાં નથી, કહે છે. અને તેથી એનું અભિમાન ભગવાન આનંદના નાથને વિશ્વાસમાં લેતા અહીં અહંપણું આવતા (પરમાં) અહંપણું રહેતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો ભરોસે ચૈતન્યને ચડાવવો એની વાતું છે. એની કિંમત નથી આવતી આ શું ચીજ છે. સમજાણું કાંઈ? જેની પર્યાયમાં આવી શક્તિઓ આવે

(એને), પૈસાના ઢગલા થાય એ શું ચીજ છે? એના અહંકાર પ્રભુ તારો આનંદનો નાથ બળનો અનંત શાંતિનો સાગર ભરેલો છે એમાં તું અહંપણું કરને, એને જોને. અને આ જોવામાં તું રોકાઈ ગયો. મરી જઈશ તું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. એ પાંચ થયા. છેને? પાછું એ લીધું કે '**દાનાદિ શુભકર્મ વડે ઉપાર્જિત સંપત્તિની...**' ભાઈ! એમ કે પૈસા મળે છે એ દાનાદિના શુભભાવના બંધાણા એને લઈને મળે છે. એમ આવ્યું કે નહિ આમાં?

**શ્રોતા :-** અમારી મહેનતથી નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. મહેનત શું કરી એણે? મહેનત તો રાગ કર્યો છે. એય..! રમણિકભાઈ! દાન, કોઈ પુણ્ય કર્યા શુભભાવ એવા વગેરે એનાથી બંધાણું શુભકર્મ, એનાથી ઉપાર્જિત સંપત્તિ, એનાથી મળી સંપત્તિ, એની વૃદ્ધિનો વિલાસ, વૃદ્ધિ પામે જાય એ શું ચીજ છે?

**શ્રોતા :-** આજના કાળમાં આવા પુણ્ય તો હોતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ક્યાં છે એવા, પણ આ તો કોકને કહ્યું હતુંને ઓલામાં પરમાત્મપ્રકાશમાં તો કહ્યું છે, પુણ્યેણ વૈભવ... પુણ્યને લઈને વૈભવ મળે અને વૈભવમાં થાય અભિમાન, અભિમાનથી મતિ ભ્રષ્ટ થાય અને મતિભ્રષ્ટથી જાય નરકે. એવા ક્યાં પુણ્ય છે કોકને.. ભાઈ હતાને. શાંતિલાલ ખુશાલ. બે અબજ ચાલીસ કરોડ. દશાશ્રીમાળી વાણિયો હતો. બે અબજ ચાલીસ કરોડ લ્યો. એના બનેવીએ કહ્યું હતું કે પણ હવે તમે શું કરવા પૈસા આટલા ઘણા છેને. હવે શું કરવા રળો છો? પોપટભાઈ એમના બનેવી છેને. 'તે શું અમે એમ રળીએ છીએ કાંઈ? અમારાથી તો લોકો કેટલા હજારો નભે છે એ માટે રળીએ (છીએ).' પ્યાલા ફાટી ગયા છેને. એય..! વાણિયો દશાશ્રીમાળી અને એને બે અબજ અને ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ રૂપિયા. શું છે પણ હવે? ૨૪૦ શું તારા કરોડ શું અબજ હોય નહિ. એક અબજ શું? પણ એ તો ધૂળ છે. એ તો પૂર્વના કોઈ પુણ્ય બંધાણા હોય એના ગળવા, ટળવા ટાણે દેખાય. એ આપે. એમાં તારા ક્યાં છે? આહા..હા..! એ શુભભાવ કર્યો હતો એ તારો નહોતો, એનાથી પુણ્ય બંધન રજકણ પડ્યા એ તારા નહિ અને એના ફળમાં દેખાણી ચીજ એ તારી નહિ. ત્રણેમાં તું નહિ. આહા..હા..! જ્યાં તું છો ત્યાં ત્રણે નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. એ પાંચ બોલ થયા.

છઠ્ઠો. '**બુદ્ધિ,...**'નું અભિમાન. છેને બોલ બધા? '**તપ,...**'નું અભિમાન. મહિના-મહિનાના અપવાસ, છ-છ મહિનાના અપવાસ, ચોવિહારા કરીએ, પાણી ન પીએ. શું છે પણ હવે? એ તો બધી બહારની વાત. બુદ્ધિનું અભિમાન. અમારી બુદ્ધિમાં એકદમ પ્રવેશ કરે છે. ઝીણામાં ઝીણી વાત પણ અમે પકડી લઈએ. એના અભિમાન. સમજાણું કાંઈ? '**વિક્રિયા,...**' લબ્ધિ. શરીરમાંથી વિક્રિયા બનાવેને, લાખો-કરોડ શરીર (થાય) એ લબ્ધિનું અભિમાન. '**ઔષધ,...**'નું

અભિમાન. શરીરમાં કોઈ એવી લબ્ધિ પ્રગટે કે જે એનો પવન અડીને બીજાને જાય ત્યાં રોગ મટી જાય. પણ એ શું ચીજ છે? એવી લબ્ધિઓ તો અભવિને પણ હોય છે. એથી શું વસ્તુ થઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એનું અભિમાન એને. જોયું! અમારા શરીરનો પરસેવો બીજાને અડે કે અમારા પરસેવામાંથી પવન આમ ફરીને જાય તો રોગ મટી જાય.

**શ્રોતા** :- બધા દરદ મટી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મટી જાય. આહા..હા..!

'રસ,...' રસ-રસનું અભિમાન. અમે આવા રસ ખાઈ શકીએ છીએ, ભસ્મ ખાઈ શકીએ છીએ. એય..! આ લોઢાની ભસ્મ. 'બળ...' શરીરનું બળ હોં. '**અક્ષીણ—**' લબ્ધિ પણ થાય છે. '**એ સાત ઋદ્ધિઓથી,...**' અભિમાન. આહા..હા..! એ બહારનું અભિમાન, પ્રભુ! એ તારી ચીજ નહિ. એ લબ્ધિઓ પ્રગટે, જુઓને મુનિને ખબર પણ નહોતી. ઓલા વિષ્ણુકુમાર. સાતસો સાધુને બચાવ્યાને. એને ખબર પણ નહોતી કે મને વિક્રિયાલબ્ધિ થઈ છે. ખબર પણ ન હોય, એમાં શું છે? એમાં વળી ઓલું બહાર બન્યું અને બોલાઈ ગયું ગુરુથી. વિષ્ણુકુમાર પાસે જાવ. સાતસો સાધુને જ્યાં બિરાજે છે ત્યાં નીચે અગ્નિ લગાવી છે જોડે. એ ઉની-ઉની થઈ થઈને બળશે જમીન. આહા..હા..! ઓલા પ્રધાન હતાને ઓલાના? એ બલીરાજા. ગયા સાહેબ! મને મુનિએ કહ્યું છે કે આપને વિક્રિયાલબ્ધિ છે. આપ ત્યાં જાઓ. સાતસો સાધુ બળે છે. એને ખબર પણ નથી. આહા..હા..! સાહેબ! જુઓ તો ખરા. આમ જ્યાં હાથ કરે તો.. બ્રાહ્મણ કહે ઓહો..! ત્યારે તો ખબર પડે છે એને. મુનિઓને કોને (કહીએ)? જેને સ્પૃહા જ નથી. લબ્ધિ હોય કે ધૂળ હોય એ બધું પુણ્યને કારણે છે, એમાં આત્માને શું? આહા..હા..! સમજાણું કાંઈ? એવી લબ્ધિના અભિમાન. અક્ષીણલબ્ધિ. બે લાડવા હોય અને ઢાંકીને કહે આપો. કરોડો માણસો ખાય તો ખૂટે નહિ.

**શ્રોતા** :- લૂગડું ઢાંકીને આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઢાંકીને આપે ઢાંકીને. કાઢ્યા જ કરે. એવી લબ્ધિ. પણ એ શું ચીજ છે? આહા..હા..! અભવિને પણ એવું અજ્ઞાન થાય છે, લબ્ધિઓ થાય છે. એ શું વસ્તુ છે? આત્મા આનંદનો નાથ જાગીને સિદ્ધપદને પ્રાપ્ત કરે એ સિદ્ધિ છે. એ એની લબ્ધિઓ અને સિદ્ધિ છે. આહા..હા..! આવા અભિમાન રહિત... આહા..હા..! જે અભિમાન નથી. શેના અભિમાન? આહા..હા..! સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં તો ત્યાં સુધી લીધું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનો સ્વભાવ પૂર્ણ આનંદ છે એમ જાણ્યું છે, માન્યું છે, પણ એની પર્યાયમાં પામરતા દેખે છે. ક્યાં કેવળજ્ઞાન! ક્યાં મુનિની દશા! આહા..હા..! અને ક્યાં મારી પર્યાય! તૃણતુલ્ય માને છે પર્યાયથી. એવો પાઠ છે સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં. સમજાણું કાંઈ? વસ્તુને પ્રભુ તુલ્ય માને છે આખી. ભાન થયું છે એથી વિશ્વાસમાં આવી ગયો છે કે આત્મા આવો છે. પરમાત્મા જ હું છું વસ્તુ. પર્યાયમાં નિર્મળતા જોવે તો... ઓહો..હો..! ક્યાં સંતોની

નિર્મળતા! ક્યાં કેવળીની નિર્મળતા અનંતમા ભાગે. હું તરણાતુલ્ય પામર છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત લીધી છે. દિગંબર સંતોએ તો બહુ પડખાથી ઘણું સ્પષ્ટ કર્યું છે. આહા..હા..! સાતમો બોલ. એ છ થયા.

**'સુંદર કામિનીઓનાં લોચનને આનંદ પમાડનારા શરીરલાવણ્યના વિસ્તારથી...'** શરીરની કોમળતા એના અવયવો એવા નરમ હોય, શોભતા હોય. એક એક અવયવ જુઓ તો... આહા..હા..! ભગવાનનું શરીર બાળપણે હોય અને ઇન્દ્ર એકાવતારી જોવે છે આમ. બે આંખે તૃપ્તિ નથી થતી તો હજાર આંખ કરે છે, પણ એ તો શરીરની લાવણ્યતા. અહીં કહે છે, સ્ત્રીઓની આંખને આનંદ પમાડનારા હરખ થાય એવા **'શરીરલાવણ્યના વિસ્તારથી થતો જે આત્મ-અહંકાર તે માન છે.'** આહા..હા..! મારું શરીર કેવું રૂપાળું છે! અરે બાપા! શરીર ક્યાં? આ તો માટી જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેની શરીરની નરમતા અને અનુકૂળતાના અવયવ પાસે કામિનીના લોચન ત્યાં હરખ પામે કહે છે એવા શરીર હોય એને. એના અભિમાન. બાપા! આત્માના સ્વભાવની એને ખબર નથી. આહા..હા..! એને આત્મા આનંદનો નાથ છે એની શ્રદ્ધાનો વિશ્વાસ એને નથી. એથી આમાં એને બળમાં આ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જેનો આત્મા આનંદનો નાથ સાગર પડ્યો છે... ઓહો..હો..! કેવળજ્ઞાની અનંત આનંદને પ્રાપ્ત થવા છતાં અનંત આનંદ છે એમાં કાંઈ ખૂટ્યું નથી, ખૂટતું નથી, હીણું થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિહાલભાઈએ લખ્યું છેને કે પાપમાં પાપ અશુભ તીવ્ર મિથ્યાત્વ આદિ હોય, પણ મારી વસ્તુમાં ક્યાંય હાનિ પામતી નથી. અને કેવળજ્ઞાની અનંત પર્યાય પ્રગટી હોય, પણ મારી વસ્તુમાં કાંઈ વૃદ્ધિ થતી નથી. હું તો જેવો છું એવો છું. હું એ કોણ? વસ્તુ. કોણ જાણે છે ઈ? પર્યાય એમ જાણે છે કે આહા..હા..! આ હું મોટો ખાણ પ્રભુ પરમાત્મા એમાં મારામાં હીણી કે અધિકતા કોઈ થતી જ નથી. હું તો જેવો છું એવો અનાદિ-અનંત છું. સમજાણું કાંઈ? આહા..હા..! એવા આત્માનો અંદરમાં ભરોસો સમ્યગ્દર્શનમાં આવવો એને અહીંયાં ભાવશુદ્ધિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહંકાર તે માન. માન આવ્યુંને ઈ? એ વસ્તુમાં નથી એમ કહેવું છે. નિરંજન નિરાકાર ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એમાં આવો અહંકાર છે નહિ. એક બોલ. માન થઈને એક બોલ થયો. એ બધા સાત થઈને એક બોલ થયો.

**'ગુપ્ત પાપથી માયા હોય છે.'** ગુપ્ત અંદર ઊંડા-ઊંડા હૃદયમાં માયા. પણ એ માયા વસ્તુમાં છે નહિ. આહા..હા..! **'યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ...'** જ્યાં જરૂરિયાત છે ત્યાં લક્ષ્મીને વાપરતો નથી અને ન જરૂરિયાત ત્યાં માન માટે (વાપરે) એ લોભી પ્રાણી કહેવાય છે, કહે છે. સમજાણું કાંઈ? **'યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ...'** યોગ્ય સ્થળ (એટલે) જ્યાં જરૂરિયાત છે ત્યાં લક્ષ્મીનો વ્યય કરતો નથી એ લોભી પ્રાણી છે. એ લોભ

આત્મામાં નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત.

બીજો પ્રકાર '**નિશ્ચયથી સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ જેનું લક્ષણ (સ્વરૂપ) છે...**' ભગવાન આત્માનું (લક્ષણ) તો રાગ આદિથી માંડીને પરિગ્રહ બધો એનો જેના સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! આત્માના જુઓને ગાણા તો કેવા છે પણ!! આહા..હા..! '**નિશ્ચયથી સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવા નિરંજન નિજપરમાત્મતત્ત્વના...**' લ્યો! એવું નિરંજન નિજપરમાત્મ પોતાનો આત્મા હોં એમ કહે છે અહીં. આહા..હા..! '**એવા નિરંજન નિજપરમાત્મતત્ત્વના...**' દેખો, આ પરમાત્મતત્ત્વ નિજસ્વરૂપ. '**એના પરિગ્રહથી...**' એને પોતાના જાણવાના માનવાથી '**અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર તે લોભ છે.**' એક રજકણને પણ સ્વીકારવો તે લોભ છે. ભગવાન આત્મામાં એ કોઈ ચીજ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** .. રહેવાય જ નહિ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં રહેવું છે? એને આત્મામાં રહેવું છે .. કોણ લે અને કોણ દે? આહા..હા..! માર્ગ તો આવો છે, બાપા! એ રાગમાં પડ્યો હોય સમકિતી તોપણ પરમાં અહંકારનો જેને અભાવ છે. છન્નું કરોડ પાયદળ અને છન્નું હજાર સ્ત્રી. સમકિતી (એમ માને છે કે) એમાં હું નહિ, એ મારા નહિ. આહા..હા..!

**શ્રોતા :–** બે ભાઈઓ સમ્યગ્દષ્ટિ જગડે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જરી રાગનો ભાગ અસ્થિરતાનો. વસ્તુમાં દોષ નથી. એ ચારિત્રના એવા બધા દોષ. આહા..! રામ સીતા માટે (રૂદન કરે છે). સમકિતી છે, જ્ઞાની છે, પણ ચારિત્રદોષ છે.

**શ્રોતા :–** પછી સાધારણ માણસ બાધે એમાં નવાય શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સાધારણ નથી, આ તો મહા પુરુષોત્તમ પુરુષ હતા, પણ એના પુણ્યના પ્રકારમાં આવી જરી ખામી હતી તો એને થઈ ગયું રાગમાં. સીતા! મારી સીતા! એક તો એ સ્ત્રી તરીકે હતી અને એક સાધર્મી ધર્મી તરીકે. ધર્મી તરીકે. આહા..હા..! સીતા ક્યાં છે? પર્વતને પૂછે, ઝાડને પૂછે. આહા..! આવા ગાંડા! ચારિત્રના ચાળા એવા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** સમ્યગ્દષ્ટિ જે કરે એ બધું માફ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના; એની અંદર ત્રડ પડી ગઈ છે. રાગ અને સ્વભાવ વચ્ચે ત્રડ પડી છે. એકતાબુદ્ધિ ગઈ છે. આહા..હા..! અસ્થિરતા બુદ્ધિ રહી છે, પણ એકતાબુદ્ધિ ગઈ છે. આહા..હા..! અરે! એને કોણ જાણે? ભાઈ! આહા..હા..! સમકિતનો અર્થ જ એની દૃષ્ટિમાં પરનું એકત્વ ટળી ગયું છે. પર્યાયનું દ્રવ્ય સાથે એકત્વ જ્યાં ટળ્યું છે તો પછી બીજાની શું વાત કરવી? આહા..હા..! જે પર્યાયમાં એકત્વ હતું એ દ્રવ્યમાં એકત્વ થયું છે.

આહા..હા..! સમજાણું કાંઈ? આવા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર લોકાલોકના દેખનારા પ્રભુ આમ કહે છે, ભાઈ! આહા..હા..! આ તો જિનેન્દ્રનો માર્ગ ક્યાંય દુનિયામાં બીજે છે નહિ. આ રીતની રીત જ નથી. આહા..હા..!

જ્યાં આગળ વિકલ્પ, અરે! પર્યાય એક સમયની એથી એકત્વબુદ્ધિ ગઈ છે, લ્યો! આહા..હા..! પર્યાયમાં બાર અંગનું જ્ઞાન હોય, પણ એ પર્યાયનું જ્ઞાન સાચું હોં, પણ છતાં દ્રવ્યની એકતામાં પર્યાયબુદ્ધિની એકતા ટળી ગઈ છે. એ બાર અંગનું જ્ઞાન પર્યાય તે હું નહિ, તેટલો હું નહિ. આહા..હા..! મારો ખજાનો જ્ઞાનનો, આનંદનો પૂર્ણ ભર્યો છે. અરે ભાઈ! તું કોણ છો? બાપુ! તને ખબર નથી. આ શરીર ને વાણી ને મન ને ધૂળધાણી. અને બહુ તો અંદરમાં પુણ્ય અને પાપના ભાવ જે બધા જોઈને ટાળવા જેવા એને ઠેકાણે કહે કે આ મારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લોભ થયોને?

'**એવા નિરંજન નિજપરમાત્મતત્ત્વ...**' ઓહો..હો..! ભગવાન નિરંજન, અંજન નથી. નિજપરમાત્મતત્ત્વ ત્રિકાળ એના પરિગ્રહથી. એને અંદર પકડ્યો એ નિજતત્ત્વ આત્મા જેનો પરિગ્રહ છે. ધર્મીને તો નિજ આત્મા જ પરિગ્રહ છે. આહા..હા..! પરિ નામ સમસ્ત પ્રકારે ગ્રહ્યો અને આમ પકડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો નિયમસાર છે અને તે પણ કુંદકુંદાચાર્ય કહે છે કે મેં મારી ભાવના માટે આ બનાવ્યું છે. આહા..હા..! મારી નિજભાવના માટે આ નિયમસાર રચ્યું છે. આહા..હા..! એ બીજાને સંભળાવવાની શૈલીમાં આમ આવે છે. અમારી ભાવના આ હતી. અમે આ નહિ... આ નહિ... પર્યાયમાં ઉઘાડ દેખાય એટલા અમે નહિ. એને ઠેકાણે પરલક્ષીજ્ઞાન એ તો એને હોઈ શકે નહિ. આહા..હા..!

અહીં તો પર્યાયબુદ્ધિનો અહંકાર છોડાવી અને દ્રવ્યબુદ્ધિનું અહંપણું પ્રતીત કરાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા ઉપદેશ. લોકોને બિચારાને એવું લાગે કે નિશ્ચયવાદીઓ આવું કહે છે. પણ પ્રભુ સાંભળને, ભાઈ! નિશ્ચયસમ્યગ્દર્શન વિના વસ્તુ કાંઈ ગણવામાં આવતી જ નથી. અને વ્યવહારસમકિત થાય માટે નિશ્ચય થાય એ ત્રણકાળમાં નથી. અરેરે!

**શ્રોતા** :- નિશ્ચયસમકિત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કીધુંને, ત્રિકાળ આનંદનો નાથનો અનુભવ અને પ્રતીત થવી તે નિશ્ચયસમકિત છે. ... સમકિતના લક્ષણ છે એમ કરીને (વ્યાખ્યા કરે) એ તો વ્યવહારની વાત છે. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ, ચૈતન્યસ્વભાવભાવ જેની દૃષ્ટિમાં પકડાઈ ગયો છે. પરિગ્રહ કીધોને? આહા..હા..! જે પર્યાયની પક્કડ હતી, રાગની પક્કડ હતી.. આહા..હા..! એ છૂટીને આમ ત્રિકાળી નિજ નિરંજન પરમાત્મા એનો જેને અંતર પક્કડ થયો એ નિશ્ચય સમકિતી છે. કહો, સમજાણું કાંઈ? કહ્યુંને જુઓને!

'**એવા નિરંજન નિજપરમાત્મતત્ત્વના...**' જેને આ ચાર (દોષ) નથી. અહંકાર નથી, માયા નથી, લોભ બે પ્રકારના કહ્યાને? એ જેનામાં નથી. '**એવા નિરંજન નિજ**

**પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર...**' આહા..હા..! '**તે લોભ છે.—આ ચારેય ભાવોથી પરિમુક્ત...**' છે પ્રભુ તો. શુદ્ધભાવ જે ત્રિકાળ છે એ ચારેય ભાવથી પરિ-સમસ્ત પ્રકારે રહિત છે અને જેને એ શુદ્ધભાવ પરથી રહિત છે એમ ભાસ્યો એની પર્યાયમાં પણ ચાર ભાવથી રહિત શુદ્ધભાવ આવ્યો. સમજાણું કાંઈ? આવી કથા. આહા..હા..!

'**શુદ્ધભાવ તે જ ભાવશુદ્ધિ છે...**' જોયું! પહેલો તો ત્રિકાળ જે ભાવ શુદ્ધ છે તે જ ભાવશુદ્ધિ છે અને એ ત્રિકાળભાવ સ્વભાવ છે એનો સ્વીકાર કર્યો તો પર્યાયમાં ભાવશુદ્ધિ થઈ. એ પર્યાય પ્રગટ પર્યાય આલોચના કહેવામાં આવે છે. આહા..હા..! ભાષા જુદી, ભાવ જુદાં. ગંભીર તત્ત્વ છે, ભાઈ! આહા..હા..! '**એમ ભવ્યજીવોને...**' જોયું! '**એમ ભવ્યજીવોને...**' લાયક જીવોને. આહા..હા..! આમ કોણે કહ્યું કોને? કોણે કહ્યું કોને? ભવ્યજીવોને કહ્યું ભગવાને. આહા..હા..! '**ભવ્યજીવોને લોકાલોકદર્શી,...**' લોક અને અલોકના દેખનારા '**પરમવીતરાગ...**' પરમવીતરાગ. '**સુખામૃતના પાનથી પરિતૃપ્ત...**' આહા..હા..! કેવા છે કેવળી અરિહંત પરમાત્મા? એની વાત છેને અહીંયાં? કહ્યું એને કહેવું છેને? સિદ્ધ છે એની અહીં ક્યાં વાત છે? આહા..હા..!

જે સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ '**ભવ્યજીવોને...**' '**પરમવીતરાગ સુખામૃતના પાનથી પરિતૃપ્ત એવા...**' આહા..હા..! પરમસુખરૂપી અમૃતના પીણાથી. નિર્વિકલ્પ આનંદનું પીણું દરરોજ પીવે છે. આહા..હા..! સમજાણું કે નહિ? આ સવારે હંમેશા ઉકાળા પીવે છે કે નહિ ચાના? વળી કોક તો બે વાર ચા પીવે છે. એક સવારે અને એક બપોરે. એય..! ઉકાળા. અહીં તો પરમાત્મા તો નિરંતર સુખામૃતના નિર્વિકલ્પના પીણા હંમેશા પીવે છે. આહા..હા..! એવા ત્રિલોકનાથે ભવ્ય જીવને માટે આમ કહ્યું છે. સમજાણું કાંઈ? '**પરિતૃપ્ત એવા અર્હંતભગવંતોએ...**' કેટલા શબ્દો વાપર્યા છે! લોકાલોકદર્શી, પરમવીતરાગ, સુખામૃતના પાનથી પરિતૃપ્ત અરિહંત ભગવંત. અર્હંત ભગવંત જેને કોઈ રહસ્ય બાકી નથી. આહા..હા..! એવા અર્હંત ભગવંતોએ ભાવશુદ્ધિનું સ્વરૂપ એમ કહ્યું હતું. આહા..હા..! એ આચાર્ય કહે છે કે અમે કહીએ છીએ. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ-૧૫, સોમવાર, તા. ૦૩-૧૧-૧૯૭૫
## કળશ-૧૭૧-૧૭૨, પ્રવચન નં. ૮૩

(દિવાળીના દિવસનું પ્રવચન.)

આ નિયમસાર મોક્ષનો માર્ગ. એમાં પરમ-આલોચનાનો અધિકાર છે. ૧૧૨મી ગાથાના ૯ કળશો છે. ૧૭૧ કળશ.

(मालिनी)

अथ जिनपतिमार्गालोचनाभेदजालं
परिहृतपरभावो भव्यलोकः समन्तात्।
तदखिमवलोक्य स्वस्वरूपं च बुद्धा
स भवति परमश्रीकामिनीकामरूपः।।१७१।।

'**શ્લોકાર્થ :- જે ભવ્યલોક (ભવ્યજનસમૂહ)...**' લાયક જીવસમૂહ એની વાત લીધી છે. આહા..હા..! '**જિનપતિના માર્ગમાં કહેલ...**' જિનેન્દ્રદેવ, તીર્થંકરદેવના માર્ગમાં કહેલ. '**સમસ્ત આલોચનાની ભેદજાળને અવલોકીને...**' આલોચનાના ભેદ છેને બધા ચાર? આ ચોથો થઈ ગયોને? આલોચના, આલુંછન, અવિકૃતિકરણ, ભાવશુદ્ધિ. એવા ભેદના જાળને એટલે પ્રકારને '**અવલોકીને...**' જાણે એને. '**તથા નિજસ્વરૂપને જાણીને...**' આહા..હા..! નિજસ્વરૂપ જે સચ્ચિદાનંદ પ્રભુ તેને જાણે. નિજસ્વરૂપ જે ત્રિકાળી અતીન્દ્રિય આનંદસ્વરૂપને જાણીને. કોઈ એમ કહે કે ભાઈ! આ માર્ગને પામનારા તો બહુ થોડા હોય. ભાઈ! થોડા પણ હોઈ શકે છેને? સમજાણું કાંઈ? અને બીજા ન પામે તરત તો એનો પક્ષ તો કરી શકે છેને? આહા..હા..! શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ છે એનો એની શ્રદ્ધામાં પક્ષ તો કરશે કે નહિ? આહા..હા..! .. ગુણસ્થાને પણ જિન, ગણધરને પણ જિન. એના ... તીર્થંકર સર્વજ્ઞદેવ એના માર્ગમાં કહેલ. એ માર્ગમાં કહેલ. અજ્ઞાનના માર્ગમાં તો એ વાત છે જ નહિ. આહા..હા..!

'**નિજસ્વરૂપને જાણીને...**' આલોચનાના ભેદને જાણે અને નિજસ્વરૂપને જાણે. '**સર્વ તરફથી પરભાવને છોડે છે,...**' આહા..હા..! વાત તો નાસ્તિથી પહેલી કરે છે. મોહભાવ જે પરતરફના સાવધાનીના વિકલ્પો એને નિજસ્વરૂપને અનુભવતા તેને છોડે એમ કહે છે. આવો માર્ગ માણસને.. પંડિતો પણ વિરોધ કરે છે કે નહિ. એનો માર્ગ વ્યવહાર હોય તો જ થાય. અરરર! હવે આ તો વિકલ્પ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ તો અનંતવાર કર્યા. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ થઈ, શુક્લલેશ્યા ચામડા ઉતરડીને ખાર છાંટે, ક્રોધ ન કરે

એટલી સમતા મિથ્યાદષ્ટિપણે આત્માના આશ્રય વિના (કરી). એવું તો અનંતવાર કર્યું, પણ સ્વાઆશ્રય વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. પરાશ્રયની ગમે તેટલી ક્રિયા હોય, એનાથી કાંઈ આત્મજ્ઞાન ન થાય. એથી કહે છે કે **'સર્વ તરફથી પરભાવને છોડે છે,...'** સ્વસ્વરૂપને જાણી અને પરભાવને છોડે એમ. સમજાણું કાંઈ? ભાઈ! આ તો જન્મ-મરણ મૂકાવાના પંથ સાધારણ રીતે હોય તો એવું અનંતવાર ક્રિયાઓ કરી છે. જાણપણા પણ નવ પૂર્વની લબ્ધિના અનંતવાર થયા છે. વિભંગ અજ્ઞાન પણ અનંતવાર થયું છે, જેનાથી સાત દ્વીપ અને સાત સમુદ્ર જોવે અંદર એવું વિભંગજ્ઞાન પણ અનંતવાર થયું છે. આહા..હા..!

**શ્રોતા :-** ... મનુષ્ય નથી થયા એને કથા...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને એ થયું છે એ શક્તિરૂપે એમ કહેવાય. એમ કહ્યું હતુંને પહેલું? **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा'** સર્વ જીવે રાગ કરવો અને રાગ ભોગવવો એ વાત બધા જીવે અનંતવાર સાંભળી એમ પાઠ આવ્યો. તો એકેન્દ્રિય નિગોદમાંથી નથી નીકળ્યાને. એ વાત થઈ હતી. આહા..હા..! એની શક્તિમાં એ અનંતવાર રખડે છે એવી શક્તિ પડી છે એથી અનંતવાર રખડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ત્યાં તો એમ કહ્યું **'सव्वस्स वि काम'**. રાગને કરવો અને રાગને ભોગવવો એ વાત તો સર્વ જીવે અનંતવાર સાંભળી છે, અનંતવાર પરિચયમાં આવી છે અને અનંતવાર એને અનુભવમાં પણ લીધી છે. આહા..હા..! **'सव्वस्स वि'** શબ્દ પડ્યો છે ત્યાં અને એક બાજુ કહે કે નિગોદમાંથી હજી અનંતા જીવો નીકળ્યા નથી. કેટલી બધી જીવની રાશિ નિગોદમાં પડી છે. અનંત કાળે એને ઈયળનો અવકાશ નથી. માણસ થવું અને આર્યકુળમાં જન્મ ને વીતરાગની વાણીને સાંભળવાનો યોગ એ મહાદુર્લભ છે. સમજાણું કાંઈ? અનંતવાર નિગોદમાં રહ્યો, છતાં શાસ્ત્ર તો એમ કહે કે એને પણ કામભોગની વાત અનંતવાર સાંભળી. હજી માણસ થયો નથીને? એને રાગની રુચિથી એકત્વબુદ્ધિ છે એથી રાગને સાંભળ્યો છે અને રાગનો એને અનુભવ છે. આહા..હા..!

આત્મા અનંત અનાદિ છે. એ અનાદિ છે એની આદિનો અંત ક્યાં? અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આમ કાળ ગયો તો ક્યાંય આદિ નથી. અનંત સાગરોપમનો એક ભવ હોય તોપણ એવા તો અનંત... અનંત... અનંત... ભવ થઈ ગયા. આ તો બે સાગરની સ્થિતિ કે ૩૧ સાગરની સ્થિતિ. સમજાણું કાંઈ? અને તે પણ બહાર નીકળેલા જીવો એવી કોઈ રાગની મંદતામાં આવે અને સ્વર્ગમાં જાય. તો કહે છે કે એ વાત તો તેં સાંભળી છે. નિગોદમાંથી નથી નીકળ્યા એણે પણ સાંભળી છે એમ અમે તો કહીએ છીએ. આહા..હા..! કારણ કે સાંભળવાનો જે ભાવ, રાગની એકતાબુદ્ધિ તો ત્યાં પડી છે. એટલે સાંભળ્યું ને ટેવાઈને અનુભવમાં એ આવી ગયું છે અનંતવાર. આહા..હા..! સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહે કે દરેક દ્રવ્ય પરમાણુ જે છે એને અનંતવાર ફેરવી નાખ્યા પર્યટનમાં, દ્રવ્ય પુદ્‌ગલપરાવર્તનમાં. એક બાજુ એમ કહે કે હજી અનંતગુણા એવા પુદ્‌ગલ પડ્યા છે કે કોઈ દિ' એણે ગ્રહ્યા જ નથી. સમજાણું કાંઈ? એ વાતને સમજવી જોઈએને. એટલા પુદ્‌ગલો પડ્યા છે કે અનંતકાળમાં કોઈ દિ' હજી ગ્રહ્યા જ નથી. એટલા પુદ્‌ગલ. આત્માની સંખ્યા કરતા અનંતગુણા પરમાણુ પુદ્‌ગલો છે અનંતગુણા. આત્માની સંખ્યા અનંત એથી અનંતગુણા. આહા..હા..! એક બાજુ એમ કહે કે દરેક દ્રવ્યમાં... આવ્યું હતુંને આપણે નહિ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ પરાવર્તન પાંચ. પાંચ પરાવર્તન અનંતવાર કર્યા. એ પાંચ પરાવર્તનને મૂકવાનો ઉપાય પંચમભાવનો આશ્રય લેતા જે પર્યાય થાય એ મૂકવાનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે '**જિનપતિના માર્ગમાં...**' આહા..હા..! જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણાનંદ જે વસ્તુ એ સિવાય બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આ બધા ઘણા અત્યારે તો ચાલે છેને સાંઈબાબા, શું કહેવાય ઓલો? રજનીશ.

**શ્રોતા :-** ... લાભ આપે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય લાભ આપતા નથી. મિથ્યાત્વનો લાભ છે એને પોતાને પણ. માર્ગ ભાઈ! બીજી જાતનો છે. આહા..હા..! એ પોતે જ મિથ્યાદૃષ્ટિ છે. હજી એને વસ્તુની ખબર નથી. શું થાય? તો આ વાત તો આકરી લાગે.

**શ્રોતા :-** ભગવાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન તો એવા ત્રણ છે કોક સાંભળ્યા છે. એક બાઈ પણ ભગવાન છે ક્યાંક મહારાષ્ટ્રમાં. એવું સાંભળ્યું છે. નામ આવ્યું છે. ભગવાન. નામ આપવામાં શું? આ ભગવાન નામ નથી આપતા? ભગવાનદાસ. ભગવાનદાસ નહિ આ તો ભગવાન. 'હું ભગવાનસ્વરૂપ છું' એમ સમ્યગ્દર્શનમાં અનુભવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? હું તો લોકાલોકનો જાણનાર જ્ઞાનસ્વભાવ તે જ હું છું. વર્તમાન પ્રગટ ભલે ન હો, પણ હું તો લોકાલોકનો જાણનાર, અનાદિ-અનંત સંસાર એનો પણ જાણનાર, આહા..હા..! અનાદિ શાંત સંસાર એનો પણ જાણનાર, અનાદિ-અનંત સિદ્ધપદ, મુક્તિપદ એનો પણ જાણનાર અને સાદિઅનંત સિદ્ધ એક થાય એનો પણ હું જાણનાર. આહા..હા..! એવું સ્વરૂપ જિનપતિ સિવાય, વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! લોકોને એવું લાગે છે કે આ જૈનધર્મ એ શ્રાવકનો ધર્મ. આ ટીલાટપકાં કરે અને દેરે જાય ને, પણ આ ધર્મ જ આત્માની વાત છે.

**શ્રોતા :-** કંદમૂળ ન ખાય, લીલોતરી ન ખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કંદમૂળ ન ખાય તો શું દાળીયા થયા? આખો રાગ પોતાનો માને છે, રાગને ખાય છે ત્યાં કંદમૂળ વળી ન ખાય. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી

કહ્યું હતુંને 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન.' એ વસ્તુસ્વરૂપ જ એવું. જિનેન્દ્રસ્વરૂપ જ આત્મા છે. જિનેન્દ્ર એટલે વીતરાગસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ સ્વભાવી જ આત્મા છે ત્રિકાળ અને એનો સ્વભાવ છે તે પણ જિનધર્મ છે. એ જિન એટલે આત્માનો એ સ્વભાવ છે. એવું જેણે અંતર માન્યું અને અનુભવ્યું એની પરિણતિમાં વીતરાગપણાનો ભાવ આવે એને પ્રગટ જૈનધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ આકરું!

લોકોએ વીતરાગમાર્ગને એવો કરી નાખ્યો છેને. અને જ્યારે આવું કહે કે આ તો અધ્યાત્મની વાતું કરનારા નહિ પહોંચે અંદર, વ્યવહારને છોડી દે છે. વ્યવહાર સંસારનું કારણ... પણ સાંભળતો ખરો, બાપુ! ભાઈ! અરે! ટાણા આવ્યા અને હવે રહેવા દે આવું. આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ છેને, ભાઈ! તારી મૂડી તારી પાસે પૂરી છે. આહા..હા..! એવા અખંડ આત્મા ઉપર રુચિ કરવી, પોષાણમાં આવવું એ તું ન કરી શકે? સમજાણું કાંઈ? આહા..હા..! અરે! પછી તો એને કરવું છે શું? પુણ્ય અને પાપના ભાવ કરે, ભોગવે અને ચાર ગતિમાં રખડે એમાં વસ્તુ ક્યાં આવી?

વસ્તુ પોતે ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાયકભાવ આહા..હા..! છઠ્ઠી ગાથામાં તો કહ્યુંને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' અપ્રમત્ત અને પ્રમત્ત કોઈ અવસ્થા જ જ્ઞાયકમાં નથી, કહે છે. આહા..હા..! કઈ અવસ્થા જ્ઞાયકમાં હોય? આહા..હા..! શુદ્ધ એક સમયની પર્યાય શુદ્ધ થાય સાધકની એ તો એમાં દ્રવ્યમાં જાય કે નહિ? ભળે કે નહિ? આહા..હા..! અહીં તો પહેલા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રમત્ત છે, સાતમાથી ચૌદ સુધી અપ્રમત્ત છે. એ કોઈ અવસ્થા '**ण वि होदि अप्पमत्तो**' ત્યાંથી ઉપાડ્યું. પહેલું અપ્રમત્તથી ઉપાડ્યું. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' એ તો જ્ઞાયકભાવ જાણક-જાણક રસ, જાણકસ્વરૂપ, જાણક નિત્ય વસ્તુનો ભાવ એ નિજસ્વરૂપ જે જ્ઞાયક છે તે છે એ તો. પછી ગુણસ્થાનના ભેદો એ બધા વ્યવહારનયના વિષય છે. અશુદ્ધનયની કથની છે ઈ. એમાં આવે છે છઠ્ઠી ગાથામાં. છેલ્લે ભાવાર્થમાં છેલ્લે. આ તો અશુદ્ધનયની કથની (છે) એમ લીધું છે ત્યાં. ભાઈ! છઠ્ઠી ગાથા સમયસાર છેલ્લે.

**શ્રોતા :-** ...અશુદ્ધતા પણ વસ્તુનો ધર્મ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પહેલા કહ્યું. આ તો છેલ્લે સરવાળો (કરતાં કહ્યું છે કે) અશુદ્ધતાની કથની છે. છે? છેલ્લે એમ કીધું છે. '**શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ** છે...' એ તો આવ્યું. વસ્તુસ્વરૂપ એ પણ અહીં આવ્યું. '**અહીં,** (જ્ઞાયકભાવ) **પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાંથી માંડીને અપ્રમત્ત કહેવાય છે, પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે;...**' છેલ્લું. '**શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.**' ચૌદ ગુણસ્થાન. 'તેરમું ગુણસ્થાન તારું નહિ.' અમારે બોલતાને એક?

તલકચંદભાઈ! લાઠીમાં નહિ તલકચંદભાઈ. 'તેરમું ગુણસ્થાન તારું નહિ.' આહા..હા..! '(જ્ઞાયકભાવ) **પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાંથી માંડીને અપ્રમત્ત કહેવાય છે, પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે;...'** એટલે વ્યવહારનયની કથની છે. પર્યાય એની છે એ અપેક્ષાએ અશુદ્ધનય કીધી, પણ ભેદ છે માટે એ વ્યવહાર છે. આહા..હા..! અને ૬૫માં આવે છેને, ૧૪મામાં નહિ? ઉપર તરે છે ઉપર. ૧૪-૧૪ ગાથા નહિ? ૧૪મી ગાથા છે. અંદર પેસતા નથી. આહા..હા..! એ છે. '**प्रतिष्ठाम् न हि विदधति**' 'પર્યાયો પ્રતિષ્ઠા પામતા નથી. કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે.' આહા..હા..! 'એકરૂપ છે.' આહા..હા..! 'અને આ ભાવો તો અનિત્ય છે.' આહા..! કેટલી શૈલી કરી છે! 'અનેકરૂપ છે, પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી.' આહા..હા..! દ્રવ્યસ્વભાવ સત્ત્વ એકલો ભાવ, ભાવવાનનો ભાવ એકલો જ્ઞાયકભાવ એમાં પર્યાયો પ્રતિષ્ઠા પામતી નથી. સર્વજ્ઞ જિનેન્દ્રદેવમાં આ વાત છે. બીજે આ પર્યાયને એક-એક પર્યાયને દેખો... આહા..હા..! કહે છે કે એ પર્યાયો ઉપર જ રહે છે. છેને? (સમયસાર, શ્લોક-૧૧). '**प्रतिष्ठाम् न हि विदधति**'. એને દ્રવ્યનો આધાર મળતો નથી, અદ્ધર રહે છે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો વિકારી પર્યાયની વાત છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! બધી પર્યાયની વાત છે. કેવળજ્ઞાનની પર્યાય પણ અંદર પ્રવેશ કરતી નથી. અરે! સિદ્ધની પર્યાય પણ દ્રવ્યમાં પ્રવેશ કરતી નથી. આવી વાત છે, ભાઈ! જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એનું કથન કોઈ અલૌકિક છે! એને સમજવા માટે ઘણી પાત્રતા જોઈએ! અને એને પરિણમવા માટે તો અનંત પુરુષાર્થ જોઈએ! આવો માર્ગ, બાપુ!

**શ્રોતા :-** અગુરુલઘુની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અગુરુલઘુની પર્યાય ઉપર તરે છે, અંદર જતી નથી. ષટ્ગુણ હાનીવૃદ્ધિ એ પર્યાયમાં છે. વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? નિત્ય કીધુંને? દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે. આ તો કેટલી વાર વંચાઈ ગયું છે. ૧૭ વાર તો વંચાઈ ગયું છે.

ભગવાન આત્મા પર્યાય અને દ્રવ્ય બે અંશ. હવે બે અંશ છે એમાં દ્રવ્યમાં પર્યાયનો અંશ અંદર પેસતો નથી. પેસે તો દ્રવ્ય અને પર્યાય બે રહેતા નથી. દ્રવ્ય અને પર્યાય થઈને પ્રમાણનો વિષય છેને આખી ચીજનો. હવે પર્યાય જો અંદર પેસે તો પછી વ્યવહારનયનો વિષય તો રહ્યો નહિ. સમજાણું કાંઈ?

એકલો ચૈતન્યસ્વભાવ, ચૈતન્યશક્તિ અસ્તિ સામર્થ્ય, જેનો ચૈતન્ય શક્તિ સ્વભાવ સામર્થ્ય, એમાં પર્યાયનો પ્રવેશ નથી. પર્યાયને એનો આધાર મળતો નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ એમ કહે કે એ પર્યાયને આધારે આત્મા સમજાય માટે પર્યાય આધાર છે દ્રવ્યનો. એય..! આહા..હા..! સંવર (અધિકાર). આ તો ઘણીવાર આવ્યું છે. ચૈતન્ય

હીરલો ભગવાન નિત્યાનંદ પ્રભુ એની ઉપરની જે પર્યાય છે એ પર્યાયને આધારે આત્મા જણાય માટે એનો આધાર પર્યાય કીધી છે. આહા..હા..! નિર્મળ પર્યાયમાં જણાય છેને? ધ્રુવમાં ધ્રુવ જણાય? આહા..હા..! બહુ માર્ગ, ભાઈ..!

**શ્રોતા :-** પર્યાય ધ્રુવને અડી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અડી નથી. આહા..હા..!

કહ્યું હતુંને ૪૯ ગાથામાં નહિ? પાંચમો બોલ છે. વ્યક્તને-અવ્યક્તને એક સાથે જાણવા છતાં ભગવાન આત્મા વ્યક્તને સ્પર્શતો નથી. આ પાંચમો બોલ છે ૪૯ (ગાથામાં). આ બધું છે મગજમાં. આ તો આધાર આપીએ વચ્ચે શાસ્ત્રનો. સમજાણું કાંઈ? પાંચમો બોલ છેને એ. છ દ્રવ્ય છે તે વ્યક્ત છે, જ્ઞેય છે એનાથી ભગવાન આત્મા અવ્યક્ત છે એટલે એનાથી જુદો છે. એનો અર્થ પછી કર્યો હતોને ભાઈએ? (ધર્મદાસ) ક્ષુલ્લક. સાતમું થઈ જાય છે એ એમાંથી કાઢ્યું છે. છ બોલમાં પહેલા બોલમાંથી કાઢ્યું, આત્મા સાતમો થઈ જાય છે. કેમકે છ દ્રવ્ય એ જ્ઞેય છે અને તે વ્યક્ત છે. તો પર્યાયમાં તે જણાય છે તે પર્યાય વ્યક્ત છે. ભગવાન આત્મા તે સાતમું દ્રવ્ય છે. એ લોકોમાં તો બ્રહ્મચારી ક્ષુલ્લક વસ્તુસ્થિતિવાળા હતાને. સારા નિજઘરમાં અવતર્યા અને એમાં આ વાત પાછી પેસી અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ જે દ્રવ્યસ્વભાવ અહીં કીધો એમાં એક અથવા એ દ્રવ્ય પર્યાયને અડતું નથી. એ દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. એવો જે ભગવાન આત્મા તે અવ્યક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને (અલિંગગ્રહણના) ૧૮, ૧૯, ૨૦માં એ કીધું. આ ધીરૂભાઈ ગયા હતાને, લાલચંદભાઈ! રાજકોટ. અમારે જીવાજીભાઈ. જીવાજીભાઈ આવ્યા બિચારા, ધ્રુજે શરીર. લોટીયા વોરા છે. અહીં પરિચય ૮૯ની સાલથી અહીં સાંભળવાનું. પછી કહે. એકવાર આવ્યા હતા દીકરા સાથે. મહારાજ! આ અલિંગગ્રહણના ૧૮, ૧૯, ૨૦ બોલ તો. આહા..હા..! એટલે કે ઓહો..હો..! ૧૮, ૧૯, ૨૦ સંભાર્યું એને લ્યો! એય..! બાબુભાઈ! તમારા વાડામાં પડ્યા એને કાંઈ ખબર ન મળે. ઓલો મુસલમાન. એ કહે કે મહારાજ! અમે મુસલમાન .. આ વસ્તુ મળી અમે ચોક્કસ મોક્ષમાં જાશું, એમ કહે. અમારો મોક્ષ થશે. આ ત્રણ બોલની વ્યાખ્યામાં રાજી-રાજી. હવે આને સાંભળ્યું હોય તો ત્રણ બોલ શું કહે એ ખબર ન હોય. ૧૮, ૧૯ અને ૨૦.

ભગવાન આત્મા અર્થાવબોધ એવો જે ગુણ એને એ સ્પર્શતો નથી અભેદ. અભેદ ભેદને સ્પર્શતો નથી. આહા..હા..! જયસુખભાઈ! ઓલા મુસલમાન લોટિયા વોરા હતા. જીવાજીભાઈ નામ છે. બે-ચાર હતા એવા હોં. એક-બે મરી ગયા બિચારા. આને તો એવી ખુશી-ખુશી. આહા..હા..! ૧૮, ૧૯, ૨૦ બહુ વાત કમાલ કરી છે એમ કહે. વસ્તુ જે છે, વસ્તુ જે છે. આહા..હા..! એ ગુણ અને ગુણના ભેદને પણ આલિંગન કરતી નથી. આહા..હા..! બીજો

૧૯ બોલમાં વસ્તુ છે તે પર્યાયને અડતી નથી. આહા..હા..! માટે તેને અવ્યક્ત કહીએ. એ છઠ્ઠીમાં આવે. તેથી તેને અલિંગગ્રહણ કહીએ. આહા..હા..!

**શ્રોતા :-** આમાં... કથંચિત્ કહેવાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્ નહિ એકાંત છે. એકાંત આમાં છે. કથંચિત્ પર્યાયને સ્પર્શે અને કથંચિત્ ન સ્પર્શે. એમ છે?

**શ્રોતા :-** ...સ્યાદ્વાદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્યાદ્વાદ એ સ્યાદ્વાદ એનો અર્થ છે એ કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી અને પોતાના અભેદને પણ સ્પર્શતું નથી. એ અભેદમાં છે એનું નામ અનેકાંત છે. નારદ છેને, પ્રશ્ન પૂછે. પ્રશ્નનારદ એનું નામ પાડ્યું છેને. આહા..હા..!

આત્મા નિત્ય છે. કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. આત્મા દ્રવ્યે નિત્ય છે એ કથંચિત્ દ્રવ્યે નિત્ય અને કતંચિત્ દ્રવ્યે અનિત્ય છે, એમ સ્યાદ્વાદ ખરુંને? નહિ? તો ત્યાં સ્યાદ્વાદ ક્યાં ગયું ત્યારે પછી? એ દ્રવ્ય જે છે તે દ્રવ્યાર્થિકનયે નિત્ય છે, પર્યાયનયે તે અનિત્ય જ છે. એમ નહિ કે પર્યાયનયે કદાચિત્ કથંચિત્ અનિત્ય અને કથંચિત્ નિત્ય. સમજાણું કાંઈ? એવી ક્યાં ગરજ... જૈનમાં વાડા પડ્યા, પણ વાડા બાંધીને બેઠા. આહા..હા..! 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' આહા..હા..! 'અનેક વિદો વિચારે...' એવું ગાયન હતું ક્યાંક. ક્યાંક હતું આમાં. ઓલું નરસિંહ મહેતાનું નહોતું કહ્યું દાખલો આપતો હતો હું. કાલે જોયું હતું હોં. નરસિંહ મહેતા કહે છે. 'અનેક જુગ વીત્યા રે એને પંથે ચાલતા જી.' ભાઈ આવ્યા છે? મોહનભાઈ. મોહનભાઈ! છેને? નથી આવ્યા? 'અનેક યુગ વીત્યા રે એને પંથે ચાલતા રે. એ નાવ્યો નાવ્યો પંથડા કેરો રે પાર! અવિદ્યાની ઓથે રે, આત્મા ઘણો આથડ્યો રે! શોધ્યો નહિ કાંઈ અંતર ઘરનો રે સાર. શોધ્યો નહિ કાંઈ અંતર ઘરનો રે સાર, લોકરિયાની લાજે રે તાણ્યા અમે ઘુંઘટા રે.' ધણી અને બે બેઠા હોય તો લાજ ન કાઢે. જ્યાં સાસરો આવે લાજ કાઢે. કોની લાજ કાઢે છે તું? એ 'લોકરિયાની લાજે રે આ અમે ઘુંઘટા તાણ્યા.' આહા..હા..! તત્ત્વ પડ્યું રહ્યું અને લોકની લાજે અમે આમ કરીએ છીએ અને આમ કરીએ છીએ, આ કરીએ છીએ. 'લોકરિયાની લાજે રે તાણ્યા અમે ઘુંઘટા રે! તેથી અમે દીઠા નહિ જગનાથ. પ્રભુ અમ પાસે વિભુ નહોતા વેગાળા રે. પ્રભુ અમ પાસે રે! વિભુ નહોતા વેગળા રે.' પણ આત્મા સદા પોતે જ વસે છે. 'સુરજસ .. રે આકાશમાં વાદળે રે! તેથી જેમ પ્રગટે નહિ પ્રકાશ, એમ અજ્ઞાને અવરાણો પ્રભુ અમ આત્મા રે.' તેથી સર્વશક્તિનો વ્યક્તિનો નાશ શક્તિરૂપ ભગવાન એની પ્રગટતાનો નાશ થઈ ગયો છે. આહા..હા..! 'નાવરૂપી નિર્મળ રે આત્માનું ધ્યાન રે, નાવરૂપી નિર્મળ રે આત્માનું ધ્યાન.' એ પર્યાય. 'કોઈ તેના માલ.. હોય રે સંગ, જ્ઞાની સંત કહે છે શુદ્ધાત્મા જે અનુભવે રે. તિષ્ઠ જીવ ભવનો દુઃખ, તે જીવનો ભવદુઃખ આવે રે અંત.' લ્યો, આ નરસિંહ મહેતા જેવા (આમ

કહે છે). આહા..હા..! આમાં હતું હોં. જોયું હતું. પડ્યું છે. આહા..હા..! 'અવિદ્યાની ઓથે રે આત્મા અથડાણો રે.' પોતાની ચીજ શું છે એની ખબર ન મળે. આહા..હા..! નિજઘરમાં કોઈ દિ' આવ્યો નથી અને પરઘરમાંથી ખસ્યો નથી. આહા..હા..!

અહીં કહે છે કે આ '**જિનપતિના માર્ગમાં કહેલ...**' આહા..હા..! '**સર્વ તરફથી પરભાવને છોડે છે,...**' સ્વભાવને આદરીને પરભાવને છોડે, એમ કહે છે. સ્વભાવ નામ ત્રિકાળી આનંદનો સાગર પ્રભુ એનો સત્કાર કરીને, સત્‌નો સત્કાર કરીને પરભાવને છોડે છે. રાગ-દ્વેષ આદિ ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ પણ એ પરભાવ છોડે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, વળી દિવાળીને દિ' આ આવ્યું. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવની વાણીમાં પ્રભુ આવો માર્ગ આવ્યો છે. લોકોએ કંઈકનો કંઈક બગાડ કરીને લીધો. આકરો પડે પણ આકરો પણ રસ્તો હોય એ આવેને. આહા..હા..!

'**તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...**' ભગવાન આત્મા આનંદના પ્રેમે પડ્યો. અંતરના આનંદના પ્રેમે પ્રવૃત્તિ થઈ એને મોહ છૂટી જાય છે. મોહ છૂટતા મોક્ષની દશા, મોક્ષની શિવરમણીરૂપી પરિણતિ એનો એ આત્મા વલ્લભ થાય છે. એટલે મોક્ષની પરિણતિ એને એક સમય હવે છોડશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! બાપુ! આ તો જન્મ-મરણ રહિત થવાની વાતું છે. આ પુણ્ય મળે કાંઈ દયા, દાન ને વ્રત ને તપને કરે, પુણ્ય બાંધે, પુણ્યમાંથી સ્વર્ગ મળે અને આ ધૂળના શેઠિયા થાય, પાછા એ મરીને હેઠે નરકે જાય. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો, ભાઈ! એને માર્ગના મૂળને પકડ્યા વિના એની પર્યાય નિર્મળ નહિ થાય. સમજાણું કાંઈ? એવો જે માર્ગ જેને મળ્યો, કહે છે એ તો પરમશ્રીરૂપી કામિની નામ શુદ્ધપરિણતિ શિવરમણિ એ એને નહિ છોડે હવે. પૂર્ણાનંદની પ્રાપ્તિનો એને વિરહ નહિ રહે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપા! દુનિયા સાથે મેળ કરવો ભારે કઠણ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૭૧ થયો. ૧૭૨.

(वसंततिलका)

आलोचना सततशुद्धनयात्मिका या
निर्मुक्तिमार्गफलदा यमिनामजस्रम्।
शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा
स्यात्संयतस्य मम सा किल कामधेनुः।।१७२।।

ઓહો..! '**સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ...**' સમ્યક્ આત્માના ભાનસહિત જેને અંતર ચારિત્રની દશા સ્વરૂપ શુદ્ધ આનંદઘનનો વિશ્વાસ અંદરથી આવ્યો કે આ સ્વરૂપમાં હું રમીશ એટલે કર્મનો નાશ થશે. સમજાણું કાંઈ? એથી '**સંયમીઓને...**' આહા..હા..! જેને આત્માના સ્વરૂપમાં લીનતા જામી છે એવા '**સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ...**' એવો

જે મોક્ષનો માર્ગ જે દ્રવ્યને આશ્રયે થયો એનું **'ફળ દેનારી શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત આચરણ...'** આહા..હા..! શુદ્ધ સ્વભાવને આશ્રયે થતું આચરણ. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતને શું કહે? ચેતનજી! નથી? ગયા છે? અમૃત શું કહે છે? અમૃત અનુષ્ઠાન. .. કહે છે. બાપા! એ નથી. આહા..હા..! આ તો શુદ્ધ આત્મતત્ત્વને આશ્રયે જે આચરણ થાય એ અમૃત-આચરણ છે. શ્વેતાંબરમાં એમ આવે છે. પાંચ પ્રકારના અનુષ્ઠાન. અમૃત-આચરણ ને... ભાઈ! અમૃત-આચરણ તો અમૃતસ્વરૂપ ભગવાન આત્મા આનંદનો અનાકુળ આનંદનો નાથ એને આશ્રયે દશા થાય તે અમૃત આચરણ છે. એ અમૃત-આચરણ મોક્ષનું કારણ છે. લાખની વાત કરે પણ આ કર્યા વિના એને મોક્ષ થાય એવું નથી. ગમે તેવા વ્રત પાળે ને અપવાસ કરે અને તપસ્યા કરે, પૂજા કરે, લાખો મંદિરો બનાવે એમાં મોક્ષ નથી, એ મોક્ષનો માર્ગ નથી.

**શ્રોતા :-** કોઈ મંદિર નહિ બંધાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ બનાવે? આ ગિરધરભાઈ બનાવે છેને. ક્યાં ગયા? ભગવાનના... એ તો શુભભાવ હોય છે. હોય એ જુદી વાત છે, પણ એ મોક્ષનું કારણ નથી.

**શ્રોતા :-** પરંપરા કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા પણ કારણ નથી અજ્ઞાનીને. અજ્ઞાનીને પરંપરા અનર્થનું કારણ છે. આહા..હા..! દ્વાદશ બાર ભાવનામાં લખ્યું. કુંદકુંદાચાર્યની બાર ભાવના. એમાં આ કહ્યું કે આસ્રવ પરંપરા અનર્થનું કારણ (છે). કુંદકુંદાચાર્યની બાર ભાવના છેને? વંચાઈ ગયું છે. પણ એ તો જેને અંતર વસ્તુનો અનુભવ થયો સમ્યક્, 'આ ચીજ જ પવિત્રનો પિંડ છે' એવી અનુભવ દૃષ્ટિ થઈ અને એને જે શુભભાવ હોય (એને પરંપરા કારણ વ્યવહારે કહેવાય). એ તો આવ્યું હતું. એ શુભભાવ વખતે એને આત્માનો આશ્રય વિશેષ છે, અશુભ વખતે આત્માનો આશ્રય થોડો છે, એ અપેક્ષાએ તેને (પરંપરા) કહીને અત્યારે આશ્રય થોડો થયો અને પછી ઉગ્ર આશ્રય કરીને શુભને ટાળશે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! એવી વાતું છે, ભાઈ! આ તો જન્મ-મરણમાં શેકાતા જીવને ધર્મ, મુક્તિ કેમ થાય એની વાતું બાપા છે. અરેરે! શું થાય?

કહે છે **'શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત...'** છે? **'આત્મતત્ત્વમાં નિયત આચરણ...'** એટલે અર્થ કર્યો ભાઈએ. **'નિશ્ચિત; દૃઢ; લીન; પરાયણ.'** આત્મતત્ત્વમાં નિશ્ચિત, આત્મતત્ત્વમાં દૃઢ, આત્મતત્ત્વમાં લીન, આત્મતત્ત્વમાં પરાયણ. એટલે સરવાળો **'(આચરણ શુદ્ધ આત્મતત્ત્વને આશ્રિત હોય છે.)'** આહા..હા..! આત્મા આનંદનો નાથ પ્રભુ એને આશ્રયે આચરણ થાય તે આચરણ મોક્ષનું કારણ છે. આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્રને આશ્રયે જે આચરણ થાય એ બધો શુભભાવ પુણ્ય છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! સમજાણું કાંઈ? ભાઈ! એની શ્રદ્ધા તો કરો. એને જ્ઞાનમાં તો નક્કી કરો કે માર્ગ તો આ

છે. માર્ગ નક્કી કર્યું હશે તો એમાં ઢળીને વળશે. આહા..હા..! એનો અવકાશ બહાર જવાનો અટકી જશે. અહીં જાવું.. અહીં જાવું અંતરમાં. આહા..હા..!

કહે છે, લ્યો આ દિવાળીનો દિવસ છે આ. ભગવાન મોક્ષ પધાર્યા છે આજે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! આવો માર્ગ છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ વીતરાગ એના પંથની રીત તો આ છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? એ જે આચરણ શુદ્ધ આત્માને આશ્રયે હોય તે આચરણ મુક્તિનું કારણ છે. જે આચરણ પરદ્રવ્યના લક્ષે હોય એ સંસાર બંધનું કારણ છે. આહા..હા..! ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? પરના આશ્રયે જેટલો વિકલ્પ ઉઠે. વિકલ્પ જ ઉઠે એમાં તો, કહે છે. આહા..હા..! ભગવાને ફરમાવ્યુંને. અમારા તરફનું તારું લક્ષ જશે તો શુભભાવ થશે. તારો ભગવાન અંદર બિરાજે છે એને આશ્રયે જો જઈશ (તો) ત્યાં શુદ્ધતાનું આચરણ થશે. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? પછી આ માણસને મશ્કરી કરીને ઉડાવી દે. એ અધ્યાત્મની વાતું છે, ફલાણી. ભાઈ! તાર ઘરની વાત છે, નાથ! એમ ન ઉડાડ, મશ્કરી ન થાય! માતાની મશ્કરી ન થાય! સમજાણું કાંઈ? ૨૦ વર્ષનો જુવાન છોકરો અને ૪૦ વર્ષની મા પટીયા પાડીને બેઠી હોય તો, મા! આ શું કર્યું? એમ કહે એ? જનેતા છે. જનેતા છે. ભલે નાની ઉંમર ૪૦ વર્ષની તું ૨૦નો છો અને પરણેલો હોય ૨ વર્ષથી. એને પણ છોકરું થયું હોય. એથી ઓલી પટીયા પાડીને બેઠી હોય, ઠઠ્ઠા મશ્કરી કરતી હશે? માતા છે, જનેતા છે. નવ મહિના કોઠે રહ્યો છે. આહા..હા..! એમ ત્રણલોકના નાથે માર્ગ, પ્રવચન માતાએ કહ્યો એ માતાની મશ્કરી ન થાય. સમજાણું કાંઈ? જુઓ, આ તો આવડી મોટી વાતું કરે છે. ભાઈ! રહેવા દે બાપા! આહા..હા..!

શબ્દ શું છે કે? '**(આચરણ શુદ્ધ આત્મતત્ત્વને આશ્રિત હોય છે.)**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ. એ આચરણ તત્ત્વને આશ્રયે હોય છે, ત્રિકાળી તત્ત્વને આશ્રયે હોય છે, પરને આશ્રયે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએ, ભગવાન! લાંબી-લાંબી મોટી વાતું કરે અને ઠેકાણા સત્યના અંશ પણ હાથ આવે નહિ એ શું ચીજ છે? બાપુ! આહા..હા..! નરક અને નિગોદોના ભવ કરી, બાપુ! દુઃખી થયો છો. આહા..હા..! માતાના પેટમાં બાર-બાર વર્ષ સુધી રહ્યો છો. છોડ જેને કહે છેને, છોડ. નવ મહિને જન્મે એ તો સાધારણ છે, પણ કોઈ તો સ્ત્રીના પેટમાં બાળક બાર વર્ષ રહે, એને છોડ કહે છે શાસ્ત્ર. ત્રણ-ચાર વર્ષનો છોડ તો સાંભળ્યું છે. છોકરું ત્રણ વર્ષે ન જન્મે, ચાર વર્ષે ન જન્મે. સિદ્ધાંતમાં તો પાઠ છે કે બાર વર્ષ સુધી ન જન્મે. આહા..હા..! એ માતાના પેટમાં બાર વર્ષ ઉંધે માથે અને કોઈ તો મરીને પાછો તરત જ બીજી માતાના કુખમાં જાય અને બાર વર્ષ બીજા કાઢે. એવો પાઠ છે. પેટમાં રહેવાની સ્થિતિ ચોવીસ વર્ષની કાયસ્થિતિ ગણી છે ભગવાને. આહા..હા..! ત્રિલોકનાથ દેવેન્દ્રદેવ પરમાત્મા,

જિનેશ્વર દેવ એમ કહે છે, પ્રભુ! તું દુઃખી બહુ થયો છો, ભાઈ! તને ખબર નથી. તું ભૂલી ગયો. આ વર્તમાન જરી માણસપણું મળ્યું, કાંઈક ઈન્દ્રિય મળી અને કાંઈક આ મળ્યું, એને પાંચ, પચ્ચીસ લાખ ધૂળ મળી હોય, બાયડી સારી મળી હોય અને છોકરા હુશિયાર થયા હોય રળનારા. બસ, હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય એને. આહા..હા..! ધૂળેય નથી સાંભળને હવે. નિજઘરમાં આવ્યા વિના ક્યાંય શાંતિ અને મોક્ષમાર્ગ છે નહિ. પરઘરમાં જેટલો જાય એટલું પરિભ્રમણનું કારણ છે. આહા..હા..! કહો, દેવજીભાઈ! આવી વાત છે, ભાઈ!

'**નિયત આચરણને...**' તત્ત્વમાં નિયત આચરણ. આહા..હા..! મુનિઓએ શું વાત કરી છે? જ્ઞાયકભાવ ભગવાન ચૈતન્ય તત્ત્વ એ વસ્તુ. એને આશ્રયે પર્યાય થાય એ આચરણ, એ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? આહા..હા..! આ સાંભળવામાં વિકલ્પ આવે એ પણ બંધનું કારણ છે આહા..હા..! એમ કહે છે. એ .. છે એ તો. આહા..હા..! એવી વાત, બાપા! આ તો માર્ગ એવો છે. પોતે ક્યાં અધૂરો છે અને ક્યાં પોતે વિકારી છે? એ તો અવિકારી અને પૂર્ણ છે પરમાત્મા. અંદર પૂર્ણાનંદનો નાથ આત્મા તત્ત્વસ્વરૂપે તો એ છે. આહા..હા..! એનો આશ્રય લઈને, એકાગ્ર થઈને જે આચરણ થાય એ મોક્ષનો માર્ગ અને એ મોક્ષનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના...**' આહા..હા..! શુદ્ધ સ્વરૂપને જોતા એકાગ્ર જે થાય એ સ્વનો આશ્રય થઈને થઈ. એવી જે આલોચના '**તે મને...**' મુનિરાજ કહે છે. આહા..હા..! '**મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો.**' આહા..હા..! કામધેનુ જેમ ગાય માગે ત્યારે દૂધ મળે. આહા..હા..! કામધેનુ ગાય થાય છેને. વઢવાણમાં આપણે હતી નહિ? ગિરધરભાઈ. ..વાળા ચુનીભાઈને. ખબર છેને. ઘણા વર્ષ પહેલા. ૮૨માં ચોમાસું હતું ત્યાં.. ચુનીભાઈએ બાધા લીધી હતી. એ પહેલાની વાતું છે. ૮૨ની પહેલાની. ચુનીભાઈ ..વાળા. વિશાશ્રીમાળી. બહુ ખાનદાન કુટુંબ. એને ગાય હતી ઘરે કામધેનુ. જ્યારે જોવે ત્યારે દૂધ મળે. એને કામધેનુ. એટલે ધેનુ એટલે ગાય, કામ એટલે ઈચ્છા વખતે દૂધ મળે. એમ અહીં કીહે છે કે અમારી કામધેનુ, અમારો નાથ આનંદનો સાગર છે. એને આશ્રયે જે પરિણતિ થાય એ મારે કામધેનુ છે. સમજાણું કાંઈ? માર્ગ એવો, બાપુ! સાધારણ માણસને તો જાણે આ શું વાત? પણ આ પાછું આવું હોય એનું સાધન શું? એમ કહે છે. પણ આ જ સાધન છે. તત્ત્વને અવલંબીને જે આચરણ થાય તે જ મોક્ષનું સાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! મુનિરાજ પોતે કહે છે હોં.

ભગવાન લોકાલોકના જાણનાર તીર્થંકર પરમેશ્વર એને એમ કહ્યું છે. ચોથું પદ છેને. લોકાલોકના જાણનાર પરમેશ્વર વીતરાગ જિનેન્દ્રદેવ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણીને આનંદમાં રમે છે. આહા..હા..! એવા ભગવાનના મુખથી આ વાણી આવી છે. સમજાણું કાંઈ? કે નિજતત્ત્વને આશ્રયે જે આચરણ થાય તે જ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું

કાંઈ? '**એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના...**' પરિણતિ '**તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો.**' આહા..હા..! અથવા વસ્તુ જ પોતે શુદ્ધનય છે. એને જેટલું એકાગ્ર થાવ તે તરત જ એનું ફળ આવે છે. કામધેનુ ગાય આત્મા છે. સમજાણું કાંઈ? મારો નાથ અંદર કામધેનુ ગાય છે ચૈતન્ય. બધાને એમ છે. એ કામધેનુ ગાયને જ્યારે હું એકાગ્ર થાવ ત્યારે તરત એને ફળ આનંદનું આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આબરૂ ને કીર્તિ ને ભોગ ને ખાવા ને પીવા એ બધા ભાવો દુઃખરૂપ છે. આહા..હા..! આકુળતાના ઉત્પન્ન કરનારા છે.

મને મારા સંયમીઓને, કહે છે આહા..હા..! ધન્ય રે ધન્ય! '**મને...**' આવી નિશ્ચય આલોચના એટલે શુદ્ધતત્ત્વને આશ્રયે થતી આચરણા એ આલોચના. '**મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો.**' આહા..હા..! જ્યારે જ્યારે હું જ્યાં એકાગ્ર થાવ ત્યારે તરત ને તરત ગાય જેમ દૂધ આપે એમ તે વખતે આનંદને આપે છે. દેવીલાલજી! આવી વાતું છે ભગવાન. આહા..હા..! અરે ભગવાન ભૂલ્યો છેને. આત્મારામ છેને. એના કુટુંબી ભગવાન ભુલાની ખડકીમાં રહે છે એ. એના કુટુંબમાં ભગવાન કોઈ થઈ ગયા છે ભગવાન ભુલા. એ આત્મારામ છે. પણ આત્મારામ ભગવાન ભુલાની ખડકીએથી અનાદિથી અજ્ઞાનમાં ચડી ગયા છે. પોતાના ઘરને ન જોયું. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** ... થવા માટે... જરૂર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ જરૂર નથી. જેને વ્યવહારરત્નત્રયની પણ જરૂર નથી. કહો, દેવાનુપ્રિયા! જેની જરૂર છે તત્ત્વના આશ્રયની. કહો, પરનો આશ્રય થોડોક કરું તો તત્ત્વનો આશ્રય લઈ શકું એવી એમાં છે જ નહિ તાકાત. થોડો પરને આશ્રયે વ્યવહાર કરું તો પછી સ્વ-આશ્રયે હું જાવ. એ વસ્તુમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભજનમાં નથી આવતું? નિજઘર.

**શ્રોતા :–** પરઘર ભમત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરઘર ભમત, હા એ.

**શ્રોતા :–** અબ હમ નિજ ઘર આયે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા એ. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે. અબ હમ કબહુ ન નિજ ઘર આયે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે. પર ઘર ભમત નામ અનેક ધરાયે.' અમે પુણ્યવંત ને અમે પાપી ને અમે માણસ ને નારકી ને શેઠીયા ને રાંકા. એવા પરઘર ભમતા આવા નામ ધરાવ્યા છે. આહા..હા..! 'પર ઘર ભમત અનેક નામ ધરાયે.' નામ ધાર્યા અનેક અમે આવા પુણ્યવંત પ્રાણી અને અમે આવા ભાગ્યવાન. આહા..હા..! ધૂળેય નથી હવે એ ભાગ્યવાન તો જડના છે. સાંભળને. અંદર ભાગ્યવાન તો એને કહીએ કે ચૈતન્યના લક્ષ્મીને જે સંભાળીને. અંતર જે આનંદના નાથને જગાડીને આનંદ કાઢે એ ભાગ્યશાળી અને ભાગ્યવાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગરીબ માણસને તો એવું લાગેને કે આ

મોટર સારી આ મોટી, એમાં બેઠા હોય. આ ભાગ્યશાળી! છે આ તો ભાગ્યશાળી એમ કહે. આહા..હા..!

**શ્રોતા :-** તો આ સીમંધર ભગવાન પાસે જાય એ ભાગ્યશાળી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં પણ અનંતવાર જન્મ્યો, બાપા! ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો અને અનંતવાર, કહ્યું નહોતું? કલ્પવૃક્ષના ફૂલ અને હીરાના થાળ અને મણિરત્નના દીવા. 'જય નારાયણ, જય પ્રભુ, જય પ્રભુ' એવું અનંતવાર કર્યું. એ શુભભાવ છે, ધર્મ નહિ. એ પરદ્રવ્ય આશ્રય આચરણ થયું, દેવાનુપ્રિયા!

**શ્રોતા :-** પરદ્રવ્ય આશ્રય વ્યવહાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર થયો પરદ્રવ્ય આશ્રય. વિકલ્પ થયો એ તો. આહા..હા..! એ આમાં નાખ્યું છે મારે. આ અધ્યાત્મની વાતું કરે નહિ. સ્યાદ્વાદ સાધન છે અને સ્યાદ્વાદમાં પણ જિનની ભક્તિ તે સાધન છે. એક જિનની ભક્તિ જ મોક્ષને આપશે. ક્યા જિનની ભક્તિ? આ (સ્વ) જિનની ભક્તિ કે આ (પર) જિનની ભક્તિ? આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્ય પણ આનંદમાં આવીને મુનિરાજ. અમારા જેવા સંયમને તો કામધેનુ ગાય આત્મા છે અને એની પરિણતિ પણ અમને કામધેનુ ગાય છે. આહા..હા..! એકાગ્ર થાય ત્યારે. આહા..હા..! કામધેનુ માગે ત્યારે દૂધ આપે એમ અમે જ્યારે જ્યારે અંદરમાં જઈએ છીએ. આહા..હા..! હવે આ દિવાળીનો દિવસ છે આ. જેના દિ' વળ્યા. વર્તમાન કાળે જેણે વર્તમાન સમયને અંદરમાં વાળ્યો એનું નામ દિવાળી કહેવામાં આવે છે. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧, મંગળવાર, તા. ૦૪-૧૧-૧૯૭૫
## કળશ-૧૭૩-૧૭૪, પ્રવચન નં. ૮૪

નિયમસાર. પરમ-આલોચના અધિકારની છેલ્લી ગાથા. એના કળશો છે. ૧૭૩.

(શાલિની)

शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्
बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः।
तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा
सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः।।१७३।।

'**શ્લોકાર્થ :- મુમુક્ષુ જીવ...**' પરમ આનંદનો લાભ એવો જે મોક્ષ. આવે છેને પહેલું?

નિયમસાર. પરમ આનંદનો લાભ એ મોક્ષ. એના મુમુક્ષુ. સમજાણું? પરમ આનંદ અતીન્દ્રિય પરમ આનંદ એની પ્રાપ્તિ, એનો લાભ એનું નામ મોક્ષ. એ મોક્ષના અભિલાષીને મુમુક્ષુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને પરમ આનંદનો લાભ મોક્ષ જ જોઈએ છે. એટલે કે મોક્ષ શબ્દ એમ લાભના અસ્તિત્વથી કહ્યું, પણ દુઃખનો અભાવ પૂર્ણ થાય એટલે મૂકાણું એમ કહેવામાં આવે છે. એવા મોક્ષની પ્રાપ્તિનો ઈચ્છક **'મુમુક્ષુ જીવ ત્રણલોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધતત્ત્વને...'** લોક શબ્દે લોકાલોક બધું. ત્રણલોક અને અલોકને જાણનારું આ શુદ્ધતત્ત્વ. એનો સ્વભાવ જ જાણવું અને દેખવું ત્રિકાળ છે. એનો સ્વભાવ જ ત્રિકાળને જાણવું-દેખવું છે. કોઈનું કરવું કે પરનું ભોગવવું કે પરનું ટાળવું એ એના સ્વભાવમાં નથી.

**શ્રોતા :-** સ્વભાવમાં નથી તો વિભાવમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં કહેવાય છે કે આ રાગનો નાશ કર્યો. તેથી એને મોક્ષનો, પરમાનંદનો લાભ એ મોક્ષ કીધોને. નહિતર મોક્ષનો અર્થ દુઃખથી મુક્ત થવું એમ છે. મોક્ષ શબ્દ છેને? દુઃખથી મુક્ત થવું. પણ એ તો દુઃખથી મુક્ત થવું એ પણ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. ૩૪ ગાથામાં ન આવ્યું? ૩૪ (ગાથા) સમયસાર. પરમાર્થે... આહા..હા..! પરભાવનો નાશ કર્તા પણ આત્મા છે નહિ. આહા..હા..! એ તો ૩૨૦ ગાથામાં પણ કહ્યુંને. આત્મા બંધ-મોક્ષને જાણે અને ઉદયને અને નિર્જરાને જાણે. મૂળ ગાથા. ટીકા જયસેનાચાર્યની એ તો વળી બીજી વાત. એ એનું સ્વરૂપ જ એવું ચૈતન્યબિંબ પ્રકાશમૂર્તિ (છે) કે એ બંધની પર્યાયને જાણે અને છૂટે એવા મોક્ષને પણ જાણે. આહા..હા..! એ ઉદય આવ્યો રાગનો એને જાણે અને ખરે નિર્જરા એને પણ જાણે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ ચૈતન્યતત્ત્વનો સ્વભાવ જ ત્રણલોકને જાણવાનો સ્વભાવ છે, બસ. જાણવું એનું સ્વરૂપ છે.

**'दिट्ठी जहेव णाणं'** એ છેને? ૩૨૦. **'दिट्ठी जहेव णाणं'** એ જ્ઞાનસ્વરૂપી વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ એ આત્મા. એ કોઈ કર્મનો ઉદય એટલે વિકારનો ઉદય (હોય) એને જાણે, એનું ખરવું થાય એને જાણે. નિર્જરા કરતો નથી, નિર્જરા થાય એને જાણે છે. આહા..હા..! બંધ, રાગનું અટકવું છે એને પણ જાણે અને છૂટવું એને જાણ, 'છોડું છું' એમ નહિ. આહા..હા..! આવી ચીજ. સમજાણું કાંઈ? એ તો ચૈતન્યસૂર્ય છેને. ચૈતન્યસૂર્ય શું કરે? આંખ શું કરે? અગ્નિને પ્રજાળે? અગ્નિને ઓલવે? આહા..હા..! એમ **'दिट्ठी जहेव णाणं'**નો એમ અર્થ કે જેમ દૃષ્ટિ જે છે એ જાણે છે આંખ એમ આત્મા જાણે છે બસ. આહા..હા..!

એથી અહીં કહ્યું **'મુમુક્ષુ જીવ ત્રણલોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધતત્ત્વને...'** આહા..હા..! નિર્વિકલ્પ નામ અભેદ શુદ્ધતત્ત્વને. અભેદ એટલે? વસ્તુમાં ભેદ જ નથી. વસ્તુ વસ્તુ તરીકે અખંડ અભેદ છે. પર્યાયસહિત અભેદ એ નહિ. આહા..હા..! તત્ત્વ એ આત્મતત્ત્વ. એ તો ૩૮મી ગાથામાં આવ્યુંને કે ખરેખર આત્મા એને કહીએ. ૩૮ પહેલી (ગાથા) શુદ્ધભાવ (અધિકારની). છેને એ? એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે. છે? ટીકાની નીચે બીજી

લીટી. આહા..હા..! કારણપરમાત્મા એક સમયમાં પર્યાયના કાર્ય વિનાનો, આહા..હા..! તે ખરેખર આત્મા છે. પાછું બીજે છે પણ અહીં લખ્યું છે. બીજે છે ક્યાંક હોં. ૯૩ ગાથા કે ક્યાંક છે. તે દિ' કહ્યું હતું નહિ? એ ૯૧મી ગાથા. ઓલામાં લખેલું છે. પહેલું વાંચ્યું છેને એમાં. આ તો નવું વંચાય છેને. પહેલામાં લખેલું છે. '**નિરંજન નિજ પરમપારિણામિક ભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે.**' ૯૧ ગાથા. ૯૧. ૧૭૩ પાનું. ત્યાં ૩૮માં એમ લીધું કે કારણપરમાત્મા તે ખરેખર આત્મા. અહીં ૯૧માં એ કહ્યું કે '**પારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે.**' પરમપારિણામિકસ્વભાવસ્વરૂપ કારણપરમાત્મા. બાપુ! એ વસ્તુ અલૌકિક છે. આહા..હા..! એનો દ્રવ્યસ્વભાવ શું છે એ કારણપરમાત્મા.

બીજી ભાષાએ કહીએ તો એને કારણજીવ કહીએ છીએ. આહા..હા..! એવો કારણપરમાત્મા તે આત્મા છે. પર્યાય છે તે તો વ્યવહાર આત્મા, અણાત્મા, નિશ્ચયની અપેક્ષાએ તે અણાત્મા થયો. આહા..હા..! પર્યાયનયે તો અભૂતાર્થ આત્મા. આ ત્રિકાળ વસ્તુ તે ભૂતાર્થ આત્મા, સત્યાર્થ આત્મા એ આત્મા. એ આત્મા કેવો છે? અહીં કહે છે કે ત્રણલોકને જાણનારો એવું જે આ શુદ્ધતત્ત્વ. એ આ આત્મા. એ તો ત્રણલોકને જાણે જ છે. જાણવાનો સ્વભાવ છે એ આત્મા. એને બરાબર જાણીને. એવા આત્માને બરાબર જાણીને, જ્ઞાનમાં એને બરાબર જાણીને. જાણીને એ તો પર્યાય થઈ, પણ કોને જાણીને? કે આવા આત્માને જાણીને. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ!

**શ્રોતા :-** પર્યાયસહિતનો કે પર્યાય વગરનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય વિનાનો. કીધુંને પર્યાય તો એને જાણે છે. દેવાનુપ્રિયા! પર્યાયવાળો કે પર્યાય વિનાનો? એથી તો અહીં કહ્યું કે કારણપરમાત્મા તે ખરો આત્મા. અને અહીં કીધું પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા. આહા..હા..! દૃષ્ટિનો વિષય જ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વરે ઈન્દ્ર અને ગણધરોની સભા વચ્ચે પરમાત્મા આત્માનું આવું સ્વરૂપ એમ કહેતા હતા. આહા..હા..! સમજાણું કાંઈ? લોકના સ્વભાવના સુનંતાણં, લોકના સ્વભાવને સાંભળનારા શ્રોતાઓ એની વચ્ચે પરમાત્મા આમ કહેતા હતા. આવે છેને આપણે પંચાસ્તિકાયમાં? પંચાસ્તિકાય. લોકસહાવ.. આહા..હા..! લોકનો સ્વભાવ અને આત્માનો સ્વભાવ. એનો સ્વભાવ ભગવાન જ્યારે કહેતા હતા ત્યારે એના સુણનારને એ કહેતા હતા, આ સાંભળનારને કે ભાઈ! લોકનો સ્વભાવ આવો છે. એમાં તારો સ્વભાવ પણ ત્રણકાળ, ત્રણલોકને અને અલોકને જાણવાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા '**શુદ્ધતત્ત્વને...**' એ તો ત્રણલોકનો જાણનારો ભગવાન છે. ત્રણલોક તે જ્ઞેય છે અને પોતે જાણનાર છે એ પણ હજી વ્યવહાર છે. પોતે પોતાને જ્ઞેય કરીને પોતે પોતાને જાણે એવો એ જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો સમજાવવું છેને. એકલો

પોતે નહિ પણ બધો લોક આખો જગત ત્રણકાળ એને જાણવાનો સ્વભાવ છે, એટલું કહેવું છેને. સ્વભાવના સામર્થ્યની સિદ્ધિ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મુમુક્ષુ જીવ...'** મોક્ષના અભિલાષી જીવ **'ત્રણલોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ...'** **'મુમુક્ષુ જીવ...'** મોક્ષનો, પરમ આનંદનો લાભ થાય એવો મોક્ષ. એનો અભિલાષી જીવ. એ શું કરે? **'ત્રણલોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધતત્ત્વ...'** એટલે પોતે પાછો એ. સમજાણું કાંઈ? **'મુમુક્ષુ જીવ...'** શુદ્ધતત્ત્વને જાણે. હવે શુદ્ધતત્ત્વ ક્યું? આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ તો વર્ષ બેસે છેને આ તો ૩૨. આહા..હા..! **'મુમુક્ષુ જીવ ત્રણલોકને જાણનારા...'** એ મુમુક્ષુ જીવનો અર્થ એ કે એ પુણ્યનો અર્થી નથી, પુણ્યનો અભિલાષી નથી, સ્વર્ગનો અભિલાષી નથી, લક્ષ્મીનો અભિલાષી નથી, ભોગનો અભિલાષી નથી, પુણ્યના ભાવ થાય એનો અભિલાષી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે મોક્ષનો અભિલાષી જીવ. એમાં કેટલી જવાબદારી આવી? આહા..હા..! આવું તો સ્વરૂપ જ છે એમાં. જેવું છે એવું પરમેશ્વરે જોયું અને કહ્યું છે. આહા..હા..! **'ત્રણલોકને જાણનારા...'** આમાં એમ કહે કે ત્રણલોકને જાણનાર, લોકાલોકને જાણનાર તો આવ્યું નહિ. ભાઈ! એમાં એ આવી ગયું. બધાને જાણનાર એમ એનો અર્થ. કોઈ તકરાર કરે શબ્દાર્થમાં.

**શ્રોતા :–** ત્રણલોકમાં એ અલોક આવી ગયો. ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ લોક જાણ્યો પછી લોક જાણ્યો (એમાં) અલોક આ રહી ગયોને, એમ કહે છે એમાંથી. એમાં અલોક ક્યાં આવ્યો આમાં? પણ આવી ગયો. બધાનો જાણનાર કહેવું છે એમાં ત્રણલોકને જાણનાર કહ્યું છે. આહા..હા..! કેમકે એનામાં સર્વજ્ઞસ્વભાવ જ એનું સ્વરૂપ છે. એનું સ્વરૂપ જ સર્વજ્ઞસ્વભાવ (છે). શક્તિ કીધીને ૧૦મી. ૪૭ શક્તિમાં ૧૦મી શક્તિ. સર્વજ્ઞશક્તિ સ્વરૂપ જ એ છે. સ્વભાવ હોં. પ્રગટ થાય એને જાણે એ જુદી વાત, પણ સ્વભાવ જ એનો એ છે. આહા..હા..! કારણઉપયોગ અને કાર્યઉપયોગની વ્યાખ્યા આવી ગઈ છે અંદર. કારણઉપયોગ. શુદ્ધચેતનાપરિણામ ત્રિકાળ. ભાષા શુદ્ધચેતનાપરિણામ છે, પણ એ પરિણામ ઉત્પાદ-વ્યયવાળા નહિ. આહા..હા..! ભાષા તો એવી છે. સમજાણું કાંઈ? શુદ્ધચેતનાપરિણામ પરિણમન સહજ એવો શુદ્ધચેતના સ્વભાવ જ એનું સ્વરૂપ છે ત્રિકાળી. આહા..હા..! એવો જીવ એને બરાબર જાણે. આહા..હા..!

**'તેની સિદ્ધિને અર્થે...'** પહેલું તો બરાબર જાણીને એક શબ્દ આવ્યો. પછી હવે પ્રાપ્તિને માટે. જ્ઞાન થયું, દર્શન થયું. પ્રાપ્તિ માટે શું કરવું? પૂર્ણ પ્રાપ્તિ આત્મ ઉપલબ્ધિ. એમ શબ્દ છેને શાસ્ત્રનો? આ તો ઉપલબ્ધિ એટલે આત્માની જેવી શુદ્ધતા એવી એને પ્રાપ્તિ એનું નામ આત્મોપલબ્ધિ. આહા..હા..! **'તેની સિદ્ધિને અર્થે...'** કોની? કે જે ત્રણલોકને જાણનારો મુમુક્ષુ જે છે એ ત્રણલોકને જાણનાર એવા શુદ્ધતત્ત્વને બરાબર જાણીને, યથાર્થ જાણીને, જેમ છે તેમ જાણીને. ક્ષેત્ર નાનું છે, માટે તેનું સામર્થ્ય નાનું છે એમ નથી. સમજાણું કાંઈ?

ક્ષેત્ર સાથે સંબંધ નથી. એનો ભાવ, એનો સ્વભાવ એ સ્વભાવ એનું સામર્થ્ય કારણઉપયોગનું ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું એનું જીવનું સ્વરૂપ જ છે. આહા..હા..! .. આવ્યું હતુંને? પુણ્ય-પાપના અધિકારમાં. સર્વદર્શી.. પોતાના અપરાધે કરીને ઢંકાણો છે. છે તો એ શુદ્ધસ્વરૂપ. આહા..હા..! જગતચક્ષુ. સર્વજ્ઞને જાણનાર-દેખનાર એવું એનું સ્વરૂપ જ છે. આહા..હા..! એને બરાબર જાણીને. તેની પ્રાપ્તિને માટે. પ્રાપ્તિ એટલે? (સમ્યક્) દર્શનમાં પ્રાપ્તિ થઈ, પણ પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિને માટે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો ધર્મકથા અધ્યાત્મની ઝીણી છે. એક-એક શબ્દમાં ઘણો જ અંદર મર્મ પડ્યો છે. આહા..હા..!

જેને આ દૃષ્ટિપૂર્વક ચૈતન્ય કોણ છે એને જ્ઞાનમાં ન આવે એ બીજી બધી ખતવણી ઉલટી જ કરે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં પૂર્ણ તત્ત્વ આવું છે એવી દૃષ્ટિની મુખ્યતા ન થાય તો બીજા શાસ્ત્રને વાંચતા એની દૃષ્ટિમાં કલ્પના જ ઉઠે એક પ્રકારની. પર્યાયસહિતનું દ્રવ્ય અને ઢીંકણું સહિતનું આમ છે ને... એટલે મૂળ તો દ્રવ્યદૃષ્ટિ નથી એટલે બધા વાંધા ઉઠે એમાંથી. સમજાણું કાંઈ? એથી કહે છે કે તેને બરાબર જાણીને. આહા..હા..! ત્રણલોકને જાણનારો ભગવાન એને બરાબર (જાણીને). બરાબર એટલે? યથાર્થ. જેવું એનું સ્વરૂપ છે તેવું યથાર્થ જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવી અને યથાર્થ જાણે. પછી? એ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું ત્યાં સુધી. પણ હજી પૂર્ણ પ્રાપ્તિ પરમ આનંદનો લાભ એવી મોક્ષની પ્રાપ્તિ અર્થે, પરમ આનંદનો લાભ મોક્ષ એને અર્થે એ '**સિદ્ધિને અર્થે...**' એ. આહા..હા..! આવી વાત છે.

'**શુદ્ધ શીલને આચરીને,...**' પાછી ભાષા જોઈ, શુદ્ધ ચારિત્ર, શુદ્ધ શીલ. સ્વરૂપ જેવું બ્રહ્માનંદ ભગવાન છે એવું જેણે અંતરમાં જાણ્યું, એને પૂર્ણાનંદની પ્રાપ્તિને માટે એને સ્વરૂપનું ચારિત્ર કરવું, સ્વરૂપને સ્થિર કરવું, સ્વરૂપમાં આચરણ કરવું, સ્વરૂપની દૃષ્ટિ તો થઈ, ખ્યાલ તો આવી ગયો કે આ તત્ત્વ છે, પણ હવે એની પૂર્ણ પ્રાપ્તિને માટે.. આહા..હા..! શુદ્ધ શીલ. આ શરીરનું બ્રહ્મચર્ય એ શુદ્ધ શીલ નથી. જેમ પંચમહાવ્રતના વિકલ્પ એ પણ શુદ્ધ શીલ નથી. આહા..હા..! '**શુદ્ધ શીલને આચરીને,...**' કોઈ કહે કે ભાઈ! એવી વાત ઠીક છે, પણ વ્યવહાર સાધન હોયને ત્યાં? સાધન હોય ત્યારે એ સાધ્ય થાયને. એમ છેને પંચાસ્યિકાયમાં? વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ તો સાધન સ્વરૂપનું જેણે કર્યું છે એવા સાધનનો રાગની મંદતામાં આરોપ આવે છે. (બાકી) સાધન છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એવા '**શુદ્ધ શીલને આચરીને,...**' એ કહ્યું છેને બીજી ગાથામાં, નિયમસાર. નિશ્ચય રત્નત્રય પરમનિરપેક્ષ છે. આહા..હા..! એને વ્યવહારરત્નત્રય હતું માટે આ નિશ્ચય થયું એવી અપેક્ષા છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એથી કહે છે કે '**શુદ્ધ શીલને આચરીને,...**' વળી વચ્ચે વ્યવહાર કરે તો નિશ્ચય થાય (એમ નથી કહ્યું). ભારે

ભાઈ કથન!

**શ્રોતા :-** અહીં નથી કહ્યું, બીજે કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજે કથન કહ્યું એ તો વાત થઈ પહેલી કે કઈ અપેક્ષાએ કહ્યું? કે સ્વરૂપનું સાધન કરીને જે નિશ્ચય પ્રગટ્યું છે એની પાસે રાગની મંદતા કેટલી, કેવી હોય એને સાધનનો આરોપ આપ્યો છે જાણવા માટે. એ સાધન છે જ નહિ. એ તો કહ્યું નહિ? પરમનિરપેક્ષ. આહા..હા..! શુદ્ધ શીલને સેવવું એટલે આત્મામાં રમણતા કરવી એને રાગની મંદતાની અપેક્ષા છે નહિ. હવે શુભરાગ કષાય મંદ હોય તો એને આવું ચારિત્ર પ્રગટે કે ચારિત્ર રહે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શીલને આચરીને...'** એ તો આપણે નિશ્ચયમાં આવ્યું હતું. છેને? ૭૨માં. આચરણ શુદ્ધતત્ત્વને આશ્રિત હોય છે. ૧૭૨ નીચે. નીચે લીટી. કાલે આવ્યું હતું. નીચે છેને નિયત-નિયત. ચારિત્ર આચરણ નિશ્ચય તત્ત્વને આશ્રયે હોય છે. વ્યવહારને આશ્રયે હોય છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં કહ્યું છેને, વ્યવહારના વિમોહીત મતિવાળા જીવને મેલો અનુભવે છે. વ્યવહાર એટલે રાગ. સમજાણું કાંઈ? ૧૧મી ગાથા જૈનદર્શનનો પ્રાણ. દૃષ્ટિના વિષયની પૂર્ણતા શું છે ત્યાં એમ કહ્યું છે. જેમ પાણીમાં કાદવવાળું મેલું પાણી મૂર્ખાઓ ગાળ્યા વિના પીવે છે. પાણી મેલું છેને, નથી? એ ઘણા વર્ષની વાત છે. મુળીમાં ગયા હતા મુળી પાસે એક ગામ છે. નાનું ગામ છે કુકડા-કુકડા. એ પાણી મેલું જ આખું, ગામમાં પાણી મેલું.

**શ્રોતા :-** મોરબીની નદીમાં એવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બાજુ હશે. ત્યાં તો પાણી સારા મળે. અહીં તો તે દિ' ગયા (હતા) જેઠ મહિને, તો મેલુ પાણી. મહારાજ! મેલુ પાણી ઘરે રાખીને ગાળજો ઘરે. ત્યાં રાખીને આઠ કલાક. પણ જેને આળસુના ગોર એ એમ ને એમ પાણી પીવે, એમ મેલાસહિત આત્માને અનુભવે. રાગના પર્યાયસહિત જીવને અનુભવે એ બધા વગર ગળ્યા પાણી પીવે છે.

**શ્રોતા :-** નવરંગભાઈ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભૂલી ગયાને. એ તો પહેલી શરૂઆત હતીને. પાણીને ગળવું ..

અહીં કહે છે કે એ ચારિત્રને આચરીને સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે. આહા..હા..! હતુંને ઓલું સીમંતીની. પંડિતજીને પૂછ્યું હતુંને હમણા. સ્ત્રી. સીમંતીની તો બરાબર ખ્યાલ આવ્યો સીમતીની. પણ પાછો ઈષ્ટ છે. સીમંતીનીનો ઈષ્ટ છે એ. એ સ્ત્રીનો સ્વામી થાય છે. આહા..હા..! જેણે આત્માને જેવું સ્વરૂપ છે તેવું ત્રણકાળ, ત્રણલોકને જાણનાર એવું જ સ્વરૂપ એનું છે એને એના સન્મુખ થઈને જેણે જાણ્યું એને પૂર્ણની પ્રાપ્તિ માટે આત્મામાં

શીલ નામ આચરણ, સેવવું. આહા..હા..! આ આચરણ છે, આ અનુષ્ઠાન છે. વ્યવહાર પહેલો કરે ત્યારે આવું થાયને એમ વળી કોક કહે. મોટી તકરાર આ લોકોની છે. સમજાણું કાંઈ? જે વિપરીત વાત છે. શું થાય?

ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વીકારે છેને. એના સામર્થ્યની એટલી શક્તિ છે કે એણે નિશ્ચય ચારિત્ર માટે વ્યવહારની અપેક્ષા નથી એવા સામર્થ્યવાળું તત્ત્વ છે એમ પ્રતીતમાં આવે છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા પૂર્ણાનંદ અખંડ અભેદસ્વરૂપ એને જ્ઞાનમાં જાણીને પ્રતીત થતાં તે આત્મા અનંત પુરુષાર્થવાળો, અનંત બળવાળો છે. એના અનંતબળને, પુરુષાર્થને ફળવામાં રાગની મંદતા જે છે એની સહાય થાય તો અનંત પુરુષાર્થ કરી શકે એવું છે નહિ. આ હવે બળવંત છે. બળવંત છે એ ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ભારે ઝીણી. કંદમુળ ન ખાવા, રાતે ચોવિહાર કરવો, છપરબી પાળવી. હવે એમાં એમ કે ધર્મ છે લ્યો. બાપુ! એ ક્રિયા તો નહિ, પણ એમાં રાગની મંદતા કદાચિત થાય એ પણ નિશ્ચયચારિત્રને કે નિશ્ચયની પ્રાપ્તિનું સાધન નથી. સમજાણું કાંઈ?

**'સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે—'** આહા..હા..! ઓલામાં એમ કહ્યું હતું. પહેલામાં ૭૧માં, **'પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...'** જે શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એનું જેને બરાબર યથાર્થ જ્ઞાન અને પ્રતીતિ થઈ એ પ્રતીતિમાં એને એમ આવ્યું કે આ સ્વરૂપમાં હું ઠરીશ ત્યારે કર્મ ખરશે. અપવાસ કરીશ અને ફલાણું કરીશ તો કર્મ નાશ થશે એમ પ્રતીતમાં આવ્યું નથી એને. આહા..હા..! આહા..હા..! એ ભગવાન અનંતજ્ઞાન અને આનંદનો શક્તિ કહો કે એનું સામર્થ્ય કહો, એ સત્‌નું એ સત્ત્વ કહો, એ સત્ત્વનો એ કસ છે. આહા..હા..! એવું જે પૂર્ણ સત્ત્વ પ્રતીતિમાં જણાણું, એમ કીધુંને? જાણવામાં આવ્યું. એ પછી એને સ્વરૂપમાં ઠરવું એ એને મુક્તિની પ્રાપ્તિ માટે હેતુ છે. એમાં એમ ન કહ્યું કે એણે વ્યવહાર કરવો થોડો અને પછી આ થાય ને ઢીંકણું થાય.

**શ્રોતા :-** ... આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી ગયું જ્ઞેયમાં, જાણનારો છું એમાં. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું છેને ૧૨મી ગાથામાં. એનો અર્થ એ જાણનાર છું એટલે વ્યવહારનો પણ જાણનાર છું એ વસ્તુ આવી ગઈ. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકનો હું જાણનાર, એમાં એ વ્યવહારરત્નત્રયનો પણ હું જાણનાર. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૭૩ થયો. ૧૭૪.

(સ્રગ્ધરા)

सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये
निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरूपम्।
शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहघोरान्धकारं
तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम्।।१७४।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદસહિત બિરાજમાન છે,...**' એમ કહે છે. '**તત્ત્વમાં મગ્ન...**' તત્ત્વ જે શુદ્ધ કીધું પરમાનંદની મૂર્તિ પ્રભુ એવા તત્ત્વમાં જે લીન છે. '**એવા જિનમુનિના...**' એ વીતરાગી મુનિના જ્ઞાનમાં '**હૃદયકમળના કેસર...**' છે એ તો. આહા..હા..! કમળમાં જે કેસર નીકળે ને દળ સુવાળા નીકળે છે અંદરથી. એવું આ તત્ત્વ '**હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે,...**' તત્ત્વ. આહા..હા..! મુનિની ઉત્કૃષ્ટ વાત લીધી છેને. કારણ કે .. માર્ગ ત્યાં પૂરો થાય છેને મુનિને. સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગનું કારણ છે ચારિત્રનું. કારણ કે ખાસ ચારિત્ર અને દર્શન-જ્ઞાન ત્રણ ભેગા થાય ત્યારે મોક્ષનો માર્ગ થાય. એથી એને કહ્યું કે તત્ત્વમાં મગ્ન મુનિ. ચોથા ગુણસ્થાનવાળો તત્ત્વમાં મગ્ન છે, પણ જે ચારિત્રસહિતની મગ્નતા એ મગ્નતા છે નહિ. એથી પાંચમી ગાથામાં કહ્યુંને પ્રચુર સ્વસંવેદન. ઘણું જ સ્વનું વેદન આનંદનું એવો હું, એ હું સમયસારને કહીશ, એમ. મારા નિજવૈભવથી કહીશ. આ વૈભવ એનો. આ ધૂળના વૈભવ પૈસા ને બંગલા (એ વૈભવ નહિ). આહા..હા..! મારો નિજવૈભવ આ છે. એ વડે હું સમયસારને કહીશ. આહા..હા..!

કહે છે મુનિ પણ.. આ તો મુનિ છે. અમૃતચંદ્રાચાર્ય પછી થયેલ છે. અમૃતચંદ્રાચાર્ય પહેલા થયા છે. પદ્મપ્રભમલધારિદેવ પછી થયા છે. '**તત્ત્વમાં...**' તત્ત્વ નામ ચૈતન્યતત્ત્વ, આનંદતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયને અર્થ કહીએ અને એના ભાવને તત્ત્વ કહીએ. ક્યાંક તત્ત્વાર્થશ્રદ્ધાન પણ કહ્યું છે અને ક્યાંક તત્ત્વશ્રદ્ધાન પણ કહ્યું છે. આવે છેને? મોક્ષમાર્ગપ્રકાશક. નહિતર તો તત્ત્વાર્થ—દ્રવ્ય.. અન્વય, ગુણ અન્વય સાથે રહેનાર અને પર્યાય-ત્રણેને અર્થ કહે છે અને એનું ભાવસ્વરૂપ છે તેને તત્ત્વ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ અને પર્યાય એનું સ્વરૂપ, શક્તિ, સામર્થ્ય કેવડું છે એને સ્વરૂપભાવ કહીએ. અને એ તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. અહીં તો એકલું તત્ત્વ જ લીધું હવે. કયે ઠેકાણે કઈ અપેક્ષાએ કહ્યું છે? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકભાવ કહ્યોને? ભાવ છે તે તત્ત્વ છે. આત્મા કેવો છે? જ્ઞાયકભાવ. આત્મા છે એ તો અર્થ છે. જ્ઞાયકભાવ એ અર્થ છે, પણ અર્થનું સ્વરૂપ આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જે '**તત્ત્વમાં મગ્ન...**' રાગમાં મગ્ન અને વ્યવહારરત્નત્રયમાં સાવધાનીવાળો એમ નથી કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? '**તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં...**' આહા..હા..! જિનમુનિના હૃદય. જ્ઞાનકમળ અંદર ખીલ્યું એમાં. '**જે આનંદ સહિત બિરાજમાન છે,...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદસહિત તે ભગવાન તત્ત્વ શોભી રહ્યું છે. આહા..હા..! '**જે બાધારહિત છે,...**' એમાં બાધા-વિઘ્ન છે નહિ. નિર્વાબાધ. અભય કિલ્લો. સવારમાં આવ્યું હતુંને નિર્ભય, નહિ? નવ બોલ. ૪૬ ગાથા. છેલ્લો બોલ. નિર્ભય. વજ્રનો કિલ્લો એમાં પેઠો હોય એને ભય શો? એમ વજ્રનું નિત્ય સ્વરૂપ ભગવાન

ધ્રુવ એને બીક શેની? સમજાણું કાંઈ? જેની પ્રતીતિમાં અને જ્ઞાનની પર્યાયમાં જેનું સામર્થ્ય કેટલું છે એવું જણાઈ ગયું છે. આહા..હા..! એ જીવના હૃદયકમળના કેસરમાં એ બિરાજમાન છે. આહા..હા..! '**જે બાધારહિત છે, જે વિશુદ્ધ છે,...**' તત્ત્વ ત્રિકાળ છે શુદ્ધ ચૈતન્યઘન બાધારહિત છે. ધ્રુવને બાધા શી? આહા..હા..! આઠ આચાર આવે છેને સમકિતના, નહિ? નિઃશંક, નિકાંક્ષ, નિર્વિચિકિત્સા, ઉપગુહન, અમૂઢદષ્ટિ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના. એનો પ્રશ્ન હતોને કે આમાં વાત્સલ્ય... ઓલા સાત ભય. સાત ભય આવે છેને. પહેલા એમ કે અકસ્માતભય અને અગુપ્તિભય બેમાં ફેર શું? પ્રશ્ન હતો એનો કાંઈક. નહિ કોકનો?

**શ્રોતા :-** પ્રકાશચંદજી દિલ્હીવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, દિલ્હીવાળા. દિલ્હીવાળાનો. પ્રકાશચંદજી છાપે છેને અન્યમતમાં. ગુપ્તિમાં એમ ત્યાં લીધું. જે ગુપ્ત કિલ્લો છે એમાં અગુપ્તિ. આહા..હા..! અને અકસ્માત નવું કાંઈક થાય એવું એમાં છે નહિ. સમજાણું કાંઈ? પ્રશ્ન કર્યો હતો. વાંચન છે અહીંનું. તત્ત્વનું વાંચન અને સ્વાધ્યાય ઘટી ગયો. એથી સત્યને કઈ રીતે સિદ્ધ કરવું કે સમજવું એ વાત હવે રહી નહિ. આ કરવું, આ કરવું કલ્યાણ, પૂજા કરવી, બસ. ભક્તિ કરી અને સ્વાધ્યાય કરવો હોય તો એ બે પાના ફેરવી નાખે. અહીં આવેને હિન્દી બાઈઓ (એ શાસ્ત્ર) પડ્યું હોયને જોઈને બે પાના ફેરવીને પાંચ મિનિટ ફેરવે એટલે સ્વાધ્યાય થઈ ગયો. છ બોલ આવે છેને છ બોલ શ્રાવકના આવશ્યક. એ વ્યવહાર આવશ્યક છે.

**શ્રોતા :-** દેવપૂજા, ગુરુની ઉપાસના, સ્વાધ્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છ છે ઈ. ભગવાનની પૂજા, ભગવાનની સેવા, ગુરુની પૂજા, દયા, દાન, તપ આદિ આવે છેને છ બોલ? એ છ. એને એ સમયમાં વિકલ્પ એવો હોય છે એટલું એ જણાવ્યું છે, પણ એ ખરું આવશ્યક નથી. અવશ્ય કરવાલાયક તો ત્રીજી ગાથામાં આવ્યું છેને? '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કર્તવ્યલાયક છે તે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! આત્માને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિયમથી કર્તવ્ય છે. ઓલા છ જે આવશ્યકના કર્તવ્ય કીધા એ તો વ્યવહારથી કહ્યા. એય..! આવે છે કે નહિ એ? અહીં કહે નિયમથી કર્તવ્ય પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર. આ ત્રીજી ગાથામાં આવ્યું ત્રીજી. '**णियमेण य जं कज्जं**' આહા..હા..! નિશ્ચયથી જે કરવાલાયક છે એ તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. શ્રાવકને પણ હોં. અને વ્યવહાર આવે, વચ્ચે હોય છે, પણ એ કાંઈ ખરું આવશ્યક કે ખરી આવશ્યકની ક્રિયા નથી. આહા..હા..! આવું બાધારહિત જે તત્ત્વ છે ભગવાન શાશ્વત વસ્તુ એને બાધા શી? ધ્રુવને બાધા શી? જ્યાં પરિણમવું એ નથી, પર્યાયમાં આવવું એ નથી. આહા..હા..! પછી લોકો દેખે એ તો પર્યાયને દેખે બહારને. એમાં તો ધ્રુવ છે એ આવતું નથી. ધ્રુવને શો ભય? એમ પર્યાય કહે છે કે ધ્રુવને ભય નથી. આહા..હા..!

'**બાધારહિત છે, જે વિશુદ્ધ છે,...**' ઓહો..હો..! કેટલા અલંકાર નાખે છેને. કેવું

એ તત્ત્વ છે? વિશુદ્ધ તો એ શુભભાવને પણ વિશુદ્ધ કહે. શુદ્ધ પરિણામને પણ વિશુદ્ધ કહે અને આ તો ત્રિકાળી છે તેને વિશુદ્ધ કહે છે. સમજાણું કાંઈ? શુભભાવને વિશુદ્ધ કહે. આવે છેને ઓલા ૨૯ બોલમાં, વિશુદ્ધભાવ પણ જેમાં નથી. એ શુભભાવ અને પરિણામ જે નિર્મળ થાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને પણ વિશુદ્ધ (કહે છે). બે. આ તો ત્રીજું વિશુદ્ધ છે. સમજાણું કાંઈ? આ ત્રિકાળ વિશુદ્ધ છે. આહા..હા..!

'**જે કામદેવના બાણોની ગહન (-દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે...**' આહા..હા..! જગતના શરીરો સ્ત્રી, કુટુંબ, કબીલા દેહની સ્થિતિ અને મકાન, આબરૂ, કીર્તિની સુંદરતાથી ખેંચાઈ જાય છે. સમજાણું? એવો એનો સ્વભાવ નથી. '**વિશુદ્ધ છે,...**' શું વિશુદ્ધ છે આ? ત્રિકાળી તત્ત્વ. વિશેષે શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે. આહા..હા..! પર્યાયને વિશુદ્ધ કહે નિર્મોહને અને શુભભાવને પણ વિશુદ્ધ (કહે). એ શુદ્ધના પ્રકાર આ ત્રણ છે. એમાં આ પહેલા નંબરનો વિશુદ્ધ છે. આહા..હા..! અરે! એ તત્ત્વ કેવું છે એ એને સાંભળવા મળે નહિ. અરે..! એને વિચારે કે દિ'? અને બેસે કે દિ'? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ જિનેન્દ્રદેવ જેને આત્મા કહે છે એ આત્મા આ. જેને બાધા નથી. આહા..હા..! જેને વિશુદ્ધતા છે.

'**જે કામદેવના બાણોની ગહન સેનાને બાળી નાખવા...**' આહા..હા..! આનંદનો નાથ જે છે એને અનુભવ્યો અને જાણ્યો એને કામદેવની વૃત્તિને બાળી નાખવાને અગ્નિ સમાન ભગવાન છે. આહા..હા..! વિષયની વાસનાની મીઠાશને બાળી નાખનાર ભગવાન આત્માનો સ્વભાવ છે, એમ કહે છે. લે! એકકોર કહે કે ઉદય અને બંધ, નિર્જરાને જાણે. એ વખતે કઈ અપેક્ષાથી વાત ચાલે છે તે જાણવું જોઈએને. સમજાણું કાંઈ? અરેરે! બાહ્યની સાહ્યબીનું ફળ શું? આહા..હા..! ..ભાઈ આવ્યા નથીને. આજે આવ્યા છે. ત્યાં આવ્યા હતા ત્યાં. જરી પક્ષઘાતની અસર થઈ ગઈ છે. .. આ તો ઓલું યાદ આવ્યુંને.

બ્રહ્મદત્તને સાતસો વર્ષ સુધી ચક્રવર્તીની પદવી તો .. પછી છેને. સાતસો વર્ષ. અને એની સંપદાનું શું કહેવું? જેને સોળ હજાર તો દેવ સેવા કરે, નવ નિધાન તો જેને ઘરે હોય, છન્નું હજાર તો સ્ત્રી હોય, આહા..હા..! ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ, છન્નું કરોડ ગામ. આહા..હા..! એ સાતસો વર્ષ રહ્યો એમાં ચક્રવર્તી તો બહુ થોડો (સમય). મરીને સાતમી નરકે ગયો. આહા..હા..! એ રત્નના ઢોલીયે સૂતેલો. છન્નું હજાર સ્ત્રીમાં એક સ્ત્રી (એવી હોય કે) જેની હજાર દેવ સેવા કરે જેને સ્ત્રીરત્ન કહીએ. રત્ન એટલે ઉંચું. ..રત્ન, સ્ત્રીરત્ન એ બધું કહેવાય છે. એ ભાષા છે. એવી સ્ત્રી જેની એક હજાર દેવ સેવા કરે. એવી બીજી છન્નું હજાર સ્ત્રી. આહા..હા..! એ એક ક્ષણમાં અહીં હીરાના (પલંગમાં) સૂતો હતો, બીજે ક્ષણે સાતમી નરકે સૂતો. ૨વ-૨વ અપયઠાણા નરકે. આહા..હા..! આ વૈભવને ભોગવવાના ફળ. અહીં તો કહેવું છે કે સાતસો વર્ષમાં જે શ્વાસ ચાલે શ્વાસ-શ્વાસ, એક

શ્વાસનું ફળ કેટલા લાખ કીધું નહિ? અગિયાર લાખ છપ્પન હજાર નવસો પંચોતેર પલ્ય. એક શ્વાસનું આટલું ફળ દુઃખનું આવ્યું એને. શું કીધું સમજાણું કાંઈ? બહુ તો સાતસો વર્ષ ભોગવ્યું એમ કહો. એ તો બાળપણા તો ક્યાં પછી? ચક્રવર્તી તો પછી થયો હોય. પણ એના સાડા સાતસો વર્ષના સરવાળાના એવા શ્વાસ ગણીએ તો એ શ્વાસનું એણે સુખ ભોગવ્યું અહીંયાં એના ફળમાં સાતમી નરકની રવ-રવ નરકમાં ગયો. એક શ્વાસનું અહીંયાં સુખ ભોગવ્યું એણે છપ્પન હજાર શું કીધું એ? અગિયાર છપન્ન હજાર નવસો પંચોતેર પલ્યોપમનું દુઃખ. ગજબ વાત! આહા..હા..!

એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય એવું એક પલ્યોપમ, એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એવા ૩૩ સાગરે ભગવાન ત્યાં ગયો છે અંદર. આહા..હા..! રવ-રવ અપયઠાણા નરકે, ભાઈ! પરમાં સુખ માનીને જે લલચાઈ ગયો એ આ મરીને એના આવા ફળ આવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભય.. તો નહિ હોયને? કેટલાય એમ કહે છે. .. છે. આહા..હા..! એટલો શ્વાસ છે. હજી સાતસો વર્ષનો શ્વાસ થાય એની ગણતરીથી એક શ્વાસ પણ ... અને ત્યાં અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમનું દુઃખ. આહા..હા..! કેમકે આનંદના નાથને ભૂલીને મિથ્યાત્વના તીવ્ર કષાયથી આનંદનો ઘાત કર્યો પર્યાયમાં. જેમાં સુખ નથી તેમાં સુખ માનીને, લલચાઈને ખેંચાઈ ગયો. આહા..હા..! આ ફળ. એક ફેરી ગણ્યું હતું. ધનજીભાઈને યાદ રહે છે. અગિયાર લાખ પલ્યોપમ, છપ્પન હજાર. પલ્યોપમ. એય..! અને અહીંયાં અસંખ્ય સમય મોક્ષનો માર્ગ સેવે. મોક્ષનો માર્ગ અસંખ્ય સમય સેવ્યો છે, અનંત સમય નહિ. અસંખ્ય સમય સેવ્યો એનું ફળ અનંત... અનંત... અનંત... અનંતકાળમાં પરમાનંદની પ્રાપ્તિ. આ કેવી વસ્તુ છે! સમજાણું કાંઈ? એક સમયનો મોક્ષમાર્ગ એનાથી અનંતગુણા સાગરોપમ, અનંતગુણા અવસર્પિણી કાળ એવા સુખની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ?

જઘન્યમાં જઘન્ય કોઈ મોક્ષમાર્ગમાં આવે તો એ અસંખ્ય સમય તો એને જોઈએ. સમ્યગ્દર્શન પામીને તરત અને તરત કેવળ પામે તો અસંખ્ય સમય જોઈએ. અને ઉત્કૃષ્ટ કોઈ પંદર ભવ આદિ કરે તોપણ સમય તો અસંખ્ય જ હોય એને. મોક્ષમાર્ગના કાળને સાધવાનો સમય અસંખ્ય જ હોય. અને એક સમયનું ફળ એને અનંત... અનંત... અનંત... અનંત... ચોવીસી અને અનંત સાગરોપમ એવા અતીન્દ્રિય આનંદને એક સમયના ફળને પામે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આને કોણ ન કરે? એમ કહે છે. એય..! કહો, પોપટભાઈ! હવે બાદશાહ .. મોટું શરીર ને.. એ કેટલા વર્ષ ત્યાં ધૂળમાં? આહા..હા..! મોક્ષમાર્ગમાં આવે કહે છે કે આહા..હા..! ત્રણલોકના નાથ, ઈન્દ્ર ને ગણધર અને ઈન્દ્રની સભામાં એકાવતારી ઈન્દ્રોની વચમાં કહેતા હતા. આહા..હા..!

એ અહીં કહે છે. કામદેવના બાણને તો બાળીને રાખ કરી મૂકે, કહે છે. આનંદના અમૃતના

સ્વાદ આગળ કામદેવનો વિકલ્પ છે એ તો દુઃખનું ઝેર છે. આહા..હા..! ભગવાન કેવો છે આત્મા? આહા..હા..! જેને જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવ્યો એને આત્મા અનંતબળવાળો છે એમ આવ્યું છે. પર્યાયમાં એનાથી અનંતગુણો પુરુષાર્થ ઓછો, પણ વસ્તુ છે એ તો અનંત પુરુષાર્થ. અનંત-અનંત વીર્યનો પિંડ છે. અનંત-અનંત જ્ઞાન ને ઈશ્વરતાના સ્વભાવથી ..થી ભરેલો છે. ઈશ્વરની પ્રભુતાની શક્તિથી એ આત્મા એક-એક શક્તિમાં અનંત ઈશ્વરતા-પ્રભુતાથી ભર્યો છે. એ બળિયો. આહા..હા..!

આ લોકો નથી કહેતા પરણે ત્યારે? નાણાનો બળિયો વર્તે. એક ફેરી સાંભળ્યું હતું. અમારે કુંવરજીભાઈના લગન હતાને, બીજી વારના, ત્યારે હું અપાસરામાં ગઢડામાં (હતો) અને એ જાન આવી હતી. ગોસળિયામાં, હરિચંદ ગોસળિયાને ત્યાં અને એ નીકળ્યા જાન બોલે કે તે દિ' સાંભળેલું. અમારા ખુશાલભાઈના લગનમાં તો બહુ આપણને યાદ નહિ. એ વર તોરણે પાછો નહિ ફરે એ નાણાનો બળિયો વર્તે. એ ધૂળનો. અહીં કહે છે કે જેને જ્ઞાન અને આનંદનું બળ આવ્યું એ હવે મોક્ષ લીધા વિના પાછો નહિ ફરે એ બળ છે. આહા..હા..! ઓલામાં તો ધૂળની વાતું છે.

**શ્રોતા :-** જ્ઞાનલક્ષણનું બળ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બળ આવ્યું. આહા..હા..! દિલ્હીમાં ક્યાંક થતું હતુંને. વર પરણવા આવ્યો. પછી માગણી બહુ કરી. પહેલી માગણી થોડી કરી અને પછી માગણી બહુ કરી. એમાં એનો સાસરો સાધારણ. કે આમ જોઈશે, ફલાણું જોઈશે તો હું પરણું. હવે અહીં ટાઈમ થઈ ગયો. ..મુદતનું હવે કરવું શું? મુંઝાણા બધા. જુવાનિયા ભેગા થયા. ગધેડો લઈ આવ્યા. ગધેડે ઉંધે. આમ સવળું માથું નહિ. ઉંધે માથે લઈ અને આખા ગામમાં ફેરવ્યો. લે. માળા, ગરીબને ઘરે આવા તમે પરણવા આવ્યો અને આ રીતે માગણી? મારે આ જોઈશે, મારે ફલાણું જોઈશે, મારે ઢીંકણું એમ કાંઈક પાંચ-દસ હજાર રૂપિયા નહિ? માગ્યા હતા. ઓલો માણસ બિચારો સાધારણ હશે. મોટા શેઠિયા સાથે. શું છે આ? મોડું કેમ થયું? તો કહે પૈસા માગે આ. અડધો કલાક, કલાક ડોળાણી વાત ત્યાં જુવાનિયાને ખબર પડી. જુવાનિયાએ આવીને ગધેડે બેસાડ્યો એને. આહા..હા..! આ નહિ. સંસારના ભાવ આવા ગધેડે બેસીને દુઃખી થવાના છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે...**' જુઓને આવ્યુંને. આહા..હા..! '**શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે મુનિઓના મનોગ્રહના ઘોર અંધકારનો નાશ કર્યો છે,...**' કોણે? શુદ્ધતત્ત્વે. શુદ્ધતત્ત્વ છે તેનું '**શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે...**' તેના જ્ઞાન વડે. આહા..હા..! '**મુનિઓના મનોગ્રહના ઘોર અંધકારનો નાશ કર્યો છે, તેને—સાધુઓ વડે વંદ્ય...**' એ સાધુઓ વડે વંદ્ય છે ભગવાન પૂર્ણાનંદનો નાથ '**અને જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ...**' છે. ભવસિંધુને તરવા માટે નૌકા ભગવાન આત્મા, એમ કહે છે. આહા..હા..! 'નાવ તરે

રે મારી નાવ તરે.' એય..! આહા..હા..! '**તે શુદ્ધ તત્ત્વને—હું વંદું છું.**' આ મુનિરાજ પોતે કહે છે. આવું જે શુદ્ધતત્ત્વ તેને હું વંદું છું. આહા..હા..! એમ કરીને એ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૨, બુધવાર, તા. ૦૫-૧૧-૧૯૭૫
## કળશ-૧૭૫-૧૭૬, પ્રવચન નં. ૮૫

પરમ-આલોચના. ૧૭૫ કળશ છે.

(हरिणी)

अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये
विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।
हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं
पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्।।१७५।।

મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત કહે છે, '**અમે પૂછીએ છીએ કે—જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં...**' બધા પ્રકારની બુદ્ધિવાળા હોવા છતાં '**બીજાને 'આ નવું પાપ કર'...**' તું રાગ કર '**એમ ઉપદેશે છે,...**' આહા..હા..! 'રાગ કર' એ પાપનો ઉપદેશ છે. '**સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં...**' બધા પ્રકારની બુદ્ધિ હોવા છતાં '**બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે, તેઓ શું ખરેખર તપસ્વી છે?**' પુણ્યથી રાગ છે. રાગનો ઉપદેશ દેવો એ પાપનો ઉપદેશ છે. એવી વાત છે. વીતરાગભાવ છે, આત્માનો વીતરાગભાવ એ ધર્મ છે. રાગભાવ કોઈ ધર્મ નથી.

**શ્રોતા :-** ધર્મનું મૂળ છે એમ શાસ્ત્રમાં આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ચારિત્ર... ધર્મનું મૂળ તો સમકિતદર્શન છે. પુણ્ય ધર્મનું મૂળ છે એમ નથી. એવી વાત છે. '**તેઓ શું ખરેખર તપસ્વી છે?**' એમ કહે છે. રાગ કરવો અને રાગથી તને લાભ થાય, એવો ઉપદેશ શું મુનિનો છે? એ મુનિ છે? એમ કહે છે. આહા..હા..! આ તો વીતરાગધર્મ છે. વીતરાગભાવમાંથી ધર્મ થાય.

**શ્રોતા :-** એમના પોતાના મુનિ આવો ઉપદેશ કરતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ હશે. આપે છેને કેટલાય. આ અત્યારે તો આપે છે એ

બધા. પણ આ તો કોઈ વખતે. એ વખતે કોઈ હશે. વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થશે. એ વ્યવહાર નામ રાગ, રાગ કરતાં-કરતાં ધર્મ થાય એ પાપનો ઉપદેશ છે. એવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ક્ષુલ્લક તો નહિ પણ શ્રાવક પણ ન કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રાવક પણ ન કહે. રાગથી ધર્મ થાય એ સમકિતી પણ ન કહે. રાગ થાય છે એમ કહે, પણ એનાથી ધર્મ થાય બિલકુલ નહિ. વીતરાગસ્વભાવથી ધર્મ થાય. સવારમાં આવ્યું નહિ? શુદ્ધ ઉપયોગ એ મુક્તિનું કારણ છે. આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ તરફના પરિણામ જે વીતરાગી ભાવ એ ધર્મ અને મુક્તિનું કારણ છે. આહા..હા..!

**'અમે પૂછીએ છીએ...'** એમ કહે છે. આચાર્ય મુનિ દિગંબર સંત છે. એ પદ્મપ્રભમલધારિદેવ છે ત્રીજા નંબરમાં. વચમાં કુંદકુંદાચાર્ય (છે). આ પદ્મપ્રભમલધારિદેવ. સવારે (ચાલે છે એ) પ્રવચનસારની ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય. ત્રણે દિગંબર મુનિ છે. વનવાસી છે. કહે છે... એ પદ્મપ્રભમલધારિદેવની આ ટીકા છે. સવારે અમૃતચંદ્રાચાર્યની ટીકા હતી પ્રવચનસારમાં. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યના છે. સમજાણું કાંઈ? એ શ્લોકનો અર્થ કરતા એમ લીધુંને એમાં? મૂળ પાઠમાં એમ છે. ભાવશુદ્ધિ છેને આ? મદ્ય, માન, માયા, લોભથી વર્જિત ભાવ-આત્મા છે. વિકારના ભાવથી રહિત આત્માના પરિણામ અથવા આત્મા એ વિકારથી રહિત જ આત્મા છે. આ ભગવાન આત્મા એ વિકાર વિષયની વાસના, ક્રોધ, માન, માયા, લોભ એનાથી રહિત જ આત્મા છે અને એનાથી રહિત આત્માના આશ્રયે જે વીતરાગ પરિણામ થાય છે તે ધર્મ છે. તો તપસ્વી વીતરાગભાવનો ધર્મ છોડીને રાગથી ધર્મ થાય એમ તપસ્વી કેમ કહે છે? એવો ઉપદેશ મુનિ કેમ દે છે? એ મુનિ છે? કહો, સમજાણું કાંઈ? દેવાનુપ્રિયા! એમ કે રાગથી ધર્મ થાય. ચાહે તો શુભરાગ હોય, પરમાર્થે તે શુભરાગ પણ પાપ જ છે.

**શ્રોતા :-** શાસ્ત્રનો અભ્યાસ કરવાનું તો આચાર્યો કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અભ્યાસ કરો એ અંદરના સ્વના લક્ષે. સ્વના લક્ષે અભ્યાસ કરો એમ કહ્યુંને જ્ઞેય અધિકારમાં? ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય એના લક્ષે અભ્યાસ થાય છે. તો કહે છે અહીંયાં એવા મુનિને... આહા..હા..!

**'અહો! ખેદ છે કે...'** મુનિરાજ ભાવલિંગી સંત છે. આહા..હા..! કહે છે કે અરે..! ખેદ છે. આહા..હા..! **'કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ...'** અંતર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય એવો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા **'અને સર્વોત્તમ પિંડરૂપ આ પદને...'** સર્વોત્તમ આત્મા સર્વથી ઉત્તમ એ પદ છે. આત્મપદાર્થ સર્વથી ઉત્તમ પદાર્થ છે અને સર્વથી ઉત્તમ બળવાન છે. આહા..હા..! એવો બળવાન ભગવાન આત્મા એને છોડીને **'આ પદને જાણીને...'** જુઓ, જાણ્યું કે આ તો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, જ્ઞાનસ્વરૂપ છે. તો જ્ઞાનસ્વરૂપમાં **'ફરીને પણ સરાગતાને પામે છે!'** આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન

જ્ઞાનસ્વભાવથી પમાય છે, એ રાગથી પમાતો નથી. આહા..હા..! ભારે કઠણ જગતને. એ તો બે બોલ કહ્યાને. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે એમાં રાગ છે જ નહિ અને સર્વોત્તમ પદાર્થ છે, ઉત્તમ મહાપદાર્થ છે. એ પ્રવચનસારમાં આવી ગયું, ૧૧૨ (ગાથા). એ અણિન્દ્રિય મહાપદાર્થ એ તો છે. એવા આત્માનું જાણપણું હોવા છતાં શું સરાગતાને પામે છે? આહા..! આવું હોવા છતાં રાગથી લાભ થાય છે અને રાગમાં આત્માને જોડે છે તો શું એ તપસ્વી છે? મુનિ નથી, એમ કહે છે. આહા..હા..! મુનિઓનો ઉપદેશ તો વીતરાગભાવનો હોવો જોઈએ. આહા..હા..! એ આવે છે આત્માવલોકનમાં. આત્માવલોકન. મુનિ મૂહૂ મૂહૂ—વીતરાગભાવનો ઉપદેશ કરે છે કે આત્મા આનંદસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે. એ જ્ઞાતા-દૃષ્ટામાં રમણતા, એકાગ્રતા (કરવી) એવો ઉપદેશ વીતરાગભાવનો મુનિ તો દે છે. પુણ્યનો ઉપદેશ તો છે નહિ. પુણ્યને જણાવે કે રાગ થાય એ પુણ્ય છે, બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આમ કહો .. ઉપાદેય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદેય એ તો વ્યવહારે કહ્યા અશુભ છોડવા માટે ઉપાદેય નથી. સમજાણું કાંઈ? જુઓને, કેટલો કળશ મૂક્યો છે! ઓહો..હો..!

'**હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ...**' એમ કહે છે. અંતર જ્ઞાનસ્વરૂપમાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો ભાસ થાય છે. અંદરમાં જ્ઞાનાનંદ વિલસિત છે. આહા..હા..! હૃદયમાં વિલસિત જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યસૂર્ય અને સર્વોત્તમ પદાર્થ એ છે. નિમિત્તના પદાર્થથી, રાગના પદાર્થથી અને પર્યાયથી પણ સર્વોત્તમ ભગવાન અખંડાનંદ પ્રભુ આત્મા છે એને જાણીને પણ. '**ફરીને પણ સરાગતાને પામે છે!**' અરે! ફરીને પણ રાગને પામે છે. પુણ્યથી ધર્મ થાય છે, વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થાય છે એવો ઉપદેશ તારો છે? તું શું મુનિ છો? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકરંજન માટે રાજી કરે છે લોકો. એમ કહે, ભાઈ તમે દેશ સેવા કરો, તમને ધર્મ થશે. ધૂળેય ધર્મ નહિ થાય.

**શ્રોતા :-** શુભભાવ તો થાશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુભભાવનો અર્થ એ રાગ છે, એ બંધનું કારણ છે, એ ઝેર છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ..આવે છે, ભલે આવે. પણ રાગનો ઉપદેશ કે રાગ કરવાલાયક છે (એવો ઉપદેશ ન હોય), એમ કહે છે. આવે એ બીજી વાત છે. રાગ કરવાલાયક છે, દેશ સેવાથી તને ધર્મ થશે, ભગવાનની પૂજા-ભક્તિથી તને ધર્મ થશે...

**શ્રોતા :-** દસ પ્રકારે ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધર્મ છે જ નહિ પણ. ભગવાનની પૂજા-ભક્તિથી પુણ્ય શુભભાવ થશે. લાખ પ્રતિમાને વંદન કરે અને લાખ મંદિર બનાવે, શુભભાવ છે. પણ એ કરવાલાયક

છે, એનાથી તને ધર્મ થશે શું એ મુનિનો ઉપદેશ છે? એમ કહે છે. આહા..હા..!

તારણસ્વામી કહે છે કે લોકરંજન માટે આવું કહે છે એ તો નરક-નિગોદમાં જશે. સમજાણું કાંઈ? આહા..હા..! લોકરંજન છે. કરો ભાઈ ઠીક છે તમને લાભ થશે. 'મંદિર બનાવો, રથયાત્રા કાઢો અને લાખો રૂપિયા ખર્ચો, તમને ધર્મ થશે.' એવો લોકરંજન માટે એવો ઉપદેશ કરે છે, તારણસ્વામી તો કડક છેને જરી, તો કહે નરક-નિગોદમાં જશે. આહા..હા..! લોકરંજન. દુનિયા રાજી રહે એમાં ખુશી થાય. આ ઉપદેશ રાગથી રહિત પરમાત્મા પોતે ચિદાનંદ સહજાનંદસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એવા વીતરાગી પરિણામ એ જ ધર્મ અને મુક્તિનો ઉપાય છે. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! અત્યારે તો ઘણા એ જ ઉપદેશ આપે બસ આમ કરો, આમ કરો. પૂજા, ભક્તિ, જાત્રા કરો એનાથી તમારું કલ્યાણ થશે. 'વિદ્વજન ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે.' ગાથા છે. વિદ્વાન થઈને. આ સમગ્ર બુદ્ધિવાળો. જુઓ, ભાઈ! આ તો મેળ ખાઈ ગયો પાછો. આવી ગયું બધું. આ વિદ્વાન થઈને નિશ્ચય ત્યજીને વ્યવહારમાં વર્તે શું એ વિદ્વાન છે? આહા..હા..! માર્ગ બાપુ આકરો, ભાઈ! રાગ હોય છે. અશુભથી બચવા ભક્તિ, પૂજા, દયા, દાનનો ભાવ હોય, પણ એ ધર્મ છે અને એનાથી ક્રમે-ક્રમે ધર્મ થશે એમ નથી. આવો ભગવાનનો ઉપદેશ છે, ભાઈ! આહા..હા..! કહો, બલુભાઈ! ભાઈ! આ વર્ષીતપ કરતાં-કરતાં કલ્યાણ થાશે. ધૂળમાંય નહિ થાય. એય..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના આ તો વાત છે. એ તો.. આહા..હા..!

બે વાત કરી કે અંતરમાં હૃદય જ્ઞાનમાં વિલસિત શુદ્ધાત્મા પડ્યો છે આત્મા. નિર્મળાનંદ વીતરાગસ્વરૂપે પરમાત્મા આત્મા છે અને સર્વોત્તમ પદાર્થ એ છે. એમ જાણીને રાગથી લાભ થાય એવો ઉપદેશ શું મુનિનો છે? શું તું મુનિ છો? નહિ. આહા..હા..! કહો, દેવીલાલજી! એમાં રાજી થાય બધા. ઓહો..હો..! ભાઈ! ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો, વ્રત પાળો, અપવાસ કરો તમારે ધર્મ થશે. ધૂળેય ધર્મ નથી, એ તો રાગ છે. આહા..હા..!

**શ્રોતા** :- અશુભમાંથી બચવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. એ તો ક્યારે? નિશ્ચયની દૃષ્ટિ હોય તો શુભથી બચવા એમ કહેવામાં આવે છે. દૃષ્ટિ જ્યાં રાગની છે ત્યાં અશુભથી બચવું શું? શુદ્ધથી બચે છે. શુદ્ધથી બચશે તો રાગમાં આવશે. કહો, પ્રવિણભાઈ! આહા..! માર્ગ એવો, ભાઈ! આહા..હા..! રાગ છે એ તો આકુળતા છે. ચાહે તો શુભરાગ હોય આકુળતા છે! બાપુ! તો આકુળતાથી અનાકુળ એવી આત્માના ધર્મની દશા પ્રગટે? આહા..હા..! માર્ગ એવો છે, બાપુ! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં સાક્ષાત્ પરમાત્મા. કરોડ પૂર્વનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો દેહ છે. મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે. નમો અરિહંતાણં પદમાં છે. ચોવીસ તીર્થંકર તો નમો સિદ્ધાણં પદમાં ગયા, એ તો સિદ્ધ થયા, એને વાણી છે

નહિ, એ અરિહંતપદમાં નથી. સીમંધર ભગવાન વીસ બિરાજે છે મનુષ્ય ક્ષેત્રે. મહાવિદેહમાં સમવસરણમાં બિરાજે છે એનો ઉપદેશ તો આ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ...

**શ્રોતા :-** ...એ પણ શુભભાવનું ફળ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેનું ફળ?

**શ્રોતા :-** ભગવાન પાસે જાવું એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાવું છે તો એમાં આત્માને શું? ગયા એમાં આત્મામાં શું થયું? એમ ક્યાં કહ્યું? અહીં તો ત્યાં ઉપદેશ એવો થાય છે એમ કહ્યું. દેવાનુપ્રિયા! ત્યાં જાય છે એમ કહ્યું. ગયા એનો શું અર્થ છે? પછી એમાંથી જ્યારે સમજે અને અંદરથી સ્થિરતા વિશેષ થઈ એ પોતે કરી ત્યારે લાભ થયો. આહા..હા..! ભગવાનના સમવસરણમાં તો અનંતવાર ગયો. એવો પાઠ છે પરમાત્મપ્રકાશમાં, 'ભવે ભવે પુજીયો.' અનંતભવમાં અનંતભવમાં અનંત અવતાર થયા. મહાવિદેહ, જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં અનંતવાર જન્મ્યો છે. આહા..હા..! અનંત અવતાર કર્યા, ભાઈ! એક-એક કાંકરીએ અનંતવાર જન્મ્યા અને અનંતવાર મર્યા છે અને એક એક કાંકરીએ અનંતા સિદ્ધ થયા છે. અનંત સિદ્ધ થયા છે. ઉપર અનંત સિદ્ધ બિરાજે છે. ઉપર સિદ્ધ બિરાજે છે એ ક્યાંથી ગયા? જે સિદ્ધ થયા પછી ત્યાં જાય.. સીધા જાય છે સમશ્રેણીએ. તો જ્યાં માથે અનંતા સિદ્ધ છે એ ક્યાંથી ગયા? અહીંથી ગયા છે.

સાંભળ્યું છે કે નહિ? ૪૫ લાખ યોજનમાં ઉપર અનંત... અનંત... અનંત... સિદ્ધ છે. ૪૫ લાખ મનુષ્ય ક્ષેત્ર છે એની સામે ઉપર એક-એકમાં અનંત સિદ્ધ છે. તો એ સિદ્ધ થયા ક્યાંથી? જે નીચેથી અહીં દેહ છૂટીને સીધા ત્યાં જાય છે. ત્યાં મોક્ષ જાય અને આમ જાય એમ નથી. સમશ્રેણીએ (છે). નહિ? ગિરનાર નથી સાંભળ્યું? ગિરનારમાં એ પાંચમી છેને? સમશ્રેણીએ ત્યાંથી ભગવાન મોક્ષ પધાર્યા. નેમિનાથ ભગવાન. એ જાત્રાનો ખરો અર્થ તો એવો છે કે ત્યાંથી મોક્ષ પધાર્યા છે એની નીચે સ્મરણ કરવું કે અહીં સિદ્ધ ભગવાન ઉપર છે. એ શુભભાવ છે. સમજાણું કાંઈ? કાંઈ ભગવાન જોતા નથી અને ગિરનારથી કાંઈ લાભ થતો નથી. આહા..હા..! ભાવ પોતાનો શુભભાવ હોય તો એનાથી પુણ્ય બંધાય. એ સ્મરણ છે કે પરમાત્મા અહીં બિરાજે છે. અહીં શેત્રુંજય. ત્રણ પાંડવ મોક્ષ ગયા છે. ધર્મરાજા, ભીમ, અર્જુન. અને સહદેવ અને નકુલ એ બે સર્વાર્થસિદ્ધમાં ગયા છે. પણ એ તો હજી આમ પણ જાય અને આમ પણ જાય. ક્ષેત્ર સર્વાર્થસિદ્ધ. પણ સિદ્ધ તો ત્યાંથી સમશ્રેણીએ (ગયા છે). આવે છેને ગાયનમાં કાંઈક? 'પાંચમી ટુંકે સમશ્રેણીએ છે પાંચમી ટુંકે.' ભજનમાં આવે છે. આહા..હા..!

એમ અહીં શેત્રુંજય. ત્રણ પાંડવ મોક્ષ ગયા. ત્યાં જ્યાંથી ગયા ત્યાં ઉપર છે. અહીં નથી, અહીં ઉપર નથી. જ્યાંથી ગયા ત્યાં સમશ્રેણીએ ઉપર છે સિદ્ધ ભગવાન. આહા..હા..!

એ ત્યાં જવાનો હેતુ સિદ્ધ માથે બિરાજે છે એવો કેવળજ્ઞાનીનો સ્મરણ કરવાનો ભાવ શુભ છે. એનું નામ વ્યવહારજાત્રા કહેવામાં આવે છે. આહા..હા..! નિશ્ચયજાત્રા તો ભગવાન આત્મા આનંદનો નાથ એમાં આરૂઢ થવું, પોતાનો ચૈતન્ય આનંદનો નાથ એમાં આરૂઢ થવું એ નિશ્ચય જાત્રા છે. સમજાણું કાંઈ? નિશ્ચયથી કહ્યુંને 'તન મંદિરમેં જિનદેવ.' મંદિરમાં દેવ છે એ તો નિક્ષેપ છે, ત્યાં ભગવાન બિરાજતા નથી. આહા..હા..! ત્યાં એમ કહે, ભગવાન અહીં છે અને ક્યાં ગોતવા જાય છે? એમ કહે છે. ક્યાં શોધવા જાય છે? મને હસવું આવે છે કે લક્ષ્મીપતિ ભીખ માગે! એમ ત્રણલોકનો નાથા આનંદથી ભરેલો પ્રભુ, એ પર પાસે ભીખ માગે કે તું મને મુક્તિ દે. ત્યાં મુક્તિ છે? આહા..હા..! પંચપરમેષ્ઠી સ્વરૂપ જ ભગવાન આત્મા છે. આહા..હા..!

એવો સર્વોત્કૃષ્ટ આત્મા અને હૃદય-જ્ઞાનમાં વિલસિત ભગવાન જ્ઞાનસ્વરૂપ એને છોડીને, એને જાણવા છતાં (એને) છોડીને રાગથી લાભ થાય, પુણ્યથી લાભ ધર્મ થાય એવો ઉપદેશ તપસ્વીને છે (તો) તું તપસ્વી છો? મુનિ છો? એવો ઉપદેશ હોતો નથી. આહા..હા..! **'સરાગતાને પામે છે!'** એ શું કહ્યું? કે એ તો જ્ઞાનસ્વરૂપ છે અને સર્વોત્કૃષ્ટ આનંદનો નાથ એવો એ પદાર્થ છે. એને રાગથી લાભ થાય, જ્ઞાનસ્વરૂપી ભગવાનને રાગથી લાભ થાય એ શું તારો ઉપદેશ છે? તપસ્વી મુનિનો ઉપદેશ છે? આહા..હા..! કહો, સુજાનમલજી!

**શ્રોતા :-** બરાબર છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહે છે?

**શ્રોતા :-** મંદિર બનાવે છે પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! કોણ બનાવે? એ તો થવા કાળે થાય. આહા..હા..! શુભભાવ થાય છે, પ્રતિમાની પૂજા અને ભક્તિનો ભાવ આવે, સમકિતીને પણ આવે છે, પણ છે પુણ્યબંધનું કારણ. આવે તો છે. 'જિન પ્રતિમા જિન સારખી' બનારસીદાસે ન કહ્યું? તો જિનપ્રતિમા જાણે જિનસારખી. પણ જિનસારખી જાણવામાં લક્ષ થાય એ તો શુભભાવ છે. આહા..હા..! પણ શુભભાવથી તારા આત્માનું કલ્યાણ થાય એવો મુનિનો ઉપદેશ છે? આહા..હા..! લોકરંજન-લોકો રાજી થાય. આહા..હા..! આ અંદર આત્મા તો સામાન્ય દેખાતો નથી. કાલે પ્રશ્ન નહોતો આ રસીકભાઈનો. રસીકભાઈ ગયા? વીંછીયાવાળા. છે. પણ સામાન્ય દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? 'હું નથી.' તો 'હું નથી' એવો નિર્ણય કોણે કર્યો? એ આત્માએ કર્યો. આહા..હા..! એવી ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..!

આ તો વિચાર એવો આવે છે કે 'શુદ્ધપર્યાય દ્રવ્યમાં ભેળવવાથી દૃષ્ટિનો વિષય છે.' એના ઉપર ઘણો વિચાર આવ્યો મોક્ષમાર્ગમાંથી. એ રાતે વાત. ત્યાં તો કહ્યું કે તત્ત્વાર્થશ્રદ્ધાન. તત્ત્વાર્થશ્રદ્ધાન આવે છેને? તો શ્રદ્ધાનો વિષય નવ તત્ત્વ થઈ ગયુંને?

**શ્રોતા :-** એ તો એકવચન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકવચન છે. એકવચન છે અને એ વિષય જ્ઞાનનું કારણ બન્યું. જ્ઞાનમાં નવનું લક્ષ થયું અને પછી આત્મા ઉપર દૃષ્ટિ જાય છે તો નવની તત્ત્વાર્થ શ્રદ્ધા યથાર્થ થાય છે. આહા..હા..! નવ પ્રકાર નહિ. નવ તત્ત્વને છોડીને હું એક આત્મા એવું આવે છે. નવ તત્ત્વની શ્રદ્ધા. અને ત્યાં તો પૂછ્યું છે કે ભાઈ! આ તત્ત્વાર્થશ્રદ્ધાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને વ્યવહારસમકિત કહ્યું. એને સમકિત કહ્યુંને? ભાઈ! સમકિત કહ્યું. તત્ત્વાર્થશ્રદ્ધાન, તત્ત્વની શ્રદ્ધા એ તો વ્યવહારસમકિત એમ કહ્યું. પણ મૂળ તત્ત્વ શ્રદ્ધા જે વિપરીત અભિપ્રાય છે એ તો નિશ્ચય છે, પણ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં પ્રવૃત્તિની મુખ્યતા છે. એ કારણે વ્યવહાર છે અને તત્ત્વવિચારમાં વિચારની મુખ્યતા છે એમ લીધું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. અને સ્વપરની ભેદજ્ઞાનની શ્રદ્ધા વિપરીત અભિનિવેશનું કારણ છે. અને સ્વની શ્રદ્ધા એ વિપરીત અભિનિવેશના નાશનું કારણ છે એમ લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા નવ આવ્યાને? નવ આવેને એટલે નવની શ્રદ્ધા થઈને. એમ કહે જુઓ, આ નવ આવ્યા. સંવર, નિર્જરાસહિત. એ તો આસ્રવસહિત શ્રદ્ધા આવી. એનો અર્થ શું? આસ્રવ હેય છે એવું જ્ઞાન થયું; સંવર, નિર્જરા પ્રગટ કરવાલાયક છે એવું જ્ઞાન થયું અને તદ્દન ઉપાદેય તો ભગવાન ત્રિલોકનાથ છે એવું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ! માર્ગના ઝઘડા.

આવો પરમાત્મા કહે છે કે પોતાના સ્વભાવને આશ્રયે એને લાભ થશે. એને છોડીને એવો ઉત્તમ પદાર્થ જ્ઞાનમાં વિલસિત ચૈતન્યમૂર્તિ ભગવાન એને રાગથી લાભ થશે. આવો ઉપદેશ શું તપસ્વીનો છે? એવો પાપનો ઉપદેશ ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહા..હા..! અશુભભાવમાં પાપ છે, એમ કહે છે, રસીકભાઈ! તો સ્વચ્છંદ નહિ થાય? કટુવચન નથી, યથાર્થ વચન છે. વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..!

**શ્રોતા :-** પણ હિતની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હિતરૂપ છે. એનું હિત થાય એવું એ વચન છે. આહા..હા..! એ ૧૭૫ થયો. ૧૭૬ કળશ-કળશ.

(हरिणी)

जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं
सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम्।
परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः
स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम्।।१७६।।

ભગવાન આત્મા ચૈતન્ય તત્ત્વ એ **'તત્ત્વોમાં તે સહજતત્ત્વ જયવંત છે—'** ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ જયવંત છે. આહા..હા..! પર્યાય તો પલટે છે. પર્યાયની સ્થિતિ એક સમયની છે. પર્યાય જે થાય છે સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ, રાગાદિ એની સ્થિતિ એક સમય-સેકન્ડના અસંખ્યમા

ભાગે મુદત છે અને ત્રિકાળી વસ્તુ અનાદિ-અનંત શાશ્વત નિત્ય છે. આહા..હા..! આવું બધું જાણપણું કરવું.

'**તત્ત્વોમાં તે સહજતત્ત્વ...**' દેખો, તત્ત્વોમાં સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, મોક્ષતત્ત્વ આસ્રવ, પુણ્ય, પાપ બંધતત્ત્વ એમાં સહજ '**તત્ત્વોમાં તે સહજતત્ત્વ જયવંત છે...**' બીજા તત્ત્વો તો પલટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયની છે. કેવળજ્ઞાન પર્યાય છે, બે સમયે નથી રહેતી. ગુણ જે ત્રિકાળ છે એ ત્રિકાળ રહે છે. કેવળજ્ઞાન તો પર્યાય છે, તો એક સમય રહે છે કેવળજ્ઞાન. બીજે સમયે બીજું. એવું પણ બીજી પર્યાય છે. આહા..હા..! કેવળજ્ઞાન પણ એક સમયની મુદત છે એની. પર્યાય છેને? એક સમયમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તો બીજે સમયે એનો વ્યય થઈને બીજું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..! કદી સાંભળ્યું ન હોય.

કેવળજ્ઞાન (પર્યાય છે)? એક પંડિત એમ કહેતો હતો. રહે છેને ત્યાં મથુરા. મથુરાને? એ વાત આવી હતી. પંડિતો કહે, અરે! કેવળજ્ઞાન પર્યાય? બીજા પંડિત કહે, સાંભળતો ખરા શું કહે છે. કેવળજ્ઞાનમય અવસ્થા થઈ છે. અનાદિ કોઈને કેવળજ્ઞાન હતું? અનાદિ તો જ્ઞાનગુણ હતો અંદર ત્રિકાળ. નવી અવસ્થા થઈ એ તો પર્યાય છે. આહા..હા..! પર્યાયની મુદત તો એક સમયની છે. કેવળજ્ઞાન સાદિ-અનંત રહે છે, છતાં સમયે સમયે પલટીને રહે છે. એ એક સમયને યોગ્ય કેવળજ્ઞાન થયું, બીજે સમયે એ રહે એવું નથી. એવું હોય પણ એ નહિ. એવી પર્યાય બીજે સમયે થાય, પણ પહેલી હતી એ નહિ. આવું! દેવીલાલજી! મથુરામાં વ્યાખ્યાન થયું હતુંને? છેને મથુરા? જંબુસ્વામી મોક્ષ પધાર્યા. પંડિતો આવ્યા હતા ઘણા. કેવળજ્ઞાન એક સમયની પર્યાય. ભડકે. પંડિત ભડક્યા. કેવળજ્ઞાન, પણ કેવળજ્ઞાન પર્યાય છે કે ગુણ છે? ગુણ તો ત્રિકાળ જ્ઞાન છે. આ તો નવી પર્યાય ઉત્પન્ન થઈ છે. ઉત્પન્ન થઈ તો એક સમયે ઉત્પન્ન થઈ, બીજે સમયે વ્યય થશે. ઉત્પાદ-વ્યયવાળી એ પર્યાય છે. આહા..હા..! પણ લોકોને જ્ઞાન નથી અને બહારથી ચલાવી મૂક્યું, આમ કરો ને આમ કરો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તત્ત્વોમાં...**' તત્ત્વો કહેતા જીવતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, મોક્ષતત્ત્વ, આસ્રવતત્ત્વ, પુણ્યતત્ત્વ, બંધતત્ત્વ, પાપતત્ત્વ એ '**તત્ત્વોમાં તે સહજતત્ત્વ જયવંત છે...**' ત્રિકાળી ભગવાન એક કાયમ રહે છે. સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ સમયે સમયે પલટે છે. આહા..હા..! સિદ્ધ પણ પર્યાય છે. સંસાર મલિન પર્યાય છે, સિદ્ધ નિર્મળ પર્યાય છે, મોક્ષમાર્ગની પર્યાય અપૂર્ણ નિર્મળ છે, પણ છે બધી પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ પર્યાય ને દ્રવ્ય એ સર્વ તત્ત્વોમાં. '**તે સહજ...**' તે સહજસ્વભાવિકતત્ત્વ પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, અભેદભાવ. આહા..હા..! અરે! માર્ગ વીતરાગના. '**તે સહજતત્ત્વ જયવંત છે...**' કાયમ એવું ને એવું રહે છે. ધ્રુવ જે પરમાત્મા આત્મા એ

તો કાયમ એવું ને એવું રહે છે. બીજું તત્ત્વ પલટે છે. બદલતી અવસ્થા. વસ્તુ છે એ તો બદલતી નથી. એ તો ધ્રુવ જયવંત એવું ને એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! બહુ ઝીણો. પંડિત પણ ન સમજે લ્યો.. અને અહીં .. પંડિત છે નહિ? શું કહેવાય? ... એ તો છે નહિ? .. ગુજરી ગયો. ..અહીં આવ્યા પહેલા જ્યારે. એમ કહે, પર્યાય? પંડિત એમ કહે કે પર્યાય? મેં કીધું આ કેવળજ્ઞાન પણ પર્યાય અને મોક્ષમાર્ગ પણ પર્યાય અને સંસારમાર્ગ મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન એ પર્યાય. પર્યાયની પાછળ કાયમ રહેનારું એ ધ્રુવતત્ત્વ જયવંત રહે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગુણ ક્યાં છે? પર્યાય છે. સિદ્ધને આઠ ગુણ પ્રગટ્યા નિશ્ચયે અને ઓલાને અનંતગુણ પ્રગટ્યા એ તો પર્યાય છે. ગુણ પ્રગટે? ગુણ તો ત્રિકાળ છે. દ્રવ્ય અને ગુણ તો અવિનાભાવી ત્રિકાળ છે અને પલટતી અવસ્થા એ પર્યાય છે, અંશ છે. આહા..હા..! કહેતો હતો એક જણો .. હતા. તમે સમકિતને પર્યાય કહો છો, પણ ભગવાને ગુણ કહ્યા છે. વિચારીને લખો આત્મધર્મમાં. પ્રવચનસારમાં આવી ગયું છે. આહા..હા..! કાંઈ ખબર ન મળે.

વસ્તુ જે છે ત્રિકાળ એ તો નિત્યાનંદ ધ્રુવ એવી ને એવી પડી છે અને એક સમયની પર્યાય છે એ તો બદલતી છે. ચાહે તો કેવળજ્ઞાન હોય કે ચાહે તો સિદ્ધપદ પણ એ પર્યાય છે, સમયે સમયે બદલતી દશા છે. એ પર્યાયની પાછળ જે ધ્રુવ એ તો જયવંત-એવું ને એવું છે. આહા..હા..! અરેરે! હજી પર્યાય શું અને દ્રવ્ય શું? એને ખ્યાલ નહિ અને માની લે કે અમે ગુણ પ્રગટ કરીએ છીએ. ગુણ પ્રગટે છે? પર્યાય પ્રગટે છે. અને વ્યય થાય છે એ પર્યાયનો વ્યય થાય છે, ગુણનો વ્યય થાય છે? અભ્યાસ ઘટી ગયો, તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ઓછો થઈ ગયો. આહા..હા..!

'**તત્ત્વોમાં...**' એ નવ તત્ત્વો તો કહ્યા. '**તે સહજતત્ત્વ...**' આત્મા તે નિત્ય સહજ તત્ત્વ '**જયવંત છે...**' આહા..હા..! એવું ને એવું બિરાજે છે. કેવળજ્ઞાન હોય તો ત્યાં ઘટતો નથી, હીણો નથી થતો. અક્ષરના અનંતમે ભાગે પર્યાય નિગોદમાં તો ત્યાં કમી નથી કે પુષ્ટિ નથી. એ તો ધ્રુવ જયવંત, નિત્ય, સદૃશ્યસ્વરૂપ, સામાન્ય સ્વરૂપ, સદૃશ્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, અભેદસ્વરૂપ, એક સ્વરૂપ જયવંત છે. પર્યાયો ક્ષણે ક્ષણે બદલાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આવે છે કે નહિ તત્ત્વાર્થસૂત્રમાં? '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો ઉત્પાદ-વ્યય છે એ તો પર્યાય છે અને ત્રિકાળ છે તે ધ્રુવ છે. ધ્રુવ તો જયવંત વર્તે છે. આહા..હા..! અરેરે! જિનેન્દ્રને શું કહેવું છે એ સમજે નહિ અને સમજ્યા વિના ધર્મ થઈ જશે. આહા..હા..!

'**તત્ત્વોમાં...**' એ આપણે આવી ગયું છે ૩૮મી ગાથામાં, પર્યાયરૂપી તત્ત્વ નાશવાન છે. ભગવાન ધ્રુવતત્ત્વ અવિનાશી છે. આહા..હા..! એ અહીં કહ્યું. '**તત્ત્વોમાં તે સહજ તત્ત્વ...**' સ્વભાવિક વસ્તુ. પર્યાય તો ઉત્પન્ન થાય છે અને પર્યાયનો વ્યય થાય છે બીજે સમયે. ભગવાન ધ્રુવ તત્ત્વ તો જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જાણે કોણ? પર્યાય. આહા..હા..! પર્યાય છે, પણ દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી. પર્યાય માને નહિ અને એકલું દ્રવ્ય માને એ મિથ્યાદૃષ્ટિ છે. એ કારણે પર્યાયની માન્યતા છે, પણ દ્રવ્ય વિષય જે સમ્યગ્દર્શનનો છે એમાં પર્યાય નથી. આ વાત ભારે! કેટલાક એમ કહેતા હતા કે પહેલા પર્યાય માનતા હતા અને હવે આ પર્યાય નથી માનતા. હવે વળી ફરીને શું થાશે? એમ કોક કહેતું હતું બાયુંમાં. એય..! એવું આવ્યું છે. એવી બાયું હોયને બિચારી બુદ્ધિ ન મળે કાંઈ ને સાંભળતી હોય. એમ કે પહેલા પર્યાય કહેતા હતા અને હવે પર્યાયની ના પાડી. હવે વળી શું થાશે? કાંઈ બિચારાને ખબર ન મળે. કઈ અપેક્ષાએ પર્યાય છે એમ કહ્યું હતું? એ તો પર્યાયની હયાતી છે એમ કહ્યું હતું. પર્યાયની હયાતી ન માને અને દ્રવ્યની જ એકલી હયાતી માને.. માનેનો અર્થ એ વિષય નથી, છે એની પર્યાય એનું અસ્તિત્વ જ ન માને મિથ્યાદૃષ્ટિ નિશ્ચયાભાસી છે. પર્યાય છે, પર્યાય છે, પણ સમ્યગ્દર્શનનો વિષય પર્યાય નથી. આહા..હા..! એય..! પર્યાય ન માને તો વેદાંતી થઈ જાય અને એકલું દ્રવ્ય ન માને તો થઈ રહ્યું. પર્યાય માને અને દ્રવ્ય ન માને તો એ (બૌદ્ધમતિ) થઈ જાય છે અને દ્રવ્ય માને અને પર્યાય ન માને તો એ વેદાંતી થઈ જાય છે. ઓલો બોદ્ધ થઈ જાય છે. પર્યાય એકલી માને અને દ્રવ્ય ન માને તો બૌદ્ધધર્મી થઈ જાય છે અને પર્યાય નથી એમ કહે અને દ્રવ્ય જ એકલું છે (એમ માને) તો વેદાંત નિશ્ચયાભાસી. માનવામાં બેય બરાબર છે, પણ માનવાનો અર્થ? 'છે' એનો અર્થ. એ માનવાની વાત છે.

એ તો મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે કે સંવર છે એ ઉપાદેય છે એમ માનવું. છે? આસ્રવ હેય છે એમ માનવું, નિર્જરા હિતકર છે એમ માનવું, બંધ અહિતકર છે એમ માનવું, નિર્જરા હિતકર વિશેષ માનવું, મોક્ષ પરમહિતકર છે એમ માનવું. માનવાનો અર્થ શું? 'છે' સમજાણું કાંઈ? અરેરે! ત્યાં એમ લીધું છે. વિચારની મુખ્યતાથી વાત છેને એ. જ્ઞાનની મુખ્યતાથી વાત છે.

**શ્રોતા :-** ધ્યેયબુદ્ધિ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્યેયની મુખ્યતા નહિ. આહા..હા..! ધ્યેય તો જયવંત પ્રભુ ચૈતન્ય ધ્રુવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! સમ્યગ્દર્શન છે પર્યાય. અને ૧૪મી ગાથામાં પણ કહ્યુંને? ૧૪મી નહિ? '**जो पस्सदि अप्पाणं**'માં. એમ કે પર્યાય છે એમ લક્ષમાં રાખવું. લક્ષમાં રાખવું અને આશ્રય કરવો ધ્રુવનો. ૧૪મી ગાથામાં છે. ભાવાર્થ લખ્યો છેને. કઈ અપેક્ષાએ છે એ સમજે નહિ તો શું થાય? આહા..હા..!

અહીં કહે છે કે '**તત્ત્વોમેં તે સહજતત્ત્વ જયવંત છે...**' આહા..હા..! એમ પર્યાય જાણે છે. આ જયવંત એવો ને એવો. '**કે જે સદા અનાકુળ છે,...**' લ્યો, બીજી ભાષા આવી. જે ત્રિકાળ રહે છે એ અનાકુળ ચીજ છે આનંદસ્વરૂપ. અનાકુળ એટલે આનંદ. ત્રિકાળ સ્વરૂપ છે એ સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્ છે, ચિદ્ અને જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા..! આવી વ્યાખ્યા. આવો ધર્મનો ઉપદેશ ભારે! સાધારણ માણસને બિચારાને પકડાય નહિ પછી કરો વ્યવહાર કરો, પૂજા કરો. અભ્યાસ નહિ ને અભ્યાસ. ઓલા મેટ્રીક અને એલ.એલ.બી. થવા માથા ફોડે ત્યાં સંસારના અભ્યાસ માટે. રાતે નહિ? પહેલા તો મેટ્રીકમાં પાસ થવા માટે ઉંઘ આવી જાય તો ચોટલી બાંધતા ઉપર. તણાય એટલે જાગી જાય અભ્યાસ માટે. એય..! બલુભાઈ! એવું સાંભળેલું પહેલા. હવે તો મેટ્રીક ઉપર ક્યાંય એલ.એલ.બી. અને બી.એડ.ના ક્યાં પૂંછડા લગાડે મોટા. બી.એસ. પૂંછડા બધા છે. એય..! આહા..હા..!

અહીં કહે છે કે ભગવાન આત્મા સર્વ તત્ત્વોમાં એ એક જ જયવંત છે અને '**જે સદા અનાકુળ છે,...**' ત્રિકાળ આનંદનો નાથ પૂર્ણાનંદથી ભરેલો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શક્કરિયાનું દૃષ્ટાંત નથી દેતા અમે? શક્કરિયા-શક્કરિયા નથી હોતા? શક્કરિયા કહે છે અમારે. શક્કરિયા નથી હોતા? ઉપર લાલ છાલ અને અંદર મીઠાશનો પિંડ. શું કહે છે? શક્કરકંદ. શક્કરિયા-સાકરનો પિંડ. એક લાલ છાલ જરી છે એને છોડી દ્યો તો આખો સાકરનો પિંડ છે, મીઠાશનો પિંડ છે. એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પની છાલને છોડી દે તો એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે. તો એ શક્કરિયાની ખબર પડે, આની ખબર નહિ. અતીન્દ્રિય આનંદનું દળ છે પ્રભુ. આહા..હા..! જેનું હોવું, અનંત અનાકુળ આનંદનું હોવું જેનું છે... આહા..હા..! તે નિત્ય તરીકે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિરંતર સુલભ છે,...**' ભાષા જુઓ! શ્રીમદ્ પણ કહે છેને, ભાઈ! 'સત્ સર્વત્ર છે, સત્ સરળ છે.' પોતાની ચીજ છે. છે એને પ્રાપ્ત કરવી છે. ન હોય એને પ્રાપ્ત કરવી દુર્લભ છે. આ તો છે. વસ્તુ છે, ત્રિકાળ છે, નિત્યાનંદ છે, જયવંત છે. એવી ચીજને પામવી નિરંતર સુલભ છે. આહા..હા..! મોક્ષમાર્ગ કઠણ છે અને વ્યવહારમાર્ગ સરળ છે. નિર્મળભાઈએ પૂછ્યું હતુંને સવારમાં. આ લોકોને માટે. લોકો એમ માને છે, પણ અહીં તો કહે છે, એ નિશ્ચયમાર્ગ જ સરળ છે. કારણ કે એ માર્ગથી જ પમાય છે. બીજી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! '**નિરંતર સુલભ છે,...**' એમ છેને? ૧૭૬ છેને? '**સતતસુલભં**' પાઠ છે. '**નિરંતર સુલભ છે,...**' છે એ ચીજને પ્રાપ્ત કરવી એમાં શું છે? એમ કહે છે. આહા..હા..! અનાકુળ આનંદ, સર્વ તત્ત્વમાં જયવંત તત્ત્વ અને એ સતત સુલભ છે. કેમકે પલટતી ચીજ હોય એમાં દૃષ્ટિ કરે તો દૃષ્ટિ રહી શકે નહિ, પણ જે નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ કરે તો ત્યાં ઠરી જશે, ટકી જશે. પર્યાય એ કંપ છે. એમાં દૃષ્ટિ જાય તો દૃષ્ટિ સ્થિર નહિ થાય. આત્મા દ્રવ્ય છે એ તો અકંપ છે. આહા..હા..!

સામે ઘડિયાળનું લોલક હોયને? ઘડિયાળ-ઘડિયાળ. ઘડિયાળનું લોલક. આમ .. કરવા જાય તો સ્થિર નહિ થાય. આમ થયા કરે. પણ આખી ચીજ છે ઘડિયાળ આખી ચીજ. એ તો દૃષ્ટિએ તો સ્થિર છે ઘડિયાળ. દૃષ્ટિ થંભી જશે. એમ પર્યાય તો કંપ છે, અસ્થિર છે, પલટતી છે, નાશવાન છે, અધ્રુવ છે. આહા..હા..! એમાં દૃષ્ટિ દેવાથી પર્યાય સ્થિર નહિ થાય. દૃષ્ટિ અહીં દેવાથી (સ્થિર થશે). સ્થિર ચીજ છે, સ્થિર ચીજ છે તો ત્યાં દૃષ્ટિ થંભી જશે. એ અપેક્ષાએ સતત સુલભ કહ્યું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સુખ દ્રવ્યમાંથી આવે કે પર્યાયમાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્યમાંથી. પર્યાયમાં ક્યાં આનંદ હતો? દ્રવ્યમાંથી આવે છે. છે આનંદનો અનુભવ પર્યાયમાં, પણ આવ્યો ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં પાણી હોય તો અવેડામાં (આવે). શું કહે છે? હોજ-હોજ. કૂવામાં હોય તો અવેડામાં આવે. એમ અંદરમાં છે તો પર્યાયમાં આવે છે. આહા..હા..! નિશ્ચયથી તો આત્મા પર્યાયનો દાતા એમ પણ નથી, એવી વાત કરી છે. આવે છેને? એ યોગસારમાં કહ્યું હતું. આત્મા પર્યાયનો દાતા નથી. પર્યાયનો દાતા પર્યાય છે, આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? યોગસાર છે યોગસાર. અમીતગતિ આચાર્ય. એમાં એમ છે, આત્મા પર્યાયનો દાતા નથી. એ દ્રવ્ય દાતા હોય તો એક સરખી જ પર્યાય એની (થવી જોઈએ). એક સરખી આવતી નથી તો એ દાતા પર્યાયનો નથી. ભગવાન તો એકરૂપ છે પરમાત્મા પોતે ધ્રુવ સહજાનંદ અપ્પા સો પરમ અપ્પા. સમજાણું કાંઈ? એ આત્મા એ જ પરમાત્મા છે. આહા..હા..! પણ શ્રદ્ધા ન બેસેને. મહિમા ન આવે એને કે આહા..હા..! આવો હું પરમાત્મા! હું તો ભિખારી રાગનો ભિખારી, ભોગનો ભિખારી એને આ તો કેમ બેસે? સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જે નિરંતર સુલભ છે,...**' આહા..હા..! સત્... સત્... સત્ છે એ પ્રાપ્ત કરવામાં સુલભ છે. કેમ? કે એમાં કોઈ ધનનો વ્યય કરવો પડતો નથી, શરીરની સહાય કરવી પડતી નથી, અરે! વિકલ્પની મદદ લેવી પડતી નથી. આવું આકરું. ભારે ભાઈ! '**નિરંતર સુલભ છે,...**' એ આ કહ્યું છે. અધ્યાત્મ... શું કહેવાય? તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. તત્ત્વજ્ઞાન તરંગિણીમાં સુલભ આવશે. ભગવાન આત્માની પ્રાપ્તિમાં કોઈ ધનનો વ્યય થતો નથી, શરીરની કોઈ મદદ નથી, વાણીની જરૂર નથી, મનના વિકલ્પની પણ જરૂર નથી. આહા..હા..! પહેલી પકડે તો ખરા શ્રદ્ધામાં કે આ ચીજ છે એમ. ખબર ન મળે અને બહારથી માની બેસે. આહા..હા..! કુંદકુંદાચાર્યનો શ્લોક, એની ટીકા પદ્મપ્રભમલધારિદેવે કરી. મહામુનિ. એ અંદરમાં કહે છે કે અમારા મુખમાંથી પરમાગમ ઝરે છે. મુનિરાજ કહે છે, અમારા મુખથી પરમાગમ ઝરે છે. આહા..હા..! એ આ. આહા..હા..!

'**નિરંતર સુલભ છે, જે પ્રકાશવંત છે,...**' આહા..હા..! પ્રકાશ, ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર છે એ તો. આહા..હા..! ચૈતન્યના નૂરનું પૂર છે. અરે! આહા..હા..! બે સીગારેટ

પીવે ત્યારે પાયખાનામાં જંગલ ઉતરે. હવે એને આ કહેવું. આવા વ્યસન જેને. વ્યસન. પાયખાનું સમજો છો? પાયખાનું જંગલ જવાનું. પાયખાનાને શું કહે છે? જાજરૂ. જાજરૂમાં જાય અને બે સીગારેટ પીવે ત્યારે ભાઈને જંગલ ઉતરે. આવા તો વ્યસન. હવે એને કહે કે તારી ચીજ સતત સુલભ છે, પ્રકાશમાન છે. ચૈતન્યના પ્રકાશનું નૂરનું તેજનું પૂર પ્રભુ આત્મા છે. આહા..હા..! પાણીનું પૂર આવે છે જ્યારે, ઘોડાપુર આવે છેને ઘોડાપુર, ઘોડા જેટલું ઉંચુ પાણી આવે. ઘોડાપુર ઉંચું (હોય). અમારે અહીં નદીમાં બહુ આવે કાળુભાર. બહુ દૂરથી કરિયાણાથી નદી આવે છે. છોકરાઓ રમતા હોય તો કહે એય..! ઘોડાપુર આવે છે ભાગો. છોકરાઓને એમ કહે, બિચારા બહાર કાંઠે વૃદ્ધ માણસ બેઠા હોયને એ કહે નીકળો જાવ, હવે ઘોડાપુર (આવે છે). ઓલો કહે કે થાવું હોય એ થાશે. થાવું શું થાશે? જઈશ ભાવનગરના દરિયામાં. ભાવનગરનો દરિયો છે ત્યાં પાણી જાય છે. આ ભાવનગર. આહા..હા..! એમ આત્મા તો ચૈતન્યનું પૂર છે. આહા..હા..! જેમાં પડવાથી મુક્તિ થાય છે, કહે છે. શીતળતા પ્રગટે છે.

'**જે સમ્યગ્દષ્ટિઓને સમતાનું ઘર છે,...**' લ્યો! એ ધર્મીને સમતાનું ઘર એ ભગવાન આત્મા છે. આ સમતાનો પિંડ પ્રભુ આત્મા છે, એમ કહે છે. વીતરાગસ્વભાવ સમતાસ્વભાવથી ભરેલો પ્રભુ છે. અરેરે! સમજાણું કાંઈ? વીતરાગતા પ્રગટે છે એ ક્યાંથી થાય છે? સમતા. વીતરાગ કહો કે સમભાવ કહો. તો એ સમભાવ પ્રગટે છે તો સમભાવસ્વરૂપ જ આત્મા છે. આહા..હા..! એવો ભગવાન આત્મા સમતાનું ઘર સમ્યગ્દષ્ટિને છે. આહા..હા..! ત્યાંથી સમતા ઉત્પન્ન થાય છે. '**જે પરમકળાસહિત...**' જ્ઞાનની પરમકળાસહિત. '**વિકસિત નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું) છે,...**' અંદરમાં ખીલેલું શક્તિનું વ્યક્ત અંદર હોં.

'**જે પરમકળાસહિત વિકસિત...**' પ્રગટ છે. '**નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું)...**' નિજ ગુણથી પ્રફુલ્લિતપણું જ છે એમાં. આહા..હા..! '**જેની સહજ અવસ્થા સ્ફુટિત (-પ્રકટિત) છે...**' અવસ્થા નામ પર્યાય નહિ. અવસ્થા ત્રિકાળ સ્વરૂપ જે વસ્તુ પ્રગટ છે અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવો આત્મા છે એવું હજી સાંભળ્યું પણ ન હોય. હવે એને આત્મનું જ્ઞાન ક્યારે થાય? આ તો જન્મ-મરણરહિત થવાની ચીજ છે. આહા..હા..! '**જે પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું) છે, જેની સહજ અવસ્થા સ્ફુટિત છે...**' અને નિશ્ચય સ્થિર અંદરમાં છે. સહજદશા એની સ્થિર છે અંદર. આહા..હા..! '**અને જે નિરંતર નિજમહિમામાં લીન છે.**' આહા..હા..! ઓલામાં એમ કહ્યું હતું કે નિરંતર સુલભ છે. અહીં કહ્યું કે '**નિરંતર નિજમહિમામાં લીન છે.**' નિરંતર નિજમહિમામાં જ લીન છે. તો નિરંતર પર્યાયમાં નિરંતર સુલભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**નિરંતર નિજમહિમા...**' પોતાની મહિમામાં જ રહે છે. પર્યાયમાં આવતો જ નથી. આહા..હા..! એય..!

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ નહિ, આ મહિમાવંત એ પદાર્થ છે. આહા..હા..! એવો આત્મા એનો આશ્રય કરવો એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ સિવાય કોઈ સમ્યગ્દર્શન જ્ઞાન બીજેથી થતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૩, ગુરુવાર, તા. ૦૬-૧૧-૧૯૭૫
## કળશ-૧૭૭ થી ૧૭૯, પ્રવચન નં. ૮૬

આ નિયમસાર, પરમ-આલોચના (અધિકાર). સ્વરૂપને પરમજ્ઞાનની દૃષ્ટિથી જોવું. પોતાના આત્માને જોવું એમ કહ્યું. પરમ-આલોચના પરમસ્વરૂપ પોતાનું છે એને દૃષ્ટિ અને જ્ઞાનથી બરાબર જોવું એનું નામ આલોચના છે. ૧૭૭ કળશ છેને કળશ?

(हरिणी)

सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं
सकलविमलज्ञानावासं निरावरणं शिवम्।
विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं
किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः।।१७७।।

આ આત્મા કેવો છે અંદર? કે **'સાત તત્ત્વોમાં સહજ પરમતત્ત્વ નિર્મળ છે,...'** આહા..હા..! સાત તત્ત્વ જે છે—જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આસ્રવમાં પછી પુણ્ય-પાપ થઈને નવ પદાર્થ. એ **'સાત તત્ત્વોમાં સહજ પરમતત્ત્વ...'** જે ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એ **'પરમતત્ત્વ નિર્મળ છે,...'** શુદ્ધ નિર્મળ છે. જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન એનું ધ્યેય, આશ્રય એ તો પરમતત્ત્વ નિર્મળ છે. પરમાત્મા અપ્પા સો પરમ અપ્પા. એ પરમાત્માનું સ્વરૂપ જ પોતાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળ તત્ત્વની વાત ચાલે છે હોં! પોતાનું સ્વરૂપ ત્રિકાળ. પર્યાય જે છે સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધ એ પાંચ તો પર્યાય છે અને અજીવ એવું જ્ઞાન થવું એ પણ એક પર્યાય છે અને જીવની એક સમયની પર્યાય એ પણ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાતેય તત્ત્વને વિષે જે ધ્રુવ એક સમયની પર્યાયથી ભિન્ન અને પોતાના પૂર્ણ સ્વભાવથી અભિન્ન ત્રિકાળ એ નિર્મળ છે. આહા..હા..! એને આત્મા કહે છે. પરમસ્વરૂપ નિર્મળાનંદ પ્રભુ જેની દૃષ્ટિ કરવાથી આનંદ અને જ્ઞાનની પર્યાયમાં વિકાસ થાય છે. જેનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શનની પર્યાયનો વિકાસ થાય છે અને અતીન્દ્રિય આનંદના

સ્વાદનો વિકાસ થાય છે. આહા..હા..! બહુ ઝીણી વાત.

એવા '**સાત તત્ત્વોમાં સહજ**...' પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ તો પર્યાય છે. ત્રિકાળી તત્ત્વ નથી એ. આહા..હા..! આ '**સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ**...' સ્વભાવિક ધ્રુવ, ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત. આહા..હા..! એ અત્યંત નિર્મળ છે. '**સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે,**...' કેવી છે ચીજ ભગવાન આત્મા? '**સકળ-વિમળ (સર્વથા વિમળ)**...' એ જ્ઞાનનું આવું ઘર છે. જેમાં સકળ-વિમળ નિર્મળ જ્ઞાન વસ્યું છે. આહા..હા..! રહેઠાણ-રહેઠાણ, રહેવાનું સ્થાન. આહા..હા..! '**સકળ-વિમળ**...' નિર્મળ જ્ઞાનને રહેવાનું એ સ્થાન આત્મા છે. નિત્યાનંદની વાત ચાલે છે. પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ, સદશ્યભાવ. એ એકરૂપ તત્ત્વ અંદર છે એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન અંદર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાન ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એવું ધ્રુવસ્વરૂપ ભગવાન સકળ વિમળ જ્ઞાનનું રહેઠાણ એ છે. પર્યાયની વાત અહીંયાં નથી. નિર્મળ જ્ઞાનનું રહેઠાણ. પહેલા તો કહ્યું કે સાત તત્ત્વમાં પરમતત્ત્વ નિર્મળ છે. તો નિર્મળ કેવું? તો જ્ઞાનનો નિર્મળ આવાસ છે ઈ. સમજાણું કાંઈ? જેમાં એકલું જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... સહજસ્વભાવથી જ્ઞાનનું રહેઠાણ છે. સમ્યગ્જ્ઞાનનું એ રહેઠાણ ઘર છે. સમ્યગ્જ્ઞાન પર્યાયની વાત નથી અહીંયાં. એકલા જ્ઞાનનું એ રહેઠાણ છે, સ્થાન છે, ઘર છે.

'**નિરાવરણ છે,**...' ભગવાન દ્રવ્યસ્વભાવ ચૈતન્ય આત્મસ્વભાવ જે ધ્રુવ છે એ તો ત્રિકાળ નિરાવરણ જ છે. પર્યાયમાં મલિનતા અને કર્મનું નિમિત્ત એ પર્યાયની સાથે સંબંધ છે, દ્રવ્યની સાથે સંબંધ છે નહિ. આહા..હા..! આવી વાત. કહો, દેવીલાલજી! તો પછી જાત્રા, ભક્તિ કરવી શું કરવા? એનાથી તો ધર્મ થાતો નથી. એ અશુભથી બચવા એવો ભાવ આવે છે. સમજાણું કાંઈ? પાપથી બચવા એવો ભક્તિનો, પૂજાનો, વ્રતનો ભાવ આવે છે, પણ એ ધર્મ નથી. આહા..હા..! ભગવાન નિર્મળાનંદનું સ્થાન એ નિરાવરણ છે. એ નિરાવરણના આશ્રયે જે જ્ઞાન અને આનંદ થાય છે એ ધર્મ છે. આહા..હા..! આ વસ્તુ ભારે ઝીણી, ભાઈ! જિનેન્દ્રનો માર્ગ, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જિનેન્દ્રએ કાંઈ નવો કર્યો નથી. વસ્તુ 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહા..હા..! આ બહારમાં ધમાધમમાં જાણે ધર્મ છે એમ માની લીધું છે. અમારે ચેતનજી કહે છેને. શું કહ્યું? 'ધામ ધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' આહા..હા..! હોય, શુભભાવ થાય છે, પણ એ કોઈ ધર્મરૂપ અને ધર્મનું કારણ છે એમ નથી. આહા..હા..! ધર્મની પર્યાયનું કારણ તો ત્રિકાળી સ્વભાવ છે. આહા..હા..! આવો જૈનમાર્ગ વીતરાગ એને લોકોએ બહારમાં રાગની ક્રિયા અને દેહની ક્રિયા એમાં સમાડી દીધો એ ધર્મ. એ અજૈનને જૈન માન્યું છે. ચાર બોલ થયા.

'**સાત તત્ત્વમાં સહજપરમતત્ત્વ...**' ધ્રુવતત્ત્વ સ્વભાવિકવસ્તુ કદી ઉત્પન્ન થઈ, કોઈ દિ' નાશ થતો નથી, કોઈએ બનાવી નથી. એવું સત્‌સ્વરૂપ ધ્રુવ એ સહજતત્ત્વ સાત તત્ત્વમાં એક તત્ત્વ ધ્રુવ. '**સકળ-વિમળ જ્ઞાનનું રહેઠાણ છે,...**' એ તો નિર્મળ કહ્યું, પણ નિર્મળ એટલે શું? કે '**સકળ-વિમળ જ્ઞાનનું રહેઠાણ છે,...**' વિમળ-નિર્મળ જ્ઞાનનું રહેઠાણ એમ. સમજાણું કાંઈ? સકળ-વિમળ, સંપૂર્ણ નિર્મળ જ્ઞાનનું ઘર છે, નિરાવરણ છે અને '**શિવ (કલ્યાણમય) છે,...**' આહા..હા..! એ શિવસ્વરૂપ જ ભગવાન આત્મા છે, કલ્યાણસ્વરૂપ જ છે, જેમાં કોઈ ઉપદ્રવ કે હીણી કે વિપરીતતા છે નહિ. આહા..હા..! આવું આત્માનું સ્વરૂપ છે. શિવ-શિવ નિરૂપદ્રવ. શિવ એટલે આ શંકર એમ નહિ હોં! શિવ એટલે આ આત્મા શિવ નિરૂપદ્રવસ્વરૂપ, આનંદમય, કલ્યાણય આત્માનું સ્વરૂપ એને અહીં શિવ કહેવામાં આવે છે. એ શંકર ને શિવ, એ શિવ અને શંકર અહીં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

બ્રહ્મસ્વરૂપ છે અને વિષ્ણુસ્વરૂપ છે એમ આવે છેને ભાઈ ઓલામાં? ઓલા ૬૫ બોલ નહિ? દ્રવ્યસંગ્રહ. મૂળ તો એની પર્યાયને અભેદ છે એમ કહ્યું. છે તો મોક્ષમાર્ગ, પણ બ્રહ્મસ્વરૂપ છે, વિષ્ણુસ્વરૂપ છે પર્યાયથી એમ લીધું. એથી કરીને કાંઈ આશ્રય કરવાલાયક પર્યાયસહિત છે એવી ચીજ નથી. એમાં ગડબડી મોટી કરી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો ત્રિકાળી કલ્યાણમૂર્તિ પ્રભુ જેમાં એકલું કલ્યાણ જ ભર્યું છે. અકલ્યાણ છે નહિ અને અકલ્યાણની પરિણતિ પણ એમાં નથી. આહા..હા..! એને અહીંયાં આત્મા કહે છે. એ આત્માનો આશ્રય કરવાથી, એવા આત્માનું અવલંબન લેવાથી, એવા આત્માની સન્મુખ થવાથી, એવા આત્માનો ભાવ અંતરમાં, દૃષ્ટિમાં લેવાથી સમ્યગ્દર્શન થાય છે. આવો માર્ગ છે, ભાઈ!

'**સ્પષ્ટ-સ્પષ્ટ છે,...**' એ તો પ્રત્યક્ષ-પ્રત્યક્ષ છે. આહા..હા..! સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છેને? પહેલા આવી ગયું છેને? સ્વરૂપપ્રત્યક્ષ જ છે. સ્વરૂપપ્રત્યક્ષ-પ્રત્યક્ષ પોતાનું નિજસ્વરૂપ તો પ્રત્યક્ષ જ પડ્યું છે. એ ત્રિકાળ પરોક્ષ છે જ નહિ. ત્યારે કેવળજ્ઞાન થાય છે અને પ્રત્યક્ષજ્ઞાન થયું તો એ થયું ક્યાંથી? અંદર સ્પષ્ટ-સ્પષ્ટ જ્ઞાનનો ભંડાર ભગવાન આત્મા છે. આહા..હા..! એમાંથી કેવળજ્ઞાનનો કણ ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય કણ છે. આહા..હા..! પણ એ કણ ક્યાંથી આવ્યો? અંદરમાં સ્પષ્ટ-સ્પષ્ટ પ્રત્યક્ષ જ્ઞાનનો પિંડ પ્રભુ છે એને આશ્રયે કેવળજ્ઞાન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિત્ય છે,...**' લ્યો, એ વિશેષણ લગાવ્યું. એ નિત્ય ધ્રુવ વસ્તુ. એક સમયની પર્યાય જે છે સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ એ તો અનિત્ય છે. પર્યાય જેટલી એ તો અનિત્ય છે. ભગવાન ધ્રુવ છે એ તો નિત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનિત્ય નિત્યનો આશ્રય કરે છે. અનિત્ય જે ધર્મની પર્યાય નિર્મળ છે એ અનિત્ય છે, એ નિત્યનો આશ્રય કરે છે. આહા..હા..! એક ન્યાયે તો ૫૦મી ગાથામાં આવી ગયું છે કે એની નિર્મળ પર્યાય છેને

વર્તમાન પ્રગટ, એને પરદ્રવ્ય કહે છે. તો એ પરદ્રવ્ય સ્વદ્રવ્યને લક્ષ કરે છે. આહા..હા..! પરદ્રવ્ય સ્વદ્રવ્યનો આશ્રય લે છે. આહા..હા..! આવી વાત. જિનદર્શનને સમજવું સાધારણ વાત નથી. અનંતકાળમાં કદી સાંભળ્યું નથી. 'શ્રુત પરિચિત અનુભૂતા.' રાગ કરવો અને રાગ ભોગવવો એવી વાત અનંતવાર સાંભળી છે, અનંતવાર પરિચયમાં આવી છે અને અનુભવમાં પણ અનંતવાર આવી ગઈ છે, પણ હું પર્યાયથી પણ ભિન્ન, રાગથી ભિન્ન એવો પૂર્ણાનંદનો નાથ નિત્ય એ સાંભળવામાં આવ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આમ તો અનંતવાર વાણી સાંભળી, સમવસરણમાં ગયો અનંતવાર. સાક્ષાત્ ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં તો સદા તીર્થંકર હોય છે, સદાય હોય છે. ત્રિકાળ મહાવિદેહમાં તીર્થંકર વિના કોઈ દિ' ખાલી હોતું નથી. તો ત્યાં પણ અનંતવાર જન્મ્યો છે. આહા..હા..! ત્યાં અનંતવાર સમવસરણમાં સાંભળ્યું છે. પણ સાંભળ્યું છે એ રુચિમાં ન આવ્યું એ દૃષ્ટિમાં (ન લીધું). ભગવાને કહ્યું કે 'તારી ચીજ નિત્ય આનંદકંદ પ્રભુ છે' એની રુચિ ન થઈ. એક સમયની પર્યાયની રુચિમાં અટકાણો. એક સમયની પર્યાય અવસ્થાની પાછળ આખું નિત્ય ધ્રુવ પડ્યું છે એને લક્ષમાં લીધું નહિ, એનો આશ્રય કર્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે...'** વિકલ્પની ક્રિયા દયા, દાન અને વ્રત ને ભક્તિ આદિ એવો બધો પ્રપંચ વિકલ્પ એનાથી તો પરાઙ્મુખ છે. આહા..હા..! સન્મુખ નથી, પરાઙ્મુખ છે. એનાથી રહિત છે. આહા..હા..! આવું સ્પષ્ટ સત્ય કથન દિગંબર ધર્મમાં જ છે. બીજે આવી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? લોકોને દુઃખ લાગે.

**શ્રોતા :–** સૌને પોતાનું તો સાચું જ લાગેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અરે! સાચું પણ સત્ય... અરે! આ તો સનાતન વીતરાગનો માર્ગ છે. સમજાણું? પછી એમાંથી નીકળી ગયો પંથ સ્થાનકવાસી, શ્વેતાંબર એ માર્ગ નથી. એવી વાત છે, ભગવાન! સમજાણું કાંઈ? એવી વાત એના ૩૨-૪૫માં નથી. આ એક-એક શ્લોકમાં કહે છે એ એના ૪૫માં નથી. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... બસ! ભગવાનની ભક્તિ કરો, ભગવાનની પૂજા (કરો), મંદિર બનાવો જાવ ધર્મ થશે, પરંપરા ધર્મ થશે. બિલકુલ જૂઠી વાત છે.

**શ્રોતા :–** શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કોને માટે છે? એ તો નિશ્ચય સમ્યગ્દર્શનસહિત થયો છે, પરમાનંદ કલ્યાણમૂર્તિ પ્રભુ નિત્યાનંદનો જેણે આશ્રય સમ્યગ્દર્શન(માં લીધો છે), અનુભવમાં સ્થિરતા પણ અંશે થઈ છે એને અશુભથી બચવા શુભ આવે છે. તો પછી એ શુભને ટાળીને સ્થિરતા કરશે એ માટે પરંપરા કહેવામાં આવે છે. સાક્ષાત્ તો બંધનું કારણ છે. તો પરંપરાનો અર્થ કે વર્તમાન અશુદ્ધ ટાળ્યું છે અને પછી શુભ ટાળશે અને શુદ્ધ થશે એ કારણે પરંપરા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ ભારે ઝીણો. ઓહો..હો..!

અહીં તો આત્મા પોતે '**નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાङ્મુખ છે...**' એ વિકલ્પની જાળ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ વિકલ્પ છે, રાગ છે એ પ્રપંચ છે, વિકારનો વિસ્તાર છે. આહા..હા..! એનાથી રહિત ભગવાન આત્મા છે. જો એનાથી રહિત ન હોય તો રહિત હોઈ શકે નહિ. વીતરાગ થાય છે તો રાગ રહેતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર... એ તો પછી પરમેશ્વરની વાત કરશે. આ પહેલા આત્માની વાત કરશે. આહા..હા..! બાહ્ય પ્રપંચ. કોઈનું ભલું કરવું, કોઈનું ભૂંડું કરવું, કોઈ શુભભાવ કરવો એવા પ્રપંચથી તો પ્રભુ ભિન્ન છે. એ તો જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. આહા..હા..! એવા આત્માનું અવલંબન લેવાથી ધર્મની પ્રગટ પર્યાય ઉત્પન્ન થાય છે. પર્યાયને આશ્રયે પર્યાય પ્રગટતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**બાહ્ય પ્રપંચથી પરાङ્મુખ છે અને મુનિને પણ...**' મુનિને પણ. જેણે ત્રણ કષાયનો નાશ કર્યો છે. પ્રચુર સ્વસંવેદન આનંદમાં મુનિ છે. બાહ્યથી નગ્ન હોય, પણ અભ્યંતરથી ભગવાન આત્મા તો આનંદનું વેદન કરનાર હોય છે. રાગરહિત વીતરાગ પર્યાયનું આનંદનું વેદન કરનાર હોય, એવા મુનિને પણ '**મનથી તથા વાણીથી અતિ દૂર છે;...**' મનથી પણ દૂર અને વાણીથી પણ દૂર. આહા..હા..! વચનાતીત અને મનાતીત એ ચીજ છે. આહા..હા..! વચનથી રહિત અને મનથી રહિત. '**મનથી તથા વાણીથી અતિ દૂર છે; તેને અમે નમીએ છીએ.**' મુનિરાજ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ, આ દિગંબર મુનિ જંગલમાં વસતા હતા. એક મોરપીંછી અને એક કમંડળ બહારમાં, પોથી-પુસ્તક. બાકી બીજું મુનિને હોય નહિ. એ મુનિ એમ ટીકા કરે છે, ઓહો..! એવો ભગવાન આત્મા એને અમે નમીએ છીએ, એને અમે વંદન કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? '**नमः समयसाराय**' આવે છેને? પણ એ અંદરમાં ભરોસો લાવી પ્રતીત થવી એ અલૌકિક વાત છે.

અનંતવાર બધું કર્યું પણ આ કર્યું નહિ. સમજાણું કાંઈ? ભક્તિ કરી, વ્રત લીધા, તપ કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ છ ઢાળામાં છે. તો આત્મ વસ્તુ ચિદાનંદ ભગવાન આત્મા એ સર્વજ્ઞ પરમેશ્વર કહે તે આત્મા. અજ્ઞાનીઓ કહે એ આત્મા નહિ. જિનેન્દ્રદેવ કેવળી પરમાત્મા એણે જેને આત્મા કહ્યો એવા અનંતગુણ અને અસંખ્યપ્રદેશી એનો દેશ. અસંખ્ય પ્રદેશી દેશ અને અનંતગુણની એમાં વસ્તી છે. આહા..હા..! એવા અનંતગુણ જેમાં વસ્યા છે એવો ભગવાન આત્મા એવા આત્મામાં અમે નમીએ છીએ, એમ કહે છે. આહા..હા..! એનો અર્થ છે કે એવા આત્મામાં મારી પરિણતિ અંદરમાં ઢળી છે, એમ કહે છે. આહા..હા..! એવા આત્મામાં. પહેલા કહ્યું હતું, જયવંત છે કહ્યું હતુંને? પહેલા આવી ગયું. એના પહેલા આવી ગયુંને? જયવંત છે. '**તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે**' પર્યાયમાં બદલવું-પલટવું થાય છે. વસ્તુ છે એ તો ત્રિકાળ સહજ એવી ને એવી જયવંત એવી ચીજ બિરાજે છે. આહા..હા..! એ ચીજને

મેં નજરમાં, દૃષ્ટિમાં લીધી છે અને મારી પરિણતિ વર્તમાન અવસ્થા એ તરફ વળી છે તો એને હું નમન કરું છું. આહા..હા..! જુઓ, આ મુનિ! મુનિ એટલે શું? આહા..હા..! એ તો પરમેશ્વરદશા. મુનિ એટલે પંચપરમેષ્ઠી. પંચપરમેષ્ઠીમાં નમો લોએ ત્રિકાળ સવ્વ સાહુણં.

એ કહે છે કે અમે તો જે વિમળ તત્ત્વ અને નિર્મળ જ્ઞાનનો આવાસ. આહા..હા..! નિત્ય છે, કલ્યાણમય છે, નિરાવરણ છે, સ્પષ્ટ-સ્પષ્ટ છે, બાહ્ય પ્રપંચથી રહિત છે. અમારા મન અને વાણીથી પણ ગમ્ય નથી, દૂર છે, એવી ચીજને અમે નમીએ છીએ, એમ કહે છે. આહા..હા..! મેં એ ચીજને પ્રાપ્ત કરી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રમાં એ સ્થિતિ પ્રાપ્ત થઈ છે. એ મારું નમન એ તરફ જ છે. ત્રિકાળી ધ્રુવમાં જ મારું પરિણમન છે, ધ્રુવને આશ્રયે મારું પરિણમન છે. તો એ બાજુ નમી ગયો છું. આહા..હા..! ૧૧૯માં અર્થ કર્યા છેને, ભાઈ! નીચે તમારે નહિ? ૧૧૯. સ્વ કહો, સન્મુખ કહો, આલંબન કહો. મૂળ પાઠ આલંબન છેને? મૂળ પાઠમાં '**अप्पसरूवालंबणभावेण**' ૧૧૯. ૧૧૯ ગાથા, ભાઈ! આ તો ૧૧૨ છે. છે મૂળ ગાથા છે. આત્માના રૂપનું આલંબન. ભગવાન ત્રિકાળી એનું આલંબન. પછી નીચે અર્થ કર્યા છે ઓલીકોર. ઓલીકોર હોં!

'**તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ...**' વગેરે છે. '**આત્મસ્વરૂપનું આલંબન,...**' ત્રિકાળી નિત્ય સ્પષ્ટ પૃથક્ જ્યોત છે એનું આલંબન. લ્યો, આ આલંબન. ઓલા તકરાર બે જણા કરે. ઓલા સ્થાનકવાસી કહે નિત્યનું આલંબન હોય નહિ, દેરાવાસી કહે નિત્યનું આલંબન હોય, ભાઈ! એ તો શુભભાવ હોય ત્યારે આલંબન હોય. મૂળ આલંબન તો આત્મા છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! પાઠ છે હોં આલંબન. '**આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય,...**' ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવનો આશ્રય '**આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા, આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમ-પારિણામિકભાવની ભાવના,...**' ત્રિકાળી પરમસ્વભાવ એની એકાગ્રતા. ભાવના એ એકાગ્રતા. '**હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું એવી પરિણતિ—એ બધાંનો એક અર્થ છે.**' કેટલા શબ્દ છે? એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત છે. સાત છેને? સાત-સાત બોલ છેને? સાત છે સાત. આલંબન, આશ્રય બે, સંમુખ ત્રણ, વલણ ચાર, ધ્યાન પાંચ, ભાવના છ, એવી પરિણતિ સાત. વલણ થઈ ગયું. એમ આમાં નથી. કયે ઠેકાણે? આ સંમુખતાની પછી. એક રહી ગયો. આઠ બોલ છે. હિન્દીમાં કેમ ભૂલ થઈ ગઈ?

**શ્રોતા :–** ઝોક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો જુકાવ આવી ગયું. ઝોકનો અર્થ આવી ગયો. વલણનો અર્થ આમાં જુક્યો. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે ત્યા જુકી ગયો એ વલણ. એમ ઠીક. ગુજરાતીમાં બે લીધા છે. આહા..હા..! એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ નિત્યાનંદ સ્પષ્ટ નિરાવરણ. કલ્યાણમૂર્તિ એને હું નમું છું, કહે છે. એટલે મારી પર્યાય તે તરફ જુકી

ગઈ છે. મારી પર્યાય એ તરફ સન્મુખ થઈ ગઈ છે, એ નમન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક તો અધિકાર ઝીણો, સમજવું ઝીણું.

વીતરાગ માર્ગ બહુ કઠણ છે. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો એવા આત્માનું સ્વરૂપ બહુ ઝીણું છે. અન્યમતિ કહે છે કે આત્મા આવો છે અને ઈશ્વરે આત્મા કર્યો અને એ આત્મા અંગુઠા જેવડો, આંગળી જેવો, એટલો છે, કોઈ કહે વ્યાપક જેવો છે. એમ છે નહિ. આહા..હા..! પાઠમાં તો શરીર પ્રમાણે પણ શરીરથી ભિન્ન. શરીરના આકારવાળો પણ શરીરના આકારથી ભિન્ન. આહા..હા..! રાગની પરિણતિવાળો, પણ શરીર પરિણતિથી ભિન્ન. આહા..હા..! એવો ચિદાનંદ નિત્ય ધ્રુવ શુદ્ધ, પરિણતિ એ તરફ વળી છે. એમ હોવાથી પણ શુદ્ધ પરિણતિથી ભિન્ન. આહા..હા..! એ શુદ્ધ પરિણતિ એ તરફ વળી છે એમ કહે છે. કાંઈ એકમેક નથી થઈ. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! આવો માર્ગ એવો છેને. આ તો પરમસત્ય જ એવું છે. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય આનંદનો વાસ, અતીન્દ્રિય અનાકુળ અણિન્દ્રિયના વિષયથી રહિત, અણિન્દ્રિય આનંદવાળો આત્મા એવા આત્માને હું નમન કરું છું, મુનિરાજ કહે છે. સમજાણું કાંઈ? એવા આત્મા તરફ મારી દૃષ્ટિ અને જ્ઞાન જુકી ગયું છે, એ તરફની સન્મુખ થયો છે. આહા..હા..! જે પર્યાયમાં સ્વભાવની સન્મુખતાથી વિમુખ, રાગના વિકારના સન્મુખ હતી એ પર્યાયને મેં આત્માની સન્મુખ કરી એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** આલંબન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધું એકાર્થ. પર્યાયમાં આલંબન આત્માનું.

**શ્રોતા :-** પર્યાયમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એક જ વસ્તુ છેને. નિર્મળ પર્યાયનું આલંબન હોય ત્યારે નિર્મળ થઈ. ત્યારે નિર્મળ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ૧૭૭ થયો.

૧૭૮ કળશ-કળશ. હવે અરિહંતની વાત કરે છે. આ તો ત્રિકાળ સ્વભાવની વાત કરી. હવે એ ત્રિકાળના આશ્રયે જેને સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું છે, જિનેશ્વરદેવ અરિહંતપદ, પરમેશ્વરપદ પ્રાપ્ત થયું છે તેને અહીંયાં વંદન અને આદર કરે છે હવે. સમજાણું કાંઈ? ૧૭૮ને?

जयति शांतरसामृतवारिधि–
प्रतिदिनोदयचारुहिमद्युतिः।
अतुलबोधदिवाकरदीधिति–
प्रहतमोहतमस्समितिर्जिनः।।१७८।।

'**શ્લોકાર્થ :- જે (જિન)...**' હવે વીતરાગ પરમાત્માની વાત કરે છે. અરિહંતપદ સર્વજ્ઞ પરમેશ્વર જે તેરમે ગુણસ્થાને બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જે (જિન) શાંત રસરૂપી અમૃતના સમુદ્રને** (ઉછાળવા) **માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન**

છે...' આહા..હા..! જેમ ચંદ્રનું નિમિત્ત પામીને જેમ સમુદ્રમાં પાણીની ભરતી આવે છે, હિલોળે પાણી ચડે છે. પૂનમના ચંદ્ર વખતે સમુદ્રમાં ભરતી બહુ આવે છે. એમ સર્વજ્ઞ પરમાત્માને.. આહા..હા..! કહે છે, શાંતરસરૂપી અમૃત. આહા..હા..! એમ જે '**સમુદ્રને (ઉછાળવા) માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર...**' સમયે સમયે શાંતરસને પ્રગટ કરવો એવો ચંદ્ર સમાન આત્મા છે... આહા..હા..! અરિહંતનો. સમજાણું કાંઈ? જિનેશ્વરદેવ કેવા છે? અરિહંત દેવ નમો લોએ સવ્વ અરિહંતાણં. નમો અરિહંતાણં. હવે ટૂંકામાં કહે છે. બાકી છે તો શાસ્ત્રમાં 'નમો લોઅ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં.' એમ અરિહંત ભગવાન કેવા છે? શાંતરસરૂપી અમૃત. એટલે? આત્માનો શાંતરસ અકષાયસ્વભાવ જે ત્રિકાળ છે. કલ્યાણ કહ્યું હતુંને. એવા સમુદ્રને, એ પર્યાયમાં અમૃતરૂપી સમુદ્રને ઉછાળવા માટે, ચંદ્ર સમુદ્રનું પાણી ઉછાળવામાં સમર્થ છે. એમ અરિહંત ભગવાન શાંતરસરૂપી અમૃતનો સમુદ્ર. આહા..હા..!

એવું '**પ્રતિદિન...**' સમયે-સમયે '**ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે...**' સુંદર ચંદ્ર સમાન. આહા..હા..! આ અરિહંતદશા. આ જિનદશા, જિનેશ્વરદશા. જિન તો આત્માનું સ્વરૂપ જ છે. પર્યાયમાં જિનદશા પ્રગટ કરી હવે એની વાત કરે છે. ૧૭૭માં જિનસ્વરૂપ ભગવાન આત્મા એવી વાત કરી. હવે પર્યાયમાં જિન થયો એ જિનની વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંત-શાંતરસ.

ભક્તામરમાં આવે છેને, હે ભગવાન! તમે તો શાંત અકષાયસ્વભાવને ઉછાળીને પ્રગટ કર્યો છે, પણ આપનું શરીર, જેટલા જગતમાં શાંત પરમાણુ છે એનાથી તમારું શરીર બનેલું છે. આહા..હા..! શાંત... શાંત... શાંત... 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' શાંતરસ, અકષાયરસ, વીતરાગરસ એ અમૃતના ઉછાળા મારે છે પર્યાય કહે છે. વાણીમાં પણ એવો શાંતરસ છે. સમજાણું કાંઈ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' એમ આવ્યુંને? વચનામૃત શાંત, પરમ શાંતરસમૂળ 'ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ.' એવો જે ભગવાનનો આત્મરસ, શાંતરસ. અરિહંત પરમાત્મા સાક્ષાત્ સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, જીવન્મુક્ત છે, સમવસરણમાં દિવ્યધ્વનિ ઉઠે છે, ઈન્દ્રોની ઉપસ્થિતિ સમવસરણમાં વર્તમાનમાં છે. મહાવિદેહમાં ભગવાન સાક્ષાત્ બિરાજે છે, જેને જીવંતસ્વામી કહે છે.

અમે ગયા હતાને બયાના. બયાના ગયા હતાને અમે. બયાનામાં જીવંતસ્વામીની પ્રતિમા છે. મૂળનાયક જીવંતસ્વામી. એ લોકોને શું છે એ ખબર નહિ. પછી અહીં સીમંધર ભગવાનની પ્રતિમાની સ્થાપના કરી તો એની ખબર પડી કે આ સીમંધર ભગવાનની પ્રતિમા અહીં છે. તો શું એ સીમંધર ભગવાન હશે? જોવે તો નીચે લખ્યું છે. લખ્યું હતું એ પ્રતિમાને આડી કરી. આડી સમજ્યા? શું કહે છે? આ લખ્યું હતુંને એમાં બીજી પ્રતિમા નીચે આડી આવતી હતી તો વંચાતું નહોતું. પછી કહે સીમંધર ભગવાનની પ્રતિમા ત્યાં છે તો આ શું? જોવે તો જીવંતસ્વામી. આ શું જીવંતસ્વામી? અમે ગયા હતા પાંચસો મુમુક્ષુ સાથે હતા. ૫ હજાર

કે ૬ હજાર. ૬ હજાર રૂપિયા આપ્યા હતા. સાથે હતાને ૫૦૦ મુમુક્ષુ. છ હજાર રૂપિયા આપ્યા હતા. કીધું જુઓ, આ ભગવાન સીમંધર ભગવાનની પ્રતિમા છે. જીવંતસ્વામી નામ જીવતા ભગવાન. તીર્થંકર જે ૨૪ થયા એ તો દેહ છોડીને સિદ્ધ થઈ ગયા. હવે જીવતા અરિહંત સમવસરણમાં નથી. એ સિદ્ધ થઈ ગયા. આ તો જીવતા સ્વામી ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? આમ ભાષા એવી છે કે વિદ્યમાન તીર્થંકર કહે છેને? વિદ્યમાન તીર્થંકર કહે છે. વિદ્યમાન નામ હયાતી વર્તમાનમાં ભગવાન જીવતા બિરાજે છે. સમવસરણમાં બાર જાતની સભા છે, ઈન્દ્રો આવે છે, નાગ ને વાઘ ને સિંહ જંગલમાંથી સાંભળવા આવે છે સમવસરણમાં. વર્તમાનમાં હોં ભગવાન બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એણે જીવંતસ્વામી લખ્યું છે. આ શું? જીવંતસ્વામીનો અર્થ જીવતા ભગવાન અરિહંતપણે છે. અને ચોવીસ તીર્થંકરો તો દેહ છોડીને સિદ્ધ થઈ ગયા. એ તો ક્યાંય હવે વર્તમાનમાં સમવસરણમાં છે નહિ. એ તો નમો સિદ્ધાણંમાં આવી ગયા, સિદ્ધપદ થઈ ગયા. આ તો જીવતા સ્વામી બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જીવતા સ્વામી જિન કેવા છે? એ વાત ચાલે છે. આહા..હા..!

‘**જે (જિન) શાંતરસરૂપી અમૃતના...**’ એ સમુદ્રનું પાણી ખારું આદિ હોય છે અને એ ઉછળે છે. આ તો શાંતરસરૂપી સમુદ્ર આત્મા છે એને પર્યાયમાં ઉછાળવા માટે સમર્થ છે. ‘**પ્રતિદિન ઉદયમાન સુંદર...**’ પ્રતિદિન ચંદ્ર ઉદયમાન છે. એ તો પૂનમને દિ’ ચંદ્રની સોળ કળા ખીલે છે. આ ચંદ્ર છે એમાં સોળ કળા પૂનમને દિ’ ખીલે છે. તો એક કળા એક સમય રહે છે. શું કહ્યું? ચંદ્ર છેને આ ચંદ્ર? એની સોળ કળા છે. બીજ ઉગે છેને બીજ? કાલે બીજ ગઈ. તો તે દિ’ ત્રણ કળા ખીલી હતી. આજે ચાર. પૂનમને દિ’ સોળ. સોળ કળાએ ચંદ્ર પૂર્ણ એ વખતે થાય છે. પણ એ એક સમય રહે છે સોળ કળા. પહેલે દિ’ પંદર કળામાં સોળ અને પછી પણ પંદરમાં એક કળા ઘટી જાય છે. રાહુ હોયને રાહુ.

અહીંયાં તો કહે છે કે પ્રતિદિન સોળ કળાએ તારો આત્મા ખીલી રહ્યો છે. આહા..હા..! કાંઈ ઘટતું-બટતું નથી. એ (જડ ચંદ્રને) તો એક સમયે આવરણ થઈ જાય છે. સોળ કળા એટલે એક સમયે ખીલે છે. બીજને દિ’એ પણ ત્રણ કળા ખીલે, એકમને દિ’ પણ બે કળા ખીલી છે, અમાસને દિ’ એક કળા તો છે પણ દેખાતી નથી. સમજાણું કાંઈ? એક કળા તો જાય જ નહિ. જેમ નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે વિકાસ તો કદી જાય નહિ. આહા..હા..! એમ અહીં તો કહે છે, હે નાથ! એ ચંદ્ર છે એ તો એક સમયે સોળ કળા ખીલવામાં સમુદ્રનું પાણી ઉછાળવામાં તો એ ચંદ્ર તો એક સમય પૂર્ણ નિમિત્ત થાય છે. તમે તો એવા ચંદ્ર છો.. આહા..હા..! પ્રતિદિન-પ્રત્યેક સમયે ‘**ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે...**’ આ પ્રતિદિનનો અર્થ પ્રતિસમય. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત. આયુષ્ય છે બાકી તોપણ એ જીવનમુક્ત છે. જીવંત

મુક્ત જ છે, આયુષ્યથી મુક્ત જ છે. એવો ભગવાન કેવો છે પરમાત્માનો જીવ? **'શાંતરૂપી અમૃતના સમુદ્રને** (ઉછાળવા) **માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે.'** સુંદર ચંદ્ર સમાન. આહા..! આ ચંદ્ર તો સોળ કળાએ ખીલ્યો હોય અને વાદળ પણ હોય વાદળા. પૂનમ હોય સોળ કળા ખીલી હોય પણ વાદળા આવી જાય. આ તો સુંદર ત્રિકાળ. આહા..હા..! નિર્મળ પર્યાય એ કાયમ રહે છે. **'સુંદર ચંદ્ર સમાન છે.'** આહા..હા..! જુઓ, અરિહંતને સ્મરણમાં લીધા. એવા જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ એ કેવા છે? કે પોતાના શાંતરસરૂપી આનંદ. શાંતરસ અકષાયસ્વભાવ એને પર્યાયમાં ઉછાળવામાં ચંદ્ર સમાન છે. આહા..હા..! સમય સમયમાં શાંતરસ અમૃતનો ઉછાળો પરમાત્માને હોય છે. પરિપૂર્ણ હોય છે પાછું. આહા..હા..! સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાને સમકિતમાં શાંતરસનો અંશ પ્રગટે છે. સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થવાથી ચિદાનંદ ભગવાનનો પૂર્ણાનંદ પરમાત્માએ કહ્યો એ આત્મા, એ આત્માનું અવલંબન લેવાથી સમ્યગ્દર્શનમાં શાંતરસ અંશે પ્રગટે છે. શાંત... શાંત... શાંત... શાંત... આહા..હા..! પાંચમે ગુણસ્થાને શાંત વિશેષ થોડી દશા છે. છઠ્ઠે વિશેષ, સાતમે વિશેષ અને તેરમે પૂર્ણ શાંત પૂરો થયો. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતરસની કળા ખીલી ચોથેથી. પૂર્ણ કળા થઈ તેરમે. આહા..હા..! આ તેરમા ગુણસ્થાનના જિન કેવા એને યાદ કરીને નમસ્કાર કરે છે. જયવંત વર્તે છે એમ કહે છે. એવા ભગવાન તમે જયવંત બિરાજો છો. મોક્ષ ગયા છે એ વાત નહિ. અહીં તો જયવંત બિરાજે છે. લાખો કેવળી છે મહાવિદેહમાં. વીસ તીર્થંકર છે. પાંચ મહાવિદેહ. એક મહાવિદેહમાં ચાર. એવા પાંચ મહાવિદેહમાં વીસ. વર્તમાન મોજૂદ છે. જીવતા સ્વામી ભગવાન છે અને લાખો કેવળી છે. આ તીર્થંકર પુણ્ય પ્રકૃતિવાળા અને સામાન્ય કેવળીને પુણ્ય ન હોય, પણ કેવળજ્ઞાન તો એના જેવું જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સુંદર ચંદ્ર સમાન છે...'** આહા..હા..! **'અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી...'** જેને અતુલ જ્ઞાનરૂપી સૂર્ય. જેની તુલના નથી એવા જ્ઞાનરૂપી સૂર્યનાં **'સૂર્યનાં કિરણોથી મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે,...'** સમ્યગ્જ્ઞાનની પૂર્ણ કળાથી મોહતિમિર અંધકારનો જેણે નાશ કર્યો છે એવા ભગવાન બિરાજે છે. સમજાણું કાંઈ? એ સીમંધર ભગવાનની પ્રતિમા છેને અહીં તો બધી. સમવસરણમાં, મંદિરમાં, માનસ્તંભમાં. અહીં એક મહાવીર ભગવાન શાસનનાયક. આ લોકોને એમ થાય કે જે ચોવીસ તીર્થંકર છે એની પ્રતિમા કેમ નથી સ્થાપી? ભાઈ! એ નથી સ્થાપી એનું કારણ છે, ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? સીમંધર ભગવાન બિરાજે છે વર્તમાન તીર્થંકર એની પ્રતિમા છે. વર્તમાન બિરાજે છે એની છે. આહા..હા..!

**'જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં...'** ઓલામાં શાંતરસ કીધો અને (અહીંયા કહે છે),

**'અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી...'** જેમ સૂર્યના તીખા કિરણ નીકળે છે અને અંધકારનો નાશ થાય છે. તેમ, હે નાથ! પરમાત્મા! **'અતુલ જ્ઞાનરૂપી...'** જેની તુલના નથી એવા કેવળજ્ઞાનના કિરણથી. આહા..હા..! **'મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે, તે જિન જયવંત છે.'** જેમ ભગવાન ત્રિકાળ આત્મા જયવંત છે એવા પર્યાય પ્રાપ્ત ભગવાન પણ જયવંત બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળને જાણનાર ભગવાનની હયાતી ત્રિકાળમાં ન હોય એમ પણ નથી. ત્રિકાળમાં ત્રિકાળને જાણનાર કાયમ રહે છે અનાદિથી. સમજાણું કાંઈ? ત્રણકાળ, ત્રણલોક છે એને જાણનાર ભગવાન, ત્રણકાળમાં ત્રણકાળને જાણનારનો કદી વિરહ નથી થતો. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંની વાત ક્યાં? આ તો આખા લોકની વાત છેને. અહીં તો આખા લોકની. સમજાણું કાંઈ? એવા જયવંત વર્તે છે એમ કહે છે અહીં તો. આહા..હા..! ભલે અહીં નહિ, ભરત-ઐરવતમાં નથી, પણ ભગવાન બિરાજે છે, જયવંત વર્તે છે. આહા..હા..! મહાવિદેહક્ષેત્રમાં નાથ, સીમંધરનાથ... આહા..હા..! પરમાત્મા ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે સમવસરણમાં બિરાજે છે, દિવ્યધ્વનિ નીકળે છે, સવારમાં છ ઘડી, બપોરમાં છ ઘડી, .. એવી દિવ્યધ્વનિ નીકળે છે તો એવા ભગવાન જેના... આહા..હા..! જ્ઞાનના તેજના સૂર્યના કિરણથી... આહા..હા..! મોહતિરિમરના સમૂહનો નાશ કર્યો છે. જ્ઞાનાવરણીયનો નાશ કર્યો એમ નથી કહ્યું. મોહ.

**શ્રોતા :-** નાશ થાય એનું જ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે થઈ જાય છે એમ. આહા..હા..! પણ અંધકાર તો મોહ છેને? તો ચૈતન્યસૂર્યના કિરણથી કેવળજ્ઞાનના કિરણ દ્વારા ભગવાન કેવળજ્ઞાન પામ્યા પોતાના સ્વભાવનો પૂર્ણ આશ્રય લઈને, તો કેવળજ્ઞાનના કિરણથી મોહતિમિરનો નાશ થયો છે. આહા..હા..! આને સર્વજ્ઞ અને જિન કહેવામાં આવે છે. જિન કહેવામાં આવે છે. કોઈ ગુજરાતી શબ્દ આવી જાય. આહા..હા..!

**'તે જિન જયવંત છે.'** આહા..હા..! જ્યારે જ્યારે પૂછો તો જિન તો જયવંત જ છે, એમ કહે છે. જ્યારે લખે છે ત્યારે ભગવાન હતા, અત્યારે પણ એ છે. અબજો વર્ષનું આયુષ્ય છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. કરોડ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય. કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો ઉંચો દેહ છે. બે હજાર હાથ ઉંચો. અવગાહના બે હજાર હાથ અને આયુષ્ય કરોડ પૂર્વ. કરોડ પૂર્વમાં તો એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય, એવા કરોડ પૂર્વ. કુંદકુંદાચાર્ય ગયા હતા ભગવાનના દર્શન કરવા. તે વખતે ભગવાન બિરાજતા હતા. અત્યારે પણ એ જ બિરાજે છે. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવને લબ્ધિ હતી તો ઉપર ભગવાન

પાસે ગયા, આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. તો હજી ભગવાન બિરાજે છે. હજી તો અબજો વર્ષ રહેવાના છે. આગામી તેરમા તીર્થંકર અહીંયા જ્યારે થશે ત્યારે કેવળજ્ઞાન પામશે અને ત્યારે મોક્ષ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ આ તો. બધી મોટી વાતું. મોટું આયુષ્ય અને મોટો દેહ, મોટું કેવળજ્ઞાન. મોટું સમજે? બડા. બડા કહે છેને? આહા..હા..! ૧૭૮. ૧૭૯.

(द्रुतविलंबित)

विजितजन्मजरामृतिसंचयः
प्रहतदारुणरागकदम्बकः।
अघमहातिमिरव्रजभानुमान्
जयति यः परमात्मपदस्थितः।।१७९।।

**'શ્લોકાર્થ :- જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે,...'** સર્વજ્ઞ પરમાત્માને જન્મ નહિ હવે, જરા નહિ, મૃત્યુ નહિ. દેહ છૂટશે ત્યારે મૃત્યુ નહિ. એ તો મોક્ષ થશે. આહા..હા..! મૃત્યુ તો એને કહીએ કે જે ફરીને જન્મ લે એને મૃત્યુ કહીએ. આ ભગવાનને મૃત્યુ છે નહિ. દેહ છૂટશે તો કેવળજ્ઞાન મોક્ષ થશે સિદ્ધ. નમો સિદ્ધાણંમાં જાશે એ. આ નમો અરિહંતાણંમાં છે વર્તમાન. દેહ છૂટશે અબજો વર્ષ પછી. એ નમો સિદ્ધાણંમાં જાશે. એને મૃત્યુ ન કહેવાય. જીવતી જ્યોત ત્યાં પહોંચી ગઈ. આહા..હા..! **'જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે, જેણે દારુણ...'** જિન શબ્દ છેને જિન? તો જીત્યા કોને? જન્મ-જરા અને મૃત્યુને જીતી લીધા છે. કોઈ ત્યાં શત્રુને જીતવા છે એવા જિન એ નથી. આહા..હા..!

**'જેણે દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે,...'** આહા..હા..! દારૂણ રાગ એનો સમૂહ હણી નાખ્યો છે. આહા..હા..! નાશ કરી નાખ્યો છે. આહા..હા..! ઓલી જન્મ-જરા-મૃત્યુની વાત કરી, પછી અંદરની (વાત કરે છે). **'દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે,...'** અભ્યંતરમાં તીવ્ર આદિ રાગ છે એ બધાનો નાશ કરી નાખ્યો છે. **'જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે...'** આહા..હા..! જિનેશ્વરદેવ જિનદેવ મહાપાપરૂપી મોટા અંધકાર એના સમૂહને માટે સૂર્ય સમાન છે. સૂર્ય ઉગે એને અંધકાર રહેતો નથી. એમ ભગવાન ચૈતન્ય કેવળજ્ઞાન સૂર્યરૂપે થયા તો એ રાગનો અંધકાર રહેતો નથી.

**'જે પરમાત્મપદમાં સ્થિત છે,...'** અરિહંતપદ પરમાત્મપદ છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા ત્રણ સ્થિતિ. જે 'પુણ્ય-પાપ, રાગાદિ મારા છે' એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા. બહિર્ (અર્થાત્) જે આત્મામાં નથી. રાગ અને શરીરને પોતાનું માને છે એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ. અંતરાત્મા એ બાહ્ય ચીજને પોતાની નથી માનતા. પોતાનું સ્વરૂપ આનંદકંદ છે એને પોતાનું માને છે, પણ રાગ હજી બાકી છે, તો એને અંતરાત્મા કહીએ. અને પરમાત્માને તો રાગાદિ

સર્વ નાશ પામ્યું છે. એ બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા ત્રણ દશા. સમજાણું કાંઈ? આહા..હા..! એ પરમાત્મપદમાં સ્થિત છે ભગવાન. આહા..હા..! કારણ કે મુનિ જ્યારે થયા ત્યારે તો ભગવાન હતા નહિ અહીં ભરતમાં. આ તો ૯૦૦ વર્ષ પહેલા મુનિ થયા છે પદ્મપ્રભમલધારિદેવ મુનિ. ભગવાન અહીં હતા નહિ. મહાવિદેહમાં બિરાજે છે એને યાદ કર્યા છે. આહા..હા..!

કહે છે '**જે પરમાત્મપદમાં સ્થિત છે,...**' આહા..હા..! એમ અમારા જ્ઞાનમાં ભાસ્યું છે અને અમે માનીએ છીએ. આહા..હા..! શક્તિરૂપ તો પરમાત્મા ત્રિકાળ છે, પણ આ તો વ્યક્ત પરમાત્મા પ્રગટ થયા. ઝળહળ જ્યોતિ ચૈતન્ય કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ અને વીર્ય અનંતચતુષ્ય પ્રગટ્યા. એ જયવંત છે. આહા..હા..! એ બિરાજે છે એમ કહે છે. છે? ઓલામાં પણ જયવંત કહ્યું હતું. આહા..હા..! અરેરે! ભરતક્ષેત્રમાં ભગવાનના વિરહ પડ્યા. કુંદકુંદાચાર્ય ગયા હતાને. ત્યાં છેને પોન્નુરહીલ. કુંદકુંદાચાર્ય. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ છે વંદેવાસ. દસ હજારની વસ્તી લગભગ. એનાથી પાંચ માઈલ દૂર પોન્નુરહીલ નામની ટેકરી છે. ત્યાં બિરાજતા હતા કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા. ગુફામાં ધ્યાનમાં (બેસતા હતા). ત્યાંથી અંદરમાં આવ્યો વિકલ્પ. ઓહો..હો..! ભરતક્ષેત્રમાં ભગવાનનો વિરહ. પણ ભગવાન છે ત્યાંથી અમને વિરહ થયો. આહા..હા..! આવે છેને કાંઈક શું? 'સીમંધર નાથના વિરહા પડ્યા આ ભરતમાં.' (હિંમત)ભાઈએ કીધું છેને સમવસરણ (સ્તુતિ)માં. એને યાદ કર્યા છે અહીંયાં. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. અત્યારે એ ભગવાન બિરાજે છે. તો અહીંયાં મુનિરાજ કહે છે કે ભગવાન બિરાજે છે, જયવંત છે પ્રભુ! આહા..હા..! સાક્ષાત્ જીવતી જ્યોત ભગવાન છે. જીવતા સ્વામી છે એ. સમવસરણમાં સ્તુતિ કરવાલાયક છે. સિદ્ધ થયા એ તો પરોક્ષ સ્તુતિ. સાક્ષાત્ જ્યાં બિરાજે છે ત્યાં તો પ્રત્યક્ષ સ્તુતિ થાય છે. ઈન્દ્રો આદિ, ગણધર આદિ સમવસરણમાં સ્તુતિ પ્રત્યક્ષ કરે છે, ત્યાં ભગવાન છે અને સિદ્ધની સ્તુતિ તો પરોક્ષ છે. સિદ્ધ તો દેખાતા નથી. દૂર છે. અંતરદૃષ્ટિથી જોવે. બહારમાં તો છે નહિ. તો એની પરોક્ષ ભક્તિ કહેવામાં આવે છે.

'**તે જયવંત છે.**' લ્યો, એ આલોચના અધિકાર પૂરો થયો. '**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...**' નગ્ન મુનિ દિગંબર છેને ટીકા કરનાર. '**દેહમાત્ર જેને પરિગ્રહ હતો...**' મુનિને દેહ સિવાય કોઈ પરિગ્રહ હોતો જ નથી. વસ્ત્રનો ટૂકડો નહિ, પાત્ર નહિ. આહા..હા..! શ્વેતાંબરમાં તો બહુ વસ્ત્ર ને પાત્ર ને રંગવું ને ઢીંકણું. એ વસ્ત્ર હોય જ નહિ. સમજાણું કાંઈ? અને એકલા વસ્ત્રરહિત હોય એ પણ નહિ. આ તો અંતરના આનંદસહિતના અનુભવસહિત એને વસ્ત્ર, પાત્ર અને નગ્નપણું છે. વસ્ત્ર-પાત્ર રહેતા નથી. તો કહે છે કે જેને પરિગ્રહ એક શરીરમાત્ર હતો.

'**એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે...**' આ પદ્મપ્રભમલધારિદેવ. '**રચાયેલી નિયમસારની**

તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-આલોચના અધિકાર નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.' લ્યો, આઠમો ચાલશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૪, શુક્રવાર, તા. ૦૭-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૩, પ્રવચન નં. ૮૭

શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત અધિકાર આઠમો. **'હવે, સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મના સંન્યાસના હેતુભૂત...'** તેના ત્યાગના હેતુભૂત **'શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત અધિકાર કહેવામાં આવે છે.'** આમાં તો દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મના ત્યાગની વાત છે. નિર્મળ પર્યાયના ત્યાગની વાત ન આવી આમાં. નિર્મળ પર્યાય દ્રવ્યમાં ઢળે છે અને આનો ત્યાગ થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આમાં તો કોઈ કહે કે આ તો દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો ત્યાગ છે. આમાં નિર્મળ પર્યાય જે શુદ્ધ છે એનો ત્યાગ ક્યાં છે આમાં? દેવીલાલજી! એનો અર્થ એ કે જે શુદ્ધપ્રાયશ્ચિતસ્વરૂપ તો દ્રવ્ય જ છે. એ આગળ આવશે. પ્રાયઃ જ્ઞાનસ્વરૂપ ચિત્સ્વરૂપ, બોધસ્વરૂપ એ આત્મા જ પ્રાયશ્ચિત છે વસ્તુ. એ વસ્તુનો જે આશ્રય કરે છે નિર્મળપર્યાય, એટલે એ તો નિર્મળ પર્યાય અહીં આશ્રય કરે છે એટલે અહીં મલિનતા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો ત્યાગ થાય છે. સમજાણું કાંઈ?

પ્રાયશ્ચિતનો અર્થ જ અહીંયાં જે પર્યાયમાં પ્રાયશ્ચિતપણું નિર્મળ વીતરાગી પર્યાય આવે છે એ પ્રાયશ્ચિતસ્વરૂપ દ્રવ્ય જ પોતે છે. પ્રાયશ્ચિત એટલે પ્રાયે ચિત્ એટલે જ્ઞાન. એકલું જ્ઞાનસ્વરૂપ, ચિત્સ્વરૂપ, બોધસ્વરૂપ. ચિન્મય આવ્યું હતુંને સવારમાં? દ્રવ્યનયમાં નહોતું આવ્યું? ચિન્મય એકલો જ્ઞાયક ચિન્મય વસ્તુ એ પ્રાયશ્ચિતસ્વરૂપ જ છે. વસ્તુ હોં! જેમ વીતરાગ પર્યાય પ્રગટે છે તો આત્મા વીતરાગસ્વરૂપ જ છે. કેવળજ્ઞાન પર્યાય પ્રગટે છે તો આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ પ્રાયશ્ચિત એટલે નિર્વિકારી દશા. નિર્વિકારી દશા એ પ્રાયશ્ચિત છે પર્યાયનું. પણ એ નિર્વિકારી દશા જ્ઞાનની સ્થિરતા, જ્ઞાનની રમત એ પર્યાય કોને આશ્રયે થાય છે? કે જે ત્રિકાળી પ્રાયશ્ચિતસ્વરૂપ છે તેને આશ્રયે થાય છે. આહા..હા..!

**'अथाखिलद्रव्यभावनोकर्मसंन्यासहेतुभूतशुद्धनिश्चयप्रायश्चित्ताधिकारः '** સંસ્કૃતમાં છેને, એનું નીચે છે. એટલે એનો અર્થ કર્યો જરી કે જ્યારે આ જડકર્મ, ભાવકર્મ-પુણ્ય-પાપ વિકાર,

નોકર્મ-શરીર. દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મ. એટલે કર્મ જડ એના સંગે થયેલો વિકાર અને એના કારણે ઘાતિના સંગે થયેલો વિકાર અને જડ કર્મ, અઘાતિના ફળમાં મળેલું આ નોકર્મ પર. સમજાણું કાંઈ?

કર્મ છેને—ઘાતિ અને અઘાતિ બે. હવે ઘાતિકર્મ જે જડ છે એના સંગે ઉત્પન્ન થયેલો વિકારીભાવ એ ભાવકર્મ અને ઘાતિકર્મ સિવાય અઘાતિકર્મ છે એને કારણે મળેલો સંયોગ શરીર આદિ નોકર્મ. સમજાણું કાંઈ? ત્રણેના ત્યાગસ્વરૂપ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત. પર્યાયને શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે કર્મ છે ઘાતિ-અઘાતિ એ જડ અંદર. હવે એના (ઘાતિ) સંગે જે ઉત્પન્ન થાય એ તો મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરે. એ ભાવકર્મ અને અઘાતિના નિમિત્તે જે થાય એ શરીર આદિ આ પૈસા બહાર નોકર્મ બધું. વાણી, શરીર વગેરે. એ ત્રણેનો સંન્યાસ નામ ત્યાગ એ કઈ રીતે? કે જે શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ ભગવાન આત્મા છે. પ્રાયશ્ચિત્ત એટલે .. એકલું જ્ઞાન જ સ્વરૂપ છે, બોધસ્વરૂપ છે, ચિત્સ્વરૂપ છે. ચિત્ત એટલે જ્ઞાન. એવો જે નિશ્ચય-પ્રાયશ્ચિતસ્વરૂપ એનો આશ્રય કરીને જે નિર્મળ પર્યાય થાય એ ઉત્પાદ થયો અને એનો આશ્રય કરીને નિર્મળ પર્યાય થઈ એમાં રાગાદિનો વ્યય થયો. કર્મ અને નોકર્મનો સંબંધ છૂટ્યો અને ભાવકર્મનો વ્યય થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવી વસ્તુ છે.

**શ્રોતા :-** નોકર્મને .. કેવી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમકે આ બાજુ ગયો એટલે કર્મે છૂટયો અને કર્મનો સંગ છૂટ્યો એ બધો સંગ છૂટ્યો. છૂટ્યો જ છે પણ સંગ છૂટ્યો એમ કીધું. લક્ષ છૂટ્યું. એ તો છૂટેલી ચીજ પડી છે. આ તો એમ કહ્યુંને, બેયનો ત્યાગ કીધોને ત્રણેનો? તો ત્યાગનો અર્થ શું? કે જ્યારે નિશ્ચય શુદ્ધજ્ઞાનસ્વરૂપી ભગવાન પ્રાયશ્ચિત જ છે કહેશે. છેને ત્રીજી ગાથામાં છેને. ૧૧૬. 'અહીં, **'શુદ્ધજ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે' એમ કહ્યું છે.'** છે? ૧૧૬. **'ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ...'** ઉત્કૃષ્ટ એવો જે ખાસ ધર્મ **'તે ખરેખર પરમબોધ છે.'** જીવનો ખાસ જે ધર્મ એ પરમબોધ છે. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. **'એવો અર્થ છે. બોધ, જ્ઞાન અને ચિત્ત જુદાં પદાર્થો નથી.'** એ બોધ કહો, ઉત્કૃષ્ટ ખાસ ધર્મ તેને જ્ઞાન કહો કે તેને ચિત્ત કહો. ચિત્ત શબ્દે જ્ઞાન છે. એ જુદાં પદાર્થ નથી. **'આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે ચિત્ત (-જ્ઞાન) છે.'** સ્વરૂપ જ જ્ઞાન છે. એમ. સમજાણું? **'તે જ પરમધર્મી જીવને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે ચિત્ત (-જ્ઞાન) છે. જે પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે,...'** હવે આવ્યું. શું કીધું સમજાણું? પ્રાયે મુખ્યપણે મુખ્ય ધર્મ ભગવાન આત્માનો બોધ છે, જ્ઞાન છે અને ચિત્ત છે. એ ત્રણે એક છે. એ જુદાં-જુદાં પદાર્થ નથી. આમ હોવાથી પરમધર્મી જીવને પ્રાયશ્ચિત્ત છે. એ વસ્તુ પોતે પ્રાયશ્ચિત્ત છે. હવે એ **'પરમસંયમી એવા ચિત્તને**

**નિત્ય ધારણ કરે છે,...'** લ્યો. પરમસંયમી એવો મુનિ આવું પ્રાયશ્ચિત્ત જે ત્રિકાળ વસ્તુ છે એને નિત્ય ધારણ કરે. આહા..હા..!

**શ્રોતા :-** એ પ્રાયશ્ચિત્ત આત્માનો ત્રિકાળી ભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળી ભાવ છે. એને જે ચિત્તમાં ધારણ કરે એ વર્તમાન પ્રાયશ્ચિત્ત. ધીમેથી સમજો, ભાઈ! આ તો અનંતકાળનો માર્ગ એવો છે કોઈ કે એ તો જ્ઞાનસ્વરૂપ જ... પ્રાયે કીધુંને? ઉત્કૃષ્ટ એવો ખાસ ધર્મ જે આત્માનો એ તો પરમબોધ છે અને તે બોધ જ્ઞાનથી જુદાં નથી.

**'આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્...'** એવો જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એને તે જ્ઞાનસ્વરૂપ તે જ પ્રાયશ્ચિત્ત છે નિશ્ચયથી. હવે **'જે પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે,...'** પર્યાયમાં તે નિત્યને ધારણ કરે છે એ પર્યાયમાં પ્રાયશ્ચિત્ત પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! આવું ઝીણું લાગે. માર્ગ એવો છે. વસ્તુસ્થિતિ એવી છે, ભાઈ! સમજાણું કાંઈ? કહો, મનસુખભાઈ! આવું ઝીણું છે. બધો દુકાનનો ધંધો થોડો ઓછો કરીને આ બધું સમજવા જેવું છે. ત્યાં ખૂચીને વખત ચાલ્યો જાય છે.

માર્ગ આ તો જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એને સમજવું છે. બાપુ! કરવું છે શું એને? આ ચોર્યાશીના અવતાર. કહ્યું હતુંને કાલે. જે એક સમયની પર્યાય અને રાગની રુચિમાં છે, એ ભવિષ્યમાં અનંતકાળ રહેવાનો છે આત્મા તો એ એમાં રહેશે. એ તો સંસાર દુઃખીમાં રહેશે. આત્મા ભવિષ્યમાં અનંતકાળ રહેવાનો છેને? કે નાશ થવાનો એ કાંઈ? હવે એ અનંતકાળ રહેવાનો છે એ ક્યાં રહેશે? કે જેની બુદ્ધિ પર્યાય અને રાગ ઉપર છે એ ત્યાં રહેશે એટલે દુઃખી થઈને સંસારમાં રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેની બુદ્ધિ નિર્મળ પર્યાય જે ચિત્તને ધારણ કરે, જ્ઞાનને ધારણ કરે એ પર્યાય ક્યાં ટકી છે એ ત્યાં રહેશે. ભલે ચારિત્રદશા ન હોય પણ રહેશે ત્યાં. એને ક્રમે-ક્રમે ત્યાં રહેતા એની અસ્થિરતા ટળીને સિદ્ધપદની દશામાં રહેશે એ. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા! પાળવું શું અમારે? એમ કહે છે. પણ આ પાળવું નથી?

ભગવાન આત્મા પ્રાયશ્ચિત્ત-ઉત્કૃષ્ટપણે જ્ઞાન, એમ. પ્રાય એટલે બહુપણે શબ્દ છેને? તો બહુપણે એટલે ઉત્કૃષ્ટ શબ્દ લીધો. ભાઈ! પ્રાયશ્ચિત્તનો અર્થ એ લીધો. પ્રાયે બળપણે, ઉત્કૃષ્ટપણે, ખાસપણે એવો જે આત્માનો ચિત્ત નામ જ્ઞાનધર્મ, બોધધર્મ. આહા..હા..! કહો, છોટાભાઈ! વસ્તુ જે છે આત્મા ચૈતન્યવસ્તુ, ચૈતન્ય રસકંદ એ એને પ્રાય એટલે બળપણે, મુખ્યપણે, પરમપણે, ચિત્ત નામ બોધ તે મુખ્ય ધર્મ છે જીવનો. ધર્મ એટલે ત્રિકાળી સ્વભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! એવું જે પ્રાય નામ બળપણે જ્ઞાનસ્વરૂપ જ ભગવાન મુખ્યપણે છે, પરમપણે છે. એનો જે આશ્રય કરે છે એટલે એને ચિત્તમાં ધારણ કરે છે, એવી ચીજ જે છે એને

વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એને ધારે છે, પર્યાયમાં એને ધારે છે અને પર્યાય એનો આશ્રય કરે છે એને પર્યાયમાં વીતરાગી પર્યાયરૂપી પ્રાયશ્ચિત્ત પ્રગટ થાય છે. આહા..હા..! અને એ વીતરાગી પર્યાય પ્રાયશ્ચિત્ત સ્વદ્રવ્યને આશ્રયે ઉત્પન્ન થયો અને રાગાદિનો વ્યય થયો એનો અહીં ત્યાગ કહેવામાં આવે છે. આહા..હા..! આવું .. એટલે શું થાય? અરે! આ વાત આખી એવી પડી રહીને. અમરચંદભાઈ! આવી વાત છે, બાપુ! શું થાય? આ બહારના બધા ભભકા તો બધા બળીને રાખ થવાના, બાપા! સ્મશાનમાં રાખ થવાની. આહા..હા..! 'એકલડો આવ્યો અને એકલડો જાશે.' કોઈ સાથ એને છે નહિ. આહા..હા..! મિથ્યાત્વને સેવ્યું તો મિથ્યાત્વ અને રાગ સાથે આવશે. આહા..હા..! એમાં ટકતો રહેશે એટલે દુઃખી થઈને રહેશે. આહા..હા..! આત્મા તો રહેશે. સમજાણું કાંઈ? કહો, આ તો સમજાય એવું છે. આહા..હા..!

ભગવાન આત્મા પ્રાય બળપણે, મુખ્યપણે, પરમપણે, ખાસપણે એનો જ્ઞાનધર્મ છે. એ જ્ઞાન કહો, બોધ કહો, ચિત્ત કહો—ત્રણે એક છે. એવું જે પ્રાયશ્ચિત્તસ્વરૂપ જે ભગવાન આત્મા એને જે પર્યાયના ચિત્તમાં એટલે જ્ઞાનની પર્યાયમાં ધારે છે એને વીતરાગી પર્યાય થાય છે. એ વીતરાગી પર્યાય એટલે વર્તમાન પ્રાયશ્ચિત્ત છે. ઓલું ત્રિકાળી પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! કહો, જેઠાભાઈ! આવું બધું સાંભળ્યું છે કોઈ દિ' ત્યાં? નહિ. આવો માર્ગ. આહા..હા..! ઘણો જ સીધો. સમજાણું કાંઈ?

એ કહે છેને, '**પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે,...**' આહા..હા..! જ્ઞાનસ્વભાવમાં પર્યાયને નિત્ય ધારણ કરે છે. આહા..હા..! '**તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.**' પર્યાયમાં તેને સાચું પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! કહો, પાટણીજી! આવી વાત છે, ભાઈ! માર્ગ આવો ભાઈ એને અરેરે! સાંભળવા મળે નહિ. એની પદ્ધતિ અને રીત શું છે એ ખ્યાલમાં ન આવે એ ક્યાં જશે? ક્યાં જાય? ક્યાં જશે? આહા..હા..! અહીં તો કહે છે બાપુ! ત્રણકાળ અને ત્રણલોકનો જાણનાર બોધસ્વરૂપ છો શક્તિરૂપે. ત્રણકાળ, ત્રણલોકને જાણનાર બોધસ્વરૂપ, શક્તિરૂપ, સ્વભાવરૂપ, સામર્થ્યરૂપ છો. એને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. વસ્તુસ્વરૂપ જ પ્રાયશ્ચિત્ત છે, કહે છે. આહા..હા..! ગજબ કર્યો છેને! એ તો દરેક વખતે એમ છે. સમજાણું કાંઈ? જ્ઞાનપર્યાય પ્રગટે છે એ જ્ઞાનસ્વરૂપ જ પોતે છે તેને અવલંબે પ્રગટે છે. ચારિત્ર પ્રગટે છે એ ચારિત્રસ્વરૂપ જ ત્રિકાળ વીતરાગસ્વરૂપ છે ત્યાંથી ચારિત્ર પ્રગટે છે. આનંદ પ્રગટે છે એ ત્રિકાળી આનંદસ્વરૂપ જ છે તેને આશ્રયે આનંદ પ્રગટે છે. વીર્ય પ્રગટે છે એ ત્રિકાળી વીર્યમૂર્તિ પોતે વીર્યસ્વરૂપે જ છે એને આશ્રયે એને વીર્ય અનંત પ્રગટ થાય છે. આહા..હા..! પરમેશ્વરતા પ્રગટ થાય છે એ પરમેશ્વરસ્વરૂપ જ ભગવાન આત્મા છે (એને આશ્રયે પ્રગટ થાય છે). આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! હવે આમાં ક્યાં મોઢા આગળ બેસીને ચર્ચા કરવી? આહા..હા..! મોઢા આગળ તો આ રાખ અંદર.

ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વરૂપ એકલો જ્ઞાન અને આનંદસ્વભાવ સ્વરૂપે. આપણે અહીં તો પ્રાયશ્ચિત્ત છેને એટલે જ્ઞાનસ્વરૂપ લેવું છે. સમજાણું? પ્રાયશ્ચિત્ત કીધુંને? બળપણે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, મુખ્યપણે જ્ઞાનસ્વરૂપી આત્મા. ભલે અનંત ગુણો સાથે છે, પણ આ પ્રાયપણે, મુખ્યપણે પરમજ્ઞાનસ્વરૂપી ધ્રુવ જેનું જ્ઞાનસ્વરૂપ છે, નિત્ય જેનું જ્ઞાનસ્વરૂપ છે, એકરૂપ જેનું નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપ છે ભેદ વિનાનું. મતિ શ્રુત આદિ ભેદો વિનાનું એવું જે પ્રાયશ્ચિત એવું ચૈતન્યનું સ્વરૂપ એને વર્તમાન પર્યાયનું ત્યાં લક્ષ કરાવી, પર્યાયને ત્યાં દોરી જઈ એ પર્યાય નિર્મળ થાય છે. આહા..હા..! રાગને આશ્રયે જ્ઞાન દોરાઈ જાય ત્યાં મલિનતા ઉભી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એવો જે ભગવાન આત્મા પરમસંયમીને, એવા ચિત્તને. એવું ચિત્ત એટલે જ્ઞાન ત્રિકાળી એને નિત્ય ધારણ કરે છે. આહા..હા..! તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! વાત તે કરી છેને. ૧૧૬. ૧૬ નંબરની વાત છે. આહા..હા..! સોળ આના નથી કહેતા? સોળ, રૂપિયો. આહા..હા..! ભાઈ! તારી ચીજ તો અંદર એકલો જ્ઞાનનું નિધાન, જ્ઞાનનું નિધાન, પર્યાય પણ નહિ. એનો સ્વભાવ જ એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... બીજી રીતે કહીએ તો એ સર્વજ્ઞસ્વભાવી સ્વરૂપ છે. બીજી રીતે કહીએ તો એ સર્વદર્શીસ્વરૂપે જ આત્મા છે. બીજી રીતે કહીએ તો ઈશ્વરસ્વરૂપ જ આત્મા છે. બીજી રીતે કહીએ તો એ આનંદસ્વરૂપ જ આત્મા છે. આહા..હા..! ત્રિકાળી હોં. આહા..હા..! એને જે જ્ઞાનમાં ધારણ કરે છે. વર્તમાન પર્યાયને તેમાં વાળીને એનું અસ્તિત્વ જેનું મહાન આવું અસ્તિત્વ છે એને પર્યાયમાં એના અસ્તિત્વનો જે સ્વીકાર કરે છે. આહા..હા..! એની પર્યાયમાં પ્રાયશ્ચિત્ત થાય છે. એની પર્યાયમાં વીતરાગતા થાય છે તે ઉત્પાદ થયો અને ભાવકર્મ અને એનો વ્યય થયો, સંન્યાસ થયો, ત્યાગ થયો અને એને લઈને કર્મ અને નોકર્મ એટલો સંબંધ પણ ટૂટી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો અધિકાર એટલે માણસને આકરું લાગે.

એ અહીં કહે છે. આ ઉપર મથાળાની વ્યાખ્યા કરી આ તો હજી. સમસ્ત દ્રવ્યકર્મ, સમસ્ત ભાવકર્મ તથા સમસ્ત નોકર્મના—એમ ત્રણે લેવું. એના ત્યાગના હેતુભૂત, એના અભાવના હેતુભૂત '**શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત...**' પર્યાયમાં શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત જે પ્રગટ થાય એનો '**અધિકાર કહેવામાં આવે છે.**' આહા..હા..! ૧૧૩.

वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो।
सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो।।११३।।

આહા..હા..!

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઈન્દ્રિયરોધરૂપ છે ભાવ જે,**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.**

નિરંતર કર્તવ્ય છે આ. પહેલા આવ્યું હતુંને ઓલું ત્રીજી ગાથામાં. દર્શન, જ્ઞાન અને

ચારિત્ર નિયમથી કર્તવ્ય છે, એ ત્રીજી ગાથામાં આવ્યું હતું. '**णियमेण य जं कज्जं**' ત્રીજી ગાથા. નિશ્ચયથી જે કર્તવ્ય છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. દ્રવ્યને તો કાંઈ કર્તવ્ય છે જ નહિ. દ્રવ્ય છે એ તો કૃતકૃત્ય જ છે. આહા..હા..! એ કૃતકૃત્ય છે તેના આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય) એ પર્યાયનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે મુનિઓએ અમારે તો... આહા..હા..! અનવરત-નિરંતર આ કર્તવ્ય છે અમારું. આહા..હા..! પંચમહાવ્રતના વિકલ્પવાળા મહાવ્રતની વ્યાખ્યા આવશે.

'**ટીકા :- આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.**' '**પાંચ મહાવ્રતરૂપ,...**' આ મહાવ્રત એટલે વિકલ્પવાળા નહિ. ચિદાનંદ જ્ઞાનસ્વરૂપમાં ઠરી જવું અંદરમાં એ મહાવ્રત. આનંદમાં વીંટાઈ જવું, જ્ઞાનસ્વરૂપમાં ઘોલનમાં સ્થિર થઈ જવું એવું જે મહાવ્રત. આહા..હા..! એ ૧૯માં કહેશે, આ બધું ધ્યાન છે. આ વિકલ્પના મહાવ્રતની અહીં વાત નથી અત્યારે. પંચમહાવ્રત ને પાંચ સિમિત ને ગુપ્તિ ને જે વિકલ્પ છે એ વસ્તુ નથી, એ કોઈ પરિણતિ નથી અને એ કોઈ પરિણામ ત્રિકાળી સ્વભાવ પણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એ તો મીઠો મહેરામણ આનંદથી ભરેલો ભગવાન છે. આહા..હા..! આનંદનો સાગર મીઠો મહેરામણ છે, કહે છે. આહા..! સમજાણું કાંઈ? એમાં નિરંતર રહેવું એ મુનિઓનું કર્તવ્ય છે, એમ કહે છે. અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન આત્મા અમૃતસ્વરૂપે જ ભરેલો છે ઈ. આહા..હા..! કેમ બેસે? એક અડદની દાળ સરખી ન થાય ત્યાં ઢીંચણીયું ઉડે. 'ધાનનું ધૂળ કરી નાખ્યું. જુઓ! અત્યારે આપીએ છીએ દાળ ને શાક.' એમાં વળી વેવાઈ-બેવાઈ સરખો આવ્યો હોય સત્તાપ્રિયવાળો અને ચૂરમુ અને અડદની દાળ કરી અને અડદની દાળ છાશબાકળા જેવી થઈ હોય. છાશબાકળા એટલે સદડી સરખી ન થઈ હોય આમ ચડીને, જુઓ, ભાઈનો પિત્તો ફાટે પછી. કોણે રાંધ્યું છે આ? બાયું કહે, બોલશો નહિ હોં અત્યારે. હવે આને કહેવું ભગવાન. એકવાર સાંભળને, ભાઈ! અતીન્દ્રિય આનંદના સમતાનો સાગર પ્રભુ તું છો. આ વિષમતા ક્યાંથી તેં ઊભી કરી? સમજાણું કાંઈ? વિષમતા કોઈ સ્વરૂપમાં નથી. એ તો પર્યાયબુદ્ધિએ તેં વિષમતા ઉભી કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓને કેવી શૈલી છે! વિષમતા રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે એ તો પર્યાયને પરલક્ષે પર્યાયમાં થાય છે, એ કાંઈ સ્વરૂપમાં નથી. અને સમતા અને વીતરાગતા પ્રગટ થાય છે એ તો અંદર પડી છે વસ્તુ. આહા..હા..! સમતા અમૃતનો સાગર ભગવાન અકષાય વીતરાગસ્વભાવસ્વરૂપ એને અવલંબે સમતા, વીતરાગતા પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૧૯મી ગાથામાં આવશેને. '**अप्पसरूवालंबणभावेण**'. એમાં ભાઈએ નાખ્યા છેને ઓલા શબ્દો ભાઈ પંડિતજી! આત્મસન્મુખના બધા આઠ બોલ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો પરમાત્મા પોતે જ્ઞાનાનંદસ્વરૂપ એ જ્ઞાનાનંદમાં જ્ઞાનમાં સ્થિરતા થઈ જવી નિર્વિકલ્પ એને પંચમહાવ્રત કહે છે.

અહિંસા પહેલું મહાવ્રત. ભગવાન આત્મામાં અહિંસક સ્વભાવ જ એનો છે. અકષાય સ્વભાવ કહો કે અહિંસક સ્વભાવ કહો. આહા..હા..! એના આશ્રયે જે પર્યાયમાં અહિંસકમાં રાગ વિનાની દશા ઉત્પન્ન થાય. રાગ ઉત્પન્ન થાય એ તો હિંસા છે. ચાહે તો શુભરાગ ઉત્પન્ન થાય, ભક્તિનો ને વ્રતનો ને વિકલ્પ એ બધી હિંસા છે. કહો, બલુભાઈ! આ અપવાસ કર્યા એનો વિકલ્પ ઉઠ્યો એ કાંઈ હિંસા છે? એમ કહે છે. એ તો આવી ગયા છેને હવે તો. આ તો પહેલાની (વાત છે). આવી વાતું બહુ આકરી. અને અહિંસા તો એને કહીએ કે ભગવાન આત્માનું સ્વરૂપ જ અકષાયસ્વરૂપ અહિંસક છે. એને આશ્રયે જે પર્યાય વીતરાગી થાય એને અહિંસા, પર્યાયની અહિંસા કહીએ. એ અહિંસામહાવ્રત કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજું સત્યમહાવ્રત. એ સત્યમહાવ્રત પ્રભુ સત્યસ્વરૂપ જ ત્રિકાળ છે. સત્‌નું સ્વરૂપ જ એની સત્તાનું આખું સત્યસ્વરૂપ જ છે. એને આશ્રયે જે સત્યની પરિણતિ અરાગી ઉત્પન્ન થાય એને સત્યમહાવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે અચૌર્ય. એ સ્વરૂપ ભગવાન આત્માનું અચોર્યસ્વરૂપ જ છે. કોઈને પકડતો નથી, કોઈને લેતો નથી, કોઈને ગ્રહતો નથી. એવું જેનું અચોર્યસ્વરૂપ જ ભગવાન આત્માનું છે. આહા..હા..! એને આશ્રયે અચૌર્યદશા નિર્મળ વીતરાગી પરિણતિ, રાગને પણ પકડે નહિ, રાગને ગ્રહે નહિ અને અરાગી વીતરાગી પર્યાય તેને પકડે, ગ્રહે એ અચૌર્યમહાવ્રત છે. આ નિશ્ચયમહાવ્રતની વાત ચાલે છે હોં. આહા..હા..! જેને ૧૧૯માં ધ્યાન કહેશે. ૧૧૯માં ધ્યાન (કહેશે). સ્વરૂપે અકષાય છે એ અચૌર્યસ્વરૂપ જ છે. આહા..હા..! જેમ પ્રાયશ્ચિતસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે, એમ આ એવું સ્વરૂપ જ એનું છે. કોઈની ચીજ એણે લીધી નથી અને લેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ચોથું. બ્રહ્મચર્ય. બ્રહ્મચર્ય એને વ્રત કહીએ કે જે બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવા બ્રહ્મસ્વરૂપનો આશ્રય લઈને જે બ્રહ્મચર્ય અરાગી પર્યાય ઉત્પન્ન થાય એને વર્તમાન બ્રહ્મચર્યવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! ગુલાબચંદભાઈ! આવું ઝીણું છે, ભાઈ! ચોટીલામાં મળે એવું નથી. ક્યાંય છે નહિ આ. આહા..હા..! જિનેન્દ્રના કપાટ... ઓલું નથી આવ્યું? કપાટ ખોલે છે. કર્મના કપાટ ખોલી નાખે છે. આહા..હા..! ધર્મના કપાટ ખોલે છે એનો અર્થ કે સ્વભાવનો કપાટ ખોલી નાખ્યો છે એણે. આ રાગની એકતાથી કપાટ બંધ હતો એ રાગની એકતા તોડીને સ્વભાવની એકતા કરી ચિદાનંદસ્વભાવ વ્યક્ત નામ ખુલ્લો નીકળ્યો. ઓહો..હો..! અરે! આવી વાતું ભારે! સમજાણું કાંઈ? બ્રહ્મચર્ય એને કહીએ વ્રત. બ્રહ્મચર્યવ્રત હોં! બ્રહ્મ નામ આનંદસ્વરૂપી ભગવાન ત્રિકાળ છે એને આશ્રયે અરાગી વીતરાગી આનંદસ્વરૂપી દશા પ્રગટ થાય એને વર્તમાન બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. એ બ્રહ્મચર્યવ્રત છે.

અપરિગ્રહવ્રત. ભગવાન અપરિગ્રહસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? એણે વિકલ્પને પકડ્યો નથી, એણે પર્યાયને પકડ્યો નથીને ત્રિકાળી વસ્તુએ. આહા..હા..! સમજાણું કાંઈ? અપરિગ્રહસ્વરૂપ જ એ છે. આ લોકો અત્યારે કહે છેને, ભગવાનનો માર્ગ અપરિગ્રહ, અનેકાંત અને અહિંસક—એવા ત્રણ બોલો વાપરે છે બધા. અત્યારનાં આ ૨૫૦૦ વર્ષનું એક.. પણ કોને કહેવું હજી પરિગ્રહ અને કોને કહેવું અનેકાંત અને કોને કહેવું અહિંસા? અરે..! ભગવાન! ભાઈ!

**શ્રોતા :-** વધારે... પૈસા ન રાખવા એ અપરિગ્રહ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અપરિગ્રહ. હા, એ કહે છેને. અરે ભાઈ! એમ નથી, બાપુ! પૈસા રાખે કોણ અને છોડે કોણ? વધારે ગ્રહે નહિ એ તો ઘણાને મળે પછી. વાત જ જૂઠી છે. એક ગૃહસ્થ બહુ સંઘરે નહિ, થોડો સંગ્રહ. પણ સંગ્રહી શકતો જ નથી. રાગને સંગ્રહી શકતો નથી તો પછી પરને સંગ્રહી શકે એ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? શુભવિકલ્પ જે છે દયા, દાન, વ્રતનો એને જે સંગ્રહતો નથી. એની વસ્તુમાં જ એ નથી. આહા..હા..! એવો જે અપરિગ્રહસ્વરૂપ ભગવાન આત્મા જેણે એક સમયની પર્યાય પણ પકડી નથી. આહા..હા..! પર્યાયને તે અસ્પર્શે છે, આલિંગન કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયની પર્યાયને દ્રવ્યસ્વભાવ છે તે આલિંગન કરતો નથી. આહા..હા..! એવો અપરિગ્રહસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે જ્ઞાનની પર્યાયમાં નિર્મળતા અને વીતરાગ પર્યાય થાય એ નિશ્ચયઅપરિગ્રહવ્રત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો વીતરાગ, બાપુ! આહા..હા..!

વીતરાગમાર્ગ એટલે કે વીતરાગસ્વરૂપ જ ભગવાન છે એને આશ્રયે વીતરાગપર્યાય થાય એ વીતરાગમાર્ગ છે. રાગ એ તો પરને આશ્રયે થાય. તો એ તો સ્વરૂપમાં છે નહિ. અને પરને આશ્રયે થાય એ વીતરાગધર્મ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પંચમહાવ્રત કહ્યા પહેલા. આ હોં, આ કીધા એવા એ પંચમહાવ્રત આ નિશ્ચય. આહા..હા..! ધ્યાન કહેશે આગળ. એ ધ્યાનમાં આ ધ્યાન. ધ્યેયને ધ્યાનમાં લેવું, ધ્યાનનો વિષય ધ્યેયને બનાવવો, એની પરિણતિ જે પ્રગટ થાય તેને મહાવ્રત કહેવામાં આવે છે. આહા..હા..!

'**પાંચ સમિતિ,...**' ઈર્યા જોઈનું ચાલવું એવો જે વિકલ્પ છે એ નહિ. ભગવાન શુદ્ધ ચૈતન્ય છે તેને જોઈને તેમાં રમવું એ ઈર્યાસમિતિ છે. નિશ્ચયથી તો ઈર્યાસમિતિસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! જોઈને પરિણતિ કરવી, ભગવાન ત્રિકાળીસ્વરૂપને જોઈને પરિણતિ કરવી એ ઈર્યાસમિતિ પર્યાયની. પણ એ પરિણતિ ઈર્યાસમિતિની કરવી એ સ્વરૂપ જ એવું છે, એમ કહે છે. આહા..હા..! એવી ઈર્યાની નિર્મળ પરિણતિનું શોધન, જીવને શોધીને પર્યાય પ્રગટ કરવી. આહા..હા..! પણ એ પર્યાય આવી શેમાંથી? કોઈ ચીજ ખાલી છે એમાંથી આવી? એ ઈર્યાસ્વરૂપ જ ભગવાન છે. જીવ પોતે જીવને જાણીને રહેલો છે. જીવ જાણીને

જ રહેલો છે. શક્તિરૂપે હોં. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

એમ ભાષાસમિતિ. ભાષા એટલે બોલવું એ નહિ. સત્યની પરિણતિ થવી અંદરમાં. આહા..હા..! સત્યસ્વરૂપ જે ભગવાન આત્મા એ સત્‌સ્વરૂપ જ છે. એની પરિણતિમાં વીતરાગ પરિણતિનું સત્‌પણું પ્રગટવું એને અહીંયાં ભાષાસમિતિ નિશ્ચય કહે છે. આહા..હા..! ઈર્યા, ભાષા, એષણા. આત્માને શોધવો કારણ કે એ એષણાસ્વરૂપ જ છે ઈ. આહા..હા..! પોતાના સ્વરૂપની શોધમાં જ એ પડેલો છે, બહાર આવતો નથી. આહા..હા..! એવું સ્વરૂપ જે એષણાસ્વરૂપ એને આશ્રયે જે એને જોવો, શોધવો, એને શોધીને જે દશા પ્રગટ થાય એ નિશ્ચય એષણા સમિતિ કહેવામાં આવે છે. આહાર-પાણી લેવો અને ફલાણું-ફલાણું એ આત્મામાં નથી, એમ કહે છે. લેવું અને લેવાનો વિકલ્પ પણ આત્મામાં નથી. આહા..હા..! કહો, ઈર્યા, ભાષા, એષણા, પછી? આદાન(નિક્ષેપણ). લેવું-મૂકવું. એ લીધેલું છે તે છોડ્યું નથી અને મૂકેલું છે તે ગ્રહ્યું નથી એવું જ એનું સ્વરૂપ છે. આજે આવ્યુંને. શું શબ્દ છે? ગ્રહ્યું છે તે મૂકતો નથી અને છૂટું છે તેને ગ્રહ્યું નથી. હા ઈ. આહા..હા..! જે ગ્રહેલી ચીજ છે અનંતગુણનો પિંડ તેને છોડતો નથી અને રાગાદિ જે છે તેને ગ્રહતું નથી. આહા..હા..! લ્યો, વળી આવી વાત આવી જુઓને. આ પહેલી વહેલી આવી આવે છે હોં વિસ્તારથી. નવું વર્ષ છેને ભાઈ કહે છે અને ૩૨. આહા..હા..! ૩૨ દાંત હોય છેને, એમ ૩૨માં વર્ષમાં ચાવવા જેવી આ વસ્તુ છે, કહે છે. આહા..હા..!

અરે! ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ કોને કહે? બાપુ! આહા..હા..! જેની પર્યાયમાં જિનપણું આવ્યું એ જિનપણું આવ્યું ક્યાંથી? પ્રભુ! એ જિનસ્વરૂપ છે. આહા..હા..! એમાંથી અંશ તે જિનપણું આવ્યું છે. કેવળજ્ઞાની પણ જિન એ તો અંશ છે, પણ અહીં તો જિનસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! એમાંથી લેવાનું તે લીધું છે અને છોડવાનું તે છૂટેલું જ છે, એવું એનું સ્વરૂપ છે. એમાંથી નિર્મળ પરિણતિ લેવી અને મલિન પરિણતિ છોડવી પર્યાયમાં હોં. એનું નામ ચોથી આદાનનિક્ષેપણ, આયાણ નિક્ષેપણા. આયાન .. નહિ. આદાનનિક્ષેપ છે. શ્વેતાંબરમાં આયાણ .. ઓલા વસ્ત્ર અને પાત્ર નાખ્યા ખરાને, એટલે એને વસ્ત્ર અને પાત્ર લેવું અને મૂકવું એ વાત જ ખોટી છે. મુનિને .. પાત્ર હોય જ નહિ. આ સમિતિનું નામ ફેર છે એના કરતા. આયાણનિક્ષેપ બસ એટલી સમિતિ. આયાણ.. નહિ. બહુ વાત ફેર, ભાઈ! આહા..હા..! કેમ? કે ..માત્ર વસ્ત્ર એ તો વસ્તુમાં તો નથી. તો એ સમિતિ ક્યાંથી આવી એને? સમજાણું કાંઈ? ... અને નિક્ષેપની સમિતિ આવી ક્યાંથી? સ્વરૂપમાં હોય એમાંથી પરિણતિ આવે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે સ્વરૂપ છે તે ગ્રહેલું જ પડ્યું છે, એને ગ્રહવું છે નહિ. એમ નથી ગ્રહવું તેને પકડ્યું નથી, કોઈ દિ' પકડ્યું જ નથી. એવું જ એનું સ્વરૂપ છે. આહા..હા..! એવા સ્વરૂપનો,.. આ તો મહિમા દ્રવ્યની છે, બાપા! આહા..હા..! ગ્રહ્યું તેને છોડતું નથી

અને છોડ્યું તેને ગ્રહતું નથી એવું જેનું સ્વરૂપ ચિદ્દ્ઘન છે એને અંતરમાં નિર્મળ પર્યાયને ગ્રહવી, રાગની પર્યાયને છોડવી એનું નામ આયાણનિક્ષેપસમિતિ કહેવામાં આવે છે. આહા..હા..! (પ્રતિષ્ઠાપન) આવે છેને પાંચ? એટલે કે મલિન પર્યાયનો ત્યાગ અને નિર્મળ પર્યાયનું ઉત્પન્ન થવું એવું (પ્રતિષ્ઠાપન) ત્યાગ છે, એ સમિતિ છે. રાગાદિ વિષ્ટા છે, પેશાબ જેવી ચીજ છે એને છોડવી. અરે! આવે છેને (પ્રતિષ્ઠાપન) .. એ બધું મલિન પર્યાયનો ત્યાગ સંન્યાસ કીધો છેને? મલિન પર્યાયનો ત્યાગ, એમાં સ્વરૂપમાં મલિન પર્યાયનો અભાવ જ છે અને નિર્મળ સ્વરૂપ આવે છે એને આશ્રયે જ્ઞાનમાં એને ધારણ કરી અને જે પરિણતિ વીતરાગી પ્રગટ થાય એમાં રાગનો સંન્યાસ થાય એને .. (પ્રતિષ્ઠાપન) પાંચમી સમિતિ કહેવામાં આવે છે. આહા..હા..! પુણ્ય છે તે વિષ્ટા છે. અહીં રાડ નાખે. પુણ્ય છે તે ઝેર છે. ઝેરનો ત્યાગ છે અને અમૃતસ્વરૂપ ભગવાનનું ત્યાં ગ્રહણ છે પર્યાયમાં. આહા..હા..! એવું (પ્રતિષ્ઠાપન) આ નિશ્ચયસમિતિ. આહા..હા..!

'**શીલરૂપ...**' સ્વભાવ. એનો સ્વભાવ જ ત્રિકાળ શુદ્ધશીલ છે. એ શુદ્ધશીલ છે એમાંથી નિર્મળ પરિણતિ પ્રગટ થાય એ વર્તમાન શીલરૂપ દશા છે ધ્યાનની. '**અને સર્વ ઇન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ...**' પાંચ ઇન્દ્રિય, છઠ્ઠું મન અને છ કાય. એના '**મનવચનકાયાના સંયમરૂપ પરિણામ...**' પણ એ પોતે એનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..! ઇન્દ્રિયો રહિત અણિન્દ્રિય અને અસંયમરહિત સંયમસ્વરૂપ જ એનું છે. સમજાણું કાંઈ? સુજાનમલજી! આવી વ્યાખ્યા છે. આહા..હા..! અરે! એ વાત સાંભળવા મળવી, ભાઈ! ત્રણલોકના નાથના કલેજા.. એનો અભિપ્રાય... આહા..હા..! ભાઈ! એને ધર્મકથા કહીએ, પણ રાગથી લાભ મનાવે. નહોતું આવ્યું? આ મુનિને આવી બુદ્ધિ ક્યાંથી સુજી નવી? કે નવું પાપ કરે કે 'રાગ કર ને રાગથી લાભ' આવું ક્યાંથી સૂઝ્યું તને? આહા..હા..! સમજાણું કાંઈ?

ઇન્દ્રિયનો નિગ્રહ અને છ કાયની હિંસાનો ત્યાગ. એટલે પોતે છ કાયની હિંસાના અભાવસ્વભાવરૂપ જ આત્મા છે અને અવ્રત જે અસંયમ છે એના અભાવસ્વભાવરૂપ જ આત્મા છે. એવા સ્વભાવને આશ્રયે એકાગ્ર થઈને જે પરિણતિ પ્રગટ થાય એ સંયમ પરિણામને ઇન્દ્રિય નિગ્રહના પરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા કહે છે. એને નિરોધ કહે છે. જોયુંને. '**મનવચનકાયાના સંયમરૂપ પરિણામ તથા પાંચ ઇન્દ્રિયોનો નિરોધ—એ પરિણતિવિશેષ...**' એની વિકારરહિત નિર્વિકારી દશા ખાસ '**તે પ્રાયશ્ચિત્ત છે.**' પરિણતિ અને પ્રાયશ્ચિત્ત. ત્રિકાળ તો પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. આહા..હા..! આવી વ્યાખ્યા. દિગંબર સંતો ખુલી મૂકે છે એ વાતને. આહા..હા..! ભાઈ! તું કોણ છો? આપણે સવારમાં આવ્યું હતુંને, કેવો છો? કોણ છો? ભાઈ! એ તું આવો ઇન્દ્રિયના નિગ્રહરૂપ જ તારું સ્વરૂપ છે. અસંયમના અભાવસ્વરૂપ તારું સ્વરૂપ છે. આહા..હા..! એવો તું છો, ભાઈ! આહા..હા..!

એવો તું અસંયમી અને રાગનો ઈન્દ્રિયનો અનિગ્રહવાળો માન. એ તારા તત્ત્વની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શું કુંદકુંદાચાર્યની શૈલી! અને મુનિઓની ટીકા ગજબ છેને!! આહા..હા..!

**'પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત—પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત,...'** વર્તમાન પરિણતિની વાત છે હોં. પ્રાયશ્ચિત્ત એટલે પ્રચુરપણે એમાં... ઓલું નિશ્ચયમાં આવ્યુંને પ્રાયશ્ચિત્ત. બહોળાપણે, પ્રચુરપણે જ્ઞાનસ્વરૂપ તે પ્રાયશ્ચિત્ત ત્રિકાળ અને આ પરિણતિમાં જે આવ્યું પ્રાયશ્ચિત્ત, પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત. **'અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત,...'** આહા..હા..! પરમશાંતિ, પરમ સમાધિથી સહિત પરિણતિ. **'પરમજિનયોગીશ્વર,...'** આહા..હા..! એવા પરમસમાધિથી યુક્ત. એ પંચમહાવ્રત કહો, પંચ ઈન્દ્રિય સમિતિ કહો, શીલ કહો એ બધું પરમસમાધિ છે. વીતરાગી પરિણતિ છે, પરમસમાધિ છે. આહા..હા..! એ પરમસમાધિસ્વરૂપ જ ભગવાન છે. એને આશ્રયે જે જ્ઞાનની પરિણતિ પરમશાંતિ-સમાધિ પ્રગટી. આહા..હા..! એવા **'જિનયોગીશ્વર, પાપરૂપી અટવીને (બાળવા) માટે અગ્નિ સમાન,...'** છે. આ ત્યાગ થયો. પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. શુભ અને અશુભભાવ બેય પાપરૂપી અગ્નિ છે, પાપરૂપી અટવી છે. એને માટે અટવી સમાન બાળવા માટે છે. આહા..હા..!

અને મુનિરાજ પોતે કહે છે હવે. પાઠ એમ છેને **'अणवस्यं चेव कायव्वो।'** આવું પ્રાયશ્ચિત્ત. કોને કરવું? કે મારે કરવું, એમ કહે છે. સમજાણું કાંઈ? **'પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહનો ધારી,...'** મુનિને તો એક દેહમાત્ર હોય છે, બીજું તો કાંઈ હોતું નથી. આહા..હા..! ઓલાએ લખ્યું હતુંને ચંપકસાગર નથી એણે? કે ભાઈ પહેલો ફાળ થોડુંક હતું. શ્વેતાંબર જ્યારે નીકળ્યા દિગંબરમાંથી બે હજાર વર્ષ પહેલાં ત્યારે એક ફાળ એક કટકો રાખતા આડો. એમાંથી હવે ૧૦૮ .. થઈ ગયા છે, કહે છે. લખ્યું છે બિચારાએ. આપણે છે એમાં ક્યાંક.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ચંપકસાગર ... મળ્યા હતા ત્યાં. હજી બધું બેઠું નથી, પણ આટલું કાંઈક થયું છે. નીકળ્યા ત્યારે તો આટલું હતું. આ બધું વધી ગયું. હવે તમારી યોગ્યતા હોય તો માનો સાધુને. આમ થઈ ગયું છે. એમ લખ્યું છે.

**શ્રોતા :-** એ ક્યાં અટકશે એ ખબર નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અરેરે! ચશ્મા ને ઘડિયાળું, ઈન્ડીપેન, શીશપેન.

**શ્રોતા :-** સુવર્ણ-ચાંદીની ડબ્બી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડબ્બી લ્યો વળી આ. લુછવાના ચાંદીના ઓલા. આહા..હા..! અરે! ગોટો કોને કહેવો, ભાઈ! આહા..હા..!

અહીં તો ભગવાન એમ કહે છે કે અમે તો સંયમી છીએ. અમારે તો નિત્ય આ કર્તવ્ય

કરવાનું છે એમ કહે છે. આહા..હા..! છે? '**દેહમાત્ર પરિગ્રહના ધારી, સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ...**' આહા..હા..! ઉદાસ... ઉદાસ... ઉદાસ... આહા..હા..! ૨૦ વર્ષનો છોકરો મરી જાય એકનો એક અને બે વર્ષનું પરણેતર હોય. પાંચ લાખ એના મકાનના હોય એ પાછા બાળીને આવે ત્યારે સ્મશાન જેવા લાગે. હાય.. હાય.. જેનાથી રમત અને રાગ હતા એ ચીજ તો ગઈ. આહા..હા..! એકનો એક દીકરો હોય અને બીજો દીકરો હોય નહિ અને છ મહિના કે બાર મહિનાના પરણેતર એ લીલી સાંઠા જેવી (કન્યા) મૂકીને ચાલ્યો જાય. એ વખતે મહેલ મોટા મકાન ખાવા દોડે. હાય.. હાય.. આ સ્થાનમાં આ કેમ રહેવું? એમ ધર્મીને આખા સંસારથી ઉદાસીનતા થઈ જાય છે. ક્યાંય જેને રસ જામતો નથી, ક્યાંય જેને પ્રીતિ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ લાઠીમાં ભાવસાર હતા એક પણજી ભાવસાર. વકીલ હતા. ગૃહસ્થ માણસ હતા સ્થાનકવાસી. લાઠીમાં. પછી એકનો એક દીકરો મરી ગયો. દીકરા તો હતા બીજા પણ એક મરી ગયો. અને ગૃહસ્થ માણસ હતા. પૈસાવાળા. પછી તો માણસો બહુ એ વખતે રોઈને આવ્યું. સગાવ્હાલાને. પણ એ બાળીને આવ્યા ત્યાં મેડીવાળા મકાન, ખાવા દોડે આમ હાય.. હાય.. અરેરે! જેના પ્રેમથી અમે જીવતા એ ચાલ્યો ગયો. હવે અમારો પ્રેમ ક્યાં થાય? સ્મશાન જેવું લાગે. લાઠીવાળા છે કોઈ? લાઠી નથી આવ્યા? આ ભાઈ આવ્યા છે. નાગરભાઈનો દીકરો આવ્યો છેને. નાગરભાઈનો દીકરો આવ્યો છે. એ પણજીભાઈ હતા ભાવસાર નહિ? ખબર નહિ. નાની ઉંમર હશે. પંજીભાઈ ઓલીકોર હતા. મેડીબંધ મકાન. એ ભાઈ એક છોકરો મરી ગયો એને બાળીને આવ્યા ત્યાં તો બાયું કૂટે અને આદમીઓને સ્મશાન જેવું લાગે. મેડીબંધ મકાન.

એમ જ્યાં ધર્મીને આત્મદષ્ટિ અને સ્થિરતા પ્રગટી છે. કહે છેને અમે પરમસંયમી એમ કીધુંને? આહા..હા..! '**સહજ વૈરાગ્યરૂપી...**' સહેજ વૈરાગ્ય. જેને પુણ્ય-પાપના પ્રેમમાંથી ખસી ગઈ છે દૃષ્ટિ, આહા..હા..! શુભભાવનો પણ પ્રેમ જેને ઉડી ગયો છે અંદરથી, એવો સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ એનું શિખર, એનો શિખામણિ. એવો વૈરાગ્ય. ઉદાસ... ઉદાસ... સમજાણું કાંઈ? નહોતું કહ્યું એક જામનગરનું? જામનગરના વાણિયાની વાત નહોતી કરી? ચુરમા ખાતા એ ચુરમુ ખાય. એને ટેવ જ પડી ગયેલી. અપાસરા પાસે રહેતા. વિશાશ્રીમાળી વસા. ચુરમાની જ ટેવ. રોટલી-રોટલો ખાય જ નહિ. એમાં એકનો એક દીકરો મરી ગયો. જામનગર અપાસરાની પાસે (રહેતા). બાળીને આવ્યા. ભેગા થયા બધા કુટુંબ (આખું). ભાઈ! તમે રોટલો-રોટલી કરો. રોટલો કરો એમ બોલ્યા હતા. રોટલા કરો, રોટલી કરો. ભાઈ! તમને રોટલા-રોટલી નહિ પચે. તમે ચુરમુ જ ખાધું છે બસ. એ ચુરમુ કર્યું ભાઈ હોં. ઓલાને બાળીને આવે છે અને સગા ભેગા થઈને ચુરમુ કર્યું. થાળીમાં મૂક્યું. આંખમાંથી આંસુની ધારા. છે પ્રેમ એમાં? આહા..હા..! એમ સંયમીઓને જગતના આખા પ્રેમ ઉડી ગયા છે

બધા, કહે છે. મરી ગયો છે સંસારના ભાવથી. સહજ વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... આહા..હા..!

**'વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ સમાન...'** ભાષા તો જુઓ, આહા..હા..! આવા મુનિ હોય છે વૈરાગ્યના પૂતળા હોય છે એ તો. આહા..હા..! જેના મુખારવિંદ અને શરીર જુઓ તો એકલો ઉપશમરસથી દેખાય ઝરે છે જાણે ઉપશમરસ પડ્યો છે. આહા..હા..! ઠરીને બિંબ પડ્યા છે. અને તે કેવો છે કહે છે હું? એમ કહે છે હવે પદ્મપ્રભમલધારિદેવ. **'પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા મુખવાળા...'** પરમાગમરૂપી પુષ્પરસ ઝરે છે મુખમાંથી, કહે છે. આહા..હા..! વાણીમાં પરમાગમનો સાર ઝરે છે, કહે છે. સમજાણું કાંઈ? છે પરમાગમ? આ મંદિરનું નામ શું છે? એ પરમાગમરૂપી વાણીમાં ઝરે છે. આહા..હા..! એ પરમાગમનો ભાવ જે પરમ ભાવશ્રુતજ્ઞાન એ ઝરે છે આનંદ એમ કહે છે. વાણીમાં પણ એનું સ્થાપન થાય છે, કહે છે. સમજાણું કાંઈ? મુખમાંથી ઝરે એમ કીધુંને? વાણીની વાત છે ત્યાં. અંદર પરમાગમનો રસ ઝરે છે આનંદનો અને વાણીમાં પરમાગમના રસની જ સ્થાપના થાય છે, કહે છે. સમજાણું કાંઈ? આવો જૈનધર્મ સાંભળ્યો પણ ન હોય કોઈ દિ' કહે છે.

**'પરમાગમરૂપી પુષ્પરસ...'** પુષ્પરસ જોયું. ફૂલ હોયને ફૂલ એમાં જે રસ હોયને એ ઓલો ભમરો ચૂસે. ફૂલના પાંદડા એમ ને એમ રહે અને રસ ચૂસે. એમ પરમાગમરૂપી પુષ્પરસ, પરમાગમરૂપી ફૂલનો રસ, ભાવવીતરાગતા. આહા..હા..! વીતરાગતા પુષ્પરસ ઝરતા મુખવાળા. વીતરાગતા મુખમાંથી ઝરે છે તને. આહા..હા..! અંદર ભાવમાં વીતરાગતા ઝરે છે અને વાણીમાં વીતરાગતા. વીતરાગતા એ ધર્મ છે, વીતરાગ પર્યાય એ જૈનધર્મ છે. આહા..હા..! જુઓ, એ કહ્યું છેને ઓલામાં, ભાઈ! આત્મ મૂહૂ-મૂહૂ. આહા..હા..! દિગંબર સંતો કે ગૃહસ્થોની શૈલી જ કોઈ અલૌકિક છે. ભલે ગૃહસ્થો હોય પણ સમ્યગ્દર્શનના વિષયવાળી વાત કરે એ તો અલૌકિક વાતું કરે છે! આહા..હા..!

કહે છે, એવા **'મુખવાળા પદ્મપ્રભે...'** હે પદ્મપ્રભ! પોતે છેને. **'આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.'** નિરંતર તારે આનંદના નાથમાં લીનતા કરવા જેવી છે. આહા..હા..! એ પ્રાયશ્ચિત્ત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૫, શનિવાર, તા. ૦૮-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૪, કળશ-૧૮૦, પ્રવચન નં. ૮૮

૧૧૩ ગાથા, એનો કળશ છે. ગાથાનો અર્થ થઈ ગયો. '(હવે, **આ ૧૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)**'

(मंदाक्रांता)

प्रायश्चित्तं भवति सततं स्वात्मचिंता मुनिनां
मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः।
अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्ताः
पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत्।।१८०।।

'**શ્લોકાર્થ :- મુનિઓને...**' ધર્માત્મા મુનિની મુખ્યતાથી વાત છેને. '**સ્વાત્માનું ચિંતન...**' આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપ જે ત્રિકાળ એનું ચિંતવન નામ એની એકાગ્રતા. ધ્રુવસ્વરૂપ જે ચૈતન્ય ભગવાન પરમાનંદસ્વરૂપ એ આત્મા. પરમપારિણામિક સ્વભાવભાવ સહજ અસ્તિરૂપે સત્ તેનું ચિંતવન, તેની સન્મુખની એકાગ્રતા '**તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે;...**' ત્રિકાળ જ્ઞાયકસ્વભાવની એકાગ્રતા તેની સન્મુખતાની એકાગ્રતા એ નિરંતર વીતરાગી પર્યાયરૂપ પ્રાયશ્ચિત્ત છે. એ પૂર્વના અશુદ્ધ પરિણામને નાશ કરે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પૂર્વના અશુદ્ધ પરિણામ તો અત્યારે નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને પર્યાયમાં. અહીં ધ્યાન કરે ત્યારે પછી નથી. અંતરમાં ધ્યાન કરે છે સ્વભાવનું ત્યારે એને ઉત્પન્ન થતું નથી. એથી એનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે. પ્રાયશ્ચિત્ત શબ્દ છેને આ? આહા..હા..! માર્ગ એવો છે. બહુ સૂક્ષ્મ માર્ગ છે, ભાઈ!

આત્મા આનંદ... આનંદ... આનંદનું ધામ. 'સ્વયં જ્યોતિ સુખધામ.' શ્રીમદ્ એમ કહ્યુંને જુઓને એમાં, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન.' શુદ્ધ-પવિત્ર, બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન.' ચૈતન્યઘનના અસંખ્ય પ્રદેશી ચૈતન્ય પિંડ. અહીં ક્ષેત્ર લીધું, ઓલો ભાવ લીધો સ્વયં જ્યોતિ. એ ચૈતન્યજ્યોતિ સ્વયં છે. એની કોઈ કર્તા છે કે એની શરૂઆત છે એમ નથી. છે, છે અને છે. 'સ્વયં જ્યોતિ સુખધામ.' અતીન્દ્રિય આનંદના સુખનું ધામ છે એ. અતીન્દ્રિય આનંદનું એ સ્થાન છે. આહા..હા..!

ભગવાને શ્રીમદ્... આમાં ભાઈએ લખ્યું નિહાલભાઈએ પણ કે આમાં ઘણી વાત આવી જાય છે એમ લખ્યું છે. ધ્રુવ છે સુખધામ. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' એ ધ્રુવમાં એકાગ્ર થા અને વિચાર કર તો વસ્તુની પ્રાપ્તિ થાય. કહો, સમજાણું કાંઈ? આત્મ

... જે દિ' શાસ્ત્ર લખ્યું એમાં કેટલાક .. ફેર છે, પણ જ્યાં આ મૂળ ચીજ કીધી ત્યાં આવી કીધી. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાની વિનય કરે છદ્મસ્થનો, જાતિવેશના ભેદ વિના મુનિપણું હોય, કેવળ હોય એમાં જરી ફેર છે. પણ આ વસ્તુમાં તો યથાર્થ જે ચીજ મૂળ હતી તે મૂકી છે એમણે. મૂળ ચીજ એ છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ' સ્વયં પોતાથી તે ચૈતન્યજ્યોતિ છે, કોઈ પરથી નથી. એવું આનંદનું ધામ ભગવાન આત્મા એની અંતરની એકાગ્રતા. સ્વભાવ શુદ્ધ છે તેની એકાગ્રતા એ પ્રાયશ્ચિત્ત છે. એ સંસારનો નાશ કરીને નિર્મળદશા ઉત્પન્ન કરે છે. આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

'**નિજસુખમાં રતિવાળા તેઓ...**' આહા..હા..! ભાષા જુઓ, વિશેષ. ચિંતનનો અર્થ કર્યો ત્યાં પછી કે ચિંતન એટલે શું ત્યાં? નિજસુખમાં પ્રેમવાળા, નિજસુખ પ્રગટ થયું છે તેમાં લીનવાળા. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એ અતીન્દ્રિય આનંદની એકાગ્રતા થતા, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા અને આ.

**શ્રોતા :-** ચિંતવનનું નામ એકાગ્રતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એકાગ્રતા છે. વિકલ્પ તે ચિંતવન એ નથી. વિકલ્પ તે ચિંતવન એમાં ક્યાં? એ તો રાગ થયો. જે ચીજ છે તેનું ચિંતવન. એ શુદ્ધ નિર્વિકલ્પ છે તેની એકાગ્રતા. નિર્વિકલ્પ તે એકાગ્રતા એને અહીં ચિંતવનના અર્થમાં કહેવા માગે છે. આહા..હા..! એ ધર્માત્મા '**નિજસુખમાં રતિવાળા...**' ત્રિકાળી આનંદમાં પ્રેમવાળા '**તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી મુક્તિને પામે છે.**' આહા..હા..! વર્તમાન પણ અતીન્દ્રિય આનંદના પ્રેમી જીવો તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે... આહા..હા..! પાપને ખંખેરી, પુણ્ય અને પાપના ભાવને ખંખેરી. જોયું! '**મુક્તિને પામે છે.**' આહા..હા..! આત્મા નિજસુખ આનંદસ્વરૂપ જ છે. એની એકાગ્ર થતાં અતીન્દ્રિય આનંદનું વેદન અને સ્વાદ આવે એ દ્વારા પૂર્વના પુણ્યને-પાપને ખંખેરી નાખે છે. ભારે ઝીણું! સમજાણું કાંઈ?

'**નિજસુખમાં...**' પ્રેમવાળા તેઓ. આહા..હા..! પરમાં ક્યાંય સુખ છે એ બુદ્ધિ ઉડી ગઈ છે ધર્મીને. ઈન્દ્રના ઈન્દ્રાસન હોય કે ઈન્દ્રાણીઓ હજારો-લાખોનો ભોગ હોય, એ બધા ઝેરના પ્યાલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં સુખબુદ્ધિ સમકિતીને ઉડી ગઈ છે. આહા..હા..! ક્યાંય સુખ નથી. સુખ તો ત્રિકાળી આનંદકંદમાં સુખ છે. આહા..હા..! એ નિજસુખમાં પ્રેમવાળા જીવો, પરમાં સુખમાંથી પ્રેમ જેને ઉડી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં લાડવા અને પતરવેલિયા, ભજીયા ખાય ઘીમાં તળેલા બધા. ઓહો..હો..! આજ તો ભારે મજા આવી. ધૂળનીય મજા નથી. સાંભળને, ઝેર છે રાગ. શું કીધું?

**શ્રોતા :-** અમને એવું ન પચે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પચે કે ન પચે. પચે તોપણ એ દુઃખ છે. ન પચે એ તો દુઃખ

છે એ જાતનું, પણ આ તો પચે તોપણ દુઃખ છે, એ તો રાગ છે. આહા..હા..! પરપદાર્થના વલણથી ઉત્પન્ન થયેલો રાગ, રાગનું વેદન અજ્ઞાનીને છે, એ ભોગનું ને સ્ત્રીનું ને પૈસાનું નથી. એ તો પરવસ્તુ છે. પરને કેમ ભોગવે ઈ? આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેના લક્ષને છોડી દઈ, પર અનુકૂળ પદાર્થમાં અનુકૂળતા છે એમ રાગ ઉત્પન્ન કરી રાગને ભોગવે છે.

કૂતરો હાડકાને ચાવે છે એ હાડકામાંથી લોહી નથી આવ્યું. હાડકું અહીં વાગ્યું છે અંદર એમાંથી લોહી આવ્યું છે. લોહીને ચાટે છે. એમ અજ્ઞાની સ્ત્રી આદિના વિષયમાં, ભોગમાં, પૈસામાં, આબરૂ, કીર્તિમાં, પાંચ-પચાસ લાખ પેદા થાય અને રાજી-રાજી થઈ જાય એ બધો રાગ ઉત્પન્ન કરે છે એમાંથી એ રાજી માને છે. આહા..હા..! પરનો ભોગવટો છે જ નહિ એને. આહા..હા..!

એથી અહીં કહે છે ધર્માત્મા પોતાના નિજ આનંદના પ્રેમીઓ નિજ આનંદમાં પડ્યા છે, સ્વરૂપ ભગવાન એના પ્રેમી થયા છે. આહા..હા..! અને પુણ્ય અને પાપના ભાવના પ્રેમ જેણે છોડ્યા છે. આહા..હા..! પુણ્ય-પાપભાવ હોય, પુણ્યભાવ હોય, પણ એમાં સુખબુદ્ધિ ઉડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિજસુખમાં રતિવાળા...**' આહા..હા..! કેટલી ટૂંકી ભાષા છે! જે પ્રેમ પુણ્ય અને પાપના ભાવમાં ગયો હતો એ પ્રેમને અહીંયાં આત્મામાં વાળ્યો. એ પ્રેમ તો ત્યાં રહી ગયો. આહા..હા..! સહજાનંદસ્વરૂપ ભગવાન આત્મા..! અરે! એને કિંમત કાંઈ નહિને. આહા..હા..! કોણ છે? કેવડો આત્મા? આહા..હા..!

એક લીંમડાનું પાંદડુ આટલું લ્યો. એ પાંદડામાં અસંખ્ય જીવ અને એક-એક જીવ આવો ભગવાન પૂર્ણાનંદથી ભરેલો છે. સમજાણું કાંઈ? આ છોકરાઓ રમે ત્યારે નીચે ઓલા લીંમડા આમ કરતા જાય, તોડતા જાય. એને કાંઈ ખબર છે બિચારાને કે શું છે આ તે? અરે! વળી આમ લીલોતરી વધારે હોય તો દાબે અહીં અને પછી ડાળ નીચે વળી જાય એટલે છોડી દે. પણ કેટલા જીવો એમાં મરે છે. દેહ છૂટી જાય છે. આહા..હા..! અને એમાં એક-એક પાંદડે અસંખ્ય શરીર અને એક-એક શરીરે એક આત્મા, એક-એક આત્મા સહજાનંદની મૂર્તિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેને પોતાનો આત્મા આનંદસ્વરૂપનો પ્રેમ થયો એ બીજાના આત્માને પણ સહજાનંદસ્વરૂપે જ જોવે છે એ. પર્યાયમાં ભલે રાગાદિ હોય, પણ વસ્તુ છે એ તો અતીન્દ્રિય આનંદનો દરિયો છે. આહા..હા..! કેટલી દૃષ્ટિ એની વિશાળ થઈ જાય છે! આહા..હા..! એવા અનંત આત્માઓ છે જગતમાં. એ દરેક આત્મા ભલે અભવિ હોય, પણ એનો દ્રવ્યસ્વભાવ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમ' આવ્યુંને? શ્રીમદ્‌માં આવે છે કે નહિ? 'જે સમજે તે થાય.' આવી વાત છે.

એ અહીં કહે છે. '**નિજસુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે...**' ત્રિકાળ આનંદના આશ્રયે જે આનંદદશા પ્રગટ થઈ એ '**વડે પાપને ખંખેરીને...**' જેમ આ હોય છેને, કાબર-

કાબર આ. કાબર હોયને કાબર અને ચકલા. ધૂળમાં આળોટે અને પછી આમ પાંખ ખંખેરી નાખે, એમ આ આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ એના પ્રેમમાં પડ્યો અને એની દૃષ્ટિ અને રુચિ થઈ. એ દૃષ્ટિ, રુચિ અને સ્થિરતા દ્વારા પૂર્વના અશુદ્ધ પુણ્ય અને પાપને એ ખંખેરી નાખે છે. અહીં તો સમજાવવું છેને. (ખરેખર તો) છૂટી જાય છે અથવા ખરેખર એને ઉત્પન્ન થતાં નથી. ઉપદેશની શૈલી તો.. આહા..હા..! હવે એ જીવ આમ આનંદ ભાળે બીજે. કાં પૈસામાં અને કાં છોકરા બે સારા થાય, બાયડી ઠીક મળી હોય, કાંઈક મકાન બે, પાંચ, દસ લાખનો હજીરો ઉભો કર્યો હોય. હજીરો સમજાય છે? મકાન. એ દાટવાની જગ્યા. જામનગરમાં લોટિયા વોરા છેને એના હજીરા છે નદીને કાંઠે દાટવાના. એને હજીરા કહે. જામનગર નદી છે સામે કાંઠે (ત્યાં) મોટા મકાન લોટીયા વોરાના (છે) એને હજીરા કહે. ત્યાં દાટે એ. એમ આ મોટા હજીરા દસ લાખ, વીસ લાખમાં પડ્યો છે, પણ દટાઈ ગયેલો છે. રાગમાં એકતાબુદ્ધિમાં દટાઈ ગયો. ચૈતન્યઘનની એને ખબર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'જો મુનિઓને અન્ય ચિંતા હોય...'** હવે કહે છે. આહા..હા..! ઓલી માથે ચિંતા કીધી હતીને? સ્વાત્માનું ચિંતવન, આત્માના ધ્યાનની એકાગ્રતા. એ સિવાય **'જો મુનિઓને અન્ય ચિંતા હોય...'** આહા..હા..! શુભ અને અશુભભાવમાં જો ચિંતાએ ચડી જાય **'તો તે વિમૂઢ...'** એકલો નહિ પણ વિમૂઢ. આહા..હા..! **'કામાર્ત...'** એ વિષયના સુખનો જ અર્થી છે. આહા..હા..! રાગના પ્રેમમાં પડ્યો એ વિષયના સુખનો જ અર્થી છે. આહા..હા..! સ્વવિષયને જેણે છોડ્યો એ પરવિષય જે છે એનો પ્રેમી છે. આહા..હા..! એવો **'વિમૂઢ કામાર્ત...'** કામ, ભોગ વાસનામાં પીડાઈ ગયેલો **'પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે.'** આહા..હા..!

અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એના પ્રેમને છોડી અને પાંચ ઇન્દ્રિયના વિષય તરફના રાગના પ્રેમમાં જે આવે છે એ પાપી એનું ચિંતવન કરે છે એ ફરીને પાપને બાંધે છે. અસ્તિ–નાસ્તિ કરી છે. ઓલા પાપને ખંખેરી અને મુક્તિ પામે છે. આ નવા પાપને પાછો બાંધે છે. આહા..હા..! જેને અંદર રાગના વિકલ્પ ઉઠે અને રાગ ચાહે તો શુભ કે અશુભ, એની જેને રુચિ છે એ વિષયની જ રુચિ છે એને. કેમકે એના ફળ તરીકે તો સંયોગ મળશે અને સંયોગમાં જોડાશે એટલે રાગ જ થાશે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

અરેરે! આવા **'(સ્વાત્મા સિવાય) અન્ય ચિંતા હોય તો તે વિમૂઢ કામાર્ત...'** કામમાં પીડાઈ ગયેલા. ઓલા આત્માના સુખમાં–આનંદમાં આવ્યા છે, આ કામમાં પીડાઈ ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીને રાગ હોય ખરો, પણ રાગનો પ્રેમ નથી અને રુચિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગને કાળા નાગ જેવો, ઝેર દેખે છે. સમજાણું કાંઈ? રાગને નિહાલભાઈએ ભઠ્ઠી કીધી. ભઠ્ઠી કીધીને? જમશેદપુરની ભઠ્ઠી. આ શું કહેવાય

ભઠ્ઠી કહેવાય છે આ? રામસંગભાઈની. ભઠ્ઠી. ભટ્ટી. ઠીક. આ ભઠ્ઠી છે. ઠીક! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે! આત્મા પોતાના આનંદની ચિંતવના-એકાગ્રતા છોડી દઈ અરે! કોઈ પુણ્યના, પાપના, રાગમાં પ્રેમમાં એકાગ્રતા કરે છે તે પાપી, કામાર્ત, પીડાયેલા વિમૂઢ જીવો નવા મિથ્યાત્વાદિ પાપને બાંધે છે **'આમાં શું આશ્ચર્ય છે?'** આમાં શું વિસ્મય છે? એ તો બાંધે જ કહે છે. આહા..હા..!

અહીં તો ટૂંકી એકદમ વાત લીધી છે કે નિજસ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ એના પ્રેમમાં પડ્યા એ પૂર્વના પુણ્ય-પાપને ખંખેરી નાખે છે અને નિર્મળદશા અને આનંદની દશા પ્રગટ કરે છે. અને આત્મા આનંદમૂર્તિ છે તેનો આશ્રય છોડી, તેનું અસ્તિત્વ છે એ દૃષ્ટિમાંથી છોડી દઈ અને જેણે રાગ અને પુણ્ય-પાપના પ્રેમમાં પડ્યા... આહા..! એ વ્યભિચારી જીવ નવા પાપને બાંધે છે. આહા..હા..! રાગનું સેવન એ પણ વ્યભિચાર છે, પ્રેમથી હોં! અસ્થિરતાથી આવે એ વ્યભિચાર છે, પણ એ ચારિત્રદોષ છે. આહા..હા..! આ તો અંદર મીઠાશ લાગે એને. રાગના ભાવમાં જેને મીઠાશ, મજા લાગે એ પાપીઓ રાગમાં પડ્યા નવા પાપને બાંધશે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ સાંભળતા કઠણ પડે. માર્ગ એવો છે, ભાઈ!

કાં સ્વ પડખે ચડે અને કાં પર પડખે ચડે. બે વાત છે. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ છે તેને પડખે જાય તો પુણ્ય-પાપનો નાશ કરે અને પવિત્રતાને પ્રગટ કરે. એમ આનંદના પડખેથી છૂટી અને રાગને પડખે જાય તો નવું પાપ બાંધે. આહા..હા..! આવો વીતરાગ માર્ગ! કહેશે આ જૈનમાર્ગ હશે? બીજે તો સાંભળીએ કે ભાઈ! ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, દયા કરો. એ કર્મ છૂટશે તમારા. લ્યો! એમ કહે. અહીં કહે છે કે તારા ભક્તિના પુણ્યના પરિણામ એ બધા રાગ છે અને જો એનો પ્રેમ થયો તો ત્રિકાળી આનંદનો પ્રેમ તને છૂટી જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગ જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત એના હુકમમાં આ વાત આવી છે. એના કહેણ આ આવ્યા છે. ભાઈ! તારો આનંદનો નાથ છેને ત્યાં જાને, ભાઈ! આહા..હા..! ત્યાં સગપણ કરને. આહા..હા..! રાગ સાથે સગપણ કરવા જાઈશ તો મરી જઈશ, બાપુ! આહા..હા..! શુભરાગમાં પણ પ્રેમ જો કર્યો અને રુચિ કરી, પાપી નવા પાપ મિથ્યાત્વના બાંધશે કહે છે. આહા..હા..! ચંદુભાઈ! આવી વાતું ભારે, ભાઈ! વીતરાગનો માર્ગ આવો હશે? છ કાયની દયા પાળવી.

**શ્રોતા :–** દયા પાળવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તારી દયા પાળવી એની વાત આવે છે. પરની કોણ દયા પાળી શકે છે? ભાવ આવે. એ શુભરાગ થાય અને શુભરાગનો પ્રેમ અને રુચિ થાય તો મિથ્યાત્વ થાય. આહા..હા..! ભારે માર્ગ, બાપા! આહા..હા..! અરેરે! આવા મનુષ્યભવમાં આ વાત

સાંભળવા પણ ન મળે, એ કે દિ' રસ્તે જાય અને કે દિ' રુચિ થાય? આહા..હા..! ૧૮૦ કળશ થયો.

૧૧૪ ગાથા. એ નિશ્ચય-પ્રાયશ્ચિત ૧૧૩ એક ગાથા ગઈ. બીજી.

**कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं।**
**पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो।।११४।।**
**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.**

દ્રવ્ય અને ગુણ બે લીધા છે.

'ટીકા :- **અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે.**' સકળ કર્મોને મૂળથી ઉખેડીને. એના મૂળિયા જ બાળી નાખે. આહા..હા..! એવું જે નિશ્ચય-પ્રાયશ્ચિત્ત તે કહેવામાં આવે છે. ક્રોધ, માન, માયા, લોભ આદિ '**સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના...**' સમસ્ત પરતરફનો મોહભાવ, મિથ્યાત્વ અને રાગદ્વેષરૂપ વિભાવસ્વભાવ એના '**ક્ષયના કારણભૂત...**' પરતરફની સાવધાનીરૂપી મિથ્યાત્વ અને પરતરફના રાગ અને દ્વેષાદિ ભાવ. જેને પરના રાગનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. સમજાણું કાંઈ? ક્રોધ છે ક્રોધ. જેને ભગવાન નિર્વિકલ્પ આનંદનો નાથ એના પ્રેમને છોડીને જે રાગના પ્રેમમાં જાય છે એને આત્મા પ્રત્યે ક્રોધ છે. આહા..હા..!

**શ્રોતા :-** એને ક્રોધ કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એને ક્રોધ કહેવાય. સમજાણું કાંઈ? અને આત્મા સિવાય કોઈ ચીજ એને રાગાદિ અધિક લાગે તો એ અનંતાનુબંધી માન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને માયા. આડ મારે છે. ત્રિકાળીના પ્રેમમાં ન પડતાં રાગના પ્રેમમાં જાય એ આડ મારે છે. કુટીલ કપટ કરે છે. આહા..હા..! અને સ્વની ભાવના છોડી દઈને રાગની ભાવના કરે છે એટલે લોભી છે. આહા..હા..! આ બાહ્યમાં પૈસા ન ખર્ચતો હોય એને લોભી કહેવાય. કંજૂસ એમ માણસ કહે છેને? પૈસા મળ્યા છે પણ ખર્ચતો નથી. અહીં તો કહે છે કંજૂસ એને કહીએ કે સ્વરૂપની જેને દૃષ્ટિની રુચિ નથી અને રાગની જેને રુચિનો લોભ છે એ કંજુસ છે. આહા..હા..!

**શ્રોતા :-** મોક્ષની ભાવના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષના ભાવના એ તો એકાગ્ર થવું એ છે. એ ઈચ્છા થઈને. આત્મા મુક્તસ્વરૂપ છે, દ્રવ્ય છે એ મુક્તસ્વરૂપ જ પદાર્થ છે એમાં એકાગ્રતા એ મોક્ષની ભાવના. આહા..હા..!

અહીં કહે છે '**સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત...**' આહા..હા..! ક્ષયના કારણભૂત. અહીં એકદમ નાશના કારણભૂત. '**નિજકારણપરમાત્માના**

**સ્વભાવની ભાવના હોતાં...**' આહા..હા..! નિજ કારણપરમાત્મા જુઓ, અહીં તો આ લીધી. એના સ્વભાવની ભાવના. આહા..હા..!

**શ્રોતા :-** ત્રિકાળ સ્વભાવમાં પર્યાય ભેગી ન આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય કે દિ' ભેગી હતી? નવલભાઈએ સાંભળી હતી કે પર્યાય ભેગી... એણે વળી વાત કરી. આહા..હા..! આવી વાત તો મૂળમાં ફેર આખો હોં. મૂળ માર્ગમાં ફેર, ઉલટો માર્ગ. આહા..હા..! જે પર્યાય...

ખરેખર ચાર ભાવ તો પર્યાયરૂપ છે. શું કીધું? ત્રિકાળ ભાવ છે એ પરમભાવસ્વરૂપ દ્રવ્યરૂપ છે. અને ક્ષયોપશમ, ઉદય રાગાદિનો ઉદય તો એકકોર રાખો, પણ અહીં નિર્મળ પર્યાયની વાત છેને. નિર્મળ પર્યાય ક્ષયોપશમભાવે છે. એ ક્ષયોપશમભાવ એ પર્યાય છે. પારિણામિકભાવ તે દ્રવ્ય છે. હવે એ પર્યાય અને દ્રવ્યની એકતા કરીને એનું ધ્યાન કરવું એ શી રીતે? ધ્યાન કરનાર કોણ રહ્યું? સમજાણું કાંઈ? ક્ષયોપશમની શુદ્ધ પર્યાયને દ્રવ્ય તરફ વાળીને ધ્યાન કરવું. કોનું ધ્યાન કરે ક્યાં? પર્યાય તો ત્યાં વળી ગઈ. હવે પર્યાય તો રહી નહિ ધ્યાન કરનાર. આહા..! બહુ ફેર. મૂળમાં ફેર આખો. આખું ગુલાંટ ખાઈ ગયું છે દ્રવ્ય. ઓહો..હો..!

અહીં કહે છે, નિજકારણપરમાત્મા દ્રવ્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ ત્રિકાળ એના સ્વભાવની ભાવના એમ લીધું. અને પછી પરમાત્માના ગુણ એમ કહેશે. બે વાત લેશે. પાઠ બે છેને. '**भावणाए णिग्गहणं। पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो।**' બે. શું કહે છે? કારણપરમાત્મા જે ત્રિકાળી, ભાઈ! એ તો શું ચીજ છે! આહા..હા..! અનંત-અનંત જ્ઞાનના સ્વભાવથી ભરેલો કારણપરમાત્મા, અનંત-અનંત આનંદથી ભરેલો ભગવાન કારણપરમાત્મા જીવ. અનંત-અનંત શાંત... શાંતિ અકષાયરસ એથી ભરેલો એ કારણપરમાત્મા. એનો એ સ્વભાવ. એવા-એવા એક-એક ગુણને અનંત-અનંત સ્વભાવને અમર્યાદિત લાગુ પડે છે. એવી મર્યાદારહિત જેની શક્તિઓ છે એ કારણપરમાત્માનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું મોંઘી પડે માણસને. આહા..હા..! ભાઈ! માર્ગ તો આ છે. બીજી રીતે જઈશ તો સંસાર નહિ છૂટે અને પરિભ્રમણ નહિ મટે. આહા..હા..! ચોર્યાશીનો દરિયો પડ્યો છે, ભાઈ! તું મરીને ક્યાં જઈશ એની તને ખબર છે? કેમકે તારી રુચિ રાગમાં પડ્યો તો મરીને જઈશ તો રાગની રુચિમાં રહેશે ત્યાં અને આ મનુષ્યપણામાં ક્ષયોપશમ કાંઈક થયો એ ત્યાં ઘટી જશે બીજે. આહા..હા..! એકેન્દ્રિયમાં જાય, ઈયળમાં જાય, કીડે-મકોડે જાય. આહા..હા..! ભાઈ! તારા ટાણા જાશે એમાંથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ મનુષ્યદેહમાં કરવાનું હોય તો આ છે. કર્તવ્ય તરીકે ત્રિકાળી આત્મા આનંદનો નાથ પૂર્ણ સ્વભાવ ભગવાન.. કારણપરમાત્માના 'ભાવની' એમ નથી લીધું, કારણપરમાત્માના 'સ્વભાવની' ભાવના. સમજાણું કાંઈ? આહા..હા..!

પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ ઈશ્વરતા, પૂર્ણ પ્રભુતા એવી મધુર શક્તિઓનો ભગવાન ભંડાર છે. આહા..હા..! એવા કારણપરમાત્માના 'સ્વભાવ' એમ લીધું છેને? એ ત્રિકાળ. એની 'ભાવના' એ વર્તમાન પર્યાય. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગ જૈન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ... આહા..હા..! જિનેન્દ્રના આ કથનો છે, ઉપદેશ છે, બાપુ! આ કોઈ પામર ને આલીદુઆલીના બોલનારા નથી. આહા..હા..! ભાઈ! તને તારી ૠદ્ધિ અને તારા સ્વભાવની કિંમત નથી. સમજાણું કાંઈ? અને તું બહારના પુણ્યની કિંમત કરવા જા છો અને પુણ્યના ફળમાં ધૂળ મળે આ બધી પાંચ, પચાસ લાખ, બાયડી–છોકરા એની કિંમત કરવા જાય છે ત્યાં તારી કિંમત હણાઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે કે પરની મહિમા કરવા જઈશ ત્યાં તારી મહિમા ઉડી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** પોતાની મહત્તા કરવી એ અહંકાર નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એનું સ્વરૂપ છે. મહાપ્રભુ પરમેશ્વર છે. આહા..હા..! ભગવાન અરિહંત પરમેશ્વરને પર્યાયમાં પરમેશ્વરતા પ્રગટ થઈ એ ક્યાંથી થઈ? બહારથી કાંઈ આવે છે? અંદરમાં પરમેશ્વરતા ભરી છે એમાંથી આવી છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. કૂવામાં હોય એ અવેડામાં આવે. આ પાણીની વાત કરે છે. ખારું હોય તો ખારું આવે, મીઠું હોય તો મીઠું આવે. આહા..હા..! મીઠો આનંદનો સાગર, મીઠો મહેરામણ ડોલે છે આત્મા અંદર. આહા..હા..! જેના અનંતા સ્વભાવવાળો કારણપરમાત્મા. અહીં એ લેવું છે અહીં તો. આહા..હા..! કારણપરમાત્માની ભાવના એમ ન લેતા.

**શ્રોતા :–** એના સ્વભાવની ભાવના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વભાવ છે. જ્ઞાયકભાવ લીધો છેને, ભાઈ! છઠ્ઠીમાં એ જ્ઞાયકભાવ લીધો છેને. એ ભાવ લીધો છે, સ્વભાવ લીધો છે. આહા..હા..! અને એમાં કઈ પર્યાય રહી ગઈ? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' ભગવાન જ્ઞાયકભાવ પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત નથી. તેરમું ગુણસ્થાન પણ ભગવાન જ્ઞાયકભાવમાં નથી. આહા..હા..! ક્ષયોપશમ અને ક્ષાયિકપર્યાય પણ એનામાં નથી. અરે! એ શું ચીજ છે, ભાઈ!

પરમાત્મા પોતે અનંતગુણનો ભંડાર પડ્યો છે. પટારો બંધ છે એનો. રાગના પ્રેમની એકતામાં એ પટારો બંધ છે. એ પટારાને ખોલવા માટે... આહા..હા..! સ્વભાવની એકાગ્રતા એ પટારાને ખોલવાની કળા છે. અરે! આવું કેટલું! હવે આ બહારની બધી મીઠાશ. રૂપાળા શરીર હોય, ગોરી ચામડી હોય. ગોરાની ચામડી તો સમજવા જેવી હોય છે હોં. આ ગોરા હોય છેને ગોરા એની ચામડી તો ઘો જેવી હોય છે. ઉપર ખરબચડી અને ઘો જેવી. સુંવાળી ન હોય. અને આ કાઠિયાવાડના શરીર સુંવાળા હોય આમ. ઓલાને ઘો જેવી લાગે રૂપાળા અને હોય ખરબચડા. આ તો સુંવાળા શરીર માખણ જેવા. બાપુ! પણ એ તો જડ, પ્રભુ! એ જડની શક્તિ છે કે તારી છે ઈ? આહા..હા..! પ્રભુ! તારી શક્તિ તો કારણપરમાત્મામાં

એવો સ્વભાવ ભરેલો છે મીઠો, મધુરો આનંદનો દરિયો. મીઠો મહેરામણ જ્યાં અંદર સ્વભાવથી ડોલી રહ્યો છે. આહા..હા..! અરે! તને તેનો પ્રેમ નહિ અને જગતના રાગ અને એક સમયની પર્યાયના પ્રેમમાં ભગવાન કારણસ્વભાવ તે ડૂબી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે, ભાઈ! આહા..હા..!

કહે છે, '**કારણપરમાત્માના સ્વભાવની...**' એમ ભાષા છેને? નિજભાવના તણા ક્ષયાદિની ભાવના. પણ કોની ભાવના એને? કે '**કારણપરમાત્માના સ્વભાવની ભાવના...**' એમ લેવું. આહા..હા..!

**શ્રોતા :-** સ્વભાવ અને કારણપરમાત્મા તો અભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અભેદ છે પણ સ્વભાવ.. તો અભેદ થઈ ગયો. એ તો સ્વભાવ આધેય છે અને કારણ આધાર છે એમ અહીં લેવું નથી. એ તો કારણપ્રભુ પરમાત્માનો સ્વભાવ એ જ વસ્તુ છે. આહા..હા..! જેના કારણસ્વભાવના સ્વીકાર, એનું અસ્તિત્વ જ આવું છે એમ જ્યાં સ્વીકારમાત્ર દૃષ્ટિ થઈ ત્યાં તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને અનુભવ થાય છે, આહા..હા..! એને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન, બાપુ! સમ્યગ્દર્શન આ દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ અને નવ તત્ત્વ (માનીએ એ સમ્યગ્દર્શન નથી). તને ખબર નથી બાપુ સમ્યગ્દર્શન. સમ્યક્ નામ સત્યદર્શન. પરમસત્ય આનંદનો નાથ કારણસ્વભાવની પ્રતીત અંદર અનુભવમાં આવવી એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..!

વીતરાગ ત્રિલોકનાથ કરૂણા અને હિતોપદેશક છેને એ. કરૂણા પણ કીધી છે. ભગવાનને કરૂણા છે. કરૂણા શેની? અકષાય કરૂણા હોં. આહા..હા..! આદિપુરાણમાં છે. કરૂણાવાળા છે ભગવાન. કરૂણા—અકષાયસ્વરૂપી પરમાત્મા એને ઈચ્છા વિના વાણી નીકળે છે. ઈચ્છા વિના ૐ ધ્વનિ (નીકળે છે). સભા કરોડો દેવો, કરોડો મનુષ્યો, હજારો સિંહ, નાગ અને વાઘ જેની સભામાં બેઠા હોય છે. આહા..હા..! પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં સીમંધર ભગવાન. અહીંયાં ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા. નમો સિદ્ધાણંમાં ગયા. આ તો બિરાજે છે પ્રભુ. અરિહંત પદે બિરાજે છે. જેની વાણી સાંભળવા હજારો નાગ ને વાઘ ને સિંહ આવે છે, ઈન્દ્રો આવે છે, એકાવતારી ઈન્દ્રો અને ઈન્દ્રાણી પણ સાંભળવા આવે છે ત્યાં. આહા..હા..! એક ભવે જેને મોક્ષ જવું છે. આહા..હા..! સંસારનો જેને એક ભવ જ રહ્યો છે, અંત છે, એવા પણ પરમાત્માની વાણી સાંભળે છે એને ભગવાન આમ કહે છે. આહા..હા..!

ભાઈ! તારો આ કારણપરમાત્મા એનો જે સ્વભાવ. આ સ્વ ભાવ.. એનું સ્વરૂપ જે સ્વભાવ ત્રિકાળ આનંદ આદિ અનંતગુણનો સ્વભાવ આહા..હા..! એની ભાવના. આ પર્યાય છે. ત્રિકાળી ભગવાન આ કારણપરમાત્માનો સ્વભાવ એમાં એકાગ્રતા એ પર્યાય છે. ત્રિકાળી કારણસ્વભાવ તે દ્રવ્ય છે. દ્રવ્યનો સ્વભાવ અને દ્રવ્ય બે એક છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે ભગવાન કારણપરમાત્માનો સ્વભાવ, એમાં જેની ભાવના નામ એકાગ્રતા. ભાવના

એટલે? આમ વિકલ્પની ભાવના એમ નથી અહીં. એ ભાવને વળગીને એકાગ્રતા જે થઈ. આહા..હા..! એવી '**ભાવના હોતાં...**' એવી એકાગ્રતા હોતાં. આહા..હા..! દિગંબર સંતોની આગમ પદ્ધતિ તો જુઓ, આ પરમ આગમ અને પરમાગમની વાણી છે આ. આહા..હા..!

**શ્રોતા :-** પરમાગમ હોલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાગમનો હોલ છે આ. પરમાગમ નામ આપ્યું છેને આને.

**શ્રોતા :-** નામ કોતરેલું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોતરેલું છે બહાર. પોણા ચાર લાખ અક્ષર છે આ પરમાગમના. વીતરાગ ત્રિલોકનાથે કહ્યું એવું દિગંબર સંતોએ કહ્યું એની આ વાણી છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત નિજકારણપરમાત્મા સ્વભાવની ભાવના હોતાં...**' આહા..હા..! એ વર્તમાનદશાને દશાવાનમાં ઢાળતા. કારણસ્વભાવ ભગવાન નિત્યાનંદ પ્રભુ સ્વભાવ એની '**ભાવના હોતાં નિસર્ગવૃત્તિને લીધે...**' નિસર્ગવૃત્તિ-પરિણતિ. '**(અર્થાત્ સ્વભાવિક સહજપરિણતિ હોવાને લીધે)...**' હવે આ પર્યાય છે. ભાવના હોતાં આ પરિણતિ થઈ એમ કહે છે. ત્રિકાળી કારણસ્વભાવની એકાગ્રતા હોતાં સહજભાવની પરિણતિ થઈ, વીતરાગભાવની પરિણતિ પર્યાય થઈ. આહા..હા..! એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! આવું ભારે, ભાઈ! સમજાણું કાંઈ? એ '**પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે;...**' એમ કહે છે. '**નિસર્ગવૃત્તિને લીધે પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે;...**' જોયું! પર્યાયનું પ્રાયશ્ચિત્ત. આ પર્યાયની વ્યાખ્યા છે. આહા..હા..! કારણપરમાત્મા એ દ્રવ્ય, એનો ત્રિકાળી સ્વભાવ તે ગુણ અને એ ગુણમાં એકાગ્રતા તે પર્યાય. આહા..હા..! હજી દ્રવ્ય, ગુણ અને પર્યાયની ખબર ન મળે અને હાંકે રાખે આ ધર્મ થાય ને આમ થાય ને આમ થાય. આહા..હા..!

ભાઈ! આ તો જિનેન્દ્રનો માર્ગ છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો છે. એમાં લોકની કલ્પના ન કામ આવે. એ તો વસ્તુનો સ્વભાવ છે ત્યાં એણે જાવું પડશે. આહા..હા..! એ બહારની ક્રિયા દયા, દાન, વ્રત ને ભક્તિ, પૂજા એ કોઈ ધર્મ નથી. આહા..હા..! તપ ને અપવાસ ને એ બધી રાગની ક્રિયા એ તો શુભરાગની ક્રિયા છે. એને તો અહીંયાં નાશ કરવાનું કારણ કોણ એ બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ.

**શ્રોતા :-** ત્રણપણે કાયમ રહે દ્રવ્ય-ગુણ-પર્યાય એનો વિકલ્પ છૂટી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં એકાગ્ર થાય એટલે વિકલ્પ રહે જ નહિ. સ્વભાવ છે તે નિર્વિકલ્પ વીતરાગ છે. એમાં એકાગ્ર થાય તો રાગની એકતાની બુદ્ધિ રહે જ નહિ એને. છૂટી જાય ફટ દઈને, બે થઈને. ભાઈ! આહા..હા..!

અરે! પ્રભુ! તને ક્યાં પ્રેમ છે? એમ કહે છે. પ્રભુ! તને ક્યાં પ્રેમ છે? ભાઈ! સ્વભાવમાં પ્રેમ છે કે વિભાવમાં પ્રેમ છે? આહા..હા..! તો વિભાવમાં પ્રેમ તો પ્રભુ અનંતકાળથી કરતો

આવે છે, એ તો દુઃખનું વેદન છે. આહા..હા..! હવે જ્યારે કારણપરમાત્મા ભગવાનસ્વરૂપ આત્મા એનો જે સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ સ્વરૂપે મૂળ ત્રિકાળી અનંત ... એની એકાગ્રતા, ભાવના એ નિસર્ગવૃત્તિ થઈ, સહજપરિણતિ વીતરાગી થઈ. આહા..હા..! એ પરિણતિને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સંસારનો છેદ થઈ ગયો અને નિર્વિકારી દશા ઉત્પન્ન થઈ. આહા..હા..! કોક એમ કહેતું હતુંને કે આ તો ઉંચી વાત છે એમ કહેતું હતુંને કાલે સવારમાં. નહિ? દામોદરભાઈ. ઉંચી નહિ, મૂળ વાત આ છે. નીચી વાત કોઈ બીજી છે અને આ ઊંચી છે એમ નથી. આ જ વસ્તુ છે. આહા..હા..! ટીકા પણ ગજબ છેને!

મોહ અને રાગ-દ્વેષ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એવા વિભાવ, સ્વભાવ. જુઓ, એને વિભાવસ્વભાવ કીધો. હા, વિભાવ સ્વભાવ કીધો. પોતાની પર્યાયમાં થાય છેને સ્વસ્યભવનં સ્વભાવ. એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ વિભાવસ્વભાવ છે પર્યાયમાં વિકાર. આહા..હા..! એના ક્ષયના કારણભૂત '**નિજકારણપરમાત્માના સ્વભાવની...**' ભાવ સામે નાખી, જોયું! આમ વિભાવસ્વભાવ તો નિજકારણપરમાત્માનો સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સંતોની અગમ વાણી છે. આ કાંઈ એક શબ્દે પૂરું પડે એવું નથી. આહા..! એમાં કેટલું ભર્યું હોય છે. એમાં દિગંબર મુનિઓ એટલે... આહા..હા..! ભગવાનના કેડાયતો, વારસો મળ્યો જેને. સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહ્યું? કે '**ક્રોધાદિક સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવના ક્ષયના કારણભૂત નિજકારપરમાત્માના સ્વભાવની ભાવના...**' આહા..હા..! આ ઓલી પર્યાય હતી, હવે આ પણ એક પર્યાય થઈ ભાવના. ત્રિકાળી કારણસ્વભાવની ભાવના નામ એકાગ્રતા. '**નિસર્ગવૃત્તિને લીધે (અર્થાત્ સ્વભાવિક સહજપરિણતિ હોવાને લીધે)...** ' દશામાં વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તેને '**પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ? હવે બીજી વાત કરે છે. '**પરમાત્માના ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ...**' ઓલો કારણપરમાત્મા તો સ્વભાવ કીધો હતોને, એ વાત આ રીતે લે છે હવે. પરમાત્મા પોતે '**ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ...**' આહા..હા..! આખો ઓલો સાધારણ કારણપરમાત્માનો સ્વભાવ લીધો હતો, હવે એના ગુણને બતાવે છે.

'**પરમાત્માના ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ...**' અંતર શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ. કારણપરમાત્માના ગુણસ્વરૂપ એવું શુદ્ધ અંતઃતત્ત્વરૂપ. અંતઃભાવસ્વરૂપ, શુદ્ધ અંતઃતત્તત્ત્વ ભાવસ્વરૂપ. '**(નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો...**' ખુલાસો કર્યો. સામાન્ય વાત હતીને. કારણપરમાત્માનો સ્વભાવ. પણ સ્વભાવ શું? શું સ્વભાવ? એમ સિદ્ધ કર્યું અહીં. ઓલું તો સ્વભાવ એકલું, પણ સ્વભાવ શું એ? કે એ '**પરમાત્માના ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ (નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક...**' એમ ખુલાસો કર્યો. સ્વભાવ તો સાધારણ વાત કરી. હવે એ સ્વભાવ શું? સહજજ્ઞાન ત્રિકાળ. ભગવાન આત્માનું

સહજજ્ઞાન સ્વભાવ ત્રિકાળ, સહજ આનંદસ્વભાવ ત્રિકાળ, સહજ શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ, સહજ દર્શનસ્વરૂપ ત્રિકાળ, સહજ વીતરાગસ્વરૂપ ત્રિકાળ એવા '**સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતવન કરવું...**' ઓલો સ્વભાવ કીધો હતોને, પણ સ્વભાવ શું? એનો ખુલાસો કર્યો અહીં. આહા..હા..!

જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી જે અનંતગુણ શક્તિરૂપ ગુણ એનું ચિંતવન એટલે એમાં એકાગ્રતા. આવા ગુણોની એકાગ્રતા. ઓલી સામાન્ય વાત કરી હતી કારણસ્વભાવમાં એકાગ્રતા. હવે એ કારણસ્વભાવ એટલે શું? કે જ્ઞાન, દર્શન, આનંદ આદિ. આવો ઉપદેશ હવે. આમાં મોં-માથુ હાથ ન આવે. આવો કેવો ઉપદેશ? માર્ગ બાપા આવો છે, ભાઈ! વીતરાગનો માર્ગ આવો છે, ભાઈ! સમજાય છે કાંઈ? બીજી રીતે ભરમાવીને ચડાવી દેશે. પ્રભુ! તારો અવતાર ચાલ્યો જશે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધુ આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, દયા પાળો. બાપુ! એ તો રાગની ક્રિયા, ભાઈ! તને એ ધર્મની ક્રિયા નથી. આહા..હા..! અને એને સારું લાગે સાંભળનારને. કારણ કે કરી શકે છે અને કરે છે રાગ આદિ.

**શ્રોતા :-** આવડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવડે... કરી શકે અનાદિથી. શું આવડે? એ આવડત અજ્ઞાનની છે. આહા..હા..!

આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ કેવળજ્ઞાનથી એમ ફરમાવે છે એ સંતો એના આડતિયા એ રીતે વાત કરે છે. આહા..હા..! ભાઈ! તારો માલ તો તારા સ્વભાવમાં પડ્યો જ છે. સમજાણું કાંઈ? મોટું ગોદામ હોયને ગોદામ? મુંબઈમાં જોયા છે મોટા ગોદામ? લાખો ગુણો હોય. એક, બે, ત્રણ, ચાર મજૂરો આમ ચડે. ૨૦-૨૦, ૨૫ સુધી છેક સુધી. પહેલા એક હોય, પછી બે હોય, પછી ત્રણ હોય ચડતાં-ચડતાં ત્યાં લઈ જાય એના ઉપર જઈને. મુંબઈ ઘણું જોયું છેને ઘણીવાર. મોટા ગોદામ હોય ગોદામ. એ ચડે અને પછી પાછા સરખું કરતા આવે. એટલે ૩૦, ૩૫, ૪૦ સુધી ગુણો લઈ જાય માથે એક એક. પછી ૩૯ પછી ૩૮ એમ પછી-પછી કરતા આવે સરખું. પછી ૪૦ કરે, ૩૯ની ૪૦ કરે. ૩૮ને ૩૯ કરે એમ કરતા નીચે ઉતરી જાય પછી.

એમ અહીં થપ્પી પડી છે, આત્મામાં ગુણની થપ્પી પડી છે એકદમ. મોટું ગોદામ છે આત્મા. આહા..હા..! પણ જ્યાં જ્ઞાન છે ત્યાં જ આનંદ છે. એક થપ્પી અને બીજી થપ્પી ભેદ છે આમ, એમ નથી આમાં. સમજાણું કાંઈ? એક થપ્પીમાં બીજી થપ્પી નથી અને બીજીમાં ત્રીજી નથી, એમ એમાં (આત્માના ગુણોમાં) નથી. આમ તો એક સમયમાં એમાં અનંતે અનંતની થપ્પી એક સાથે પડી છે. ત્યાં ચડ એકવાર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ કેવો પણ આ તે! આખી દુનિયાથી જુદી જાત છે, બાપુ! આ તે કોઈ

વેદાંતનો માર્ગ હશે? જૈનનો હશે? પણ અરે.. બાપુ! જૈન પરમશ્વરનો માર્ગ છે, ભાઈ! એ વેદાંતમાં પણ આ વાત હોઈ શકે નહિ. આ તો ત્રણલોકના નાથ પરમેશ્વર જિનેન્દ્રદેવ જેની દશામાં વીતરાગતા પૂર્ણ પ્રગટી એને ત્રણકાળ, ત્રણલોક જોવામાં આવે એમ કહેવું વ્યવહાર છે. પર્યાયને એણે પૂર્ણ જોઈ એનું નામ ત્રણકાળ, ત્રણલોક જોયા. આહા..હા..! એની વાણીમાં આ આવ્યું એ સંતોએ અનુભવીને આ વાત કરે છે હવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમાત્માના ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ...**' એટલે એનો ખુલાસો કર્યો કે '**સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો...**' આહા..હા..! સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ, સ્વભાવિક દર્શન, સ્વભાવિક આનંદ, સ્વભાવિક અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રમાણત્વ વગેરે એવી અનંત શક્તિઓ સહજગુણો તેમનું એકાગ્રપણું. એ અનંતા ગુણોની એકાગ્રતા. આહા..હા..! '**તે પ્રાયશ્ચિત્ત છે.**' એ ધર્મની દશા છે, એમ કહે છે. આ પ્રાયશ્ચિત્ત એટલે ધર્મની દશા એ છે. આહા..હા..! એના વડે પૂર્વના પાપ અને પુણ્ય ખરી જાય છે. આ કહે કે અપવાસ કરીએ તો નિર્જરા થાય. ધૂળેય નહિ (થાય) સાંભળને હવે. એ તો અપવાસ છે. એ ઉપવાસ ક્યાં છે? ઉપવાસ તો પોતાના સ્વભાવમાં ઉપ નામ સમીપમાં ઠરવું એ ઉપવાસ છે. એનો આશ્રય છોડીને એકલા અપવાસ કરે એ તો લાંઘણ છે. સમજાણું કાંઈ? શું કહે? રામજીભાઈ નથી કહેતા કાંઈક? આ ઓલા બાવા. પૈસો લે ત્રાગુ-ત્રાગુ. આ બાવાઓ હોય છેને દુકાને આવે પૈસો માગે. પહેલા પૈસો માગતા હવે અત્યારે તો હવે ચાર પૈસા. પૈસા લાવો પૈસા. લૂગડું ઉંચુ કરીને મારવા દોડે હવે દુકાન ઉપર એટલે નાગા થઈને. ન હોય એને બે આના, ત્રણ આના, ચાર આના દે તો વયા જાય.

અહીં કહે છે કે પરમાત્મા એ ત્રાગા કરીને લેવા ધર્મ, એ પૈસો નહિ. રાગની ક્રિયા એ ત્રાગા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આનંદનો નાથ પરમાત્મા સ્વભાવ અને ગુણથી ભરેલો સહજપણે તેમાં એકાગ્ર થતાં શાંતિ સહજપણે પ્રગટ થાય છે. એ પાપ અને પુણ્યનો નાશ કરનાર છે. આહા..હા..! આ તો આત્માની વાત છે, ભગવાન! બધા કોઈપણ આત્મામાં આ છે. એ આત્મામાં નાત નથી, જાત નથી કે આ વાણિયો છે અને આ ઢેઢ છે. એ આત્મામાં કાંઈ છે? કે આ બાયડી છે અને આ આદમી છે? એ તો શરીરની વાત છે. આત્મામાં ક્યાં છે કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા તો સ્ત્રી-પુરુષના ભેદ વિનાની ચીજ છે એ તો. આહા..હા..! એવા આત્મામાં આ રીતે ભાવ કરે તો તેને પ્રાયશ્ચિત્ત કહેવમાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૬, રવિવાર, તા. ૦૯-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૫-૧૧૬, કળશ-૧૮૧, પ્રવચન નં. ૮૯

આ નિયમસાર. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત. આગળ આવશે. પ્રાયશ્ચિત્ત એટલે વસ્તુ પોતે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. છેને એ વાત? એ ૧૧૬ ગાથા. અહીં પ્રાયશ્ચિત્ત અધિકાર છે. એ પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય તે પ્રાયશ્ચિત્ત છે, પણ તે વીતરાગતા પ્રગટ થાય એનું કારણ કોણ? એ પોતે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે આત્મા. પ્રાય એટલે બહોળતાએ, છે અંદર. જુઓ, '**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમબોધ છે...**' ૧૧૬. ઉત્કૃષ્ટ.. પ્રાયશ્ચિત્ત છેને? પ્રાયશ્ચિત્ત. પ્રાય એટલે ઉત્કૃષ્ટ બહોળતાએ, ચિત્ત એટલે જ્ઞાન. બહોળતાએ જ્ઞાનસ્વરૂપ જે વસ્તુ પોતે છે. ઈ છેને? '**શુદ્ધજ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે...**' ત્રિકાળી જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનો સ્વીકાર તે જ પર્યાયમાં પ્રાયશ્ચિત્ત છે. તે જ પાપને અને પુણ્યને નાશ કરનાર છે. આમ વાત છે, ભાઈ! ઝીણી વાતું ભારે. સમજાણું કાંઈ? એ ઉત્કૃષ્ટ એટલે પ્રાયશ્ચિત્ત શબ્દ પડ્યો છેને? પ્રાય એટલે ઉત્કૃષ્ટ એવો ખાસ ધર્મ. એટલે પ્રાયશ્ચિત્ત. ચિત્ત એટલે જ્ઞાન. એવો જે '**પરમબોધ છે—એવો અર્થ છે. બોધ, જ્ઞાન અને ચિત્ત જુદાં પદાર્થો નથી. આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને પ્રાયઃચિત્ત...**' જોયું! ત્રીજી લીટી. એ જીવને જ પ્રાયશ્ચિત્ત કહ્યો છે.

ખરેખર તો... કહ્યું હતું ઘણીવાર કે જે કાંઈ વીતરાગતા પ્રગટ થાય એ વસ્તુ વીતરાગસ્વરૂપ છે એમાંથી પ્રગટ થાય. આનંદ પ્રગટ થાય એ આનંદસ્વરૂપ જ આત્મા છે એમાંથી આનંદ પ્રગટ થાય. જ્ઞાન પ્રગટ થાય કેવળજ્ઞાનનું એ જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે એમાંથી જ્ઞાન પ્રગટ થાય. સમજાણું કાંઈ? સમકિત પ્રગટ થાય તો એ આત્મા સમકિત શ્રદ્ધાસ્વરૂપ જ છે આખો ગુણસ્વરૂપ (એમાંથી પ્રગટ થાય). સમજ્યાને? આહા..હા..! ચારિત્ર પ્રગટ થાય તો એ વસ્તુ ચારિત્રસ્વરૂપ જ અકષાયસ્વરૂપ જ ચારિત્ર છે. વસ્તુ છે એમાંથી પ્રગટ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આવી વાતું છે ઝીણી. આહા..હા..!

પ્રભુતા પ્રગટ થાય પરમેશ્વરતા એ તો પર્યાયમાં થઈ, પણ વસ્તુ પરમેશ્વરસ્વરૂપ જ છે. આહા..હા..! પ્રભુતાના સ્વભાવથી ભરેલો આત્મા છે. જે કાંઈ પર્યાયમાં નિર્મળતા થાય એ બધું સ્વરૂપ અંદરમાં છે એમાંથી આવે છે. સમજાણું કાંઈ? એટલે કે એને વ્યવહાર કારણ થાય અને આ કાર્ય થાય એમ નથી. એ ચિત્ત જ વસ્તુ જ આખી એવી છે. આહા..હા..! એ અહીં કહ્યું. પરમધર્મી-ધર્મનો ધરનાર એવો જીવ એને પ્રાયશ્ચિત્ત પ્રકૃષ્ટપણે જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? રમણીકભાઈ! આ બધી ઝીણી વાતું છે આ. દિગંબર સંતોની વાતું છે આ.

એવી વાત બીજે ક્યાંય નથી. કોઈ સંપ્રદાયમાં કોઈ ઠેકાણે આ નથી. કેવળજ્ઞાની પરમાત્માએ કહેલું એ દિગંબર સંતો કહે છે. એ વાત કોઈ સંપ્રદાયમાં અને કોઈ ..માં એ વાત નથી.

**શ્રોતા :-** બધા સંપ્રદાય એવું જ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભલે કહે પણ વસ્તુસ્થિતિ આવી છે. બધા તો કલ્પિત કરીને કર્યું છે એ તો કહે, એમ જ કહેને. આહા..! આ તો અહીંયાં પરમાત્માપણું પ્રગટ થયું એ પરમાત્મપણું અંદર પરમાત્મસ્વરૂપ હતું એમાંથી પ્રગટ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત અંતરનો એક જ આશ્રય છે. જે કાંઈ પર્યાય નિર્મળ (પર્યાય) થાય એ બધી એ સ્વરૂપ જ એનું છે. આવી વાત છે. પક્ષની આ વાત નથી. આ તો સ્વરૂપ જ એવું છે. જિનસ્વરૂપ આત્મા, જિનસ્વરૂપ તે આત્મા. એટલે જિનપણું જે પ્રગટ થાય છે બહારમાં એ જિનસ્વરૂપ છે એમાંથી પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! એ કાંઈ બહારથી આવતું નથી. આહા..હા..!

એથી અહીં કહે છે. અહીં જીવને જ પ્રાયશ્ચિત્ત કીધો. એટલે આત્મા જે છે એ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. એટલે? પ્રાયઃ એટલે ઘણું જ બળતાથી જ્ઞાનસ્વરૂપથી ભરેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે પ્રાયશ્ચિત્ત જીવસ્વરૂપ, ધર્મીજીવ પ્રાયશ્ચિત્ત, જ્ઞાનના ધર્મને ધરનારું પ્રાયશ્ચિત્ત સ્વરૂપ એનો આશ્રય કરતા પર્યાયમાં પ્રાયશ્ચિત્ત વીતરાગી પર્યાય આવે એને નિશ્ચયપર્યાય પ્રાયશ્ચિત્તની કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે પરમસંયમી એવા ચિત્તને નિત્ય** ધારણ કરે છે,...' જુઓ, આવ્યું. છેને? એવું જે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. પ્રાયશ્ચિત્ત-પ્રાય-વિશેષ ઉત્કૃષ્ટ એવું જ્ઞાનસ્વરૂપ. એને જે જ્ઞાનની પર્યાયમાં ધારણ કરે છે. '**પરમસંયમી એવા ચિત્તને નિત્ય** ધારણ કરે છે, **તેને ખરેખર નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે.**' આહા..હા..! પર્યાયમાં આવું ત્રિકાળ જે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે એ પર્યાયમાં ધારણ કરે છે એને નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! આવી વ્યાખ્યા. પાપ લાગ્યું છે, પ્રભુ પાસે કહેવું છે. એ તો બધી વ્યવહારની વાતું છે. પરમાર્થસ્વરૂપ ભગવાન આત્મા... આ પ્રાયશ્ચિત્ત અધિકાર છેને? સમાધિ અધિકારમાં એ સમાધિસ્વરૂપ છે. ભક્તિ અધિકારમાં એ ભક્ત પોતાના સ્વરૂપમાં ભજન કરેલું તત્ત્વ છે આખું. આહા..હા..! સમજાણું કાંઈ?

૧૧મી ગાથામાં એમ કહ્યું, ભૂતાર્થ વસ્તુ છે. જેને અહીંયાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે એને ત્યાં ભૂતાર્થ કીધું છે. નવરંગભાઈ! આવી વાત છે. સમજાણું કાંઈ? એ ભૂતાર્થ કહ્યું છે તેને અહીં કારણપરમાત્મા કહ્યું છે. એ કારણપરમાત્માનો આશ્રય ધ્યેય બનાવીને આશ્રય કરે અને જે પર્યાય પ્રગટ થાય એનું નામ મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પ્રાયશ્ચિત્તનો અધિકાર ચાલે છેને. એ ૧૧૬મી ગાથામાં વિદ્યમાન સ્વરૂપને જ પ્રાયશ્ચિત્ત કહ્યું. આખો આત્મા જ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. એમાંથી અંશ પ્રગટ થાય એ પર્યાયનું પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે વીતરાગી પર્યાય થાય મોક્ષનો માર્ગ એ પોતે પ્રાયશ્ચિત્ત

પર્યાયનું સ્વરૂપ છે, પણ એ પર્યાયનું પ્રાયશ્ચિત્ત નિશ્ચયસ્વરૂપ આવ્યું ક્યાંથી? પૂર્ણ પ્રાયશ્ચિત્ત પ્રાયઃ નામ ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપે જ ભગવાન છે એટલે એને આત્માને જ પ્રાયશ્ચિત્ત કહ્યો છે. આહા..હા..! એનો જે આશ્રય લે તેની પર્યાયમાં પ્રાયશ્ચિત્તપણું આવે છે. એટલે નિર્વિકારી દશા એના વડે વિકારનો નાશ થાય. આહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. લોકોને... પરમાર્થ સત્યનું સત્ય સ્વરૂપ જ એવું છે. સમજાણું?

કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવું જે જ્ઞાન એ તો અંશ થયો, પણ અંશી જ્ઞાનસ્વરૂપ જ ત્રિકાળ છે તેના સહિત એ કેવળજ્ઞાન થાય છે. મોક્ષમાર્ગથી કેવળજ્ઞાન થાય એ તો વ્યવહાર છે. પૂર્વમાં મોક્ષમાર્ગ હોય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનાથી કેવળ એ મોક્ષ છે. એનાથી મોક્ષ થાય એ વ્યવહાર છે. તો પૂર્વની અવસ્થાનો વ્યય થઈ અને આ થયું. પણ ખરેખર તો ભાવમાંથી આવે તેને કેવળજ્ઞાન કહીએ. જે આખો સ્વરૂપ જ ભાવ કેળવ-કેવળ એકલું જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ છે. એમાંથી જે જ્ઞાન આવે તો એ કેવળજ્ઞાનની પર્યાયનું કારણ એ આત્મા થયો. મોક્ષની પર્યાયનું કારણ આત્મદ્રવ્ય થયું. મોક્ષની પર્યાયનું કારણ ખરેખર મોક્ષનો માર્ગ... આહા..હા..! એ નહિ.

**શ્રોતા :-** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વ્યવહારે કીધુંને. એ તો પર્યાય ગઈ છે એને આ થાય છે, ઉત્પાદ થાય છે, પણ થયો ક્યા ભાવમાંથી? ઓલાનો તો અભાવ થયો. મોક્ષમાર્ગની પર્યાયનો અભાવ થઈ અને કેવળજ્ઞાનાદિ સિદ્ધપદની પર્યાય પ્રાપ્ત થઈ. તો ભાવમાંથી ક્યા ભાવમાંથી ભાવ આવ્યો? ગઈ એમાંથી કાંઈ ભાવ આવ્યો? સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! એ ભાવ આવ્યો. ઓલો તો વ્યય થઈ ગયો અને તે જ સમયે ઉત્પાદ થયો. સમજાણું કાંઈ? પણ ઉત્પાદ થયો એ વ્યયમાંથી થયો? એ તો અભાવ થઈ ગયો. ભાવસ્વરૂપ છે જ્ઞાનસ્વરૂપ પૂર્ણ જ્ઞાનઘન. એકલો કેવળજ્ઞાનનો પર્યાય એકલો નહિ. આહા..હા..! એવી તો અનંતી... અનંતી... અનંતી... સાદિઅનંત જે પર્યાય એવી અનંતી-અનંતી પર્યાયનો પિંડ જે જ્ઞાન છે ધ્રુવ ભૂતાર્થ કારણપરમાત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી કહ્યુંને કે કાર્યપરમાત્મા કેવળજ્ઞાનાદિને કાર્યપરમાત્મા કીધો. તો કાર્યપરમાત્મા થયો શી રીતે? મોક્ષના માર્ગથી થયો? આહા..હા..! એ વ્યવહારના કથન આવે ત્યારે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ જણાવવા હોય કે ઉત્પાદ કેવળનો, પૂર્વની પર્યાયનો વ્યય અને ધ્રુવને આશ્રયે અવલંબન. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવ છે એમાંથી ભાવ થાય. અભાવ થયો એમાંથી ભાવ કેમ થાય? મોક્ષમાર્ગનો પર્યાય છે એનો અભાવ થતાં મોક્ષ થાય. વ્યય થતાં ઉત્પાદ થાય તો વ્યય કારણ ન થયું ફરી વખત. આ કારણ થયું. એને ખરેખર કારણમાં જુઓ તો કેવળજ્ઞાનની પર્યાયનું કારણ કારણપરમાત્મા પણ નથી. આહા..હા..! એ પર્યાયનું કારણ પર્યાય છે. એય..! આહા..હા..! આવો માર્ગ, બાપુ! આ તો જિનેન્દ્ર ત્રિલોકનાથ

પરમેશ્વરની વાણીમાં આવ્યો માર્ગ. આહા..હા..!

કહે છે, આવ્યો એમ બતાવવું હોય ત્યારે કારણમાંથી આવ્યું કાર્ય. અને જ્યારે એની પર્યાયની ઉત્પત્તિ થઈ ત્યારે એને કોઈ ધ્રુવનું કારણ નથી. સત્ છે માટે એને હેતુ કોઈ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનનું ષટ્કારકનું સમયનું પરિણમન, એક સમયનું કેવળજ્ઞાન એનું ષટ્કારક પરિણમન—કેવળજ્ઞાન કર્તા, કેવળજ્ઞાન કર્મ, કેવળજ્ઞાન કરણ, કેવળજ્ઞાન સંપ્રદાન, કેવળજ્ઞાન અપાદાન, કેવળજ્ઞાન અધિકરણ. એવી અનુભૂતિની પર્યાયથી ભિન્ન છે તે ભગવાન છે. આહા..હા..! એ આવે છે. ૭૩ ગાથામાં આવે છેને. પર્યાયનું ષટ્કારકનું પરિણમન છે એનાથી અનુભૂતિ ભિન્ન છે. અનુભૂતિ એટલે ત્રિકાળી સ્વરૂપ. આહા..હા..!

**શ્રોતા :–** કારણ એ પણ શુદ્ધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શુદ્ધ જ છે ત્રિકાળ. ત્રિકાળ શુદ્ધ છે. એથી કહ્યું હતું..

એકવાર એમ કહ્યું હતું પ્રવચનસારમાં ચરણાનુયોગમાં. સ્ત્રીની રજા માગે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનજ્યોતિ પ્રગટી છે. 'જ્ઞાનજ્યોત છું ચૈતન્યમૂર્તિ' એવું ભાન થયું. હવે જ્યારે દીક્ષિત થવા માગે છે ત્યારે એ સ્ત્રીને કહે છે કે હે! સ્ત્રીનો આત્મા, એ સ્ત્રીનો આત્મા. તું આ શરીરને રમાડનારી છો, મને નહિ. હવે હું મારી અનુભૂતિ જે અનાદિની છે એની પાસે જવા માગુ છું. જુઓ, ઓલા ત્રિકાળને અનુભૂતિ કીધી. જેમ ૭૩માં કીધું કે ષટ્કારકની નિર્મળ પર્યાયના ષટ્કારકથી અનુભૂતિ ભિન્ન છે. એટલે દ્રવ્યસ્વભાવ ભિન્ન છે. આહા..હા..! ચંદુભાઈ! એ સ્ત્રીને કહે છે. હે સ્ત્રી! મને છોડ, રજા દે. મારી અનાદિ અનુભૂતિ મારો સ્વભાવ, અનાદિ અનુભૂતિ જ મારું સ્વરૂપ છે, એની પાસે હું જવા માગુ છું. એનું જ્ઞાન થયું છે, પણ સ્થિરતા નથી. એટલે હવે સમીપમાં જવા માગું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ!

વસ્તુ છે એ મહાપ્રભુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચૈતન્ય મહાપ્રભુ એમાં એ અનુભૂતિસ્વરૂપ જ છે. અનુભૂતિ પર્યાય નહિ. અનુભૂતિ સ્વરૂપ જ છે. એ તો કહે છે કે હે સ્ત્રી! મારી અનુભૂતિ જે સ્ત્રી ત્રિકાળી, હવે એમાં રમવા માટે જાવ છું હવે તો. આહા..હા..! અમે વનવાસમાં રહેનારા, અહીં જંગલમાં રહેનારા ગામમાં નહિ રહેનારા. આહા..હા..! અને અમે રહેનારા ધ્રુવસ્વભાવમાં, એમ. સમજાણું? પર્યાયમાં રહેનારા નહિ, અમે તો દ્રવ્યસ્વભાવમાં રહેનારા. અને ૩૨૦માં કહ્યું હતુંને, ભાઈ! લાલભાઈ! ૩૨૦ ગાથા છેલ્લી કે ધ્યાતા .. ધ્યાન કરે એ ત્રિકાળી નિરાવરણ, શબ્દ છેને? છે એમાં? શેમાં છે? ઓલામાં છે નહિ? અખંડ પ્રત્યક્ષમય સાક્ષાત્ છે. .. એમ છે.

એ સકળનિરાવરણ... ઓહો..હો..! અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. સ્વરૂપપ્રત્યક્ષ છે અંદર. આહા..હા..! અવિનશ્વર શુદ્ધપારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ કહે છે કે આ હું છું. ધ્રુવને ક્યાં કહેવું છે? જાણવું અહીં તો કહેવું એટલે.

પર્યાય અંશ એમ જાણે છે કે હું આ છું. ધ્યાતા તેનું ધ્યાન કરે છે, પર્યાયનું નહિ. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવો માર્ગ છે, ભાઈ! '**પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું...**' નિર્મળ પર્યાય છે એ પણ ખંડજ્ઞાન છે (એ હું છું) એમ ભાવતો નથી. આહા..હા..! અનિત્ય નિત્યને ભાવે, પણ અનિત્ય અનિત્યની પર્યાયને ન ભાવે. સમજાણું કાંઈ? એ અનિત્ય છે પર્યાય અનિત્ય એ કહે છે કે હું આ છું... આ છું... આ છું. પર્યાય છું એમ નહિ. છેને? '**ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે હું આ નિજપરમાત્મા તે જ હું છું.**' હવે એ કાંઈ વાણી નથી અહીં કાંઈ. આ તો જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે આ તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? ધ્યાતા પુરુષ એમ ભાવે છે. ભાવે કહો કે ધ્યાવે છે એમ કહો. પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાન તે હું છું. આહા..હા..! શુદ્ધ જ્ઞાનનો પર્યાય જે પ્રગટ્યો છે મોક્ષનો માર્ગ એ હું છું એમ નથી ભાવતો એ, એનું ધ્યાન નથી કરતો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગુજરાતી છે.

આપણે અહીં ચાલતો. ચાલતો અધિકાર. ૧૮૧ કળશ.

(शालिनी)

**प्रायश्चित्तमुक्तमुच्चैर्मुनीनां**
**कामक्रोधाद्यन्यभावक्षये च।**
**किं च स्वस्य ज्ञानसंभावना वा**
**सन्तो जानन्त्येतदात्मप्रवादे।।१८१।।**

(શ્લોકાર્થ :-) ધર્માત્મા '**મુનિઓને...**' ૧૪ છેને? '**કામક્રોધાદિક અન્ય ભાવોના ક્ષયની જે સંભાવના...**' વિકારના પરિણામના નાશની ભાવના. આહા..હા..! '**અથવા પોતાના જ્ઞાનની જે સંભાવના...**' જોયું! પ્રાયશ્ચિત્ત છેને? એ પ્રાયશ્ચિત્ત એટલે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. ૧૧૬માં કહ્યું એ. એ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ તેની ભાવના કરે છે. ભાવના એટલે તેની એકાગ્રતા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્માત્માને કામ, વાસના, ક્રોધ, માન, માયા, લોભ આદિ અન્ય ભાવો જે વિકારી પર્યાય એના ક્ષયની સંભાવના, એના નાશની ભાવના એટલે કે પોતાના જ્ઞાનની સંભાવના (છે). આહા..હા..! પોતે ચૈતન્યમૂર્તિ... જેમ કીધુંને જ્ઞાયકભાવ છઠ્ઠીમાં. ત્યાં કીધું કે કોઈ પર્યાય મારા જ્ઞાયકભાવમાં નથી. કઈ પર્યાય બાકી રહી હવે? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' સાતમેથી ચૌદ સુધી (અને) એકથી છ સુધી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' એમ પર્યાય દ્રવ્યને જ્ઞાયકભાવને જાણે છે. આહા..હા..! આ બહારવાળાએ આ ખીચડો કરી નાખ્યો છે. આમ .. દયા, દાન અને એનાથી ધર્મ થાય. ખીચડો કરી નાખ્યો.

અહીં તો પરમાત્મા પૂર્ણાનંદનો નાથ જ્ઞાનસ્વરૂપ. ત્યાં જ્ઞાયકભાવને કહ્યું કે તેમાં પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય નથી. અહીં પણ એ જ્ઞાનભાવ છે ત્રિકાળ એમાં કોઈ પર્યાય નથી, એની

ભાવના કરવી. દ્રવ્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એની એકાગ્રતા કરવી એ પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકારના નાશનું આ કારણ છે. જે જ્ઞાયકભાવ, જ્ઞાનભાવની ભાવના કરી એ ઉત્પાદ થયો. જ્ઞાનભાવ ત્રિકાળી ધ્રુવ એને આશ્રયે પર્યાય થઈ તે ઉત્પાદ. એને વિકારની પર્યાયનો વ્યય થયો એમ કહ્યું. આહા..હા..! સમજાવવું છેને. નહિતર તો વિકારનો નાશનો કર્તા પણ આત્મા નથી. એ આવ્યું છેને ૩૪ (ગાથામાં). (રાગનો ત્યાગ) નામમાત્ર છે કહે છે. પણ એને જ્ઞાયકસ્વભાવનો ભાવ એની ભાવનાની ઉત્પત્તિ થતાં એની ઉત્પત્તિ થતી જ નથી એથી તેનો ક્ષય કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! એવો માર્ગ છે.

'**(-સમ્યક્ ભાવના) તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે.**' છે? વિકલ્પથી પાપ લાગ્યું હોય અને ગુરુ પાસે કહે એ તો વ્યવહારવિકલ્પ છે, એ કાંઈ ખરું પ્રાયશ્ચિત્ત નથી. ખરું પ્રાયશ્ચિત્ત તો સ્વરૂપ જે છે પૂર્ણાનંદ એનો જ્યાં સ્વીકાર છે. સ્વીકાર છેને, અંદર જુઓને આવ્યુંને પહેલું? ઓલા સોળમાં આવ્યું. સ્વીકાર. આહા..હા..! પૂર્ણ ધ્રુવ અભેદ જ્ઞાયકભાવ પર્યાય વિનાનો ભાવ એનો પર્યાયમાં સ્વીકાર, બસ એનું નામ ધર્મ. આહા..હા..! રમણીકભાઈ! આવું ઝીણું. ..માં આવી ગયું, ધ્રુવને કીધું એ તો ધ્રુવની પર્યાયને પરથી ભિન્ન કરી અને એ સંબંધીનું જ્ઞાન છે તે દ્રવ્યથી અભિન્ન છે એમ જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? એમાં આશય એવો કાઢે કે આ દ્રવ્ય અને શુદ્ધ પર્યાયનો આશ્રય લેવો. અરે! આ તો બહુ ઉંધું. સમજાય છે કાંઈ? અને તે તો જ્ઞેય અધિકાર છે. દ્રવ્ય અને તેમાંથી અભિન્ન પર્યાય એને જાણવી, જાણવી. ધ્યેય કરાવ્યું પર્યાયસહિતનું દ્રવ્ય એ ક્યાં વાત છે ત્યાં! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! અરેરે! જીવ શું કરે છે?

'**ઉગ્ર પ્રાયશ્ચિત્ત...**' ભાષા એમ લીધી છેને? ત્યારે કોઈ મંદ પ્રાયશ્ચિત્ત છેને એમ એનો અર્થ. ઓલો વ્યવહાર. વિકલ્પથી ગુરુને કહે. પ્રાયશ્ચિત્ત આપે જરી રાગને મંદ કરે ઈ. આ તો ઉગ્ર પ્રાયશ્ચિત્ત છે. જેને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એટલે પ્રાયશ્ચિત્તસ્વરૂપ. પ્રાયશ્ચિત. પ્રાયઃ એટલે ઉત્કૃષ્ટપણે જ્ઞાનસ્વરૂપ આખું ભર્યું છે. કેવળજ્ઞાનની પર્યાયથી પણ આ તો ઉત્કૃષ્ટ જ્ઞાન છે. કેવળજ્ઞાનની પર્યાય તો અનંતમા ભાગની પર્યાય છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય એકલા જ્ઞાનગુણની અપેક્ષાએ તો અનંતમા ભાગની દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સવારે જરી ઝીણું હતું, નવરંગભાઈ! ઓલી નયનું. પણ આ તો સમજાય એવું છે. એ બપોરે આવ્યા હતા. .. ભાઈ આવ્યા હતા. નવનીતભાઈ સાથે આવ્યા હતા દલાલ તરીકે. ત્યાં આપણે નક્કી કર્યુંને રહેવાનું. એ કીધું ભાઈને ત્યાં. .. પાછા બોલ્યા અંદર લખાણ નાના પણ .. મોટા છે. ત્યાં .. બાપા!

અહીં તો મોટો તો પ્રભુ આત્મા છે. મહાપ્રભુ, મહાઈશ્વર, મહાપરમેશ્વર અનંતી-અનંતી કેવળજ્ઞાનની પર્યાયને પ્રગટ કરનાર એવો તે ધુરંધર ભગવાન છે. આહા..હા..! એ એનું ઘર

છે, એ એનું નિજઘર છે. એ નિજઘરમાં વસવું એનું નામ ધર્મ છે. આહા..હા..! એ તો ન આવ્યું એને? 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે. અબ હમ કબહુ ન નિજઘર આયે.' એ જ્ઞાનસ્વરૂપ જે પ્રાયશ્ચિત્તસ્વરૂપ એના ઘરમાં કોઈ દિ' આવ્યો નથી, એમ કહે છે. બહાર જ ભમ્યા કર્યો છે વ્યભિચારની પેઠે. આહા..હા..! શુભ અને અશુભ વિકલ્પ બધા વ્યભિચાર છે. કેમકે નિમિત્તના સંગે ઉત્પન્ન થાય છે. બેના સંગે ઉત્પન્ન થાય તેને વ્યભિચાર કહે છે. આહા..હા..! આ સ્ત્રી-પુરુષના સંયોગને વ્યભિચાર કહે છેને? એમ આત્મા અને કર્મના નિમિત્તના સંગે થાય એ પુણ્ય-પાપનો ભાવ વ્યભિચારી છે. આહા..હા..! આ અવ્યભિચારી ભાવ કે જે જ્ઞાનસ્વરૂપી ચૈતન્યઘન ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ, ચિદબિંબ એને આશ્રયે જે પ્રાયશ્ચિત્ત પર્યાય પ્રગટ થાય એ ઉગ્ર પ્રાયશ્ચિત્ત છે. એ સંસાર અને રાગનો નાશ કરે છે. સમજાણું કાંઈ? આ માણસ કહે છેને કે અપવાસ કરે તો નિર્જરા થાય. એમ નથી. ત્રિકાળસ્વરૂપના ઉપ નામ સમીપમાં જાય તો નિર્મળદશા થાય તો વિકારનો નાશ થાય અને નિર્જરા થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે.**' જોયું! એમ આ કહે છે, મુનિરાજ કહે છે કે હું કહું છું એમ નહિ. તેમ કુંદકુંદાચાર્યે કહેલું છે એમ નહિ, પણ '**સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે.**' છે? આહા..હા..! સંતોએ આત્માના જ્ઞાનના અધિકાર જ્યાં નીકળ્યા એના જ્ઞાનના અધિકારમાં 'આત્મા આવો છે' એમ જાણ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માનો પ્રવાદ છેને? '**(અર્થાત્ જાણીને કહ્યું છે.)**' આત્માના પ્રવાદમાં આમ જાણ્યું. એટલે આત્માના સ્વરૂપને જાણીને આમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ જે છે ત્રિકાળ જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ, ઉત્કૃષ્ટ જ્ઞાનભાવ એને અવલંબે એની ભાવનાથી જે પર્યાય પ્રગટ થાય, અહીં ઉત્કૃષ્ટ જ્ઞાન કહ્યું તો આ પર્યાયને ઉગ્ર પ્રાયશ્ચિત્ત કીધું. સમજાણું કાંઈ? શું કહ્યું? ઓલાને ઉત્કૃષ્ટ જ્ઞાયક ત્રિકાળ કહ્યું, ત્યારે તેની ભાવના થતાં તેની પર્યાયને ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહ્યું. સમજાણું કાંઈ? આ તો સંતોના લીલાલહેર છે. લીલાલહેર છે, બાપુ! આહા..હા..! એને એ સમજે તો ખરો, શ્રદ્ધા તો કરે કે માર્ગ આવો છે. કોઈ દિ' એણે કર્યો નથી. આહા..હા..!

એ '**જ્ઞાનની જે સંભાવના...**' એ જ્ઞાન એટલે કોણ? ત્રિકાળી આત્મા. જ્ઞાનરસ, જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વરૂપ એવો જે આત્મા એની સંભાવના. સમ્યક્ પ્રકારે ભાવના એમ પાછી. એકલો વિકલ્પથી આ આવો છે એમ નહિ. સંભાવના-સમ્યક્ પ્રકારે અંતરના સ્વરૂપમાં એકાગ્રતા થવી '**તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે.**' એને ઉગ્ર પ્રાયશ્ચિત્ત એટલે પાપના નાશ... પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય. પુણ્ય અને પાપના ઉદયભાવના નાશને કરનાર એ ઉગ્ર સ્વરૂપ જે ભગવાન ઉત્કૃષ્ટ સ્વરૂપ એની ભાવના તેને ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ '**સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે.**' આહા..હા..! જ્યાં આત્માનો અધિકાર આવ્યો હતો એમાંથી આત્માના આ અધિકારમાંથી એમ

જાણ્યું છે. સમજાણું કાંઈ? આ પદ્મપ્રભમલધારિદેવ છેને ત્રીજા? આ વચમાં કુંદકુંદાચાર્ય છે. આ પદ્મપ્રભમલધારિદેવ. આ ટીકા કરનાર એ છે ત્રીજા ઓલીકોર અને સમયસાર આદિની ટીકા કરનાર આ અમૃતચંદ્રાચાર્ય. સૂત્રકર્તા એ. એ એક કળશ થયો લ્યો. ૧૮૧ કળશ થયો.

હવે ૧૧૫ ગાથા.

कोहं खमया माणं समद्दवेणज्जवेण मायं च।
संतोसेण य लोहं जयदि खु ए चहुविहकसाए।।११५।।

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.**

'ટીકા :- આ, **ચાર કષાયો પર વિજય મેળવનારા ઉપાયના સ્વરૂપનું કથન** છે.' ચારેય કષાય સંસારસ્વરૂપ, વિકારસ્વરૂપ, દુઃખરૂપ. એના ઉપર વિજય મેળવવો. આહા..હા..! જિનસ્વરૂપ છેને? જિતે છે. જિનસ્વરૂપ ભગવાન છે તે કષાયને પર્યાયમાં જીતે છે. વિજેતા છે આત્મા. આહા..હા..! વિજેતાસ્વરૂપ જ આત્મા છે. એમાં રાગ અને દ્વેષનો અભાવ છે અને અભાવ હોવાથી એ કષાયને જીતે છે એમ દ્રવ્યને કહેવામાં આવે. એનો કેમકે એમાં અભાવ છે એટલે એ જીતે છે એમ કહેવાય. હવે ખરેખર તો પર્યાયમાં જીતે છે. સમજાણું કાંઈ? કારણ કે એ જિનસ્વરૂપ છે. તો પર્યાયમાં જિનસ્વરૂપ પ્રગટ થયું એ વિકારનો નાશ કરે અને વિકાર ઉપર વિજય મેળવે છે. આહા..હા..! આવી વાતું! ઓલા તો કહે કે એકેન્દ્રિય, બે ઈન્દ્રિયને ન હણવા, તસ્સ ઉતરી કરણેણં... મિચ્છામી દુક્કડમ લ્યો એય..! જયંતિભાઈ! લ્યો થઈ ગયું. સામાયિક થઈ ગઈ. બે ઘડી બેસે. સામાયિક આમ જોવે. પાછા કેટલી વાર જોવે .. પૂરું થયું કે નહિ? પૂરું થયું કે નહિ? એમાં પાછું આ માને કે મેં આ સામાયિક કરી. હવે એ સામાયિક ક્યાં હતી, બાપુ! સામાયિક તો સમતાના પરિણામ જે થાય.. સમતાનો લાભ છેને એ સામાયિક. સમતાનો લાભ. આય-લાભ. એ સમતાનો લાભ કેમ થાય? કે વસ્તુ સમતાસ્વરૂપ છે. જે કાંઈ પર્યાયમાં ધર્મના નામ અપાય એ બધું સ્વરૂપ પૂર્ણ છે. સમજાણું કાંઈ? સમતાના પરિણામ સામાયિક એટલે. સમ-આય. સમતા-આય-લાભ. એ સમતાનો લાભ થાય. પુણ્ય-પાપનો લાભ નહિ ત્યાં. સામાયિકનો સમતાનો લાભ. હવે સમતાનો વીતરાગ પરિણામનો લાભ કેમ થાય? કે જે સમતાસ્વરૂપ છે તેની એકાગ્રતા થાય તો સમતાનો લાભ થાય, એને સામાયિક થાય. આહા..હા..! નવરંગભાઈ! આહા..હા..!

એ કહે છે '**આ, ચાર કષાયો પર...**' કષાયો પર. '**વિજય મેળવવાનો ઉપાય...**' જિન છેને? જીતે છેને? જિનનો અર્થ જીતવું. પર્યાયમાં દ્રવ્યનો આશ્રય લઈને પર્યાયની ઉત્પત્તિ વિકારરહિત થઈને વિકાર ઉત્પન્ન ન થાય એ વિકારને જીત્યો એમ કહેવામાં આવે છે. આમ વાત છે. સમજાણું કાંઈ?

હવે ક્રોધની સામે ક્ષમા. એના ત્રણ પ્રકાર વર્ણવે છે. '**જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા (ત્રણ) ભેદોને લીધે ક્ષમા ત્રણ (પ્રકારની) છે.**' એમાં પહેલી ક્ષમા જઘન્ય પ્રકારની. કે બીજો પ્રાણી એને '**અપ્રિય બોલનાર મિથ્યાદષ્ટિને વિના-કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ પ્રવર્તે છે,...**' એમ વિચારે છે ક્ષમાથી હોં. '**વિના-કારણ અપ્રિય બોલનાર મિથ્યાદષ્ટિને વિના-કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ પ્રવર્તે છે, તે મારા પુણ્યથી દૂર થયો;...**' આપી ન શક્યો. '**આમ વિચારીને ક્ષમા કરવી...**' એ જઘન્ય પ્રકારની ક્ષમા. કે મારા પુણ્યથી દૂર થયો, મને મારી શક્યો નહિ કે ઉપદ્રવ કરી શક્યો નહિ એમ જાણીને પણ ક્ષમા કરવી. સમજાણું કાંઈ? એમ જાણીને પણ ક્ષમાને ઉત્પન્ન કરે. એટલે ખરેખર ક્ષમાસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એક દ્રવ્ય બીજા દ્રવ્યને ઉપદ્રવ કરી શકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો નિમિત્તનું કથન છેને. બીજો આવે અને કરે અને ગાળ દે, અપમાન કરે. ... ધુતારાઓ છે, એમ કહે, કહેને. આ તો નિમિત્તથી વાત છેને. તો તે વખતે એમ વિચારે કે '**વિના-કારણ અપ્રિય બોલનાર મિથ્યાદષ્ટિને વિના-કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ પ્રવર્તે છે,...**' એમ કે મને ક્યાંય ઘેરો ઘાલીને દુઃખ દેવું એવું વર્તે છે એને, પણ પુણ્યના ઉદયને લઈને એ કાંઈ કરી શક્યો નહિ—એમ ધારીને પણ ક્ષમા કરે.

બીજી ક્ષમા. બીજા પ્રકારની. '**(૨) (મારા પર) વિના કારણ ત્રાસ ગુજારનારાને તાડનનો અને વધનો પરિણામ વર્તે છે,...**' મને મારવું કે કાપવું. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને આ જામનગરમાં. કહે છે એવો પવન આવ્યો ને પવન કે બિચારા રાતના પંખીઓ બેઠા હતા ડાળ ઉપર—પોપટો, કાબરો, કાગડા, મોર પવન એવો ઝપાટો આવ્યો કે ઝાડમાં બેસી શક્યા નહિ. ઉડવા ગયા ત્યાં પવનનો ઝપાટો આવ્યો તો પાંખો તૂટીને મરી ગયા. પાંખો તૂટીને પડ્યા લાખો. આહા..હા..! પંખીઓ લાખો પંખીઓ. જુઓ એ દશા! આ કુદરત. ભાઈ કહેતા હતા એવું થયું. રાતે તો ઝાડ ઉપર બેસે બિચારા. એ તો બીજે ક્યાં જાય? એમાં પવનનો ઝપાટો (આવતા) ડાળ અને ઝાડ તે લાખો અનેક પડી ગયા. અને લાલ ઝાડની ડાળ આમ થવા માંડી તો ઓલા પોપટ બિચારા ઉડવા ગયા. હવે આ નહિ રહી શકે. ઉડવા ગયા તો પવન એવો કે પાંખો તૂટી ગઈ. જુઓ, આ કુદરતનો ઉપસર્ગ. (ચાર) પ્રકારના છેને—મનુષ્ય, તિર્યંચ, દેવ અને અચેતન.. બાહ્ય. ઉપસર્ગના ચાર પ્રકાર છે.

અહીં કહે છે કે કોઈ દેવ અને મનુષ્ય આદિ કે તિર્યંચ આદિ '**તાડનનો અને વધનો પરિણામ વર્તે છે,...**' એવા ઢોર પણ હોય છે કેટલાક કે સામાને મારવાનું માથું કરે. સમજાણું? કોઈ માથુ અડી શકે નહિ તો છેક ઉભરો રહે એમ ને એમ. સમજાણું? કોઈ પૂર્વનો વેર નહિ પણ પ્રકૃતિ જ એવી હોય છે. એક સાંઢ હતો અહીં લાઠીમાં. એ સોનીને દેખીને મારવા

જ ઉઠે. ઓલાને ભાગવું પડે બિચારાને. જાડો હતો. લાઠીના. ૭૧ની વાત છે. ૭૧ સાલની વાત છે. નાનો હતો... પણ એને દેખીને મારવા જ જાય વગર કારણે. પણ અંદર મારી શકે નહિ, મારી શકે નહિ અને અંદર ગરી જાય તો એમ કહે કે ભાઈ! એ તો પૂર્વના પુણ્યને લઈને થઈ રહ્યું. પણ એમ કરીને ક્ષમા કરવી, વિકલ્પ ક્રોધનો ન કરવો, એમ કહે છે. આહા..હા..! જ્ઞાનમાં ક્ષમા રાખવી, જ્ઞાનમાં એકાગ્ર રહી બહારનું લક્ષ છોડી દેવું એમ કહે છે. એ બીજા પ્રકારની (ક્ષમા). તાડનનો અને વધનો. '**તે મારા સુકૃતથી દૂર થયો;...**' ઓલામાં પુણ્ય વાપર્યું છે. આમાં સુકૃતથી દૂર થયો. '**આમ વિચારી ક્ષમા કરવી તે દ્વિતીય ક્ષમા છે.**'

'(૩) **વધ થતાં...**' કોઈ મારે, કાપે. હવે જુઓને મુનિઓને ઘાણીમાં પીલ્યા. આહા..હા..! રાજા બેઠો એણે ઘાણીમાં પીલ્યા. પાંચસો મુનિઓ તલની જેમ પીલાય માણસ. એની ઓલી ઘાણીને શું કહેવાય એ? .. લાકડું હોય અને .. એમાં માથા નાખ્યા. આહા..હા..! એ જેમ તલ પીલે, માથા (પીલ્યા). પાંચસો સાધુ ધર્માત્મા ભાવલિંગી સંત હોં. આહા..હા..! પણ કર્મના પ્રકાર છે તો એવો સમય બને. તો '**વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને...**' મને ક્યાં? એ તો શરીરનો વધ થાય છે. આહા..હા..! હું તો આનંદસ્વરૂપ છું. આ ઉપસર્ગ તો મને અડી શકતો પણ નથી. સમજાણું કાંઈ? કહો, મહેન્દ્રભાઈ! શેઠીને ભાઈ છેલ્લે પીડા બહુ હતી. પીડા તે બોલ્યા હશે. પછી આ લોકોએ કહ્યું કે ભાઈ પીડા શરીરને છે આત્માને ક્યાં પીડા છે? .. કીધું હશે. અંદર જાઓ. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે એમાં પીડા કેવી? પછી વિચારમાં ગયા હશે. આહા..હા..! આ તો અંતર આનંદનું ભાન છે, અંતર શાંતિ સ્વભાવમાંથી પ્રગટી છે, એવા સંતને પ્રતિકૂળતા આવે અને કોઈ મારી નાખે. 'કોણ મરે અને કોણ વધ થાય? મારા આત્મામાં તો વધ કરી શકતો નથી.' સમજાણું કાંઈ?

એમ '**વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને નુકસાન થતું નથી—એમ સમજી પરમસમરસીભાવ...**' પરમસમતારસના અમૃતના પીણા પીવે એ નિર્વિકલ્પ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમશાંતરસ અને સમતારૂપી અમૃત. એની કુળદેવી છે એમ નહોતું આવ્યું? આહા..હા..! સમતા એ તો કુળદેવી છે આત્માની. આ બહાર નથી કુળદેવી કહેતા? એ તો ધૂળમાંય નથી કાંઈ. એ આવી ગયું છે પહેલું. સમતારૂપી કુળદેવી. કેમકે એનું કુળ જ સમતા સ્વરૂપ છે ભગવાનનું. આહા..હા..! એની એકાગ્રતા થતા જે સમતા પ્રગટ થાય એ કુળદેવી. એના કુળની દેવી છે એ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**એમ સમજી...**' આ તો મારે છે તો કોનો વધ થાય છે? એ તો શરીરનો. મને તો કોઈ વધ કરી શકતો નથી. હું તો અમૃત આત્મા આનંદનો નાથ આનંદમાં કેલી કરું છું. આહા..હા..! મને તો એનો હથિયાર કે કોઈ ધાર અડતી નથી. આહા..હા..! પણ જેણે આત્માને રાગથી ભિન્ન કરીને ઓળખ્યો છે એને આ ટાણે એની ક્ષમા જાગૃત થશે એને. સમજાણું કાંઈ? '**ઉત્તમક્ષમા છે. આ (ત્રણ) ક્ષમાઓ વડે ક્રોધકષાયને જીતીને,...**'

એ દાખલો લાંબો આપ્યો.

'**માર્દવ વડે માનકષાયને,...**' નરમાશ, કોમળતા, નિર્માનતા. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિમાં આવે છે કે 'ભગવાન પરમાત્મસ્વરૂપ છું' એ તો દૃષ્ટિમાં છે, પણ પર્યાયમાં જે નિર્મળતા અલ્પ છે તેથી કેવળજ્ઞાન અને સંતની પર્યાય જોઈને એમ માને છે કે હું તૃણતુલ્ય છું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ આત્માનું ભાન થયું છે તો પર્યાયમાં દ્રવ્યને પ્રભુ માને છે. હું છું પ્રભુ, પણ મારી પર્યાયમાં પ્રભુતાનું બહુ ઓછું છે... ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં સંતની દશા! વીતરાગના જ્યાં હિલોળા ચડે આહા..હા..! મારી દશા તૃણ જેવી તુચ્છ છે. આહા..હા..! અનંતાનુબંધી અને મિથ્યાત્વ ગયું છેને એથી એક પર્યાયમાં અલ્પતા નિર્મળ પ્રગટ થઈ છે, પણ પોતાને પૂર્ણ પર્યાયની અપેક્ષાએ નિર્માન તૃણતુલ્ય (માને છે). એવું કાર્તિકેય સ્વામીમાં છે, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં છે. આહા..હા..! પર્યાયે પામર, દ્રવ્યે પ્રભુતા. સમજાણું કાંઈ?

એ રીતે '**માર્દવ વડે માનકષાયને,...**' જીતે. આહા..હા..! '**આર્જવ વડે માયાકષાયને...**' જીતે. સરળતા... સરળતા... સરળતા... બિલકુલ જેવું સ્વરૂપ છે એ રીતે જેની દૃષ્ટિ અને સ્થિરતા થઈ છે, એવી સરળતા દ્વારા કપટને પણ જીતે. આહા..હા..! '**તથા પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી...**' ભાષા શું? '**પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી લોભકષાયને** (યોગી) **જીતે છે.**' આહા..હા..! આ પૈસા થોડા-ઘણા હોય અને થોડા રાખે, પણ એ નહિ અહીં. અહીં તો પરમસંતોષસ્વરૂપ '**પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ...**' આહા..હા..! જે આખો નિર્લેપ સ્વભાવ જ આત્માનો છે એની પ્રાપ્તિ જે પર્યાયમાં થાય. આહા..હા..! પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષ. આહા..હા..! જેને પરમતત્ત્વ પર્યાયમાં પ્રાપ્ત થયું છે એની પ્રાપ્તિની શાંતિ જે છે... આહા..હા..! એનાથી લોભને જીતે. લોભકષાયને યોગી જીતે. આહા..હા..! યોગી એટલે આત્માના સ્વરૂપમાં જોડાણ કરનાર. યોગી એટલે બાવા અને યોગી એકલા એમ નહિ. યોગ નામ આત્મા આનંદનો નાથ પ્રભુ તેમાં પર્યાયને વીર્યને જોડ્યું છે અંદર એને અહીં યોગી કહેવામાં (આવે છે). સમકિતી પણ એક યોગી છે અંશે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી લોભકષાયને જીતે છે.**'

'**એવી રીતે** (આચાર્યવર) **શ્રી ગુણભદ્રસ્વામી** (**આત્માનુશાસનમાં ૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩...**' એ ચાર શ્લોક આપે છે. આધાર આપે છે. આ એમના શ્લોક નથી, આધાર છે. એટલે આંકડો નથી એમાં. કોકના શ્લોક છેને કોઈ બીજા ગ્રંથના.

(वसंततिलका)

'चित्तस्थमप्यनवबुद्धय हरेण जाडयात्<br>
क्रुद्धवा बहिः किमपि दग्धमनङ्गबुद्धया।<br>
घोरामवाप स हि तेन कृतामवस्थां<br>
क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः।।'

અરે! 'કામદેવ...' શંકરે. '**કામદેવ (પોતાના) ચિત્તમાં રહેલ હોવા છતાં (પોતાની) જડતાને લીધે તેને નહિ ઓળખીને, શંકરે ક્રોધી થઈને બહારમાં કોઈકને કામદેવ સમજી તેને બાળી નાખ્યો.**' કહે છેને ત્રીજી આંખ કરીને બાળી નાખ્યો, પણ કામ તો તારી પર્યાયમાં પડ્યો છે. બહાર ક્યાં કામદેવ છે કોઈ બીજો? આહા..હા..! સમજાણું કાંઈ? '**કામદેવ (પોતાના) ચિત્તમાં રહેલ હોવા છતાં...**' પર્યાયમાં વિષયની વાસનારૂપી કામદેવ રહે છે, પણ '**(પોતાની) જડતાને લીધે તેને નહિ ઓળખીને, શંકરે ક્રોધી થઈને બહારમાં કોઈકને કામદેવ સમજીને તેને બાળી નાખ્યો.**' આહા..હા..! '**(ચિત્તમાં રહેલો કામદેવ તો જીવતો હોવાને લીધે)...**' આહા..હા..! '**તેણે કરેલી ઘોર દશા અવસ્થાને (-કામ વિહ્વળદશાને) શંકર પામ્યા.**' ભીલડીને એ પાર્વતી. કોણ છે એ? ભીલડી નહિ નથી આવતી? પાર્વતીને ભીલડી સાથે વિષય.. એને પામ્યા એમ કહે. આહા..હા..! અંતરમાં કામવાસનાને જીતવું જોઈએ એને ઠેકાણે કામ કોઈ પુરુષ છે એમ ધારીને બાળી મૂક્યા એને. એને બાળ્યા ત્યારે ચિત્તમાં તો ઓલો કામ પડ્યો જ છે. મીઠાશ ભોગની વાસના તો ચિત્તમાં પડી જ છે. એને તો બાળ્યો નહિ અને બહારને બાળતા એમ જાણ્યું હેરાન થયો અંદરથી કહે છે. આહા..હા..! '**(ચિત્તમાં રહેલો કામદેવ તો જીવતો હોવાને લીધે) તેણે કરેલી ઘોર અવસ્થાને (-કામવિહ્વળ દશાને) શંકર પામ્યા.**' આહા..હા..! '**ક્રોધના ઉદયથી કોને કાર્યહાનિ થતી નથી?**' એમ કહે છે. ક્રોધ થતાં શાંતિની હાનિ અને નાશ થાય છે. એ કોને ન થાય? કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપરથી દેખાય, પણ અંદરમાં કષાય છે. બહારમાં મૌન દેખાય, શાંત દેખાય એથી શું? અંદરમાં વાસના પડી છે વિકારની. આહા..હા..! એને ન જીતે અને બહારથી બાયડી છોડું, ફલાણું છોડું. છોડે તો એમાં.. વાસના છે એને તો છોડી નથી. કાનમાં સાંભળવા માટે લાકડા નાખે, ન સંભળાય એટલે. લાકડા નાખે શું થાય? ..મંગળ આવે છેને? ..મંગળ નહિ સુરદાસ. આંખ ફોડી એણે. બીજા કાનમાં લાકડા નાખે.

આમાં નથી આવતું? ત્રણ મૂર્તિ નથી આવતું? હમણા ઓલા વાંદરાના ત્રણ. એક આમ ને એક આમ ને એક આમ. વાંદરાના ત્રણ ચિત્ર આવે છે. એક કહે બોલવું નહિ, એક કહે જોવું નહિ આમ, એક કહે સાંભળવું નહિ આમ. ત્રણ વાંદરાના ચિત્ર આવે છે. હમણા જમાનામાં ત્રણ આવ્યા હતા. છે કે નહિ? એમાં શું થયું પણ? આમ કરવું એમાં મૌન ક્યાં? રાગના વિકલ્પ અને મિથ્યાત્વના વિકલ્પ તો ઉઠે છે એમાં મૌનપણું ક્યાં આવ્યું ત્યારે? અહીં બંધ કર્યું પણ અંદર વિકાર પડ્યો છે બધો. વિકારને છોડતો નથી અને આંખ બંધ કરી, શું થયું ત્યાં? આહા..હા..! કાને સાંભળવું નહિ કાંઈ. એવી આકરી વાત સાંભળે તો ઉં..હું.. થપ્પડ મારે પોતાને. છેને? જોયેલું છે બધું. તો શું છે પણ? અહીં શરીરને થપ્પડ

મારે એમાં તને શું? કાને ન સાંભળ્યું એમાં શું થયું? અંદરમાં વિકારની દશા છે તેને સ્વભાવથી જીતતો નથી અને બહારથી આ બધું બંધ કરવા (માગે છે), ઈન્દ્રિયના વિષયો બંધ કરો, આમ કરો. સમજાણું? આહા..હા..!

આંખ. સુરદાસે આંખો ફોડી હતી. બાયડી દેખાય છે. પણ દેખાય છે એમાં તને શું છે? આ લોકાલોક દેખાય છે એમાં શું? જ્ઞાન તો બધું જાણે. તો આંખો ફોડે કાંઈ ઈન્દ્રિય જીતાય છે? આહા..હા..! ઈન્દ્રિયનો અર્થ દ્રવ્ય ઈન્દ્રિય, ભાવ ઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયો એ ત્રણનું લક્ષ છોડીને અણિન્દ્રિયમાં જવું એણે ઈન્દ્રિયને જીતી કહેવાય. ૩૧માં આવે છેને ભાઈ! આ જડ ઈન્દ્રિયો પાંચ, ભાવ ઈન્દ્રિય એક-એક ઈન્દ્રિય એક-એકનો વિષય કરે ખંડજ્ઞાન અને એનો વિષય સામે ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ એ બધા ઈન્દ્રિયનો વિષય તે ઈન્દ્રિય. બાયડી, છોકરા, કુટુંબ બધા ઈન્દ્રિય એ ત્રણેનું લક્ષ છોડીને આત્માના અતીન્દ્રિય આનંદમાં આવે એને ઈન્દ્રિય જીતી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

૩૧માં આવે છેને, '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**'. આત્માનો જ્ઞાનસ્વભાવ તે પર્યાયથી પણ અધિક ભિન્ન છે, રાગથી, નિમિત્તથી અને પર્યાયથી ભિન્ન એવો અધિક છે, એવી અનુભવ દૃષ્ટિ કરવી એણે ઈન્દ્રિયને જીતી કહેવામાં આવે છે. ભલે એ ભોગમાં પડ્યો હોય છતાં દૃષ્ટિની અપેક્ષાએ ઈન્દ્રિયને જીતી છે. આહા..હા..! ઈન્દ્રિયને જીતીનો અર્થ એવો નથી કે ઈન્દ્રિયથી વિષય જરીએ ન હોય. છન્નું હજાર સ્ત્રી હોય છે ચક્રવર્તીને છતાં એ ઈન્દ્રિય જીત છે ઈ. કેમકે ભાવ ઈન્દ્રિય, દ્રવ્ય ઈન્દ્રિય અને ઈન્દ્રિયનો વિષય એની રુચિ છૂટી ગઈ છે અને અણિન્દ્રિય એવો જે ભગવાન આત્મા તેની રુચિ અને દૃષ્ટિ થઈ છે, એટલે એણે પણ ઈન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. અસ્થિરતાને જીતી નથી પણ આમ દૃષ્ટિની અપેક્ષાએ. આહા..હા..! આવું છે.

કહે છે કે આહા..હા..! '**ક્રોધના ઉદયથી કોને કાર્યહાનિ થતી નથી?**' એ એક દાખલો આપ્યો. માનનો દાખલો આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૭, સોમવાર, તા. ૧૦-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૫-૧૧૬, કળશ-૧૮૨, પ્રવચન નં. ૯૦

નિયમસાર, ગાથા-૧૧૫ એનો શ્લોક. એક આવી ગયો ક્રોધનો. માનનો શ્લોક છે. છેને?

(वसंततिलका)

'चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं
यत्प्राव्रजन्ननु तदैव स तेन मुच्येत्।
क्लेशं तमाप किल बाहुबली चिराय
मानो मनागपि हतिं महतीं करोति।।'

'**શ્લોકાર્થ :- (યુદ્ધમાં ભરતે બાહુબલી પર ચક્ર છોડ્યું...**' માનનો દાખલો આપે છે બાહુબલીનો. ભરત અને બાહુબલ બે ભાઈઓ એમાં લડાઈ થઈ અને ચક્ર છોડ્યું ભરતે. '**પરંતુ તે ચક્ર બાહુબલીના જમણા હાથમાં આવીને સ્થિર થઈ ગયું.)**' એક કુટુંબનું ખરુંને? અને એ ચક્ર એક કુટુંબનાને હણે નહિ અને આ ચરમશરીરી છે. બાહુબલજીને છેલ્લું શરીર. એ ભવે મોક્ષ છે. એટલે ભરતે ચક્ર ચડાવ્યું પણ બાહુબલીજીના જમણા હાથમાં આવી ગયું. '**પોતાના જમણા હાથમાં સ્થિત (તે) ચક્રને છોડીને જ્યારે બાહુબલીએ પ્રવ્રજ્યા લીધી...**' ચક્ર હાથમાં આવ્યું એ છોડી દીધું. અરે! ભરતને કહે છે કે આ તારું ..ચક્ર કુળના માણસને મારી નાખવા નાખ્યું. અરે! આ ન જોઈએ. રાજ ન જોઈએ. એટલો વૈરાગ્ય અને નિર્માનતા આવી ગઈ. જેને રાજ આપ્યું હતું એના પિતાજીએ એ છોડી દીધું પછી. આહા..હા..!

'**બાહુબલીએ પ્રવ્રજ્યા લીધી ત્યારે જ (તુરત જ) તેઓ તે કારણે મુક્તિ પામત,...**' એટલો બધો કહે છે કે એ વખતે વૈરાગ્ય હતો કે તત્ક્ષણ કેવળ પામત. એ તો એક વૈરાગ્યથી સમજાવવાની વાત છે. સમજાણું કાંઈ? '**તેઓ તે કારણે મુક્તિ પામત, પરંતુ તેઓ (માનને લીધે મુક્તિ નહિ પામતાં)...**' માન આવ્યું કે અરે! ચક્રવર્તી! એની આ જમીન એમાં હું ઉભો (છું). આ શું? પાંચસો ધનુષનો દેહ ભરતનો છે. બાલુબલીજીનો સવા પાંચસો ધનુષનો દેહ છે. પાણીમાં લડાઈ થઈ તો ઉચકી શક્યા નહિ ભરત. સવા પાંચસો ધનુષનો (દેહ). પાણીનો રેલો આમ માર્યા કરે. ભરત હારી ગયા લડાઈ. બાહુબલ એમાં પણ હારી ગયા. પછી ચક્ર છોડ્યું. જુઓ એ સંસાર! આહા..હા..! નહિતર છે સમ્યગ્દૃષ્ટિ બેય, પણ એ માન જગતમાં નડે છેને, કહે છે. આહા..હા..! એ વખતે એમ કે એટલો બધો વૈરાગ્ય હતો કે જેને રાજને તૃણ સમાન છોડી દીધું. દીક્ષા લીધી.

**'પરંતુ તે માનને લીધે ખરેખર લાંબા વખત સુધી...'** બાર-બાર મહિના સુધી તો રહ્યા. આહા..હા..! વેલડીઓ વીંટાણી. પગની જોડે સર્પે શું કહેવાય એના ઘર? સાપના ઓલા કર્યા રાફડા. સર્પે રાફડા કર્યા પગે. પણ છતાં ડગ્યા નહિ. સ્થિર (રહ્યા), પણ અંદરમાં માન. આહા..હા..! હતા મુનિ હોં. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હતા. સંજ્વલનનું માન પણ ખટકતું હતું એને. આહા..હા..! ભાઈ ગયા? બાબુભાઈ. ક્યાં? મુંબઈ. સમજાય છે કાંઈ? આહા..હા..! એટલું માન પણ એને મુક્તિ થવા દીધી નહિ, કેવળ ન પામી શક્યા. આહા..હા..! **'ક્લેશને પામ્યા.'** **'લાંબા વખત સુધી પ્રસિદ્ધ (માનકૃત) ક્લેશને પામ્યા. થોડું પણ માન મહા હાનિ કરે છે!'** ચાર બોલ છેને આ. ક્રોધ, માન, માયા, લોભ. આહા..હા..!

માયા.

(अनुष्टुभ)

'भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात्।
यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः।।'

માયાની વ્યાખ્યા કરે છે. **'જેમાં (-જે ખાડામાં) સંતાઈ રહેલા...'** કપટરૂપી ખાડામાં અંધકારમાં. આહા..હા..! **'ક્રોધાદિક ભયંકર સર્પો દેખી શકાતા નથી...'** માયાવી ક્રોધ, માન, લોભ દેખી શકતા નથી. આંધળા થઈ જાય છે માયામાં કહે છે. આહા..હા..! **'એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો...'** મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો. એ આવે છે. શ્લોક પણ આવે છે સાધારણ. એ આવે છે ઓલામાં. 'સમકિતનું મૂળ જાણીએ સત્ય વચન સાક્ષાત્' વ્યવહારથી વાત કહે છે. 'સમકિતનું મૂળ જાણીએ...' આ તો ઘણા વર્ષ પહેલા ઓલામાં છે એ આવે છે. સજ્ઝાય માળા આવે છેને ચાર? એમાં એ આવે છે. 'સમકિતનું મૂળ જાણીએ સત્ય વચન સાક્ષાત્, સાચામાં સમકિત વસે, માયામાં મિથ્યાત્વ.' સત્યતત્ત્વ જેને બેઠું એને મિથ્યાત્વ અને માયા હોય નહિ, પણ સત્ય તત્ત્વથી જેને વિરોધ છે એને માયા અને મિથ્યાત્વ ઉભા હોય છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વરૂપી મહા અંધકાર એવો માયારૂપી ઊંડો ખાડો એમાં. જેમ ખાડામાં પડ્યા અને અંધકાર હોય એમાં દેખાય નહિ ચીજ. આહા..હા..! એમ મિથ્યાત્વરૂપી મહા અંધકાર અને માયારૂપી ઉંડો ખાડો. એવા માયાવી જીવને ક્રોધ ને માન ને લોભ દોષ હોય છતાં દેખાતા નથી, એમ કહે છે. આ તો આધારવાળા શ્લોક છે. ગુણભદ્રસ્વામીના છે.

**'તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.'** માયાથી ડરતા રહેવું એ લાયક છે કહે છે. આહા..હા..! ક્યાંય માયા, કપટ, કુટીલતા ન થાય એમ એને ડરતા રહેવું જોઈએ. નહિતર માયાના ફળમાં, કુટીલતાના ફળમાં તિર્યંચપણું મળે. માયા આડોડાઈ બહુ કરી હોય અંદર એના ફળમાં તિર્યંચના શરીર આડા મળે આડા. સમજાણું કાંઈ? માટે માયાથી ડરતા રહેવું, ભાઈ! એમ કહે છે અને મિથ્યાભ્રમ હોય ત્યાં માયા હોય એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

લોભ. લોભનું આત્માનુશાસનમાં ગુણભદ્રસ્વામીનું આ કથન છે.

(हरिणी)

'वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः
किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थितः।
बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः
परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः।।'

ચમરી ગાયનો દાખલો આપે છે. ચમરી ગાયને પૂંછડું હોય છેને ઉંચું. આ નથી પૂજામાં દેરાસરમાં રાખે છેને. ચામર-ચામર. એ પૂછડું ગાયનું છે. '**વનચરના ભયથી ભાગતી ચમરી ગાય...**' વનચર શબ્દે કોઈ વનમાં રહેનાર ભીલ વગેરે અથવા વાઘ, સિંહ વગેરે બધા વનમાં ચરનારા કહેવાય. શિકારીઓ અને વાઘ અને સિંહ એ '**વનચરના ભયથી ભાગતી ચમરી ગાયનું પૂછડું દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતા...**' વનસ્પતિની વેલું હોયને અંદર એમાં ક્યાંક પૂછડાનો વાળ અડી ગયો તો ગુંચવાઈ ગયું. '**જડતાને લીધે વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી...**' અરે! જો હું ચાલીશ તો આ વાળ તૂટી જશે. એ વાળની મમતાને કારણે ઉભી રહી ગઈ ત્યાં. પાછળ શિકારી (આવ્યો). પણ એ વાળ ગુંચાઈ ગયા. વેલડી હોયને વનસ્પતિ આદિ એમાં જરી દોડતા લાંબા વાળ હોય તો આમ ફરી વળ્યા જરી. આહા..હા..! એવા દૈવ યોગે એનું પૂંછડું ત્યાં ભરાઈ ગયું.

'**વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે) ત્યાં અવિચળપણે ઉભી રહી ગઈ, અને અરેરે! તે ગાયને વનચર વડે પ્રાણથી પણ વિમુક્ત કરવામાં આવી!**' શિકારીએ મારી કાં વાઘે તોડી નાખી. જુઓ, આ લોભના માર્યા શું થાય છે, એમ કહે છે. આહા..હા..! ઓલો વાણિયો તણાતો હતોને અંદર દરિયામાં. લાકડું હતું કાંઈક. એ લાકડું લેવા જતો હતો. કોક બેઠો હતો એ કહે આ વાણિયો શું કરે છે આ? ઓલું લાકડું ક્યાંકથી આવ્યું હશે. બે-પાંચ-દસ માણસ આમ લાકડું કાઢીને. એ તણાતું હતું તો લેવા ગયો વાણિયો. પણ તણાણો ભેગો. એની એને ખબર ન રહી કે પણ આ મરી જઈશ હમણા. એમાં પૈસા મેળવવાના લોભને લઈને ત્યાં ઉભો રહે છે. લોભનો પ્રેર્યો ત્યાં ઉભો રહે પણ મારા આત્માનું શું થશે? એનો એને ડર થતો નથી. આહા..હા..!

આ એક છોકરી મોટી થઈ છે એને પરણાવી દઉં, છોકરો મોટો સાધારણ મગજનો છે એને લગન (કરીને) ઠેકાણે પાડું. ચંદુભાઈ! આહા..હા..! એમ ઓલા ગાયની જેમ પૂંછડું થોડું, આખું પૂછડું નહિ, થોડા વાળ આમ ભરાયા તો તૂટી જશે તો, એમ થોડોક જ્યાં અંદર લોભ આવ્યો એને પરનો-છોકરાને સાચવું, બાયડીને સાચવું, ઢીંકણું આમ કરું... આમ કરું... ત્યાંને ત્યાં ઉભો રહ્યો, કાળ ચાલ્યો જાય છે. આત્માને માટે કરવાનો કાળ રહેતો

નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦-૨૨ વર્ષની સાંઢડા જેવી કન્યા થઈ. હવે એને ઠેકાણે ન પાડીને મારે જાવું ક્યાં? એની મા રોયા કરે છે કે આને ઠેકાણે પાડો, તમે આમ કરો, તમે આમ કરો. એય..! ચંદુભાઈ! આ બધું થાય છે કે નહિ? આહા..હા..! આને ઠેકાણે પાડો. તમને ઉંઘ કેમ આવે? ૨૦ વર્ષની થઈ. એમ કહે માણસો. પણ હવે અહીં મરવાની તૈયારી મારે ચાલે છે. મારું કરું કે આનું કરું? પણ તમે બેઠા છો હજી જીવતા અને આ સાંઢડા જેવી પડી છે ઘરમાં. આ ત્યાં ચોંટ્યો પાછો. આહા..હા..!

**શ્રોતા :-** .. તો બીજું શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. એને ઘરે રહી. .. એને કાળે મરશે. .. તારે શું છે પણ? એ તો પરદ્રવ્ય છે. પણ એ પરદ્રવ્યને મારું માનીને એને ઠેકાણે પાડવા ગયો ત્યાં કાળ આવ્યો અને દેહ છૂટી ગયો. હાય.. હાય.. આહા..હા..! જુઓને, આ બિચારા જામનગર નહિ? ન કહ્યું? એવા ઝાડ હલ્યા કે અંધારુ થયું અને પોપટ જેમ બેઠા હતા અને ડાળ આખા ઝાડ પડી ગયા મૂળમાંથી. જે ઓલા પંખી બેઠેલા તે બિચારા ઉડીને જઈ શકે નહિ. જ્યાં ઉડવા જાય ત્યાં પવનની એવી ઝપટ વાગી કે પાંખ તૂટી ગઈ અને મરી ગયા. એ જીવવાના લોભે ત્યાં ચોંટ્યા રહ્યા અથવા જીવવાના લોભે ઉડ્યા જુઓને. આહા..હા..! પવનનો એટલો વેગ. પાંખો તોડી નાખી. કાબર, પોપટ અને ઓલા મોર. મોર તો બિચારા એટલા બધા ઉડી શકે નહિ. આટલા-આટલા લાંબા પૂંછડા હોય. ભુક્કા થઈ જાય એના. મરી જાય છે. આહા..હા..! લાખો પંખીઓ મરી ગયા, કહે છે. જીવવાનો તો એટલો લોલ હશે. આહા..હા..! એમાં શું થાય, કહે છે. લોભી. વાણિયા નથી કહેતા? 'લોભે લોભે વાણિયો તણાય છે' નથી કહેતા? એવી વાત આવે છે. ઓલું લાકડું પડ્યું. એમ કાંઈક આવતું હશે. ..માંથી લાકડું ગયું હશે. ૧૦-૧૫ હાથનું હોય પહોળું લાંબુ. આ મફત જાય છે લાવને (લઈ લઉં). પણ આ પાણીમાં એના લોઢમાં જઈશ તો મરી જઈશ તું. પાણીના એના લોઢ છે કે એ લાકડું દસ મણનું લેવા જઈશ તો તું બુડી જઈશ. આહા..હા..! લોભી શું નથી કરતો, કહે છે. 'પાપનું મૂળ લોભ' એમ નથી કહેતા?

આ '**પ્રાણથી પણ વિમુક્ત કરવામાં આવી! (અર્થાત્ તે ગાયે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા!) જેમને તૃષ્ણા પરિણમી છે...**' હવે આ વાત લે છે. સરવાળો લે છે. '**જેમને તૃષ્ણા પરિણમી છે તેમને પ્રાયઃ આવી જ વિપત્તિઓ આવે છે.**' આહા..હા..! આ પૈસા રળવામાં જુઓને બહારમાં ખાનગી કરે, ફલાણું કરે સરકારના કાયદાથી. પૈસા મળે પાંચ-પચ્ચીસ હજાર, લાખ, બે લાખ. શું કહેવાય એ? કાળાબજાર. મંગળભાઈ! કાળાબજાર કરેને કાળાબજાર. એમાં પૈસા મળતા લાખ, બે લાખ, દરરોજ પચાસ-પચાસ હજાર. પણ આ પકડાઈશ ત્યારે મરી જઈશ એનું શું?

**શ્રોતા :-** .. લોભનું મૂળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ત્યાં બધા એમ કે પોલીસોને મારશો. મારશો એટલે? ખવરાશો. ભાઈ! ટાણું આવશે ત્યારે એ પોલીસ પણ ઓલા થઈ જશે. આહા..હા..! લોભનો માર્યો પ્રાણી શું નથી કરતો? એમ કહે છે જુઓને. તૃષ્ણા જેને પરિણમી છે તેમને આવી વિપત્તિઓ આવીને પડે છે. આહા..હા..!

'**વળી,** (આ ૧૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર **મુનિરાજ** શ્લોક કહે છે) :—' પોતે કહે છે હવે.

(आर्या)

क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव।

मायामार्जवलाभाल्लोभकषायं च शौचतो जयतु।।१८२।।

'**શ્લોકાર્થ :- ક્રોધકષાયને ક્ષમાથી,...**' આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે. ક્ષમાનો સાગર ભગવાન છે. આહા..હા..! એવા ક્ષમાના સાગરને આશ્રયે જઈને ક્રોધને જીતે, એમ કહે છે. જ્યાં આત્મા ક્ષમાનો ભંડાર છે. પર્યાયમાં ક્ષમા થાય એ પણ અંદર ક્ષમાનો ભંડાર પોતે છે એમાંથી ક્ષમાની પર્યાય આવે છે. ક્ષમા એટલે અકષાયસ્વભાવ. અકષાયસ્વભાવ વીતરાગસ્વભાવ આત્મા છે. આહા..હા..! એનો આશ્રય લઈને ક્રોધને જીતે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માનકષાયને માર્દવથી જ,...**' નિર્માન. વસ્તુસ્વરૂપ જ નિર્માન છે આત્મા એને ધ્યેય બનાવી, એનો આશ્રય લઈને માનને જીતે. આહા..હા..! '**માયાને આર્જવની પ્રાપ્તિથી...**' કપટ અને સરળતાની. વસ્તુ સરળ સ્વરૂપ જ છે. સત્ છે, સત્ સરળ છે. આવે છેને શ્રીમદ્‌માં? શ્રીમદ્‌માં આવે છે. સત્ સરળ છે, સત્ (સુગમ) છે, સત્ સર્વત્ર છે. સમજાણું? પણ સત્‌ની પ્રાપ્તિ કરવામાં સત્‌સમાગમ દુર્લભ છે, એમ છે. આહા..હા..! ભગવાન આત્મા તો સરળનો પિંડ છે. એટલે? કે અકષાયનો પિંડ છે, એને શરણે જઈને માયાને જીતવી. બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા..!

'**અને લોભકષાયને શૌચથી (-સંતોષથી) જીતો.**' શૌચ પવિત્રસ્વરૂપ જ ભગવાન છે. નિર્લોભસ્વરૂપ જ આત્મા છે. એ પવિત્રતાનો પિંડ પ્રભુ એનો આશ્રય (કરીને) જેણે લોભને જીત્યો. એ સંતોષ થશે તને. આહા..હા..! સંતોષસ્વરૂપ જ છે આત્માનું. સમજાણું કાંઈ? આહા..હા..! એને આશ્રયે લોભને જીત, બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા..!

હવે ૧૧૬. જે આખી માલવાળી ગાથા કીધી એ.

उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं।

जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स।।११६।।

**ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને,**

ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.

આહા..હા..! '**ટીકા :- અહીં, 'શુદ્ધજ્ઞાનના સ્વીકારવાળાને'**...' એટલે? ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનસ્વરૂપ જ છે. શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે એટલે પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ છે. આહા..હા..! એટલે? કે સંસારના અભાવસ્વભાવસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધજ્ઞાનના સ્વીકારવાળાને**...' આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન એકલો જ્ઞાનનો અવતાર, જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા એનો જેને અંતર સ્વીકાર થાય તે પ્રાયશ્ચિત્ત. પર્યાયમાં એ પ્રાયશ્ચિત્ત છે. વસ્તુમાં એ પ્રાયશ્ચિત્ત શુદ્ધજ્ઞાન છે. આહા..હા..! '**શુદ્ધજ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે એમ કહ્યું છે.**' હવે ઓલો પ્રાયશ્ચિત્ત શબ્દ છેને. પ્રાયશ્ચિત્ત... પ્રાયશ્ચિત્ત... પ્રાયશ્ચિત્ત... પ્રાયશ્ચિત્ત... એ પ્રાયેઃ એટલે ઉત્કૃષ્ટપણે.

'**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ**...' ઉત્કૃષ્ટ પ્રાયઃ એટલે બળતાથી ઉત્કૃષ્ટપણે, સર્વોત્કૃષ્ટપણે, ખાસ જે એનો ધર્મ '**ખરેખર પરમબોધ છે**...' એનો ખરેખર ધર્મ પરમબોધ જ્ઞાનસ્વરૂપ છે, પ્રભુ! આહા..હા..! ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ છે. કેવળજ્ઞાનની પર્યાય પણ જેના ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ તો અનંતમા ભાગે છે. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાનધર્મ સ્વરૂપ જ છે. એનો જ્ઞાનધર્મ જ વસ્તુ છે. ધર્મ એટલે ત્રિકાળ. આહા..હા..! પ્રાયઃ શબ્દ છે ખરોને? પ્રાયઃનો અર્થ ઉત્કૃષ્ટ કર્યો. અને ચિત્ત તે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમબોધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા પણ કેટલી છે!

ભૂતાર્થ કહો કે કારણપરમાત્મા કહો કે કારણજીવ કહો કે પ્રાયશ્ચિત્ત નામ ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ કહો, બધું એક છે. સમજાણું કાંઈ? ભૂતાર્થને આશ્રિત સમ્યગ્દર્શન હોય છે. ત્રિલોકનાથ પરમાત્મા પોતે અપ્પા સો પરમ અપ્પા. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ ભૂતાર્થ એનો આશ્રય કરતા. કેમકે એ ભૂતાર્થ પોતે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. ભૂતાર્થ કહો કે પ્રાયેઃ ઉત્કૃષ્ટપણે જે પરમધર્મ જ્ઞાન કહો, બેય એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠ છે ખરોને જુઓને, '**उक्किट्ठो जो बोहो**' એમ છેને? કુંદકુંદાચાર્યને એ કહેવું છે, કુંદકુંદાચાર્યને પાઠમાં કહેવું છે એને. '**पायच्छित्तं हवे तस्स**' કોને? કે '**उक्किट्ठो जो बोहो णाणं**' આહા..હા..! ઉત્કૃષ્ટ જે સર્વોત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવ એવો પરમધર્મ તે ભૂતાર્થ છે તે કારણપરમાત્મા છે. એને ખરેખર પરમ '**એવો અર્થ છે.**' પ્રાયશ્ચિત્તનો આવો અર્થ છે. વસ્તુના સ્વભાવમાં પ્રાયશ્ચિત્ત કેમ કહેવો? કે એનો આ અર્થ છે. વસ્તુના સ્વભાવને પ્રાયશ્ચિત્ત કેમ કહેવું? આહા..હા..! આત્માને પ્રાયશ્ચિત્ત કેમ કહેવુ? દ્રવ્ય આત્મા હોં!

જ્ઞાયકભાવસ્વભાવસ્વરૂપ એવો આત્મા જેને છઠ્ઠી ગાથામાં એમ કહ્યું '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' જ્ઞાયકભાવ. ૧૧માં એને ભૂતાર્થ કહ્યો. નિયમસારમાં એને કારણપરમાત્મા કહ્યો. અહીં પ્રાયશ્ચિત્તની અપેક્ષાએ તેને ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ કહ્યું. સમજાણું કાંઈ? જેના સ્વભાવના ઉત્કૃષ્ટ જ્ઞાન આગળ કેવળજ્ઞાનની પર્યાય પણ જેને

અનંતમા ભાગે ગણવામાં આવે છે. એ પર્યાયનો તોલ કરતા દ્રવ્યનો તોલ અનંતગુણો વધી જાય છે. પર્યાયનું ત્રાજવું ઉંચું જાય છે અને આનું ત્રાજવું નીચે બેસે છે. નીચે બેસે એ ઉંચું છે. ત્રાજવામાં માલ મૂકેને. તોલદાર હોય એ આમ નીચે જાય, તોલ વિનાની ચીજ હોય એ ઉંચી જાય. અહીં મણ મૂક્યું હોય અને અહીં દસ શેર મૂક્યું હોય તો આ ઉંચું રહે. આનીકોર હેઠે રહે અને આનીકોર ઉંચું રહે. એક પલ્લામાં દ્રવ્યસ્વભાવ અને એક પલ્લામાં પર્યાય. તો પર્યાયનું પલ્લું ઉંચું જાય છે અને દ્રવ્યનું પલ્લું નીચે રહે છે. આહા..હા..! એથી એ ભગવાન આત્મા એકલો ચૈતન્યસૂર્ય પ્રાયઃ શબ્દનો ઉત્કૃષ્ટ (અર્થ) કરીને, ચિત્તનો અર્થ જ્ઞાન કર્યું, ઉત્કૃષ્ટ બોધ. આહા..હા..! પાઠ છેને જુઓને. પાછા ટીકાકારે કરીને પાઠ પોતે કુંદકુંદાચાર્ય કહે છે. '**उक्किट्ठो जो बोहो**' પ્રાયશ્ચિત્ત શબ્દ છેને ચોથી લીટીમાં? અને અધિકાર એ છેને? આહા..હા..!

એકલો જ્ઞાનસ્વભાવ ઉત્કૃષ્ટ ધ્રુવસ્વભાવ નિત્યસ્વભાવ, સામાન્યસ્વભાવ, એકસ્વભાવ, ભૂતાર્થ જ્ઞાનસ્વભાવ એવું જે સ્વરૂપ પરમબોધ એનો જે આશ્રય કરે એને એ પ્રાયશ્ચિત્ત એટલે પર્યાયમાં પરિણતિ વીતરાગની પ્રગટ થાય એને અહીંયાં પ્રાયશ્ચિત્ત, પર્યાયનું પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એ આત્માનો ઉત્કૃષ્ટ ધર્મ છે ઈ. ધર્મ એટલે ધારી રાખેલો સ્વભાવ. ઉત્કૃષ્ટ જ્ઞાન એને આત્માએ ધારી રાખ્યો એ એનો ત્રિકાળી સ્વભાવ. ધારેલો ધર્મ સ્વભાવ. તો ભગવાન આત્માએ ઉત્કૃષ્ટ જ્ઞાન ધારી રાખ્યું એ એનો સ્વભાવ ધર્મ છે. ત્રિકાળીની વાત છે હોં. પર્યાયમાં ધર્મ પછી. આહા..હા..! એ ઉત્કૃષ્ટ જે જ્ઞાનસ્વભાવ ધર્મ ભગવાન આત્માનો ભાવ જે ધારી રાખેલો એને ધ્યેય બનાવીને જે પરિણતિ થાય એને પર્યાયમાં પ્રાયશ્ચિત્તની દશા કહેવામાં આવે છે કે જેણે સંસારના ભાવને નાશ કર્યો. આવી પ્રાયશ્ચિત્ત દશા થતાં પુણ્ય-પાપના ઉદયભાવનો જેને નાશ થયો. પરમપારિણામિક જ્ઞાયકભાવ ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત્તસ્વરૂપ ભગવાન, એનો આશ્રય લેનાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ. એ ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ ત્રિકાળી પારિણામિકભાવસ્વરૂપ તે જ પ્રાયશ્ચિત્ત છે. એને આશ્રયે જે આ ભાવ પ્રગટ્યો એ પર્યાયનું પ્રાયશ્ચિત્ત છે. એ પર્યાય સંસારના ભાવને નાશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વ્યાખ્યા. દિગંબર સંતો કુંદકુંદાચાર્ય પોકારે છેને જુઓને. પોતે પોકારે છેને પાઠ જ તે. આહા..હા..!

પ્રાયઃ બળતાથી, ઉત્કૃષ્ટતાથી ઉત્કૃષ્ટ ભાવે જે આત્માનો પરમધર્મ જે જ્ઞાન. પર્યાયની વાત અત્યારે નહિ. આ ભણે, ગણે એ જ્ઞાન નહિ. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય એ અહીં નહિ. ત્રિકાળ ઉત્કૃષ્ટ જ્ઞાન પરમધર્મ એવો જે આત્મા એને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. વસ્તુને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! કહો, એવું છે ક્યાંય આવો અર્થ?

અંદર પાઠમાં છે જુઓને. આહા..હા..! એ તો રાત્રે કહ્યું હતું નહિ? ઘણું કહ્યું હતું કે જ્યારે સમતા કહીએ પર્યાયમાં ત્યારે એ સમતાનો પિંડ જ છે આત્મા. એના અવલંબે સમતા

પ્રગટે છે. જ્યારે ઉત્તમ ક્ષમા પર્યાયમાં આવે એમ કહીએ. ઉત્તમ ક્ષમા ધર્મ પર્યાયમાં. ત્યારે એ ઉત્તમ ક્ષમા જ એ છે સ્વરૂપ ત્રિકાળી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારે એને પર્યાયમાં સમાધિ આવે આનંદની. સમાધિ આવશેને અધિકાર. પણ એ વસ્તુ પોતે જ સમાધિસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જ્યારે પર્યાયમાં આલોચના આવે, જોવું ત્રિકાળને તો એ ત્રિકાળ જોવા સ્વરૂપ જ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારે એને એમ કહીએ કે દર્શન ઉપયોગ પર્યાયનો, દર્શન ઉપયોગ પર્યાયનો, ત્યારે એને એમ કહેવું કે ત્રિકાળી દર્શનોપયોગસ્વરૂપ છે એ ત્રિકાળી દર્શન ઉપયોગસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારે એને જ્ઞાનોપયોગ કહીએ મતિ, શ્રુત કે કેવળનો, એ પર્યાયનો ઉપયોગ કહીએ ત્યારે એ વસ્તુ ઉપયોગસ્વરૂપ ત્રિકાળ છે, ત્રિકાળ ઉપયોગસ્વરૂપ જ છે. આહા..હા..! એને આશ્રયે પર્યાયનો ભાવ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યારે એને સમ્યગ્દૃષ્ટિ પર્યાયમાં કહીએ ત્યારે ત્રિકાળદૃષ્ટિસ્વરૂપ જ છે. એ નિયમસારમાં આવી ગયું ભાઈ પહેલું. દર્શન ઉપયોગમાં દૃષ્ટિ નાખી દીધી કારણ દૃષ્ટિ. એ અર્થ આ છે. ક્ષાયિકસમકિત આદિ પ્રગટ્યું એ તો પર્યાયનું, પણ એ ત્રિકાળ દૃષ્ટિસ્વરૂપ જ છે, કારણ દૃષ્ટિસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતું એવી છે, ભાઈ! આ માર્ગ એવો વીતરાગનો છે, પણ એને દ્રવ્ય હાથ ન આવે ત્યાં સુધી વીતરાગ હાથ આવે નહિ. બહારના વીતરાગ હાથ આવે પણ આ હાથ ન આવે. આહા..હા..! ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ જ છે. ત્યારે વીતરાગ પર્યાય પ્રગટી ત્યારે પર્યાયમાં વીતરાગતા થઈ, પણ એ સ્વરૂપ જ વીતરાગ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિયમસારે તો ગજબ કામ કર્યું છે! એ દિગંબર સંતો કેવળીના કેડાયતો એણે અંતરના કપાટ ખોલીને વાતું કરી છે. આહા..હા..!

ભગવાન! તું એ કેવળજ્ઞાનની પર્યાય એટલો પણ તું નહિ. આહા..હા..! તું તો ઉત્કૃષ્ટ જ્ઞાનની મૂર્તિ અંદર છો. ચૈતન્યપ્રતિમા, ચૈતન્યમૂર્તિ છો. શ્રીમદ્દે કહ્યુંને ચેતન પ્રતિમા થા. એ તો પર્યાયમાં કીધું. સ્થિર ચૈતન્યપ્રતિમા થા. તે વસ્તુ સ્થિર ચૈતન્યપ્રતિમા સ્વરૂપ જ છે ઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આચાર્યે, મુનિરાજે કામ કર્યું છેને ટીકા કરીને. કારણદૃષ્ટિ. કારણદૃષ્ટિ એટલે? કારણ દર્શન ઉપયોગ તો ત્રિકાળ છે એમાંથી દર્શન ઉપયોગની પર્યાય આવે છે, એમ કારણદૃષ્ટિ ત્રિકાળ છે એમાંથી ક્ષાયિકસમકિતની પર્યાય કારણદૃષ્ટિમાંથી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કારણપરમાત્મા કહો કે એમાંથી કાર્યપરમાત્મા આવે છે. આ બધા બોલ એના જ છે. આહા..હા..! ડોલાવી દીધો છે આખો અંદરથી. ભગવાન! તું મોટો છો, પ્રભુ! તને ખબર નથી. તું રાગવાળો નહિ, પુણ્યવાળો નહિ, સંસારવાળો નહિ, કુટુંબવાળો નહિ, એક સમયની પર્યાય જેટલો તું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યારે કેવળજ્ઞાન પ્રત્યક્ષસ્વરૂપ છે. સ્વરૂપપ્રત્યક્ષ છેને? ત્યારે કહે છે કે એ વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ

છે. આહા..હા..! ગજબ વાત કરી છેને. રાતે થોડી કીધી હતી. આ તો ઓલા હમણા જરી... આહા..હા..! જ્યારે કેવળજ્ઞાન એક સમયનું પ્રત્યક્ષ છે ત્યારે વસ્તુ ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે. સ્વરૂપપ્રત્યક્ષ જ ત્રિકાળ છે. આહા..હા..! એવી શૈલી લીધી છેને ટીકાકારે. ગજબ વાત છે! એ આમાંથી બધું નીકળે છે આ ૧૧૬માં જે પ્રાયશ્ચિત્તનો અર્થ કર્યો એમાંથી બધા ભાવો (નીકળે છે). સમજાણું કાંઈ? દ્રવ્યનું સ્વરૂપ જ એવડું મોટું છે એ પહેલો એને ખ્યાલ કરાવ્યો છે. સમજાય છે કાંઈ? જે કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય આવે, મોક્ષનો માર્ગ સાચો, તો એ પોતે સમ્યગ્દર્શનસ્વરૂપ જ છે, સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે, સમ્યક્ચારિત્ર વીતરાગસ્વરૂપ જ છે, એવો જે આત્મા એને ધ્યેય બનાવીને જેની પરિણતિ ઉભી કરી એમાં પરિણતિમાંથી આમાંથી સમ્યગ્દર્શનનો પર્યાય આવ્યો. જે દર્શનસ્વરૂપ જ છે. સમ્યગ્દર્શનસ્વરૂપ હોં, એમાંથી દર્શન પર્યાય આવી. સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે એમાંથી સમ્યગ્જ્ઞાન પર્યાય આવી. આહા..હા..! અને દર્શન ઉપયોગસ્વરૂપ ત્રિકાળ છે તો એમાંથી કેવળદર્શન ઉપયોગ આવ્યો. કહો, સમજાણું કાંઈ? કહો, મહેન્દ્રભાઈ! આવી વાતું છે આ. આહા..હા..!

કુંદકુંદાચાર્યે તો કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા છે. આહા..હા..! તપસ્યા જ્યારે કહો ચારિત્રની ઉગ્ર પુરુષાર્થ દશા ઈચ્છા નિરોધ તો એ ભગવાન પોતે પરમતપસ્વરૂપ જ છે. એટલે કે ઈચ્છા વિનાની એ ચીજ છે ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? આહા..હા..! આ તો આ ૧૧૬મો બોલ છે. ૧૧૬ ગાથા છેને? આહા..હા..! એવો જે વસ્તુનો સ્વભાવ એને એણે પ્રથમમાં પ્રથમ શરૂઆતમાં દૃષ્ટિ કરવા જેવી છે. એ વસ્તુના સ્વભાવની જ દૃષ્ટિ કરવા જેવી છે બસ. એની શરૂઆત અહીંથી થાય છે. ત્રિકાળ વસ્તુ આવી છે તેની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન કે જેવું પૂર્ણ સ્વરૂપ છે. પૂર્ણને પૂર્ણ રીતે પ્રતીતમાં લેવું પર્યાયમાં ત્યારે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! આવો ધર્મ કેવો હશે આ તે! અને જૈનનો ધર્મ આવો હશે? અમને તો અત્યાર સુધી એમ હતું કે દયાઓ પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. હવે સાંભળને. વ્રત અને તપ ને અપવાસ એ બધો વિકલ્પ છે. એ વિકલ્પ તો એના સ્વરૂપમાં નથી, પણ જે નિર્વિકલ્પ પર્યાય થાય છે ધર્મની.. આહા..હા..! એ ત્રિકાળી નિર્વિકલ્પ સ્વરૂપ જ છે. મહેન્દ્રભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..! દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના કક્કા ઉભા કર્યા છે. આહા..હા..!

કહે છે કે કેવળજ્ઞાનનો પર્યાય પ્રત્યક્ષસ્વરૂપ છે ત્યારે એ પ્રત્યક્ષસ્વરૂપ છે એ કોનો અંશ છે? સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ જ છે એનો એ અંશ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે, ધર્મનો આવો ઉપદેશ. એમાં બિચારા સાધારણ હવે... ભાઈ! એ સાધારણ નથી, પ્રભુ! તું મહાપ્રભુ છો. આહા..હા..! આ તારા તો વખાણ ચાલે છે કે તું આવડો છો, એવો છો. કોઈપણ પર્યાયની નિર્મળતાના કાળે તે પર્યાયનું જે મૂળ સ્વરૂપ છે તેવડો તું આખો છો. સમજાણું કાંઈ? આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ જે દયા,

દાનના કે વ્યવહારશ્રદ્ધાના એ તો એનામાં નથી, પણ એ પર્યાય થઈ કેવળજ્ઞાનની એ પણ એમાં નથી. કેમકે એ તો મોટો મહાસાગર છે. સ્વરૂપપ્રત્યક્ષનો સાગર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાટણીજી! આવી વાતું ત્યાં કલકત્તામાં નથી. આહા..હા..!

ત્રણલોકના નાથને જગાડવાની આ કળા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ! તું પૂરો છોને. આહા..હા..! જે જે ગુણની પર્યાય પ્રગટ થાય તે તે રૂપે તું પૂરો અંદર છો. આહા..હા..! અને તે પર્યાય દ્રવ્યને આશ્રયે થાય એમ કહેવું છે.. આહા..હા..! એક શબ્દ છે ભાઈ ચિદ્‌વિલાસમાં કે પર્યાયની સત્તા ગુણની સત્તા વિના છે. આ વળી નવું આવ્યું. પર્યાયનું હોવાપણું ગુણના ભાવ વિનાની એ સત્તા છે. સમજાણું? શું કહેવું છે? કેવળજ્ઞાનાદિની જે પર્યાય છે એ ગુણની સત્તા વિનાની છે, પોતાની સત્તાથી છે. આહા..હા..! શું કીધું સમજાણું કાંઈ? એ ત્યાં .. બાપુ! આ તો પૂર્ણાનંદના નાથની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે જે પર્યાય સત્ છે એ એના પર્યાયના સત્ છે એ પર્યાયના સત્‌ને કારણે પર્યાય છે, ગુણના સત્‌ને કારણે પર્યાય નથી. આહા..હા..! આ તો જુદી પડી ગઈ. છેને દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ રાતે કહ્યું (હતું). ત્રણે સત્—દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. પણ અહીં તો પહેલા એમ લીધું કે ભાઈ! એ પર્યાય દ્રવ્યને આધારે થાય, પર્યાય ગુણને આધારે થાય એમ કહે.. કારણ બતાવ્યું. પછી કહે કે પર્યાયની સત્તા પર્યાયની સત્તાને કારણે છે. ગુણની સત્તાને કારણે પર્યાયની સત્તા નથી. આહા..હા..! છોટાભાઈ! એનું એક પર્યાયનું સત્ત્વ પણ પોતાની સત્તાથી છે, ગુણની સત્તાને લઈને નહિ. આહા..હા..! પ્રેમચંદજી! આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની સત્તા છે. એ તો આવી ગયું છે, ભાઈ! એની સત્તા છે એ પર્યાયની સત્તા પર્યાયની સત્તાથી છે. એમ પર્યાયના ક્ષેત્રને કારણે પર્યાય છે. એના કારણે ક્ષેત્ર (છે), ધ્રુવના કારણે ક્ષેત્ર નહિ. ભાઈ! આ ના પાડે છેને, પર્યાયનું ક્ષેત્ર નથી. એ વળી એકત્વબુદ્ધિ છે. મૂળ પર્યાયબુદ્ધિ આ બધી એકત્વબુદ્ધિ છે. ત્રિકાળી દ્રવ્યને શુદ્ધપર્યાય સાથે લેવું એ એકત્વબુદ્ધિ છે પર્યાય સાથે દ્રવ્યની. દ્રવ્યની એકત્વબુદ્ધિ નથી ત્યાં. આહા..હા..! પર્યાયની બુદ્ધિ (છે). એમ પ્રદેશત્વ પર્યાયની સત્તા છે એ એની સત્તાને લઈને પર્યાય છે અને એ પર્યાય છે એ એના ક્ષેત્રને લઈને એ પર્યાયનું કારણ એનું ક્ષેત્ર છે. એ તો આવ્યું હતું ભાઈ પહેલા નહિ? આમાં કહ્યું હતુંને? '.. કા કારણ પર્યાય જ છે એક વાત.

પર્યાયની સત્તા. લ્યો, આમાં જ આવ્યું આ તો. મેં કીધું ક્યાં હશે. પર્યાયની સત્તા ગુણ વિના જ કારણ છે. પર્યાયની સત્તા ગુણની સત્તા વિનાનું કારણ છે. ગુણની સત્તા છે માટે પર્યાયની સત્તા છે એમ નહિ. આહા..હા..! ગજબ વાત છેને! એય..! આ તો સર્વજ્ઞ પરમાત્મા... આહા..હા..! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ એને આ દ્રવ્ય, ગુણની પર્યાય જાણી

અને કહી એવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય કોઈ ઠેકાણે નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! અને તે પણ એક દિગંબર ધર્મમાં સર્વજ્ઞનો સ્વભાવ જે વર્ણવ્યો એવો બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી કોઈપણ સંત લ્યો દિગંબર, અલૌકિક વાતું બધી, બાપા! એ પક્ષની વાત નથી. લક્ષ કરવાયોગ્ય વસ્તુ શું છે એની એ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચંદુભાઈ હોત તો .. જામી છે એમ કહે જરી. એય..! નવરંગભાઈ! એ આવવાના છે. નહિ? આહા..હા..! બાપા! માર્ગ એવો છે. આહા..હા..!

તારી પ્રભુતાની શું વાત કરવી? કહે છે. પરમેશ્વરતા જે પર્યાયમાં પ્રગટ થાય એનો અર્થ કે તું પરમેશ્વરસ્વરૂપ જ છો ત્રિકાળ. આહા..હા..! એ ત્રિકાળ પરમેશ્વરસ્વરૂપને આશ્રયે પર્યાયની પરમેશ્વરતા પ્રગટ થાય છે. એમ કહેવું એ પહેલું હજી કારણકાર્ય બતાવવા, પછી તો પર્યાયનું કારણ પર્યાય છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ પોતે પર્યાયની સત્તા છે. આહા..હા..! આવો માર્ગ! આહા..હા..! આવી વાત દિગંબર સંતો સિવાય આવો સત્‌નો ભણકાર ક્યાંય નથી. આહા..હા..! હજી માણસને પક્ષ લાગે આ. અહીં પક્ષ નથી, પ્રભુ! સાંભળ, ભાઈ! આ તો વાસ્તવિક જિનેન્દ્ર આત્મા એનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. આહા..હા..! લ્યો! ..આવ્યુંને એ? ૮૯.

ગુણ વિના જ પર્યાયની સત્તા છે. ગુણની સત્તા છે માટે પર્યાયની સત્તા (છે એમ) નહિ. આહા..હા..! 'પર્યાયિકા સૂક્ષ્મત્વ પર્યાયિકા કારણ હૈ.' પર્યાયનું સૂક્ષ્મપણું એનું-પર્યાયનું કારણ છે. પર્યાયની સૂક્ષ્મતા એનું કારણ છે, પરવસ્તુ નહિ, ગુણ દ્રવ્ય નહિ. આહા..હા..! કેટલા દિગંબર ગૃહસ્થો દિપચંદજી ગૃહસ્થ શ્રાવક, પણ વસ્તુ વર્ણવે છે જુઓને. આહા..હા..! દૃષ્ટિની અપેક્ષાએ તો કેવળીની દૃષ્ટિ એ સમકિતીની દૃષ્ટિ. એમાં ફેર શું છે? ચારિત્રમાં ફેર. સ્થિરતા ઓછી-વત્તી એ ફેર હોય ચોથે, પાંચમે, છઠ્ઠે. પણ દૃષ્ટિ તો જેવી તિર્યંચની સમકિતીની દૃષ્ટિ, તિર્યંચ સમકિતીની એવી દૃષ્ટિ સિદ્ધની. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ તો જુઓ, ભાગ્ય વિના બાપા આ મળે એવું નથી. એને સાંભળવું મળે એ ભાગ્ય હોય એને મળે. અને ભાગ્ય ઓલા કહે છેને, આહા..હા..! 'ભાગ્ય હીનકો નહિ મળે ખરી વસ્તુકા યોગ. દ્રાક્ષ પકે જબ બાગમાં તો કાગમુખ આવત રોગ' કાગડાના મુખમાં રોગ આવે ત્યારે દ્રાક્ષ પાકે ત્યાં બાગમાં, એટલે ખવાય નહિ. તાળવા ઓલા થઈ જાય લાલ-લાલ કાગડાને અને અહીં દ્રાક્ષ પાકે. એનો રસ ઝીલી ન શકે. રસ હોયને એ ઝીલી ન શકે. આહા..હા..! એમ સત્ય વાતને સાંભળવાને કાળે પણ ભાગ્યવાન હોય એને આ મળે એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પ્રાયશ્ચિત્તસ્વરૂપ દ્રવ્યને કીધુંને એ ઉપરથી લીધું. નવરંગભાઈ!

હવે આમાં દયા પાળવાનું કાંઈ રહ્યું નહિ. નહિ? એ કહેતા હતા પાછળ. કોક યાદ કરતું

હતું તમને. પણ સ્વદયા જે અહિંસા છે પર્યાયમાં, પણ એ સ્વરૂપ જ અહિંસાસ્વરૂપ જ છે. ભગવાન આત્મા રાગ વિનાનું સ્વરૂપ તે અહિંસાસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને? ૮૯ કીધું. 'ગુણ વિનાનું છે. પર્યાયનું સ્વરૂપ નથી. પર્યાયને વીર્યપર્યાયનું કારણ છે.' શું કીધું? પર્યાયની શક્તિ છે એ પર્યાયને કારણ છે. ગુણની શક્તિ એ પર્યાયને કારણ નથી. સમજાણું કાંઈ? આવો વખત કોઈવાર આવે. ભાઈ! આ તો વળી. મલૂકચંદભાઈ! આહા..હા..! પ્રભુ! ભગવાન! તું જો તો ખરો તું કેવું તત્ત્વ છો?

પછી. 'પર્યાયનું પ્રદેશત્વ પર્યાયને કારણ છે.' નવરંગભાઈ! પર્યાયનું પ્રદેશત્વ જે અંશ છે એ પર્યાયને કારણે છે. ધ્રુવનું પ્રદેશ એને કારણ નથી. આહા..હા..! લ્યો! દેવીલાલજી! આહા..હા..! ... આહા..હા..! હવે તું હા તો પાડ, પ્રભુ! આવું છે એ હા તો પાડ. ભાઈ! આહા..હા..! આગ્રહ છોડી દે બીજો. વસ્તુસ્થિતિ આવી છે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** ..પરમાણુમાં રહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાણુનો એક પર્યાય એવો છે. પરમાણુના પર્યાયનું અસ્તિત્વ પરમાણુના દ્રવ્ય-ગુણને લઈને નથી. ઓલું પદ નાખ્યું છે. કાળાણુમાં ક્યાં છે પ્રદેશ ભેદ? પણ બે પ્રદેશ હોય તો પ્રદેશભેદ કહેવો એમ કોણે કીધું? એ કુતર્ક છે. કુતર્ક દૃષ્ટિ બુદ્ધિ મિથ્યા. કુજ્ઞાન એ બધી વાતું. આહા..હા..! એક પરમાણુમાં પણ દ્રવ્ય તે દ્રવ્ય છે અને ગુણ તે ગુણ છે. એ દ્રવ્ય-ગુણનો પ્રદેશ એક. એક પ્રદેશ. એક પ્રદેશનો છેલ્લો જે એમાંથી પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયની સત્તાને કારણે પર્યાય છે, ગુણની સત્તાને કારણે પર્યાય નથી. આવે કે નહિ એમાં એ? એય..! પંડિતજી!

**શ્રોતા :-** .. પહેલા કેમ ન કીધું? ગુણ તો અનાદિનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માટે કીધુંને પર્યાયનું કારણ પર્યાય કીધી. એ કાળે પોતે પર્યાયનું કાર્ય પર્યાયને કારણે છે. આહા..હા..! ગુણને કારણે એ કાર્ય નહિ. આહા..હા..!

'પર્યાયનું પ્રદેશત્વ...' બહુ સારી વાત છે. આહા..હા..! પર્યાયની સ્વતંત્રતાના ઢંઢેરા છે. નિર્મળ પર્યાય, કહે છે કે એ નિર્મળ પર્યાયની સત્તાને કારણે નિર્મળ પર્યાય છે. ગુણની અને દ્રવ્યની સત્તાને કારણે નિર્મળ પર્યાય છે એમ નહિ. અને એ પર્યાયનું પ્રદેશત્વ જે અંશ છે ક્ષેત્રનું એ એને કારણે પર્યાય છે. ધ્રુવના ક્ષેત્રને કારણે પર્યાયનું ક્ષેત્ર છે એમ નહિ. આહા..હા..! આવી વાત. ભેદજ્ઞાન કરાવ્યું છે. પરથી તો ભિન્ન પણ પર્યાયથી દ્રવ્ય ભિન્ન. સમજાણું કાંઈ? કહો, કુંવરચંદજી! આવો માર્ગ છે. આહા..હા..! દિગંબર સંતોએ જગતને નિહાલ કરી નાખ્યા છે. આહા..હા..! એને ખ્યાલમાં બેસી જાય એટલે નિહાલ થઈ ગયો. સમજાણું કાંઈ? લ્યો! એ કહ્યુંને?

'પર્યાયનું પ્રદેશત્વ...' પર્યાયનું પ્રદેશત્વ એમ લીધું, હિંમતભાઈ! ગુણનું પ્રદેશત્વ. પ્રદેશ ભલે એક હોય, પણ જે અંશ પર્યાયનો અંશ છે એ પર્યાયનો અંશ એ પ્રદેશત્વ એને કારણ

છે. ગુણનું પ્રદેશત્વ એને કારણે નહિ. આહા..હા..! પાછું ભેદજ્ઞાન કર્યું છે. પર્યાયની વચ્ચે બેનું. સમજાણું? આહા..હા..! પછી કહ્યું, ઉત્પાદ-વ્યય કારણ છે અને ..ઉત્પાદ-વ્યય કારણ છે અને પર્યાય કાર્ય છે એમ. એનું ઉત્પાદ-વ્યય કારણ છે. ધ્રુવ મૂળ કારણ છે એમ નહિ. છે? ઉત્પાદ-વ્યય કારણ અને .. ઉત્પાદ-વ્યય પોતે કારણ અને એ પર્યાય કારણ એમાં ને એમાં. આહા..હા..! જુઓને, આ દિપચંદજી ગૃહસ્થાશ્રમમાં સમકિતી હતા. કેવળીની વાણીમાં અને સમકિતીની વાણીમાં શ્રદ્ધામાં ફેર કાંઈ નથી, સ્થિરતામાં ફેર છે. જરી સાધુને સ્થિરતા ચારિત્રની આવા ભાનસહિત હોય. એકલા નગ્ન ફરે, પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી, એ કાંઈ સમકિત પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'ઉત્પાદ-વ્યય કારણ છે અને કાર્ય ઉત્પાદ-વ્યયને પર્યાય જાણે સાથે એ પર્યાયનું કારણ છે.' ઉત્પાદ-વ્યય પર્યાયનું કારણ છે એમ લીધું. પર્યાયનું કારણ દ્રવ્ય-ગુણ નથી. છે? 'ઇસલિયે પર્યાય કારણ છે અને પર્યાય કાર્ય છે.' છે? આહા..હા..! ઉત્પાદ-વ્યય કારણ છે અને એ પર્યાય તેનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ! લ્યો, વળી આ અહીં આવી ગયું. આહા..હા..!

'**ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ**...' પાછો એમ. બોધ છેને? ખાસ '**તે ખરેખર પરમ બોધ છે—એવો અર્થ છે. બોધ, જ્ઞાન અને ચિત્ત જુદાં પદાર્થો નથી.**' બોધ કહો, જ્ઞાન કહો, ચિત્ત એટલે જ્ઞાનસ્વરૂપ એ ત્રણે વસ્તુ એક છે. ચિત્ત એટલે મન ન લેવું અહીં. ચિદ્ '**જ્ઞાન, બોધ અને ચિત્ત જુદાં પદાર્થો નથી.**' એનું વિશેષ છે પણ હવે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૮, મંગળવાર, તા. ૧૧-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૬, કળશ-૧૮૩, પ્રવચન નં. ૯૧

'**ભાવાર્થ :- જીવ ધર્મી છે**...' છે? '**જીવ ધર્મી છે**...' એટલે? ધર્મનો ધરનાર છે. ધર્મ એટલે? જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે સ્વભાવ એને એ ધરનાર છે. એથી જીવ ધર્મી છે એમ કહ્યું. '**અને જ્ઞાનાદિક તેના ધર્મો છે.**' જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ એના ધર્મો છે. એણે ધારી રાખ્યા છે. '**પરમચિત્ત અથવા પરમજ્ઞાનસ્વભાવ**...' હવે કહે છે જ્ઞાનાદિ તેના ધર્મો છે એમ બે વાત થઈ. '**પરમચિત્ત અથવા પરમજ્ઞાનસ્વભાવ જીવનો**...' ધર્મો તો ઘણા છે, કહે છે આત્મામાં, પણ એમાં '**પરમચિત્ત અથવા પરમ**

**જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ** છે.' સમજાય છે કાંઈ? જીવ ધર્મી છે, એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ એના ધર્મ છે ત્રિકાળ. એમાં જ્ઞાન છે એ ઉત્કૃષ્ટ ધર્મ છે. પ્રાયશ્ચિત્ત શબ્દ છેને એટલે. આહા..હા..!

'**પરમચિત્ત...**' એટલે પરમજ્ઞાનસ્વભાવ જીવનો, પરમજ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ, ખાસ વિશેષધર્મ છે. સમજાણું કાંઈ? '**માટે સ્વભાવ-અપેક્ષાએ...**' બહુ મુદ્દાની રકમ છે આ તો. ત્રિકાળી જીવદ્રવ્ય એ ધર્મી. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ એના ધર્મ. ધર્મ એટલે ગુણો ત્રિકાળ. એમાં પણ પરમજ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષ ખાસ ધર્મ છે. સમજાણું કાંઈ? ધર્મ એટલે અંદર સ્વભાવની વાત છે અત્યારે. પર્યાયમાં ધર્મ થાય એ પછી પ્રશ્ન. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય ધર્મ .. હોય તો પર્યાયમાં આવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર વસ્તુ પોતે છે એમાં ધર્મી એને કહીએ વસ્તુને, જીવને, પણ એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ધર્મો છે. માટે તે ધર્મનો ધરનાર માટે ધર્મી. હવે એ ધર્મમાં પણ ઉત્કૃષ્ટ જે ચિત્ત નામ જ્ઞાન એ વિશેષધર્મ છે, ખાસ ધર્મ છે એનો સ્વભાવ ત્રિકાળ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**માટે સ્વભાવ-અપેક્ષાએ...**' આ જ્ઞાન ઉત્કૃષ્ટ એનો ખાસ ત્રિકાળ સ્વભાવ છે એ કારણે '**જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે...**' એ જીવદ્રવ્ય પોતે પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. પ્રાયશ્ચિત્ત. પ્રાયઃ એટલે ઉત્કૃષ્ટપણે ચિત્ત નામ પરમજ્ઞાનસ્વભાવ માટે જીવને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**માટે સ્વભાવ-અપેક્ષાએ...**' ત્રિકાળી જ્ઞાનસ્વભાવ ઉત્કૃષ્ટ વિશેષધર્મ. એ સ્વભાવની અપેક્ષાએ જીવ દ્રવ્યને '**પ્રાયઃ ચિત્ત છે...**' ઉત્કૃષ્ટ જ્ઞાન. પ્રાયઃ નામ ઉત્કૃષ્ટ, ચિત્ત નામ જ્ઞાન. બહુળતાએ જ્ઞાનસ્વભાવ, ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવ, મુખ્ય વિશેષ જ્ઞાનસ્વભાવ એથી તેને જીવને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. પર્યાયની વાત અત્યારે નથી. સમજાણું કાંઈ? એ પછી પર્યાયની વાત આવશે. આહા..હા..! '**અર્થાત્ પ્રકૃષ્ટપણે જ્ઞાન છે.**'

હવે કહે છે કે '**જે પરમસંયમી...**' જીવો '**આવા ચિત્તને શ્રદ્ધે છે...**' પરમજ્ઞાનસ્વભાવ એવો ચૈતન્યનો સ્વભાવ (છે) માટે પ્રાયશ્ચિત્ત જીવને જ કહેવામાં આવે છે. આવું જીવનું જે સ્વરૂપ એને જે સંયમીઓ તો આવા ચિત્તને પરમજ્ઞાન શ્રદ્ધે છે. આહા..હા..! એ પૂર્ણાનંદ ત્રિકાળ જ્ઞાનસ્વભાવ એવો જીવનો ધર્મ, એવું જે એનું પ્રાયશ્ચિત્તસ્વરૂપ એને જે જ્ઞાનથી એને શ્રદ્ધે છે. શ્રદ્ધાની પર્યાયથી તેને શ્રદ્ધે છે. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં જ્ઞાનથી પહેલી વાત છે. જ્ઞાનથી જાણે છે માટે શ્રદ્ધે છે. જ્ઞાન કેમ કીધું? કે પરમજ્ઞાન જે છે એને જ્ઞાનની પર્યાયથી જાણે છે અને શ્રદ્ધે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત આકરી! જગતને આ વાત બેસવી એવી કઠણ. અશક્ય નથી,

પણ કઠણ લાગે.

**શ્રોતા :-** સ્વભાવનું વલણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું વસ્તુનું સ્વરૂપ જ છે. કહે છે કે ધર્મ એને થાય કે જે ધર્મી એવો આત્મા પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે તેને જે શ્રદ્ધે, એને જાણે એને ધર્મ થાય. જુગરાજજી! આવી વાત છે. આહા..હા..!

ત્રણ વાત થઈ. એક તો જીવદ્રવ્ય છે તે ધર્મી છે. એક. .. છે એના ગુણ છે તે એના ધર્મ છે. બે. અને તેથી ધર્મમાં પણ જ્ઞાન પરમસ્વભાવ ધર્મ ઉત્કૃષ્ટ છે. માટે તે જીવને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! એવો પ્રાયશ્ચિત્ત એવો પ્રાયઃ નામ ઉત્કૃષ્ટ વિશેષ ખાસ જ્ઞાનસ્વભાવને જે ધારે છે, એને જે શ્રદ્ધામાં લે છે, શ્રદ્ધામાં એને લે છે, જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવે છે અને એમાં સ્થિર થાય છે એને ધર્મ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત, બાપુ! જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એણે જે કહ્યો જીવ, એણે જે કહ્યો એનો ધર્મ સ્વભાવ ત્રિકાળ અને એને આશ્રયે થતી પર્યાય ધર્મ એ દ્રવ્ય, ગુણ અને પર્યાય કોઈ ઉત્કૃષ્ટ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી એને દ્રવ્ય, ગુણ અને પર્યાયના શબ્દની ખબર ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. સામાયિક કરીએ, પોષા કરીએ. ધૂળેય નથી કાંઈ સાંભળને. સામાયિક ક્યાંથી આવી તારે? સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવો માર્ગ છે, ભાઈ!

જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એણે કેવળજ્ઞાનમાં એમ જોયું કે આ જીવ આત્મા છે તે ધર્મી છે. ધર્મી એટલે? ધર્મ પર્યાયનો કરનાર એમ અત્યારે નથી. ધર્મી એટલે જ્ઞાન, આનંદ આદિનો ધરનાર માટે ધર્મી. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા ધર્મ.. સમજાણું કાંઈ? એવા સ્વભાવને ધર્મ એટલે જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવને એટલે ધર્મને ધરે છે, ધારે માટે ધર્મી. એવો જે ધર્મી એને અહીંયાં પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે. કેમકે બધા ધર્મમાં જ્ઞાન તે ઉત્કૃષ્ટ, વિશેષ, ખાસ ધર્મ છે, માટે તે પ્રાયેઃ ઉત્કૃષ્ટ જ્ઞાનનો ધરનાર માટે તેને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પ્રાયશ્ચિત્ત એટલે એવા ઉત્કૃષ્ટ જ્ઞાનને, વિશેષ ખાસ જ્ઞાનસ્વભાવને ધારે છે માટે તેને પ્રાયશ્ચિત્ત કહીએ. એ પ્રાયશ્ચિત્તને જે શ્રદ્ધે છે.. સમજાણું કાંઈ? એવો જે દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, પરમાત્મસ્વભાવ જ એ જીવનો છે. આહા..હા..! એવા જીવસ્વભાવને જે એની સન્મુખ થઈને એને શ્રદ્ધે છે. એ સન્મુખ થયો એ જ શ્રદ્ધે છે, આહા..હા..! ઝીણી વાત ભારે! જેની શ્રદ્ધામાં ત્રિકાળી પ્રાયશ્ચિત્ત જ્ઞાનસ્વરૂપ તે શ્રદ્ધામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એ શ્રદ્ધાની પર્યાય સમ્યગ્દર્શન થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! જિનેન્દ્રનો માર્ગ કોઈ જુદી જાતનો. અત્યારે કાંઈકનો કાંઈક હલવે વીતરાગને બહાને. ન મળે એને ખબર દ્રવ્યની, ન ખબર મળે એના ગુણની અને એને સામાયિક ને પોષા ને પડિક્કમણા ને અપવાસ ને ભક્તિ ને જાત્રા

કરો, ધર્મ થાશે. ધૂળમાંય ધર્મ નથી સાંભળને. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહારધર્મ તો થાશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારધર્મ પણ ક્યાંથી? નિશ્ચય હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. જેને હજી પરમસત્ય પ્રભુ અનંત-અનંત જ્ઞાનાદિ સ્વભાવનો ધરનાર એવો જીવ તે પ્રાયશ્ચિત્તસ્વરૂપ એને જેણે દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવ્યું નથી, શ્રદ્ધામાં તેને શ્રદ્ધયો નથી એને ધર્મના શરૂઆતનો એકડો પણ નથી એને તો. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે, ભાઈ!

**શ્રોતા :-** ધર્મનો એકડો એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મનો એકડો એ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન એ પર્યાય એ ત્રિકાળીને શ્રદ્ધે તે પહેલો એકડો છે. એ સમ્યગ્દર્શન વિના જ્ઞાન હોય નહિ સાચું, એને ચારિત્ર હોય નહિ, વ્રત-તપ એને હોય નહિ. આ સમ્યગ્દર્શન વિના જે આ વ્રત-તપ કરે એ તો બાળતપ અને બાળવ્રત છે. અજ્ઞાનીઓના વ્રત અને અજ્ઞાનીઓનું તપ છે આ. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ!

**શ્રોતા :-** ..અપવાસ કરે અને આવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ધૂળ એવા તો અનંતવાર કર્યા. અપવાસ કર્યાને? ઉપવાસ ન કર્યો એણે. આવું જે જ્ઞાનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત એની સમીપે જઈને વસ્યો નહિ અને અપવાસ કરીને લાંઘણ કરી એ તો બધી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** આજના જુવાનો અપવાસ નહિ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે ન કરો કોણ કરતું હતું? એ તો વિકલ્પ આવશે એને આવ્યા વિના રહેશે નહિ. આહા..હા..! ઓહો..હો..! આજ તો ભાઈ ઓલા દિશાએ ગયા હતાને ત્યાં. ત્યાં ઓલો છોકરો કાલે મરી ગયો હતોને. લોહી જોયું સવારમાં. આહા..હા..! લોહી જોયું લોહી. મરી ગયો ત્યાં કાંટા નાખ્યા છે જોવા માટે. સવારે પોલીસ જોવે ખરાને. હું દિશાએ (ગયો ત્યારે). પોણા છએ મરી ગયો ત્યાં. એ બસ બિચારી આવતી હતી અને એમાં કુંભારનો છોકરો હતો ૧૭ વર્ષનો. અહીંથી ગાડાનું ઓલું પૈડું હોયને રબ્બરનું સુધારવા આવ્યો હશે કાંઈક. શું કહેવાય? પંક્ચર. એ લઈને જાતો હતો અને એ પહેલો જ લથડ્યો હતો એના પહેલા જ તે. ઓલો ભાર ખરોને. એમાંથી સામું બરાબર જ્યાં ઓલું છે નેરુ-નેરુ. એ જ્યાં બસ આવી. જો બસ આમ કરવા જાય તો બસ ઓલીકોર પડી જાય. આ જો આમ કરવા જાય તો આનીકોર પડી જાય. એમાં અથડાણો. આહા..હા..! અમે દરરોજ ત્યાં જઈએ છીએને. એ નેરાની ઓલીકોર દિશાએ આઘે જરી. .. પડ્યો હતો. બસ પડી હતી. શું કહેવાય? સાયકલ પણ પડી હતી અને ઓલું પૈડું જે લઈને આવતો હતો એ પણ પડ્યું હતું. અને જ્યાંથી ઘસડાણો ત્યાં પથરા મૂક્યા હતા ઝીણા અને જ્યાં મરી ગયો ત્યાં

તો લોહી... લોહી... લોહી.. આ બધું. આમ ગળા ઉપર આવી ગયું. ૧૭ વર્ષનો. આ દશા! જુઓ, આવી દશા અનંતવાર થઈ છે. આહા..હા..! એ અકસ્માત નથી. તે કાળે તે થવાનું જ હતું. દુનિયાને અકસ્માત લાગે. આહા..હા..! એ આમ અથડાણો એ મુંઝાઈ ગયો બિચારો છોકરો. એમ કે આમ લઈ જવું કે .. બીજા સાથે અથડાણો .. ઓલા બિચારાએ કરી હતી ઓલી શું કહેવાય તમારે? બ્રેક મારી હતી. એના બાપને ખબર પડી અને આવ્યો હતો. ચાર જણા જાલ્યા ન રહે. મને આપો મારો છોકરો.. મને આપો મારો (છોકરો). પણ ઓલા પોલીસ .. વિના શી રીતે કરે? એવો બિચારો આમ. સૂતો ... મને મારા છોકરાની લાશ આપો. ચાર જણા જાલે તોપણ ન રહે. આહા..હા..! આવા અનંતવાર મરણ કર્યા છે, ભાઈ! આ કાંઈ પહેલું મરણ નથી. એણે પણ કર્યા છે એમ આણે એવા અનંતા ભવ કર્યા છે, ભાઈ! ભૂલી ગયો પણ એ.

**શ્રોતા :-** અનંત-અનંત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત પણ કોને કહે, બાપુ? આહા..હા..! અનંત અનંતને અનંતગુણા ગુણે તોપણ અનંતકાળનો અંત નથી. આહા..હા..! અનંતને અનંતગુણા ગુણે, અનંતને અનંતગુણા એક અને એવા અનંતગુણે બે અને એવા અનંતગુણે ત્રણ એમ કરતા અનંતવાર ગણે એથી પણ આ આદિ-અંત નથી શરૂઆતનો અનાદિ... અનાદિ... અનાદિ... આહા..હા..!

સવારમાં તો નહોતું આવ્યું? કે દ્રવ્યલિંગ ધારણ કરીને પણ કોઈ સ્થાન બાકી નથી રાખ્યું જન્મ-મરણ વિના. દ્રવ્યલિંગ એ નહિ. દ્રવ્યલિંગે તો મરે મનુષ્ય ક્ષેત્રમાંથી. સમજાણું કાંઈ? પણ દ્રવ્યલિંગ ધારણ કરીને પણ પછી અનંતવાર દરેક ક્ષેત્રે જન્મ્યો અને મર્યો છે. આહા..હા..! સાધુ દેખી દ્રવ્યલિંગ ધારણ કર્યા નગ્ન, પંચમહાવ્રતના કોઈ વિકલ્પ રહ્યા, પણ વસ્તુ અંદરની દૃષ્ટિ જિનભાવના, જિન નામ વીતરાગી સ્વરૂપ તેની ભાવના, એકાગ્રતા વિના બધું નિષ્ફળ ગયું છે એનું. આવ્યું હતુંને સવારમાં આવ્યું હતું. ભાવપાહુડ. જિનભાવના. જિનભાવનાનો અર્થ જ એ છે. જિન એટલે આત્મા વીતરાગસ્વરૂપ છે આખો. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ. યહી વચનસે સમજ લે જિન વચનકા મર્મ.' આહા..હા..! એ ભગવાન આત્મા જિનસ્વરૂપી કહો, પ્રાયશ્ચિત્તસ્વરૂપ કહો, એકલું જ્ઞાનસ્વરૂપ કહો, એકલો અકષાયસ્વભાવ કહો, એકલો આનંદસ્વભાવ કહો, એવો બધો આત્મા એક જ છે એ જાત. આહા..હા..! એની એણે શ્રદ્ધા ન કરી. એ વસ્તુ જે શ્રદ્ધવી જોઈએ તે શ્રદ્ધી નહિ અને એ વિના પછી વ્રત ને તપ કરી કરીને મરી ગયો, સુકાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર મુનિપણા લીધા અને ગ્રૈવેયક અનંતવાર ગયો 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતના પરિણામ દુઃખરૂપ રાગ છે, દુઃખરૂપ છે. આહા..હા..! અરેરે! વિકલ્પ છે એ આસ્રવ છે. એનાથી ભિન્ન ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન ન વેદ્યું. જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન કરીને જ્ઞાનને ન વેદ્યું. આહા..હા..!

એટલે સમકિત ન થયું. આહા..હા..!

અહીં એ કહે છે ‘જે કોઈ **પરમસંયમી...**’ અહીં તો સંયમની મુખ્યતાથી વાત લીધી છે. પણ કોઈપણ સમકિતી, આવો જે જ્ઞાયકભાવ છે તેને જે શ્રદ્ધે છે અંદરથી એ સમકિતી છે. એ ધર્મને એણે ઓળખ્યો અને ધર્મ એને પ્રગટ થયો છે. આહા..હા..! ભારે વાતું! જુગરાજજી! આ બધા કહે છે મંદિર-મંદિર કરાવે અને દયા, દાન કરે એ બધો શુભભાવ છે એમ કહે છે, એ ધર્મ નહિ. એ તો .. આવી ગયું. એણે ચાર લાખ નાખ્યા છેને બેંગ્લોર. માગ્યા હતાને આ. ૧૬ દિ' નહિ? ૧૬ દિ'. ૧૬ દિ'ને જુગરાજજી? ક્લાસ હતો. ૧૬ દિ' રહ્યા હતા. ચાર લાખ નાખ્યા આણે અને આઠ લાખ ઓલા ભભુતમલ. ભભુતમલ આવી ગયા હોં અહીંયાં, જુગરાજજી! ભભતુમલ હમણા આવી ગયા હતા. એ અહીં કહે ધંધો બંધ કર્યો અમે. એ એમ કહે. ભભુતમલ આવી ગયા. આઠ લાખ એણે અને ચાર આણે (નાખીને) બાર લાખનું મંદિર થયું ત્યાં બેંગ્લોરમાં. દિગંબર મંદિર બાર લાખનું. શુભભાવ! ધર્મ નહિ. અહીં તો દાંડી પોકારીને કહેવાય છે પહેલેથી. એ બધા બાર લાખ અને કરોડ રૂપિયા નાખે, મંદિર બનાવે તો શુભભાવ છે. એ બનતા બને છે એને કારણે, ફક્ત કરનારનો ભાવ શુભ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! આવો માર્ગ ભારે! જિનેશ્વરનો માર્ગ. કહે છે કહો, મહેન્દ્રભાઈ! શેઠી ગયા બિચારા. એને પ્રેમ હતો સાંભળતા હતા. હવે એને બે જણા આહાર કર્યો ત્યારે સામે શેઠી ન મળે. આહાર ત્યાં હતોને આજે. શેઠી હોય, હાજર હોય બરાબર. એક તો આ સંસાર એવા છે, બાપુ! સંયોગ તે વિયોગે ચાલ્યો જાય. આહા..હા..!

અહીં તો પર્યાય પણ નાશવાન છે ત્યાં પછી વાત શી કરવી? કેવળજ્ઞાનની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય, પણ એ પર્યાય છે, અવસ્થા એ નાશવાન છે. અવિનાશી ત્રિકાળી ભગવાન તે આત્મા અવિનાશી છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાહ્યપદાર્થની તો શું વાત કરવી? આહા..હા..! ધર્મ જે પર્યાયપણે પ્રગટે. આ કીધુંને શ્રદ્ધે. એ શ્રદ્ધે સમકિત પર્યાય છે, પણ એ નાશવાન છે. એક સમયમાં રહે અને બીજે સમયે (વ્યય થાય). આહા..હા..! થાય ભલે બીજે સમયે એવી ને એવી, પણ એ નહિ. આહા..હા..! આ તો એનો એ જીવસ્વભાવ ત્રિકાળ એનો એ... એનો એ... એનો એ... આહા..હા..! પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે આત્મસ્વભાવ. આહા..હા..! એ પર્યાયને સ્પર્શતો નથી. આહા..હા..! અલિંગગ્રહણમાં ૨૦મો બોલ ૨૦મો. ૧૮મો બોલ એ કે આત્મા ભગવાન અભેદસ્વરૂપ છે એ ભેદને, ગુણભેદને સ્પર્શતો નથી. આહા..હા..! ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એ ગુણના ભેદને સ્પર્શતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** પછી કહ્યું કે દ્રવ્ય-ગુણ-પર્યાયે અભેદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષાએ અભેદ? એ તો પરની અપેક્ષાએ. અરે! પરની અપેક્ષાએ અભેદ. સ્વના ભેદ પાડતા બેય ભેદ છે. આહા..હા..! ઓલા રામજીભાઈનું નામ

દઈને નાખ્યું છેને. ટીકાકાર આચાર્ય શાસ્ત્રને આધારે કહે છે. હરજીવનભાઈ! અરે ભગવાન!

**શ્રોતા :-** રામજીભાઈ પ્રસિદ્ધ થઈ ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રસિદ્ધ પણ એમ કે કર્યું છે એણે. હું માનું છું એ પ્રમાણે અમે શાસ્ત્રનો આધાર કર્યો, એમ કહે છે. આહા..હા..! અરે ભગવાન! શું થાય? આહા..હા..! આવું ધાર્યું નહોતું હોં. આવું (બ્ર.) હરિભાઈ માટે અમે ધાર્યું નહોતું. આ તો ગજબ વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** આ એક જ વાત નો'તી બેસતી કે બીજી પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એકેય વાત બેસે નહિ. જે એકલું દ્રવ્ય ત્રિકાળ... અહીં શું કહે છે?

આવા ચિત્તને, જ્ઞાનસ્વભાવને શ્રદ્ધે છે એમ કીધું. એવો જે ભગવાન જ્ઞાનસ્વરૂપી ધ્રુવ ચૈતન્ય પ્રભુ અનંતગુણનું એકરૂપ એવું દ્રવ્ય એને જે શ્રદ્ધે છે; એ પર્યાય છે, ઓલું ત્રિકાળ છે. આહા..હા..! પ્રવિણભાઈ! આહા..હા..! આવું કરવા બાપા! કેટલા વૈરાગ્યના પ્રસંગ બને છે! સવારમાં જોયું મેં લોહી... લોહી... લોહી... પોણા છએ મરી ગયોને. પછી હજી કાંઈ સાફ કર્યું નહોતું. બસને ઉભી રાખી હતી. એને છોકરાને રજા આપી દીધી મડદાને. એના બાપને આપી દીધો, પણ અહીં બધી તપાસ (ચાલતી હતી). કોનો વાંક છે, કોનું બધું નક્કી કરેને. આ બાજુ જતાં આનો વાંક છે? આ બાજુ આમ વાળતા એ નક્કી કરેને? એ કરે ન કરે એ તો થવા કાળે થઈ ગયું. આહા..હા..! ૧૭ વર્ષનો જુવાન. આ ગળા ઉપર આવ્યું. આ તુમડી ટુટી ગઈ. લોહી... લોહી... લોહી... આમ પડ્યું હતું સવારમાં. ત્યાં દિશાએ એનીકોર જઈએ છીએને. આહા..હા..! આ સંસાર આવો! પર વસ્તુ તો નાશવાન છે, એ એનામાં ક્યાં છે એ? પણ એનામાં જે પર્યાય છે એ નાશવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મા સિવાય આ શરીર, વાણી, મન, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસા ધૂળ બધી એ બધી પરચીજ છે એ તો નાશવાન છે. આહા..હા..!

**શ્રોતા :-** નિત્ય બનાવી શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કરી શકતો નથી. નિત્ય અહીં કરવા માગે એને ઠેકાણે અહીં નિત્ય કરવા માગે છે. નિત્ય વસ્તુ પોતે છે તેને નિત્ય કરીને ઠરવું જોઈએ એને ઠેકાણે આને નિત્ય કરવા આ રહે.. આ રહે.. બાયડી રહે, છોકરા રહે. હવે ધૂળેય નહિ રહે સાંભળને. એ તો બધી પરચીજ છે. એને કારણે આવી અને એને કારણે જાય છે. એ તારી ચીજ છે? એ બાયડીનો આત્મા તારો છે? એનું શરીર તારું છે? એ તો જગતની ચીજ જડની છે, ચૈતન્યથી ભિન્ન છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, ઇન્દ્રો અને ગણધરોની વચમાં ભગવાનની દિવ્યધ્વનિ અત્યારે નીકળે છે. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. આ કુંદકુંદાચાર્ય

ત્યાં જઈને, આઠ દિ' રહીને આ બનાવ્યું છે. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે. એ વાણીમાં ઈન્દ્રો અને ગણધરની વચમાં ભાષા એ નીકળે, પ્રભુ તું કોણ છો? આહા..હા..! તારું અનંતગુણનું રૂપ એવું દ્રવ્ય એવો જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એને જે શ્રદ્ધે તે સમકિતી. તેને ધર્મની શરૂઆત ત્યારે થાય છે. એ વિના ધર્મની શરૂઆત કોઈ રીતે, બીજી રીતે થતી નથી. અપવાસ કર્યા, લાંઘણ કરી, સંથારા કર્યા બબ્બે મહિનાના. મરી જાય સંથારા કરીને, એ ક્યાં ક્રિયા તારી છે? એ તો રાગની ક્રિયા છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, આવો જે આત્મા પ્રાયશ્ચિત્તસ્વરૂપ એને જે શ્રદ્ધે છે. સમકિતી શ્રદ્ધે છે તો સમકિત છે. પરમસંયમી શ્રદ્ધીને ઠરે છે તો તે મુનિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં શ્રદ્ધે છે ત્યાં સુધી સમકિતી લેવો. પછી લીન રહે છે તે મુનિ લેવો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ચોખ્ખી વાત છે. સંદેહ વિનાની ચીજ છે. આહા..હા..! કહે છે, એકવાર તું જ્ઞાન તો કર કે તારી ચીજ કેટલી અને કેવડી છે? વિકલ્પથી તો નિર્ણય કર પહેલો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને આ બિચારા આવા મરીને ક્યાં જાય? ઢોરમાં જાય. એ બિચારા માંસ આદિ તો ખાતા ન હોય આર્ય માણસો. ધર્મ હોય નહિ આ. આહા..હા..! શું થાય? ત્યાં જ વિચાર થયો હતો કે અરે! આ બિચારા બકરા કે કૂતરામાં જન્મે આવા જીવો. અરરર! પડદા પડ્યા અને ચાલ્યા ભાઈ! કારણ કે ધર્મ તો ખબર ન હોય. પુણ્યની પણ ખબર ન હોય, પુણ્ય પણ કર્યા ન હોય, તેમ એવા માંસ અને દારૂ એવા ન પાપ હોય તો નરકમાં તો ન જાય. આહા..હા..! દેવમાં ન જાય. તિર્યંચની ગતિ રહી એક. આહા..હા..! પછી કોઈ એકેન્દ્રિયમાં જાય, કોઈ ઈયળ, કીડે જાય. આહા..હા..! આ ભવ ફરીને ચાલ્યા. અનંતે કાળે મનુષ્યપણું મળે એમાં આ રીતે હારી જાય એ કે દિ' કરે કામ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

સંતોએ સહેલી વાત કરી નાખી છે. આહા..હા..! પ્રભુ! તું આત્મા છો અને આત્મા છે તે અનંતધર્મનો ધરનાર તે ધર્મી છે. ધર્મની પર્યાયની વાત અત્યારે નથી. અંદર વસ્તુએ જે સ્વભાવ ધારી રાખ્યા છે માટે તે સ્વભાવને ત્રિકાળને ધર્મ કહીએ. કેટલાક જુવાનિયા કહે, અમે સમજતા નથી આવું. કાલે એક હતો જુવાન આપણે મારવાડી નહિ? હતો જુવાન છોકરો. આપણે અહીં છેને ઘણા દિ'થી હતો. સુકનરાજની સાથે નથી આવ્યા? ગયા? એ છોકરો જુવાન છે. એના બાપ હતા. સાંભળવા બેસે. ૧૪-૧૫ વર્ષનો હતો. કીધું કાંઈ સમજાય છે? ઈ કહે કાંઈ સમજાતું નથી. ગયા લાગે છે. છોકરો, નાના છોકરો બેય આવતા હતા. મેં પૂછ્યું હતું કાલે. જુવાન ૧૪-૧૫ વર્ષનો છોકરો. કીધું ભાઈ! કાંઈ સમજાય છે? કાંઈ સમજતો નથી કહે. આહા..હા..! શું આ દ્રવ્ય ને શું આ ગુણ શું કહે છે? આત્મા ધર્મી છે. હવે એ ધર્મી એટલે શું? અને જ્ઞાનાદિ એના ધાર્યા માટે એ એના ધર્મ. હવે ધર્મ શું? ધર્મ તો અપવાસ કરે, આ કરે તો ધર્મ કહેવાય લ્યો! એ બિચારો બહુ ચોખ્ખું બોલતો

હતો. અહીંથી બપોરે ત્યાં ગયાને. ભાઈ! તને કાંઈ સમજાય છે કીધું આમાં? શુકનરાજની સાથે નહોતો આવ્યો? એની મા, બાપની મા. બધા આવી ગયા હતા બિચારા ઘણા દિ' રહ્યા. શ્વેતાંબર હતા. આમ બેઠા હતા. પ્રેમથી સાંભળતા. આ ક્યાં શ્વેતાંબર, આ તો આત્માની વાત છે, પ્રભુ! આહા..હા..! અને વાત સાદી ભાષાથી (કહેવાય છે), પણ હવે પરિચય ન મળે જ્યાં (ત્યાં શું થાય?) આ બહારથી સાંભળે અપવાસ કરવા અને ભક્તિ કરવી અને પૂજા કરવી અને મંદિર કરવા અને દાન કરવા, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, તસ્સઉતરી કરણેણં કરવા. પછી જાવજીવ અપ્પાણં વોસરાવે આવે ને છેલ્લું તસ્સઉતરીમાં. કાંઈ ખબર ન મળે. આ શરીર શું છે? .. બોલું એ વિકલ્પ શું છે? એનો જાણનાર અંદર ભિન્ન કોણ છે? કાંઈ ખબર વિના. આહા..હા..! ભવને હારીને ચાલ્યા જાય બિચારા. આહા..હા..!

અહીં કહે છે કે આવો જે પરમસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો. આહા..હા..! એને શ્રદ્ધે છે એ પર્યાય છે. સમજાણું કાંઈ? આવું હોય. બિચારા જુવાનિયાએ સાંભળ્યું ન હોય. શું કહે છે પણ આ? મોટાને હજી ખબર ન મળે બિચારા  એ તો હજી ભણતા હોય. આહા..હા..! અને સમજવા માગે તો આઠ વર્ષનો છોકરો કેવળ પામે છે. રાજકુમાર આઠ વર્ષનો હોય. આહા..હા..! આત્મા છેને. ત્યાં ક્યાં આત્મા દૂર છે? આહા..હા..! પર્યાયને ઊંડે વાળે છે. આવે છેને, ભાઈ! નિયસારમાં નહિ? આ નિયમસાર છેને? ઊંડે-ઊંડે. ઊંડે-ઊંડે છેને. કઈ ગાથામાં? ૧૭મી. ૧૭માં.

'**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને...**' જુઓ, અહીં આવ્યું. એ ૨૬ પાને છે શ્લોકાર્થ. જિનેન્દ્ર જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વરનો કહેલા '**સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર...**' ચૈતન્યચમત્કારમાત્ર જેને અહીં પ્રાયશ્ચિત્ત કીધું એને. આહા..હા..! જેને પ્રાયશ્ચિત્ત કહીએ એ ચૈતન્યચમત્કારમાત્ર છે. આહા..હા..! '**તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઉતરી જાય છે,...**' છે? આહા..હા..! એ પર્યાયને અંદર વાળે છે ઊંડો જઈને, એમ કહે છે. કેમકે પર્યાય તો અસંખ્ય પ્રદેશે છે. આ ઉપર જાય છે અને અંદરના પ્રદેશ ઉપર નથી એમ નથી. બધા પ્રદેશ ઉપર પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઉતરી જાય છે,...**' અંતરમાં ઊંડો... ઊંડો... જાય છે '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે.**' તેને કેવળજ્ઞાનની પર્યાય થશે અને એ કેવળજ્ઞાન એનાથી દૂર નહિ રહે. આહા..હા..! કેવળજ્ઞાન લક્ષ્મી એને પ્રાપ્ત થશે. જે ઊંડો-ઊંડો ભગવાન છે ત્યાં પર્યાયને ઊંડે વાળે છે. આહા..હા..! ગજબ વાત છે, બાપા! દિગંબર સંતોની કથની સર્વજ્ઞના કેડાયતો. આહા..હા..! કહે છે, એકવાર સાંભળતો ખરો, પ્રભુ! આવું મનુષ્યપણું મળ્યું, ભાઈ! આહા..હા..! ચૈતન્યચમત્કાર પ્રભુ આત્મા. જેને અહીંયાં આપણે ૧૧૬માં પ્રાયશ્ચિત્ત કીધું, જેને દ્રવ્યસ્વભાવ કીધું, જેને કારણપરમાત્મા કીધું,

જેને કારણજીવ કીધો. આહા..હા..! એમાં પર્યાયને ઊંડે લઈ જાય છે. કારણ કે પર્યાય ઉપર છે અને ધ્રુવપણું અંદરનું છે. આહા..હા..! આકરી વાત છે. ભાઈ! આ તો જિનેન્દ્રનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વરનો કહેલો છે. એ કાંઈ કલ્પિત .. કરીને કહેલો નથી. આહા..હા..! ભાઈ! તું કોણ છો? તારું ધ્રુવસ્વરૂપ તો ઉત્પાદ-વ્યયની પર્યાયથી અંદર ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જે પર્યાય છે અને ધ્રુવ છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એમ છેને સૂત્ર ઉમાસ્વામીનું? '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. ઉત્પાદ નામ નવી પર્યાય ઊપજે, વ્યય નામ જૂની જાય, ધ્રુવ રહે. હવે જે પર્યાય જે ઉત્પાદની છે... આહા..હા..! એને ધ્રુવમાં ઊંડે લઈને .. જાય કહે છે. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? એના તળિયે લઈ જા પર્યાયને એમ કહે છે ઊંડે. આહા..હા..! કહો, હવે પર્યાયને, દ્રવ્યને શ્રદ્ધે એ ક્યાં આવ્યું આમાં? એય..! નવલચંદભાઈ! એમ કે આ તો બધું દ્રવ્યપ્રધાન કથન છેને અને ઓલું જ્ઞાનપ્રધાન છે ત્યાં પર્યાય સહિત દ્રવ્ય લેવું એમ. એય..! અરેરે બહુ પણ... પર્યાય છે એમ માનવી બરાબર છે. પર્યાય છે, પર્યાય નથી એમ નહિ; પણ પર્યાયસહિત દ્રવ્યને માનવું એમ નથી. દ્રવ્યને માનવું એ પર્યાય છે. આહા..હા..! શું થાય? અરે! જીવે એમ અનાદિથી ટાણા આવ્યા ત્યારે ચુકી ગયો છે.

**શ્રોતા :-** ઉત્પાદ ધ્રુવને શ્રદ્ધે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રદ્ધે છે. અનિત્ય નિત્યને શ્રદ્ધે છે. એવી વાત છે. આ તો ભાઈ! અનંત કાળે ધર્મ શું એ સમજ્યો નથી. સાધુ થયો, પંચમહાવ્રત ધારણ કર્યા, નગ્નમુનિ થયો, દિગંબર થયો, અનંતવાર બહાર જંગલમાં રહ્યો. (તેમ) છતાં આત્મા શું ચીજ છે એની દૃષ્ટિ કરી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

જેને ભગવાન આત્મા ચૈતન્યચમત્કાર મૂર્તિ, ચૈતન્ય પ્રતિમા ધ્રુવસ્વરૂપે બિરાજમાન પોતે છે... આહા..હા..! એમાં વર્તમાન પર્યાય જે ધ્રુવ ઉપર છે, ધ્રુવ ઉપર પર્યાય છે એ પર્યાયને અંતરમાં વાળ. કહો, મણિભાઈ! છે આવું ક્યાંય સાંભળવા મળે છે? નહિ? આવો માર્ગ છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે સાક્ષાત્ કેવળજ્ઞાન થઈને, જાણીને કહ્યું છે. અરેરે! દુનિયાને ક્યાં પડી છે? .. શું થશે મારું? ક્યાં જઈશ? ક્યાં ઉતારા કરશે? આહા..હા..! કારણ કે આત્મા તો અનંતકાળ રહેવાનો છે. જો એણે આધાર લીધો દૃષ્ટિએ આત્માનો તો એ દૃષ્ટિમાં (ધ્રુવમાં) રહેશે અને જો પુણ્ય-પાપનો આશ્રય લીધો તો એ પુણ્ય-પાપ દુઃખમાં રહેશે અનાદિથી. આહા..હા..! બે દશા આમ (છે). જે પર્યાયબુદ્ધિમાં રહેશે એ ચાર ગતિમાં રખડીને મરીને દુઃખી થાશે અને પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યમાં બુદ્ધિ કરશે તો એ પર્યાયથી ભિન્ન દ્રવ્યમાં રહેશે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

૧૦મી ગાથામાં છે. ૧૦મી ગાથાનો કળશ છે. અહીં કહે છે કે પ્રકૃષ્ટપણે જ્ઞાન એટલે

આત્મા. જ્ઞાનનો ઉત્કૃષ્ટ, વિશેષ, ખાસ સ્વભાવ તે આત્મા. તેથી તે આત્માને વસ્તુને પ્રાયશ્ચિત્ત કીધી. એવી ચીજને '**પરમસંયમી...**' નવરંગભાઈ ગયાને ભાઈ આજે. એની બાને જરી પક્ષઘાતની અસર થઈ છે. ભાઈ મોટર લાવ્યા હતા. વજુભાઈ હતા સાથે હમણા ત્યાં. કાંઈક છે. શું કીધું? આવ્યા હતા. બોલવામાં જરા... લઈ ગયા ઘરે. આહા..હા..! ક્યારે થાય દેહમાં. આહા..હા..! નાશવાન ચીજ ક્યારે કેમ પરિણમે એનું સ્વતંત્રપણું છે. આહા..હા..! તું સ્વતંત્ર ચૈતન્ય છો એને સંભાળને, બાપા! એ (શરીર) સંભાળે રહેશે નહિ અને જવા ટાણે રાખ તો રહેશે નહિ. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાન એને જે શ્રદ્ધે એ પર્યાય છે. સમ્યગ્દર્શનની પર્યાય છે એ અને એથી આગળ જઈને એમાં લીન રહે તે ચારિત્ર છે. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને શ્રદ્ધે એ સમકિતી છે. અને શ્રદ્ધા ઉપરાંત પછી એમાં લીનતા કરે એ સંયમી ચારિત્ર છે. એનું નામ ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ અને દેહ નગ્નપણું એ કોઈ સાધુપણું ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આવા ચિત્તને (-પરમજ્ઞાનસ્વભાવને) શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે.**' એને પર્યાયમાં વીતરાગ પરિણતિ પ્રગટી એ પ્રાયશ્ચિત્ત છે કે જેનાથી રાગનો નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળ પ્રાયશ્ચિત્ત છે વસ્તુ એને જે શ્રદ્ધે છે અને એમાં લીન રહે છે એ પર્યાયને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. એટલે કે પાપને, પુણ્યને છેદનાર એ દશા છે. જુગરાજજી! આહા..હા..! હવે આ પૈસા-પૈસાની તો કાંઈ કિંમત પણ ન મળે.

**શ્રોતા :-** .. મંદિરો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મંદિરો થાય એમાં... આહા..હા..!

ભગવાન ચૈતન્યજ્યોત અંદર બિરાજે છે. આનંદનો નાથ આહા..હા..! કહ્યું હતું નહિ? શક્કરકંદ હોય છેને શક્કરકંદ, નહિ આ શક્કરકંદ? શક્કરકંદ સમજો છો? શક્કરિયા. અમારે શક્કરિયા કહે અહીં કાઠિયાવાડમાં. એ છાલ લાલ છે એ સિવાય દેખો તો એકલો મીઠાશનો પિંડ છે. આ શિવરાત્રીએ બાફીને ખાયને પછી સાકર નાખીને ખાય. પણ એ મીઠાશવાળું એકલું લાલ છાલ કાઢી નાખો તો એકલો દળ મીઠાશનો પિંડ છે. એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપની છાલ દૂર કરીને જો આત્માને જુઓ તો એકલો આનંદનો કંદ-પિંડ છે. અરેરે! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિને છોડીને દ્રવ્યબુદ્ધિથી જોવે તો કહે છે એ તો આનંદનો સાગર જ છે. જેમ અહીં પ્રાયશ્ચિત્તસ્વરૂપ કીધું એમ એ આનંદસ્વરૂપ જ છે. આહા..હા..! એવા આનંદના નાથને આનંદસ્વરૂપી ભગવાન આત્મા એને જે અંતર્મુખ થઈને શ્રદ્ધે એને સમકિતી કહેવામાં આવે છે. એ ધર્મની શરૂઆતવાળો. પછી આગળ વધે અંદર સ્થિરતા થોડી અંશે કરે તો એ શ્રાવક કહેવામાં આવે છે. આ વાડાના શ્રાવક એ શ્રાવક નહિ. આહા..હા..!

અને લીન અંદરમાં સ્થિરતા કરે. ચરવું, રમવું, જમવું, આનંદને ચરે છે એને ચારિત્ર કહે છે. વ્યાખ્યા બધી બીજી. કહો, ભગવાનજીભાઈ! આવું સ્વરૂપ છે કહે છે, આહા..હા..! '**તેને નિશ્ચયપ્રાયશ્ચિત્ત...**' એટલે પર્યાયમાં. પર્યાયમાં પ્રાયશ્ચિત્ત કીધું. પ્રાયશ્ચિત્ત એટલે વીતરાગી પરિણતિ થઈ એને રાગાદિને ફેરવી નાખ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

'(હવે, **૧૧૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** શ્લોક કહે છે :)...'

(शालिनी)

यः शुद्धात्मज्ञानसंभावनात्मा
प्रायश्चित्तमत्र चास्त्येव तस्य।
निर्धूतांहःसंहतिं तं मुनीन्द्रं
वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम्।।१८३।।

**શ્રોતા :-** તદ્‌ગુણ પ્રાપ્તિ આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે.

'**શ્લોકાર્થ :- આ લોકમાં જે (મુનિન્દ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે,...**' આ જૈનપ્રકાશ આવ્યું છેને ભાઈ! સ્થાનકવાસીનું. એમાં એવું છે. ભીખાલાલ ગીરધર કોક છે. બહુ સારું નાખ્યું છે લખાણ. આત્મજ્ઞાનની અનુભૂતિ વિનાના એ સાધુ સાધુ નહિ. બહુ સારું લખ્યું છે. અહીંનું વાંચ્યું છેને. અહીંનું વાંચ્યું હોય કે નહિ? અને શ્રીમદ્‌માં પણ ઓલા પુસ્તકો હોય એ વાંચ્યા છે. જૈનપ્રકાશ આવ્યું છે કાલે. આ બધો બહુ સારો લેખ છે. જૈનપ્રકાશમાં એવું આવે. વાંચે તો ખરા. આત્માની અનુભૂતિ આનંદના સ્વાદ વિના જે કાંઈ કરવામાં આવે એ બધા દ્રવ્યલિંગીઓ સાધુ જ નથી, એ સંયમી નથી. બહુ લખ્યું છે. સારો લેખ છે. ભલે એમાં વાડામાં પણ વાત તો કરે. આહા..હા..!

જેને આત્મા નિર્વિકલ્પ શાંતિ અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાનની શક્તિ નથી એ બધા દ્રવ્યલિંગીઓ સાધુ જ નથી, એ વંદનને યોગ્ય જ નથી, એમ લખ્યું છે, ભાઈ! આહા..હા..! એ પૂજ્ય નથી વાડાના સાધુઓ, એમ કહે છે. .. જૈનપ્રકાશ છે? ઠીક સારું લખ્યું છે. બધા વાંચ્યા પુસ્તક અધ્યાત્મના. આત્મા અંદર આનંદસ્વરૂપ છે એની અનુભૂતિના વેદન વિના જે કાંઈ ક્રિયા કરવામાં આવે એ બધું દ્રવ્યલિંગીઓ, અજ્ઞાનીઓ, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એય..! એ હવે ભાષા આવી થોડી થોડી બહાર. સ્થાનકવાસીમાં નાખ્યું જૈનપ્રકાશ. આહા..હા..! વાંચ્યું છે. અહીંનું વાંચે છેને. શ્રીમદ્‌માંથી થોડું વાંચે અને અહીંનું વાંચ્યું હશે. ભીખાલાલ ગીરધર છે. મોરબીવાળો છે, નહિ? ભીખાલાલ ગીરધર એ મોરબીવાળો છે. આહા..હા..! જેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નથી, અંતર્મુખમાં આનંદનો સ્વાદ આવીને જેને સમ્યગ્દર્શન નથી એ જીવો મુનિપણાની ક્રિયા આદિ કરે પણ બધા દ્રવ્યલિંગીઓ મિથ્યાદૃષ્ટિ છે. તે સાધુ નથી

અને એ સાધુને પૂજ્ય માનવાલાયક નથી, એમ ચોખ્ખું લખ્યું છે. સમજાણું કાંઈ? ભલે ભાષા હવે કોકની લઈને પણ વાત તો કરે (છે). ત્યાં ક્યાં હતી? આહા..હા..! ઠીક છે બિચારાએ. અરેરે! આવા ટાણે બાપા વખત ચાલ્યા જાય છે. આંખ મીંચાશે દેહ છૂટીને ચાલ્યો જશે. જો વાસ્તવિક સત્ પરમાત્મા જેને કહે છે એ સત્નું શરણ જો ન લીધું (તો) થઈ રહ્યું, ભાઈ! એણે કાંઈ કર્યું નહિ. એને કુતરાના અને કાગડાના અવતારની પેઠે અવતાર ગાળ્યા એણે. માણસપણું હારી જવાના. કાગડા-કૂતરાને માણસપણું મળ્યું નથી અને આને મળ્યું પણ સાર્થક કર્યું નહિ તો કાગડા-કૂતરાના જેવા અવતાર છે એના. ભલે પછી અબજોપતિ હોય અને કરોડોપતિ હોય અને ધુળધાણી હોય. સમજાણું કાંઈ? જુગરાજજી! આહા..હા..!

**'આ લોકમાં જે (મુનિન્દ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે...'** આહા..હા..! શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવના. શુદ્ધાત્મજ્ઞાન એ ત્રિકાળ એની સમ્યક્ ભાવના એ પર્યાય વર્તમાન. આહા..હા..! શુદ્ધાત્મજ્ઞાન, શુદ્ધાત્મસ્વરૂપ. તદ્દન પવિત્ર સ્વરૂપ 'સ્વયં જ્યોતિ સુખધામ' શ્રીમદ્માં આવે છેને એ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ' બાપુ! આમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એમ નથી કહ્યું કે અમારી ભક્તિ કર તો તારું કલ્યાણ થશે. અમને ગુરુને માન તો તારું કલ્યાણ થશે, ત્યાં નથી એમ કહ્યું. ત્યાં તો કહે જીવ આવો છે એનો વિચાર કરીને એકાગ્ર થા.

**શ્રોતા :-** આત્મસિદ્ધિમાં ... ભક્તિ ... એકેય શબ્દ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ બધા માને છેને. એમ કે એમાં આવે છેને કે ગુરુએ કહ્યું એ માને તો સમકિત છે. આવે છેને એ? કારણ ગણી (પ્રત્યક્ષ). આ પ્રત્યક્ષ સદ્ગુરુ ભક્તિ એમાં આવે છે. એટલે એ નાખે ત્યાં. પાઠ એમાં છે. કારણ ગણી પ્રત્યક્ષ. વર્તે સદ્ગુરુ. હા એ. 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ' એ. 'સમકિત તેને ભાસીયું કારણ ગણી પ્રત્યક્ષ.' એટલે ત્યાં વ્યવહાર સ્થાપ્યો. ત્યાં જુઓને એ કહ્યુંને. આહા..હા..! કાઢે ત્યાંથી. આહા..હા..!

**'આ લોકમાં (મુનીંદ્ર) શુદ્ધાત્મજ્ઞાનની...'** શુદ્ધાત્મ વસ્તુ ભગવાન આત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ શુદ્ધસ્વરૂપનો દરિયો ભગવાન. એની જે **'સમ્યક્ ભાવનાવંત...'** સમ્યક્ ભાવનાનો અર્થ અંતરમાં એકાગ્રતા. આહા..હા..! સમજાણું કાંઈ? **'સમ્યક્ ભાવનાવંત...'** સાચી એકાગ્રતાવાળા એમ. સમજાણું કાંઈ? ભાવના એટલે વિકલ્પથી આવો-આવો એમ નહિ. એ ભાવના કહે એ વિકલ્પ છે. ચૈતન્યસ્વરૂપ જે વસ્તુ પૂર્ણાનંદનો નાથ સ્વયં જ્યોતિ આનંદનું ધામ. આનંદનું ધામ એ છે. આહા..હા..! એમાં જેણે સાચી ભાવના, એવા ભાવની સાચી ભાવના. આહા..હા..! એ પર્યાય થઈ. પર્યાય કોને કહેવી એને ખબર ન હોય. જે જૈનદર્શનના મૂળ એકડા—દ્રવ્ય, ગુણ અને પર્યાય એના નામ પણ ન આવડતા હોય અને અમે ધર્મી છીએ. મરીની ચાલ્યો જશે ચોર્યાશીના અવતારમાં ઝોલા ખાઈને. ત્યાં કાંઈ માસીબાના ઘર

નથી કે આવો ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ જુઓને ક્યાં મરે અને ક્યાં ઉપજે? આહા..હા..! ૧૭ વર્ષનો છોકરો મરીને તરત જ ઉપજ્યો હશે બીજે. બકરા, કૂતરાના બચ્ચા એવામાં જાય બિચારા. આહા..હા..! આ બધા મોટા શેઠિયા એ શું છે? ધર્મ વિનાના જે છે અને એકલા પૈસા કરોડો અને અબજોની મમતાવાળા. એ મરીને બધા ઢોર થવાના પશુ. તિર્યંચમાં જ જવાના તે. ધર્મની ખબર ન મળે, પુણ્યની ખબર ન મળે, કેમ પુણ્ય થાય. આહા..હા..! માંસ-દારૂ ખાતા ન હોય બિચારા. હવે એવા પરસ્ત્રી આદિના લંપટી પણ ન હોય એ બિચારા.

**શ્રોતા :-** આપ આશીર્વાદ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશીર્વાદ એ કે આ સમજે એ જાય જ નહિ ક્યાંય. એ તો આત્મામાં રહેશે. આહા..હા..! અમારે કુંવરજીભાઈ હતાને મેં એને કહ્યું હતું. ભાગીદાર હતાને કુંવરજીભાઈને. તે દિ' ૬૬ની સાલની વાત છે. મેં કીધું આખો દિ' આ શું પણ? કાંઈ ધર્મનું સાંભળવું નહિ, સાધુ ગામમાં આવે (તોપણ) કાંઈ નહિ. અને આ રળવું... રળવું... રળવું... એટલે રાતના આઠ, નવ વાગે બંધ કરીને પછી જાય સાધુ પાસે. સાધુની સામું જોવે નહિ આખો દિ'. સ્થાનકવાસી તરીકે હતાને. તે દિ' તો અમે બધા. આ શું છે આ બધું તમારું? કીધું આમાં તમારા લક્ષણ લાગતા નથી દેવલોકમાં જવાના. તો માણસ થવાના લક્ષણ લાગતા નથી. નારકીમાં તો આપણે ન જઈએ. આપણે વાણિયા છીએ એટલે માંસ-દારૂ ખાતા નથી. એય..! ગુલાબચંદભાઈ! એ તમને ખબર છેને? પડતા હતાને જાલી રાખ્યા. નહિ? મેડી ઉપરથી. એ મમતા ઘણી, મમતા 'હું રળું, હું રળું. મેં આ પૈસા પેદા કર્યા છે, મેં આ કર્યું છે, મેં મારી..' ધૂળેય નથી હવે સાંભળને.

**શ્રોતા :-** બીજાની દુકાન ગઈ અને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજાની ગઈ અને મારી રહી એમ. એમાં શું ધૂળમાં હતું હવે? આહા..હા..!

**શ્રોતા :-** .. શેઠ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠે કીધું એમાં શું દાળિયા થયા? પાગલ બધા શેઠ કહે એમાં દાળિયા શું થયા? આહા..હા..! મૂળ વાત એ છે કે નથી પુણ્ય, નથી ધર્મ. હવે જ્યાં આગળ નથી એવા તીવ્ર પાપ કે જે નરકમાં જાય. વાણિયાને તો એવું હોય નહિ. એટલે એને ગતિ જ આ રહી. દામોદરભાઈ! આ તો તે દિ' હોં ૬૬ની વાત છે. ૬૬માં પણ હું ભગત કહેવાતો. મારી સામે બોલે નહિ કોઈ. બોલે નહિ કોઈ, સાંભળે. ભગત છે સાંભળો. મેં કીધું, આ શું પણ આખો દિ' કાંઈ નહિ? ધર્મ શ્રવણ નહિ, વાંચવું નહિ, વિચારવું નહિ આ કીધું. એકલા અમે રળીએ છીએ. ક્યાં જાવું છે તમારે? એય..! ગુલાબચંદભાઈ! પછી છેલ્લે મગજ ફરી ગયું. મરું. દુકાને લઈ જાવ નહિતર મરું. એ મેડીથી પડતા હતા, ભાઈ!

એમાં ગુલાબચંદભાઈ હાજર હતા. એના વેવાઈ થાય ખરાને. પકડી રાખ્યા. આ સ્થિતિ અરેરે! શું એમાં કર્યું શું પણ ધૂળ? આહા..હા..! આ તો વાણિયાના દીકરા. એને વિચારમાં સાધારણ પ્રાણીઓ તો પશુમાં જ જવાના. કાં એકેન્દ્રિય, કાં બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, નહિ દેવલોક, નહિ નરક, મનુષ્યપણું તો ક્યાંથી ... આ ગતિ છે, ભાઈ! આહા..હા..! અને તિર્યંચનું ખાતુ મોટું છે. બહુ તિર્યંચ છે. પંચેન્દ્રિય એટલા બધા ઘણા. દેવની ગતિ કરતાં તિર્યંચ પશુ પંચેન્દ્રિય ઘણા છે. એથી એમાં .. જાય. આહા..હા..! અહીં મોટો કરોડપતિ હોય અને માંસ આદિ ખાધા ન હોય અને દેવલોકના પરિણામ ન હોય એ કૂતરીનું બચ્ચું થાય ગલુડિયું. આવી વસ્તુની સ્થિતિ છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..!

આવું જે શુદ્ધાત્મજ્ઞાન ભગવાન ત્રિલોકના નાથને જેણે અંદર ચોંટ્યો અને જેને **'સમ્યક્ ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ.'** એ સમ્યક્ ભાવનાવંત છે તેને પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત લઈને પાપનો નાશ કરવાની દશા એને છે. **'જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું.'** ભાવના. વિકલ્પ છે એથી કાંઈ ગુણની પ્રાપ્તિ ન થાય, પણ મારી ભાવના તો ગુણની વિશેષ પ્રાપ્તિને માટે છે. એ અધિકાર પૂરો થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૯, બુધવાર, તા. ૧૨-૧૧-૧૯૭૫
## ગાથા-૧૧૭, કળશ-૧૮૪ થી ૧૮૬, પ્રવચન નં. ૯૨

નિયમસાર. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત. ૧૧૭.

किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं।
पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ।।११७।।

**બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,**
**નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.**

**'ટીકા :- અહીં એમ કહ્યું છે કે પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરોને...'** પરમતપશ્ચરણ એટલે આત્માના આનંદમાં લીન એ પરમતપસ્યા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર વિકલ્પ એ આવશે. એ વિકલ્પ છે તે અશુભને ટાળે છે અને નિશ્ચય છે તે શુભ-અશુભ બેયને ટાળે છે. એવી અપેક્ષા લેવી ત્યાં. નિશ્ચય જે

આત્મા આનંદસ્વરૂપ એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને ઉગ્રતા પુરુષાર્થની જેમાં આનંદની વિશેષ દશા પ્રગટ થાય એને અહીંયાં તપસ્યા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. કેટલા અપવાસ કરે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાખ અપવાસ કરે તોપણ આ તપસ્યા નહિ. આ તો અનંતગુણનો પિંડ પ્રભુ એનો સ્વીકાર દૃષ્ટિમાં થઈને એ તરફનું જ્ઞેય કરીને જે સ્વસંવેદન જ્ઞાન થાય એ ઉપરાંત આનંદમાં લીનતા એવું ચારિત્ર અને એ ઉપરાંત આનંદની લીનતાનો ઉગ્ર પુરુષાર્થ એનું નામ તપ. ચંદુભાઈ! આવું છે. આહા..હા..!

'**પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરોને...**' એક તો પરમતપશ્ચરણ એટલે ઉગ્ર આનંદની દશા, અતીન્દ્રિય આનંદની દશા એમાં લીન પરમ જિનયોગીશ્વર. પરમજિનયોગીશ્વર. જિન અને યોગી અને ઈશ્વર. સંયમી લેવાના છેને. વીતરાગચારિત્રવંત લેવા છે. વીતરાગચારિત્ર છે સાતમે ગુણસ્થાને. સમજાણું કાંઈ? પ્રવચનમાં એમ લીધુંને ઓલું વીતરાગચારિત્ર અંગીકાર કરવું. ભાઈ! પહેલી ગાથાઓ. એ વીતરાગચારિત્ર અંગીકાર કરવું એમ કહ્યું છે. અને છઠ્ઠે વિકલ્પ હોવા છતાં હું વીતરાગચારિત્ર અંગીકાર કરું, એમ છે. વીતરાગ ચારિત્ર એટલે સાતમા ગુણસ્થાનમાં થાય એને વીતરાગચારિત્ર કહે છે. આહા..હા..! છઠ્ઠે હજી એક ત્રણ કષાયનો અભાવ છે, પણ હજી વિકલ્પ છે. એટલે હજી એને સરાગચારિત્ર પણ વ્યવહારે કહેવામાં આવે છે.

વીતરાગચારિત્ર. એમ કહ્યું છેને કે હું આગળ વીતરાગચારિત્ર પણ વચમાં કષાયનો કણ આવે છે તેને ઓળંગી જઈને, છોડી દઈને હું વીતરાગભાવમાં આવું છે. આહા..હા..! જુઓ, આ પંચમકાળના મુનિઓ! સમજાણું કાંઈ? વસ્તુ આખી પડી છે પરમાત્મા. આહા..હા..! જેની દ્રવ્યની શક્તિ અનંત, ગુણની શક્તિ અનંત, એક-એક ગુણની પર્યાય અનંત, એની એક-એક પર્યાયની શક્તિ અનંત. આહા..હા..! ઓલોમાં લીધું છેને એ? .. પર્યાય અનંત અને એક-એક પર્યાયમાં નટ. નાચ-નાચ. અને એક-એક પર્યાયમાં અનંત નાચ અને એક-એક નાચમાં અનંત ઠઠ. પર્યાયનું.. એક કેવળજ્ઞાનની પર્યાય લ્યો તો અનંતા કેવળીને જાણે એવી એક સમયની પર્યાય કેટલી તાકાત છે! અનંતા કેવળીને અને ત્રણકાળ, ત્રણલોકને જાણે એક સમયમાં. કેટલી એક પર્યાયની તાકાત આવી! આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય એ સર્વોત્કૃષ્ટ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વોત્કૃષ્ટ પર્યાય. સર્વોત્કૃષ્ટ .. છે. પર્યાય સર્વોત્કૃષ્ટ .. પ્રગટ થઈ. આહા..હા..! ..ભાઈ નથી રાખતા? હોવું જોઈએને.

એક-એક પર્યાયની એટલી તાકાત. આહા..હા..! એવી પર્યાયની અનંતી શક્તિરૂપ ગુણ અને એવા અનંતગુણરૂપ દ્રવ્ય એનો શું મહિમા! એની શું વાત! કહે છે. આહા..હા..! શું વિશેષ કહેવું! એવી એ દ્રવ્યશક્તિ જેમાં અનંત-અનંત સામર્થ્ય આનંદ અને શાંતિ એક-એક

ગુણનું અનંત સામર્થ્ય. એવા અનંતગુણના સામર્થ્યમાં જેનું એકાગ્રપણું વર્તે છે. આહા..હા..! પહેલું તે અનંતગુણનું સ્વરૂપ ભગવાન આત્મા એનો સ્વીકાર વર્તે છે અનંતનો ત્યાં એને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

મોટો પરમાત્મા અનંત-અનંત શક્તિનો સંગ્રહ કરીને પડ્યો છે પ્રભુ. જેની પર્યાયની એક સમયની પર્યાયમાં અનંતી તાકાત જેમાં અનંતા નટ ને ઠઠ ને કેટલી વાત લીધી. કળા ને ભાવ ને પ્રભાવ ને. એક પર્યાયમાં હોં. સામર્થ્ય છેને. એ તો એનો વિસ્તાર કર્યો બહુ ભાઈએ દીપચંદજીએ. થોડું ભાઈએ નાખ્યું છે. સમયસાર નાટકમાં નાખ્યું છે. આહા..હા..! એવો જે ત્રિલોકનાથ આનંદનો સાગર, શાંતિનો સાગર, સ્વચ્છતાનો સાગર, પ્રભુતાનો સાગર, જ્ઞાનનો સાગર, દૃષ્ટિનો સાગર, શાંતિનો, વીતરાગતાનો સાગર. એવા અનંતા-અનંતા કર્તાશક્તિનો સાગર, કર્મશક્તિનો સાગર. આહા..હા..! એવામાં જેની લીનતા થઈ છે. આહા..હા..! શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રસહિત વિશેષ જેની લીનતા છે તેને અહીં પરમતપસ્યા કહેવામાં આવે છે. તપંતિ ઈતિ તપઃ. આત્મા, જેમ સોનાના દાગીનાને ગેરુ લગાડીને જેમ ઓપે સોનું-સોનું. ગેરુ હોયને ગેરુ? ચમક આવે ચમક. એમ ભગવાન આત્માના આનંદમાં એકાગ્ર થતાં શાંતિ અને આનંદની ચમક આવે અંદર. જુગરાજજી! આવું છે આ. આહા..હા..! એવી અંતરની શાંતિ અને અતીન્દ્રિય આનંદનો ગંજ જે પ્રભુ છે એમાં એક સમયમાં એની એકાગ્રતા થતા એની ચમક અતીન્દ્રિય આનંદ અને શાંતિની ઉજ્જ્વળતા એકદમ વધી જાય છે અંદર. આહા..હા..! એને અહીંયાં સંયમપણું અને પરમતપસ્યા કહેવામાં આવે છે. આહા..હા..!

એમાં જે લીન છે '**પરમજિનયોગીશ્વરો...**' એ જિન નામ જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષ જીતીને વીતરાગતા વિજ્ઞાન અને વીતરાગતા જેણે પ્રગટ કરી છે. જિન છેને જિન? જેણે જીત્યું છે અજ્ઞાન અને રાગ-દ્વેષ અને જેણે વિજ્ઞાન અને વીતરાગતા અંતરમાં પ્રગટ કરી છે. આહા..હા..! એવા '**પરમજિનયોગીશ્વરો...**' જિન તો ચોથે ગુણસ્થાને પણ જિનને યોગી કહેવાય. આ તો મુનિ છે. આહા..હા..! અનંત શાંતિના સાગરમાં ભરતી લાવી છે જેણે, અંદર, બાઢ-બાઢ પર્યાયમાં. અંદર અનંત આનંદ અને શાંતિથી ઉછળેલો ભગવાન અંદર ભર્યો છે મોટો. આહા..હા..! ક્ષેત્ર નાનું એનો પ્રશ્ન નથી અહીં. એના સ્વભાવના સામર્થ્યની બેહદતા છે. આહા..હા..! એવા સ્વભાવમાં વીર્યને જોડતાં યોગી કીધુંને. પુરુષાર્થને જોડતાં જે આનંદ અને શાંતિની સ્વચ્છતા એટલી છોળું મારે, જેમ દરિયામાં ભરતી આવે એમ અંદર આત્માની પર્યાયમાં આનંદ અને શાંતિની ભરતી આવે. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા** :- ... ત્રણે શુદ્ધ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રણે. ત્રણે શુદ્ધોપયોગી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- પ્રાયશ્ચિત અને શુદ્ધોપયોગમાં ફેર શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ શુદ્ધોપયોગ થયો એ જ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. એ નિશ્ચય

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રમણતા થઈ એ જ તપસ્યા છે, એ જ પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..! ભિન્ન-ભિન્ન શબ્દે એને સમજાવ્યો છે. આહા..હા..! જુઓને, આચાર્યની શૈલી એક. પરમતત્ત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો વિષય કરે તે સમ્યગ્દર્શન અને એવા પરમતત્ત્વસહિત નિર્મળ પર્યાયનો વિષય કરે તો અંતરસહિત બહિર્તત્ત્વ ભેગું આવ્યું તેને વ્યવહારસમકિત કહેવાય. નવલચંદભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** .. બે થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે થયાને? ..નાથ એક જ સ્વરૂપે પ્રભુ. જેનો વિષય કરતા નિર્મળ પર્યાય પ્રગટ થાય એને પણ ભેગી મળીને શ્રદ્ધા કરવી તો એ વ્યવહારસમકિત છે. આહા..હા..! એકલો પરમાત્મા પૂર્ણ શુદ્ધ ચિદ્‌ઘન. એક-એક ગુણમાં અનંતી શક્તિ, અનંતી પર્યાય. એમ બે વાત લીધી છે. શક્તિ અનંત અને પછી એની લીધી પર્યાય, એમ લીધું છે ચિદ્‌વિલાસમાં કે એ શક્તિવાન જે ભગવાન આત્મા શક્તિવાન એકલો ઈશ્વરવાન ઈશ્વર શક્તિવાન. આહા..હા..! એની એક-એક ગુણ અનંતી શક્તિનો સામર્થ્યવાળો છે. એક-એક ગુણની અનંતી પર્યાય. એક-એક પર્યાયમાં અનંતા કેવળજ્ઞાનીઓને જાણે એવી એની તાકાત પર્યાયમાં. ભલે શ્રુતજ્ઞાનની પર્યાય હોય તોપણ પરોક્ષ રીતે અનંત કેવળીને જાણે એમાં એવી એની તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત...**' એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. સંસાર છેદીને નિર્મળ વીતરાગ પર્યાય જેણે ઉત્પન્ન કરી એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આ પાપ લાગ્યું છે અને અપવાસના પ્રાયશ્ચિત્ત લ્યો. એ નહિ આ. એ વિકારની દશા છે એને ત્રિકાળ જ્ઞાયકભાવની સમીપ જઈને વસે, લીન થાય એને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! ઓલા આલોચનામાં આવ્યું નહોતું? આલોચનામાં. પ્રભુ! વિકલ્પ તો ઘણા છે એના પ્રાયશ્ચિત્ત એટલા બધા ક્યાં છે? લખાણ થોડા પણ ભગવાન ત્રિલોકનો નાથ એમાં જાય છે એ બધા પાપનો નાશ થઈ જાય છે. આહા..હા..!

**શ્રોતા :-** એમાં તો સમીપ આવવું જોઈએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમીપ અંદર જાય એને. આપે એટલે આપનો અર્થ એ આત્મા છે. આહા..હા..! આપ એટલે તે ભગવાન છે તે જ હું છું. આહા..હા..! એ બધા વિકલ્પ છે એટલા તો પ્રાયશ્ચિત શાસ્ત્રમાં હોય નહિ, પણ એ બધા વિકલ્પનો ભુક્કો એક આનંદના નાથના સમીપમાં જતાં લીન થાય ત્યાં બધો ભુક્કો ઉડી જાય છે. આ છે. એવી વાત છે. એની શ્રદ્ધામાં તો એક માર્ગ આ છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. છેને?

'**એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે...**' લ્યો! એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત કીધું, પરમ આચરણ કીધું, પરમશાંત ચારિત્ર કીધું, પરમમોક્ષનો માર્ગ કહ્યો.

એને અનેક પ્રકારે વીતરાગ વિજ્ઞાનદશા જ્યાં પ્રગટી અંદરમાં એને પરમ આચરણ કહેવામાં આવે છે. આહા..હા..! **'બહુ અસત્ પ્રલાપોથી બસ થાઓ,...'** કુંદકુંદાચાર્ય પોતે કહે છે. આહા..હા..! ઘણા વિકલ્પથી એને ભેદ પાડીને કહેવું એનાથી બસ થાઓ, કહે છે. આહા..હા..! **'બસ થાઓ, બસ થાઓ.'** એમ છેને? **'अलमलम्' 'बहुभिरसत्प्रलापैरलमलम्'** એમ શબ્દ છે. માથે છે ટીકા એમાં જ તે. એના ઉપર જ છે સંસ્કૃત ટીકા બીજી લીટી. **'अलमलम्'** બસ છે. છેને? બીજી લીટી છે ૨૩૬ પાને. **'बहुभिरसत्प्रलापैरलमलम्'** ઘણું શું કહીએ? કહે છે. આહા..હા..! બસ થાઓ, બસ થાઓ. ત્રણલોકના નાથને જે અંદરમાં વળગ્યો છે, ચોંટ્યો છે, લીન થયો એને બધુંય છે. એને શું કહીએ? કહે છે. આહા..હા..!

**'નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમ-તપશ્ચરણાત્મક એવું જે પરમજિનયોગીઓને...'** નિશ્ચયની નિર્મળદશા એની સાથે ભલે વિકલ્પ હોય, એ વિકલ્પ છે તે અશુભને ટાળે છે અને નિશ્ચય છે તે શુભ-અશુભ બેયને ટાળે છે, એવી અપેક્ષા અહીં લીધી છે. નિશ્ચય અને વ્યવહાર બે મોક્ષમાર્ગ કહેવામાં આવ્યા છેને? એમ એ અપેક્ષાએ વાત લીધી છે.

**'નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમ-તપશ્ચરણાત્મક એવું જે પરમજિનયોગીઓને અનાદિ સંસારથી બંધાયેલા દ્રવ્યભાવ-કર્મોના નિરવશેષ વિનાશનું કારણ... '** આહા..હા..! અવશેષ-બાકી રાખ્યા વિનાનું વિનાશનું કારણ. સર્વ કર્મનો ભુક્કો ઉડાવ્યો છે. આહા..હા..! વસ્તુમાં તો કર્મ નથી. હવે પર્યાયને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ પર્યાય દ્રવ્યમાં જુકી ગઈ, કર્મનો નાશ થઈ જાય છે. શું કીધું સમજાણું? પર્યાય છે અશુદ્ધ. એને કર્મના નિમિત્તનો સંબંધ છે. અશુદ્ધને. દ્રવ્યને તો કાંઈ નિમિત્ત સંબંધ છે નહિ. એ અશુદ્ધતાનો આ પર્યાયને નિમિત્ત સંબંધ છે એ જ્યારે પર્યાયને દ્રવ્ય તરફ ઢાળી છે, વર્તમાન પર્યાયના અંશનું લક્ષ છોડી દઈને અધિકપણે અંતરના દ્રવ્યમાં જ્યાં વળ્યો છે, પર્યાયથી અધિક એટલે જુદો એમ... આહા..હા..! અંતરમાં વળ્યો છે એના બધા પર્યાયની સાથે જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતા એ અશુદ્ધતા ટળી જાય છે અને સાથે કર્મ છે એ પણ ટળી જાય છે. આહા..હા..! આવો માર્ગ ભારે. આમાં નાખે કે જુઓ એ વ્યવહાર પણ આ પ્રમાણે છે. પણ અહીં તો નિશ્ચયસહિતનો જરી ભાવ હોય છે એની અપેક્ષા લીધી છે. નિશ્ચય જેને નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન જ નથી એને વ્યવહાર કેવો? આહા..હા..! ખરેખર તો નિશ્ચયસ્વભાવ જે દ્રવ્ય એની લીનતા પ્રગટી તે પર્યાય નિર્મળ તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સદ્ભુત વ્યવહાર છે. નિશ્ચય ત્રિકાળી જ્ઞાયકભાવ જેમાં પર્યાયનો અભાવ એવા જ્ઞાયકભાવને અવલંબીને થતી જે નિર્મળ પર્યાય એ સદ્ભૂતવ્યવહાર છે. આ તો આ વ્યવહાર છેને જરીક એટલે. એ સદ્ભૂતવ્યવહારને નિશ્ચયનો આશ્રય છે. કર્મ ટળી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'બધું શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે...' 'નિરવશેષ વિનાશનું કારણ તે બધું**

**શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય! તું જાણ.**' એમ છેને? 'जाणह' 'जाणह' છેને? ૧૧૭માં ત્રીજા પદમાં છે. '**पायच्छित्तं जाणह**' એમ શબ્દ છેને, એનો અર્થ કર્યો છે. આહા..હા..! '**હે શિષ્ય! તું જાણ.**' આહા..હા..! અનંત શાંતિનો સાગર અકષાય સ્વભાવથી ભરેલો જેની એક પર્યાય ચારિત્રની, શક્તિએ જે અનંત-અનંત શાંતિથી ભરેલો એક ગુણ છે એવા અનંતા ગુણનો સાગર ભગવાન, અરે! જેની નજરે પડ્યો. આહા..હા..! જેની નજરુમાં એ નિધાન આવ્યા અને પછી એમાં લીન થયો પછી એને શું કહેવું, કહે છે. સમજાણું કાંઈ? આવી વાત ઓલા વર્ષીતપ કરે, અપવાસ કરે, નિર્જરા થાય, અપવાસ કરે તો નિર્જરા થાય. એક આર્જિકા કહેતી હતી વડોદરામાં. વયા ગયા ભાઈ? કેવા? ચંદુભાઈ. ગયા? ક્યું ગામ એ? રાણપુર પાસે વેજલકાના છેને એ ભાઈ. એ કહેતા હતા આર્જિકાનું. એ ... તપસ્યાથી ધર્મ ન થાય એ નહિ, ભાઈ! તપસ્યા છે એ નિર્જરા છે, એ એને વળગ્યું. અપવાસ તે નિર્જરા ધૂળેય નથી હવે. તપસ્યા તે નિર્જરા કીધી છે. પણ આ કહે એ તપસ્યા નહિ. ચંદુભાઈ હતા. રાણપુર પાસે છે વેજલકા. દરજી છે. રસ લે છે. આત્મા છે ભાઈ એ તો એમાં ક્યાં... અંદર આત્મા ક્યાં દરજી અને વાણિયો હતો? આત્મા તો છે ઈ છે. આહા..હા..! એમ કે તપસ્યાથી નિર્જરા ન થાય એમ અમે ન માનીએ. પણ કઈ તપસ્યા? એમ કે આ અપવાસ કરીએ, આ કરીએ, ઓળી કરે, રસપરિત્યાગ કરે, અનશન કરે, ઉણોદરી કરે, કાયક્લેશ કરે એવા-એવા અપવાસ કરે તો શરીર જીર્ણ થાય. આનાથી નિર્જરા ન થાય? પણ ભાઈ સાંભળને, એ તારા અપવાસ નથી, લાંઘણ છે. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન પૂર્ણાનંદના નાથની ઉપ નામ સમીપે જઈને એમાં વસવું. અસંખ્ય પ્રદેશનું અનંતગુણનું ધામ તે દેશમાં જઈને વસવું. આ બહારનો દેશ એણે છોડી દેવો. આહા..હા..! સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ. એક-એક પ્રદેશે અનંતગુણ છે. એક-એક પ્રદેશે અનંતગુણ છે. એવા અસંખ્ય પ્રદેશે અનંતગુણ વ્યાપ્યા છે.

**શ્રોતા :-** એક એક પ્રદેશ આખો નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખો નહિ. અસંખ્ય પ્રદેશ એક-એક પ્રદેશે અનંતગુણ એમ કીધું. આખા પૂર્ણ ગુણ એક પ્રદેશમાં હોય એમ નહિ. અસંખ્ય પ્રદેશે પૂર્ણ હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, આને '**શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય! તું જાણ.**' બીજું બધું મૂકી દઈને આ જાણ. આહા..હા..! અખંડાનંદ પ્રભુ આનંદની ખાણ છે, શાંતિની ખાણ છે, સ્વચ્છતાનો દરિયો છે, ઈશ્વરતાનો ભંડાર છે. આહા..હા..! એવા ભગવાન સમીપે જઈને બહારથી વિમુખ થઈને એનાથી સન્મુખ થઈને એમાં રહે એ એનું પ્રાયશ્ચિત્ત છે. આહા..હા..!

'(**હવે, આ ૧૧૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :**)' લ્યો. ગાથા એક અને શ્લોક પાંચ.

(द्रुतविलंबित)

अनशनादितपश्चरणात्मकं
सहजशुद्धचिदात्मविदामिदम्।
सहजबोधकलापरिगोचरं
सहजतत्त्वमघक्षयकारणम्।।१८४।।

'**શ્લોકાર્થ :- અનશનાદિતપશ્ચરણાત્મક (અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું,...**' આ. અનશનાદિ પ્રતપન તપસ્યા એટલે આ. '**સ્વરૂપપ્રતપનરૂપે...**' સ્વરૂપની પ્રતપન. પ્ર- વિશેષ, તપન-શોભા. આનંદની શાંતિની ઉગ્રતા જેને શોભા અંદર પ્રગટી છે. આહા..હા..! એવું '**સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત...**' તપશ્ચરણ છેને? એ '**પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું.**' આહા..હા..! સ્વરૂપપરિણતિએ પરિણમેલું. ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું. વર્તમાન પર્યાયની વાત છે એ. ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું '**એવું આ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું...**' આહા..હા..! એવું આ સહજ- શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું '**સહજજ્ઞાનકળાપરિગોચર...**' સ્વભાવિક જ્ઞાનકળાને ગમ્ય સહજતત્ત્વ ત્રિકાળ. '**સહજજ્ઞાનકળાપરિગોચર...**' સ્વભાવિક જ્ઞાનકળાને ગમ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવું આ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું...**' એને જાણનારાનું સ્વરૂપ. બીજું જાણવું ઓછું હોય એની સાથે સંબંધ નથી, કહે છે. આહા..હા..! સ્વભાવિક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એ ત્રિકાળ. એને '**જાણનારાઓનું સહજજ્ઞાનકળા...**' '**સહજજ્ઞાનની કળા વડે સર્વ પ્રકારે જણાવાયોગ્ય.**' '**સહજતત્ત્વ...**' ત્રિકાળી તત્ત્વ. સહજજ્ઞાનની કળા દ્વારા જાણવાયોગ્ય એવું સહજ ત્રિકાળી તત્ત્વ. '**અઘક્ષયનું કારણ છે.**' એ પુણ્ય અને પાપના નાશનું કારણ છે. અઘ એટલે પાપ. પાપ એટલે અહીં પુણ્ય અને પાપ બેય. અઘ એટલે '**અશુદ્ધિ; દોષ; પાપ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર અઘ છે.)**' સમજાણું?

'**સહજજ્ઞાનકળાગોચર...**' સ્વભાવિક જ્ઞાનકળાથી જણવાલાયક એવું સહજતત્ત્વ '**તે અઘક્ષયનું કારણ છે.**' આહા..હા..! અહીં તો સહજતત્ત્વ અઘક્ષય ક્ષયનું કારણ કહ્યું. એ તો પર્યાયથી નાશ થાય છે, પણ એ દ્રવ્ય જ એવું છે, કહે છે. સહજતત્ત્વ એવું છે કે પરિજ્ઞાન, સર્વથા જ્ઞાનકાળગમ્ય છે એવું સહજતત્ત્વ પુણ્ય અને પાપના ક્ષયનું કારણ છે. પુણ્ય અને પાપના બેયના નાશનું કારણ આ છે ભગવાન સહજતત્ત્વ. એટલે કે જે સહજ સ્વભાવિક ભગવાન આત્મા એમાં પુણ્ય-પાપ છે નહિ અને એનો આશ્રય લેનારને, એ સહજતત્ત્વનો આશ્રય લેનારને વિકારીભાવ અને કર્મ નાશ થઈ જાય છે એટલે સહજતત્ત્વ જ નાશનું કારણ છે એમ કહેવામાં આવે છે. ૧૮૪ થયો કળશ-કળશ. ૧૮૫.

(शालिनी)

प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्
स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम्।
कर्मव्रातध्वान्तसद्बोधतेजो
लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि।।१८५।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- જે** (પ્રાયશ્ચિત્ત) **આ સ્વદ્રવ્યનું ધર્મ અને શુક્લરૂપ ચિંતન છે...**' ભાષા દેખો. ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપી ચિંતન. એટલે કે આ પ્રાયશ્ચિત્ત સ્વદ્રવ્યની એકાગ્રતારૂપ ધર્મધ્યાન અને શુક્લધ્યાન '**જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે...**' આહા..હા..! જે પ્રાયશ્ચિત્ત આ સ્વદ્રવ્યનું. સ્વદ્રવ્ય ત્રિકાળી જ્ઞાયકભાવનું ચિંતન. ધર્મ અને શુક્લરૂપી ચિંતન. ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપી એકાગ્રતા. અહીં એ ધર્મધ્યાન લેવું છે. ઓલું વ્યવહારધર્મધ્યાન કીધું છે એ વિકલ્પ નહિ. નિશ્ચયધર્મધ્યાન. ત્રિકાળી વસ્તુમાં શુદ્ધ ચૈતન્યમાં ચિંતવન કરવું એટલે એકાગ્ર કરવું. શુદ્ધ દ્રવ્યને એકને અગ્ર કરીને, મુખ્ય કરીને તેમાં એકાગ્રતા થવી એને ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે. આહા..હા..! આ તો આત્માના જ્ઞાન વિના, ભાન વિના સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે. ધર્મધ્યાન કરો છો? કહે હા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કહ્યું હતું. ભેગા થયા હતા ઘણા વર્ષ પહેલા. ૯૦માં. પછી બધા માણસ ભેગા થયા. ચારસો-પાંચસો બહારથી આવ્યા. બેઠા હતા બધા બોટાદ. મૂળચંદજી પૂછે. એ હતા બોટાદ બરવાળા પાસે છેને .. પાણવી-પાણવી. ક્યાં ગયા ચીમનભાઈ? પાણવી-પાણવી. પાણવી નહિ? ત્રણ ગાઉ પાણવી. એ વિશાશ્રીમાળી હતાને ત્યાં નાનચંદભાઈ હા એ. એ ઉજમશીના મામા થાય. ઉજમશી રોજકાવાળા. એ પાણવી એને ત્યાં ગયા છીએ. પાણવી ઉતર્યા હતાને એક ફેરી ગયા હતા ત્યાં. તો એ નાનચંદભાઈ આવેલા, બધા આવેલા, માણસ બહુ આવ્યું હતું. મૂળચંદજી પૂછે કેમ ધર્મધ્યાન થાય છે? હા. સામાયિક, પોષા, પડિક્કમણા. પછી વાત ચાલતા એ વાત આવી કે ભાઈ! આ પરમાણુનું શરીર જે છે એ તો અનંત પરમાણુનું બનેલું સ્કંધ-પિંડ છે. એ એક ચીજ નથી આ. ત્યારે એણે પ્રશ્ન કર્યો. ત્યારે કેટલા પરમાણુનો આત્મા બન્યો હશે? લ્યો આ ધર્મધ્યાન એને કહે. આહા..હા..!

**શ્રોતા :-** ...આત્મારામ રાતો હોય કે ધોળો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એક અર્જિકા હતી એણે પૂછ્યું હતું. એક અર્જિકા હતી એને પૂછ્યું કે આત્મા રાતો હોય કે ધોળો? પહેલો હોય રાતો અને પછી થાય ધોળો. કાંઈ ખબર ન મળે. ઘણું માણસ હતું. આ બોટાદની વાત છે. ૯૦ની વાત છે. ૯૦ની સાલ. ઘણા વર્ષ થઈ ગયા. ૪૧-૪૨. ધર્મધ્યાન કરો છો? હા. પછી ચર્ચા ચાલી આ. એ કહે

આ સ્કંધ છે કર્મ રજકણનો પિંડ છે. આ શરીર તો અનંત રજકણનો પિંડ છે આ, તો એક દ્રવ્ય નથી આ. અનંતા રજકણ રહે. સોનાની કણી હોય આટલી એ અનંતા રજકણનો પિંડ છે. ત્યારે એણે પ્રશ્ન કર્યો ધર્મધ્યાન ખુબ કરીએ છીએ એને. કેટલા રજકણનો આત્મા બન્યો હશે? અરે!

**શ્રોતા :-** .... આત્મા ન બને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે કેટલા પ્રદેશી છે? તો જુદું, પણ આ કેટલા પરમાણુનો બન્યો હશે આત્મા? લ્યો, આ ધર્મધ્યાન. એ વિશાશ્રીમાળી હતા એ. ચંદુભાઈ! પાણવી-પાણવી ત્યાં. આનીકોર છેને. ત્યાં ગયા હતાને. એ પાણવીની આની કોર હતાને આ રજની આ રાજકોટવાળા નહિ? રજનીભાઈનું ત્યાં ઓલું હતું કારખાનું. ત્યાં ગયા હતા એકફેરી. આનીકોર. પાણવીની આનીકોર. આહા..હા..! કાંઈ ખબર ન મળે.

અહીં તો આત્મા અનંતગુણનો પિંડ એ ગુણ એ કોઈ એક રજકણ નથી, જેમ પ્રદેશ છે એ કોઈ રજકણ નથી, એ તો પ્રદેશ અરૂપી અંશ છે. આહા..હા..! અરૂપી અસંખ્ય પ્રદેશનો પિંડ તે આત્મા છે. એ એનો દેશ છે. એ દેશમાં અનંતા ગુણો વસેલા છે ગામ-ગામ. એક દેશમાં અનંતા ગુણરૂપી ગામ વસ્યા છે. આહા..હા..! એક પરમાણુમાં અનંતા છે. જેટલા આત્મામાં એટલા પરમાણુમાં છે. એક પરમાણુ પોઈન્ટ એમાં અનંત રજકણ. ન દેખાય જરી ઝીણો રજકણ આમ. એ અનંત રજકણનો પિંડ છે. સ્કંધ છેને. પ્રકાશ હોયને સૂર્યનો. ઘરમાં અંધારું હોય, પણ તારા જરી નળિયાનું ઓલું હોય તો પ્રકાશ પડેને તો એમાંથી દેખાય ઝીણા.. ઝીણા... ... એ એક-એક આટલામાં અનંતા પરમાણુ છે. એક-એક પરમાણુમાં જેટલા આત્માના ગુણ છે એટલા એનામાં ગુણ છે. વસ્તુ ક્યાં... આહા..હા..! વસ્તુનું ક્ષેત્ર મોટું હોય તો ગુણ ઝાઝા એમ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત પ્રદેશી આકાશ એટલે એનો સત્તાગુણ મોટો એમ છે? પહોળો મોટો એટલે સામર્થ્ય મોટું એમ છે? એક સત્તા પરમાણુમાં એક ગુણ છે, એમાં પણ અનંતી તાકાત છે. એવી આખા આકાશમાં એક જ સત્તાગુણ વ્યાપક છે એની સત્તા એટલી જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સત્તાગુણની એક સમયની પર્યાય જે છે એમાં પણ અનંતી તાકાત છે. આહા..હા..! પરમાણુની અને આત્માની બેયની હોં. આહા..હા..! અહીં તો ભેદજ્ઞાન કરાવ્યું. રાગથી, પુણ્યથી, પાપથી તો ભિન્ન છે, પણ પર્યાયનું જે ક્ષેત્ર છે એનાથી ધ્રુવ ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! ગજબ વાત છે! આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એ પર્યાય છે અંશીમાં એ આખી પર્યાય આમ ઢળે છે. એને ખરેખર જેટલું ક્ષેત્ર એ આમ ઢળી જાય છે. વળી જાય છે આમ. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે..' એવી વાત છે. જિનેશ્વરદેવની વાણી અને એનું કહેલું તત્ત્વ અલૌકિક છે. એને જેણે જાણ્યું એને સંસાર રહે નહિ. આહા..હા..! કેમકે એ તત્ત્વમાં સંસાર ઉદયભાવ

છે નહિ. એવા તત્ત્વને જે અંદર જાણે.

‘**હે શિષ્ય! તું જાણ.**’ એમ કહ્યુંને? આહા..હા..! પૂર્ણાનંદનો નાથ એના અવલંબે જે નિર્મળદશા થઈ એને તું પ્રાયશ્ચિત્ત જાણ. આહા..હા..! એના વડે સંસારનો નાશ થઈને મુક્તદશા પ્રગટ થાય છે. આહા..હા..! અધ્યાત્મની વાતમાં જાણે એની એ વાત આવતી હોય એમ લાગે, પણ ભિન્ન-ભિન્ન અપેક્ષાથી બધી વાત કરે છે. પ્રાયશ્ચિત્ત, સમાધિ આદિ આવશેને. પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન પછી આ પ્રાયશ્ચિત્ત છે. હવે .. થઈ. આહા..હા..! ‘**શુક્લરૂપ ચિંતન...**’ આ પ્રાયશ્ચિત્ત જે આ સ્વદ્રવ્ય જે વસ્તુ છે ચૈતન્યસૂર્ય પૂર્ણાનંદ અને પૂર્ણ શક્તિનો સાગર એવું જે સ્વદ્રવ્ય એનું ચિંતન. એ પર્યાય થઈ. સ્વદ્રવ્ય એ ત્રિકાળ વસ્તુ થઈ. એની એકાગ્રતા. ચિંતન એટલે એકાગ્રતા. વિકલ્પથી ચિંતન એમ નહિ. એનું ચિંતવન નામ એમાં એકાગ્રતા એ ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. સમજાણું કાંઈ?

‘**જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે...**’ આહા..હા..! જે ચિંતન સ્વદ્રવ્યમાં એકાગ્રતા જે પર્યાય અને સ્વદ્રવ્યમાં એકાગ્રતા કરી એવો જે ભાવ એ કર્મના ઢગલાના અંધકાર. કર્મ તે અંધકાર છે. આ ચૈતન્યસૂર્ય છે આ. એ રાગાદિ અને કર્માદિ જે અંધકાર છે એને નષ્ટ કરવા માટે ‘**સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે...**’ સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે. આહા..હા..! ‘**અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે—**’ આહા..હા..! પોતાના નિર્વિકાર મહિમામાં લીન એવું આ પ્રાયશ્ચિત્ત એમ. પૂર્ણાનંદ સ્વભાવની મહિમામાં લીન છે ‘**એવું આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે.**’ આહા..હા..! એમાં કહ્યું હતુંને એ? ૮૫. પહેલી લીટીને? ‘**ह्युत्तमानामिदं**’ પહેલી લીટીને. પ્રાયશ્ચિયત એ ‘**ह्युत्तमानामिदं**’ ઉત્તમ પુરુષોને હોય છે, ધર્માત્માને હોય છે એમ કહે છે. આહા..હા..! આ તો એકલું માખણ છે. એની શ્રદ્ધામાં લે તો ખરી કે ચીજ આ છે. એવી ચીજમાં લીનતા થવી તે જ પ્રાયશ્ચિત્ત છે. તે જ સંસારના અભાવ કરવાનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે.**’ આહા..હા..! કાયરોને, આળસુને આવું હોતું નથી, એમ કહે છે. જેના પુરુષાર્થની ઉગ્રતા ચૈતન્ય પ્રત્યે ઢળી ગઈ છે, ત્રિકાળી જ્ઞાયક સ્વદ્રવ્યમાં જેની વર્તમાન એકાગ્રતા પરિણતિ ઢળી ગઈ છે અંદર, આહા..હા..! એવા ઉત્તમ પુરુષોને આવું પ્રાયશ્ચિત્ત હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૮૫ કળશ થયો.

૧૮૬.

(मंदाक्रांता)

आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण
ज्ञानज्योतिर्निहतकरणग्रामघोरान्धोकारा।
कर्मारण्योद्भवदवशिखाजालकानामजस्रं
प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती।।१८६।।

આહા..હા..! '**શ્લોકાર્થ :- યમીઓને...**' યમી એટલે સંયમી. '**યમીઓને (-સંયમીઓને)...**' સ વધાર્યો સંયમીઓને. સંયમી એટલે આત્મદર્શનપૂર્વક જેને સમ્યક્ પ્રકારે સ્વરૂપમાં લીનતા થઈ છે. આહા..હા..! એવા સંયમીઓને '**આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે—**' કોઈ શુભક્રિયાથી આત્મલબ્ધિ પ્રાપ્ત થાય એમ છે નહિ, એમ કહે છે. આત્મજ્ઞાન... આત્મજ્ઞાન... આત્મવસ્તુ છે એનું જ્ઞાન એવું '**આત્મજ્ઞાનથી ક્રમે...**' આ આત્મજ્ઞાન એ મૂળ ચીજ છે. શાસ્ત્રજ્ઞાન ઓછું હોય, વધારે હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધુંને. કહે છેને.

'**આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ)...**' મુક્તિ પરિપૂર્ણ. આત્મજ્ઞાનથી નિર્મળતા પ્રગટ થઈ અને એ જ આત્મજ્ઞાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. એ ચારિત્ર છેને. '**આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે...**' આહા..હા..! આત્મજ્ઞાન થયું છે એ આત્મજ્ઞાનથી જ આત્માની પૂર્ણની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાનથી ચારિત્ર અને આત્મજ્ઞાનથી શુક્લધ્યાન અને આત્મજ્ઞાનથી કેવળજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? '**(સંયમીઓને) આત્મજ્ઞાનથી ક્રમે...**' એટલે અનુક્રમે ચારિત્ર થાય, પછી શુક્લધ્યાન થાય, પછી આત્માની પ્રાપ્તિ કેવળજ્ઞાન થાય. '**કે જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...**' આત્મલબ્ધિએ આત્માની શાંતિ અને પૂર્ણ વીતરાગતા દ્વારા જ્ઞાનજ્યોતિ વડે. '**આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે...**' જ્ઞાનસ્વરૂપ પોતે છે એ લબ્ધિ એની. '**ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકાર...**' આહા..હા..! પાંચ ઇન્દ્રિયના વિષય તરફનો રાગ અંધકાર. ઘોર અંધકાર. એ ચૈતન્યના તેજે તેના ઘોર અંધકારનો નાશ કર્યો, એમ કહે છે. સમજાણું કાંઈ? છેને '**આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે...**' એમ. ચૈતન્યના પ્રકાશની સ્થિરતાના પ્રકાશની લબ્ધિ દ્વારા ઇન્દ્રિયોના વિષયોના ઘોર અંધકારનો જેણે નાશ કર્યો છે. આહા..હા..!

અણીન્દ્રિય એવો જે ભગવાન આત્મા તેના જ્ઞાનની લબ્ધિની પ્રાપ્તિ દ્વારા. આહા..હા..! એટલે જ્ઞાનની જ્યોતિ દ્વારા. ચૈતન્યની જ્યોતિ દ્વારા. સ્વયં જ્યોતિ સુખધામ આવે છેને? '**ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...**' આહા..હા..! ઇન્દ્રિયો તરફ ઢળતા રાગને, વાસનાને જેણે જ્ઞાનજ્યોતિ વડે કરીને નાશ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઇન્દ્રિય જ્ઞાન છે તેને ઘોર અંધકાર કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઇન્દ્રિય સમૂહનો ઘોર અંધકાર છે. ઇન્દ્રિયજ્ઞાન કહો, ઇન્દ્રિય તરફના વલણનો રાગ કહો એ ઘોર અંધકાર છે. આહા..હા..! એ રાગ છે એ અંધકાર છે, અજ્ઞાન છે. અજ્ઞાન એટલે રાગમાં જ્ઞાન નથી. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હોય એ પણ અંધકાર છે. આહા..હા..! એ જ્ઞાનજ્યોતિ વડે તે અંધકારનો નાશ થાય છે.

સમજાણું કાંઈ?

**'અને જે આત્મલબ્ધિ કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનળની શિખાજાળનો (શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે...'** આહા..હા..! સમતાના ઝરણા આવે છે અંદરમાં, કહે છે. સમતાનો પિંડ આત્મા છે. સમતા નામ વીતરાગતા, અકષાયસ્વભાવનો પિંડ આત્મા એનો જેણે આશ્રય લીધો છે એને પર્યાયમાં સમતાજળ આવે છે. સમતારૂપી જળે કષાયની અગ્નિ દાવાનળને ઓલવી નાખી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'(ભવરૂપી) દાવાનળની શિખાજાળનો (શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે તેના પર સતત...'** પાણી છોડે છેને માણસ ઓલા ફુવારામાંથી? એમ ભગવાન આત્મામાં જે અંદર ભરી છે શાંતિ એમાંથી એકાગ્રતા કરીને જે સમતાજળ પર્યાયમાં આવ્યું એ સમતજળે કષાયરૂપી દાવાનળને સતત ઓલવવા માટે ત્યાં ધારાવાહી વરસે છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્ય મુનિ જુઓને. ગાથા એક અને પાંચ કળશ. .. કેટલો છે. એને સ્પષ્ટ કરવાનો! કરૂણાથી કહે છે, બાપા! વિકલ્પ છે એ બધો દાવાનળ કષાય છે છેને? દાવાનળની શિખાજળ છે એ તો. આહા..હા..!

**'કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનળની શિખાજાળનો (શિખાઓના સમૂહનો)...'** જ્ઞાનજળના તેજની સમતાના રસ દ્વારા ધારાવાહી રાગ ઉપર પડે છે, રાગનો નાશ થઈ જાય છે. આહા..હા..!

**શ્રોતા :-** રાગ તો ઉત્પન્ન થાતો નથી, એના ઉપર પડે ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પન્ન થતો નથી એટલે? ચૈતન્યસ્વભાવને આશ્રયે જે શાંતિ ઉત્પન્ન થઈ ત્યાં આ અંધકાર રહેતો નથી હવે. એનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આ વ્યવહારના રસીયાને તો એવું લાગે, આવો ધર્મ જૈનનો હશે? જૈનનો ધર્મ તો અપવાસ કરવા, કંદમુળ ન ખાવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું, રાતે ચોવિહાર કરવો. પણ એ તો એક વિકલ્પની ક્રિયાનો ભાગ છે, એ કોઈ વસ્તુધર્મ નથી. આહા..હા..! ધર્મ તો આત્મા આનંદસ્વરૂપની શીતળ છાયા, શાંતિ સમતાના રસથી ભરેલો ભગવાન એમાં એકાગ્ર થતાં જે સમતારસ પ્રગટ થાય એ ફુવારામાં જેમ પાણી છૂટે અને અગ્નિ શાંત થાય, એમ સતત સમતા દ્વારા કર્મવનની દાવાનળ શિખા શાંત થઈ જાય છે. ભવની દાવાનળ શિખા શાંત થઈ જાય છે. આહા..હા..! જુઓને ઘડીકમાં. આહા..હા..! એ મરીને બીજે સમયે પશુ થાય. આહા..!

ઓલી વાત નથી આવતી? એક વાણિયાનો દીકરો હતો તો એને શું કહેવાય શ્રાદ્ધને દિ'. એના બાપનું શ્રાદ્ધ કર્યું. શ્રાદ્ધ સમજ્યાને? દૂધપાક કરેલો. એમાં એનો બાપ છે તે મરીને કૂતરીનું બચ્ચું થયું શેરીમાં. એટલે એનો શ્રાદ્ધનો દિ' હતો. તો દૂધપાક ખાવા આવે. ઓલું ખાવા આવે ગલુડીયું. વારંવાર મારે વારંવાર. કહે આ શું છે પણ આટલું બધું? વળી

કોકને પૂછયું કોઈ મુનિ હશે એને કે આ એક ગલુડીયું છે એ દૂધપાકને ચાટવા મારીએ છીએ તોપણ આવે? 'પણ એ જેનું શ્રાદ્ધ કર્યું એ બાપ તારો છે ત્યાં.'

**શ્રોતા :-** જૈનને શ્રાદ્ધ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રાદ્ધ આ અજ્ઞાની કરે છેને. અજ્ઞાનીઓ.. નાખે પાછા. વાસ નાખે કાગવાસ. કાગડા ખાયને કાગડા ખાયને પુરણપોળી. જાણે એનો બાપ કાગડો થઈને આવ્યો હશે ત્યાં. આવા ને આવા ભ્રમણા અજ્ઞાનીની. પણ અહીં તો ઓલું શ્રાદ્ધ કર્યું હશે દૂધપાકને ખાવા માટે તો ઓલું કૂતરું ફરી-ફરીને આવે. બારણા બંધ કરે તો માથું પછાડે. ઓલા તાવેથા મારે. આ શું છે? એ છે તારો બાપ! મરીને કૂતરું (થયો છે). આહા..હા..!

**શ્રોતા :-** એ કૂતરાની તો ટેવ હોય જે ઘરે ખાવાનું મળતું હોય એ ઘરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કૂતરાજાળી હોય તો બહાર ઉભા રહે બિચારો. કુતરાજાળી. બહાર હોયને જાળી. બંધ કરી હોય તો ત્યાં મોઢું નાખીને ઉભો રહે. સુગંધ આવેને. દાળ, ભાત, રોટલીની સુગંધ આવેને સુગંધ. ઉઘાડીને આપશે... ઉઘાડીને આપશે... આ ધંધા. આહા..!

એક અમારે રવીચંદજી આવતા પાલેજમાં. .. સાધુ હતા. આ તો વાત ઘણા વર્ષની છે. ૬૨-૬૩-૬૪. એ ગાતા. 'કુતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા, ત્યાં ભૂખના વેઠ્યા ભડકા રે ભુદરજી તમને...' એમ બોલતા. આ તો ૬૨-૬૩ની વાત છે. એ બધું એવું ગાતા. ત્યાં ક્યાં સાધુની, સમકિતની ખબર નહિ. આવી વાતું કરે. વૈરાગની વાતું બધી. 'કૂતરાના ભવમાં મેં વીણી ખાધા કટકા, ત્યાં ભૂખના વેઠ્યા ભડકા રે ભૂદરજી તમને ભૂલ્યો...' ... આહા..હા..! એવા અવતાર અનંત કર્યા ભાઈ આ. માથું ફોડી નાખે તાવેથો મારે તો. એનો બાપ હોય. મરીને ત્યાં ગયો હોય. આહા..હા..! અહીં વાણિયો અને અહીં દૂધપાક કરે એ એનો દીકરો, આ બાપ એનો. આ દશા! આહા..હા..!

સંસારવનના દાવાનળની શિખાને ઓલવવા માટે વીતરાગ સ્વભાવનો આશ્રય સમતા પ્રગટતા. સમતા ધારાવાહી પ્રગટે છે, કહે છે. કે જેને દાવાનળ શાંત થઈ જાય છે. આહા..હા..! એ આ સામાયિક અને આ સમતા એને કહે છે. આ મોઢે મુહપતિ બેસીને સામાયિક કરવી. ધૂળેય નથી સામાયિક. સામાયિકમાં તો સમતાનો લાભ થાય. તો સમતાસ્વરૂપે ભગવાન બિરાજે પોતે એની અંદર એકાગ્રતા થતા જે વીતરાગતા ધારાવાહી આવે એ કષાય દાવાનળને શાંત કરે. કાંઈ ખબર ન મળે, થઈ ગઈ સામાયિક. જુગરાજજી! કરી હશે કે નહિ પહેલી કોક દિ' એવી? બહુ કરી. એ તો બધાએ કરી હોયને. મેં પણ બધી કરી હતીને દુકાન ઉપર. પણ એ પર્યુષણ હોય ત્યારે. પછી આડે નહિ. પર્યુષણમાં પડિક્કમણું સાંજે કરીએને ત્યારે સામાયિક કરીએ અને એમાં પડિક્કમણું કરીને અપવાસ કરીએ. આઠ દિ' અપવાસના ચાર દિ'. આઠ દિમાં ચાર દિ' અપવાસ ચોવાહારો હોં. તે દિ' હોં તે દિ'. ૧૮ વર્ષની ૧૯ વર્ષની ઉંમરે, પણ કાંઈ ખબર ન મળે. આ ધર્મ કર્યો બસ. બધા ભેગા થઈને વગાડે ઓલું

શું કહેવાય આ તમારે? ગ્રામોફોન. ગાયન-બાયન હોય તો સાંભળે અને બેસે ભૂખ લાગી હોયને તો પડ્યા રહે બેસે. આહા..! શું થાય?

અહીં કહે છે આહા..હા..! '**જ્ઞાનજ્યોતિ વડે ઈન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...**' અજ્ઞાનનો અને રાગ-દ્વેષનો. '**અને જે આત્મલબ્ધિ કર્મવનથી** ઉત્પન્ન (ભવરૂપી) **દાવાનળની શિખાજાળનો...**' આત્મલબ્ધિ '**નાશ કરવા માટે તેના પર સતત શમજલમયી...**' આ આત્મલબ્ધિ. જેને સમ્યગ્દર્શનપૂર્વક સમતા... સમતા.. સમતા... સમતા... સમરસ એવી સમતા પ્રગટી છે '**કર્મવનથી દાવાનળની શિખાજાળનો...**' આ દાવાનળની શિખા આ અગ્નિ નથી? ભડકા ઉઠે. ઓહો..હો..!

એક ફેરી હમણા મુંબઈ હતાને. એમાં આવતા હતા જોયું. ત્રણ માળ હતો એમાં બીજે માળથી ભડક્યા ઉઠ્યા. રસ્તામાં દેખાતા હતા. ભડકા તે ભડકા. એ બીજે માળથી નીચે. બીજે માળથી ત્રીજે માળમાં બહાર નીકળ્યા ભડકા. અંદર બધું બાળીને.. એ સડક ઉપર હતું. એ બાજુ કાંઈક જતા હતા. આપણે દિશાએ જતા હતાને? હા, એ ત્રણ માળમાં ભડકા બહાર દેખાય આમ હોં. કારણ કે બધી સામગ્રી સળગે અને બળે. બીજે માળથી ત્રીજે માળના બારણામાંથી ભડકા જ દેખાતા હતા. બધા હેઠે ઉતરી ગયા હતા. આહા..હા..! બારીમાંથી ભડકા (દેખાય). બીજા માળના અને ત્રીજા માળના સળગતા કબાટ હશે. ભડકા બહાર દેખાતા હતા.

એમ અહીંયાં કહે છે કે એ ભડકાને ઓલવવાનું જેમ ઓલા કરે છેને પાણી નાખીને બંબા-બંબાવાળા, એમ અહીંયાં ભવવનરૂપી કર્મજાળનો શિખા અગ્નિની શિખા એને સમતારૂપી જળ સતત નાખવાથી તે ઓલવાઈ જાય છે. આહા..હા..! '**તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે—**' ઝડપથી છોડે છે. પાછી ભાષા દેખો! અંતરમાં આનંદમાં એકાગ્રતા થતા જે વીતરાગતા પ્રગટ થાય ઝડપથી વરસાવે છે એના ઉપર, અગ્નિ ઉપર. ભવવનનો નાશ થઈ જાય છે, આત્માની શાંતિ પ્રાપ્ત થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



મહાપુરાણ ભાગ-૧
દૃષ્ટિનાં નિધાન
ગુરુ કહાન - દૃષ્ટિ મહાન
કહાન દેશના
પાહુડ-દોહા
ૐ
મહાવીર પુરાણ
પરમ-પારિણામિકભાવ
બોધિ-સમાધિ-નિધાન
ભાગવત શાસ્ત્ર